## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૦ | ૧૦ | આત્માનાં આકર્ષણ-શરીરનાં નહિ | ૨ |
| ૨. | ૧૦ | ૧૦ | સંતાન પ્રત્યે ફરજ | ૩ |
| ૩. | ૧૦ | ૧૧ | ચારિત્ર-ધર્મની સામગ્રી કેમ દુર્લભ | ૯ |
| ૪. | ૧૦ | ૧૧ | ત્રિભુવન વિજેતા મૃત્યુ | ૧૭ |
| ૫. | ૧૦ | ૧૨ | મૃત્યુ વિચારનો લાભ | ૧૮ |
| ૬. | ૧૦ | ૧૨ | વિષયવિપાક, અતિકટુ છે | ૨૦ |
| ૭. | ૧૦ | ૧૨ | યશોધરચરિત્ર સાંભળ્યાની... | ૨૩ |
| ૮. | ૧૦ | ૧૩ | વિષયોમાં સુખ કેમ નહિ ? | ૨૮ |
| ૯. | ૧૦ | ૧૩ | હલકાં નિમિત્તથી બચો | ૩૦ |
| ૧૦. | ૧૦ | ૧૩ | કામવાસના રોકવાના પાંચ ઉપાય | ૩૦ |
| ૧૧. | ૧૦ | ૧૪ | પિતાનો સંતોષ અને સંમતિ | ૩૯ |
| ૧૨. | ૧૦ | ૧૫ | મુનિની ઉતકૃષ્ટ સાધના | ૫૨ |
| ૧૩. | ૧૦ | ૧૬ | આનંદ અને વિશાળ વિચારસરણી માટે | ૫૬ |
| ૧૪. | ૧૦ | ૧૭ | દુઃખ વખતે શું વિચારવું ? | ૬૬ |
| ૧૫. | ૧૧ | ૧ | રાગ-દ્વેષાદિ કેમ મહાલે છે ? | ૭૯ |
| ૧૬. | ૧૧ | ૧ | રાગાદિનું શું કારણ | ૮૫ |
| ૧૭. | ૧૧ | ૧ | રાગ નબળો પાડવાની મહાન તક | ૮૮ |
| ૧૮. | ૧૧ | ૨ | કર્મ વિટંબણાના મૂળમાં પણ રાગાદિ | ૮૯ |
| ૧૯. | ૧૧ | ૨ | ત્રણેય કાળમાં જીવહિત | ૯૩ |
| ૨૦. | ૧૧ | ૪ | સત્પરાક્રમના ૪ ઉપાય | ૧૧૩ |
| ૨૧. | ૧૧ | ૫ | અસંયમમાં બેવડી મૂર્ખાઈ | ૧૧૬ |
| ૨૨. | ૧૧ | ૫ | નરકની દારૂણ વેદનાઓ | ૧૨૧ |
| ૨૩. | ૧૧ | ૫ | સાચી જિજ્ઞાસા કેમ જાગે ? | ૧૨૩ |
| ૨૪. | ૧૧ | ૬ | પાપમાં નિમિત્ત બનનાર દોષિત કેમ ? | ૧૨૭ |
| ૨૫. | ૧૧ | ૬ | જાગ્યા ત્યારથી સવાર કેમ ? | ૧૩૧ |
| ૨૬. | ૧૧ | ૭ | જીવન પરિવર્તન થઈ શકે ? | ૧૩૮ |
| ૨૭. | ૧૧ | ૭ | ધર્મ કરતાં સાવધાની | ૧૩૯ |
| ૨૮. | ૧૧ | ૮ | હાથીનું મનોમંથન | ૧૪૩ |
| ૨૯. | ૧૧ | ૮ | ધર્મક્રિયા એજ છતાં ફળની વૃદ્ધિ | ૧૪૫ |
| ૩૦. | ૧૧ | ૯ | બોલ કાઢતાં પહેલાં વિચારો | ૧૫૦ |
| ૩૧. | ૧૧ | ૧૦ | સાચી શક્તિશાલિતા અને હોશિયારી કયાં ? | ૧૬૨ |
| ૩૨. | ૧૧ | ૧૪ | ખોટા વિચાર કેમ અટકે ? | ૧૭૮ |
| ૩૩. | ૧૧ | ૧૫ | આત્માની ચિંતાનો આકાર | ૧૮૨ |
| ૩૪. | ૧૧ | ૧૫ | જીવન ઝેરભર્યા શાથી ? | ૧૮૫ |
| ૩૫. | ૧૧ | ૧૬ | કૃતજ્ઞતાનો વિચાર | ૧૮૮ |
| ૩૬. | ૧૧ | ૧૭ | એક અમી આત્મીયતા | ૧૯૧ |
| ૩૭. | ૧૧ | ૧૮ | અંહત્વનું ઝેર | ૧૯૩ |
| ૩૮. | ૧૧ | ૧૮ | પત્નીની કેમ અસર ? | ૧૯૭ |
| ૩૯. | ૧૧ | ૨૦ | વિષયો પ્રત્યે મન કઠોર બને ? | ૨૦૧ |
| ૪૦. | ૧૧ | ૨૧ | દૃષ્ટિનો પલટો | ૨૦૫ |
| ૪૧. | ૧૧ | ૨૧ | સંયુક્ત કુટુંબના લાભ | ૨૦૭ |
| ૪૨. | ૧૧ | ૨૩ | શુભ ભાવ કેમ ટકે ? | ૨૧૧ |
| ૪૩. | ૧૧ | ૨૪ | દૃષ્ટિ ઝેર કેમ અટકે ? | ૨૧૬ |
| ૪૪. | ૧૧ | ૨૪ | અમીચંદની અમી | ૨૧૯ |
| ૪૫. | ૧૧ | ૨૫ | અમીચંદની આર્થિક સ્થિતિ | ૨૨૨ |
| ૪૬. | ૧૧ | ૨૫ | કુદરતની વિચિત્રતા | ૨૨૬ |
| ૪૭. | ૧૧ | ૨૬ | રમા-રામાનાં તોફાન | ૨૨૮ |
| ૪૮. | ૧૧ | ૨૭ | ધન ખરાબ કેમ ? | ૨૩૫ |
| ૪૯. | ૧૧ | ૨૭ | સાધર્મિક કિંમતી, હીરા નહિ | ૨૩૯ |
| ૫૦. | ૧૧ | ૨૮ | દાન-સેવા રોતડગીરીથી નહિ | ૨૪૨ |
| ૫૧. | ૧૧ | ૨૯ | કર્મને રુઠવાનું મુહૂર્ત | ૨૪૯ |
| ૫૨. | ૧૧ | ૩૦ | અમીચંદની પ્રાર્થના | ૨૫૩ |
| ૫૩. | ૧૧ | ૩૦ | ધર્મની આત્મીયતા માટે ભાવના | ૨૫૬ |
| ૫૪. | ૧૧ | ૩૦ | દૃષ્ટિમાં ઝેરના દાખલા | ૨૬૨ |
| ૫૫. | ૧૧ | ૩૧ | અમીચંદની જેલમાંથી મુક્તિ | ૨૬૪ |
| ૫૬. | ૧૧ | ૩૧ | અમીચંદને પહેરામણી | ૨૭૨ |
| ૫૭. | ૧૧ | ૩૨ | શાસનની કદર કેમ થાય | ૨૭૫ |
| ૫૮. | ૧૧ | ૩૨ | ભક્તિનો ઠાઠ : દાન | ૨૭૯ |
| ૫૯. | ૧૧ | ૩૩ | રુદન નહિ, સંવર એ કર્તવ્ય | ૨૮૪ |
| ૬૦. | ૧૧ | ૩૩ | બંનેને ચારિત્રની ભાવના | ૨૮૭ |
| ૬૧. | ૫ | ૫ | આતંરદર્શન | ૨૯૪ |
| ૬૨. | - | - | પરમતેજના લિસોટા | ૩૦૬ |






E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

# 'શ્રી સમરાઈચ્ચ કહા'

રાજકુમારી વિનયમતિનું જીવનચક્ર એકદમ જ ફરી ગયું; કેમ કે દિલમાં ચોંટ લાગી ગઈ. આત્મચિંતા માટે મુલાયમ હૈયું, તે ભારે અસર લાગી ગઈ અને હવે **'કમ્મે સૂરા તે ધમ્મે સૂરા'** જેવો ઘાટ કર્યો.

**દિલમાં ચોંટ ન લાગે, હૈયું મુલાયમ ન બનાવાય, તો ઉત્તમ આલંબન છતાં પામવાનું રહી જશે.** નવકારમંત્રનો અપૂર્વ મહિમા સાંભળ્યો, તો હવે કેમ એની પૂંઠે લાગી જવાતું નથી ?

**કહો, ચોંટ નથી લાગી કે હાય ! આ છતે નવકારે અનાર્યની જેમ બીજું બધું યાદ કરવાનું ! માત્ર આ નવકાર નહિ !' મારું શું થશે ?** આ ચોંટ.

**અને મુલાયમતા એ, કે દિલની કઠોર વૃત્તિઓ જેવી કે સ્વાર્થાંધતા, મદ, લંપટતા, ઈર્ષ્યા, વૈર વિરોધ વગેરે, ઢીલી પડી જાય.**

એમ થાય તો પરહિતવૃત્તિ, નમ્રતા, મૃદુતા, નિસ્પૃહતા, મૈત્રી, કરુણા, ગુણાનુરાગ વગેરે મુલાયમતા આવે. **કેવી કેવી કઠોરતા ? :-**

- કાયા એક દિ' પડવાની જ છે. કાયા અણધારી માંદી પડી કામ અટકાવે છે, છતાં એના પર બહુ રાગ કરવો એ કઠોરતા છે.
- લક્ષ્મી આપણા કહ્યામાં નથી, એ બહુ પાપ કરાવે છે, પાછી એક દિ' જવાની નક્કી છે, છતાં એના પર બહુ મમતા કરવી, એ કઠોરતા છે.
- જીવ એથી કઠોર અને નઠોર થાય છે. મુલાયમ બનવું હોય તો એના આગ્રહ છોડવા જોઈએ. કાયા-માયા (લક્ષ્મી) ઉપર બહુ રાગ કામનો નહિ. તો જ લક્ષ્મીથી નિઃસ્વાર્થ દાન તથા પરોપકાર, અને કાયાથી ત્યાગ, તપસ્યા, સેવા થઈ શકે.
- એવી રીતે બહુ ગુસ્સાખોર અને અભિમાની સ્વભાવ એ કઠોર સ્વભાવ છે. મુલાયમ બનવું હોય તો ક્ષમા-સમતા, અને નમ્રતા-લઘુતા કેળવવી જોઈએ.
- એમ, સ્વાર્થી જીવન એ કઠોર જીવન છે, મુલાયમ જીવન તો જ બની શકે જો બીજાનો વિચાર રાખીએ, સ્વાર્થની અંધતા જોડીએ.



- કૃપણતા, ક્ષુદ્રતા, ઈર્ષા, એ બધાય હૈયું કઠોર કરે છે; મુલાયમ બનવા માટે ઉદારતા, ગંભીરતા અને સહિષ્ણુતા જોઈએ, એવી મુલાયમતામાંથી ભવ્ય વાણી, ભવ્ય વર્તાવ અને ઉત્તમ વિચારણા પ્રગટે છે.
- એમ કોઈએ કરેલા ઉપકારને યાદ કરવો નહિ, એની ગણતરી આંકવી નહિ, આંકવી તો મામૂલી, એ કઠોરતા છે. મુલાયમતા તો જ આવે કે જો કૃતજ્ઞતા દાખવીએ, બીજાના ઉપકારને બહુ માનીએ. એ યાદ કરતાં કરતાં હૃદય ગદ્‌ગદ થાય.

વિચારજો અરિહંત પ્રભુ અને ધર્મસ્થાનોનો કેટલો ઉપકાર માનીએ છીએ ? 'બધી હોશિયારી અને મહેનત મારી હતી તો કામ થયું,-' એમ મનને ગુમાન થાય છે, પરંતુ...

'અરિહંતના પ્રભાવે થયું; મારું શું ગજુ ? મારી શી લાયકાત ? અરિહંત વિશ્વકરુણા, અતિ ઉગ્ર સંયમ, ઘોર તપ અને ભયંકર ઉપસર્ગ-પરિષહ-સહન કરી અરિહંત થયા ન હોત અને મને આલંબન આપ્યું ન હોત, તો હું પામર શું કરી શકવાનો કે પામી શકવાનો હતો ? રૂડા પ્રતાપ અરિહંતના કે આ ઉત્તમ માનવભવ, ધર્મ સામગ્રી અને ધર્મ પુરુષાર્થ પામ્યો ! અહો અરિહંત નાથ ! આપનો કેટલો બધો ઉપકાર ! પ્રભુ ! હું તારો દાસ છું, દયાપાત્ર છું, શી શી સેવા તારી કરું ?' આ કૃતજ્ઞભાવ ક્યાં છે ? મુલાયમ બનાય, મદ-અહંકાર ઓગળે, જાતની વડાઈ ભૂલી બધો જશ અરિહંતને અપાય તો એ શક્ય છે. એવી મુલાયમતા આવ્યા પછી જીવન-પરિવર્તન ક્ષણમાં થતાં વાર ન લાગે.

**આત્માનાં આકર્ષણ-શરીરનાં નહિ :-**

રાજકુમારી અહીં પરણવા માટે આવી હતી, પરંતુ એમાં શરીરના આકર્ષણ કરતાં આત્માનું આકર્ષણ વિશેષ ભાગ ભજવી રહેલ હશે એટલે નિમિત્ત મળતાં ગજબનું પરિવર્તન થતાં વાર ન લાગી ! હૈયામાં મુલાયમતા આ આત્માનાં આકર્ષણને આભારી છે. એકલું કુમારના શરીર તરફ જો આકર્ષણ હોત તો તો ત્યાં કઠોરતા મહાલતી હોત. કેમ કે એમાં તો રૂપ-રંગ અને મીઠા શબ્દ વગેરે તરફ મન ઝૂકતું હોય છે. એનો જ રાગ, એની જ લાલસા અને કામની વાસના જોર કરતી હોય છે. જ્યારે, આત્માના આકર્ષણમાં સાત્ત્વિકતા, સત્યપ્રિયતા, પરોપકારનાં પરાક્રમ, સૌમ્યતા, વગેરે ગુણો તરફ હૈયું આકર્ષાય છે.

**પરિવર્તન ક્યારે આવે ? :-** ત્યારે સમજી રાખો કે આત્મામાં દોષ-દુર્ગુણોનું જોર આત્માને કઠોર બનાવે છે; મુલાયમ નહિ. વિષયોના અતિ રાગ પણ દેખાવમાં મુલાયમતા હોવાની ભ્રાન્તિ કરાવે, પરંતુ ખરેખર ત્યાં હૈયું મુલાયમ નથી હોતું.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રાજકુમારીને કુમાર વિરાગી થયાનું સાંભળવા મળ્યું અને પોતાને જાતિસ્મરણ જ્ઞાન થયું, આ બે નિમિત્તોએ પોતાના વિચારોમાં પલટો કરી દીધો. જુઓ યશોધરને પૂર્વે તિર્યંચના અવતારે મોરપણે તથા માછલા અને બકરીપણે જાતિસ્મરણ તો થયું હતું, પરંતુ પરિવર્તન થયું નહોતું, કેમ કે આત્મામાં દોષો પૂરજોસમાં મહાલી રહ્યા હતા. ત્યારે સાતમા ભવે કૂકડાના અવતારે જાતિસ્મરણ થતાં દોષ મોળા પડવાથી પરિવર્તન આવી ગયું.

આ સૂચવે છે કે દોષ-દુર્ગુણોનું જોર હોય ત્યાં કઠોરતા છે, મુલાયમતા નથી. અને કઠોરને પરિવર્તન થવું મુશ્કેલ છે. દઢપ્રહારી ભયંકર હત્યારો બન્યો હતો, પરંતુ એનો પસ્તાવો થવાથી ઘાતકીપણાનું જોર ઓછું થઈ ગયું, એટલે મુલાયમતા આવી, અને મુનિ મળી જતાં ભયંકર ખૂનીમાંથી જબરદસ્ત ક્ષમાશીલ મુનિ બનવાનું મહાન પરિવર્તન થયું.

સમજી રાખો સાંસારિક જીવનમાં કેઈ આરંભ-પરિગ્રહ-વિષયનાં પાપ કરવાં પડે છે, પરંતુ ત્યાં જો પસ્તાવો પાકો છે, હૈયું નિરાશા-નિસાસા અનુભવે છે, તો મુલાયમતાને રહેવા માટે કંઈક જગ્યા છે, અને પરિવર્તન આવવાને અવકાશ છે. પરંતુ નકલી પસ્તાવાના ભ્રમમાં પડતા નહિ. પાપનો સાચો પસ્તાવો કાં તો એ પાપોમાં ઓછાશ લાવે છે, અગર જો એટલો વીર્યોલ્લાસ નથી તો બીજી બાજુ કોઈ સુંદર કોટિના ગુણને જગા આપે છે. એ ગુણ વધતાં-વધતાં જીવને પાપમાંથી ઊંચકી લે છે. ગજબનો પલટો કરાવે છે.

સારાંશ આ છે કે જીવનમાં સુંદર પરિવર્તન ચાહતા હો તો મુલાયમ બનો. એકલી વાતો કરવાથી કે એકલાં વ્યાખ્યાન સાંભળવાથી પરિવર્તન નહિ આવે, પણ મુલાયમતા સાથે જોઈશે, અને સાંભળેલા પર હૈયાને ચોંટ લાગવી જોઈએ. મુલાયમ બનવા માટે ભારી તૃષ્ણા, મદ, ઈર્ષ્યા, સ્વાર્થાંધતા, કદાગ્રહ વગેરે દોષોને દાટી દેવા પડશે, ઉખેડી નાખવા જોઈશે. સંતોષ, નમ્રતા, મૈત્રીભાવ, પરોપકારની વૃત્તિ, સત્ય-તત્ત્વની રુચિ, સૌમ્યતા વગેરે જીવનમાં જીવવા પડશે.

**યશોધરના પિતાનો ધડાકો :-**

પુરોહિતે જ્યારે આ કહ્યું કે 'કુમારી એ જ પૂર્વની યશોધરા માતા, એ હવે અહીં વૈરાગ્ય પામી દીક્ષા માટે આપની રજા માગે છે,' ત્યારે રાજાના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા કે, 'અહો ! આ જીવલોકની માયાવી ઇંદ્રજાળ જેવી સ્થિતિ ! કેટલું કઢંગુ ! માતા પત્ની બને છે, અને પુત્ર પતિ બને છે ! મહાવિશ્વાસમાં જીવ જાણ્યે-અજાણ્યે અકૃત્ય કરે છે અને ઘોર વિટંબણા અને રુદનથીય દુઃખદ વિપાકનો છેડો આવતો નથી ! આ સ્વપ્ન જાળ જેવું નહિ તો બીજું શું ? એમાં અજ્ઞાનતાવશ



ધારી રાખેલું બધું ફોક ! આવેશના ચાળા એક મૃત્યુની ઝપટ લાગતાં બધા જ સાફ ! ગણતરીઓ બધી ફોક ! મિત્રતા ઊઠીને શત્રુતા ! માનવતા ઊઠીને પશુતા ! કેવી વિચિત્રતા ! એક વખત નરસા લાગતા વિષયો પર જ બીજા વખતે આકર્ષણ ! રક્ષક માનેલા ધનમાલ પરિવાર જ ભક્ષક બને ! સંસારમાં કેટ કેટલાં સ્થાન ઇંદ્રજાળનાં અનુકરણ કરે છે !

તો હવે જેવું કુમાર, કુમારીને તેવું મારે પણ કયા ભરોસે આ માયાજાળમાં પડી રહેવું ? એમણે એમના ભવોની પરંપરામાં ગજબ અનુભવ્યું, તો મને પણ જો કોઈ જ્ઞાની ભગવંત મારી ભવપરંપરા કહે તો મારા ય વળી કેવાક ગજબના અનુભવ હોવાનું જાણવા મળે ! ઘેર ઘેર માટીના ચૂલા ! જીવ માત્રને એના અજ્ઞાન ભવોની પરંપરા દુઃખભરી, અજ્ઞાનતાના ખેલભરી અને ક્ષણ દૃષ્ટ-નષ્ટ હોય છે. તો હું ય કાંઈ એમાંથી બાદ નથી. માટે હવે તો સર્યું એવા નિર્ગુણ સંસારથી.'

**રાજા-રાણી પણ તૈયાર :-** રાજા પરમ સંવેગમાં ચઢી ગયો. સંસાર એને આકરો લાગી ગયો, આત્મચિંતાનો હુતાશન ભભૂકી ઊઠ્યો ! આત્મ કલ્યાણ અને મોક્ષની તીવ્ર અભિલાષા ઝળહળી ઊઠી ! પુત્રને કહે છે,

'વત્સ ! તું આ ઊગતી ઉંમરમાં ચારિત્ર લેવાનું નક્કી કરે છે, રાજકુમારી પણ એ જ કરવાનું ધારે છે, અને તમારા પૂર્વ ભવોનો અધિકાર ધ્રુજાવી નાખે એવો સાંભળવા મળ્યો, તો પછી અમારે પણ આ ક્લેશ રાખવાનું, ક્લેશમાં સબડવાનું, અને ક્લેશમાં જ મરી ખૂટવાનું શું કામ છે ? તું મારો એક પુત્ર નથી, કિંતુ મને ધર્મમાં સ્થાપન કરવા વડે કરીને મારો ગુરુ બન્યો છે, અમે પણ તમારી સાથે આ કુટિલ સંસારવાસ છોડીને પવિત્ર ચારિત્ર લઈશું.'

ત્યાં યશોધર મુનિ કહી રહ્યા છે કે આ સાંભળીને મારી માતાઓ પણ બોલી નઊઠી,

'મહારાજ ! એ બરાબર છે. નાટક-તમાશા સરખા ચંચળ સંસારવાસમાં રિબાવાનું શું કામ છે ? આપણે પણ ચારિત્ર જ લેવાનું.'

**ગુરુ દુર્લભ છે :-** કેવા મુલાયમ જીવો ! રાજા રાણીને પણ છે ક્યાંય સંસાર સાથેનાં વજ્રબંધન ? હોત તો એ તૂટવાનાં હતાં ? ના, ઊલટું કુમાર-કુમારીને ઉતાવળિયા અને કાચીબુદ્ધિના કહેત. પરંતુ અહીં રાજા પુત્રને ગુરુ તરીકે ઓળખાવે છે ! **ધર્મમાં જોડી આપે તે ગુરુ.** મદનરેખા મહાસતીએ મરતા પતિને ધર્મ પમાડ્યો તો એ મરીને દેવ થયા પછી નીચે આવી મદનરેખાને નમસ્કાર કરે છે અને જ્ઞાની ગુરુ એના પર સિક્કો લગાડી આપે છે કે એ બરાબર છે, કેમ કે મદનરેખાએ નરકગામી એવા એને ધર્મ પમાડી દેવલોક દેખાડ્યો છે, તેથી ગુરુ સ્થાને છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

જગતમાં આવા ગુરુ મળવા કે જેઓ પથ્થર જેવા આપણને પિગાળી નાખી ધર્મ પમાડી દે એ દુર્લભ છે, અતિ દુર્લભ છે, અને આપણે કોકના ગુરુ બની શકીએ એ ય વળી દુર્લભ છે. જીવનમાં ધર્મ પામ્યાની કદર હોય તો એ ધર્મ પમાડનાર પર ઓવારી જવાનું દિલ રહે, જીવનભર એમના ઉપર હૈયું ઢળી પડતું રહે, મનને એમ થાય કે 'અહો ! અનંતકાળથી ચાલી આવતી દુઃખદ ભવપરંપરાને કાપી નાખી સુખદ ભવ અને નિકટ મોક્ષ કરનાર આમનો કેટલો બધો અનહદ ઉપકાર ! એના શા મૂલ્ય અંકાય ? એનો શે બદલો વળી શકે ? હવે એની આગળ કદાચ ગુરુ તરફથી કોઈ પ્રતિકૂળતા લાગી તો પણ તે શા વિસાતમાં ?' કાળ વિષમ છે, જીવ મનગમતું ન બનવામાં ગુરુ પ્રત્યે ઊંચો નીચો થઈ જાય છે, પરંતુ ત્યાં એને એ ભાન નથી રહેતું કે 'ગુરુએ કરેલા અનંત ઉપકારની આગળ આ શી વિસાતમાં છે ? મન પર લેવા જેવી કોઈ વસ્તુ નથી.'

રાજા પુત્રને ગુરુ માને છે અને પુત્રે જે સંસારની વિટંબણાઓ અનુભવી છે, એના પરથી ધડો લઈ પોતે પણ હવે એ સંસારમાં વિડંબાવા તૈયાર નથી; એમ જાહેર કરી દે છે.

શું વાત સાચી છે ? સંસાર એટલે વિટંબણા. રાણીઓ કહે છે એમ, શું સંસાર એ નાટક-તમાશો છે ? કે પછી સંસાર એ સુખનું-શાંતિનું સ્થળ લાગે છે ? સંસાર એ તમાશો નહિ, પણ વાસ્તવિક શિષ્ટતાભર્યો લાગે છે ને ? મને બહારથી કહેવા માટે નહિ, પણ અંદર દિલમાં લાગતું હોય એ કહેજો. પૈસા કમાયા, બંગલો બનાવ્યો, એ સુખ-શાંતિ ઊભી કરી કે વિટંબણા ? જાતે પરણ્યા, છોકરા-છોકરી પરણાવ્યા, એ ખરેખરી હકીકત કરી, કે એક તમાશો ઊભો કર્યો ? દિલને શું લાગે છે ? સાચું લગાડવું હોય તો યશોધર મહાત્માનું નવ ભવનું ચરિત્ર નજર સામે રાખજો.

**સંસાર એ તમાશો છે :-**

સંસાર એ વિટંબણા છે, નાટક તમાશો છે, એવું હાડોહાડ લગાડવા માટે ઊંડાણથી અને દીર્ઘદૃષ્ટિથી જોવું પડશે. ઉપરછલ્લું અને તાત્કાલિકનું જુઓ છો માટે સંસારના નગ્ન સ્વરૂપનાં દર્શન નથી થતાં.

**ઊંડાણથી જોવાનું એટલે ઠેઠ અંદરનું રહસ્ય શું છે, વસ્તુ સ્વરૂપ શું છે તે જોવાનું.**

**દીર્ઘ દૃષ્ટિથી એટલે આગળ-આગળ પરિણામ શું આવનાર છે તે વિચારવાનું.**

દા.ત. દીકરાને ખૂબ ખૂબ ભણાવ્યો, શા માટે ? ઉપરથી એ દેખાડે છે કે આમાં મારે કોઈ સ્વાર્થ નથી, આ તો કેવળ તું સુખી થાય એ માટે આ બધું હું કરું છું; પરંતુ પછી દીકરો કમાતો થયો અને કદાચ એણે જુઆરું કર્યું, તો ઝટ



મનને લાગે છે, લ્યો જુઓ, આ દીકરાને તૈયાર કરવામાં આપણે આપણી કેડો તોડી નાખી અને હવે એ જુદા થઈ બેઠા ! છે એમને કાંઈ આપણી પડી ? કશું કરવું છે અમારું ?' આ કોણ લગાડે છે ? અંદરની સ્વાર્થપ્રવૃત્તિ. અંદરમાં જો ખરેખર માત્ર દીકરાને સુખી કરવાનું હતું તો દીકરો તો હવે સુખી થયો તો પછી કેમ ઊંચા-નીચા થાઓ છો ? પણ ના, અંદર સ્વાર્થવૃત્તિ હતી કે દીકરાને હું સારો તૈયાર કરું, તો એ પછી મારી સેવા ભક્તિ કરે. ત્યારે કહો દેખાવ જુદો કર્યો એ તમાશો નથી ? એક વાર બહુ વહાલ દેખાડેલા ઉપર જ વિશેષ ઇતરાજી દેખાડવી એ ખેલ નથી ? એવું જ દીકરાના જીવનનું વિચારો, કે જે પહેલાં 'બાપુજી, બાપુજી' કરીને તૂટી મરતો હતો, તે હવે બાયડીના મોહમાં ઘેલો થઈ મહા ઉપકારી માબાપને તરછોડે છે, એ પણ એક નાટક-તમાશો નથી ? એને પણ અંદરમાં કોઈ માતાપિતા પર શુદ્ધ પ્રેમ-ભક્તિ નહોતી, એને તો માતા-પિતા તરફથી સ્નેહભરી સુખ-સગવડ મળતી હતી એનો આનંદ હતો, તેથી જ પરણ્યા પછી હવે પત્ની તરફથી સુખસગવડ વધુ દેખાઈ તેથી ભાઈ ત્યાં વળી ગયા. એટલે આ પણ એક તમાશો જ છે.

**સંતાન પ્રત્યે ફરજ :-** માટે જ ખરી રીતે દીકરા-દીકરી ઉછેરતાં એને સ્વાર્થી સુખના લાલચુ ન બનવા દો; એને આત્મા, પરલોક, પુણ્યપાપ, ઉચ્ચ માનવજીવનનાં કર્તવ્ય, વગેરે ખૂબ સમજાવતા રહો. પશુનાં જીવન કેવાં અને ઉમદા મનુષ્ય જીવન કેવાં હોય એ વારંવાર એના ધ્યાનમાં લાવો. માત્ર આપણું સાચવે એથી ખુશી ન થાઓ, કિંતુ એ પરગજુ થાય, દીનદુઃખિયાનો દયાળુ થાય, સેવાભાવી થાય, સ્વાર્થીલો નહિ પણ ત્યાગી થાય, તુચ્છ નહિ કિંતુ ઊંચા આશય અને ઊંચા તત્ત્વમાં રમતો થાય એ ખાસ જુઓ. એવું કરતા ચાલો તો એનું સુંદર ઘડતર થશે. વર્ષો સુધી એને ખૂબ ખૂબ પાપભીરુ, પાપથી ડરતો બનાવ્યો હશે તો એ માબાપને દ્રોહ દેવા જેવું કૃતઘ્નતાનું મહાપાપ નહિ કરે. અંદરખાને માત્ર સ્વાર્થદૃષ્ટિ રાખવા જતાં તો નથી પોતાનું સુધરતું કે નથી એનું સુધરતું. એનેય પાછી આગળ જતાં પોતાની પત્ની જ છોકરાં-છૈયાંનો પક્ષ લેતી દેખાય અને પોતાના દોષ જ કાઢતી જણાય, તો એ ય કડવી લાગે છે. આમાં શું સુધર્યું એનું ? હવે જિંદગી રોતાં રોતાં પૂરી કરવી પડે છે ! આ પહેલેથી ઊંડાણથી ન જોયું એના તમાશા છે.

હવે દીર્ઘદૃષ્ટિથી જોવાની વસ્તુ વિચારો. એ રીતે જોવું હોય તો પરલોકનો વિચાર પહેલો રાખવો જોઈએ. માત્ર આ જીવનની જ વિચારણા રહે છે એટલે જીવન એક નાટક-તમાશા જેવું થાય છે. નાટકમાં જેમ કોઈ સારા સુખી માણસને દારુ વગેરે વ્યસનમાં પડી જતો દેખાડે અને પછી દારુડિયા-જુગારી તરીકે નવનવા



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ખેલ દેખાડી પાયમાલ થઈ સૌથી તરછોડાયેલો અને મહાદુર્દશા ભોગવતો દેખાડે, એવી રીતે આ જીવ પણ અહીં સંસાર પહેલાં એક સારા મનુષ્ય તરીકે જન્મેલો દેખાડે છે. પછી એ માબાપની તેવી ઊંધી કેળવણીથી મોહ, સ્વાર્થ, લાલચુપણું, વગેરે વ્યસનોના છંદે ચડી ગયેલો દેખાડે છે. એવાં વ્યસનોના નાદે કેઈ બેઢંગા ખેલ ખેલતો બતાવે છે, અને અંતે પરલોકમાં અહીંના જડ, ચેતન, બધાથી તરછોડાયેલો અને ભયંકર દુઃખમય દુર્દશા ભોગવતો દેખાડે છે. તો કહો, શું આ ખેલ તમાશો નથી ? વિચારજો, શું તમારું અને તમારા આશ્રિતોનું જીવન ખેલ-તમાશા જેવું પસાર કરી-કરાવી રહ્યા છો ? કે કોઈ નક્કર પરલોકહિત સાધતું જનારું ? અતિશય સ્વાર્થ, માત્ર કાયાનાં કલ્યાણ તરફ જ દૃષ્ટિ, વિષયનું લાલચુડાપણું, કામ, ક્રોધ, માન, મદ્દ, પ્રપંચતૃષ્ણા વગેરે તો મદિરાપાન જેવાં છે, એ પી પીને દારુડિયાના ખેલ ક્યાં સુધી રમવાના ? આ ઉમદા જીવન તો ઘસાતું જાય છે; જો અહીં એ વ્યસન ન છોડ્યા, જો એનાં ઘેન અહીં નહિ ઉતાર્યાં, તો પછી આગળ કોઈ ક્લાસ નહિ રહે, કોઈ તક હાથમાં નહિ રહે. સ્વાર્થ, સ્વાર્થ ને સ્વાર્થ, તૃષ્ણા-મમતા ને માયા, રોફ, રોષ અને પ્રપંચ, આ બધાની હોશિયારી અને લયલીનતા ક્યાં લઈ જશે ? રાત ને દિ' પૈસા, પરિવાર અને પ્રતિષ્ઠાની જ પૂજા, અરે એની જ નવકારવાળી ગણ્યા કરાય છે કે જે ત્રણેય પપ્પા ભરચક પાપના જ દૂત છે, પાપને તાણી લાવનારા છે, ત્યાં શું વિચાર નથી આવતો કે 'આ કયા ખોળિયે કેવું કામ કરી રહ્યો છું ? મનમાં મનમાં આ સાપોલિયાં રમાડ્યા કરું એના કરતાં પરમાત્મા અરિહંત અને એમની આજ્ઞા ન રમાડ્યા કરું ? રૂડા નવકારમંત્રની રટણા ન રાખ્યા કરું ?' નવકારની ભરચક રટણા થઈ ગઈ તો એ ન્યાલ કરી દેશે. પરભવે સદ્ગતિ અને એની રટણા મળશે. જે બહુ ઘૂંટ્યું તે પરલોકે હાજર થશે. નવકાર ઘૂંટ્યો તો નવકાર, અને રાગ-દ્વેષ-મોહ-મમતા ઘૂંટ્યા તો એ.

આ બધો દીર્ઘદૃષ્ટિનો વિચાર થયો. સારો બુદ્ધિમાન સુખી અને સત્તાધીશ માણસ પણ તેવાં પાપ કરીને જનાવર થાય છે, મોટો દેવ મરીને ભંગી થાય છે, આ બધો સંસારનો ખેલ-તમાશો છે. ઊંડાણ અને દીર્ઘદૃષ્ટિથી જુઓ તો સંસાર નાટક-તમાશા જેવો જ દેખાશે. યશોધરની માતાઓ રાજાને એ જ કહી રહી છે કે 'આ નાટક-તમાશા જેવા અનિત્ય સંસારમાં હવે વિડંબાવાની શી જરૂર છે ? આપે જે કુમારની સાથે ચારિત્ર લેવાની વાત કરી તે અમારે પણ મંજૂર છે. આપની સાથે અમેય ચારિત્ર લેશું.'

સમજવા જેવું છે. ચારિત્ર તરત ન લઈ શકાય એ બનવાજોગ છે, પરંતુ સંસાર એક તમાશા જેવો છે એ મનમાં બરાબર જચ્યું હોય તો દિલને એમ થાય



કે 'આવા નાટકિયા સંસારમાં પણ જીવને દુઃખ તો ખરેખરાં ભોગવવાં પડે છે, તો નાટકિયા સંસાર ખાતર એવા દુઃખના સોટા લગાવનાર મોટા દોષ શા માટે સેવું ? નાટક-તમાશો ભજવવા માટે આ કરું ? તમાશો તો ભજવાવાનો જ, મોક્ષ નથી મળ્યો ત્યાં સુધી એ ચાલુ જ છે, પણ એમાં મારે પાગલ થવાની જરૂર નથી. એવા તમાશામાં ફસીને વધુ પડતા ગુસ્સા, પોકળ અભિમાન, હલકટ માયા, પ્રપંચ અને ભારે તૃષ્ણા કરવાની કોઈ જરૂર નથી, સ્વાર્થાંધતા, ઈર્ષ્યા, નિંદા, ને મોહનાં ઝેર પીવાની કોઈ જ જરૂર નથી. તમાશો જ છે પછી પાપશલ્યોની ગાંઠ શા માટે બાંધવી ? નાટક ખેલનારા સ્ટેજ પર વિરોધનો ગમે તેવો દેખાવ કરે પણ પછી ગાંઠ નથી બાંધતા. નાટક છે, તો મોટા રાજાનો વેશ ભજવ્યો હોય, પણ પછી એના અભિમાન કે તૃષ્ણા ધરવાની વાત નહિ; કેમ કે તમાશો હતો. તો તે રીતે તમાશા જેવા સંસારમાં એ ગાંઠ, કે ગર્વ શા માટે ? એમ નાટક તમાશામાં રાજા કે ગુલામ બનવા છતાં એ ખ્યાલ પાકો હોય છે કે ખરેખર હું રાજા ય નહિ, અને ગુલામેય નહિ, હું તો અમુક ફલાણો ફલાણો છું, એવું આ સંસાર પર થવું જોઈએ કે લોકો મને શ્રીમંત કહેતા હોય યા ગરીબ તરીકે ઓળખતા હોય, ત્યાં મારે ગર્વ કે દીનતા કરવા જેવી નથી કેમ કે આ તો નાટકના ખેલ છે. સંસાર એ 'નાટક,' ના ટકે એવો. એમાં વાતે વાતે સ્વાર્થ, સ્વાર્થ ને સ્વાર્થ શા સાધવા ? સ્વાર્થ અંતે તો શૂન્યાર્થ થવાના છે.

તાત્પર્ય, સંસાર એક નાટક-તમાશો છે તો એમાં અંદરખાને પોતે સમજ પાકી રાખીને સાવધાન રહી ઉમળકા મોહ કે રાગદ્વેષ કરવાની જરૂર નથી. નાટક એ કામચલાઉ છે, કાયમી નહિ, એમ આ વિવિધ સંસાર એ પણ કામચલાઉ છે, કાયમી નહિ, માટે જ એને ઉદાસીન ભાવે વટાવવાનો; એમાં એક તટસ્થ પ્રેક્ષકમાત્ર બન્યા રહેવાનું. મોટાં દુઃખ આવે કે આપત્તિ આવે તો ય સમજવાનું કે આ પણ સ્થિર નથી માટે ધૈર્ય છોડવાનું નહિ. મોટાં સુખ આવે તો પણ વિચારવાનું કે આ પણ સ્થિર નથી, તેથી જરાય ફુલાવાનું નહિ. સર્વ સ્થિતિમાં ભરોસે નહિ રહેવાનું, પોતાના આત્માની ચિંતા ભૂલવાની નહિ. જો ભૂલ્યા તો એક તમાશો તો પૂરો થઈ જશે, પણ પછી બીજો તમાશો ભૂંડો શરૂ થઈ જશે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રાણીઓને આત્માની ચિંતા જાગી ગઈ છે એટલે કહી દે છે કે 'આ નાટક-તમાશા જેવા અને અસ્થિર સંસારમાં કચરાવાનું શું કામ છે ? અમે પણ ચારિત્ર લેવા માટે તૈયાર છીએ.'

તરત યશોધરકુમાર કહે, "એ બહુ સરસ ! હવે જરાય વિલંબ કરશો નહિ."

**મહાદાન-પૂજા-દીક્ષા :-** બધા ત્યાંથી ઊઠ્યા, વરઘોડો પાછો વળ્યો, બહાર લગ્ન માટે આવેલી રાજકુમારીને પણ બોલાવી લીધી. સર્વત્યાગના પ્રતીકરૂપે પહેલાં મોટાં દાન દેવાનું શરૂ કર્યું. સર્વ મંદિરોમાં આઠ દિવસ પૂજાઓ યોજાવી.

યશોધર મહાત્મા સમરાદિત્યના જીવ ધનને કહે છે, "મારા નાના ભાઈ યશોવર્ધનને રાજ્યગાદી સોંપવામાં આવી અને અગ્રણી માણસો, રાણીઓ અને મારી સાથે રાજાએ સુગૃહીત નામધેય શ્રી ઇન્દ્રભૂતિ આચાર્ય મહારાજ પાસે ચારિત્ર સ્વીકારી લીધું. બસ, આ રીતે મારું પોતાનું ચરિત્ર જ મારા વૈરાગ્યનું નિમિત્ત બન્યું છે."

**ધનકુમારનો પ્રશ્ન :- 'મારે શું કરવું ?' :-** યશોધર મહાત્માનું ચરિત્ર અહીં પૂરું થાય છે. એમના ચરિત્રને સાંભળી સાંભળીને કેટલાય જીવ બૂઝ્યા હતા, હવે અહીં ધનને શી અસર થાય છે તે જુઓ. સાથે તમને કેટલી થઈ છે, કે થાય છે એ તપાસજો; અને શ્રવણનું માપ કાઢજો.

ધનકુમાર તો યશોધરમુનિનું ચરિત્ર સાંભળીને પાણી પાણી થઈ ગયો. તરત બોલી ઊઠે છે કે 'ભગવન્ ! આપનું વૈરાગ્ય-નિમિત્ત અદ્ભુત છે. આપને તો એથી વૈરાગ્ય થયો જ, પરંતુ હું તો કહું છું કે બીજા પણ કયા સહૃદય મનુષ્યને વૈરાગ્ય થવામાં આ નિમિત્ત ન બને ? એમાં જે સંસારદર્શન મળ્યું, ખરેખર સંસાર એવો જ છે, તો હવે મારે શું કરવું એ આપ કૃપા કરીને ફરમાવો.'

### ચારિત્ર-ધર્મની સામગ્રી કેમ દુર્લભ ?

મહાત્મા યશોધર મુનિરાજ કહે છે, "હે સૌમ્ય ! સાંભળ, **આ જીવને ચારિત્ર-ધર્મની સામગ્રી મળવી** બહુ મુશ્કેલ છે અને જો એ મળી છે, તો બીજો વિચાર કરવાનો હોય ? બહુ મુશ્કેલ હોવાનું કારણ એ છે કે અરિહંત ભગવાને ફરમાવ્યું છે કે,

**જીવનું ઉત્થાન કેવી રીતે ? :-**

**જગતમાં જીવો બે પ્રકારના હોય છે, એક સ્થાવર અને બીજા ત્રસ.**

**સ્થાવર કોણ ? :-**

ગમે તેવા ટાઢ-તડકા, અગ્નિ-વરસાદ વગેરે ભયંકર ઉપદ્રવ આવે, પરંતુ



પોતાની મેળે હાલી-ચાલી શકવાને અસમર્થ છે તે જીવો સ્થાવર કહેવાય છે. એ એક માત્ર સ્પર્શનેન્દ્રિય ધરાવતા હોવાથી એકેન્દ્રિય જીવો છે. એમાં પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય, એમ પાંચ પ્રકારના જીવો ગણાય છે. પૃથ્વી એ જ છે શરીર જેનું, અર્થાત્ પૃથ્વીરૂપ શરીરને ધારણ કરનારા, તે પૃથ્વીકાય જીવો; દા.ત. માટી, પાષાણ, ધાતુ, રેતી વગેરેના જીવ. પાણી એ જ છે કાયા જેની, પાણીને જ પોતાના દેહ તરીકે ધારણ કરનાર, તે અપ્કાય જીવ, દા.ત. પાણી, બરફ, કરા...વગેરેના જીવ. એમ તેજસ્કાય-અગ્નિકાય જીવો, વાયુકાય જીવો અને વનસ્પતિકાય જીવ. અગ્નિકાય તરીકે અંગારા જ્વાળા, વીજળી, દીપક, કિરણ (ઉજેહી),...વગેરેના જીવ આવે. વાયુકાયમાં હવા, પવન, વંટોળિયો વગેરેના જીવ આવે. વનસ્પતિકાય જીવ તરીકે ઝાડપાન, ફળ, ફૂલ, ધાન્ય, શાક, જમીનકંદ, સેવાળ, ફૂગ વગેરેને સમજવાના છે.

**ત્રસ જીવ કયા કયા ? :-**

હે સૌમ્ય ! આ બધા તો એકેન્દ્રિય સ્થાવર જીવો કહ્યા, ત્યારે બીજા ત્રસ જાતના જીવો છે. પોતાની ઇચ્છા મુજબ હાલી-ચાલી શકે તે ત્રસ, એના ચાર પ્રકાર છે; (૧) કરમિયા, પોરા, શંખ, વગેરે દ્વીન્દ્રિય ત્રસ છે; (૨) કીડા, કીડી, માંકડ, મંકોડા, વગેરે ત્રીન્દ્રિય ત્રસ જીવો છે; (૩) માખી, ભમરા, પતંગિયાં વગેરે ચતુરિન્દ્રિય ત્રસજીવ છે; આ દ્વીન્દ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિન્દ્રિય એ વિકલેન્દ્રિય, જીવ કહેવાય છે; (૪) નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એ પંચેન્દ્રિય ત્રસ જીવ કહેવાય છે.

**કાયસ્થિતિ : ત્રસપણુંય દુર્લભ :-**

હવે તું જો કે ચારિત્રધર્મની સામગ્રી પામવાનું તો શું કિન્તુ સ્થાવરપણામાંથી ત્રસપણામાં જ આવવાનું ય કેટલું બધું કઠિન છે ! કેમ કે સ્થાવરપણામાં કાયસ્થિતિ એટલે કે તેવી ને તેવી સ્થાવરકાયામાં જ સતત જન્મ-મરણ, જન્મ-મરણ કરવાની ઉત્કૃષ્ટ કાળમર્યાદા બહુ લાંબી છે. પૃથ્વીકાયાદિ સ્થાવરની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી છે; ત્યારે વનસ્પતિકાય સ્થાવરની વધુમાં વધુ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી હોય છે. એટલા માટે સમજવાનું છે કે જીવને પહેલું તો સ્થાવરપણામાંથી ત્રસપણું મેળવવું જ બહુ બહુ મુશ્કેલ છે ! અનાદિ અનંતકાળથી તો જીવ વનસ્પતિપણામાં જ હતો, એમાંથી બહાર નીકળી પૃથ્વીકાયાદિપણે જન્મે તો પણ સંભવ છે ત્યાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી ય ભટકે અને ત્યાંથી વળી નીચે વનસ્પતિકાયમાં પડવાનો ય સંભવ છે, અને ત્યાં અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી પણ થઈ જાય ! આમાંથી માંડ ઊંચે આવી દ્વીન્દ્રિય વગેરે પ્રાપ્ત કરે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

છે. તેમાંય કેટલોય કાળ જાય છે. તે પાછો નીચે પડે તો આવી બન્યું.

હે ભાગ્યવાન ! આમ એકેન્દ્રિય-દ્વીન્દ્રિયપણાની યોનિઓમાં ભટકતાં ભટકતાં કાળના કાળ વીત્યે ઊંટ, ગધેડાં, પાડા, વગેરે પંચેન્દ્રિય તિર્યંચપણામાં જીવ આવે છે. ત્યાંય પાંચેય ઇન્દ્રિયો અને મન મળ્યું છતાં ચારિત્ર ધર્મની સામગ્રી ક્યાં સસ્તી પડી છે ? અજ્ઞાન, અવિવેક અને પાપકૃત્યોમાં જ જીવન પૂરું કરે છે, ને પાછો એવા હલકા તિર્યંચના ભવ યા એકેન્દ્રિય-વિકલેન્દ્રિયના ભવોમાં ઊતરી પડે છે ! એમ નીચે-ઉપર નીચે-ઉપર કરતાં કરતાં નરક ગતિમાં પણ તણાઈ જાય છે. ત્યાં દુઃખનો પાર નથી, છતાં ચારિત્રધર્મની સામગ્રી મળતી નથી; કેમ કે મનુષ્યભવ નથી.

**માનવ બનવા છતાં શું દુર્લભ ? :-**

હે સૌમ્ય ! આવા સંસારની રખડપટ્ટીમાં ક્યારેક મનુષ્યભવ મળી જાય છે, પરંતુ તે શક, યવન, બબ્બર, મુરુણ્ડ, વગેરે અનાર્ય દેશમાં જન્મ પામે છે. એટલે ચારિત્રધર્મની કોઈ સામગ્રી નથી મળતી. એવા અનાર્ય દેશમાં જન્મ મળ્યા પછી ઘોર હિંસાદિ પાપનાં જીવન સુલભ હોય ત્યાં જીવને ભાવી ઉદય શાનો મળે ? એટલે પરિણામે મરીને પાછો બિચારો જીવ ત્યાંથી નીચેની અધમ યોનિઓમાં ભટકતો થઈ જાય છે ! વળી ક્યારેક ઊંચે આવી આર્ય દેશમાં મનુષ્ય જન્મ પામે પણ તેય હલકો કુળ, ચંડાળ, ડોંબલિક, ચમાર, પારધી, માછીમાર, વગેરે કુળમાં પામે તે પણ પાપભર્યા જીવન જીવવા માટે થાય છે, એટલે વળી ત્યાંથી નીચે ગબડવાનું !

**આર્યકુળ છતાં :-**

એ ય પાછો ચિરકાળ ભટકતો ભટકતો ફેર મનુષ્યભવ પામે ને વળી ઇક્ષ્વાકુ વગેરે આર્ય કુળમાં જન્મ પણ મળી જાય, પરંતુ નક્કી નથી કે પાંચે ય ઇન્દ્રિય અને ગાત્ર પરિપૂર્ણ મળે; એટલે કાણા, કૂબડા, ખૂંધા, પાંગળા, આંધળા, મૂંગા, બહેરા, બોબડા કે રોગી તરીકે ય જન્મી જાય. તો ય ધર્મપ્રાપ્તિ ક્યાં સુલભ છે ? ને તે નહિ, તો જીવન પાપભર્યા એટલે ફેર સંસારમાં ભટક્યા કરો.

**ઇન્દ્રિય આરોગ્ય છતાં :-**

એમાંથી વળી ક્યારેક ઊંચા આવ્યા, મનુષ્ય જન્મ આર્યદેશ-આર્યકુળમાં મળ્યો, ઇન્દ્રિયો પણ પૂરી મળી, આરોગ્ય પણ મળ્યું, છતાં ડંડો, શસ્ત્ર, આગ, હેલી, અકસ્માત્ વગેરે આયુષ્ય પરના ઉપક્રમ સંભવિત હોય છે; એટલે ધર્મને વાયદે રાખ્યો ને ઉપક્રમ જો લાગી ગયો તો આવી બન્યું ! આયુષ્યકાળ પૂરો ભોગવવાનો બાજુએ રહી જાય છે અને જીવનનો અંત આવી જાય છે. પછી ક્યાં જવાનું ? ઉપાર્જેલા પાપના અનુબંધ સંસારમાં દીર્ઘ પર્યટણ કરાવે છે.

હે મહાનુભાવ ! માન કે આયુષ્ય પર ઉપક્રમ ન લાગ્યો અને દીર્ઘ આયુષ્ય



હતું, તો પણ ચારિત્રધર્મ ક્યાં સસ્તો પડ્યો છે ? જીવ ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ વગેરેના અંધકારમાં મૂઢ બનેલો, તે એને ધર્મબુદ્ધિ જ જાગતી નથી; પછી ચારિત્ર લેવાની શી વાત ?'

મુનિ શું શું કહી રહ્યા છે, વિચાર કરો, ચારિત્રધર્મની સામગ્રી મળવી એ આ સંસારમાં કેટકેટલું મુશ્કેલ છે ? અહીં તમને સામગ્રી મળી છે કે નહિ ? મળી છે, હવે જો તમે પૂછો કે 'સંસાર અસાર તરીકે તો ઓળખાય છે, પરંતુ હવે શું કરીએ ?' જો આવું પૂછો તો એ કહેવાનો અર્થ તો એ જ થયો ને **કે મળેલી ધર્મસામગ્રી કેટકેટલા અનંતા કાળના ભવભ્રમણ પછી મળી છે એની કદર નથી;** એ બરાબર નજર સામે તરવરતું નથી. નહિતર આવો પ્રશ્ન હોય ? શું મનને વિચાર ન આવે કે અનંતા કાળે મળેલી આ તક જો ગુમાવી તો ફરી આવી તક મેળવતાં કેટલા ભવ કરવા પડશે ? અને કેટલા કાળના કાળ વીતશે ?

**ખોટાં બહાનાં :-** ઉત્તમ જીવોએ મોટમોટા સંપત્તિ-વૈભવો અને વિલાસના વસંતકાળ જેવા યૌવનકાળમાં એ બધું છોડી ફકીરી લીધી હશે, કઠોર સાધુ જીવન સ્વીકાર્યું હશે, તે બહુ વિચાર કરતા બેસી રહીને ? સમજી રાખો, એમ તો ઉપાધિ અને લાલચભર્યા આ સંસારમાં કદી' ઊંચા ન અવાય, એ તો સાહસિક્તા લાવવી પડે, દીર્ઘકાળના હિસાબ માંડવા પડે, જોખી લેવું પડે કે વર્તમાન અતિ અલ્પકાળ ઇન્દ્રિયો અને મનના માન્ય તુચ્છ સુખમાં મહાલી લઈએ, એની સામે ભવાંતરે દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી દુર્ગતિઓનાં ભયંકર ત્રાસ અને કારમી વિટંબણાઓના ભાર કેટલા ઊંચકવા પડે ? ત્યારે અહીં થોડાં ધર્મકષ્ટ ઉપાડી લઈએ તો પછી ભાવી કેવી સુંદર સુખ પરંપરા અને ચઢતી ઉદય પરંપરા ઊભી થાય ? 'મારું શરીર સારું નથી, હું ભણ્યો નથી, મારે ઉપાધિઓ છે, મારી ઉંમર બહુ થઈ, જેને આજ સુધી પોતાના કર્યા, એને એમ કેમ છોડી દેવાય ?...' આવાં આવાં બહાનાં આગળ ન ધરો.

**પેલી ધર્મસામગ્રીની દુર્લભતા નજર સામે લાવો.**

**'એટલી અતિ દુર્લભ ધર્મ-સામગ્રી અહીં ટપકી પડી છે તો હું તક સાધી લઉં,' એ તમન્ના નક્કી કરો.**

**સીધી વિચારણા :-** પછી મન સમજી જશે કે 'શરીર તો હજી ઘણું સારું છે, કે શક્ય ધર્મ સાધી શકું એમ છું, ભવાંતરે તો કોણ જાણે કેવાં ય શરીર મળે ? અને તિર્યંચ કે દેવના અવતારે મજબૂત શરીર મળ્યાં તો ય અહીં સાધી શકાય એવો ધર્મ ત્યાં ક્યાં સાધવા મળવાનો હતો ? ત્યારે ઉપાધિઓ તો જન્મે જન્મે રહેવાની. તો પછી શું ધર્મ પડતો મૂકી એમાં ફસાયા રહેવાનું ? અને નિજના આત્માનું નિકંદન કાઢવાનું ? વળી ઉંમર બહુ તે કેટલી થઈ ? મોટમોટા શેઠ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

શાહુકાર અને રાજામહારાજાઓએ કેટલીય ઉપાધિઓ પડતી મૂકી મોટી ઉંમરે પણ ચારિત્ર લીધાં છે, એ મારા પૂર્વજોનો ગૌરવભર્યો ઇતિહાસ છે. તે એ કુળમાં જન્મેલો હું ઉંમરનું બહાનું ધરું ? ના, હવે તો નાની ઉંમરમાં સાધવાનું ન કર્યું એની સજા તરીકે પણ આ શરીર પાસેથી બેવડી સાધનાનો કસ ખેંચીશ. અને કુટુંબીઓનો મોહ પણ આગળ ધરવો ખોટો છે. મેં મારા કર્યા એ તો મૂર્ખાઈ હતી. મારા હતા જ કે દિ' ? અને ક્યાં સુધી મારા રહેવાના હતા ? પંખી મેળો એક મૃત્યુના પંજાએ ખેરવિખેર થવાનો છે. મમતા કરીને એમનું ય હું શું આત્મહિત કરી રહ્યો છું ? બસ, હવે તો સ્વપરને હિતકારી ચારિત્રધર્મની સાધનામાં જ લાગી જાઉં.'

**આયુષ્યને ઉપક્રમ ન લાગ્યો છતાં દુર્લભ :-**

યશોધર મહાત્મા ધનકુમારને એ કહી રહ્યા છે કે,-

'હે મહાનુભાવ ! માન કે આર્ય દેશ અને ઉત્તમ કુળમાં એવો મનુષ્ય ભવ મળ્યો કે જ્યાં આયુષ્ય પર ઉપક્રમ ન લાગ્યો અને ઝટ એ તૂટી ન પણ ગયું તો ય ત્યાં ચારિત્રધર્મ તો શું પણ સામાન્ય ધર્મબુદ્ધિય પામવી મુશ્કેલ છે, કેમ કે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, વગેરેના અંધકારમાં વસવાનો અનાદિ અનંત કાળથી તીવ્ર અભ્યાસ હોવાને લીધે, એનો ભારે આવેશ હોય છે. એનું વર્ચસ્વ હોય છે અને જીવ એનો પક્ષકાર થઈને બેઠો હોય છે એટલે એ આવેશમાં ચારિત્રધર્મ અને શ્રદ્ધાની પૂર્વભૂમિકા માટે જે ધર્મબુદ્ધિ અને પ્રારંભિક ઉપશમ જરૂરી છે તેને પણ ક્યાં અવકાશ જ આપે છે ?

વિરાટ જીવરાશિમાં જુઓ તો દેખાય છે કે સહજ વૈરવાળાય જીવો કેવા ક્રોધાન્ધ અને લોભગ્રસ્ત બની ભારે ક્રૂરતા દાખવે છે ! ત્યારે સહજ વૈર ન હોય ત્યાં પણ અજ્ઞાનતા યા સ્વાર્થભંગને લીધે કેવા કેવા કષાયગ્રસ્ત બને છે ! આ વારસા લઈને જન્મેલો મનુષ્ય એમ સહેલાઈથી શી રીતે ક્રોધાદિની પકડમાંથી છૂટે ? થોડો પણ ઉપશમ થયા વિના સાચી ધર્મબુદ્ધિ શી રીતે પામી શકે ? થોડો પણ ઉપશમ એટલે કષાયોનો પાવર ઘટેલો હોય; પોતે એને હમણાં છોડી શકતો નથી પરંતુ એ ભાવશત્રુ છે એમ લાગી ગયું હોય. આ સ્થિતિ પણ આવવી મુશ્કેલ છે.

**કષાય મંદેય બને છતાં :-**

હે મહાનુભાવ ! કદાચ આ સ્થિતિ આવવા કાળ પાક્યો હોય તો પણ વીતરાગ-સર્વજ્ઞ પ્રભુએ સ્થાપેલ ધર્મ મળવો પણ ભારે કઠિન છે, તો આદરવાની તો વાતે ય ક્યાં ? કેમ કે આ જગતમાં અજ્ઞાનીઓએ ઇન્દ્રિયોને અનુકૂળ પડે અને લોકોને પસંદ પડી જાય એવા કુધર્મ બહુ ફેલાવેલા છે, એટલે ધર્મબુદ્ધિ જાગ્યા પછી પણ એમાં ઝટ ફસાવાનું થાય છે. ઇન્દ્રિયોને ગમતું હોય, અને વળી ધર્મના નામ



પર એ મળે પછી શુદ્ધ ધર્મ માટે ઊંચી નજર જ શું કામ કરે ? કુધર્મવાળાઓ વ્યામોહ એવા કરી દે છે કે ભોળા એમાં જ ફસ્યા રહે !

હે મહાનુભાવ ! આમાં ય કદાચ મહાન પુણ્યના પ્રભાવે રાગદ્વેષથી મેલાઘેલા અને અજ્ઞાનીનો નહિ કિંતુ વીતરાગ-સર્વજ્ઞ ભગવાનનો કહેલો ધર્મ મળી જાય, છતાં એના ઉપર શ્રદ્ધા થવી મુશ્કેલ છે, કેમ કે અનાદિ ભવોમાં સારી રીતે અભ્યાસ કરેલી અશુભ ભાવનાઓનું જીવ ઉપર જોર હોય છે.

**કષાયો-વિષયો-સ્વાર્થ અને બાહ્યભાવ વગેરેની વાસનાઓને એવી વારંવાર અમલી બનાવી છે કે એથી એ આત્માની જાણે સ્વભાવભૂત બની ગઈ છે. એની અસર નીચે મૂઢ બનેલા આત્માને વીતરાગ-સર્વજ્ઞના કહેલા તરણતારણ ધર્મ પ્રત્યે આકર્ષણ નથી જાગતું, શ્રદ્ધા નથી પ્રગટતી,** શ્રદ્ધા પ્રગટે તો તો એ સિદ્ધિવધૂને પહેલું ભેટણું થયું કહેવાય, પરંતુ શ્રદ્ધામાં જરૂરી તત્ત્વદૃષ્ટિથી ઊલટી મોહદૃષ્ટિના ઘેરાવામાં રહ્યો એ ક્યાંથી બને ?

**શ્રદ્ધા થવા છતાં દુર્લભ ! :-** હે મહાનુભાવ ! કદાચ શ્રદ્ધા પણ પ્રગટ થઈ ગઈ માન, તો પણ સ્વપરોપકારક અને મહાપુરુષોએ આચરેલ અને એકાંતે પ્રશંસનીય ચારિત્ર ધર્મ જીવનમાં અપનાવવો તો બહુ મુશ્કેલ છે. પણ જો એ મળી ગયો તો તો એ જલદી જન્મ-જરા-મૃત્યુ-રોગ-શોકથી રહિત એવા પરમપદ મોક્ષને પમાડે છે. તને થશે કે ધર્મ પર શ્રદ્ધા જાગી ગઈ, હવે શું મુશ્કેલ ? પરંતુ મુશ્કેલ આ રીતે છે કે જાણવા સમજવા છતાં જો તેવો વીર્યોલ્લાસ ન હોય, યોગ્ય ગુરુની સામગ્રી ન હોય, ઉંમર મર્યાદા બહાર નીકળી ગઈ હોય, આવાં કોઈ કારણ હોય તો ચારિત્ર સુલભ નથી બનતું.

ત્યારે, હે વિવેકી પુરુષ ! વિચાર કે ચારિત્ર પામવાની સામગ્રી 'એ આ સંસારમાં કેટકેટલી દુર્લભ છે !'

**દુર્લભતાનો ઉપસંહાર :-** યશોધર મુનિવરે ધનકુમારને આ બતાવ્યું કે સંસારમાં જીવને ચારિત્ર ધર્મ સુધી પહોંચવા પહેલાં કેટલીય ભૂમિકાઓ, કેટલાંય થાળાં પસાર કરવાં પડે છે ! એકેન્દ્રિય સ્થાવરપણું, વિકલેન્દ્રિપણું, તિર્યંચ પશુપંખીપણું, અનાર્ય મનુષ્યપણું, હીનકુળ, સોપક્રમ આયુષ્ય. ઇન્દ્રિયોની ખામી, રોગ, ક્રોધાદિ કષાયો, મિથ્યાધર્મો, આ બધું વટાવતો આવે ત્યારે તો વીતરાગ-સર્વજ્ઞ ભગવાનના શાસન સુધી આવી પહોંચે. ત્યાં ય અનાદિની ઘર કરી ગયેલી વાસનાઓને ઓળખે, એ વાસનાઓએ આત્માને કેટલો બધો ભવની કેદમાં જકડી રાખ્યો છે, કેવાં કુટિલ કર્મ કરાવે છે, કેવાં ભારે અનિષ્ટ પરિણામો નિપજાવે છે, આત્મસ્વરૂપને ખરાબગ્રસ્ત કરી, કેવી મલિનતા, પરાધીનતા, ગુલામી, કુકર્મકારિતા અને ભવભ્રમણની અનેકવિધ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

વિટંબણા વગેરેમાં તરબોળ રાખે છે,' આ ભાન થાય, એથી આખો ય સંસાર અકારો લાગે અને હવે એક માત્ર તારણહાર સર્વજ્ઞ વચન પર હૈયું ઢળે તથા એણે બતાવેલ સાચા મોક્ષમાર્ગ પ્રત્યે મન ઉત્સુક બને, ત્યારે શ્રદ્ધાની ભૂમિકા પર અવાય. તો આટલે જે આવ્યો એનો તો અતિ મહાન ભાગ્યોદય ગણાય ! એને તો મોટી જાણે લોટરી લાગી ! કરોડો-અબજો રત્નનાં નિધાન જડી ગયાં ! એમાં વળી સદ્ગુરુયોગ, અને પ્રબળ વીર્યોલ્લાસ થાય, ત્યારે ચારિત્ર ધર્મના ભાવની ભૂમિકા પર આવે.

ધનકુમારને પોતાના જીવનમાં પત્ની તરફથી કપરો અનુભવ થયેલો છે, એમાં વળી મહાત્મા યશોધરનું રોમાંચક ચરિત્ર સાંભળવા મળ્યું અને મહાત્માનો વૈરાગ્ય થવામાં એ ખરેખર કારણ બન્યું હોય એમાં નવાઈ નથી. એમ પણ લાગ્યું. એનો અર્થ તો એ કે **એ અનાદિની કુવાસનાઓના આંધળા શિક્ષણથી સામા પૂરે ચાલ્યો ! વિવેકદૃષ્ટિ ખૂલી ! માનવ જીવનનાં મોઘેરાં કર્તવ્ય શાં શાં હોય એ સમજાયું ! જીવનાં ઊંધા વેતરણમાં કેવાં ખતરનાક સાહસ થઈ રહ્યાં છે એની મૂંઝવણ ઊઠી !**

**ફરી દુર્લભ કડીઓ મેળવતાં કેટલી મુસીબત ? :-**

હવે મુનિને ધનકુમાર પૂછે છે કે 'ભગવન્ ! તો મારે શું કરવું ?' તો મુનિ શું બતાવે ? આજ કે આટઆટલી દુર્લભ ચારિત્ર ધર્મ સામગ્રી પ્રાપ્ત કરવા જોગી પરમ ભાગ્યોદયવાળી સ્થિતિએ આવી ઊભા પછી બીજો-ત્રીજો વિચાર કરવાનો હોય ? એમ વિચાર કરવા રહ્યા અને અંતરાય ઊભા થઈ ગયા, કે આયુષ્ય પૂરું થઈ ગયું તો ? **પછી એટએટલી દુર્લભ કડીઓ સાંધતાં કેવા યુગના યુગ વિતાવવા પડશે !**

**મધુબિંદુસમા જરાક શા વિષયસુખના લોભમાં કે શરીરની તુચ્છ ગુલામી યા વિશ્વાસઘાતી કુટુંબમોહમાં ફસી રહી મહામોંઘેરી ચારિત્ર ધર્મની તક ગુમાવવી એ જીવની કેટલી ભયંકર મૂર્ખાઈ ? કેવું ભયંકર સાહસ !**

યશોધર મહાત્માનું કહેવું છે કે 'આટઆટલી સ્થિતિ વટાવીને ઊંચે આવ્યા અને મહાદુર્લભ સામગ્રી પામ્યા પછી હવે શું પૂછે છે કે મારે શું કરવું ? શું માનવજીવનમાં ચારિત્ર ધર્મને છોડી બીજું કાંઈ કરવા જેવું છે ? મહાનુભાવ ! મૂંઝા મા, હવે તો ચારિત્રધર્મને પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કર. બીજું કર્યાથી શું ?

હે દેવાનુપ્રિય ! તું એ જો, કે જે સંયોગો મળ્યા છે, જે જીવન ચાલુ છે, સગાવહાલાના જે સંબંધો છે અને ઈન્દ્રિયોના જે વિષયો હાજર છે, તથા જીવ જે એ બધામાં નિરાંત કરી બેસે છે અને ચારિત્રધર્મને દૂર રાખે છે એ બધા સંયોગાદિ



કેવા સ્વરૂપનાં છે ! એમાં,

**(૧) "સર્વ પ્રકારના સંયોગો અનિત્ય છે.**

**(૨) મૃત્યુએ ઠેઠ દેવ-દાનવો ઉપર પણ વિજય મેળવ્યો છે.**

**(૩) સગાંવહાલાં એ એક રાત વૃક્ષ ઉપર મળેલ પંખીમેળા જેવાં છે.**

**(૪) ઈન્દ્રિયોના વિષયોના ભોગવટાનું પરિણામ ભયંકર છે."**

**૧. સંયોગો અનિત્ય :-** મહાત્માએ ચાર વાતો ખરેખરી બતાવી-ઉચ્ચસાધના કરવાની આડે આ ચાર અગર ચાર પૈકીની કોઈ ને કોઈ વસ્તુ જીવને નડે છે. પુણ્યના યોગે મળેલી સમૃદ્ધિ, સન્માન, સત્તા વગેરેમાં જીવ ગળિયો બને છે. મનને એમ થાય છે કે આ બધું કેમ છોડાય ? 'અલ્યા પણ એ તો જો, કે તું નહિ છોડે તો શું એ તારી પાસે કાયમી રહેવાની છે ? એ વિચારવું નથી ? બધા જ સંયોગ અનિત્ય છે, તો તારી શી ગુંજાશ છે કે આમાંની એક પણ ચીજને પકડી કાયમ બેસી રહી શકવાનો છે ? મોટા મોટા ચક્રવર્તીઓના છક્કા છૂટી ગયા, એમને ય સંયોગમાંથી મહાવિયોગ થઈ ગયા ! તું કોણ માત્ર ? **શા સારું અનિત્યના મોહમાં રૂપાળું આત્મહિત ગુમાવે ?**

**સંયોગ થયો ત્યારથી વિયોગની નોબત વાગે છે;** પણ મોહથી બહેરા બનેલાને એ સંભળાતી નથી. આવ્યું એટલે જવાનું જ, એના પર મોહ શો ? પરણી લાવેલી અભિમાની પત્ની જો આવી ત્યારથી 'તમે આમ કરશો તો હું મારા બાપને ઘેર ચાલી જઈશ' એમ વારંવાર કહેતી રોફ બજાવતી હોય, તો એના પર કોણ ડાહ્યો ઓવારી જાય ? ભલેને એ ભરપૂર દાગીનો અને રોકડની થેલીઓ લાવી હોય ! ગાંડો મોહી જાય, બાકી ડાહ્યો તો સમજીને જ કહે કે- 'આનો ભરોસો નથી ક્યારે ચાલી જાય, માટે સાવધાન રહો, આપણે આપણું સંભાળીને બેસો.' બસ, વૈભવ-સન્માન-સત્તાના સંયોગોનું આવું છે. જેમ પેલો પતિ અવસર આવે એટલે કહી દે છે, 'ઊઠ ઊભી થા, કાલ નહિ, આજે જ હાલવા માંડ.' એમ સુજ્ઞ પુરુષ ઉત્તમ આરાધનાનો યોગ મળે એટલે, આમ દ્રોહ કરીને ભાગી જવાના સ્વભાવવાળા સંયોગોને સ્વહસ્તે રુખસદ આપી દે છે, 'જાઓ તમારું મારે કામ નથી, **તમારી ગુલામીમાં મારું હાથવેંતમાં આવેલું આત્મહિત હું ગુમાવું ? હરગિજ નહિ,** આટલો ઊંચો માનવભવ હું તમારામાં જરા ય વેડફી નાખવા તૈયાર નથી, તમારો ઉપયોગ કરવો પડે ત્યાં પણ વિશુદ્ધ અધ્યવસાય દ્વારા આત્મહિત સાધતો રહીશ.'

**અનિત્ય ભાવનાનો લાભ :-** ત્યારે સંયોગોની અનિત્યતા બરાબર નજર સામે તરવરતી રાખવાનો લાભ કેટલો ?

**(૧) બહારના સંયોગને અનિત્ય દેખતા રહ્યાથી પોતાના સનાતન આત્મા,**



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**અવિનાશી પરમાત્મા અને શાશ્વત આત્મગુણો પર મમત્વ થાય છે.** ગમે તેવો રૂપાળો છોકરો, પણ જો ટી.બી.કેન્સરની પથારીમાં પડ્યો છે તો હવે એનો ટૂંક સમય જાણી એના બદલે બીજા સાજા સારા દીકરાને ચિરકાળજીવી જાણી એના પર વિશેષ મમતા થાય છે ને ? તો અહીં તો પરમાત્મા, આત્મા અને ધર્મને અવિનાશી જાણ્યા પછી પૂછવું જ શું ? એની ગાઢ મમતા એવી જાગે કે પછી મન એની આરાધના તરફ કેટલું બધું ઢળતું રહે !

(૨) ત્યારે એ પણ લાભ છે કે સંયોગોને વિનાશી જાણ્યા પછી એના આવવા-જવામાં બહુ હર્ષશોક નથી થતાં.

(૩) તેમ, એની બહુ મમતા નહિ હોવાથી એની પાછળ મદ નથી થતો. **ભાગેડુ ઉપર અભિમાન શા કરવા ?** એમ મનને રહે છે.

(૪) તેમ એવા પ્રપંચ, દંભ, કપટ, અનીતિ, જૂઠ, ડફાણ કરવાનું મન નથી થતું. **'વિનાશની જ્યાં મોકાણ ઊભી છે તેની ખાતર એ પાપ શા કરવા'તા ? વળી,**

(૫) નાશવંતા પામર જડસંયોગો ખાતર સગાસ્નેહી સાથે ક્લેશ શા કરવા'તા ? સ્નેહ-સંપ તોડવાનું શા સારું કરવું ? કોઈનાય દિલના કોમળ તાર તૂટે એવું શા માટે બોલવું કે આચરવું ? એ કુટિલ પાપ આત્મામાં ચિરજીવી બની જાય છે અને સંયોગો તો પલકારામાં ચાલ્યા જવાના છે ! તો એવા વિનાશી સંયોગો ખાતર પાપો કરવાની મૂર્ખાઈ કોણ કરે ?

આવી બધી વિચારણા પાપને રોકે છે અને ગુણો તથા ધર્મની લગની લગાડે છે.

## ૨. ત્રિભુવન વિજેતા મૃત્યુ :-

મહાત્માએ ધનકુમારને બીજી વાત આ કહી કે 'માન કે સંયોગો મીઠાં લાગે છે અને એ પુણ્ય બળે ટકી ય જાય છે, તો પણ મૃત્યુ તો આવવાનું કે નહિ ? જેણે દેવ-દાનવોને ય કબજે રાખ્યા છે, ત્રણેય ભુવન પર જેનો વિજય ડંકો બજી રહ્યો છે, કોઈ જ જેના પંજામાંથી બચી શકતું નથી, તો આપણે ય ક્યાં એ મૃત્યુની ઝડપમાંથી બાદ રહી શકવાના હતા ? અને મૃત્યુ આવીને ઊભું, પછી સંયોગો શરીર-પરિવાર બધું જ ગુમાવવાનું ! કહો, રાખ્યું શું રહ્યું ?'





## મૃત્યુ વિચારનો લાભ :-

એટલે કેટલાકો જે એમ કહે છે કે એવો વિચાર અત્યારથી કરીને શું ? એમ કરવાથી તો ઊલટું કાયરતા આવી જાય છે,' પરંતુ આ કથન બરાબર નથી કેમ કે,

**મૃત્યુનો વિચાર કાયર નહિ, પણ સાવધાન બનાવે છે, જાગતા રખાવે છે.** દા.ત. કોઈ ગામમાં આજુબાજુથી લૂંટારા આવી જવાનો ભય હોય, તો ભલે ને લૂંટારા ત્રણ વરસ સુધી ન આવ્યા, પરંતુ ત્યાં સાવધાની રહે, નાણાં અને ઘરેણું-ગાંઠું ઠેકાણાસર રખાય છે, બારણાં, બચાવનાં શસ્ત્ર; વગેરે બરાબર સંભાળાય છે,...ઇત્યાદિ આને જાગૃતિ મનાય છે, કાયરતા નહિ. એવું જ મૃત્યુની ધાડ અંગે સમજવાનું છે. મૃત્યુનો વિચાર હોય તો પુણ્યકમાઈની તત્પરતા રહે છે; 'ખબર નથી મૃત્યુ કોણ જાણે ક્યારે ય આવી ચડે ! અને મરણ પામ્યા પછી તો અહીંની પુણ્ય કમાઈની મોંઘેરી તક ગઈ ! માટે મૃત્યુ ન આવે ત્યાં સુધીમાં સુકૃત ખૂબ કમાઈ લો.'

**મૃત્યુનો વિચાર તો અનેક સદ્વિચારણાઓને જન્મ આપે છે.** દાખલા તરીકે, મનને થશે કે 'જ્યારે મૃત્યુ અવશ્યંભાવી છે, મૃત્યુધર્મવાળા બીજા જીવો પર દ્વેષ-તિરસ્કારાદિ કરવાનું મારે શું કામ છે ? કદાચ એણે કાંઈ મારું બગાડ્યું તો પણ એ બિચારા એક દિ' મૃત્યુથી ઘેરાવાના છે, તો એમના ઉપર ગુસ્સો શો કરવો ? મૃત્યુ આગળ મારી જેમ એ ય બિચારા દયાપાત્ર છે. મારે પણ ઊઠીને ચાલતા થવાનું છે, તો ટૂંકા સમય માટે શા સારુ મારું દિલ બગાડું ? અનિષ્ટ પ્રસંગો તો ચાલતા થઈ જવાના, પછી યાદ પણ નહિ આવે, કિંતુ મેલા મનના ડાઘ આત્મા પર રહી જશે. એ શા સારુ કરું ? બીજાની ઈર્ષ્યા, ને વેરઝેર રાખવાની મારે કોઈ જરૂર નથી. આ તો થોડામાં જશ લઈ જવાનો છે, માટે ટૂંકાશા જીવનમાં પવિત્રતા સહૃદયતા અને પરોપકારની સુવાસ ભરી દઉં ! દિલની બધી ક્લુષિતતાઓ, સ્વાર્થ, મદ, પ્રપંચ, અસત્ય, અનીતિ, વિષય-લંપટતા વગેરે કચરા ફગાવી દઈ દિલને સ્વચ્છ બનાવી દઉં. એવું **જ સહૃદયતા રાખી જીવનની પ્રત્યેક લાખેણી ક્ષણ પ્રત્યેક પ્રસંગ અને પ્રત્યેક પરિસ્થિતિને આત્માની શુદ્ધિ અને પુણ્યની પુષ્ટિના લાભમાં ઉતારું, આ વિનશ્વર કાયાથી બને તેટલો પરોપકાર, પરનું ભલું અને પરની સેવા સાધી લઉં.**

મૃત્યુના વિચાર પર આવી આવી કેઈ સદ્વિચારણાને વહેતી રાખે છે. મૃત્યુ એ કેવીક ઘટના છે કુદરતની ! એમાં કેવી પામરતા છે જીવની ! ચમરબંધી દેવને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

પણ મૃત્યુ ! મૃત્યુ આગળ સંસારી જીવ દુર્બળ છે, રાંક છે, કોઈનું એની સામે કાંઈ ઊપજે નહિ. જન્મ-મરણ એ કેવીક ફસામણી ! કેવું ચકડોળ ! એમાં જીવને ચકર ચકર ઘૂમ્યા જ કરવાનું. ક્યાં સુધી આ ચલાવવું છે ? કહેશો 'ચલાવવું તો નથી પરંતુ શું કરીએ ?' આ સાચું કહો છો ? શું જન્મમરણથી ખરેખર ત્રાસ્યા છો ? જો હા, તો જન્મ-મરણની પીડાને હરનાર શ્રી જિનવચનને આદરો એ તમારા જન્મ-મરણના ફેરાને ટાળી આપશે.

**દર્શનાચારના ભંગે શ્રદ્ધા રહે ? :-**

**ધ્યાન રાખજો, જિનવચનને આદરવા પૂર્વે એની ભરી ભરી શ્રદ્ધા જોઈશે;** અને એ શ્રદ્ધાને જીવતી અને વધતી રાખવા માટે શ્રદ્ધાનો આચાર (દર્શનાચાર) જોઈશે. એ દર્શનાચારમાં અન્યના સદ્‌ગુણ અને સાધનાની ઉપબૃંહણા, સમર્થન-પ્રોત્સાહન, ધર્મભાવનાથી પડતાને સ્થિરીકરણ, અને સાધાર્મિક માત્ર પ્રત્યે વાત્સલ્ય જોઈશે. આ દર્શનાચાર એ જિનવચનની વસ્તુ છે. તો પહેલાં તો એ તપાસો કે દર્શનાચારનો ભંગ કર્યા કરીએ તો દર્શન યાને જિનવચન શ્રદ્ધાને હરકત પહોંચે આ ખાતરી છે ? કે પછી મન એમ કહે છે 'ધર્મીના ગુણની ઉપબૃંહણા ન કરીએ, ધર્મમાં સિદાતાને સ્થિરીકરણ ન કરીએ, સાધર્મિક પર વાત્સલ્ય ન રાખીએ તો, પણ જિનવચન શ્રદ્ધાને ટકવામાં શો વાંધો ?' બોલો શું મન આવું કહે છે ખરું ? 'ભલે ને ઉપબૃંહણાદિને બદલે ઉતારી પાડવાનું, અસ્થિર કરવાનું કે અપ્રીતિ રાખવાનું કર્યું પણ તેથી અમારા દિલની જિનવચન પરની શ્રદ્ધાને શો વાંધો આવ્યો ?' આમ મન મનાવવા જાય છે ખરું ? જો હા, તો જોખમમાં છો. એમાં સમગ્ર જિનવચનનો ખરેખર આદર ટકી નહિ શકે. જે જિનવચન જીવ-અજીવ વગેરે તત્ત્વો બતાવે છે, એ જ જિનવચન દર્શનાચાર ફરમાવે છે. તો એની પણ શ્રદ્ધા કરવી પડશે. નહિતર સમગ્ર જિનવચનનો આદર કર્યો નહિ ગણાય.

**જિનવચનનો આદર જન્મ-મરણની જંજાળને હરાવનાર છે.** એ જંજાળનો ત્રાસ લાગ્યો હોય તો એને દૂર કરવા આ ઉપાય યોજવો પડશે. જે મૃત્યુનું ઠેઠ સુરાસુર સુધી સામ્રાજ્ય પ્રવર્તે છે, એ મૃત્યુ પણ જો જન્મ છે તો જ આવી ચઢે છે. કહો કે,

**જન્મ પામવો એ ગુનો છે ને મૃત્યુ એની સજા છે.**

જન્મ પામ્યા પછી એ સજા ભોગવ્યા વિના છૂટકો જ નથી. અને જો મૃત્યુની તલવાર માથા ઉપર ઝઝૂમી રહી છે તો ચારિત્રમાં વિલંબ શા માટે ?

**૩. સગાંસ્નેહી એ પંખીમેળો.**

મહાત્મા યશોધર કહી રહ્યા છે કે મહાનુભાવ ! સંયોગો નાશવંત છે, અને



મૃત્યુ માથે ઝઝૂમી રહ્યું છે, તેમ સગાંસ્નેહીનો પરિવાર મળ્યો એ તો ઝાડ પર રાતવાસો કરનારા પંખીમેળા જેવો છે.

**ચારિત્ર કોણ અટકાવે છે ? :-**

રૂડા માનવભવ સહિત જિનશાસન મળ્યું છતાં જીવ ચારિત્ર માટે કેમ પાછો પડે છે ? આ પણ એક કારણ છે કે સગાંસંબંધીના મોહમાં એ મૂંઝાય છે. એથી ગૃહસ્થ-જીવનમાં પણ કેટલાંય બિનજરૂરી પાપો અને કષાય કરે છે. આરંભ-સમારંભ, સ્વાર્થાંધતા, ઈર્ષ્યા-અસૂયા વગેરે કેઈ દુષ્કાર્ય-દુર્ગુણો સેવે છે. ત્યાં આ વિચાર કરવાનો છે કે જે પરિવાર ખાતર મારા પોતાના આત્મા પર લખલૂટ કર્મના ભાર અને પાપના અભ્યાસ ચઢાવી રહ્યો છું તે તો એક ઝાડ પર રાતવાસો કરનારા પંખીમેળા જેવો છે. ચારે દિશામાંથી કોઈ ઝાડ પર પંખેરાં આવ્યાં. રાત ત્યાં રહીને સવારે જુદી જુદી દિશામાં ઊડી જવાનાં છે. હવે જો ત્યાં તે એક બીજાને ''તું મારો, હું તારો' એમ સવાસલાં કરે, ગાઢ પ્રેમની ગાંઠ બાંધે અરે એક ક્ષણ પણ વિરહ ન થાય એવી મમતા કરે, તો તે કેટલું ઉચિત કે ડહાપણભર્યું ગણાય ? એમ કહેવાનું મન થાય ને કે 'અલ્યા ગાંડાઓ ! સવારે જ એવા વિખૂટા પડી જવાના છો કે કદાચ જિંદગીભર એક બીજાને દેખવા નહિ પામો, ત્યાં આ ઘેલછા શી કરી રહ્યા છો કે હું તારો અને તું મારો ?'' બસ આવી શિખામણ આપણને લાગુ પડે છે.

**પંખીમેળાની દૃષ્ટિમાં લાભ :-**

પરિવાર એટલે પંખીમેળો આ દૃષ્ટિ બની રહે તો પછી એવા મોહ ન થાય કે જે બિનજરૂરી યા અધિક પડતાં પાપ સેવરાવે. બીજું ત્યાં, **ખોટા મોહ કરવાની શી જરૂર કે જે ખરા કરવાલાયક પરમાત્મા અને સદ્‌ગુણ ઉપરના રાગને અટકાવે ?** કુટુંબને પંખીમેળો સમજ્યા પછી એને પણ ધર્મના માર્ગે ચઢાવવા તરફ મુખ્ય લક્ષ રહે છે, તથા એની સાથે સ્વાર્થની રમત કે કૂડકપટ રમવાનું મન નથી થતું; માત્ર ખ્યાલ જોઈએ કે 'આ પંખીમેળો છે, આજ વીખરશે કે કાલ !' આ ખ્યાલ જાગતો રહે તો એમાંથી કોઈનું મૃત્યુ થતાં ખોટા શોક-કલ્પાંત નહિ થાય. એક વાર કહ્યું હતું ને કે મહારાજે પૂછ્યું 'કેમ આજે વ્યાખ્યાનમાં મોડા ?' ત્યારે શ્રાવક કહે 'સાહેબ ! મહેમાનને વળાવવા ગયો હતો' એટલે ? પોતાનો જુવાનજોધ છોકરો મરી ગયો તેને સ્મશાને મૂકી આવ્યો.

**૪. વિષયવિપાક, અતિકટુ છે :-**

યશોધર મહાત્માએ ચોથી વાત આ કરી કે ઈન્દ્રિયોના મનગમતા વિષયો વિપાકે અતિકટુ છે. ઝેર પડેલો લાડુ કેવો હોય ? તરત મીઠો લાગે પણ પછી આંતરડાં ખેંચી કાઢે, અકાળે જમને સોંપી દે અને જીવતાં પણ શું છે ? જીવને એ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એવા લલચાવે છે, 'સારું રૂપ જોયું, સારા પૈસા, સારી માલ-મિલકત-મકાન જોયા સારા રસ મળ્યા, સારા શબ્દ, સારા સ્પર્શ ભેટ્યાં કે જીવને એ એવા આકર્ષે છે કે પછી એમાં જીવ મશગૂલ બની વિવેક ભૂલે છે, વધુ પડતા રાગમાં તણાય છે, સેવનમાં અતિરેક કરી નાખે છે, અને અહીં ને અહીં પછી પસ્તાવામાં પડે છે ! ત્યારે પરલોકમાં એના ભયંકર દુઃખદ પરિણામનું તો પૂછવું જ શું ? પતંગિયાં વગેરેના કરુણ મોત યા ત્રાસભરી વિટંબણા જોવા મળે છે ને ?

**વિષયોની વિપાકકટુતા સમજ્યાના લાભ :-**

જો આ બરાબર ખ્યાલમાં રહ્યા કરે કે આ વિષયોનું છેવટ કટુતામાં છે, તો એની પાછળ ઘેલામેલા થવાનું ન કરાય, એની ખાતર ઠમઠોક પાપ ન આચરાય, ખોટા રાગ-દ્વેષ ન કરાય; અભિમાન પ્રપંચ, સ્વાર્થાંધતા ન સેવાય; અવિવેકી ઉદ્ધત અને પાપિષ્ઠ ન બનાય. વિપાક કટુતાનો ધરખમ ખ્યાલ જોઈએ. **વહાલાં-વહાલેસરી અને વિષયોની ઘેલછા એવી છે કે જીવને કાં મદાંધ કે કાં દીન બનાવે છે,** અને પછી એની દૃષ્ટિમાં પૂજ્ય પુરુષો પણ હિસાબમાં નથી રહેતા, પરલોકહિતકારી તત્ત્વોની કોઈ પરવા એને રહેતી નથી. વૈર, વિરોધ, ઈર્ષ્યા, અસૂયા અને ક્ષુદ્રતા-કૃપણતા તો હાલતાં ને ચાલતાં કરવા જોઈએ છે ! એ તો વહાલાથી વીખરવાની સ્થિતિ અને વિષયોની દગાખોર દશા બરાબર ધ્યાનમાં રહે તો પાપો અને પાપીવૃત્તિઓથી બચી શકે.

**સંયોગો વિનશ્વર છે, મૃત્યુ માથે છે, પરિવાર વીખરી જવાનો છે, અને વિષયો વિષમય અન્ન જેવા છે,-આ સ્થિતિમાં ચારિત્રને છોડી એના પર મોહ શા ? એને શું વળગી બેસી રહેવું'તું ?**

સમરાદિત્ય કેવલી મહર્ષિના જીવ ધનને મહાત્મા યશોધર મુનિવરે પોતાનો નવ ભવનો રોમાંચક અધિકાર સંભળાવ્યો, અને ધનને કર્તવ્ય તરીકે મહાદુર્લભ ચારિત્રસામગ્રી મળ્યાનો સદુપયોગ કરી લેવા જેવો છે એ સમજાવ્યું. એ સાંભળીને ધનને ચારિત્ર લેવાના ભાવ જાગ્રત થઈ ગયા. ઉલ્લાસમાં આવી ગદ્‌ગદ સ્વરે કહે છે,

'ભગવન્ ! ચારિત્રના આ આદેશથી આપે મારા ઉપર ભારે ઉપકાર કર્યો. તેથી હું હવે આપશ્રીના આદેશનો અમલ કરું છું. આપ કૃપા કરજો. આ હું મારા માતાપિતાને આપશ્રીનો વૃત્તાન્ત કહીને પ્રવ્રજ્યા લેવા આવું છું.

મુનિ કહે છે, 'હે દેવાનુપ્રિય ! **સુખ ઊપજે એમ કર. ક્યાંય મમતામાં ખેંચાતો નહિ.'**

ત્યારબાદ ધન ઊપડ્યો ઘરે. જુઓ ઘરેથી આવ્યો હતો મન મોકળું કરવા. પત્ની ધનશ્રીના હાથે દરિયામાં ફેંકાઈ જવાની, હીરાની જડેલી કંઠી ઉપર વધકારક



ચંડાલના હાથમાં જઈ ચડવાની, ત્યાંથી છૂટ્યો તો જેલમાં પુરાવાની, વગેરે વિટંબણાઓ ભયંકર વેઠી આવ્યો છે. હવે માતાપિતાઓને આશ્વાસન દે છે, પરંતુ આ પૂર્વ જન્મોમાં મહાન સાધનાઓ કરી મહાસંસ્કરણ પામેલો જીવ વિટંબણાઓથી જો દુઃખી હોય તો આશ્વાસનની અપેક્ષા રાખે ને ? પૂર્વના સુસંસ્કારને પ્રભાવે જો વિટંબણા વખતે પણ અપૂર્વ ધૈર્ય રાખી દુઃખ માન્યું નહોતું તો પછીથી તો શાનું માનવાનું હોય ?

**દિલની ઉદાર અને ગંભીર વિચારસરણી એને પોતાના પૂર્વકર્મ તરફ અને અપરાધીને ન્યાય આપવા તરફ તથા માત્ર મૈત્રી, દયા, પ્રમોદ, ઉપેક્ષાનો વિષય બનાવવા તરફ લઈ જતી હતી.**

**બીજાને ન્યાય આપો. મૈત્રી આદિ ભાવ :-**

**ન્યાય** આપવાનું આ 'સામો એના સંયોગોમાં એમ જ કરે એટલે અજુગતું નથી.'

**મૈત્રી** આ-'એ મારો દુશ્મન નથી, મિત્ર છે. એનું ભલું થાઓ, એને સદ્‌બુદ્ધિ મળો.'

**દયા** આ,-'બિચારો પાપમાં ફસાયો' એવી દિલની આર્દ્રતા.

**પ્રમોદ** આ,-'એ મારો ઉપકારી છે.' અથવા એનામાં તો ય ઉદારતા છે, કર્તવ્યપરાયણતા છે.'

**ઉપેક્ષા** આ-'હશે, એણે એમ કર્યું. મારે એનો વિચાર કરવાની જરૂર નથી હું મારું હિત સંભાળું.'

**દૃષ્ટિ ઉદાર-ગંભીર, લાંબી-ઊંચી :-**

વસ્તુસ્થિતિનો બહુ ઉદાર અને ગંભીર વિચાર કરવામાં આવે, વસ્તુ વિશાળ વિસ્તૃત તથા ઊંડી તેમજ લાંબી અને ઊંચી દૃષ્ટિથી જોવાય, તો એમાં સામા જીવને ન્યાય આપવાનું ઊભું થાય એને મૈત્રી આદિ ભાવથી નવરાવી દેવાય.

**દૃષ્ટિ સંકુચિત હોય છે, પોતાના જ દુન્યવી સ્વાર્થ સુધી પહોંચતી હોય છે, તેથી સામા ઉપર ઊકળી ઊઠાય છે. એમ,**

**દૃષ્ટિ છીછરી હોય છે, એટલે પોતાના પૂર્વ કર્મ તથા સામા પર કર્મ વિટંબણા, વગેરે જોવાનું ઊંડાણ એમાં નથી હોતું. એમ,**

**દૃષ્ટિ લાંબી ન હોય તો ચિત્ત ક્લેશ કરવાના યોગે કેવા કેવા ભારે કર્મબંધ થશે ત્યાં સુધી એ ન પહોંચે; અને**

**દૃષ્ટિ ઊંચી ન હોય એટલે (૧) માત્ર પરના ગુણનું જે ગ્રહણ (૨) સ્વના દોષમાત્રનું દર્શન તથા (૩) જગતના ભાવોની વિચિત્રતા અને (૪) ભવિતવ્યતાની બળવત્તાની પ્રધાન વિચારણા...આવું બધું ક્યાંથી સ્ફુરે ?**



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**જીવન જો અધમ નહિ પણ ઉત્તમ-ઉમદા કોટિનું જીવવું હોય તો દૃષ્ટિ સદા ઉદાર અને ગંભીર, તથા લાંબી અને ઊંચી રાખવી જોઈએ.**

**ધનના માતાપિતા બૂજે છે :-**

ધનકુમાર પાસે આવી દૃષ્ટિ હતી એટલે એને વિટંબણાઓ પછી એવાં સુખ ભોગવી લેવાની અને અધમ પત્ની ગયા પછી સારી સ્ત્રી પરણી લેવાની હોંશ નહોતી. એમાં પાછું યશોધરચરિત્ર સાંભળવા મળ્યું. મહાત્મા પાસેથી ચારિત્રસામગ્રી દુર્લભ હોવાનું જાણવા મળ્યું, એટલે હવે માતાપિતાને એ ચરિત્ર વગેરે વૃત્તાન્ત સંભળાવવા એ ઘેર આવે છે, અને બહુ ઉચ્ચ સંવેગભર્યો બનીને અર્થાત્ સંસાર પર અત્યન્ત ઉદ્વેગ અને ચારિત્રધર્મ ઉપર અથાગ રાગવાળો થઈને માતપિતાને એ બધું સંભળાવે છે. આટલું રોમાંચક ચરિત્ર અને ચારિત્રસામગ્રીની યુક્તિસિદ્ધ મહાદુર્લભતા છતાં એ અહીં મળી ગઈ હોવાનું જાણ્યા પછી કયા સુજ્ઞને અસર ન થાય ? માતાપિતા પ્રતિબોધ પામ્યા, વિચાર આવ્યો કે

'સંસાર પરનું મમત્વ અને એને વળગી રહેવાનું લાંપટ્ય જો આટલું બધું ભયંકર પરિણામ લાવનારું હોય તો સર્યું એનાથી, આવું જાણ્યા પછી અમારે હવે સંસાર પર રાગ કરવાનું અને વળગી રહેવાનું શું કામ છે ?'

**યશોધરચરિત્ર સાંભળ્યાની કેવી કેવી અસર કોને ?**

વિચારજો મહાત્મા યશોધરમુનિનું ચરિત્ર કેટકેટલાએ સાંભળ્યું અને કેવા ઝટપટ બુજ્યા ! સાંભળીને કાન તળે ન કાઢી નાખ્યું, કે એની પછી બહુ વિચાર કરવા ન બેઠાં. પ્રથમ નંબરે હૈયાનાં પરિવર્તન કરી નાખ્યાં; ગમે તેટલી પહેલાં રાગાસક્ત દશા અને પાપની પક્ષપાતભરી ગણતરીઓ હતી, છતાં એ બધું પડતું મૂક્યું, નવેસરથી તત્ત્વના પાયા પર વિચાર માંડ્યો, સંસાર અને પાપોને ભયંકર લેખ્યા, એના પર કારમો તિરસ્કાર વરસાવ્યો, પરલોકદૃષ્ટિ મુખ્ય બનાવી દીધી, ધર્મની જોરદાર મમતા ઊભી કરી દીધી, અને સાધના માટે પુરુષાર્થ જાગ્રત કરી દીધો. અનેક સાંભળનારાઓ આ કરી ગયા, તો તમે પણ સાંભળી ચૂક્યા ને ? હવે વિચારો હૃદય પરિવર્તનથી માંડીને ધર્મસાધનાના જોરદાર પુરુષાર્થ સુધી પહોંચ્યા કે કેમ ? ભૂલશો નહિ,

**મહાદુર્લભ ચારિત્રસામગ્રી સુધી આવી પહોંચ્યા છો. તો હવે ત્યાં સુધી જ આવેલાની જેમ જ જો સાધના ગુમાવશો તો કેવા જાતે જ મૂર્ખ બનશો ?** ભોજનની સામગ્રી ન મળતી હોય એ તો વિના ભોજન ભૂખ્યો મરે, પરંતુ સામે સામગ્રી પડી છે છતાં ભૂખ્યો મરે એ કેવો અને કેટલો મૂર્ખ ગણાય ? ધ્યાન રાખજો ગમે તેટલા બીજા-ત્રીજા વિચાર કરો અને બીજી-ત્રીજી ગણતરીઓ રાખો પરંતુ કાળ એનું કામ



કરી રહ્યો છે, એ એક દિ' ઝપટ મારી બધું હેઠું મુકાવી જીવને ઉપાડી જવાનો છે ! ઉપાડવા આવશે ત્યારે પસ્તાવો થશે 'હાય ! આજસુધી મેં શું કર્યે રાખ્યું !! જે અહીં પણ હવે કાંઈ જ શાંતિ આપી શકતા નથી, એવા વિચારો અને ગણતરીઓ અત્યારે કોઈ જ કામે લાગતા નથી, તો, પછી તો કેવીય દશા મારી !!

**બૂજ્યા છતાં પુત્ર પરનો મોહ :-**

માતાપિતા બૂજ્યા તો ખરા, પણ મોહની ખૂબી જુઓ કે હજીય એ જીવને તણાય ત્યાં સુધી કેવો તાણે છે ! માટે જ એવા મોહને તગડી મૂકવા માટે એની સામે ભારે બળવો અને નિર્ધારિત સામનો કરવો પડશે. માતાપિતા પુત્રને માટે વિચારે છે કે 'આ અમારો પુત્ર યોગ્ય છે, તો એના પર હવે ઘરનો ભાર મૂકીને અમે ચારિત્ર લઈશું ! પુત્રને કહે છે,

'વત્સ ! આ રત્ન-મોતીઓ વગેરે સારભૂત ધનને તું હવે સંભાળી લે. અમે તો મહાપુરુષોએ આચરેલા ચારિત્રધર્મને સ્વીકારીશું.'

ધન કહે છે, 'પિતાજી ! આપે ચારિત્ર લેવાની વાત કરી તે યોગ્ય છે. મનુષ્યપણું મળ્યા પછી જીવે એ જ કરવું જોઈએ. પરંતુ જે આપે ફરમાવ્યું કે રત્ન-મોતીઓ વગેરે સારભૂત ધનને સંભાળી લે, ત્યાં આપ કૃપા કરી વિચારો કે એ રત્નમોતીઓ વગેરે ધનમાં શું ખરેખર સારપણું છે ?

**રત્નોનું ધન પણ સારભૂત કેમ નહિ ?**

- (૧) શું એ ધન આપણને મૃત્યુમાંથી બચાવી શકે એમ છે ?
- (૨) અથવા શું એના પ્રભાવે ફરી જન્મ-જરા વગેરે વિકારો નહિ આવે ?
- (૩) તો શું એનાથી સમસ્ત અર્થીજનોના મનોરથ પૂરા કરી શકાશે ?
- (૪) અથવા, શું એનું ગમે તેટલા પ્રયત્ને રક્ષણ કર્યું હોય તો પણ ભાગ્ય ખૂટ્યા પછી માણસને એ છોડી જતું નથી ?
- (૫) કદાચ ભાગ્ય ન ખૂટે અને જીવનભર એ સાથે રહે છતાં એ સાથે રહીને મરેલા માણસને પછી પરલોકમાં કેઈ ગુણા કોઈ ઉપકાર કરે છે ?'

માતાપિતા આનો શો જવાબ કહે ? કહેવું પડ્યું 'વત્સ ! એમાનું કશું નહિ.'

મૃત્યુની અટકાયત, જન્માદિ વિકારોની શાંતિ, બધા જ અર્થીજનોના ઇચ્છિતની પૂર્તિ, અવિનશ્વરતા અને પરલોકહિતકારિતા આ પાંચમાંથી એકેય વસ્તુ માલમિલકતથી નથી બની શકતી. વિચારવા માટે ખૂબ મહત્ત્વના મુદ્દા છે આ. અનંત અનંત કાળથી ભટકતો જીવ અહીં આવ્યો, અને જે ધનથી મૃત્યુ મીટતું નથી, જન્મ-જરાદિ વિકારોમાં સબડવાનું ઊભું જ રહે છે, સમસ્ત દીન-દુઃખીનાં દુઃખ મિટાવવા કે અવિનાશી રહેવા જે ધન સમર્થ નથી, એવા પણ ધનથી મૂર્ચ્છા



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મટતી નથી અને પરલોકહિત સધાતું નથી, આ બધું જો ધનમૂર્છાના કારણે થતું હોય તો એ ધન કેવું ગોઝારું ? કેવું ખતરનાક !

ધન પિતાને કહે છે, 'હે તાત ! ત્યારે નીચ પુરુષાર્થના વિકાસસમા એ ધનરક્ષણથી શું ? આવા મૃત્યુ સામે નાઈલાજ, જન્મ-જરાદિ ન ફેડી શકનારા, પરલોકમાં અનુપકારી એવા ધનની જતનાનો પુરુષાર્થ એ નીચ પુરુષાર્થ છે, કશો આપણો અર્થ ન સારે. એની મહેનતને ઉચ્ચકોટિની કે મધ્યમમા પણ શાની કહેવાય ? માટે મારે એમ ઉત્તમ પુરુષાર્થના આ મહાદુર્લભ કાળને વેડફી નાખવો નથી, ઉત્તમ પુરુષાર્થ કરી લેવો છે. તેથી પિતાજી ! આપની જેમ જ કરવાની મને અનુજ્ઞા આપો.'

**પિતાનો ગંભીર સવાલ :-**

જવાબમાં નગરનો આ પ્રથમ પંક્તિનો શેઠ કહે છે, 'વત્સ ! મારી તને અનુમતિ છે. કિંતુ તું યુવાન છે, અને યુવાનીની ચાલ વિષમ છે. એક બાજુ ઈન્દ્રિયો દુર્દમ છે, એને અંકુશમાં રાખવી ભારે મુશ્કેલ છે, બીજી બાજુ સંસારવૃક્ષના બીજભૂત કામદેવનું યુવાનીમાં જોર હોય છે, અને અધૂરામાં પૂરું વિષયો જીવને આકર્ષ્યા કરે છે. ત્યાં યુવાનીમાં ચારિત્ર લેવું એ કેટલું જોખમી !'

**ધનનો પ્રૌઢ ઉત્તર :-**

પરંતુ જેમાં મન જ ઊઠી ગયું છે, ઈન્દ્રિયોને ભાવશત્રુ, કામવાસનાને ભયંકર રોગ, અને વિષયોને ઝેરના લાડુ તરીકે જે જોઈ રહ્યો છે, એને આ વાતો શું ડરાવી શકે ? શું ઊભો રાખી શકે ? ધનની તત્ત્વસમજ તો ઊંડી જાય છે, એ કહે છે.

**અનાદિજીવને યુવાની શી ?**

તાત મારા ! **આપ જે યુવાની કહો છો એ અવિવેક સિવાય બીજી શી વસ્તુ છે ?** વયથી યુવાન નહિ, પ્રૌઢ હોય, વૃદ્ધ હોય, પરંતુ જો અવિવેક ઊભો જ હોય, ચામડાનાં સુખને પોતાનાં માનતો હોય, ખરેખર દુઃખને, ખંજવાળિયા ખસની ચળ ખણવાના સુખાભાસને સુખ માનતો હોય, એનો એ અવિવેક એ વૃદ્ધ છતાં દીવાની યુવાનીમાં જ છે. બાકી વયની યુવાનીનો વિચાર કરીએ તો તો જીવો આ વિશ્વમાં અનાદિકાળના ચાલ્યા આવે છે; એટલે એમાં પરમાર્થથી વિચારીએ તો નથી કોઈ જીવ યુવાનીમાં રહેલો કે નથી કોઈ વૃદ્ધપણામાં. બધાયને અનંતાનંત વર્ષો થયાં છે અને થવાના છે ત્યાં કોણ યુવાન ને કોણ વૃદ્ધ ?

**યુવાની એટલે અવિવેક : બુઢ્ઢો પણ...:-**

'હે પિતાજી ! અવિવેકનો એટલો બધો પ્રભાવ છે કે એના લીધે આ જન્મમાં બુઢ્ઢા પણ લોક વિષયોરૂપી ઝેરની અભિલાષા હજી પણ મટી નહિ હોવાથી



જાતને વિડંબતા દેખાય છે ! પછી ત્યાં નથી લોકનિંદાને ગણતા કે નથી પરમાર્થનો વિચાર કરતા. એવી વિષયાસક્તિની ચેષ્ટાઓ કરે છે કે એ જોઈ લોક નિંદા કરે છે, કે 'આ ડોકરો થયો તો ય કેવા ગાંડા કરે છે !' વિષયલંપટ જીવ એ માત્ર પ્રત્યક્ષ, ક્ષણિક અને તુચ્છ ઈન્દ્રિય સુખ જુએ છે; ત્યાં હવે પોતાની ઉંમર કઈ, પોતાની આગળ નાનડિયા કોણ ઊભા છે, એનો વિચાર નથી.

**વિચારણા :-**

'જીવનના કાંઠે બેઠો છું ને પરલોકની તૈયારી છે. તો પરલોકનું હવે તો કેમ સુધારી લઉં, ઈન્દ્રિયો તો મૂકીને જવાનું છે, એને રાજી કરવાની મારે આટલી ઘેલછા શી ? આ શું, પણ આથી કેઈગુણાં ચઢિયાતાં અને વિશાળ સુખ મેં જોઈ નાખ્યાં. છે, છતાં જીવને કે ઈન્દ્રિયોને તૃપ્તિ ક્યાં થઈ છે ? તો શું હવે આટલાથી તૃપ્તિ થવાની હતી ? કે ઊલટી ઝંખના વધશે ? અને છોડીને મરતાં અપરંપાર દુઃખ થશે ? તેમજ ભવાંતરે એ પાપો મને જ રિબાવશે ? પૂર્વ પુરુષોને ક્યાં ઓછું મળ્યું હતું ? છતાં બાળપણે અને યુવાનીમાં પણ એ છોડી ચારિત્રમાર્ગે ચાલી નીકળ્યા ! તો જ આત્માનું કલ્યાણ થયું, સદ્ગતિ અને મોક્ષ થયો...'

આવી પરમાર્થની વસ્તુતત્ત્વની વિચારણા વિષયલંપટને નથી આવતી, અને જાતને ગલીચ વિષય સુખ માટે વિટંબે છે, કેઈ પ્રકારના લારા કરે છે, લાળ પાડે છે. ખસ-ખરજવાની ચળ ખણવા જેવી વિટંબણા ભોગવે છે.

**લંપટની વિવિધ વિટંબણા :-**

'હે તાત ! એ વિષયલંપટ બુઢ્ઢાની વિટંબણા હાસ્ય ઉપજાવે એવી હોય છે ! બિચારા વયના પરિણામે સફેદ બની ગયેલા કેશને પણ, જાણે હૈયાનો અધિક મેલ ન હોય એવા બીજા ત્રીજા શ્યામ દ્રવ્યોના સંયોગથી કાળા કાળા કરવા મથે છે ! શરીર અને ગાત્રોની કઠિનતા કરવા માટે રસાયણો ખાય છે ! બુઢ્ઢાપો જાણે એક દોષ છે એમ સમજી પોતાની ઉંમર અંગે હજી પોતે થોડા વખત પહેલાં જ જન્મ્યાનું કહે છે ! દિલમાં વિકારોનું જોર હોવાથી અનેક જાતના દારુ-આસવો વાપરે છે ! ન આચરવા જેવી કેઈ પ્રવૃત્તિઓ કરે છે ! જોતા નથી કે આયુષ્ય તો હવે આ ક્ષીણ થઈ ગયું ! વિચારતા નથી કે જન્માન્તરે જવું પડશે ! પરભવનો કોઈ જ વિચાર નથી ! નજરે જુએ છે કે કેટલાએ મરી ચાલ્યા તો મારે ય મરવાનું નક્કી છે, પણ વિચારણા નથી કે મરણ પછી શું 'પછી'નો વિચાર નથી, માત્ર તત્કાલનું જુએ છે; તેથી નર્યા મિથ્યા આવેશમાં દોડ્યા જાય છે; ઝંખે છે, 'બસ, પૈસા ભેગા કરું 'બસ, દમામ ભપકો રાખું.' 'બસ, નામ કાઢું.' 'બસ સત્તા જમાવું.' અજમાવું,' 'બસ ખાઉંપીઉં મોજ કરું,' આ બધું શું છે ? મિથ્યા આવેશ.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**મિથ્યા આવેશ એટલા માટે, કે એમાં જોવું નથી કે,**
**ધાર્યું સફળ થશે જ ? તારી ઈચ્છાની વાત છે ?**
**ધાર્યું પાર પાડવા, પાસે બધી સામગ્રી છે ?**
**પાર પડે તો પણ સુખી જ થવાનો ?**
**વળી એ ધારેલા સિવાય બીજું કાંઈ જોઈતું નથી ને ?**
**બીજુંય જો જોઈએ છે તો શું એના ય આવેશ કરીશ ? કેટલા કરીશ ?**
**માનવ જીવનનું આ કર્તવ્ય છે ? શું જનાવરને આ આવેશ નથી આવડતાં ?**
**હલકા અવતારે જે કર્યું તે શું આ ઉત્તમ અવતારમાં કરવાનું ?**
**માન, કે, બધું કરી લીધું, પણ પછી શું ? મિથ્યા આવેશ.**

હે પિતાજી ! આવો કોઈ વિચાર ન આવતો હોય અને માત્ર આંધળિયા કરવા હોય, દુનિયા મૂર્ખ બને છે એમ પોતાને ય એ મૂર્ખ દુનિયાની પાછળ ચાલીને અંતે મૂર્ખ બનાવે એવા જ ધંધા આંધળી દોટે કરવા હોય, તો શું એ મિથ્યા આવેશ નથી ? જ્યાં પોતાના સનાતન આત્માનો વિચાર નથી, પરલોકનો વિચાર નથી, માનવજીવનમાં મળેલી મહાદુર્લભ આત્મોદ્ધારની મળેલી તકની કદર નથી, કેવળ આત્મવિટંબણા વહોરવી છે, તો એ વૃદ્ધ શાના ? ઠરેલ બુદ્ધિના ક્યાં રહ્યા ? એ અવિવેકી યુવાન જ છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૧૩,તા.૯-૧૨-૧૯૬૧

ત્યારે જે તરુણ હોવા છતાં પોતાના પરલોકને સુધારનારા માર્ગનો સારો અભ્યાસ કરનારા છે, વારંવાર એનો અમલ કરનારા છે, એ તો આ જીવનમાં વિવેકના બળે જુએ છે કે 'જીવિત તો વિજળીના ઝબૂકાની માફક ચંચળ છે ! ઈન્દ્રિયના વિષય સુખો અસાર છે ! જરા પણ પ્રમાદના આચરણનો વિપાક ભયંકર છે ! મૃત્યુ ક્યારે આવે એ નિશ્ચિત નથી પણ આવવાનું ચોક્કસ છે !' આ વિચાર હોવાથી બેપરવા નહિ, કિંતુ જંગલનાં હરણિયાની જેમ સદા મૃત્યુના ભયે પાપ હેતુથી ભડકેલા રહી, ચારિત્રધર્મની આરાધના કરે છે.

પેલા બુઢ્ઢા છતાં અવિવેકી છે, આ યુવાન છતાં વિવેકભર્યા છે, એટલે ઉંમરનો સવાલ ક્યાં રહ્યો ? એટલે યૌવન એ ચારિત્ર માર્ગ લેવા-પાળવા માટે કાંઈ જ પ્રતિબંધક નથી, કાંઈ જ અટકાયત નથી કરતું.

હા, આપ કહેશો કે 'પણ યૌવનમાં ઈન્દ્રિયો નવા ઊછળતા વીર્યથી થનમનતી હોય ને ? એને અંકુશમાં રાખી વિષયો તરફ ન ધસવા દેવી એ અસંભવિત કે ઘણું



ઘણું કપરું નથી ?

**વિષયોમાં સુખ કેમ નહિ ? :-**

પરંતુ હે તાત ! જેને વસ્તુના સાર-અસારનો, ગુણદોષનો, લાભાલાભનો, એવો બધો વિવેક છે એને તો સંસારનો સ્વભાવ નજર સામે તરવરે છે. એવા એને ઈન્દ્રિયો અંકુશમાં રાખવી કોઈ કઠિન નથી. સંસાર સ્વભાવ જાણવાને લીધે એ સમજે છે કે આ બધી વિષય લીલા ક્ષણિક છે, એમાં સુખ, પહેલાં તૃષ્ણાની ચળ ઊભી થાય તો જ લાગે છે, એમ પહેલાં આત્મામાં ઝેરી કામવાસનાના વિકાર પ્રગટ થાય તો જ એને સુખનો અનુભવ થાય છે, એનો અર્થ એ કે ખરેખર વિષયોમાં કોઈ સુખ નથી, વિકાર અને તૃષ્ણા સુખની ભ્રાન્તિ કરાવે છે. જો એવું ન હોત અને **ખરેખર એમાં સુખ હોત તો, તો એ ભોગવ્યા અને તૃષ્ણા વિકાર શમ્યો, પછી પણ એના સંયોગ તેવું જ સુખ દેખાડ્યા કરતા !** પકવાન્ન જમ્યા, ભૂખ મટી તોય પછી પણ એ ખાધા કરવાથી સુખ થાત. પણ એવું નથી બનતું. એ સૂચવે છે કે સંસારમાં વિષયો સુખ આપવાના સ્વભાવવાળા નથી.

**ખરું સુખ તો વિકાર અને તૃષ્ણાની શાંતિમાં છે.**
**વિકાર તૃષ્ણાથી રહિત બનેલાને અપરંપાર સુખ છે.**
**સંસાર એટલે વિકારો અને તૃષ્ણાને ખીલવા માટે રસાળ ક્ષેત્ર !**
**અને સંસાર પાછો એ તૃષ્ણા-વિકારોની ગુલામીમાં ઈન્દ્રિયોને નાચવા-કૂદવાનું ક્રીડાંગણ !**
**તેમ, વળી સંસાર એ ગુનાઓની સજા ભોગવવા માટેની અનન્ય જેલ !**

સંસાર આ છે-રસાળ ક્ષેત્ર, ક્રીડાંગણ અને સખ્ત સજાઓ ભોગવવાનું કેદખાનું. વિવેકી આત્મા વિવેકના બળે આ સમજી શકે છે પછી એને ઈન્દ્રિયો પર ભારે નફરત જાગે છે, તો હવે એ જાગતો એમાં શાનો તણાય ? એમ ઈન્દ્રિયોને કાબૂમાં રાખવાનું એને શું કઠિન હોય ?

હે તાત ! એ નિશ્ચિત વાત છે કે

**જો ઈન્દ્રિયોને ન દમી, તો આત્માએ દુર્ગતિથી દમાવું-પીડાવું-કચરાવું પડશે; આત્માને દુર્ગતિ દમશે,**

**ત્યારે જો ઈન્દ્રિયોનું દમન કર્યું, તો એથી અહીં મહાન પ્રશમસુખનો લાભ, અને પરલોકમાં સુખદ ભવોની પરંપરાએ અનંત મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.**

આમ ઈન્દ્રિયોના દમનના મહાલાભ અને અદમનના મહાનુકસાનને જાણનારો એવો કોણ હશે કે જે એનું દમન ન કરે ?''

ધ્યાન રાખજો ધનકુમાર અહીં પિતાને આ ઉપદેશ નથી આપી રહ્યો, પરંતુ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

પોતાને આ સંસાર અને ઇન્દ્રિયો પ્રત્યે જે ભાવ, જે વલણ જાગી ગયું છે, એને વ્યક્ત કરી રહ્યો છે. બાપને ખાતરી થાય કે ધનકુમારને જે વૈરાગ્ય થયો છે એ તાત્ત્વિક સમજની ભૂમિકા પર થયો છે, કિન્તુ આકસ્મિક આવેશના પાયા પર નહિ, અને માટે જ લાગે કે યુવાની છતાં વિકારોને લેશ માત્ર મચક આપવા તૈયાર નથી, એટલા માટે પોતાના અંગે પિતાને થતી શંકાનું નિવારણ કરી રહ્યો છે. એનું કહેવું એ છે કે 'હું આ ચોક્કસ જાણું છું કે ઇન્દ્રિયોને દમવાથી આત્મા પર દુર્ગતિનું દમન આવે છે, અને ઇન્દ્રિયદમન કરવાથી મોક્ષ મળે છે માટે દમન કરવાનો મારો નિર્ધાર છે.' કહેવું આ છે, પરંતુ લઘુતાથી કાર્ય સામાન્ય રૂપે પ્રતિપાદન કરે છે કે ન દમવાથી દુર્ગતિ દ્વારા દમન, અને દમવાથી મોક્ષ સ્વાતંત્ર્ય, એમ જાણનારો કોણ ઇન્દ્રિયદમન ન કરે ?

**નાદાન ઇન્દ્રિયોની ગણતરી અને અનંત જ્ઞાનની ગણતરી :-** તાત્પર્ય, ખરી જાણકારી ઇન્દ્રિયદમનને ન કરાય તો દુર્ગતિ પીડવા તૈયાર જ છે, એમ ખાલી વાતો કરવી એ જુદું અને ખરેખર હૈયે લગાડી દેવું એ જુદું.

**અંતરનો અવાજ ઊઠવો જોઈએ, હાડોહાડ લાગી જવું જોઈએ કે,** 'આ ઇન્દ્રિયોને જો નથી દમી અને એને મનગમતાં વિષયો મળ્યાં ત્યાં ત્યાં જો એને વળગવા દીધી, તો મારા બાર વાગી જવાના ! શા માટે આવી ઇન્દ્રિયોને જ્યાં ત્યાં ફેરવવાની ગોઝારી રમત કરી રહ્યો છું ? શા સારું નાદાન મૂઢ ઇન્દ્રિયો 'આ વિષય સારો ને આ ખરાબ, આ લઈ લઉં ને આ ફેંકી દઉં' એવા અજ્ઞાનતાનાં ધોરણ બાંધે એને મહત્ત્વ આપી રહ્યો છું ? અક્કલ વગરની અને મૂઢ ઇન્દ્રિયોની ગણતરીએ શું ચાલવું ? અજ્ઞાન-મૂઢ બાળકની અક્કલ વિનાની ગણતરી પર કોણ મદાર બાંધે ? એમ કરવામાં તો અનંતજ્ઞાની પરમાત્માએ જે ભવ્ય ગણતરીઓ આપી છે કે વિષયો અસાર છે, વિષભર્યા છે, દુર્ગતિઓમાં રઝળાવી મારનારા છે, આવા હિસાબ જે આપ્યા છે એને ઠોકરે મારવાનું થાય છે. **મહાજ્ઞાનીનાં વચન પાળવાં એ બહુ દુર્લભ છે, એ અહીં મળ્યા છતાં એની કરેલ અવગણના, એની બેપરવાઈ, એ તો ભવિષ્યના દીર્ઘાતિદીર્ઘ કાળ માટે એવાં તારક વચન પામવાની નાલાયકતા ઊભી કરે છે. જીવ !** તું વિચાર કર કે એવું જો બને તો એ કેમ પાલવશે ? જે જિનવચનને મોટમોટા ચક્રવર્તીઓ, રાજા મહારાજા અને શેઠ શાહુકારોએ માથે ધર્યાં, ભલભલા ઇન્દ્રભૂતિ, સુધર્મા અને હરિભદ્ર પુરોહિત જેવા મહાન જૈનેતર વિદ્વાનોએ પણ અપનાવ્યા એવા વચનની સલાહ બાજુએ મૂકી નાદાન ઇન્દ્રિયોની સલાહને આગળ કરે છે ? શરમ નથી આવતી તને ? આટલો ઊંચો ભવ ફરી ફરી ક્યાં મળશે ? આટલી ઊંચી જિનવચનની સામગ્રી ક્યાં



મળશે ? ઇન્દ્રિયો તો ભવેભવે મળશે, એની ગણતરીએ નાચવાનું જન્મોજન્મ મળી આવે છે, જિનવચન અને એની ગણતરીએ ભવ્ય જીવન જીવવાનું મળવાનું આ વિરાટ સંસારમાં અતિ ઘણું મુશ્કેલ છે. માટે નાદાન ઇન્દ્રિયોની ગણતરી પડતી મૂક, જ્ઞાનીની અને સામાન્ય અક્કલની પણ ગણતરીને મન પર લે.'

**હલકાં નિમિત્તથી બચો :-**

બોલો આવું હાડોહાડ લાગે છે ? અંતરમાં આ ધ્વનિ ગુંજતો રહે છે ? વાત તો સાચી જ છે ને કે ઇન્દ્રિયો માત્ર તત્કાળ અને ઉપરનું જોઈને સારું-નરસું કહે છે, ત્યારે જ્ઞાની ભગવંતો અંદરનું અને દીર્ઘકાળનું જોઈને જજમેન્ટ આપે છે ! ઇન્દ્રિયોને ઉપર છલ્લું જોવું છે, જીભે ગળ્યું-ગળ્યું અડ્યું, મીઠું લાગ્યું ને ? બસ, માટે એ સારું, આ એનો હિસાબ છે. ત્યારે જ્ઞાની કહે છે કે એમ કરવામાં તો અંદરખાને અજંપો ઊભો થશે, ઉકળાટ વિહ્વલતા વધશે, ને મહાશાન્તિ-મહાસંતોષનાં મધુરાં સંવેદન લોપાઈ જશે ! એ તો મીઠા મનગમતા વિષયોરૂપી નિમિત્તોથી આઘો રહે તો એ સુખદ સંવેદન અનુભવવા મળે, ભવ્ય પ્રશમસુખ જોવા મળે.

તું કોઈ વીતરાગ નથી કે તને વિષયોના સંપર્ક અસર ન કરે. એક ખટારાક્લાસ ખુરસીને બદલે મખમલની ગાદીજડ્યો કોચ બેસવા મળે છે તો ઝટ મન ઠરે છે, હૈયું હર્ષથી પુલકિત બને છે, ત્યાં દિવ્ય નંદનવન પુષ્પશય્યા અને રત્નસિંહાસનની સમૃદ્ધિ જો નથી ને મળી જાય તો કયો ઉદાસીન રહી શકવાનો હતો ? માટે જ્ઞાનીના ચાળા કરવામાં તો ઊલટો વીતરાગ ભાવના સ્ટેશનથી ઓર દૂર ફેંકાઈ જઈશ. એ તો જ્યાં સુધી વીતરાગ નથી બન્યો ત્યાં સુધી મીઠાં-મુલાયમ વિષયોરૂપી નિમિત્તોથી દૂર રહેવું પડશે. મૂઢ-નાદાન ઇન્દ્રિયોની ગણતરી બાજુએ મૂકવી પડશે; જ્ઞાનીઓએ વિષયોને વિષરૂપ લેખાવ્યા છે તે એ રીતે એને નીરખવા પડશે. એ વિષયો સામે ઝેરી દૃષ્ટિ, તિરસ્કારની દૃષ્ટિ જીવતી જાગતી રાખવી પડશે અને બને તેટલા દૂર રહેવા મથવું પડશે. કઠોર ત્યાગ અને તપસ્યાથી એ બની શકશે. **'નિમિત્ત બળવાન'**ની આ વાતોનો ઇન્કાર કરનાર સોનગઢ પંથ એ ઇન્દ્રિયોના જેવો નાદાન અને મૂઢ ખરો કે નહિ ?

## • કામવાસના રોકવાના પાંચ ઉપાય •

ધનકુમાર કહે છે, 'હે પિતાજી !' તમે કદાચ કહો કે ઠીક છે ઇન્દ્રિયોના સ્વરૂપને બરાબર ધ્યાનમાં રાખી વિષયો તરફ એને જતી અટકાવી શકાય, પરંતુ યુવાનીમાં કામવાસના જાગે એને કેમ અટકાવાય ?' પરંતુ જુઓ પિતાજી ! કે (૧)



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અનાર્ય સંકલ્પોને રોકવાથી, (૨) વીતરાગનાં વચન ભાવિત કરવાથી, (૩) પ્રશમસુખનું સ્વરૂપ જાણવાથી, (૪) ગુરુચરણ ન છોડવાથી અને (૫) પ્રતિપક્ષ ભાવના ભાવવાથી કામવાસના જન્મે જ ક્યાંથી ?'

ધને પહેલી વાત આ કરી કે કામવાસના ત્યારે જ ઊઠે છે કે જ્યારે ચિત્તમાં એના સંકલ્પ-વિકલ્પ કરીએ. સ્ત્રીનાં રમણીય રૂપ, સ્પર્શ કે પ્રેમનો જો વિચાર કરીએ, તો જ કામવાસના જાગ્રત થાય છે, પણ જો એને મનમાં લાવીએ જ નહિ, તો કામને જાગવાનો અવસર નથી મળતો.

કહેશો કે 'આ દુનિયામાં રહેવું અને એ મનમાં ન આવે એવું બને ?' હા, મન એવી ચીજ છે કે એને એક કામ આપો એટલે બીજું કામ પડતું મૂકશે, બીજા કામમાં નહિ લાગે. તો અહીં પણ તત્ત્વચિંતનાદિ બીજું સારું એટલું બધું કાર્ય છે કે મનને એમાં વળગાડી દેવાથી કામના સંકલ્પવિકલ્પ કરવા એ અવસર જ નહિ પામે. અલબત્ત એ માટે સારું વાતાવરણ જોઈએ. નિર્ધાર કરીએ કે 'કામ ! હું જાણું છું, તું સંકલ્પમાંથી જન્મે છે, તો હું તારા સંકલ્પ જ નહિ કરું, પછી તું ક્યાંથી ઊઠી શકવાનો હતો ?

**काम ! जानामि ते मूलं संकल्पात् किल जायसे ।**
**न चाहं तं करिष्यामि तदा कथं भविष्यसि ॥**

બસ, આ માટે આ પ્રક્રિયા છે, (૧) 'કામને ઘસડી લાવનારા, કામવાસનાને જગાડનારા **સંકલ્પ-વિકલ્પ અનાર્ય** છે, જંગલી છે, હલકટ છે.' આટલું પહેલાં મનમાં નક્કી કરી લીધું કેમ કે એમાં કોઈ આત્મિક દૃષ્ટિનો, કલ્યાણ દૃષ્ટિનો કે તાત્ત્વિક સ્વરૂપનો વિચાર નથી, માટે તે અનાર્ય-અધમ છે. એવા અનાર્ય વિચારને આવા ઊંચા માનવભવમાં પરમાત્માનો સંબંધ મળ્યા પછી કેમ જ કરાય ? શા માટે કરવા ? પૂર્વે અનંતકાળમાં ક્યાં ઓછા કર્યા છે ? અહીં ય એ કરી કરીને ય તૃપ્તિ ક્યાં થવાની હતી ? અંત ક્યાં આવવાનો હતો ? આ બધું વિચારીને એ સંકલ્પવિકલ્પ છોડી દેવા, કરવા જ નહિ.

(૨) **બીજો ઉપાય** એ બતાવ્યો કે **વીતરાગનાં વચન ખૂબ ભાવિત કરવાં** અર્થાત્ વીતરાગ ભગવાને જીવ, અજીવ, આશ્રવ, સંવર વગેરે જે તત્ત્વ કહ્યાં છે એને પોતાના જીવનના પ્રસંગ અને પદાર્થો તથા પ્રવૃત્તિઓમાં ઉતારતા રહેવું, અર્થાત્ એ તત્ત્વની દૃષ્ટિએ પ્રસંગો વગેરેને નીરખવા તેમજ અવકાશે અવકાશે પણ તત્ત્વની વિચારણા એવી રીતે કરવી કે જાણે આપણે એ રીતે બનતું સામે જોઈ રહ્યા છીએ. દા.ત. જીવતત્ત્વ કંદમૂળ-લીલ ફૂગ વગેરેમાં અનંતજીવો અનંતા દુઃખમાં રિબાતા હોવાનું આવ્યું. એ વિચારતાં જાણે દેખાય કે આ સામે કંદમૂળમાં સૂક્ષ્મ



અનંતા જીવો ભયંકર ત્રાસમાં ખદબદી રહ્યા છે. એમ આશ્રવ તત્ત્વમાં ઇન્દ્રિય કે કષાય આશ્રવ વિચારતાં જાણે દેખાય કે જેમ ખુલ્લી બારીમાંથી ભારે વંટોળિયો ઘરમાં ધૂળનો ઢગલો લઈ આવે છે તેમ આ ઇન્દ્રિય શક્તિ કે ક્રોધાદિ કષાય તત્કાળ આત્મામાં કર્મધૂળનો મોટો ઢગલો ઠાલવે છે. આવાં માનસિક દર્શન કરતાં કરતાં એ તત્ત્વથી આત્મા ભાવિત બને છે, એ સહજ ભાસમાન બને છે. મનને આમાં ને આમાં રોકી દેવાથી કામના સંકલ્પો ભુલાઈ જાય છે, ઊઠવા પામતા નથી. સ્ત્રી દેખાઈ તો પણ ભાવિત મન સહેજે તત્ત્વ પર ચાલ્યું જશે.

**જિનવચનથી ભાવિત થવાના લાભ :-**

**જિનવચનથી ભાવિત થવું, આત્માને વારંવાર ભાવિત કર્યે જવો એ ઘણો અદ્ભુત સાધના માર્ગ છે.**

(૧) એથી આત્મા કોમળ, યાને પાપભય અને જીવદયાથી મુલાયમ બની જાય છે. એટલું જ નહિ પરંતુ

(૨) મનની વૃત્તિઓ સહજભાવે તાત્ત્વિક વિચારસરણીવાળી બને છે.

(૩) એથી ગમે તેવા ક્લેશ-કષાયના પ્રસંગે મનને તત્ત્વચિંતન તરફ સહેલાઈથી વાળી દઈ શકાય છે અને ક્લેશ-કષાયના ભાવથી બચી જવાય છે. એટલે પરિણામ કેવું ? એ જ કે,

(૪) પાપકર્મનો પ્રવાહ જે ચાલી આવત તેના બદલે એને રોકી પુણ્યોપાર્જન અને પાપક્ષયની ધારા ચાલુ કરી દેવાય છે. બહારની તો ચિંતા કરવા જેવી જ નથી, એ તો લલાટ મુજબ જ બનવાનું છે, માટે એના રાગદ્વેષભર્યા વિચાર છોડી તત્ત્વની વિચારસરણી ચાલુ કરી દેવાથી આ મહાન લાભો મળે છે.

(૫) એનાથી શુભ સંસ્કારોની એક જબરદસ્ત પરલોક મૂડી ઊભી થાય છે. તો આત્માને વીતરાગના વચનથી ખૂબખૂબ અને વારે વારે ભાવિત કર્યે જવો હિતકારી છે.

**(૩) પ્રશમસુખના સ્વરૂપનો બોધ :-**

ધનકુમાર પિતાને કામ વાસના પર પાકો અંકુશ મૂકવાની પ્રક્રિયા બતાવી રહ્યો છે. એમાં અનાર્ય સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ અને જિનવચનથી ભાવિતતા બતાવ્યા પછી **ત્રીજું**, પ્રશમ સુખનાં સ્વરૂપને બરાબર સમજવાનું કહે છે. આ પણ એક ઉત્તમ ઉપાય છે. ઇન્દ્રિયોના સુખ કરતાં મનની તૃપ્તિનું સુખ, ઇન્દ્રિય-તૃષ્ણા શમી જવાથી મનમાં વિશિષ્ટ અનુભવવા મળે, એ વિશિષ્ટ ઉપશમનો આનંદ કેઈ ગુણો ઊંચો છે. આનો અનુભવ તો તૃષ્ણા શમી જાય એટલે થાય. પરંતુ એવું બને તે પહેલાં એના વિશિષ્ટ સ્વરૂપનું સચોટ ભાન થાય, ઓળખ થાય, તો પછી એને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

પ્રાપ્ત કરવાની એક એવી જોરદાર ઝંખના રહે, કે એની આડે ઊભી રહેતી તૃષ્ણાને પણ બરાબર ઓળખી લઈ એને અટકાવવા માટે સારા કટીબદ્ધ રહેવાય. ત્યાં પછી કામવાસના શી રીતે ઊઠી શકે ? સમજી રાખો કે વિષયો તરફની પ્રવૃત્તિથી મનને જે આનંદ થાય છે તે બહુ તુચ્છ અને ઉદ્ધત છે, ત્યારે વિષયોથી નિવૃત્તિમાં યાને દૂર રહેવામાં અતિ વિશાળ અને શાંત આનંદનો મહાસાગર પ્રસરે છે. આ અનુભવે સમજાય.

ધનકુમાર યશોધર મહાત્માનું ચરિત્ર સાંભળીને તથા અતિ બહુ દુર્લભ ચારિત્રધર્મ સામગ્રી મળ્યાનું જાણીને આવ્યો છે એટલે મોટા હીરા-માણેકના ખજાનાને પણ નિઃસાર તુચ્છ લેખે છે, ઈન્દ્રિયોના સુખને વિટંબણારૂપ લેખે છે, અને ખીલતી યુવાની છતાં ચારિત્રધર્મ લીધા પછી પણ કામવાસના ન જાગે એના ચોક્કસ ઉપાયો બરાબર સમજી બેઠો છે. પાંચ ઉપાયોને એણે પિતા આગળ રજૂ કર્યા, **૧. કામનો વિચાર જ નહિ કરવો, ૨. જિનવચનને ખૂબ ભાવિત કરવું, ૩. પ્રશમ સુખનાં સ્વરૂપને બરાબર સમજી રાખવું, ૪. ગુરુચરણ કદી છોડવા નહિ, અને ૫. કામના પ્રતિપક્ષની અર્થાત્ વિરુદ્ધ ભાવના કરવી.** આમાં ત્રીજા ઉપાયની વિચારણા આપણે કરી રહ્યા છીએ.

પ્રશમ સુખનાં સ્વરૂપને બરાબર સમજી રાખવું.

**પ્રશમસુખ એટલે ? ઈન્દ્રિયોથી વિષય ભોગ અને મનથી કષાયો કરી લઈને નહિ, કિંતુ એ બંનેનો સ્વેચ્છાએ ત્યાગ રાખીને અંતરમાં અનુભવાતી, એક અપૂર્વ-અસાધારણ તૃપ્તિનો દિવ્યાતિ દિવ્ય આનંદ, અથાગ ઠંડક સ્વસ્થતા અને ઉપશમનો નિર્દોષ અચિંત્ય આનંદ.**

મહાત્માઓ આનો અનુભવ કરે છે. કહ્યું છે કે મોટા ચક્રવર્તી કે ઈન્દ્રને જે આનંદ નથી એ નિસ્પૃહ અને રાગ-દ્વેષ-રહિત મુનિને હોય છે. માટે જ તફાવત જુઓ કે ઈન્દ્રો અને ચક્રવર્તી આવા મહામુનિ પાસે આવી સ્તુતિ-વંદના કરે છે, પરંતુ મહામુનિ એમની પાસે નથી જતા કે નથી એમની ચાપલૂસી-ખુશામત કરતા.

પ્રશમ સુખને અનુભવતા વર્ષપર્યાયવાળા મુનિ ઠેઠ ઊંચા સુખી અનુત્તરવાસી દેવ કરતાં પણ ઘણા ઉચ્ચ સુખને અનુભવે છે.

**પ્રશમનો ઉપાય : જો ચારિત્ર લીધા પછી** ધરખમ ત્યાગ-તપના પ્રયત્ન નથી હોતા, સગવડપંથીપણું હોય છે, બની શકે એટલી અનુકૂળતાઓ અને સુખશીલતા ભોગવી લેવામાં મન ટટાર હોય છે, તો આ ભવ્ય પ્રશમસુખનો અનુભવ નથી થઈ શકતો.

**પ્રશમ તો અનુભવવાની વસ્તુ છે, અનુભવ કરવા માટે ભોગ આપવો પડે**



**છે,** ઈન્દ્રિયો ને મનના આવેગ-આવેશો દાબવા પડે છે, સુખશીલતા અને અનુકૂળતાનો પ્રેમ કચરવો પડે છે, દીર્ઘકાળ એવી મથામણ અને એના નિગ્રહ થાય ત્યારે આપણને પ્રશમની ઝાંખી થાય. પછી પણ ઈન્દ્રિય મનના વિષય-કષાયના અંકુશ કાયમ રખાય તો જ પ્રશમનાં જીવન, નહિતર તો પ્રશમનાં મોત થાય.

એટલે, પ્રશમસુખનો અનુભવ ત્યાગમય ચારિત્રધર્મના પાલન પછી થવાનો, પરંતુ પહેલાં એનું ભવ્ય સ્વરૂપ સમજી રાખવું જરૂરી. તો જ પછી ઈન્દ્રિયો અને માનસિક કષાયોના સુખ પ્રત્યે ભારે તિરસ્કાર અને પ્રશમસુખ પ્રત્યે ભારે આકર્ષણ-અભિલાષા અને પ્રયત્ન થયા કરે.

**પ્રશમસુખની સમજના ઉપાય :-** અહીં પ્રશમસુખનાં સ્વરૂપને બરાબર સમજી રાખવાં એટલે શું કરવાનું ? આ જ કે,

(૧) પહેલું તો મહાજ્ઞાનીઓએ જીવનમાં અપૂર્વ પ્રશમસુખના અનુભવ, સ્વસંવેદન કરીને અને પછી અનંત જ્ઞાનમાં જોઈને એની જે વાસ્તવિક્તા અને એનો અપૂર્વ મહિમા તથા અત્યંત આદરણીયતા ગાઈ છે એના ઉપર અટલ વિશ્વાસ જમાવવાનો. 'કેવળ સત્ય અને હિતવાદી મારા આપ્તજને આ ભાખ્યું છે; તો એ બરાબર સાચું છે અને એના જ આધારે મારે વિષયસુખોથી ઉભગી ઊઠી પ્રશમસુખના માર્ગે જ પ્રયત્ન કરવાનો.' આ ધગશ તરવરવી જોઈએ.

(૨) બીજું એ, કે દુનિયામાં જુદીજુદી રીતે સુખ ભોગવવામાં પડેલાને તપાસી જોવા જોઈએ કે ખરેખર એ સુખી છે ? ઢગલો દાખલા જોવા મળશે કે એવા જીવો કેઈ રોગ, સંતાપ, ક્લેશ વગેરેમાં સબડી રહ્યા છે. એથી વિરુદ્ધ એના ત્યાગી મહાસુખી દેખાશે, તો આ જોઈ જોઈને પ્રશમસુખની શ્રદ્ધા મજબૂત કર્યે જવાની.

(૩) પ્રશમસુખના સ્વરૂપને બરાબર ધ્યાનમાં લેવાને માટે 'આ ઈન્દ્રિયોના વિષય સંપર્કમાં કાંઈ સુખ નથી; રોફ, રોષ, આસક્તિ વગેરે કષાયોમાં કાંઈ સુખ નથી; એવી વારંવાર ભાવના કરવી જોઈએ. એ તો ખસ-ખરજવાને ખણવા જેવું છે; ઝેરના લાડુની મીઠાશ છે. ખાલી ઈન્દ્રિયો મનનાં ગલગલિયાં છે, વાસ્તવિક કોઈ આત્મિક સુખ નથી, કાયમી સુખ નથી, સ્વાધીન-અપરાધીન કોઈ આનંદ નહિ. એવી પુનઃપુનઃ હાર્દિક ભાવના કરતા રહેવું જોઈએ. એથી એના પ્રત્યેનાં અનાદિથી ચાલ્યાં આવતાં આકર્ષણ, બહુમાન, અને નિર્ભયતા ઓછાં થાય. તો જ પછી જ્યારે એના ત્યાગ કરી ચારિત્ર લેવાય અને પળાય ત્યારે પ્રશમસુખ અનુભવવા મળે. નહિતર તો બહારથી ત્યાગ તો કર્યો છતાં અંદરથી મન નહિ માને, સ્વસ્થ નહિ રહી શકે. પ્રશમનો અનુભવ નહિ થાય. પછી કેમ ? તો કે જરા સારું કે ઊજળું કપડું યા ઠીકઠીક આહાર સામે આવ્યો એટલી વાર ! મન ઝટ ઉત્સાહી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

બનવાનું. આ ન થવા દેવા માટે વિષય-કષાયનાં આકર્ષણ હટાવી એના પ્રત્યે ઝેરની દૃષ્ટિ ઊભી કરવાની છે. તે પહેલાં કહ્યું તેમ, હાર્દિક વારંવાર ભાવના કરવાથી બને. એ થાય તો મન ભાવિત રહે, સાચી શ્રદ્ધા ઝળહળતી રહે કે પ્રશમનાં સુખ જ સાચાં સુખ છે, અલૌકિક સુખ છે. વિષય-કષાય તો દુઃખરૂપ છે.

આમ ચોક્કસ ભાવિતતા કર્યા પછી ચારિત્ર લઈ વિષય-કષાયના ત્યાગનું જીવન જીવતાં જીવતાં મનને એ પાપી ઝંખનાઓ અને એના મોહ દૂર થઈ જવાથી અદ્ભુત પ્રશમસુખનાં સ્વરૂપનો, રહસ્યનો, પરમાર્થનો ત્યાં અનુભવ થાય છે.

ધનકુમાર કહે છે આવા પ્રશમસુખનાં સ્વરૂપ જેણે અનુભવ્યાં એને કામવાસના જાગી જ ક્યાંથી શકે ?

**૪. ગુરુચરણ છોડવા નહિ :-**

આગળ ચોથો ઉપાય એ બતાવ્યો કે કદી ગુરુ મહારાજના ચરણકમળ નહિ છોડવાં. ગુરુના નિકટમાં જ રહેવાથી વાસનાને પગભર થવાનો મોકો નથી મળતો. વળી એમના શ્રીમુખેથી વારંવાર હિતશિક્ષા, સાવધાની, પ્રેરણા વગેરે મળ્યા કરે છે. એના ઉપર સારી સારી ભાવનાઓ, તત્ત્વચિંતન, ઉત્તમ ઊંચા મનોરથો અને વ્રતપાલનના, દૃઢ નિર્ણય બન્યા રહે છે, પછી કામવાસના ક્યાં ઊઠે ? ગુરુના નિકટમાં રહેવાથી એમની આજ્ઞા મંગાય, એટલે કોઈ અસત્ પ્રવૃત્તિ, અસદ્‌વાંચન, જ્યાં ત્યાં ફરવાનું, જે તે જોવાનું વગેરેને અવકાશ જ ન મળે. તો આ બધા જે અસદ્ વ્યાપાર કામવાસનાને ઉત્તેજક હતા તે અટકી ગયા પછી કામવાસના બિચારી શી રીતે ઊંચી જ થઈ શકે ?

**કર્મનો ઉદય જાગે એ બહાનું છે :-** કેટલીક વાર બહાનું આગળ કરાય છે કે મોહનીય કર્મનો પ્રબળ ઉદય હોય ત્યાં વાસના જાગે એ દુર્નિવાર છે. પરંતુ આ તપાસવા જેવું છે કે ગુરુચરણની યથાસ્થિત સેવામાં લાગ્યા રહેવાનું કર્યું છે ? પૂર્વે કહેલા એના વિચારત્યાગ, વીતરાગવચનથી ખૂબ ભાવિતતા કેળવવાના પ્રયત્ન અને પ્રશમસુખનાં સ્વરૂપની બરાબર સમજણ કરી છે ? આનાં જો ઠેકાણાં ન હોય તો મોહનીય કર્મ ક્યાંથી દબાય ? વાસનાઓ શી રીતે મોળી પડે ?

**ગુરુપાસે પણ સ્વતંત્ર :-** ખરી વાત એ છે કે યુવાની પૂર બહારમાં છે અને કાં તો ગુરુથી દૂર રહેવાય છે અથવા પાસે છતાં સ્વતંત્રપણે રહેવાય છે, અને પછી ત્યાં તેવાં સ્ત્રી પરિચય-સ્ત્રીદર્શન વગેરે નિમિત્તો સેવાય છે, વિલાસી વાંચન લેખન કરાય છે, અથવા શ્રમ અને સદ્‌વ્યવસાય ઓછો રખાવાથી નવરાશ મળે છે...આવાં આવાં કારણ જો સેવાય છે તો તે ચારિત્ર લેતી વખતની પ્રબળ વૈરાગ્ય દશા ઉપશમભાવને મોળા પાડે છે. બીજી બાજુ સુષુપ્ત યા નિગ્રહિત વાસનાને જગાડે,



પગભર કરે એવી લાગણીઓ અને વિચારણાઓને સેવવામાં આવે, પછી તે મોહના ઉદયને પ્રગટ કરી આપે એ સ્વાભાવિક જ છે.

**ક્ષયોપશમ કેમ ટકે ?**

**પ્ર.-** દીક્ષા લેતી વખતે તો ઊંચો મજબૂત વૈરાગ્ય હતો છતાં એની આ દશા ?

**ઉ.-** હા, શાસ્ત્ર કહે છે ક્ષયોપશમ ભાવના ગુણ એવા છે કે ક્ષયોપશમ ભાવને ટકાવનારાં અને પોષનારા સારાં વાતાવરણ અને તન-મનની સારી પ્રવૃત્તિમાં રચ્યા રહો તો ટકે અને વધે, નહિતર વિપરિત નિમિત્તોમાં તો એ ક્ષયોપશમ દબાઈ જાય, અને છૂપાં વિરુદ્ધ કર્મ પાછાં ઉદયમાં આવી જાય. કર્મની સ્થિતિ પાકે એટલે એ ઉદય તો પામવાના, પરંતુ જો ક્ષયોપશમ ચાલુ હોય તો ત્યાં એનો રસ સ્થગિત થઈ જાય છે, તેથી રસનો અનુભવ કરાવ્યા વિના જ એ ઉદય પામી ખરી જાય છે. એટલે એક વાર કર્મનો ક્ષયોપશમ કર્યા પછી નિરાંત ન વળાય, એને ટકાવવા-વધારવાના યોગ્ય નિમિત્તોનું સેવન અને વિરુદ્ધ નિમિત્તોનો ત્યાગ અખંડ જાળવવો જોઈએ. ધનકુમાર કહે છે, ગુરુચરણ છોડવામાં ન આવે અને ગુરુનિશ્રાના સાચા અર્થમાં ગુરુનિશ્રાનું પાલન થાય તો આ ખબરદારી રહે છે, ત્યાં કામવાસના શી રીતે જાગે ?

**(૫) પ્રતિપક્ષ ભાવનાનું ચિંતન :-**

યુવાની છતાં કામવસાનાને અંકુશમાં લેવા માટે પાંચમા ઉપાય તરીકે પ્રતિપક્ષ ભાવનાનું, ચિંતવવાનું બતાવ્યું. પ્રતિપક્ષ ભાવના એટલે વિરોધી ભાવના. બાળક વિષ્ઠામાં હાથ ઘાલતું હોય તો 'છી છી' ની ભાવના કરાવવાથી એને એમાં સુંદરતાની ભાવના નષ્ટ થઈ જાય છે અને પછી હાથ ઘાલતું નથી. મોટાઓમાં પણ વિરોધી ભાવના ઘણું કામ કરે છે. રાજ્ય ખટપટોમાં સાંભળીએ છીએ કોઈ રાણી, મંત્રી વગેરેની વિરુદ્ધ રાજાને વાતો કરી વિરુદ્ધ ભાવના કરાવતા રહેવાથી રાજાની એ રાણી, કે મંત્રી વગેરે પ્રત્યે પૂર્વની આસ્થા-પ્રીતિ-બહુમાન ઊઠી જતું. લોકોને કોઈ સારો ભાષણ કરનાર અમુક પક્ષ પ્રત્યે વિરુદ્ધ ભાવના કરાવી આકર્ષણ ઓછું કરી નાખે છે. બસ, એ રીતે અહીં કામવાસનાની વિરુદ્ધ ભાવના કરવાથી કામનું આકર્ષણ ઓછું થઈ એના પ્રત્યે નફરત જાગે છે, જુગુપ્સા ઊભી થાય છે.

**આ કામની પ્રતિપક્ષ (વિરુદ્ધ) ભાવના ચિંતવવામાં શું આવે ?** પહેલું તો એ કે જીવ કામક્રીડામાં જે સુંદરતા જોઈ રહ્યો છે એના બદલે એમાં જુગુપ્સનીયતા વિચારે; 'આ કેટલું બીભત્સ ! અશુચિ-ગંદવાડભર્યાં અંગોમાં મોહવું કે અડવું શું ? નાકમાં કે મોંમાં આગળી ઘાલતાં ગંદું લાગે છે, કેમ કે એના પ્રત્યે જુગુપ્સા રૂઢ થઈ ગઈ છે, એવી જુગુપ્સા અહીં વારંવાર દુગંછાની ભાવના કરીને રૂઢ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કરવાની છે. બીજું એ કે એમાં બાલિશતા ચિંતવવાની છે. જ્યાં વાસ્તવિક કાંઈ નથી, સત્કાર્યનો શું પણ જીવન નભાવવાનું કોઈ કર્તવ્ય નથી, એવી રમત એ બાલિશ રમત છે. જ્યાં દારુડિયાને મદિરાપાનના આનંદની માફક ખોટા આવેશ પછીનો બનાવટી આનંદ છે, એમાં મંદિરાપાનની જેમ અજ્ઞાન દશા છે. ખસ-ખરજવાના દરદીના ખણવાની ક્રિયાની માફક જ્યાં ખોટી ઝણઝણાટી ને પરવશ થવાનું છે ત્યાં ગુલામગીરી જ છે. આમ ગુલામગીરી પણ ચિંતવવાની છે.

વળી બીભત્સતાની ભાવના કેળવવાની છે. સ્ત્રીઓનાં અંગો કેવાં કેટલાં અશુચિભર્યાં ! અને કામની પ્રવૃત્તિ, કેવી હલકટ ! એ વિચારી અંતરમાં ભારે દુગંછા ઊભી કરતા રહેવાનું. ક્યાં નિર્મળ-જ્ઞાન-દર્શનમય-આત્માની ભવ્ય દયા, પરોપકાર, પરમાત્મતા, તત્ત્વ રમણતા વગેરેમાં ઊંચા પદાર્થો સાથે મેળ ! અને ક્યાં ચામડા સાથેના મેળ ! એવા કઢંગા-બેહુદા-ગલીચ મેળ કરતાં સ્વાત્માની કેવી દુગંછનીય દશા !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૧૪,તા.૯-૧૨-૧૯૬૧

પ્રતિપક્ષ ભાવના બીજી એ રીતે ચિંતવવાની કે આ કામવાસનાના કટુ વિપાક કેવા ! સંસારભ્રમણ અનંતાકાળથી ચાલુ છે એમાં એ મોટું કારણ છે. નરકમાં અગ્નિ ધીખતી પૂતળીઓને ભેટવું પડે છે. આંખમાં ભાલા ભોંકાય છે ત્યાં પરમાધામી આ સંભળાવે છે કે 'લે લે ભેટ આને, પૂર્વે બહુ ગમતું'તું ને તને ? બાયડીઓ સામે ડોળો ફાડીને જોતો'તો ને ?' ત્યારે એમ થાય કે 'હાય, કેટલી ભયંકર કામવાસના ! લષ્ટપુષ્ટ બળદિયા, વીર્ય થનપનાટ કરી રહ્યું છે, પરંતુ શું કરે ? એને ખસી કરી નાખ્યા છે. કેમ વારુ ? એ સ્તો, પૂર્વે બહુ પોષેલી કામવાસનાએ પાપ એવાં સર્જ્યાં છે; એ હવે જીવને રિબાવે છે. ત્યારે આવી કુટિલ ક્રૂર વાસના કરતાં બ્રહ્મચર્યની ભાવના તથા અભ્યાસ શું ખોટા ? વાસનાના પાપે તો પરભવે રોગ, શોક, ઉપદ્રવ, દરિદ્રતા, દુર્બળતા વગેરે કેટલાય બીજા દુઃખોમાં દીર્ઘકાળ રિબાવું પડે છે.

ત્યારે આ જીવનમાં ય કામવાસના ક્યાં ઓછી વિટંબણા આપે છે ? સારી રીતે પરમાત્મા અને તત્ત્વમાં તન્મય થઈ જવાના અને સામાયિક, ચારિત્ર, પરોપકાર વગેરેમાં લયલીન થઈ જવાના આ ઊંચા ભવમાં કેમ એ નથી બનતું ? આ જ કારણ આગળ આવીને ઊભું છે. કામવાસનાની ગુલામીમાં હાથે કરીને હાડ-માંસની પૂતળીનો ભાર માથે ઉપાડ્યો છે. એ કેટલું આત્મહિત ગુમાવરાવે છે ? એ બંધનની



પાછળ કેટકેટલી આપદાઓ વેઠવી પડે છે ? એનાં કેટલાં ટોણાં-ટપકાં ખાવાનાં ? એની એકલીનાં ? ના, એની પાછળ બીજા કેટલાયનાં ?

આ સિવાય પણ વાસનાના તર્પણમાં શરીરનો રાજા વીર્ય ગુમાવી ગુમાવીને શરીર, ઈન્દ્રિયો તથા મનની સાત્ત્વિક્તા કેટલી બધી ધોવાઈ રહી છે ! પરિણામે રોગો કેટલા બધા સુલભ બને છે ! પ્રકૃતિમાં તામસીપણું કેવુંક ઝટ સ્ફુરી આવે છે ! તો એના લીધે કેવા રગડાઝગડા અને ક્લેશ-કષ્ટ ઊભા થાય છે ! આ બધો વિચાર કરાય તો સમજાય કે કામવાસનાની વિરોધી બ્રહ્મચર્યની ભાવના તથા અભ્યાસમાં કેટલાં બધાં નુકસાનોથી બચવાનું ઉપરાંત કેટકેટલા મહાન લાભના ભાગી બનવાનું ?

ધનકુમારે પિતાને 'યુવાનીમાં આ શી રીતે વાસનાનો વિજય કરી શકશે,' એ દહેશત ટાળવા માટે વાસનાના વિજયનાં પાંચ નક્કર સાધન બતાવ્યાં,

૧. અનાર્ય સંકલ્પને ઊઠવા જ ન દેવા, ૨. જિનવચનથી ભાવિત થવું, ૩. પ્રશમસુખ સ્વરૂપને બરાબર મનમાં તરવરતું રાખવું, ૪. ગુરુચરણ છોડવાં નહિ, અને ૫. પ્રતિપક્ષભાવનાનું ચિંત્વન કરતા રહેવું. પછી કહ્યું કે જો આ સલામત રખાય તો કામવાસનાને ઊઠવા માટે જગા જ ક્યાં મળે ?

**વિષય એ પુદ્‌ગલના પરિણામ-જીવથી તદ્દન જુદા :-**

ધન કહે છે, 'પિતાજી ! આપ કહો છો ખરા કે આ બધા મનોહર વિષયને ભોગવ, પરંતુ હે તાત ! એ વિષયોમાં સુંદરપણું છે જ શું ? સ્પર્શ-રૂપ-રસ-ગંધ-શબ્દ જે વિષયો છે, તે તો પુદ્‌ગલના પરિણામ માત્ર છે, પુદ્‌ગલના પર્યાયો છે. એ પણ વિચિત્ર પરિણામ છે, પરિવર્તનશીલ છે, એક વાર શુભરૂપે બની પછી અશુભરૂપે બની જાય છે. મીઠાઈના સારા દેખાતા રૂપ-રસ વગેરે શરીરના સંપર્કમાં આવ્યા પછી બીભત્સ પરિણામ પામે છે. એવું જ અશુભ દેખાતા પુદ્‌ગલ શુભ પણ થઈ જાય છે. ભેંસના મોંમાં ઘાસ ચવાઈને લાળ વગેરે સાથે મળીને અશુભ થઈ ગયેલા પુદ્‌ગલ જ સારા દૂધરૂપે પરિણામ પામી જાય છે, એ દેખાય છે. હવે આત્મા જુઓ તો એ બધાથી તદ્દન જુદો છે, આત્માથી એ બિલકુલ જુદા છે, તો એવા પુદ્‌ગલથી આત્માને શું ? પુદ્‌ગલ સાથે જીવદ્રવ્યને શું લાગેવળગે ! કે શો લાભ ? કાંઈ જ નહિ, ઊલટું આત્માને પુદ્‌ગલના સ્વતંત્રપણે પલટાતા પરિણામોની વચ્ચે ફોગટ અથડાવાનું ! મફતનું કુટાવાનું ! કેમ કે એ એમાં રસ લઈ સારા કરવાની તાકાત ધરાવતો નથી, પછી પોતાના રસને લીધે ખુશ-નાખુશ થયા કરવું પડે છે !

વાત આ છે કે જે આપણાથી તદ્દન જુદી વસ્તુ, વળી એનું ખાતું સ્વતંત્ર,



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

આપણી કોઈ ગણતરી રાખ્યા વિના એ ફાવે તેમ ફેરફારો કર્યે જાય, ત્યાં આપણે રસ શાનો લેવાનો ? શા સારુ રસ રાખીને ઘડીમાં રાચવું અને ઘડીમાં એમાં ફેરફાર થતાં રૂસવું ? આ જોઈએ જ શા માટે ? પુદ્ગલને ફાવે તેમ પોતાના પરિણામ (પર્યાય) ફેરવવા દો, આપણે એમાં રસ રાખવો નથી. પુદ્ગલ પોતાના પરિણામ પલટવામાં આપણી ઈચ્છા સામે જોતું નથી, તો આપણે ઈચ્છા પલટવામાં એની સામે જોવાની શી જરૂર છે ? શેઠિયો એના મકાનની ઘડભાંગ કર્યા કરે એમાં રસ્તે જનારો કોણ શાણો એથી લહેવાઈ જાય ?

હે તાત ! એવા પુદ્ગલના વિષયોના સંપર્ક વાસ્તવમાં જરાય સુખરૂપ નથી, ઊલટું દુઃખરૂપ છે. કેમ કે જીવને સુખ સ્વાધીન-નિર્ભય-ઉત્કૃષ્ટ અને કાયમી જોઈએ છે, તે પર પુદ્ગલની આધીનતામાં ન મળે, આગળ-પાછળ કે વર્તમાન દુઃખોના સંમિશ્રણમાં ન મળે, પરિમિત વિષયોથી ઉત્કૃષ્ટ સુખ ન મળે, વિનશ્વર વિષયોથી કાયમી ટકી રહે એવું સુખ ન મળે.

ત્યારે પ્રશ્ન થાય કે ભલે થોડું સુખ મળે, તોય એ સુખ તો ખરું ને ?

ના, એ થોડાના રસમાં તો ચિંતા, સંતાપ, આતુરતા વગેરે મનને એવું વ્યાકુળ રાખે છે કે ત્યાં સાચા સુખનો અનુભવ નથી થતો. અનુભવ થાય છે તે તો આવેશનો, ભ્રાન્તિનો, નકલી સુખનો.

હે બાપુ ! ખરું સુખ તો ત્યારે અનુભવમાં આવે કે જ્યારે આત્મા પોતાના સ્વરૂપની નજીક જાય. આ બહારમાં દૂર નીકળી જઈને તો ખરા સુખથી વંચિત રહે છે. પોતાના સ્વરૂપની નજીક આવવા માટે તો વિષયોના સંપર્કથી દૂર રહેવું જોઈએ તો જ વાસ્તવ સુખનો અનુભવ થાય. ગામડામાં સંતોષથી રહેનારને શહેરની અલબેલી લીલાનો સંપર્ક નથી, ખ્યાલ નથી, ત્યાં સુધી એ સુખી છે. ધાંધલ ઘાલ્યા પછી જ સુખ લોપાઈ દુઃખનાં પગરણ શરૂ થાય છે. બાકી તો એના સંપર્કમાં જ ન આવવામાં જીવને સ્વ સ્વરૂપની નિકટતા હોવાથી જ આનંદ રહે છે. આ વસ્તુને સમજ્યા પછી વિષયો શી રીતે આકર્ષી શકવાના હતા ?

### પિતાનો સંતોષ અને સંમતિ :-

સમરાદિત્ય કેવળી ભગવાનનો જીવ ચોથા ભવમાં ધનકુમાર એવા ચોક્કસ સમજપૂર્વકના વૈરાગ્યને પામ્યો છે કે નથી તો સારભૂત રત્નોના ભંડારથી લલચાતો, કે નથી તો યુવાનીમાં વિષય વિકારોમાં ખેંચવાની લેશ પણ સંભાવના કરતો. પિતાને કહી દીધું કે આમાં સાર જેવું છે જ શું કે જ્યાં જો મૃત્યુ વગેરે આપત્તિઓ તો એમ જ ઊભી રહે છે ? તેમ વિષયો અનિત્ય અને પરાયા ઓળખી લીધા પછી એનું આકર્ષણ થાય જ શાનું ? માટે એ કહી દે છે કે 'એવી બધી શંકા વગેરે



કરવાની કોઈ જરૂર નથી. પિતાજીના પ્રભાવે જ મારે બધું નિર્વિઘ્ન બની જશે.'

**મહાદાન : સપરિવાર દીક્ષા :-** ધનકુમારની વૈરાગ્ય અને તત્ત્વભરી વાણી સાંભળી પિતા નિશ્ચિન્ત બન્યા; અને એ પણ દીક્ષામાં સંમત થયા. પછી 'લઈ જાઓ, લઈ જાઓ' એવી ઘોષણાપૂર્વક મહાદાન દેવડાવ્યું, અને અષ્ટાહ્નિક જિનેન્દ્રભક્તિ મહોત્સવ કરાવ્યો. ત્યારપછી મહાપુરુષને છાજે એવી સંસારત્યાગની પદ્ધતિએ મોટો વરઘોડો કાઢીને માતા-પિતા તથા બીજા અનેક મુખ્ય પરિવારની સાથે ધનકુમારે મહાત્મા યશોધર આચાર્ય મહારાજની પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

**ધનમુનિની સાધના :-** મુનિદીક્ષા લીધા પછી સમયના વહેણની સાથે આગમસૂત્રોનું અધ્યયન કર્યું, સાધુચર્યાની સામાચારી, આવશ્યક પ્રતિલેખના, સમિતિ-ગુપ્તિ આદિ વિવિધ ક્રિયાઓને જીવનમાં અભ્યસ્ત કરી; મહાવ્રતની પચીસ ભાવનાઓ, અનિત્યાદિ બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને વૈરાગ્યથી આત્માને સુંદર ભાવિત કર્યો. ગુરુનિશ્રાએ આટલા બધા ઊંચા લાભ કરાવ્યા.

**ગુરુનિશ્રાની બલિહારી છે.** અનંત પુણ્યરાશિ જોર કરતી હોય ત્યારે એ મળે અને એથી અધિક અનંત ઉદય થવાનો હોય તો એને વળગી રહેવાય. ભવિષ્ય ઊજળું ન હોય તો, પૂર્વના પુણ્યે તો સુયોગ્ય ગુરુની નિશ્રા મેળવી આપી, પણ એની ઉપાસના કરવાનું ન સૂઝે. ત્યારે ગુરુનો આશ્રય છોડી સ્વેચ્છાનો આશ્રય કર્યો એથી શું પામે ? કદાચ ચાર માણસો વાહવાહ કરી દે પણ તે ક્ષણિક ! આત્માનું શું વળ્યું એમાં ? કયા એના પરલોકનાં દાળદર ફીટ્યાં ? ગુણસ્થાનકની પાયરીએ કશું ઉત્થાન થયું ? **સ્વચ્છંદતા ટળ્યા વિના ઊંચે ચઢી શકાય નહિ. એ ટાળવા ગુરુ નિશ્રા એ અદ્ભુત ઉપાય છે.**

**અગ્નિશર્માનો જીવ ધનશ્રી ક્યાં ? મુનિ પડિમાધારી :-**

ગુરુકૃપાએ ધનમુનિવરે સારું પ્રાપ્ત કરી લીધું. પુરુષાર્થ જાતનો, પણ માર્ગે દોરનાર ગુરુ મળે તો જ એ લેખે લાગે. માટે ગુરુનો ઉપકાર અપરંપાર. પોતાની જાતમહેનત કરતાં એને જ મહત્ત્વ અપાય. તો જીવનભર ગુરુને અને એમના અનંત ઉપકારને ભુલાય નહિ; એની આગળ ગુરુનાં ટોણાં-ટપકાં ને જાતને ભગીરથ સેવાનું કષ્ટ પણ કોઈ વિસાતમાં ન લાગે. ધનમુનિ શાસ્ત્રીયજ્ઞાન, ભાવના અને કઠોર ક્રિયાભ્યાસ વગેરેમાં પાવરધા થઈ ગયા. વૈરાગ્ય તો દિનપ્રતિદિન કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. અતિશય વૈરાગ્ય વધી જતાં ગુરુ મહારાજની અનુજ્ઞા મેળવીને હવે એ એકાકી પ્રતિમાએ વિચરે છે. એમાં અપવાદ માર્ગનું સેવન નહિ કરવાનું, મહાન ભય કે કષ્ટના પ્રસંગમાં પણ ઉત્સર્ગ માર્ગના સંયમને પાળવાનું. એવા



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એકાકી વિહારમાં ગામમાં એક રાત્રિ, નગરમાં પાંચ રાત્રિ, એ ક્રમથી વિચરતાં ક્રમે કરીને કોશામ્બી નગરીમાં આવી પહોંચે છે. હવે જુઓ અહીં અગ્નિશર્માનો જીવ ધનશ્રી જે અહીં પત્ની બનેલ હતી એ કેવી રીતે આવી મળે છે, એને શું કહે છે.

**પૂર્વે ધનશ્રીનો ઢોંગ :-**

ધનકુમારની પૂર્વની ધંધાર્થે દરિયાની મુસાફરી યાદ કરો. પત્ની ધનશ્રી અગ્નિશર્માના ભવથી વૈરનાં પાકાં વાવેતર લઈને આવી છે, અહીં એણે ધનકુમારને મારી નાખવા તેવું ચૂર્ણ પાઈ દીધું છે, છતાં મરતો નથી એટલે રાત્રે દરિયામાં ધકેલી દે છે, વહાણ આગળ નીકળી ગયા પછી ધનશ્રીએ ઢોંગથી રોવા માંડ્યું 'હે આર્યપુત્ર ! હે આર્યપુત્ર !'

બધા સફાળા જાગી પૂછે છે, 'શું થયું ?'

આ કહે છે 'એ દરિયામાં પડી ગયા.'

તરત જ વહાણ ઊભું રાખવામાં આવ્યું, અને નોકર નંદે ખારવાઓને દરિયામાં ઉતારી તપાસ કરાવી.

**ધનશ્રીના ચાળા :-**

મોટો દરિયો, અને ધન તો કેટલેય દૂર ધકેલાયેલ, તે શે પત્તો લાગે ? બિચારાઓએ બહુ શોધ કરી પણ નિષ્ફળ. અંતે પ્રભાતે વહાણ ચાલ્યું આગળ. હવે ધનશ્રી કલ્પાંત કર્યા કરે છે પણ શા માટે ? પતિ ધનકુમાર ગયાની તો ભારે નિરાંત છે એને, કિન્તુ હવે નંદને આવર્જવો છે, અને માણસ દુખિયારા ઉપર સહેજે દયાભાવ અને સ્નેહભાવવાળો બને છે, લુચ્ચીએ 'હાય ! મારે જીવીને શું કરવું છે ? મરું હું' 'એમ બોલી બોલી છાતીફાટ રુદન દેખાડ્યા. નંદ એને આશ્વાસન આપે છે, 'મરીને શું કરશો ? મરીને થોડા જ એ મળવાના છે ? હવે શોક મૂકી દો...પણ આ એકાન્તમાં આશ્વાસનના ધંધાએ દિલ એટલું બધું ધનશ્રી પ્રત્યે ખેંચાઈ ગયું કે હવે ધનશ્રી કહે એમ કરવા તૈયાર થઈ જાય છે. ત્યારે ધનશ્રી બીજું શું કહેવાની હતી ?

કહે છે, 'તું આ મને મરવાની ના પાડે છે. પણ આ મારું યૌવન ફાટફાટ થઈ રહ્યું છે તે જુએ છે ? મારે હવે શી રીતે જીવવું ? દેશમાં જઈએ તો ત્યાં કાંઈ બીજું થાય નહિ, વૈધવ્ય પાળવું પડે, અને તે કાંઈ વિલાસભરી દુનિયા સામે જોતાં મારાથી બને નહિ. માટે મને મરવા દે.'

નંદ બિચારો ભોળો ! ભડકે છે કે 'જાણે આ મરી જશે !' અરે ! મરવું હોય એને કોઈ રોકી શકે ? ને અહીં તો નંદને ઢીલો ઘેંસ બનાવી ખેંચવો છે.

નંદ લહેવાઈ જઈ કહે છે, 'તમે મરવાનું ન બોલો. ...ધીરજ રાખો...'



પેલી કહે છે, 'એમ ધીરજ નહિ રહે, બોલ મારી સાથે પતિ તરીકે રહેવા તૈયાર છે ? આ ધન ઘણું છે, ચિંતા નથી, આપણે બંને પરદેશ અજાણ્યા સ્થળે રહીએ. દયા કર મારી પર, મરી છું હું !

**નંદનું પતન : કોશામ્બીવાસ :-**

નંદ દયા અને સ્નેહથી પીગળી તો ગયો જ છે, હવે એક નોકરપણામાંથી મહા શ્રીમંતાઈ અને આવી સ્ત્રી વગર મહેનતે સામેથી આવીને ભેટે છે, એટલે લોભાયો. શેઠના ઉપર શ્રદ્ધાવાળો હતો, શેઠે પહેલાં કહ્યું હતું, આને ઘરે પહોંચાડજે પરંતુ સ્ત્રી અને ધનના લોભમાં શેઠનાં વચન મૂક્યાં પડતાં ! એટલું જ નહિ પરંતુ શેઠે જે એના પર ઉપકાર કર્યા હતા તેના બદલામાં ધનશ્રીની કુળકલંકદાયી અને પરલોકઘાતક માગણી ન જ સ્વીકારવી જોઈએ, છતાં સ્ત્રી અને દ્રવ્યના લોભમાં શેઠના ઉપકાર પણ ભૂલ્યો, અને ધનશ્રીનું કહેવું માની લીધું. બંને કોશાંબીમાં આવી રહ્યા. નંદે પોતાનું નામ ફેરવી નાખ્યું, ત્યાં સમુદ્રદત્તના નામે રહ્યો. બહાર જૂનું નામ ન જાય ને ? લોકો જાણે મોટા વેપારી આવ્યા છે. કોણ ? સમુદ્રદત્ત નામના વેપારી !

**એકાંતમાં પરસ્ત્રીને આશ્વાસન ખતરનાક :-**

આ જગતમાં કેટલીક વાર આશ્વાસન પણ કેવો અનર્થ કરે છે ! સ્ત્રી જાતિ, પાછી યુવાન, અને એકાંતમાં એનાં કરુણ રુદન પર આશ્વાસન, પછી ભલે તે દયાની લાગણીથી કરાતા હોય, પરંતુ એ ય કેટલીક વાર ઉભયના પતનનું કારણ બને છે.

**તો પૂછો શું આશ્વાસન ન આપવું ?**

પણ આશ્વાસન આપવાની ઉદારતા કરતાં પહેલાં એ તપાસી લો કે એનો કરુણસ્વર, એનું દર્શન, એકાંત આશ્વાસનમાં પોતાની બનતી સ્ત્રી પ્રત્યેની મૃદુ લાગણી આ બધું પચાવવાની તાકાત છે ? કે એનું અજીર્ણ થાય એમ છે ? જાતની શુદ્ધ નિષ્ઠા અને શુભ આશયના બહુ ભરોસે રહેતા નહીં. એ સંયોગ-વાતાવરણ જ એવા છે કે દયાની મૃદુ લાગણી ને કામની વાસના ગદરી સ્થિતિમાં ફેરવી નાખે. સામે સ્ત્રી કઠોર હોય અને પોતે ય ઢીલો ન બન્યો હોય છતાં એનાં દર્શન ઢીલા બનાવી દે છે તો સામે ગદ્ગદ દેખાવ છે અને પોતે ગદ્ગદ બન્યો છે, હવે એનાં દર્શન જ માત્ર નહીં પણ લાગણીભર્યા બોલ શું નહીં કરે ?

**કાળ વિદ્વાનને પણ પીડે : પારાશર :-**

ઈતરોમાં આવે છે, પારાશર ઋષિ વ્યાસને કહે છે, **बलवान् इन्द्रियग्रामो विद्वांसमपि पीडयेत् ।** ઇન્દ્રિય સમૂહ બળવાન છે એ વિદ્વાનને પણ દબાવે,' આ તમારી પંક્તિ પર હડતાલ મારો (ભૂંસી નાખો) બરાબર જાણકારને વળી ઇન્દ્રિયો



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

શું કરતી'તી ?'

વ્યાસ કહે 'થોડો વખત વિચાર કરો, પછી જોઈશું.'

પછી વ્યાસે યુવાન બાળાનું રૂપ કરી વરસાદે ભીની એણે ઋષિની ઝૂંપડીની નજીકમાં 'હાય મરી !' કહેતાં પડતું મૂક્યું. ઋષિ ગયા ત્યાં પૂછે છે 'શું છે ?'

'હાય ! મારા પતિ ક્યાં ગયા ? અરે રે મારું કોણ બેલી ?'

બસ, કરુણ સ્વરે ઋષિને ખેંચ્યા, આશાએસ આપવા હાથેથી પકડી ઝૂંપડીમાં લઈ જાય છે. પેલી ઠંડીથી ધ્રૂજે છે, કલ્પાંત ચાલુ છે, 'અરેરે, મારું અંગ તૂટે છે ! મરી ગઈ હું !'

ઋષિ હજી આત્મવિશ્વાસમાં છે, કરુણાથી એના પગ દાબે છે પણ હવે અનાદિનો પેંધેલો કામરૂપી વાઘ શાનો સૂતો રહે ? જાગ્યો, વીફર્યો પછી તો કામપરવશ બની ગયો. જ્યાં દાબતા આગળ વધવા ગયા કે તરત બાળા અલોપ, અને વ્યાસ પ્રગટ થઈ પૂછે છે, 'કે...મ ? કહો પેલી પંક્તિ પર હડતાલ મારું ?' પારાશર શરમાઈ ગયા.

વાત આ છે, **પરસ્ત્રીને એકાંતમાં લાગણીવશ થઈ આશ્વાસન આપવા જવામાં જોખમ મોટું છે.** નંદ નોકર એક તો અહીં ભૂલ્યો.

**સ્ત્રીનાં આકર્ષણ અનાદિનાં ઝેર :-**

બીજું એને ભાવી જીવન માટે પત્ની અને પૈસાની સગવડનો લોભ લાગ્યો, એટલે ભૂલ્યો. સ્ત્રી અને પૈસા એકેકનો લોભ ભયાનક છે. તો બંનેનું પૂછવું જ શું ? જીવને વિજાતીયનાં આકર્ષણ અનંતાનંત કાળથી ચાલ્યાં આવે છે. બકુલના છોડને યુવાન સ્ત્રી લાત મારી મોંમાંથી તાંબૂલની એના પર પિચકારી મારે ત્યારે એ વિકસ્વર થઈ એના પર પુષ્પ આવે છે. આ આકર્ષણ અંદરખાને પડેલું છે, એમાં સ્ત્રીનું દર્શન, શ્રવણ કે સ્મરણ કર્યું કે મર્યા ! કામરાગ ભભૂક્યો જ છે, એનો લોભ જાગ્યો જ છે ! એવા રાગ અને લોભની પાછળ જીવ ભાન ભૂલે છે, વિવેક ચૂકે છે, સત્ત્વ ગુમાવે છે પછી જરૂર પડ્યે અકાર્ય કરવા તૈયાર થઈ જાય છે. એ તો

(૧) મૂળ આકર્ષણ પર જ ઘા કરી એને જર્જરિત કરવામાં આવે, વળી,

(૨) એ ન વધે, ન સજાગ બને, એ માટે સ્ત્રીના દર્શન-શ્રવણ ને સ્મરણથી બને તે તેટલા દૂર રહેવાય, અને

(૩) કદાચ અનિચ્છાએ દર્શન વગેરે થઈ ગયું તો આકર્ષણના સંસ્કારવશ થતી મીઠાશના અનુભવને તોડાય. મીઠાશને બદલે એક પ્રકારની ભારી કડવાશનો અનુભવ કરવામાં આવે, તો રાગ અને લોભથી બચી શકાય.

**ધર્મસાધના કરીને આ કરવાનું છે કે વિજાતીયનાં આકર્ષણ તૂટે, એનાં દર્શનાદિ**



**ન રુચે એમાં ભારી કડવાશના અનુભવ થાય અને કામરાગ મરે.** આ નહિ કરી શકનારા જીવો ધર્મસાધનામાં આગળ વધી શકતા નથી કે સ્થિર રહી શકતા નથી. ઠેઠ ચારિત્રની ભૂમિકા પર પહોંચી ગયેલાને તો વિશેષ સાવધાની, વિશેષ ખબરદારી અને વિશિષ્ટ પ્રયત્નની જરૂર છે. જો એ નથી તો ભવાડો થયો સમજો ! પ્રચ્છન્ન પાપ ચાલ્યા સમજો ! **વિજાતીયના દર્શનાદિ દ્વારા કરેલી એનાં આકર્ષણ અને રાગની પુષ્ટિ ચારિત્રની વિરાધના કરાવે છે,** અને ભવાંતરે પુણ્યનાં ફળ ભોગવતાં આ પાપોમાં મસ્ત બનાવે છે. પરિણામે દીર્ઘ દુર્ગતિમાં ભટકવાનું ઊભું થાય છે.

**આકર્ષણાદિ ટાળવાના ઉપાય :-**

સાર આ છે કે આ આકર્ષણાદિ તોડો. આકર્ષણ તોડવા, (૧) પ્રતિપક્ષ ભાવનાથી મનને ખૂબ ભાવિત કરવું જોઈએ, (૨) દર્શનાદિ અટકાવવા માટે યોગ્ય વાતાવરણમાં રહેવું, અને (૩) સહજ ભાવે ઊભાં થતાં દર્શનાદિમાં કટુતા અનુભવવા, ગ્લાનિ, બીભત્સતા અને આત્માના નિર્મળ સ્વરૂપનો વિચાર તથા પાપનો તીવ્ર ભય ઊભો કરવો જોઈએ. આગળ (૪) રાગ, લોભને વધતા અટકાવવા ચિત્તને નમસ્કારમંત્ર વગેરે બીજા જ વિષયમાં જોડી દેવું જોઈએ.

**ધનથી ક્લેશ :-** નોકર નંદ બિચારા પાસે આ ક્યાંથી હોય ? સ્ત્રીના લોભમાં તણાયો, એમ પૈસાના લોભમાં ખેંચાયો. ધનનો લોભ ભૂંડો છે, રોકવો કઠિન છે. એનાંય ચિરકાળનાં આકર્ષણ છે. ધનના લોભે અનેક પાપો ખડાં થાય છે. દુનિયામાં દેખાય છે ને કે ધનના લોભે કેટકેટલા રગડા-ઝગડા જામે છે ! કોર્ટો કેવી ઊભરાય છે ! ઘરઘરમાં કેવા ક્લેશ ફાટે છે ! એમાં **જો સાધુ અને ધનનો સંગી, તો ખલાસ !** કેટલાયની ધર્મશ્રદ્ધા ડગાવી નાખશે...તેમ શ્રાવક પણ જો ધનલોભી, તો કેટલું ઉચિત ગુમાવશે અને અનુચિત આદરશે !

**ધન વધે, ગુણ ઘટે :-** વિચાર તો કરો કે **ધનને અને આત્માને કોઈ મેળ છે ?** ધનની વૃદ્ધિએ આત્મગુણોની વૃદ્ધિ થાય છે કે હ્રાસ ? શું ધનથી બીજું ખરીદી શકાય એમ આત્માના ગુણો ખરીદી શકાય ? કહેશો કે જ્ઞાન ખરીદ કરી શકાય ને ? પણ જો જો એ જ્ઞાન પણ ગુણરૂપ ત્યારે જ બનશે કે જ્યારે ધન કૂચા લાગશે, 'કુછ નહિ' લાગશે. ધન કિંમતી લાગે એને જ્ઞાન કિંમતી લાગે કે દેવ-ગુરુ-ધર્મ કિંમતી લાગે એ શું બનવા જોગ છે ? ના, એટલે તો આજે દેખાય છે કે ધનવાનો જ્ઞાન અને દેવ-ગુરુ-ધર્મ ઉપર કેટલા ઓવારી જાય છે ? ને ગરીબ યા સામાન્ય માણસો કેવા ઓવારી જાય છે !

**અર્થ અને કામ એ અનર્થનું મૂળ છે,** અને અર્થ વળી એ મૂળનું મૂળ છે; કેમ કે અર્થથી કામ ખીલે છે. નંદ ફસાયો એમાં, ઘસડાયો, હવે ધનશ્રી સાથે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કોશાંબીમાં ઘર માંડી બેઠો છે.

**ધનમુનિ ધનશ્રીને ત્યાં :-** અહીં મહાત્મા ધનમુનિ પધાર્યા છે. અવસર થયો એટલે એ ભિક્ષાચર્યાએ નીકળ્યા, અને સહજ ભાવે ધનશ્રીના જ ઘરે આવી ઊભા !

**ભવિતવ્યતા એક તત્ત્વ :-** ભવિતવ્યતા શું કામ કરે છે ! મુનિની કોઈ ધારણા નથી, અને ધનશ્રીની ધારણા છે કે ધનનું મૃત્યુ થયું છે. બંનેની ધારણા બહાર બંનેનો મેળાપ થઈ જાય છે. માટે ભવિતવ્યતા એક તત્ત્વ છે. વિશ્વના કેટલાય બનાવોમાં ભવિતવ્યતા પ્રધાન ભાગ ભજવે છે, ભવિતવ્યતાને નહિ સમજનારો એમાં કુટાય છે, સમજનારો નિર્લેપ રહી શકે છે, **અણસમજુને ધોકામાર અને સમજુને સ્વસ્થતા.**

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૧૫,તા.૨૯-૧૨-૧૯૬૧

**ધનશ્રી શું વિચારે છે ? :-**

ધનશ્રીએ મુનિને જોયા અને તરત ઓળખ્યા. પેટમાં ફાળ પડી 'અરે ! આ કેમ મરી ન ગયા ? મેં તો એમને ઊંડા દરિયામાં ધકેલી દીધા હતા. છતાં હજી જીવે છે ? અહો હું હીનભાગી કે ફરી આ દેખાયા ! ખેર, પણ હવે તો એવું કરું કે જેથી આ જીવતા જ ન રહે.'

**અહીં ન છોડેલ દોષ પરભવે શે છૂટે ? :-**

જુઓ અધમતા ! સામે મુનિ છે, શાંત છે, એમના રસ્તે છે, ધનશ્રીને કશું કરવાના નથી, છતાં પણ એ દુષ્ટા ભયંકર દ્વેષબુદ્ધિમાં ચઢે છે. કારણ ? અગ્નિશર્માના ભવમાં તીવ્ર વૈરભાવનાનાં વાવેતર કર્યાં છે. **માનવ જીવનમાં કરેલી** વિષય-કષાયની હલકટ ભાવના, એ બીજરૂપ બને છે, અને કમમાં કમ જો અંતકાળે પણ એને પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત વગેરેથી ઉખેડી બાળી સાફ ન કરી નાખી તો પછીના ભવોમાં એના પર ઝાડ ઊગે છે, જેના મૂળ નાશ થવાને ત્યાં અવકાશ રહેતો નથી, ભવોની પરંપરામાં એ ચાલ્યા કરે છે. ધનશ્રી દુષ્ટતા કરવાના યોગે ત્રણ ત્રણ વાર નરકમાં જઈ આવી સીતમ માર ખાઈ આવી છે, પણ વૈરનો વળ છૂટતો નથી. ક્યાંથી છૂટે ? અગ્નિશર્માના ભવે કુલપતિની હિતશિક્ષાથી અને પોતાની મહાતાપસપણાની જવાબદારીથી એ છૂટવાને અવસર હતો, છતાં બેપરવા બની વૈરને હેઠું ન મૂક્યું, પકડી રાખ્યું, તો હવે એ શે છૂટે ?

**સારા અંત માટે જીવન સારું જીવો :-**

**આથી જૈનશાસનની 'ખમીએ ને ખમાવીએ' ની કલ્યાણપદ્ધતિ તથા અંતિમ



આરાધનાની ભવ્ય વિધિનાં અગણિત મૂલ્ય સમજાશે.** છેવટે જઈને અંતિમ આરાધનામાં જીવનભર સેવેલ પાપવાસનાઓ અને પાપોને તીવ્ર પશ્ચાત્તાપથી વોસિરાવવાનું આવે પણ ધ્યાન રાખજો કે આ તો પહેલાં ન બની શક્યું તો છેવટની વાત છે. બાકી તો પાપનાં બીજ ખતરનાક છે એવું જાણવા છતાં એને ખુશમિશાલ સેવ્યે રાખ્યાં, કોઈ પશ્ચાત્તાપ અને વોસિરાવવાનું ન કર્યું, તો અંતકાળે એ કરવું મુશ્કેલ થઈ પડશે; કેમ કે એ કરવામાં દિલના ધખધખતા પશ્ચાત્તાપ જોઈશે, એ માટે એનાં મીઠાં આકર્ષણ સાવ મરી જવાં જોઈએ; પણ તે જીવનભર હોંશે હોંશે જો આકર્ષણને હૈયે મહલાવ્યા હશે તો એ ક્યાંથી છૂટશે ? દાખલા તરીકે બીજાઓ પ્રત્યે તુચ્છકાર, અપ્રીતિ, અને અસહિષ્ણુતા કર્યા કરી હશે તો અંતકાળે એનાં હાર્દિક વલણ શે છૂટે ? જિંદગીભર વિના સંકોચ પોષ્યે રાખેલું અહંત્વ અંતિમ ઘડીએ પણ ઘર કરી બેઠેલું રહેવાનું ! અને એક યા બીજા રૂપમાં પ્રગટ થવાનું ! કોઈ વિરલાને ધરખમ પલટો થાય એ જુદી વાત; બાકી તો સામાન્ય નિયમ આ કે **'જે જીવનભર ઘૂંટ્યું તે અંતે આવડવાનું, અને અંતે તે પરભવે.'**

**માટે જ ડહાપણ આ છે કે,** જાગ્યા ત્યારથી સવાર ગણો. બીજાઓ પ્રત્યે અરુચિ, અમૈત્રી, તુચ્છકાર વગેરે બંધ કરવા, અને મૈત્રીભાવ, પ્રેમ-વાત્સલ્ય, અને સત્કાર-સહાનુભૂતિ ખૂબ કેળવવા, અહંત્વ હેઠાં મૂકવાં, ને નમ્રતા-લઘુતા ખૂબ વિકસાવવા...

**સમષ્ટીને સુખ શી રીતે ? :-** જૈન નામ ધરાવ્યા પછી જો મૈત્રી ભાવનાં વર્તન, સહિષ્ણુતા અને સહાનુભૂતિનાં વર્તન, નાની-મોટી દયાનાં વર્તન, ગુણ માત્રની પ્રશંસાના વ્યવહાર, તથા પરચિંતાથી પર રહેવાનાં જીવન બની જાય તો વ્યક્તિ-સમષ્ટિમાં કેટલી ઉજ્જવળતા-ઉત્સાહ ઝળહળી ઊઠે ? મળેલા મહાકિંમતી માનવ તનમનનો આવો સુંદર ઉપયોગ નહિ થાય તો એ અણમોલ મૂડી વેડફાઈ જશે ! છતી મૂડીએ મહાલાભના ધંધાને બદલે મહા-નુકસાનીના સોદા થશે ! આત્માનાં સુખદ ઊર્ધ્વીકરણને બદલે મહાનિકંદન નીપજશે !

**માનવ તન-મન તો વીતરાગ ભગવાનને રહેવાનાં મંદિર છે,** ત્યાં મૈત્રી-કરુણા-પ્રમોદ અને માધ્યસ્થ્યના વર્તાવની નિર્મળતા જોઈએ. ભગવાન એમને એમ વસી જાય ? વેર, ઝેર, સ્વાર્થાંધતા, ઈર્ષ્યા-અસહિષ્ણુતા અને પરનું કાજીપણું વગેરે ગંદવાડ ભર્યા હોય ત્યાં ભગવાન વસે ? ના, ભગવાન નહિ, ત્યાં તો શેતાન વસે. ધનશ્રી અગ્નિશર્માના ભવમાં દિલમાંથી ભગવાનને ઊઠાડી મૂકી ખુન્નસના શેતાનને દિલમાં વસાવી આવી છે, એટલે હવે અહીં એની અસર નીચે કામ કરી રહી છે. ઘરના આંગણે તો પવિત્ર મહામુનિ છે, પરંતુ એના મનના આંગણે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

શેતાની વિચારણા રમી રહી છે.

મુનિએ જોયું કે આ કાંઈ ભિક્ષા દેવાનું કરતી નથી, અને એટલામાં પોતાનો ભિક્ષાગ્રહણનો સમય પૂર્ણ થઈ ગયો જુએ છે, એટલે મહાઅભિગ્રહધારી હોવાથી તરત જ પાછા નીકળી જાય છે.

**ધનશ્રીની કુકલ્પના :-**

ધનશ્રી મુનિને ભિક્ષા લીધા વિના પાછા નીકળી ગયેલા જોઈ અધિક દ્વેષમાં ચઢી; એને થયું 'અરે ! આ મને જોઈને તરત નીકળી ગયા, તેથી લાગે છે કે ખરેખર એમણે મને ઓળખી લીધી એટલે જ ઊભા ન રહેતાં તરત જતા રહ્યા. નહિતર આટલી બધી ઉતાવળથી શાના નીકળી જાય ? પણ હવે શું કરવું ? એ મારું પૂર્વનું કૃત્ય જાણે છે અને અહીં મને જોઈ, એટલે સંભવ છે કે બીજાને એ વાત કહી મને હલકી પાડે, ગમે તેમ પરંતુ હવે વિલંબનો અવસર નથી, માટે તરત જ ઉપાય કરવો રહ્યો, એ મને ઓળખીને જતા રહે ? હવે હું એમને બરાબર ઠેકાણે કરી દઉં છું. શું સમજે છે એ ?' પ્રબળ દ્વેષથી એ ધમધમી રહી છે.

**રાગદ્વેષનું મૂળ કારણ :-** જગતના સંયોગમાં બહુ ફેર નથી પડતો. જે સંયોગ પર એક જણ શાંત રહે છે, એ જ સંયોગ ઉપર બીજો ધમધમે છે, કેમ કે અંદરમાં તેવી ગણતરીઓ અને વિકલ્પો સેવતો હોય છે, જેના ઉપર મન ગૂંચળાં વાળવા લાગે છે, અને દ્વેષની આગમાં સળગે છે. આ સૂચવે છે,

**રાગ-દ્વેષના ગૂંચળાનો વિશેષ આધાર બહારના સંયોગ કરતાં આંતરિક ગણતરીઓ અને વિકલ્પો પર છે**

આપણા મનમાં પહેલેથી અમુક જાતની ગણતરીઓ હોય છે, પછી બહારના સંયોગ આવી મળે છે એના પર વિકલ્પો સ્ફુરે છે અને રાગ કે દ્વેષના ઊભરા ઊઠે છે. દા.ત.

મનમાં ગણતરી છે કે આપણે 'આપણું કરીને બેસી રહેવું.' પછી ત્યાં કોઈ માંદુ પડ્યું, ને સેવાનો પ્રસંગ ઊભો થયો એટલે મનમાં વિકલ્પ ઊઠશે કે 'હવે મારે એનું કરવું પડશે,' બસ હવે દ્વેષ જાગવાનો, આ ક્યાં લોથ આવી ? છે ખાવાનું ભાન ? લ્યો ખાઓ અને માંદા પડો; પછી કરો બીજા એમની વેઠ !' આ દ્વેષ, પછી મોંબગાડ, કચકચ વગેરેમાં ઊતરવાનો.

**વર્ચસ્વના મોહ :-** આના બદલે જો મનની ગણતરી એવી છે કે 'આ સામો કામમાં આગળ રહી આપણને પાછા પાડે છે. આપણું એટલું વર્ચસ્વ જામતું નથી, તે જામવું જોઈએ.' જો આ ગણતરી છે તો સામો માંદો પડવા ઉપર વિકલ્પ ઊઠશે કે 'હવે ખરો અવસર મળ્યો,' ત્યાં રાગ ઊભો થવાનો, હર્ષ થવાનો, 'ઠીક થયું



આ માંદો પડ્યો એ. મારે આગળ આવવાની તક મળી ! કેવી નિર્દયતા ! સામાની પીડામાં ખુશ થઈ રહ્યો છે, વળી ઈચ્છશે કે મંદવાડ લાંબો ચાલે તો સારું જેથી હું બધું કરી બતાવું, તો મારું વર્ચસ્વ જામે ! આ વળી કેવી ક્રૂરતા કે સામાને પીડા વધુ કાળ ચાલવાનું ઈચ્છી રહ્યો છે ! કોણ આ અધમતા કરાવી રહ્યું છે ? વર્ચસ્વ જમાવવાની ગણતરી. જગતમાં આવું બહુ બને છે. પોતાના તુચ્છ સ્વાર્થ, તુચ્છ માનપાન, તુચ્છ માલમિલકત વગેરેની ગણતરીમાં જાણ્યે અજાણ્યે નિર્દયતા, ક્રૂરતા, ઈર્ષ્યા વગેરેના ભાવમાં ચઢી જાય છે !

**દુર્ધ્યાન-શુભધ્યાનના વળાંક :- તો જોયુંને કે સંયોગ એના એ, પણ પોતાની ગણતરી અને વિકલ્પો રાગ યા દ્વેષની લાગણી ઊભી કરે છે, હર્ષ યા ખેદ કરાવે છે !** જો ગણતરી રાખી કે દુનિયાનું ઈષ્ટ ઈષ્ટ જોઈએ અને અનિષ્ટ અનિષ્ટ ન જોઈએ, તો તેવા તેવા સંયોગમાં એક યા બીજા પ્રકારનું આર્તધ્યાન, દુર્ધ્યાન થવાનું. પણ જો ગણતરી રાખી કે 'આપણે તો પરોપકાર બને તેટલો કરી લેવો છે,' અથવા બને તેટલો કર્મક્ષય કરવો છે,' પછી તેવા તેવા સંયોગમાં શુભધ્યાન થવાનું.

**ગણતરી બે જાતની :-** મોટો આધાર મૂળ મનની ગણતરી પર છે, અને પછી વિકલ્પો પર છે.

ભૌતિક સુખ સગવડની ગણતરી અને એના વિકલ્પ મનમાં રમ્યા કરતા હશે તો એની ઉપર રાગ-દ્વેષ, હર્ષ-શોક અને દુર્ધ્યાનના પ્રવાહ ચાલવાના. પરિણામ ? એ જ કે એની પાછળ કેટલાય અનુચિત વર્તાવ, ને દુષ્કૃત્યો, તથા કેઈ ક્ષુદ્રતા, ઘમંડ, દીનતા, સ્વાર્થિલાપણું, જૂઠ, અનીતિ વગેરે દુર્ગુણો મહાલ્યા કરવાના. ભાવી ભવો માટે એની પરંપરા નક્કી થવાની; એટલે કે દોષ, દુષ્કૃત્યોમાં ભાવી ભવો રગદોળાવાના. બીજી બાજુ અહીં અશુભ કર્મનાં પોટલાં બંધાવાનાં, જે ભવિષ્યમાં દુર્ગતિ, દુઃખ અને વિટંબણાઓ સર્જવાના. આ બધું મૂળ પાપ ગણતરી અને પાપવિકલ્પો પર ચાલવાનું બને છે.

એથી ઊલટું 'આપણે પ્રાણી માત્રમાં ઉચ્ચ માનવભવ પામ્યા છીએ તો હવે હલકી ગણતરી અને હલકા વિકલ્પો બંધ કરી દેવા જોઈએ,' એમ નક્કી કરી આધ્યાત્મિક અર્થાત્ આત્મિક હિતની ગણતરી ઊભી કરી અને એના જ વિકલ્પોમાં રમતા રહ્યા તો એના ઉપર વૈરાગ્ય અને તૃપ્તિ, સમતા અને સમાધિ, તથા શુભ ધ્યાનના પ્રવાહ ચાલુ રહેવાના. આનું પરિણામ ? એ જ કે એની પાછળ ઉચિત વર્તાવ, કૃતજ્ઞતા-દયા-પરોપકાર અને બીજાં કેટલાંય સુકૃતો, તથા હૃદયની વિશાળતા, ઉદારતા, નમ્રતા, લઘુતા, નિસ્પૃહતા, ગુણપક્ષપાત, સત્ય, નીતિ, વગેરે કેઈ ગુણો ફાલવા-ફૂલવાના. ભાવી ભવોમાં એની પરંપરા ચાલવાની, એટલે કે એવા સુકૃત



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સદ્‌ગુણોથી ભાવી ભવ ભર્યા ભર્યા રહેવાના, બીજી બાજુ અહીં આવાં જીવનથી શુભ કર્મના પુણ્યના થોક વધતાં જે ભાવી ભવોમાં સદ્‌ગતિ, સુખ અને બાદશાહી સર્જવાના. આ બધાનો મૂળ આધાર શુદ્ધ આત્મહિતની ગણતરી ઉપર છે.

**ધન્ય જીવનની ગણતરી :-**

આથી સમજાશે કે બે જાતની ગણતરીનાં પરિણામ વચ્ચે આકાશ-પાતાળનું અંતર છે. પૂર્વ-પશ્ચિમ જેટલો ફરક છે, એમાં સુખદ પરંપરાના ભાગી બનવું હોય તો ભૌતિક ગણતરીઓ વિખેરી નાંખો, અને આત્મહિતની ગણતરીઓ જ માંડી રાખો એથી જીવન ધન્ય બની જશે. દા.ત. 'મારે પ્રસંગે-પ્રસંગે કષાયને કચરવા છે, એને મચક નથી આપવી કેમ કે કષાયોમાં પોતાની જ કતલ છે !' આ ગણતરી બાંધી રાખી, તો પછી પ્રતિકૂળતા અને વિરોધની વચ્ચે ક્ષમાદિની સુખદ પરંપરાનાં સર્જન થશે.

**ધનશ્રીની પેરવી :-** ધનશ્રી બિચારી પૂર્વેથી ઊંધી ગણતરી માંડી આવેલી છે, તેથી મુનિના તો મનમાં ય કાંઈ નથી, પણ આ કુવિકલ્પોમાં ચડે છે, જુઓ એ શું કરે છે. એણે તરત દાસીને બોલાવીને કહ્યું.

'અલી જોને આ મહારાજ ક્યાં સ્થિરતા કરે છે. બરાબર ચોક્કસ કરી લાવીને જલદી મને ખબર આપ.'

દાસી કહે છે 'જેવી આપની આજ્ઞા,' કહીને એ ઊપડી, મુનિના માર્ગે લાગી.

**મુનિભગવંત ચોક્કસ સમયે નીકળી ગયા,** પોતાના વ્રતનિયમને ઉચિત આહાર એમને પ્રાપ્ત થયો નહિ, દિવસનો ત્રીજો પહોર પૂર્ણ થવા આવ્યો છે એટલે એ નગરદેવતાના મંદિરવાળા બીજા ઉદ્યાન તરફ ગયા. એટલામાં છેલ્લો પહોર શરૂ થયો તેથી ત્યાં એ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહી ગયા. દાસી થોડી વાર જોવા ઊભી રહી, જુએ છે કે 'આ હવે અહીંથી બીજે ક્યાંય જતા તો નથી ને ?' નક્કી કર્યું કે હવે અહીં આ સ્થિરતા કરવાના છે, એટલે પછી ત્યાંથી પાછી ઘરે આવીને ધનશ્રીને તે સ્થળ જણાવી દે છે. સાંભળીને ધનશ્રી મનમાં ગોઝારો ઘાટ રચી દે છે.

જુઓ બંનેની દિશામાં ઉત્તર-દક્ષિણ ધ્રુવના અંતર ! માણસ તો બંને ય, પરંતુ ધનશ્રી મુનિઘાતની અતિ દુષ્ટ યોજનામાં રમી રહી છે ત્યારે મુનિ ભગવંત ઝીણામાં ઝીણા જીવને પણ લેશ માત્ર કિલામણા ન થાય એ રીતે કઠોર સંયમ-સાધના કરી રહ્યા છે ! સાધના કેટલી બધી ઊંચી ! દિવસના ત્રીજા પહોરમાં જ આહાર-નિહાર-વિહાર એ પૂર્ણ થતાં જ જ્યાં ઊભા ત્યાં ઊભા રહી જવાનું. હવે કેમ, તો કે આવજો બીજા દિવસે ત્રીજા પહોરે ગોચરી વગેરે માટે નીકળવાની વાત.



**મનની સ્થિરતા કેમ નહિ ? :-** મહાત્માઓ કેમ આટલા બધા નિવૃત્તિશીલ રહેતા હશે ? એટલા જ માટે કે મનની ધ્યાનમાં સ્થિરતા તો થાય છે. બહાર બહુ ફરવા કરવામાં કે બહારનું બહુ જોવા સાંભળવામાં તો મન ચંચળ રહે છે. ચંચળતા વધે છે; કેમ કે મન બધી ઇન્દ્રિયો અને બધા અંગોપાંગ સાથે જોડાઈ જતાં વાર નથી લગાડતું. બહારની પ્રવૃત્તિ કરો એટલી વાર, મન ઝટ ત્યાં લાગ્યું જ સમજો ! મનને લગાડવામાં જીવને કાંઈ શ્રમ લાગતો નથી એટલે બજારમાં ફરવા નીકળ્યા તો એકેકી ચીજ અને બનાવ પર મન ઝપાટાબંધ ફરવા માંડે છે. પછી એમાના કેટલાયના સંસ્કાર જીવ પર છપાઈ જાય છે, અને નવરાશ મળી એટલી વાર એ સંસ્કારોના જોરથી મન કંઈ લોચા વાળે છે, કેટલાય તરંગોમાં ચડે છે ! ત્યાં બહુ ઇચ્છા ય નથી કરવી પડતી. મનમાં જાણે સહજ રીતે વિચારો સંકલ્પ-વિકલ્પો અને ચિંતાઓનાં ધાડાં છૂટે છે. હવે અહીં નવકારવાળી-સામાયિક-પ્રતિક્રમણ વગેરે કોઈ ક્રિયા લઈને બેસો તેથી શું ? મનના તરંગોનો પ્રવાહ વહેતો રહેવાનો !

**સ્થિરતાનો પહેલો ઉપાય :-**

એ તો અટકે કે બહાર બહુ ફરવાનું અને બહારનું બહુ જોવા-સાંભળવાનું ઓછું કરી નાખો. એ ઓછું કરવું નથી ને ફરિયાદ કર્યા કરવી છે કે અમારું મન કેમ ઠેકાણે રહેતું નથી ? કેમ સ્થિર રહેતું નથી. એથી શું વળે ? ઊંધા લક્ષણવાળી આ ફરિયાદ જિંદગી સુધી કરતા રહેશો, છતાં એ નહિ મીટે. ફરિયાદ મિટાવવી હોય તો બહુ દુન્યવી પ્રવૃત્તિશીલતા ઓછી કરી નાખો. પછી એ બચેલા સમયમાં ય ઊંઘ્યા કરવાનું નહિ, મનને સ્થિરતાથી મહાપુરુષોના ચરિત્રચિંતન, તત્ત્વચિંતન, ભાવનાચિંતન વગેરેમાં લગાડી દેવાનું. તે પણ ધ્યાન રાખજો કે ગમે તેમ નહિ, કિંતુ વ્યવસ્થિત રીતે; નહિતર મનની સ્થિરતા કેળવાશે નહિ. હમણાં એક વિચારણા, પછી તરત બીજી જ કોઈ વિચારણા એ પૂરી થયા પહેલાં વળી કોઈ ત્રીજી જ,...એમ રખડતારામ અને હરાયા ઢોર જેવી વિચારણા નહિ. ને વિચારણા હાથમાં લીધી તેને જ પકડી રાખી પૂર્ણતાએ પહોંચાડવાની. આ જો નહિ આવડે તો અઢી મિનિટનું પ્રભુદર્શન પણ તન્મય મનવાળું નહિ બને !

એટલું ધ્યાનમાં રાખજો મહાનુભાવ ! કે મનની સ્થિરતા વિના શાન્તિ નથી, સુખ નથી, અને જ્ઞાન મળ્યું હોય તોય એનો આસ્વાદ નથી. ત્યારે એ પણ હકીકત છે કે સ્થિરતાની કેળવણી તો શું કિંતુ સ્થિરતા તરફ દૃષ્ટિ સરખી કરવાનું પશુને અશક્ય છે, સિવાય કોઈને પૂર્વ જન્મમાં સ્મરણ વગેરેથી ધર્મબોધ થયો હોય. માનવ યોનિમાં આ મહાન શક્યતા છે કે રખડતા મનને સ્થિર કરવાનો પુરુષાર્થ કરીએ, અને જો મનને સ્થિર કરી શક્યા તો મહાન શાંતિનો અનુભવ થાય છે,



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મહાન જ્ઞાનાસ્વાદ પામી શકીએ છીએ, કોઈને પૈસા તો બહુ મળી ગયા, પરંતુ જો મન અંટશંટ, ઈધર ઉધરના અને આડાઅવળા વિચારોમાં રખડ્યા કરે છે તો બિચારાને છતે ધને શાંતિ નથી, અનેક પ્રકારની ઉત્સુક્તાનો ઉકળાટ છે, નિરુત્સુક્તાનો મહાન આનંદ નથી,

**ભાવક્રિયા માટે :-**

**ખોટી ઉત્સુક્તાઓ શાંતિને લોપી નાખે છે.** ઉત્સુક્તામાં વિહ્વળતા છે, વિહ્વળને શાંતિ શેની ? મનને અસ્થિર કરનારું આ એક તત્ત્વ છે, બિનજરૂરી ઉત્સુક્તા, બહારની બહુ ઉત્સુક્તા ચિત્તને બહારમાં ખેંચી જાય છે, અને અસ્થિર બનાવે છે. માટે કહ્યું કે,

**બહારની બહુ પ્રવૃત્તિ ઓછી કરી નાખો.**

**એવું જ, શુભ પ્રવૃત્તિમાં પણ બીજી ત્રીજી શુભ પ્રવૃત્તિ, પદાર્થ કે પ્રસંગની ઉત્સુક્તાને રોકો, શાંત પાડો.**

**નહિતર ચિત્ત ત્યાં તણાઈ જશે, અને તેથી પ્રસ્તુત ક્રિયા, ઉપયોગભંગ થવાથી, દ્રવ્ય ક્રિયા બની જશે, ભાવક્રિયા નહિ રહે.**

**દ્રવ્યક્રિયાની કક્ષા :-** શાસ્ત્ર ત્યાં સુધી કહે છે કે પ્રીતિ, ભક્તિ વગેરે ચાર પ્રકારના ધર્માનુષ્ઠાનમાં ત્રીજા વચનાનુષ્ઠાનની આરાધના કરવા માટે અલબત્ત જિનવચનનું અનુસંધાન આવશ્યક છે, અર્થાત્ એમ જેમ પ્રીતિ અને ભક્તિના કારણે પહેલું અને બીજું અનુષ્ઠાન આરાધવામાં આવે છે તેમ આ ત્રીજું અનુષ્ઠાન જિનવચનના પાલનના ઉદ્દેશથી સેવવામાં આવે છે; માટે એ વચનાનુષ્ઠાન કહેવાય છે. છતાં ત્યાં ચિત્તનો ઉપયોગ ક્રિયામાં જ રાખવાનો હોય છે, નહિ કે જિનવચનમાં; નહિતર એ ભાવક્રિયાને બદલે દ્રવ્યક્રિયા બની જાય ! દાખલા તરીકે વસ્ત્રની પડિલેહણા, 'કોઈ જીવજંતુ નથી ને ?' એનું નિરીક્ષણ કરતી વખતે એમાં જ ધ્યાન રાખવાને બદલે જો એમ વિચારવા બેસે કે 'આ ક્રિયા જિનવચને ફરમાવી છે, કેવું સુંદર જિનવચન !...' વગેરે તો ખાસ પ્રતિલેખનામાં ચિત્ત ન રોકાવાથી એ દ્રવ્ય-અનુષ્ઠાન બની જાય.

આ ઉપરથી સમજાશે કે ભલે જિનવચનનું લક્ષ એ શુભ ભાવ છે, છતાં ચાલુ ક્રિયા વખતે ચિત્ત એમાં લઈ જવાનું નથી એમ મૈત્રી આદિ ભાવના, પરાર્થભાવના વગેરે ભલે શુભ છે, છતાં ક્રિયા વખતે એમાં ચિત્ત લઈ જવાનું નથી, કિન્તુ ક્રિયા વખતે તો ક્રિયામાં જ ચિત્ત રાખવાનું છે.

તાત્પર્ય, એક ધર્મક્રિયા વખતે સાંસારિક બાબત તો શું, પણ બીજી ધર્મક્રિયામાં પણ ચિત્ત લઈ જવાનું નહિ. ચિત્તને તો માત્ર તે ક્રિયામાં જ રાખવાનું. આટલે



સુધીની મનની સ્થિરતા કેળવવાની છે. એ બહારની આડી-અવળી અને વધારે પડતી પ્રવૃત્તિ કર્યા કરવાથી કેવી રીતે કેળવી શકાય ? કેમ કે એમાં તો ચિત્ત ડહોળાયેલું રહે છે.

**બહુ વાતચીતો કરવી, બહુ ડાફોળિયાં મારવાં, જ્યાં ત્યાં દૃષ્ટિ નાખવી કે કાન ધરવા, જે તે પ્રવૃત્તિઓ લઈ બેસવું આ બધામાં ચિત્ત ફરતું-રખડતું જ રહે છે; તેથી સ્થિર નથી બની શકતું.** ચિત્તની ચંચળતા ખરેખર ડંખતી હોય, ખરેખર સ્થિરતા ચાહતા હો, તો પહેલું આ કરો કે બિનજરૂરી એક દૃષ્ટિ નાખવા સરખી ય પ્રવૃત્તિ ન જોઈએ.

**મુનિની ઉત્કૃષ્ટ સાધના :-**

મહાત્મા ધનમુનિ સાધનામાં આગળ વધતાં વધતાં ત્યાં સુધી પહોંચી ગયા છે કે હવે માત્ર ઉચ્ચ ઉત્કૃષ્ટ કોટિના સંયમ-પાલનની જ પ્રવૃત્તિમાં રત છે, તેથી જ્યાં ત્રીજો પહોર પૂર્ણ થયો કે ત્યાં જ કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ખડા રહી જાય છે. એમની ચિત્તસ્થિરતા ગજબની હોય છે. અખંડ ધ્યાનના બળે સમય કળી શકે છે કે આટલું સૂત્રાર્થ-ચિંતન થયું તો આટલો સમય થયો હશે...'

બસ, મુનિ ત્યાં સ્થિર છે, દાસી નક્કી કરી જઈને ધનશ્રીને ખબર આપે છે કે મુનિ આ જગાએ રહ્યા છે. હવે ધનશ્રી મનમાં ઘાટ ઉતારે છે. એની જાણ નંદને નથી કરવી કેમ કે એ નંદનો શેઠ પ્રત્યે ભારે સદ્ભાવ જાણે છે. એટલે નંદની સાથે પ્રપંચ ખેલે છે.

**ધનશ્રીનો પેંતરો :-** એ નંદને કહે છે, 'તમે જ્યારે માંદા પડ્યા હતા ત્યારે મેં ભગવતી નગરદેવતાની માન્યતા કરી હતી કે મારે કૃષ્ણ પક્ષની આઠમના દિવસે ઉપવાસ કરીને મંદિરમાં રહેવું અને પૂજાપાઠ કરવા. પરંતુ પ્રમાદથી મારે તે દિવસે તો ભુલાઈને વીતી ગયો ! એટલે દેવીએ સ્વપ્નમાં પ્રેરણા કરી. પછી જાગીને જોઉં છું તો તમે તો વહેલી પ્રભાતે જ કામકાજ અંગે બહાર નીકળી ગયા હતા, એટલે હું તમને સ્વપ્ન કહી શકી નહિ. છતાં મેં ઉપવાસ કર્યો છે. એટલે હવે હું ત્યાં જાઉં છું, તો તમે મને દેવી પૂજનનો સામાન લાવી આપો.'

લુચ્ચીએ કેવું ગોઠવ્યું ! એક વખતનો લાખો પૂર્વ સુધી શાંતિ સાથે માસખમણનો તપ કરનાર આ જીવ ! એની અત્યારે દશા જુઓ, મુનિના ઘાત માટે પેરવી કરી રહી છે ! એના એ જીવમાં પરિણતિઓનું કેટલું મોટું અંતર સંભવે છે ! આજે આપણે ગર્વ અને ગુસ્સો કરનારા પૂર્વે કોઈક ભવમાં ક્ષમા-નમ્રતા રાખી હોય, એમ બનવા સંભવ છે, ત્યારે પ્રશ્ન થાય કે તો પછી આટલું બધું અંતર કેમ ? ઉત્તર એ છે કે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**ધર્મ યા ગુણની એક વાર આરાધના કર્યા પછી જો વિરાધકભાવમાં પડી જવાય તો કરેલી ધર્મ યા ગુણની કમાઈ લોપાઈ જાય એવું બનવા સંભવ છે, અને તેથી પાછા અધર્મ યા દોષમાં ડૂબવાનું બને છે.**

મરીચિ, બ્રહ્મદત્ત, વગેરેનાં કેટલાંય દૃષ્ટાન્ત મળે છે કે જેમણે વિરાધકભાવ સેવ્યો તો એ કાળના કાળ સુધી પાપમાં રુલ્યા. માટે જ આ સાવધાની ખૂબ રાખવાની છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, કે સમ્યક્ ચારિત્રની અથવા દાનાદિ કે ક્ષમાદિ ગુણની વિરાધનાના ભાવમાં ન પડી જવાય-આરાધના કર્યા પછી પણ વિરાધક ભાવમાં પડે, તો ય પછી આરાધનાને અને પોતાને જો મોટું અંતર પડી જાય છે, તો પછી આરાધનાનું નામ નથી અને એકલી વિરાધના કર્યે જવી છે એવાની કઈ દશા ? ધર્મ કે ગુણનો એકલો સામનો જ કરવો છે તો પરિણામ કેટલું ભયંકર આવે ?

**કર્મને કોઈ શરમ નથી.** એની નોંધપોથીમાં રજે-રજ નોંધાયેલી રહે છે. લેશ પણ મન-વચન-કાયાને બગાડો કે નોંધ થઈ ગઈ સમજો. એ બગાડવાથી કદાચ બાહ્ય કોઈ માનપાનાદિ લાભ થતો દેખાશે તો ય તે ક્ષણિક; પણ આ નોંધ અંકે થઈ જશે. ઉપરાંત દિલના ભાવ બગાડ્યા માટે આત્મામાં ઊંધું સંસ્કરણ થવાનો ગેરલાભ મોટો !

**'પૂર્વનાં કુસંસ્કારોને સુધારવાનું તો હજી બનતું નથી, ત્યાં મારે નવો બગાડો કરવાનું શા સારુ કરવું ?' આ વિચાર જાગતો રહેવો જોઈએ. તો જ આ ઊંચા જીવનની ધૂળધાણી કરતાં અટકાય.** અગ્નિશર્માએ થોડા માટે બગાડ્યું છે, એણે અંતે જીવનની ધૂળધાણી કરી છે, તેથી પછીના ભવોમાં એકલી પાપ રતતામાં રુલે છે, તે અહીં પણ ધનશ્રીના ભવે મુનિઘાતની પેરવી કરે છે.

**દેવીના મંદિરે :-** ધનશ્રી નંદે લાવી આપેલ પૂજાનો સામાન, બે નોકર અને પેલી દાસીને લઈને ગઈ ઉદ્યાનમાં દેવીના મંદિરે. ત્યાં જોયું તો તપસ્વી ધનમુનિ ધ્યાનમાં ઊભા છે. જોઈને રોષથી ધમધમે છે, વિચારે છે કે 'આને મારવો શી રીતે ?' પરંતુ કહે છે ને કે પાપકાર્ય કરવામાં વિઘ્ન હોય તો ય તે ક્યાંય ભાગી જાય છે, અને અનુકૂળતા થઈ આવે છે !

**લાકડાનું ગાડું :-** અહીં એવું બન્યું છે કે એક ગાડાવાળો ત્યાં સારાં સારાં લાકડાં ભરેલું ગાડું લઈને આવ્યો હતો, એમાં ગાડાંની ધરી ભાંગી ગઈ તેથી ત્યાં જ લાકડાં વેચવા ઊભેલો. કમનસીબે લાકડાં વેચાયાં નહિ અને સાંજ પડી ગઈ, દિવસ આથમી ગયો ! હવે શું કરવું ? ગાડું ઘરે લઈ જવાય એવી સ્થિતિમાં નથી. તેથી ગાડું અને લાકડાં ત્યાં જ રાખીને બળદિયા લઈ ઘેર ગયો.



ધનશ્રીએ જોયું કે લાકડાં પડ્યાં છે. ઝટ એના મનને થાય છે કે 'સારું થયું, આ લાકડાં તૈયાર છે ! બસ, આ સુક્કાં લાકડાંથી આને ઝટ બાળી મૂકી ફેંસલો કરી નાખીશ.'

**ભૌતિક બહુ સગવડની ઘેલછાનું મહાપાપ.**

કેટલી બધી ભયાનક વિચારણા ! જે મહામુનિના દર્શન માત્ર પણ જીવને પાવન કરી દે એમને જીવતા સળગાવી દેવાનું આ દુષ્ટા વિચારી રહી છે ! પણ આજના આંધળા જડવાદમાંય દેખાય છે ને કે સાધુ-સંતો અકારા લાગે છે ? મંદિરો ખૂંચે છે ? ધર્મની વાતો પર દ્વેષ ઊઠે છે ? જડવાદી સ્વાર્થ જ એવો છે કે એ એને પનારે પડેલા રાંકડા જીવોને ઊંધા નચાવે છે, ને એમને ત્યારે રાંકડા બનાવનાર કોણ છે ? કહો જડવાદી કેળવણી અને ભૌતિક નવનવી ભરપૂર સાધનસામગ્રી. આંખ ખોલીને જુઓ તો દેખાશે કે આ કેળવણીમાં તણાતી નવી પ્રજા સત્ત્વ ગુમાવી ગુલામી, અને તામસ ભાવમાં અટવાઈ જાય છે, અને એવી કેળવણી ઓછી લીધેલ જૂના માણસોને આધુનિક બંગલા, મોટર ફરનિચર, રેડિયો, છાપાં વગેરે તામસભાવમાં રગદોળી રહ્યા છે. એટલે આવા જીવો પોતાના ભૌતિક હિસાબ અને ભૌતિક અનુકૂળતાને આંચ આવતી દેખે ત્યાં ભલેને મોટા વીતરાગ પ્રભુના ધર્મની વાત હોય પણ ભડકી ઊઠે છે, દ્વેષથી ધમધમી ઊઠે છે. વિચારજો ભૌતિક ધોરણો અને ભૌતિક સગવડોની ઘેલછા જીવને કેટલે નીચે પાટલે ઉતારે છે ! તરણતારણ સ્થાન પ્રત્યે જ દ્વેષ ! રાંકડાગીરી છે આ, બહાદુરી નહિ; મૂઢતા છે, ડહાપણ નહિ.

ધનશ્રીને ભૌતિક હિસાબ છે કે આ મને દીઠે ગમતો નથી માટે એ ખતમ કરવાલાયક છે. એમાં સહેજે સહેજે ઢગલો લાકડાં દેખ્યાં એટલે ખુશી ખુશી થઈ ગઈ ! એના મનની આ વાત કોણ જાણે ? નોકરો અને દાસી તો બિચારા આ કંઈ જાણતા નથી. એ તો પૂજાનું કાર્ય ખરેખરું સમજે છે. એટલે હવે જુઓ કે આને કેવું ફાવતું જડે છે.

ધનશ્રીએ મંદિરમાં જતાં સુધીમાં મનગમતું નિરીક્ષણ કરી લીધું અને હિસાબ પણ માંડી લીધો. હવે બધા ચંડિકા દેવીના મંદિરમાં પેઠાં. ધનશ્રીએ ત્યાં દેવીની પૂજાવિધિ કરી અને પતિ નંદના આરોગ્ય અર્થે દંભભરી કૃતજ્ઞતા અને પ્રાર્થના પ્રદર્શિત કરી. પછી નોકરોએ ભોજનપાણી પતાવ્યા. ધનશ્રીને પોતાને તો દંભભર્યો ઉપવાસ, એટલે ભોજન શાનું ? પછી બધા સૂઈ ગયા.

ધનશ્રીને ઊંઘવાનું હતું જ નહિ, એ તો એક જ કાળી લેશ્યામાં રમી રહી છે કે ક્યારે આ બધાનાં ઊંઘનાં નસકોરાં બોલે અને પોતે ઊઠીને મુનિને બાળી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મૂકવાનું પતાવે ! મનને એક ખોટા કાર્યની લગની લાગી એટલે પછી લેશ્યા કાળી થતાં શી વાર ?

**બે ભયંકર વસ્તુ : પાપરસ - કષાયાવેશ :-**

જીવને પાપનો રસ અને ક્રોધ-લોભાદિ કષાયોનો આવેશ કેટલી કારમી રીતે પીડી રહ્યા છે કે એ પાપક્રિયા વખતે તો પાપ બંધાવશે ત્યારે બંધાવશે, પરંતુ ક્રિયાના કેટલાય કાળ પહેલાંથી કાળી લેશ્યામાં ચડાવી ઘોર પાપ બંધાવ્યે જાય છે. એવું પાછળ એ પાપક્રિયા સફળ થવા ઉપર ભારે અનુમોદના કરાવી પાપકર્મોનો જોરદાર પ્રવાહ આત્મામાં વહેતો ચાલુ રાખે છે ! શાના યોગે આ ? કહો, પાપના રસ અને કષાયાવેશના યોગે. માટે એ બંને ય ભયંકર છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે કોઈનાં ખૂનનું પાપ કરવાનો રસ અને ભયંકર ક્રોધનો આવેશ માત્ર એટલું જ પાપરસ અને કષાયાવેશ નથી, પરંતુ અનેક પ્રકારના પાપના રસ અને અનેક પ્રકારના કષાયના આવેશ હોય છે. બહુ ખાનપાનનો, બહુ સન્માન-સત્કાર લેવાનો, શ્રીમંતાઈનો, સારા સારા વૈભવનો, સારા સારા વિલાસનો...આવા આવા કેટલાયના રસ પાપરસ બની જાય છે. એમ ગર્વ, અહંકાર, માનાકાંક્ષા માયા-પ્રપંચ-દંભ, લોભ-લાલચ, તૃષ્ણા-મમતા વગેરે કેટલાય કષાયમાં આંધળિયા ઝંપલાવાનું એ કષાયાવેશરૂપ બની જાય છે. બસ, આમાંના ગમે તે પાપરસ અને કષાયાવેશ પરવશ પડ્યા કે મર્યા સમજો.

બહુ ઠેકો ને ઠસ્સો રાખીને ફરતાં પહેલાં વિચારવા જેવું છે કે 'આ પાપનો રસ અને માન કષાયનો રસ મને ક્યાં લઈ જઈ રહ્યો છે ? એ તો એવો ભૂંડો છે કે સગા બાપ કે સગાભાઈને ય વિસાતમાં નહિ રહેવા દે, પછી સાધર્મિક કે ગુરુની તો શીય ગણતરી રહેવા દે ? જ્યાં હૈયાનાં નીતરતાં હેત વરસાવવાનાં છે ત્યાં જ અરુચિ, અણગમો, તિરસ્કાર અને નિંદા કરવાનું કોણ કરાવે છે ? આ જ પાપનો રસ અને કષાયનો આવેશ, ત્યાં ઊંચી માનવભૂમિકા પર આવ્યા છતાં અધમ પશુભૂમિકામાં ઊતરી જવાનું થાય છે. એની પાછળ તો બીજાં કેટલાંય પાપ પોષાય છે, અને કેટલીય ગુણકમાઈ તથા સુકૃત કમાઈ ગુમાવાય છે. જૈન શાસન જ્યારે સમસ્ત વિશ્વના જીવો પર મૈત્રીભાવ કેળવવા મળ્યું છે, ત્યારે ઉપકારીઓ અને ગુણિયલ ગુરુ, સંઘ, સાધર્મિક વગેરે પર બહુમાન તો શું પણ મૈત્રીમાંથી ય જવાનું થાય અને અરુચિ, અણગમા તથા નિંદા કરાય એ શાસનપ્રગતિને કેટલું કલંક !

કેવળ સ્વાર્થ સાધનામાં રચ્યા-પચ્યા રહી મોહને એટલો મજબૂત કરી જવાશે કે ચિરકાળના ભવભ્રમણ અને હલકા અવતારમાં હલકી કાર્યવાહી કરતા રહેવું પડશે.





**સારું શું :-** એ તો જુઓ કે દુનિયામાં સારો કોણ ગણાય છે અને પુણ્ય કોણ ઉપાર્જે છે ? સ્વાર્થવાળો કે પરાર્થવાળો ? જાતે ખાઈ બેસી રહે તે ? કે બીજાને ખવરાવે તે ? બંગલો બંધાવે તે કે મંદિર, ઉપાશ્રય બંધાવે તે ? પૈસા પોતાના ખીસામાં ઘાલે તે કે બીજાને દે તે ? પોતાનું જ કરી છૂટે તે કે બીજાનું ? જશ ક્યાં મળે ? પુણ્ય ક્યાં ઉપાર્જાય ?

સ્વાર્થ-લંપટતામાં તો દિલ સાંકડું રહે છે, મન મેલું બને છે, હૈયું રાંકડાગીરી અનુભવે છે, **હોંશભેર બીજાનું બજાવવામાં, બીજાના ગુણ ગાવામાં, બીજાને આગળ લાવવામાં, દિલ વિશાળ, પવિત્ર, અને સાત્ત્વિક બને છે, જીવનમાં એ તેજ આપે છે, સાચો આનંદ અનુભવમાં લાવે છે,** જઈને પૂછો પરોપકારી અને સેવાભાવી માણસોને કે તમને શો અનુભવ થાય છે ? તો એ આ બતાવશે.

**સ્વાર્થસાધુમાં રોનારા ઘણા ! ત્યારે પરહિત સાધીને પ્રસન્ન રહેનારા ઘણા.**

**સ્વાર્થની જ રમત પાછળ સરવાળે નિરાશા-નિસાસાનો પાર નથી, પર સેવા પરોપકારને અંતે ખુશાલી અને અનુમોદનાનો પાર નથી;**

**જીવનનું કલંક અને તિલક :-**

ભૂલા પડતા નહિ, શરીરના હાથ, પગ, માથું એકેકી ઈન્દ્રિય, બુદ્ધિ-આવડત-હોશિયારી, વાણી-સલાહ-સૂચના...બધાયને બીજાના લાભમાં ઉતારી શકાય એવા મળ્યા છે. માલ-મિલકત, આબરુ-ઈજ્જત, શેહ-લાગવગ, ચીજવસ્તુ વગેરે કેટલુંય મળ્યું છે જેમાંના એકેએકને બીજાની સેવા અર્થે વાપરી શકો. આવી પરની સેવાની ઉત્તમ સામગ્રીને માત્ર સ્વાર્થમાં જ ડુબાડી દેશો ? એ તો એની વિટંબણા છે, સદુપયોગ નહિ. સ્વસામગ્રીનો સ્વાર્થમાં જ ઉપયોગ એ જીવનનું કલંક છે, તિલક નહિ. પુણ્ય ખુટાડનાર છે, વધારનાર નહિ; ફરીથી એ મળવાનો ઈન્કાર છે, અધિકાર નહિ. પુણ્ય અને અધિકાર તો બીજાના કામે લગાડો એમાં મળે છે.

**આનંદ અને વિશાળ વિચારસરણી માટે :-**

ધગશ જોઈએ કે 'મારું મારા ભાઈને કામમાં આવો, મારા સાધર્મિકને ખપ લાગો, દુઃખીના ઉદ્ધારમાં ઉપયોગી થાઓ, ગુરુજનોની સેવામાં કૃતાર્થ બનો, દેવાધિદેવની ભક્તિમાં અર્પિત થઈ જાઓ.' આ ધગશ રાખીને શોધતા ફરો કે 'સેવા કરવાનું ક્યાં મળે છે ?' સાથે સેવાની મળતી બધી તક ઝડપી લો, પછી ચાહ્ય અલ્પાંશે સેવા; પણ સેવા વિના ચેન ન પડે, સેવા મળ્યે હરખ ઊભરાય, આવી જીવન પદ્ધતિથી જુઓ કેટલા આનંદ અને વિશાળ વિચારસરણીના આસમાનમાં



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

વિહરાય છે !

**કયા દેવ-ગુરુ-ધર્મ છતે કઈ દશા ? :-**

મૂળ પાપનો રસ અને કષાયના આવેશ ઓછા કરવા હશે તો આ વાતો જચવાની છે. સ્વાર્થના જ રસ અને લોભ-આસક્તિ મમતાના આવેશ નહિ છોડવા હોય તો માનવજીવન ધૂળધાણી થવાનું છે. **દેવ તો ત્રણ જગતનું ભલું કરનારા મળ્યા, ગુરુ તો જગત પર ફરી ફરીને નિઃસ્વાર્થ ઉપકાર રેલાવનારા મળ્યા, અને ધર્મ ઊંચો દયા, દાન, સેવા, વૈયાવચ્ચનો મળ્યો પરંતુ પાપરસ અને કષાયાવેશમાં જાત મુફલીસ, તામસી અને અંધારે આથડનારી રહી જશે !**

**જેવો રસ અને જેવો આવેશ, તેવી વિચારધારા, વાણીપ્રવાહ અને વર્તન-પરંપરા ચાલવાના.**

**સ્વાર્થની હદ ? :-** જીવનમાં સ્વાર્થભાવનાં, સ્વપ્રશંસા, સ્વવાહવાહ, સ્વનાં સન્માન-સત્કાર વગેરેનાં કર્તવ્ય સમજાય છે એમ પરાર્થભાવનાં, મૈત્રીભાવનાં, પર દયાનાં, પર પ્રશંસાનાં, પરનાં સન્માન-સત્કારનાં કોઈ કર્તવ્ય સમજાય છે ખરાં ? પેલાં કર્યા વિના ન ચાલે એ બરાબર મનમાં બેઠું છે, પણ આ ય કરવાં જ જોઈએ, આના વિના ન જ ચાલે એવું મનમાં ચોક્કસ વસ્યું છે ખરું ? ના, માટે તો બીજાનું કરવાનું કદાચ આવી પડ્યું તો બને તો એમાંથી કેમ છુટાય, અગર કરવું જ પડે તોય એમાંથી પોતાના લાભનું કેમ ઊભું કરાય એ ચોંટ રહે છે. બે અક્ષર બીજાને શિખવાડશે તો ય જોશે કે એ પછી કયારેક આપણા કામમાં આવે છે ને ? 'મિત્ર ઉપયોગી કેટલો બને છે ?' સગા મા-બાપ પણ 'મારા છોકરા કેટલા સાચવે છે ?'...આવી આવી અધમ સ્વાર્થદૃષ્ટિ જ રાખવાની હોય તો એ માનવતા છે કે પશુતા ? તન-મન-ધનની મળેલી શક્તિઓ તો એક દિવસ ઊડી જવાની છે, પરંતુ એનાથી સાધવાના પરની સેવાનાં, મૈત્રી ભાવનાં, પરદયાનાં, પરને આગળ લાવવાનાં ઉત્તમ કાર્ય રહી જશે.

**ધનશ્રી ચિતા બનાવે છે :-** ધનશ્રીને પાપનો રસ છે, ક્રોધ કષાયનો આવેશ છે, તેથી મુનિનો ઘાત કરવા માટે લાકડાં તૈયાર જોઈ ખુશ થઈ ગઈ. નોકરો ઊંઘી ગયા એટલે ઊઠી, મંદિરની બહાર નીકળી અને એકલી મુનિવર પાસે પહોંચી. અજ્ઞાન અને ક્રોધથી મૂઢ બનેલી એણે કોઈ જ સારો વિચાર ન કર્યો, કોઈ વિવેક ન વાપર્યો કે હવે આમને શું છે ? એ તો મુનિ બની ગયા છે, એ એમના રસ્તે, હું મારા રસ્તે. ના, પોતાને પૂર્વની જેમ ફરી પાછી પરલોકમાં નરકગતિ અને કારમાં દુઃખ ઊભાં થશે એનું સરાસર અજ્ઞાન અને દુશ્મન માનેલા ઉપર ભયંકર ક્રોધ-એ બેથી એવી મૂઢ, મૂર્ચ્છિત બની છે કે હવે કાંઈ પણ બીજો વિચાર કર્યા



વિના સીધાં પેલાં લાકડાં લાવીને મુનિરાજની આજુબાજુ ગોઠવી ચિતા જેવું કરે છે. મુનિ ભગવંત ધ્યાનયોગમાં એવા લીન છે કે એમને મોટી ચિતા આજુબાજુ ખડકાઈ ગઈ છતાં એની ખબર ન પડી.

**મારક અને તારક લીનતા :-**

જેમ અજ્ઞાની અને ક્રોધાન્ધને બીજી કોઈ સૂઝ નથી રહેતી, તેમ આવા મહાજ્ઞાનીને પણ પોતાના જ્ઞાન-ધ્યાનના કાર્ય સિવાય બીજી કોઈ ખબર રહેતી નથી. અજ્ઞાનીને અજ્ઞાન ચેષ્ટામાં લીનતા છે, જ્ઞાનીને જ્ઞાન-પ્રવૃત્તિમાં તન્મયતા છે. પણ પેલી લીનતા મારક છે, ખતરનાક છે, આત્મઘાતક છે, ત્યારે આ તન્મયતા તારક છે, અનંત કલ્યાણની સાધક છે, માટે જ અજ્ઞાન અને ક્રોધાદિનો આવેશ માલૂમ પડે ત્યાં લીન ન બનતાં ચારે બાજુનો અને દીર્ઘ પરિણામનો વિચાર કરવો, અને જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિ મળે ત્યાં આડે અવળે નજર ન નાંખતાં, બીજા ત્રીજા વિચારો ન કરતાં, જ્ઞાન-ધ્યાનમાં જ લયલીન બની જવું, નહિતર જો મન અસ્થિર કર્યું, માથું કે દૃષ્ટિ ઊંચી કરીને સહેજ પણ બીજું જોવા ગયા, તો સુંદર જ્ઞાન-ધ્યાનની ધારા તૂટી જશે, એ પછી પૂર્વે ભણેલાનાં અનુસંધાન સાથે આગળનું ભણવા-ચિંતવવાની ધારા સાંધતાં વાર લાગશે, તેમજ એ પણ સમજી રાખજો કે આવી વારંવાર દૃષ્ટિ અને કાન બહાર કાઢવાથી દિલમાં સુસંસ્કાર નહિ જામે, મન કદી સ્થિર નહિ બને, ચંચળતાની કુટેવ વજ્ર પાયે થશે તથા સ્થિર એકતાન જ્ઞાન-ધ્યાનની ધારાનો અનુપમ આનંદ અનુભવવા નહિ મળે, અથાગ પુણ્યધારા અને પાપક્ષયધારા કમાવાની નહિ મળે.

**મુનિ ઝાળમાં :-** મુનિ ભગવંત ધ્યાનધારામાં એવા લીન છે કે નજર સામે રચાતી લાકડાંની ચિતાનો એમને ખ્યાલ નથી. ધનશ્રી તો ગોઝારા કૃત્યમાં ઉતાવળી છે. ચિંતા રચીને ઝટ દીવો લાવી ચારે બાજુથી એને સળગાવી દે છે. બસ, મહાદયાળુ-વિશ્વહિતકર ધનમુનિ મહાત્માની આસપાસ અગ્નિની ઝાળ ભભૂકી ઊઠી ! અને પોતે હવે જ્વાળામાં ઝડપાયા. અગ્નિની ઝાળે એમને બાળવા માંડ્યા, એ વખતે એમને ખબર પડી કે હું આ બળી રહ્યો છું.

**મન કેમ ચંચળ રહે છે ? :-** ધ્યાનમાં કેટલી બધી સ્થિરતા ! મહામુનિ પોતાની આગળ લાકડાં ગોઠવાય છે છતાં એથી અજાણ રહે છે ! ચારિત્ર લીધા પછી પોતાના આવશ્યક યોગોમાં અને સ્વાધ્યાય કરાતા સૂત્ર-અર્થમાં એકતાન રહેવાનો અભ્યાસ કરી આવ્યા છે એનું આ પરિણામ સમજજો, ત્યાં જો એકતાનતાને બદલે ચંચળતા રાખી હોત, આવશ્યક યોગો એટલે પ્રતિક્રમણ, ચૈત્યવંદન, ભિક્ષાચર્યા, ગમનાગમન વગેરેમાં જો આમ તેમ જોવાનું, બીજું-ત્રીજું મનમાં લાવવાનું અને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અન્ય કાંઈ કરવાનું કર્યે રાખ્યું હોત તો મનની સ્થિરતા કેળવાત નહિ, એવું જ સૂત્રાર્થ પારાયણ વખતે ચલાવ્યે રાખ્યું હોત તો પણ સ્થિરતાનો અભ્યાસ થાત જ નહિ, સ્થિરતાની કેળવણી થવાનું બનત નહિ.

**બીજા-ત્રીજા વિચાર નહિ :-**

આમે ય મન જુગજુના કાળથી જ્યાં ત્યાં અપ્રાસંગિકમાં ભટકવા ટેવાયેલું છે, તે અહીં ઉત્તમ શુભ યોગો (ક્રિયાઓ) અને સૂત્ર-અર્થનો સ્વાધ્યાય મળવા છતાં એમાં જ રમતું કરી દેવાના ધન્ય અવસરે પણ એ જ અનેકાનેક હલકા ભવોની રખડવાની હલકી આદત એમ જ ઊભી રખાય, તો પછી એને છોડવાનો અવસર ક્યાં ? એમ તો જીવ અર્થ કે કામનો રસિયો બની એમાં એકતાન મનવાળો બન્યો છે, પરંતુ તે શું કામનું કેમ કે એથી તો અર્થ-કામના રાગ, વાસના વગેરે મજબૂત થયા છે. હવે તો ધર્મની જ તન્મયતા જોઈએ છે. એ માટે ધર્મસાધના વખતે બીજા -ત્રીજા કોઈ પણ વાણી-વિચાર-વર્તન ન જ ઊઠવા દેવા જોઈએ.

**ધર્મક્રિયાને વફાદારી :-** ધર્મક્રિયા કરવાનું જેટલું અગત્યનું છે એટલું એને વફાદાર રહેવાનું અગત્યનું છે, અને વફાદારી આ, કે એના સિવાય બીજું કાંઈ જ કરવા-બોલવા-વિચારવાનું નહિ. તમે કહેશો 'એ કેમ બને ? અનાદિની કુટેવ છે ને ?' પરંતુ આ સમજવા જેવું છે કે જેવી રીતે મોટી ધાડ પડી હોય ત્યારે 'આટલી મોટી ધાડમાં શે' બચાય ?' એમ નિરાશા-નિષ્ક્રિયતા નથી કરાતી, કિંતુ બને તેટલું સગેવગે અને જાતે ભાગાભાગ કરાય છે, એવી રીતે અહીં નિરાશા-નિષ્ક્રિયતા કર્યા વિના અનાદિની કુટેવ સામે પ્રયત્ન કરવાનો છે, અને તે એ, કે ધર્મક્રિયાનો ખૂબ રસ ઊભો કરી દો, એના પર એક એવી અટલ શ્રદ્ધા ઊભી કરી દો કે આ મારું મન જ્યાં બીજી લાલચમાં દોડે છે, એ દોડવાથી કાંઈ નહિ વળે. ખરી રીતે આ મારી સાધના એટલી બધી સમર્થ છે કે એ મહાવિઘ્નો પણ તોડી નાખશે અને તેથી બધી અનુકૂળતા સહજ ગોઠવાઈ જાય છે. માટે બીજે ફાંફાં શાં મારવાં ? આમ કરી ધર્મક્રિયા પર શ્રદ્ધાબળ વધારવું એટલે મન એમાં જ ચોંટી રહે, નવા-નવા ઉલ્લાસ અનુભવતું થઈ જાય.

**ક્રિયામાં રસ કેળવવા એક એ વિચારવાનું છે કે** આ ક્રિયા કોણે ફરમાવી છે, ને કેવા કેવાઓએ આચરી છે ? જેને ભગવાન તીર્થંકરદેવે ફરમાવી હોય અને મોટા બુદ્ધિનિધાન ગણધરદેવો, અવધિજ્ઞાની મહામુનિઓ, મહાવાદી મહર્ષિઓ અને ચક્રવર્તી જેવા મુનિઓએ આચરી હોય એવી ક્રિયા આપણને મળે ક્યાંથી ? આપણાં કેટલાં મોટાં અહોભાગ્ય કે આપણને આ મળી !'...આવો કોક વિચાર આવે તો ક્રિયાનો રસ ઊભો થઈ જાય. ક્રિયાથી થતા મહાલાભની દૃષ્ટિએ પણ રસ જગાડવાનું



કરી શકાય. એ રસ ઊંચો ઊભો કરાય તો મનને બીજે-ત્રીજે ભટકવાનું ઓછું થઈ જાય. **તો મન સ્થિર કરવું છે ને ?**

એ માટે એક આ જોઈએ કે બધાય ધર્મ યોગોમાં એ દરેકનો સ્વતંત્ર રસ અને મહાફળની સ્વતંત્ર શ્રદ્ધા ઊભી કરો ! બીજું આ કરવાનું છે કે શાસ્ત્રનાં વચનો અને એના ભાવમાં મનને તન્મય કરો. શાસ્ત્રની ગાથાઓ અને પાઠો એવા સ્પષ્ટ કંઠસ્થ કરાય કે જાણે નજર સામે અક્ષરે અક્ષરના ફોટા પડે; તેમજ એના અર્થ એવા બરાબર વિચારાય કે એની મનમાં ધારા ચાલે.

**અર્થ પર મન સ્થિર :-**

માત્ર સૂત્રના આધારે અર્થ વિચારવા એટલું જ નહિ કિંતુ સ્વતંત્ર અર્થ વિચારણા ધારાબદ્ધ ચાલે. દા.ત. નમુત્થુણં સૂત્રના અર્થની વિચારણા; તો એમાં અરિહંત પ્રભુમાં કેવા વિશિષ્ટ ગુણો છે એની સળંગ વિચારણા, સૂત્રના પદનો આધાર લીધા વિના ચાલે. જેમ કે અરિહંત ભગવાન કેવા, તો કે ધર્મની આદિ કરનારા, તે પણ તીર્થંકર બનીને, તે પણ સ્વયંબુદ્ધ બનીને કેમ કે એ અનાદિથી પુરુષોત્તમ છે, ચારિત્ર લઈને પુરુષસિંહનાં પરાક્રમ કરનારા છે, તેથી કૈવલ્યલક્ષ્મીના આવાસ માટે પુરુષ પુંડરીક બન્યા છે અને પછી મારી-મરકી આદિ ક્ષુદ્ર હાથીઓને હરાવવા પુરુષ-વરગંધહસ્તી બનેલા છે...

સંકલનાબદ્ધ એક પછી બીજા, બીજાને સંલગ્ન ત્રીજો, એમ પદાર્થ ગોઠવાય તો આ કાંઈ અઘરું નથી. અધ્યયનની શરૂઆતથી આની ચીવટ રાખવી જોઈએ. તો ક્રમસર રોજ નવા નવા પદાર્થ થોડે થોડે ઉમેરાતા જશે. પાછી એની પુનરાવૃત્તિ રોજ ચાલુ હશે એટલે એ રીઢા થતા જશે. આ કરવામાં મન એવું રોકાઈ જશે કે બીજું-ત્રીજું કાંઈ વિચારવાની જગા જ નહિ રહે. કરો આટલું, નમોત્થુણંના પદાર્થનું જે બતાવ્યું એ વખતે મન તન્મય થઈ ગયું હતું ને ? તો બસ, એ રીતે પછી પણ કહો કેમ તન્મય નહિ થાય ?

**અધ્યયન વખતે કાન-મન ?**

પણ મૂળ વાત આ છે કે સ્વાધ્યાય અધ્યયન વખતે મનને એમાં તન્મય બનાવવા માટે મંત્રસાધક કે વિદ્યાસાધકની જેમ આંખને બીજે ક્યાંય આડીઅવળી જવા દેવાની નથી, સ્વાધ્યાયના ઘોષ એવા ચલાવવાના કે કાન એ સાંભળવામાં જ રત રહે એટલે બહારનું કશું સાંભળે જ નહિ, અને મન અક્ષરોની ગોઠવણી તથા એના અર્થ, ભાવાર્થ તથા તાત્પર્યાર્થમાં લીન રહે, તે પણ પદાર્થ કડીબદ્ધ મનમાં ગોઠવાતા જાય આ અધ્યયન કાળમાં.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**અધ્યયનથી ઊઠ્યા પછી ?**

અધ્યયન કરી ઊઠ્યા પછી પણ બીજી ક્રિયાઓ સિવાયના કામે એ સૂત્ર-અર્થ મગજમાં ઘૂમ્યા કરે. ચોપડી તો બંધ થઈ ગઈ પણ ચોપડીના પદાર્થ માટે મગજ ખુલ્લું રહે. જાણે સૂત્રાર્થનો એક નાદ લાગ્યો ! રાતના કલાકો સુધી એની પુનરાવૃત્તિ તથા અનુપ્રેક્ષાચિંતન ચાલે. મન એમાં એટલું બધું, બીજાં-ત્રીજાં ડોફાળિયાં-વાતોચીતો કે વિચારો સદંતર ત્યાગ કરીને તલ્લીન બનાવી દેવાનું કે એના જબરદસ્ત સંસ્કાર અને મનને એની આદત ઘડાઈ જાય. તત્ત્વના સંસ્કાર અને મનને એની આદત તત્ત્વ રટવાની ટેવ પડી જાય પછી શું બાકી રહે ?

મહાત્મા ધનમુનિએ ચારિત્રના પ્રારંભ કાળથી આવશ્યક યોગોમાં અને સૂત્ર-અર્થના ચિંતનમાં મનની એની સ્થિરતા કેળવી છે કે હવે અહીં ધ્યાનમાં ઊભા એટલા બધા એમાં લયલીન બની ગયા છે કે આજુબાજુ લાકડાં ગોઠવાઈ રહ્યાં છે છતાં એની એમને કાંઈ જ ખબર નથી. એ તો જ્યારે આગ સળગી અને ચિતાની અંદર એ બળવા લાગ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે હું બળી રહ્યો છું પણ તેથી શું ? થોડી જ કોઈ હાયવોય કે સંકલ્પ-વિકલ્પ કરવા છે ? કશું જ નહિ. એ નહિ તો ભાગવાનીય બુદ્ધિ ક્યાં છે ! જરાય નહિ. હવે તો માત્ર એટલું થયું કે જે ધ્યાનધારા ચાલતી હતી તેનો બીજા ધ્યાનમાં સંક્રમ થયો અર્થાત્ હવે બીજી રીતે ધ્યાન શરૂ થયું.

**સાજે-સારે સ્થિરતા નહિ તો ઉપદ્રવમાં ?**

**નાની-નાની રકમો ભેગી થયે સરવાળો મોટો આવે :-**

સમરાદિત્ય કેવળી ભગવાન થવાનાં બીજ અહીં પડેલાં છે. ચોથા ભવમાં એ મહાત્મા ધનમુનિ બનીને જીવતી કાયાએ ચિતા વચ્ચે બળવાના અવસરે પણ કાઉસ્સગ્ગ ધ્યાનમાં અચલ ઊભા છે. આપણે જો સાજે-સારે પણ કાઉસ્સગ્ગમાં એવા સ્થિર ઊભા રહી શકતા નથી, એમાં એકાગ્ર ધ્યાનમગ્નતા કેળવતા નથી, ચલાયમાન થઈએ છીએ, ત્યારે આ મહાત્મા, જોવા જેવું છે કે, આખા ને આખા સળગી જવાના દીર્ઘકાળમાંય કાઉસ્સગ્ગમાંથી જરાય ચસકતા નથી ! એવી સ્થિતિએ ક્યારેક પણ પહોંચવું હોય તો વગર ઉપદ્રવમાં તો સ્થિરતા અને ધ્યાનલીનતા કેળવવી પડે કે નહિ ? કે ચંચળતાનું એવું ને એવું ડીંડવાણું ચલાવ્યે રાખીએ ને કોકવાર એકાએક પેલી સ્થિરતા અને ધ્યાનલીનતા ઉપરથી ટપકી પડશે ! ભૂલા પડતા નહિ, નાની નાની રકમો ભેગી થશે ત્યારે એક મોટી રકમનો સરવાળો આવીને ઊભો રહેશે.

મહામુનિએ સ્થિર રહીને હવે ધ્યાનનો ઝોક ફેરવ્યો. તત્ત્વો ઉપરથી અનુકંપા ઉપર ધ્યાન ઉતાર્યું. શુભ ધ્યાન તો ચાલુ જ છે. વિષય ફેરવ્યો. હૃદય એટલું બધું



દયાથી ઊભરાયું કે હવે એનું ધ્યાન લાગ્યું. એ વિચારે છે કે,-

**મહામુનિની અનુકંપામય વિચારણા :-**

'અહો ! ધન્ય છે તે સત્પુરુષોને કે જે ઉત્તમોત્તમ મોક્ષપદે આરૂઢ થઈ ગયા છે ! કેમ કે હવે જીવોને એ કર્મબંધનું કારણ બનતા નથી; કારણ, એમને હવે શરીર જ નથી. શરીર હોય તો જીવોના સંપર્કમાં આવી એ જીવોને રાગ-દ્વેષ-ઈર્ષ્યા-હિંસા વગેરે કરવામાં નિમિત્ત બને ને ? તો જ કર્મબંધનમાં કારણભૂત બને ને ? ત્યારે

અરે ! આ કેટલું બધું અફસોસીભર્યું કે આ કોઈ બિચારો જીવ મોહને વશ પડી મને પામીને દુર્ગતિમાં જશે ! એના દુર્ગતિગમનમાં હું નિમિત્ત બની રહ્યો છું. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને કહ્યું છે કે કારણ વિના કાર્ય નીપજે નહિ. મને મારું શરીર બળ્યાનો કોઈ શોક નથી, કિંતુ એ જીવ મોહવશ બની જિનાજ્ઞા બાહ્ય મતિને ધરતો દુઃખસમુદ્રમાં પડી રહ્યો છે એનો મને સંતાપ થાય છે'...

આગળ જઈને સમરાદિત્ય કેવળી મહર્ષિ થવાની આ કેટલી ઊંચી ભૂમિકા રચાઈ રહી છે તે જુઓ. મહાત્મામુનિ પણ અહીં ભડભડ સળગતા લાકડાની વચ્ચે બળી રહ્યા છે, છતાં કાયોત્સર્ગમાંથી ચસકવાની વાત નથી, થાંભલાની જેમ સ્થિર ઊભા છે ! એમાંય કોઈ અશુભ વિકલ્પની છાયામાત્ર નથી, બાળનારા જીવની દયા અને પોતે એના દુર્ગતિગમનમાં નિમિત્ત બની રહ્યાનો ખેદ એ બેની શુભ ભાવનામાં રમી રહ્યા છે ! આત્માની ઉત્તમતા વિકસાવવી હોય તો ક્યાં સુધી વિકસાવી શકાય છે એનો આ નમૂનો છે.

**શરીર સુખનો લોભ અને કર્મક્ષયની બેપરવાઈ :-**

સળગતી આગની વચમાંથી ખસી જવું હોય તો ખસી જઈ શકે છે; કોઈએ બાંધી રાખ્યા નથી. પરંતુ શરીર સુખનો મોહ અને કર્મક્ષયની બેપરવાઈ હોય તો ને ? આરાધનારૂપી લક્ષ્મીદેવી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ફેરવી જવાનું કોણ કરાવે છે ? આ જ, કે જીવને શરીરાદિ પુદ્ગલના સુખનો લોભ છે, અને કર્મક્ષયના મહાન લાભની બેપરવાઈ છે. ખબર નથી કે એ સુખ રાખ્યાં રહેવાનાં નથી; કેમ કે એના આધારભૂત જડ પદાર્થ યાવત્ આ કાયા સુધ્ધાં ટકનાર નથી, એ નાશ પામવાના યા ખોવાઈ જવાના હશે ત્યારે ઝાલી રાખ્યા નહિ રહે. આપણી સત્તર નામરજીને એ નહિ ગણે. મોટા ચક્રવર્તી સરખા ચમરબંધી ય ઊડી ગયા ! અનંતકાળનો વિશ્વનો ઈતિહાસ આ કહી રહ્યો છે. ત્યાં આપણે કોણ ? અવશ્ય નાશ પામાનારા પદાર્થ પાછળ એવા ઘેલા શા સારું થવું કે આત્મહિતની સાધના સામે આવી ઊભી હોય એની બેપરવાઈ થાય ? એને ગુમાવતાં વિચાર આવવો



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

જોઈએ કે 'આ મળવી ક્યાં સહેલી છે ? આપણી સાથેના કેટલાય મનુષ્યો અને પશુપંખીને બિચારાને સાધનાના સંયોગ જ નથી, કેમ કે પહેલી તો સમજ જ ખૂટે છે, ત્યારે મને સંયોગ-સમજ મળ્યા છે, તો હવે કેમ તે ચૂકું ? બીજું બધું જાઓ એની ચિંતા નહિ, સાધના ન જાઓ.'

શરીરની પરવા મૂકી દઈ સાધના જ કરી લેવા તત્પર ધન મુનિરાજ જીવદયાથી છલોછલ ભરેલા હૃદયે સિદ્ધ ભગવાનની અનુમોદના કરી રહ્યા છે, 'ધન્ય છે સિદ્ધ ભગવાનને કે જે અશરીરી-અરૂપી હોવાથી બીજાને હિંસાના પાપમાં પડવા નિમિત્ત નથી બનતા.'

**ત્રિવિધ-ત્રિવિધે હિંસાત્યાગ છતાં ખેદ ? :-**

શરીર હોય તો બીજાના જોવામાં ય આવે ને ? અને બીજાને હિંસાની પ્રવૃત્તિ કરવા અવસર મળે ને ? આ બહુ ઊંચી દૃષ્ટિ છે. મન-વચન-કાયાથી પોતે તો લેશમાત્ર હિંસા કરતા નથી, કે બીજાને હિંસામાં પ્રેરતા નથી, કે ક્યાંય હિંસામાં ભાગ, લાગો કે સંમતિ ધરાવતા નથી, એટલી ત્રિવિધ-ત્રિવિધ હિંસાત્યાગની ઊંચી કક્ષાએ વિહરવા છતાં કોઈ અનાડીને એમની હિંસા કરવાની તક મળે ત્યાં પણ પોતાનું શરીર હિંસામાં વપરાઈ સામા જીવને પાપાર્જનમાં નિમિત્ત બની રહ્યું છે, એય એમને ખટકે છે ! શરીર જ ન હોય તો સામો શાના ઉપર શસ્ત્ર ચલાવે ? સિદ્ધ ભગવાનને શરીર નથી, એટલે બીજાને હિંસાનું સાધન બનતા નથી, એ એમની એક મહાન વિશેષતા છે, મુનિ ખેદ કરે છે કે 'હું શરીરધારી હોઈ મારા શરીરને લઈને બિચારો કોઈ જીવ હિંસાના પાપમાં પડે છે.'

દયાનો કેવો સરસ વિચાર ! મૂઢ અને અજ્ઞાન જીવ આપણી કોઈ ભૂલ, કોઈ અશુભ પ્રવૃત્તિ વિના જ એ પોતાના મોહ અને અજ્ઞાનતાના કારણે હિંસાદિ પાપ આચરતો હોય છતાં એ હિંસાદિનું નિમિત્ત આપણું શરીર બની રહ્યું છે, કેમ કે આપણા પર એ હિંસાદિનો પ્રયોગ કરી રહ્યો છે, તો વિચાર થાય છે કે એટલાય નિમિત્ત બનવાનું થયું ને ? સિદ્ધ ભગવાન અરૂપી-નિરંજન-નિરાકાર બની ગયા છે, તેથી એમના પર કોણ હિંસાદિ અજમાવવા જાય છે ? માટે સિદ્ધ ભગવાનને ધન્ય છે કે બીજાને પાપનું નિમિત્ત નથી બનતા !

સિદ્ધ ભગવાનની આ અનુમોદના કરવા પાછળ પોતાની ઝંખના છે કે ક્યારે હું સિદ્ધ બનું કે જેથી પછી કોઈ પણ જીવને પાપ આચરવામાં આપણે નિમિત્તભૂત ન બનીએ. જાતે તો પાપ ન કરીએ પરંતુ બીજો ય આપણા પર પણ પાપ શા માટે કરે ? અને શા સારું દુઃખી થાય ?

સંસારમાં છીએ માટે બીજાને પાપસેવનમાં ક્યાંય પણ નિમિત્ત થવું પડે



ને ? માટે સંસાર જોઈએ જ નહિ. મોક્ષની અભિલાષા થવાનાં અનેક કારણો છે, એમાં આ એક કારણ અદ્ભુત છે. જીવો પર ભાવદયાનો ઝરો વહે કે 'બિચારા જીવ મારું નિમિત્ત પામી શા માટે અધર્મમાં રત બની પાપો આચરીને પોતાની કરુણ સ્થિતિ સર્જે ? એ કરતાં તો મુક્ત થઈ જવું સારું !'

**કઠોર છતાં કોમળ :-**

મહાવીર પ્રભુને સંગમ દેવતા પર આ દયા ઊભરાઈ કે બિચારો મારું નિમિત્ત પામી કેટલાં ઘોર પાપ ઉપાર્જી ગયો ! કેવાં ભયંકર દુઃખ એને દુર્ગતિમાં ભોગવવાં પડશે ! આ દયાના ઊભરામાં આંખ આંસુથી ભીની થઈ ગઈ ! સંગમના ઘોર ઉપદ્રવ વેઠ્યા પછી પણ એના ઉપર કેટલી બધી મહાદયા ઊભરાઈ હશે કે હૈયું ભારે ગદ્ગદ બન્યું ને આંખમાં આંસુ ભરાઈ આવ્યાં ? એક બાજુ સહન કરવામાં કઠોર દિલના છતાં બીજી બાજુ સામા ઉપર કરુણાભર્યા બનવામાં કેટલા કોમળ દિલના કે સામાના ભાવી દુઃખ પર ઠેઠ રડવા સુધી પહોંચી જાય છે ! આ પણ ખાસ શાના ઉપર ? પોતે નિમિત્ત બન્યા એના પર. આમ તો સામાનું કાંઈ બગાડ્યું નથી; કોઈ ગાળ નથી દીધી કે એનું નુકસાન નથી કર્યું, લેશ મનમાં પણ બૂરું નથી ચિંતવ્યું, પરંતુ પોતાનું શરીર સામાને ઘોર વિટંબણા ત્રાસ-જુલ્મનું પાપ કરવા માટે ઉપયોગી થયું ને ? એટલે દયા અધિક ઊભરાઈ ઊઠી ! આમ તો પ્રભુ દયાળુ હતા જ, પણ આ દયા એટલી બધી ઊલસી કે એણે હૈયાને ગદ્ગદ કરી આંસુ ઊભરાવ્યાં !

**આંસુ પહેલાં કેમ નહિ ? પછી કેમ ?**

અહીં એક પ્રશ્ન થાય છે કે ચાલુ ઉપસર્ગ વખતે પ્રભુને દયાનાં આંસુ કેમ નહિ ? તે પાછળથી કેમ ?

આના ઉત્તરમાં એ લાગે છે કે ઉપસર્ગ સહવા વખતે એની ઉગ્રતાના હિસાબે સામે અખંડ સમાધિ અને એકાગ્ર ધ્યાન માટે ભારે માનસિક દૃઢતાની જરૂર હતી, વળી ચાલુ ધ્યાનને ખંડિત થવા દેવું નહોતું તેમજ ઉપસર્ગ સહવામાં લેશમાત્ર પણ કંટાળો બતાવવો નહોતો, પરદયા કરતાં પહેલાં પોતાના આત્માની દયા ભૂલવી નહોતી...આવા કારણોનું અનુમાન થાય છે; તત્ત્વ તો જ્ઞાની ભગવંત જાણે. ઉપસર્ગો પતી ગયા પછી છ મહિને જ્યારે સંગમ રવાના થાય છે ત્યારે અત્યાર સુધીનાં પાપ કરીને એણે બાંધેલાં ઘોર કર્મ અને એને ભોગવવાં પડનારાં એનાં ફળના વિચારથી પ્રભુ કમકમી ઊઠ્યા ! અનુકંપાનાં પૂર ઊભરાયાં ! એ આંખમાં આંસુરૂપે બહાર પડ્યાં !



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**સ્વાત્માનો વિચાર પ્રધાન છે :-**

પ્રસંગનું આ પૃથક્કરણ કરીએ તો દેખાય છે કે જૈન શાસનમાં સ્વાત્મહિત ચિંતાને પ્રધાન સ્થાન છે. **પોતાના આત્માનું હિત પહેલું જુઓ. હિત ગુમાવીને પરની દયા કરવા નથી નીકળવાનું.**

મુનિસુવ્રત ભગવાને કાંઈ આજ્ઞા ન કરી કે 'ખંધકસૂરિ ! જાઓ બેનના દેશમાં, તમે વિરાધક થશો પણ તમારા નિમિત્તથી ૫૦૦ શિષ્યો આરાધક થશે.' પ્રભુએ આવી આજ્ઞા ન કરી. કેમ વારુ ? પોતાનું ગુમાવીને પરોપકાર કરવાનું કહેનારા પ્રભુ નહિ. આનો અર્થ એ કે સ્વાત્મહિત સાચવીને પરહિતની વાત. માટે જ્યાં સ્વાત્માનો વિચાર મુખ્ય બનાવવાની જરૂર છે, ત્યાં જો પરનો વિચાર મુખ્યપણે ઘાલવા જઈએ તો પેલો સ્વાત્માનો વિચાર લૂલો બની જાય. મહાવીર પ્રભુ છ મહિના સુધી ઘોર ઉપસર્ગોની વચ્ચે પોતાના તત્ત્વચિંતનમાં સ્થિર રહ્યા. પછી સંગમના જવા વખતે એના આત્માની કરુણ સ્થિતિ પર વિચારતાં હૈયે દ્રવી ઊઠ્યા. તો હવે પૂછો,

**પ્ર.**-ત્યારે ધનમુનિવર કેમ ઉપસર્ગ વખતે પરદયા વિચારી રહ્યા છે ?

**ઉ.**-અહીં જરા ઝીણવટથી જુઓ કે પોતે મુખ્યપણે તો પોતાની પરના પાપમાં નિમિત્ત બનવાની દુઃખદ સ્થિતિનો વિચાર કરી રહ્યા છે. આ સ્વચિંતા જ છે. સ્વચિંતામાં પરનો વિચાર સમાવિષ્ટ થયો છે. 'હું બિચારા કોઈને પાપમાં નિમિત્ત બની રહ્યો છું ! સામો પાપ કરીને બિચારો આ ભવચક્રમાં દુઃખી થવાનો છે એ કરુણતા છે, એમાં મારે ક્યાં નિમિત્તભૂત થવાનું આવ્યું ?' આમ સ્વાત્માની ચિંતા મુખ્ય બની રહી છે, અલબત્ત સ્વચિંતા બીજાને દુઃખકારી ન જોઈએ માટે જ મિથ્યાદર્શનોમાં કહેલા ગાય વગેરે અનુચિત વસ્તુનાં દાનથી પુણ્ય કમાવવાની ઈચ્છા એ પરને દુઃખકારી સ્વચિંતા હોવાથી અકરણીય છે. એથી ઊલટું અહીં તો સ્વચિંતામાં બીજાની કરુણાનો વિચાર છે. માટે એ વિવેકભરી છે. મહામુનિ સ્વાત્મચિંતામાં એટલા બધા આગળ વધી ગયા છે કે મન-વચન-કાયાથી પોતે તો કોઈ સૂક્ષ્મ પણ જીવને દૂભવવાની વાત નથી જ; એટલું જ નહિ કિંતુ પોતાનું શરીર પણ બીજાને શા માટે હિંસા કરવામાં નિમિત્ત બનવું જોઈએ, એ ય એમને ડંખે છે. પોતે શરીરધારી છે માટે આમ બનવા પામે ને ? એટલે જ અશરીરી બનેલા સિદ્ધ ભગવાનને ધન્યવાદ આપે છે.

એટલે હવે અહીં જોઈએ તો આ બધોય વિચાર મુખ્યતાએ સ્વાત્માને ઉદ્દેશીને ચાલી રહ્યો છે એ સ્પષ્ટ જણાય છે. ત્યારે એક સવાલ રહે છે કે-

**પ્ર.**-તો શું જેમણે આવા પ્રસંગે માત્ર એટલું જ વિચાર્યું કે 'અરે બિચારો જીવ મોહમાં ફસી પાપ બાંધી રહ્યો છે, એનું શું થશે !' એવું વિચારનારે તો માત્ર પરદયા જ વિચારી, એ શું ખોટું કર્યું ?

**ઉ.**-ના, એ પણ શુભ ચિંતનનો એક પ્રકાર છે, પરંતુ એટલું સમજવાનું છે કે એ **પરદયાનો વિચાર સ્વાત્મહિતના જીવનમાંથી ઊઠ્યો છે.** પોતાના આત્માના હિતની પડી ન હોત અને શરીરના જ સુખની મમતા લાગી હોત તો પરદયા ચિંતવે જ શાનો ? એ તો શરીર સુખોને અકારા સમજી એની મમતા મૂકી દીધી છે માટે એની આડે આવનાર પર ગુસ્સો નથી ચડતો પણ એની દયાનો વિચાર આવે છે એટલે સ્વાત્માના હિતની પરવા તો મૂળમાં બેઠી છે. હા, એના પ્રસંગ પર ભાવના એકલી સ્વાત્માની પણ હોઈ શકે, અથવા પરહિતની ય હોય, યા સ્વ-પર ઉભયના હિતની ય ભાવના ચાલતી હોઈ શકે છે; તેમજ એમ પણ બને કે કોઈ અનિત્ય તો સંસારસ્વરૂપ, લોકસંસ્થાન વગેરે પદાર્થની ય ભાવના ચાલી રહી હોય. ભાવનાના અનેક પ્રકાર છે. કોઈપણ શુભ ભાવનામાં રમતા રહેવું એ આત્મહિતના અર્થીને માટે શ્રેયસ્કર છે, કેમ કે જ્યારે અશુભ ભાવના, અશુભ વિચારણા, વગેરે આત્માના અહિતરૂપ છે, અહિત કરનારી છે, ત્યારે પવિત્ર શુભ ભાવના એ આત્માના હિતરૂપ છે, હિતને કરનારી છે.

મહાત્મા ધનમુનિવર સળગતી આગની વચ્ચે આ શુભ ભાવના ભાવી રહ્યા છે, 'મારું શરીર બિચારા કોઈ મૂઢ-અજ્ઞાન જીવને હિંસા કરવામાં નિમિત્ત બની રહ્યું છે એ દુઃખદ છે ! ભગવાન કહે છે કે કારણ વિના કાર્ય બને નહિ, તો પ્રસ્તુતમાં દેખાય છે કે અહીં બાળવાનું કાર્ય જે થઈ રહ્યું છે તે મારું શરીર હયાત છે માટે જ ને ? એ ન હોત તો મને બાળવાની ક્રિયા થાત જ ક્યાંથી ? માટે કોઈ પામર જીવની આ બાળવાની ક્રિયામાં મારું શરીર નિમિત્ત છે જ.

પરદયા તરફ વળતાં આ મહામુનિ વિચારે છે કે "મને મારું શરીર સળગી જ રહ્યાનો સંતાપ નથી, પરંતુ બાળનારો જીવ મોહવશ પડી જિનાજ્ઞા બાહ્ય મતિને ધરતો દુઃખ-સમુદ્રમાં ઝુકાવી રહ્યો છે એનો મને ખેદ થાય છે."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૧૭,તા.૧૩-૧-૧૯૬૨

## દુઃખ વખતે શું વિચારવું ?

મારું દુઃખ એ દુઃખ નહિ, બીજા જીવનું દુઃખ એ દુઃખ. આ ગણતરી પર આ વિચારણા છે. આવી ગણતરીએ એમ ને એમ નથી ચડાતું, એ માટે તો એની ભાવનાનો અભ્યાસ કરવો પડે છે. જીવનમાં, સંસાર છે એટલે, પોતાને દુઃખો તો

હાલતાં ને ચાલતાં આવવાનાં, પરંતુ જો એનાં મૂલ્ય આંક્યા કર્યાં અને 'અરે ! કેટલાં દુઃખ ! કેટલાં દુઃખ ! કેમ એને ટાળું ! કેવી રીતે એ મીટે !' આવા જ આર્તધ્યાનમાં સબડતા રહ્યા તો બીજાનાં દુઃખ જોવા તરફ લક્ષ ક્યાંથી જવાનું ? પોતાનામાંથી ઊંચો આવે તો બીજા તરફ જુએ ને ? પોતાનામાંથી ઊંચા આવવા માટે પોતાનાં દુઃખનાં બહુ લેખાં ન મંડાય, એની બહુ ગણતરી ન ગણવી જોઈએ. સહિષ્ણુ બની એમ સમજવું જોઈએ કે,-

'સંસારમાં દુઃખની શી નવાઈ ? અને દુઃખ તો મારા કરતાં બીજાને કેટલા ગુણાં છે ? નરકના જીવોનાં દુઃખ, સમુદ્રમાં મત્સ્ય-ગલાગલ ન્યાયે પીડાતાં જળચરોનાં દુઃખ, અસહાય નિરાધારપણે પીડાતાં પશુ-પંખીનાં દુઃખ, આ બધી વિટંબણાઓ આગળ મારું દુઃખ શી વિસાતમાં છે ? વળી દુઃખ આવે છે તે ક્યાં અકસ્માત્ આવે છે ? કેઈ પ્રમાદનાં આચરણ પોતે રાચીમાચીને કર્યાં છે એથી એની સજારૂપે દુઃખનાં ધાડાં ઊતરી પડે છે. એમાંથી હવે ભવિષ્યમાં દુઃખ ન આવવાની સ્થિતિ સર્જવી હોય તો મારે બીજાને દુઃખ ન આપવાનું રાખવું પડશે. બીજાના દુઃખ પ્રત્યે મારે હમદર્દી ઊભી કરવી પડશે, દિલ પીગળેલું રાખવું જોઈશે, સમવેદન અનુભવવું પડે. પોતાનાં દુઃખનાં રોદણાં રોયા કરવાથી શું વળવાનું હતું ? અને એમાં માનવના ઉચ્ચ મનનો સદુપયોગ પણ શો કર્યો કહેવાય ?

**ભવ અને પુણ્યશક્તિઓની કદર :-**

મહા દયાળુ જ્ઞાની ભગવંતો આ જ કહે છે કે માનવભવની કદર કરો. ભવમાં પ્રાપ્ત થયેલ અનુપમ પુણ્ય શક્તિઓની કદર કરો. શરીર તો જનાવરને ય મળ્યું છે, અને અનાર્ય મ્લેચ્છ માનવને ય પ્રાપ્ત થયું છે, એમ ઇન્દ્રિયો, મન, બુદ્ધિશક્તિ વગેરે ય એને મળ્યા છે, પરંતુ એનો કાંઈ વિશિષ્ટ ઉપયોગ એ બિચારા નથી કરતા, કરી શકે એવી સ્થિતિમાં નથી ત્યારે તમારે એ તક છે, માત્ર આ સતત ખ્યાલ જોઈએ કે મને આ બધું વિશિષ્ટ કોટિનું મળ્યું છે, તો મારે એનો ઉપયોગ પણ વિશિષ્ટ કોટિનો કરવો જોઈએ. **આવી ઉત્તમ સામગ્રીના પશુ કરે તેવા ઉપયોગ જ કરીને જો બેસી રહું તો એ મહા મૂર્ખાઈ થશે.** સોનાના પ્યાલાએ દારુ પીવા કે ગટર ઉલેચવા જેવું અજુગતું કાર્ય થશે ! માટે એમ નહિ, એના તો વિશિષ્ટ આત્મહિતકારી ઉપયોગ કરું.

**મનનો સદુપયોગ :-** આ ખ્યાલ સતત જાગતો રહેવો જોઈએ, અને તે પ્રમાણે ઉપયોગ કરતા રહેવું જોઈએ. હજીય કાયાનો ઉપયોગ આરંભ-વિષય-પરિગ્રહમાં થતો હોય, પરંતુ પવિત્ર કિંમતી મનનો ત્યાં શા માટે ઉપયોગ રહેવો જોઈએ ? મન કેમ જ એમાં રચ્યું-પચ્યું રહે ? પોતાના જ દુઃખની ચિંતામાં મનને



ઓતપ્રોત રાખવાથી વળે પણ શું છે ? એમાં મનનો માત્ર દુરુપયોગ થઈ રહ્યો છે. એના બદલે જો બીજાનાં દુઃખનો ગદ્ગદ દિલે સહાનુભૂતિભર્યો વિચાર પણ કરીએ તો પુણ્ય વધે છે, પાપ કટે છે, અને દિલ કૂણું બને છે. મનનો આ કરવામાં સદુપયોગ થઈ રહ્યો છે, અને માનવ મનથી આ સુલભ બને છે, એ ન ભૂલતા. જીવન ક્યાં શાશ્વત છે ? રોજ ને રોજ ઓછું થતું જાય છે. એમાં આ જશ લેવાનો છે. જાતના દુઃખની ચિંતાઓ કરવાથી કોઈ જશ મળવાનો નથી; એ તો પરનાં દુઃખ પ્રત્યે દયાભર્યા વિચારથી જશ મળે.

**ભવની મંજિલ કેમ કટે !**

મહામુનિ આ કરી રહ્યા છે. જીવતા ને જીવતા પોતે સળગી રહ્યાનું કારમું દુઃખ ભોગવી રહ્યા છે, છતાં પોતાના દુઃખને તે કંઈ જ લેખામાં ન લેતાં બાળનારો જીવ બાળવાના પાપથી ભવિષ્યમાં જે દુઃખ પામશે એની દયા વિચારી રહ્યા છે ! એમ કરવામાં મહાન જશ ઊભો થઈ રહ્યો છે. સેંકડો-હજારો વર્ષ એ મહાત્મા તરીકે લોકના યશવાદનો પામે છે, જાતે ઉચ્ચતર સ્વર્ગના પુણ્ય કમાઈ રહ્યા છે, અને ભવની મંજિલ ઓછી કરી રહ્યા છે. શાના ઉપર આ બધું ? જાતના દુઃખનો સંતાપ કરવા પર નહિ, પણ પરનાં દુઃખની દયાભરી વિચારણા કરવા પર, દુઃખીની પ્રત્યે લાગણી પ્રગટ થવા ઉપર.

મુનિ વિચારે છે ને 'અરે ! બિચારો જીવ મોહના પનારે પડી જિનવચનથી બહાર રહ્યો મહા દુઃખને નોતરી રહ્યો છે ! મોહની પરવશતા સ્વીકારો, મોહથી મતિ મૂઢ કરો એટલે તરણતારણ જિનવચનથી બહાર રહેવાનું થાય છે. જિનવચનની અંદર આવવા માટે અનાદિની મોહમૂઢતાને ફગાવી દેવી ઘટે. બેને અંધારા-અજવાળા જેવો વિરોધ છે.

**અનાદિની મોહમૂઢતામાં શું આવે ?** આવું બધું,-

- વિષયસુખની લંપટતા,
- કષાયના આંધળા આવેશો,
- કેવળ પુદ્ગલાનંદીપણું-પુદ્ગલદૃષ્ટિ,
- પરલોકનો કોઈ વિચાર જ નહિ,
- દુઃખી જીવો પ્રત્યે કઠોરતા,
- ગુણવાન પર ભારોભાર દ્વેષ-ઈર્ષ્યા, વગેરે વગેરે.

હવે જુઓ કે આ મોહમૂઢતાની વસ્તુઓ જિનવચને ધરમૂળમાં નિષેધેલી છે, એટલે જેને એ મોહમૂઢતા ખપે છે, એ જિનવચનના કિલ્લામાં ક્યાંથી રહી શકે ?



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**બે સવાલ :-**

વિચારો આપણો જીવમુસાફર આ સોહામણા નરભવ-નગરમાં આવ્યો છે તે જિનવચનના કિલ્લામાં રહેવા કે એની બહાર ભટકવા ? કદાચ બહાર રહ્યા અને અનાદિનું પકડેલું ન છોડ્યું, પણ એ વિચાર છે કે પછી આગળ શું ? આગળ ક્યાં છૂટવાનું આ એક મોટો સવાલ છે, અને બીજો સવાલ આ છે કે એમ બહાર ભટક્યા કરવામાં અહીં અને પરલોકમાં શું સારું પામવાનું ?

**ચિંતા-અશાંતિ-સંતાપ શાથી ?**

ઊંડાણથી વિચારતાં દેખાશે કે પૂર્વે ગણાવેલી મોહ-મૂઢતાથી પરલોકમાં તો શું આ જીવનમાં પણ શાંતિ નથી મળતી, નિત્ય હૈયાહોળી ઊભી રહે છે. કેટલીય ચિંતાઓ કેટલાય નાના-મોટા સંતાપ, ઉદ્વેગ અને શોક, ભય અને શંકા...આવું આવું કેટલુંય મોહમૂઢતાના લીધે સર્જાય છે. પણ આ સર્જન મૂળ કોના પર ? પોતાના મન ઉપર જ ને ? ભૂલા નહિ પડતા, બહારના સંયોગોને દોષ ન દેતા, કેમ કે એના એ સંયોગો તો શું, પણ એથી ય અધિક પ્રતિકૂલ સંયોગોમાં ઉત્તમ આત્માઓએ સંતાપ નથી અનુભવ્યો ! ખેદ નથી કર્યા એ ભયભીત કે શંકાકૂળ નથી બન્યા ! કારણ ? એ જ કે મોહમૂઢ ન બનતા એ જિનવચનના કિલ્લામાં રહ્યા હતા.

**જિનવચન શું કહે છે ? જિનવચનના કિલ્લામાં રહેવું એટલે :-**

જીવનમાં માર્ગદર્શન જિનવચનનું સ્વીકારવું, દષ્ટિબિન્દુ જિનવચનના અનુસારે રાખવું. જિનવચન કહે છે 'ઇન્દ્રિયોના વિષય ભૂંડા છે, આત્માને સ્વહિત ભુલાવી ઊંધે રસ્તે ચઢાવી દેનારા છે, કષાયો જીવને મદિરાપાનની જેમ ઉન્મત્ત બનાવનારા છે, આહારાદિ સંજ્ઞાઓ શુભધ્યાનની આડે શિલાઓ છે. હિંસાદિ પાપો જીવને કર્મ મલિન કરનારા છે. વૈર, ઈર્ષ્યા, અસૂયા, ક્ષુદ્રતા વગેરે દોષો મનને રોગિષ્ટ કરે છે :- એથી ઊલટું વૈરાગ્ય, ઉપશમ, મૈત્રી, ગુણાનુરાગ, સહિષ્ણુતા, ઉદારતા તથા અહિંસા, સત્ય વગેરેમાં આત્મા સ્વહિતદર્શી, સ્વસ્થ, સમજદાર રહે છે...' જિનવચનના આ માર્ગદર્શન પર સચોટ શ્રદ્ધા ધરનાર, એને સંપૂર્ણપણે જીવનમાં ઉતારવાના કોડ સેવનાર અને યશાશક્તિ અમલમાં ઉતારવા યત્ન કરનાર એ જિનવચનના કિલ્લામાં આવ્યો ગણાય, એવાને પછી મૂઢતા ન હોય, એટલે કાંઈ અનુચિત તો શું જ કરવાનું હોય ?

પણ એટલું ખરું કે ભાગ્યવાનને જ આવા સુંદર જિનવચનની છત્રછાયામાં રહેવાનું મળે. આપણે આપણી જાતને ભાગ્યશાળી સમજતા હોઈએ અગર તેવી બનાવવી હોય તો જિનવચનની નિશ્રા માથે ધરવાનો અહીં અનુપમ અવસર ઝીલી



લેવો જોઈએ. જિનવચનની નિશ્રા માથે ન ધરીએ તો કોઈ સ્વતંત્ર રહી શકતા જ નથી. એ નહિ તો મોહરાજાની નિશ્રાને માથે ધરવી તો પડે જ છે. જેટલા ચાળા, જેટલી મન-વચન-કાયાની કુચેષ્ટાઓ આચરાય છે, જે મદ-મત્સર-સ્વાર્થાંધતાના ખેલ ખેલાય છે, એ બધાય અંતરમાં વસેલા મોહના સામ્રાજ્ય સ્વીકારીને જ ને ? ભગવાન શ્રી જિનેશ્વરદેવના નિર્મળ તત્ત્વપ્રકાશ પામ્યા પછી જો એટલું સમજી લેવાય કે 'શા માટે આ મહામોહ અને મિથ્યા ગણતરીને ગુલામી સેવવી જોઈએ ?' તો તો જિનવચનની હકૂમત માથે ધરવાનું સરળ અને મનગમતું બની જાય.

**મહામુનિ સ્વર્ગે :-**

મહાત્મા ધન મુનિરાજ દયા ખાઈ રહ્યા છે કે બિચારો કોઈ જીવ મોહમૂઢ બની જિનવચનથી બહાર રહીને દુઃખસમુદ્રમાં પડી રહ્યો છે ! મને મારા શરીર બળવાનો જરાય ખેદ નથી, પરંતુ આ મારા શરીરને નિમિત્ત બનાવી એ ભાવી મહાદુઃખને નોતરી રહ્યો છે એ ખેદ સાથે મને એની દયા આવે છે કે બિચારાનું શું થશે ! અથવા મોહને પનારે પડેલા કષાયના સંક્લેશવાળા જીવોને આવાં પાપકાર્ય એ શા હિસાબમાં છે ?

**'एसो मोहसहावो धिरत्थु संसारवासस्स !'**

મોહનો સ્વભાવ જ આવો છે કે પાર વિનાનાં પાપકાર્ય કરાવે ! ધિક્કાર છે સંસારવાસને કે જ્યાં મોહને પનારે પડી પાપકાર્ય કરવાં પડે છે ! સંસારમાં વસવાનું જ એવું છે કે ડગલે ને પગલે મોહની મૂર્છા અને કોઈ ને કોઈ પાપની લીલા ચાલ્યા કરે ! **ધિક્કાર હો સંસારવાસને !'**

મહામુનિ દયા વિચારતાં, સાથે ભવોદ્વેગ ભાવતાં શુભ ધ્યાનમાં રત રહ્યા. ધીખતી આગથી એ પાપિણી પત્ની વડે ભસ્મીભૂત કરાઈ ગયા ! કાળ કરીને એ સાતમા દેવલોકમાં સિધાવી ગયા. શુક્ર દેવલોકમાં પંદર સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

શું બગડ્યું એમનું ? કાંઈ જ નહિ ? ક્ષણભર બળી મરવાની પીડા સહન કરવી પડી, પરંતુ એમાં દયા-સમાધિને લીધે અસંખ્ય વર્ષના સુરસુખમાં મહાલતા થઈ ગયા ! તમે કહેશો એવા જીવતા સળગી મરવા ટાણે દયા કે સમાધિ ક્યાંથી રહે ? પરંતુ જુઓ કોઈક સ્ત્રીઓ જાતે બળી મરે છે કે નહિ ? શી રીત ? રીત એ જ કે મન કાઠું કરે છે, કોઈક સુશીલ તો એવી હોય છે કે સાસુના ત્રાસથી બળી મરી હોય છતાં મરતી વખતે રિપોર્ટ નથી કરતી કે આ કારણે બળું છું, એટલું મન મક્કમ કરે છે ! 'હું તો હવે મરું છું, તો બીજાને શા માટે વગોવું ?' એવી દયા આવે છે, ઉદારતા સ્ફુરે છે. ત્યારે અહીં તો મોટો મોક્ષ સાધવો છે,



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ઊંચી સદ્‌ગતિ લેવી છે, પછી મન મક્કમ કર્યા વિના કેમ ચાલે ? મરવાનું જ છે, હવે જવાનું જ છે, તો પછી સામાની દયા વિચારતાં હૈયું ઉજ્જવળ કરીને કાં ન જવું ? **કદાચ જિંદગીભર તો કાળું કર્યું, પરંતુ મરવાની અણીએ તો ઊજળું કરી લેવું ! અને જો જીવનભર સારું કર્યું તો અંતે ક્ષણ સારુ શા માટે બગાડવું ?**

**જીવન વ્યવહારમાં મન કેમ ન બગડે ? :-**

(૧) ખરી વસ્તુ તો એ છે કે જીવનની પ્રત્યેક ક્ષણને મૃત્યુ ક્ષણ જેવી માની દિલ બગડવા જ ન દેવું જોઈએ. દિલ બગડે છે ક્યાં ? કોઈ આપણને પ્રતિકૂળ કરે ત્યાં, કે એમ જ પ્રતિકૂળ થાય ત્યાં. હવે જુઓ કે સામો પ્રતિકૂળ કરે છે તેમાં એ જો ખરેખર ગુનેગાર છે, તો આપણે ધનમુનિવરની જેમ આ વિચારી શકીએ કે 'બિચારો સામો જીવ મારું નિમિત્ત લઈ પાપ બાંધી રહ્યો છે, તો હું આ સંસારી જીવ તરીકેની સ્થિતિમાં છું માટે સામાનો નિમિત્ત બનું છું ને ? ધન્ય છે સિદ્ધ ભગવાનને કે જે કોઈના દુઃખમાં નિમિત્ત નથી બનતા !'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૧૮,તા.૨૦-૧-૧૯૬૨

અધન્ય છે મને કે હું નિમિત્ત બની રહ્યો છું !' આવી વિચારણા અશક્ય છે ? કઠિન છે ? મન જરાક કાઠું કરવાની જરૂર છે. બહુ સુંવાળું રહીને એ ઝટ કષાયની અસર તરીકે આવી જાય છે, એના બદલે દયાની અસર નીચે, જિનવચનની અસર નીચે એને લઈ આવવાનું છે. પછી થોડી ઘણી તત્ત્વસમજ હોય તો આ કાંઈ મુશ્કેલ નથી. જાત પર લઈને આ દયાનો વિચાર આવે એ ઊંચી કોટિનો છે, માત્ર એનો અભ્યાસ કરતા રહેવું જોઈએ.

(૨) બીજી વાત એ છે કે કોઈનાથી કાંઈ અજુગતું બની જાય ત્યાં ઊકળી ઊઠીએ છીએ, મન બગાડીએ છીએ, પરંતુ મોહની પ્રબળ પરતંત્રતા વિચારવી જોઈએ, જીવ મોહવશ ન હોય તો અજુગતું આદરે ? ના, એ સૂચવે છે કે જીવનો સ્વભાવ પાપ કરવાનો નથી. પરંતુ મોહ એ કરાવે છે. તો મોહનો બળાત્કાર થયો. ત્યાં જીવ પર મન શા સારું બગાડવું ? ઊલટું એની તો દયા ખાવા જેવી કે બિચારાને મોહ કેવો સતાવી રહ્યો છે ! જેમ કોઈને કોઈ કાંઈક એવું ખવરાવી દે યા વિદ્યામંત્રથી પ્રભાવિત કરી દે કે જેથી પેલો બિચારો લવારો કરવા લાગે, તો ત્યાં આપણને એની દયા જ આવે ને ? બસ, એવું સર્વત્ર મોહને પરાધીન જીવો માટે દયા ખાવાનું ન બની શકે ?

(૩) વિચારવાનું તો આ છે કે આવા મોહનું જ્યાં સામ્રાજ્ય છે એવા



સંસારવાસની ભયાનકતા કેવી ? સંસારમાં રહ્યા છીએ તો સમજીને જ રહેવું જોઈએ કે એમાં મોહવશ જીવો અજુગતું આચરવાના. હવે ત્યાં મન શું બગાડવું ? મૂળ કારણ સંસાર અને પછીનું કારણ મોહ. બે ચીજ જ એવી કે એમાં અજુગતું અને પ્રતિકૂળ બનવું સહજ છે, રાત પડી એટલે સહજ છે કે અંધારું થાય; ત્યાં પછી ફરિયાદ હોય ? કચકચ કરાય ? ખરી રીતે તો એ જોવું કે આપણે પણ આ સંસાર અને મોહને પરાધીન બન્યા અજુગતાં આચરીએ છીએ કે નહિ ? બીજાને પ્રતિકૂળ કાંઈ કરીએ છીએ કે નહિ ? ના કહેવાય એવી નથી. તો પછી બીજાના અજુગતાં લાગતા આચરણ પર કે આપણને પ્રતિકૂળ વર્તે એના પર મન શા માટે બગાડવું જોઈએ ?

(૪) ખરી વાત આ છે કે આપણને જે અનુકૂળ ગમે છે એ બધોય સંસાર છે, અને સંસાર એના સમગ્રરૂપમાં આત્મઘાતક તરીકે, દગાખોર તરીકે જચ્યો નથી, ને એથી એના પર સહજ ઉદ્વેગ દિલમાં ઝળહળતો નથી, તેથી વાતવાતમાં મન બગડી જાય છે, મન બગાડવાનું કરાય છે, ત્યારે મનને બગાડવા ન દેવું હોય તો આ કર્તવ્ય થઈ પડે છે કે મૂળમાં સંસાર જ દગાખોર-ઘાતક તરીકે હૈયાના ઊંડાણમાં સમજી રાખવો જોઈએ, અને હૈયાનો એના તરફ મુદ્દામ અણગમો, અરુચિ, ઉદ્વેગ, રહેવો ઘટે. આમાં કઠિન પણ શું છે ? ચારે તરફ નજર નાખો તો દેખાશે કે લોક કેટકેટલી આધિ-ઉપાધિથી પીડાઈ રહ્યું છે. ધ્યાન રાખજો લોકોમાં થોડા ઘણા સુખના ઓળા, સુખના પડછાયા તરફ જોતા નહિ; નહિતર સંસારની ખરેખર દગાખોરી દેખાશે નહિ; કેમ કે દૃષ્ટિ પેલામાં લોભાઈ જશે, સુખના ઓળાની પાછળ તો દુઃખના મોટા ઢગલા પડેલા છે એ ઢગલાને મૂકી પેલા પડછાયા તરફ જોવું એ તો 'બિલાડી દૂધ દેખે, ડંડો નહિ.' એના જેવું છે, પતંગિયાને દીવાની જ્યોતમાં થતાં સુખનાં દર્શન સમાન છે.

કસ્તૂરી મૃગ જંગલ આખામાં કસ્તૂરીની સુવાસનું સ્થળ શોધવા દોડાદોડ કરે છે, પણ ક્યાંથી મળે ? જ્યાં જે નથી ત્યાં તેની શોધ નકામી છે. ઝાંઝવાના નીરમાં સાચા પાણીની આશાએ દોડવામાં પાણી તો નહિ પણ પ્રાણહાનિ મળે છે. એમ દુનિયામાં સુખની શોધના અંતે ખુવારી જ જોવા મળે છે. દુનિયામાં શું કોઈ એક જડ્યો કે જે અહીં નરદમ સુખ મેળવીને નિરાંતે અનંતકાળથી બેઠો છે ? ના, જડે તો એ જ છે કે કાં સુખ મૂકી-મૂકીને ઊઠીને ચાલતા થાય છે, અથવા અહીં આ જન્મમાં જ સુખ લૂંટાયાની પોક મૂકે છે, યા દેખીતા સુખની વચ્ચે કેઈ સંતાપોની વરાળો કાઢે છે. સંસાર અને સુખ ? સુખ શા ? સંસાર એટલે તો સંતાપનો સાર, જેમાં સરવાળે સંતાપ જ જોવા મળે. સરવાળે જે એ જ લાવે એ ઉપદ્રવરૂપ નહિ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

તો શું મંગળરૂપ કહેવાય ? ના, ઉપદ્રવરૂપ જ.

માટે સંસાર ઉપદ્રવરૂપ છે. એવા સંસારની ઘટનાઓ પાછળ મન શા માટે બગાડવું ? સંસાર આખો એટલે કે એનું બધું અનુકૂળ પણ ઉપદ્રવરૂપ જો ભાસી જાય, હૈયે તરવરતું થઈ જાય તો તો પછી લોભ, કપટ, સ્વાર્થપરાયણતા, ઈર્ષ્યા, વૈર, પરચિંતા વગેરેથી ય મન બગડતાં આંચકો લાગશે, પગ પાછા પડશે, જીવને થશે કે 'શા માટે આ માનવ જીવનમાં પ્રાપ્ત મોંઘેરી મનની મૂડીને બગાડું ? 'એક નવું કપડું, નવું ફરનિચર, કે નવું ઘર બગડે નહિ એની સચોટ કાળજી રહે છે, તો એ બધાં કરતાં તે ઘણું ઘણું કિંમતી માનવ મન ન બગડવા દેવાની કાળજી ન રહે ? મન કેટલા રૂપિયામાં ખરીદી શકાય ? કરોડો રૂપિયા આપતાં નહિ ! માટે જ એ મોટી મૂડી છે.

**'चित्तरत्नमसंक्लिष्ट-मान्तरं धनमुच्यते ।'**

ચિત્તરૂપી રતન, પરંતુ તે રાગ-દ્વેષ હર્ષ-શોક વગેરેના સંકલેશ વિનાનું, એ આંતરિક ધન છે. એનાથી દેવલોક અને ઠેઠ મોક્ષ સુધીનાં સુખ ખરીદી શકાય છે. એના બદલે એનો ઉપયોગ તુચ્છ રાગ, વૈર વાળવાનો તુચ્છ આત્મસંતોષ, નમાલા માન-સન્માન વગેરે ઝડપવામાં કરવો એ કોહિનૂર હીરાથી શેર મમરા ખરીદવા જેવું મહામૂર્ખાઈનું કાર્ય છે, સંત મહાત્મા પાસે ઝાડુ વળાવવા જેવું અધમ કાર્ય છે. માનવ મન તો એક સંત પુરુષ છે, એની પાસે તુચ્છ લોભ, પ્રપંચ, ઈર્ષ્યા વગેરે વિષ્ઠા ઉલેચવા જેવાં કાર્ય ન કરાવાય.

મહાત્મા ધનમુનિવરની અંતિમ ભાવનાનો આપણે આ ઉપયોગ કરવાનો છે કે એનાથી મનને ગબડતું અટકાવી ઉમદા વિચારસરણીમાં રમતું કરીએ. એમના જેવા જીવતા સળગી મરવાના ઉપદ્રવ કાંઈ આપણને નથી. માત્ર એની દૃષ્ટિએ મામૂલી પીડાની વાત છે. એ વખતે આપણે સંસારી રહ્યા-બીજાનાં દુઃખમાં નિમિત્ત બની રહ્યાના ખેદની તથા સામાની દયાની અને સંસારની વિલક્ષણતાની વિચારણા કરીએ, એ શીખવાનું છે, એવો અભ્યાસ કેળવવાનો છે.

**ધનશ્રીનું શું થયું ? :-**

સમરાદિત્ય કેવળી ભગવાનનો જીવ ચોથા ભવમાં ધનમુનિવર, એ તો શુભ ભાવનામાં રમતા સ્વર્ગે પહોંચી ગયા. આ બાજુ પેલી એમની સંસારી પત્ની ધનશ્રી જાણે ભય, શંકા, સંકોચ વગેરે અનુભવતી ચિતાને સળગાવી ચંડિકાના મંદિરમાં ગઈ. એના મનને બધા ઊંઘતા હશે, પરંતુ દાસીએ એને પેસતી જોઈ, પૂછ્યું,

'સ્વામિની ! ક્યાં ગયાં હતાં ?'

ધનશ્રી કહે છે, 'કંઈ નહિ, આ તો મધ્યરાત્રિની સંધ્યાએ દેવીને પ્રદક્ષિણા



આપી.'

પણ આટલામાં તો બહાર મોટો ભડકો ઊઠ્યો. દાસીએ આગનો પ્રકાશ જોયો. એના મનને થયું પણ ખરું કે 'આ શાનો પ્રકાશ હશે ?' પરંતુ બહાર જઈને જોવાને બદલે એ તો ઊંઘી ગઈ.

સવાર પડી. સૌ ઊઠ્યા, ધનશ્રીએ દેવીની પૂજા કરી, નોકરોને સન્માન્યા, અને સૌ ઘરે જવા નીકળ્યા. ઉદ્યાનમાં ધનશ્રી, દાસી અને નોકરોએ ખલાસ થઈ ગયેલા મુનિને જોયા. ધનશ્રી તો અંતરમાં ખુશી થઈ; કેમ કે અગ્નિશર્માના ભવે ઊભી કરેલી વૈરની ખણજ ચાલી આવે છે, તે અહીં ચળવાનો સ્વાદ મળ્યો. માનવ જીવનમાં એક યા બીજી આવી વૈરની, વિષયાસક્તિની, ખાનપાનના રસની, માન-સન્માનની, બહુ ભૂખની,...વગેરે ખણજ ભૂંડી છે. એનાં પરિણામ ખતરનાક છે. વૈરાગ્ય અને ઉપશમના ધોધથી એ ખણજો અહીં મરતાં પહેલાં ધોઈ નાખવા જેવી છે, મિટાવી દેવા જેવી છે.

ધનશ્રી તો ખુશ થઈ, પરંતુ દાસી અને નોકરો ચમક્યા ! 'આ શું ?' પૂછે છે ધનશ્રીને 'આ કોણે કર્યું ?'

પેલી કહે છે, 'મને ખબર નથી.' મહાપાપીને જૂઠ અને માયાનો શો હિસાબ ?

દાસી મનમાં ખંચવાણી, વિચાર આવ્યો કે 'મને પહેલાં આ મહાત્મા ક્યાં જઈ રોકાય છે તે તપાસ કરવા મોકલી હતી, અને અર્ધરાત્રિના સમયે આ બહાર પણ નીકળી હતી, તેમ એટલામાં જ મેં મોટો પ્રકાશ પણ જોયો હતો. તો સમજાતું નથી કે બધું આમ કેમ ? મને તો લાગે છે કે આણે જ આ મહાપાપ કર્યું. પરંતુ હું કેવી અભાગિણી કે આના વડે મહાપાપના આદેશમાં હું જોડાઈ ! મહાપાપના ક્ષેત્રમાં મારે પડવું પડ્યું !'

બિચારી નોકરજાત, મનમાં તો આવ્યું, પણ પૂછવાની હિંમત ક્યાં ? મૂંગી-મૂંગી મનમાં વિચાર કરતી ધનશ્રી સાથે ઘરે પહોંચી.

હવે અહીં પેલો ગાડાવાળો કે જેનાં લાકડાં લઈ ધનશ્રીએ ગોઝારું કૃત્ય કર્યું હતું, તે આવ્યો ઉદ્યાનમાં. ત્યાં જુએ છે તો મહામુનિના ક્લેવરનાં હાડકાંમાત્ર પડેલાં જોયાં. આજુબાજુમાં રાખનો ઢેર વેરાયેલો જોયો. તરત કળી ગયો કે આ કોઈએ લાકડાં ખડકી મહામુનિને બાળી મૂક્યા લાગે છે. એને સજ્જડ આઘાત લાગ્યો, 'અરે ! હું કેવો કમનસીબ ! કોઈક દુષ્ટ જીવને મુનિભગવંતને ઘોર ઉપસર્ગ કરવામાં હું સહાયભૂત બન્યો ! આ તો મેં મારા આત્માને દુર્ગતિમાં પાડ્યો ! તો હવે જઈને રાજાને ખબર આપું.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ગરીબ પણ માણસો કેવા પાપના ભીરુ હોય છે ! ગાડાવાળો બાળનારા ઉપર દ્વેષથી ધમધમવાને બદલે પોતે અજાણ્યે પણ પાપમાં સહાયભૂત બન્યાનો સંતાપ કરે છે. સીધી વિચારસરણી. આત્મ વિકાસની વિચારધારા પણ આવી જ હોય છે કે એ જુએ કે પોતે પાપમાં કેટલો જવાબદાર છે, ચાહ્ય સીધો કે આડકતરો જાણ્યે કે અજાણ્યે ! પોતે ક્યાં ભૂલે છે અગર ભૂલ્યો છે ? પોતાનો ક્યાંય પણ દોષ છે કે ?' આ જુએ, આના પર વિચારણા ચાલે તો ઉન્નતિને અવકાશ છે, બીજાનાં જ ચેડાં જોવામાં નહિ, બીજા પર જ ધમધમવામાં નહિ. એમાં તો ઊલટી અવનતિ થાય.

દિવસે અર્ધો પહોર ચઢ્યો હશે ને એ રાજા પાસે પહોંચ્યો અને હકીકત કહી. રાજા કોપાયમાન થઈ ગયો, તરત દંડપાશિક-દંડ બજાવનાર અમલદારને બોલાવી કહ્યું, 'અરે ! જલદી મહર્ષિના ઘાતકને શોધી કાઢો.'

દંડપાશિક ઊપડ્યો, ગયો ચંડિકાના મંદિરે. ત્યાં નોકરડીને એણે પૂછ્યું.

'અરે ! અહીં રાતના કોણ રહી ગયું હતું ?'

પેલી કહે છે, 'કોઈ દુષ્ટ જેવું તો અહીં આવ્યું નથી બાકી જો કહેતા હો તો સમુદ્રદત્તની ઘરવાળી ધનશ્રી રહી ગઈ હતી.'

'પણ એને અહીં રહેવાનું શું કારણ હતું ?'

ઉદ્યાનપાલિકા કહે છે 'એ કાંઈ મને ખબર નથી.'

દંડપાશિક મનમાં વિચાર કરે છે 'અરે ! નથી આજે અષ્ટમી, નથી નવમી, કે નથી ચૌદશ, તો પછી એને અહીં રહેવાનું શું કારણ હશે ? કદાચ પ્રવાસ નિમિત્તે હોય, પરંતુ તે પણ વાત બેસતી નથી, કેમ કે કાલે મંગળવાર હતો, અને છેલ્લા પહોરે વિષ્ટિ, ભદ્રા લાગુ થઈ હતી તેમ વિનિપાત (વ્યતિપાત) યોગ પણ હતો. તો એમાં કાંઈ પ્રવાસનું મુહૂર્ત હોય નહિ, ત્યારે એ કેમ આવી હશે ? ત્યારે બીજું કોઈ અહીં આવ્યું નથી, તો એના વિના બીજા કોણે આ પાપ કર્યું માનવું ? અને દુષ્ટ સ્ત્રી-માણસ સિવાય આવું કાર્ય પ્રાયઃ બીજા કોઈનું સંભવતું નથી. માટે લાવ જાઉં સમુદ્રદત્તના ઘેર, ત્યાંથી જ પત્તો લાગશે કે ખરેખર શું છે ?

દંડપાશિક પહોંચ્યો સમુદ્રદત્તના ઘરે. એને દ્વારપ્રદેશમાં જ દાસી મળી, દાસીને પૂછ્યું.

'અહીં તારી શેઠાણી છે કે નહિ ?'

દાસીએ રાતની બીનાની કલ્પના તો કરી જ હતી, એમાં એકાએક આ દંડપાશિક આવીને પૂછે છે, એટલે ક્ષોભ પામી ગઈ, કહે છે, 'તમારે શું કામ છે ?'



દંડપાશિક કાંઈ જાય એવો નથી. સામાનો અભિપ્રાય કઢાવવા માટે શું કહેવું એ કળામાં હોશિયાર છે. એણે જોયું કે નાક દાબ્યા વિના મોં નહિ ઊઘડે. તરત એણે ભ્રૂકુટિ ચઢાવી રોષથી પૂછ્યું.

'અરે પાપિણી ! મહર્ષિના ઘાતનો બનાવ એટલામાં ભૂલી ગઈ ?'

દાસી ચોંકી ઊઠી, પોતે ગોઝારા કૃત્યમાં નિમિત્ત તો બની જ હતી, એટલે એ નજર સામે તરવરતાં કપાળે કરચલી વળી ગઈ, કહે છે, 'આજે મારી સ્વામિનીએ તે ઋષિભગવાનની તપાસ કરવા મોકલી હતી. બાકી બીજું કાંઈ હું જાણતી નથી.'

દંડપાશિક વિચારે છે, 'બરાબર, એમાં શંકા નથી કે આણે માત્ર તપાસનું કાર્ય કર્યું હોય, પરંતુ એવી તપાસ કરાવવાનું શું કારણ હશે ? લાવ એ પૂછું.' પૂછે છે,

'સુંદરી ! કાંઈ ભય કે શંકા રાખીશ મા. પણ મને એ કહે કે શું ધારીને એણે તને મહર્ષિની તપાસ માટે મોકલી ?'.

દાસી કહે છે, 'આર્ય ! શું કહું ? કાલે ત્રીજા પહોરે તે મહાત્મા ભિક્ષાનિમિત્તે અહીં પેઠા, પરંતુ ભિક્ષા લીધા વિના જ તે તરત જ પાછા નીકળી ગયા. એટલે એમને નીકળતા જોઈને સ્વામિનીએ મને કહ્યું મંજરી ! જાને જરા જોઈ આવને કે આ સાધુ ક્યાં રોકાય છે ? ખબર લઈ આવી તરત મને જણાવ, સ્વામિનીના આદેશથી હું તરત ગઈ, અને જોયું કે મહાત્મા તો ક્યાંયથી ભિક્ષા લીધા વિના ઉદ્યાનમાં જઈ ધ્યાનમાં ખડા રહ્યા. તે આવીને મેં સ્વામિનીને કહ્યું, બાકી તપાસ કરાવવાનું એને શું કારણ હતું તે હું જાણતી નથી.'

દાસીએ હતી એવી વાત કહી દીધી, દંડપાશિક એ સાંભળીને પૂછે છે, 'તે પછી ત્યાં જઈને એણે શું કર્યું.

'આર્ય ! કાંઈ નહિ. એ મહાત્માને એણે વંદના સરખી ન કરી. માત્ર ચંડિકાદેવીની પૂજા કરી.'

સાંભળીને દંડપાશિક મનમાં તોડ કાઢે છે કે 'બસ, આ જ કુળદેવતાની પૂજાનું બહાનું કાઢી એણે પોતાના પરિવારને પણ ઠગ્યો લાગે છે; ઠગીને એણે મહર્ષિને મારી નાખ્યા હશે. માટે હવે એ સમુદ્રદત્તની પત્નીને જ મળું, એટલે એના મોઢાના વિકાર પરથી જ માપ કાઢી લઈશ.'

દંડપાશિક ગયો અંદર. જ્યાં એ ધનશ્રી પાસે જઈને ઊભો કે પેલી ક્ષોભ પામી ગઈ, દંડપાશિકે એનો ભાવ પરખી લીધો. પછી કહે છે.

'મહારાજાએ મને મહર્ષિના ઘાતકની તપાસ અર્થે મોકલ્યો છે, ને હું જાણવા માગું છું કે કોણ ઘાતક છે ? તમે ત્યાં ચંડિકાના મંદિરમાં સૂતાં હતાં એ વાતની મને ખબર પડી છે. તો ચાલો મહારાજા પાસે જઈએ.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

આ સાંભળીને ધનશ્રી ક્યાં ઊભી રહે ? એ તો એકદમ ગભરાઈ ગઈ, અને ભયની મારી કંપતી-કંપતી જમીન પર પડી ગઈ.

દંડપાશિક સમજી ગયો કે 'નક્કી એ દુષ્ટ કાર્ય આણે જ કર્યું છે, નહિતર વળી આટલો ભય શાનો લાગે ?' ધનશ્રીને એણે પછી તો ખૂબ તતડાવી, એનો ફિટકાર કર્યો, લોક ભેગું થઈ ગયું.

આ બાજુ નંદ કંઈક બહાર ગયેલો તે પાછો ઘરે આવે છે ત્યાં બહારથી જ લોકમાં ચાલી પડેલી વાત સાંભળી ગભરાયો, હવે શું કરવું ? ઘરમાં પેસવું ? એના મનને થયું કે 'મર્યો ! હું ઘરમાં ગયો તો વળી હું પણ પકડાઈશ, અને ધનશ્રી સાથે મારે પણ રાજા પાસે જવાનો અવસર આવશે માટે લાવ ભાગવા દે.' એટલે એ તો બહારથી ને બહારથી પલાયન થઈ ગયો.

સંસારમાં કોણ કોનું છે ? એમાં વળી પાપીને કોણ સાથ આપી પોતે ય ફસામણીમાં પડે ? સંસારમાં એક વાત છે 'સૌ સૌનું ચરી ખાઓ, કોઈના દુઃખમાં કોઈ ભાગ લેવા તૈયાર નથી.' નાહકના કુટાઈ મરો છો, અંતે એકલાને જ પાપના વિપાક ભોગવવા પડવાના છે.

નંદ નાઠો. ધનશ્રીને દંડપાશિકે લઈ જઈ રાજા સામે ખડી કરી, અને રાજાને બધી હકીકત જણાવી.

રાજાએ એને નિહાળી અને વિચારે છે કે 'અહો ! કેમ આવી આકૃતિવાળી આણે આવું નિર્દય કામ કર્યું હશે !' એને રાજા પૂછે છે.

'તું ચંડિકાના મંદિરે શા કારણે ગઈ હતી ?'

અત્યાર સુધી બીજાને ઊઠાં ભણાવનારી આ ધનશ્રી રાજાનો પ્રશ્ન સાંભળી ક્ષોભ પામી ગઈ, કાંઈ ઉત્તર ન આપ્યો.

રાજાને શંકા પડી ગઈ, થોડી વારે ફરી પૂછ્યું, 'ક્યાંથી આવી છે ? અથવા તું કોની દીકરી છે ?'

ધનશ્રી કહે છે, 'સુશર્મનગરથી; હું પૂર્ણભદ્રની દીકરી છું અને સમુદ્રદત્તની પત્ની ધનશ્રી છું.

રાજાએ સમુદ્રદત્તની તપાસ કરાવી, પણ એ મળે શાનો ? એ તો છૂ થઈ ગયો હતો. એટલે મળ્યો નહિ. હવે શું કરવું ? ધનશ્રી બીજું કાંઈ કહેતી નથી, તો એને એકદમ ગુનેગાર કેમ ઠરાવાય ? રાજા અત્યંત શુદ્ધ સ્વભાવવાળો છે, 'પ્રજાપાલ' તરીકેનું નામ યથાર્થ ધરાવે છે, એટલે વિચાર કરે છે કે, 'આ મંદિરે સૂવાનું શું પ્રયોજન હતું તે કદાચ મારી આગળ નથી કહી શકતી; પરંતુ વિશ્વાસ પડ્યેથી કહેશે માટે હમણાં આને અટકાયતમાં રાખવી અને દરમિયાન એના કુળની



સંસ્કાર-પરંપરા કેવી છે તે જાણવા માટે એના બાપ પાસે તપાસ કરવી.'

આમ વિચાર કરીને રાજાએ એક કાગળ આપી માણસને ધનશ્રીના પિતા પૂર્ણભદ્ર પાસે સુશર્મનગર મોકલ્યો અને ધનશ્રીને અટકાયતમાં રાખી રોજ માણસ પાસે પુછાવે છે કે મંદિરે શા કારણે ગઈ હતી ? ધનશ્રી કાંઈ પણ બોલતી નથી. વૈર વગેરેના અનુબંધ કેટલી ભયાનક વસ્તુ છે કે ભવોભવ ભયંકર કૃત્ય કરાવે અને પાછું એવા દુઃખદ સંયોગમાં મુકાવે કે પોતાને કેટલુંય હેરાન થવું પડે. કોઈપણ આત્મદોષને અહીં મહાલવા દેવામાં, એનો કોઈ ડંખ-ખટકો-ભય નહિ પણ એને નિશ્ચિન્તપણે મમતાથી સેવ્યે જવામાં ભાવી ભવપરંપરા બગડે છે.

રાજાનો કાગળ લઈ જનારો માણસ પાછો આવ્યો. અને લાવેલો ઉત્તર રાજાને સોંપ્યો. રાજાએ તે વાંચ્યો. એમાં શું લખ્યું હતું ? આ જ કે 'મારી પુત્રી ધનશ્રી છે, એ વાત સાચી પરંતુ તે કુળદૂષણા નીવડેલી છે.'

બસ, આ વાંચતાં રાજાના મનને થયું કે 'અહો ! ત્યારે ચોક્કસ આણે જ મહર્ષિનો ઘાત કર્યો. કેટલું નિર્દય કામ કર્યું આણે !! ખરેખર આ મહાપાપી સ્ત્રી અકાર્ય કરવાને ટેવાયેલી જ છે. ઉત્તમ કુળમાં જન્મીને આ ? તે ય વિશ્વબંધુ-મહામુનિનો ઘાત ! અહો કેટલી એની મૂઢતા ! કેવું ભયંકર મહાપાપાચરણ ! કઈ હદનું ક્રૂર હૃદય ! એ તો મહાદયાળુ અને કોઈને ય લેશ પણ નહિ દૂભવનારા મહર્ષિને સળગાવી મૂક્યા ? કોઈ હલકો લોક પણ આવું ગોઝારું કૃત્ય ન કરે. તો આની કેવી લોકથી પણ નીચી સ્થિતિ ! કેટલું અવિચારી કૃત્ય !'

રાજાને ગુસ્સો તો ઘણો ચઢ્યો છે, અને પેલીનો ગુનો પણ એટલો ઉગ્ર છે, એટલે દેહાંતદંડ સિવાય બીજી સજા પામે નહિ, પરંતુ સ્ત્રી એ વધ કરવા યોગ્ય નહિ એમ માનીને રાજાએ એને પોતાના રાજ્યમાંથી હાંકી કઢાવી. એ ચાલતી દિવસના અંતે ભૂખી ને તરસી ગામના મંદિરે પાસે સૂઈ ગઈ, એનું પાપ જાણે સર્પ થઈને એને ખાવા આવ્યું. તે રાતના એને સર્પ કરડ્યો એના ઝેરની અતુલ વેદના ઊઠી, મહાક્લેશમાં પીડાઈને એ મરી **ત્રીજી નરકમાં** સાત સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થઈ. ટૂંકા મનુષ્ય જીવનમાં સેવેલી દુષ્ટ લેશ્યા અને કરેલી કાળી કાર્યવાહીનાં રૌદ્ર દુઃખો અસંખ્ય વર્ષના લાંબા નરકના જીવનમાં ભોગવતી થઈ ગઈ !

(**તંત્રી નોંધ** - સમરાદિત્ય કેવળી મહર્ષિના ચોથા ભવનો અધિકાર અહીં પૂર્ણ થાય છે. ઘણા વખતથી એ દિવ્યદર્શનમાં પ્રગટ થતો રહ્યો છે, અને એમાં અવાંતર અનેક જીવનોપયોગી વિચારણા અપાતી રહી છે.)

**હવેથી સ્વતંત્ર વિષય પરનાં વ્યાખ્યાન હાલ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**: સમરાદિત્ય ભવ - ૪ - સમાપ્ત :**



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

# રૂપસેન અને સુનંદા

## રાગ-દ્વેષાદિ કેમ મહાલે છે ?

**વિરતિને પામનારો શૂરવીર હોય છે.**

પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનમાં અનેક વિશિષ્ટ પદાર્થોમાં મોક્ષની મહા સાધનારૂપે વિરતિની જરૂરિયાત કહી. આ પણ એક વિશિષ્ટ વસ્તુ છે. અસર્વજ્ઞોના મતોમાં વિરતિને એટલું મહત્ત્વ નથી આપ્યું. પાપથી પાછા હટવાનું ત્યાં કહ્યું છે, પણ જો જો એમ ને એમ પાપથી પાછા હટવું અને પ્રતિજ્ઞાપૂર્વક પાપથી પાછા હટવું, એ બેમાં અંતર છે. તે આ અસર્વજ્ઞોની દૃષ્ટિમાં ન આવ્યું. અનંત જ્ઞાનીઓના અનંત જ્ઞાનમાં આ દેખાય છે, જીવ અનાદિનો છે, સંસાર અનાદિનો છે, એ વાત સાબિત કરે છે કે સંસારના કારણરૂપ પાપ સાથે જીવને દોસ્તી અનાદિની છે. એ દોસ્તીનો અંત લાવવા મનમાંથી પણ પાપની અપેક્ષા કાઢી નાખવી જોઈએ, એ માટે પ્રતિજ્ઞા યાને વિરતિ છે, પ્રતિજ્ઞા ન હોય તો થાય, ‘હાલ તો પાપ નહિ કરું, પણ અવસર આવે કરવું ય પડે.’ મન ઊંચું નીચું થાય. મિત્ર એમ કહે, ‘અવસરે જરૂર આવીશ,’ એટલે થાય કે, અવસરે કામ અટકશે નહિ, જરૂર પડશે તો જરૂર ભેગો થશે. પ્રતિજ્ઞા હોય તો એમ થાય કે, ‘પાપથી વિરતિ કરી છે, હવે દોસ્તીનો અંત, હવે પાપ કરવાની વાત નહિ, બહુ કર્યું, ભલે અગવડ પડે, કષ્ટ પડે, પણ પાપ ન જોઈએ.’ વિરતિથી આત્માનું આખું ઓજસ ફરી જાય છે. ખાલી (એમ ને એમ) પાપથી નિવૃત્તિ અને પ્રતિજ્ઞા સાથે પાપથી નિવૃત્તિ એ બેમાં અંતર એ છે કે પેલો માયકાંગલો હોય છે જ્યારે વિરતિને પામનારો શૂરવીર હોય છે.

**વિરતિનો મહિમા -**

સભામાંથી :- અન્ય દર્શનમાંય મોટી તપશ્ચર્યાઓ કરે છે ને ?

**ઉ.**- હિંસાદિ પાંચ પાપોના પરિહારની પ્રતિજ્ઞા ન હોય તો એકલા તપની કિંમત કેટલી ? તપ એ તો સંયમનો અલંકાર છે, મડદા પર અલંકાર ચઢાવે તો શોભે ? શોભા અલંકારની છે, મડદાની નથી. અજ્ઞાન, અસંયમ (અવિરતિ) મડદું છે, ગમે તેવો તપ કરે એની કિંમત નથી.

**પ્ર.**- તપ વિરતિને લાવે કે નહિ ?

**ઉ.**- જરૂર લાવે પણ શુદ્ધ આશય હોય તો. બીજા કોઈ આશય માટે તપ ન



હોય તો સમ્યગ્દર્શન પમાડવા દ્વારા તે તપ વિરતિની નજીક આત્માને લાવે, પણ તે માટે જે શાસનમાં વિરતિ વિરાજમાન છે તે શાસનનો સંયોગ તો થવો જોઈશે ને ? માટે તો કહ્યું, તામલી તાપસને જિનશાસનની પ્રાપ્તિ વિના, સમ્યક્ત્વની ગેરહાજરીમાં તપ થયો, પણ તે સમકિતીના નવકારશી તપનેય તોલે નહિ ! તપ કેવો કર્યો ? મહાન તપ કરતાં કરતાં એને સાઠ હજાર વર્ષનાં વહાણાં વાયાં ! છતાં આ શાસને એના કરતાં સમ્યગ્દૃષ્ટિના નવકારશીનો મહિમા વધારે ગાયો છે. માટે કહી શકાય કે એ તપની અવસ્થા અને સાથે ઘરબાર છોડી વનવાસીપણું છતાં જિનશાસનનો સંયોગ નહોતો, સમકિત નહોતું, પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગ નહોતો, તેથી એનો એવો મહિમા નહિ.

**પ્ર.**- તામલી તાપસે શું પ્રતિજ્ઞાપૂર્વક ઘરવાસ તથા ધન વગેરેનો ત્યાગ નહિ કર્યો હોય ? જિનશાસનનો સંયોગ ન મળ્યો હોય, સમ્યક્ત્વ ન આવ્યું હોય છતાં કોઈ પ્રતિજ્ઞા કરે કે મારે હિંસા ન કરવી, જૂઠ ન બોલવું, માલમિલકત ન રાખવી...વગેરે, તો એનામાં શું વિરતિ આવી ન ગણાય ?

**ઉ.**- ના, સમ્યક્ત્વ વિના વિરતિ નહિ. આ એક સમજવા જેવી વસ્તુ છે. અભવ્ય જેવા જીવો પણ અવસરે ચારિત્ર લે છે, ત્યાં હિંસાદિ પાપોના સર્વથા ત્યાગની પ્રતિજ્ઞા કરે છે, પરંતુ એમને વિરતિભાવ નથી આવતો, છટ્ઠું ગુણસ્થાનક નહિ, એ તો પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે જ રહેલા હોય છે. આનું કારણ એ છે કે સાચા વિરતિભાવ માટે ત્રીજી કષાય-ચોકડીને દબાવવાની જરૂર છે, પણ તે પહેલી કષાય-ચોકડી દબાવી હોય તો જ બની શકે, કેમ કે પહેલી ચોકડી ભારે જબરી છે, એ દબ્યા વિના ઓછી જબરી તો દબે જ શાની ?

કષાય-ચોકડી એટલે ક્રોધ-માન-માયા-લોભ એ દરેક પાછા ચાર જાતના-

**(૧) અનંતાનુબંધી** અર્થાત્ આંધળા, સંકોચ-ખટકારા વિનાના; પછી ભલે તે ગુસ્સો હોય, દ્વેષ હોય, અભિમાન-અહંત્વ-માનવૃત્તિ હોય, માયા-કપટ-પ્રપંચ હોય કે લોભ-મમતા-મૂર્ચ્છા-તૃષ્ણા યા હર્ષ-ઉદ્વેગ-શોક કે કામ, રાગ, આસક્તિ હોય, જો એ આંધળા થઈને કરાય છે, એમાં કશું ખોટું લાગતું નથી, અકર્તવ્ય, પાપરૂપ વગેરે કશુંય લાગતું નથી, તો એ કષાયો અનંતાનુબંધી છે. એના અનુબંધ અર્થાત્ પરંપરા ક્યાં સુધી ચાલશે તે કાંઈ કહેવાય નહિ. આ અતિ જબરા છે.

**(૨) અપ્રત્યાખ્યાનીય** એટલે કે અપ્રત્યાખ્યાન-પચ્ચક્ખાણન આવવા દે. જ્યારે અનંતાનુબંધી કષાય રોકાઈ ગયા ત્યારે ક્રોધ-લોભ વગેરેમાં અંધ બનવાનું અટક્યું, પરંતુ આ કષાય હૃદયમાં હોય એ ઈષ્ટ વિષયો પર એવી જાતના રાગ, લોભ, મમત્વ વગેરે કરાવે છે અને અનિષ્ટ વિષય પર એવી અરુચિ વગેરે કરાવે છે, કે પચ્ચક્ખાણનો



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ભાવ જાગતો નથી, સમજે છે ખરો કે આ રાગાદિ ખોટા છે, અહિતકારી છે, પરંતુ છોડવાની જીગર નથી, એટલા પ્રમાણમાં એ રાગાદિ જોરદાર છે.

(૩) **પ્રત્યાખ્યાનાવરણ કષાય** વળી એવી જાતના રાગ-દ્વેષાદિ છે કે એ પાપોનો ત્યાગ સંપૂર્ણ તો ન કરવા દે, અર્થાત્ કંઈક અંશમાં એના ત્યાગની પ્રતિજ્ઞાના ભાવ જાગવા દે છે, પરંતુ સંપૂર્ણ સર્વથા ત્યાગના પચ્ચક્ખાણનો ચિત્તપરિણામ નથી જાગવા દેતા. શ્રાવકપણામાં 'હાલતા ચાલતા નિરપરાધી જીવોની હિંસા ન કરવી' વગેરે સ્થૂલથી પચ્ચક્ખાણ, અણુવ્રત જે આવે છે તે પ્રથમની બે કષાય ચોકડી દબાઈ જવાથી અને આ ત્રીજી ચોકડી ઉદયમાં રહેવાથી, કેમ કે આના ઉદયે ઘર, પૈસા, કુટુંબ વગેરે પર મમત્વ, એના પર આક્રમણ કરનાર પર અરુચિ-દ્વેષ, અમુક જાતના અહંત્વ, વગેરે ખોટા સમજવા છતાં એવા નડે છે કે સર્વત્યાગ કરી શકતો નથી. જ્યારે અંતરમાંથી એ આસક્તિ-મમત્વ વગેરેને ફગાવી દે, ત્યારે સંપૂર્ણપણે હિંસાદિ-ત્યાગના પચ્ચક્ખાણનો ઉલ્લાસ પ્રગટે છે, આત્મા એ પાપોથી પ્રતિજ્ઞાબદ્ધ છૂટો થાય છે. એ સાચી વિરતિ છે, સર્વ વિરતિ છે. પણ હજી,

(૪) **સંજ્વલન કષાયના** ઘરના રાગ-દ્વેષ, આસક્તિ વગેરે ઉદયમાં હોવાથી સંપૂર્ણ વીતરાગભાવ નથી આવવા દેતા. સાધુ થયો પરંતુ હજી આ કષાય સહેજ ભભૂકી જાય છે. એ તો જ્યારે પુરુષાર્થનો વધતો પ્રવાહ રાખી પરવસ્તુ માત્રથી, પરભાવ માત્રથી અલિપ્ત-અનાસક્ત-ઉદાસીન બનીને આ ઝીણા અતિ મંદ પણ કષાયને જડમૂળમાંથી ઉખેડી નાખશે ત્યારે વીતરાગ દશા પ્રાપ્ત થશે.

**પ્રતિજ્ઞાના મૂળમાં શું જરૂરી ?**

આ ઉપરથી સમજાશે કે વિરતિ એટલે કે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિપાપ-ત્યાગ. ખરેખર કષાયત્યાગના ઘરનો હોય તો એ ત્યાગને, એ વિરતિને ગુણરૂપ કહી શકાય; એમાં ઉપરનું ગુણસ્થાનક આવે. એવી સાચી વિરતિ માટે જરૂરી કષાયત્યાગમાં પહેલાં તો અતિ જબરા અનંતાનુબંધી કષાય છોડવા પડે છે. તે પછી જ એનાથી ઓછા જબરા અપ્રત્યાખ્યાનીય કષાય છૂટી શકે છે; અને અતિ જબરાને છોડવા માટે સાચું દર્શન, સમ્યગ્દર્શન જોઈએ છે. એ દર્શન સર્વજ્ઞ વીતરાગ અરિહંત પ્રભુનું શરણ અને એમનાં વચન પકડવાથી જાગે છે.

**સર્વજ્ઞ-શાસનનું મહત્ત્વ :**

મનમાં અ-વીતરાગ અ-સર્વજ્ઞ દેવનું શરણ બેઠું.....................

બન ધરાયું હોય ત્યાં મન સામે આદર્શ જ ખોટો છે, અને સંપૂર્ણ સત્ય તત્ત્વનું આલંબન જ મળ્યું નથી. એની શી રીતે પાપની સૂક્ષ્મ કોટિ સુધી દૃષ્ટિ જ પહોંચી શકે ? પછી એ ત્યાજ્ય છે, અકર્તવ્ય છે, એવી શ્રદ્ધા જ ક્યાંથી ઊભી



થાય ? 'સૂક્ષ્માતિસૂક્ષ્મ કષાય પણ અંતે ત્યાજ્ય જ છે'- એમ સર્વ કષાયના ખોટાપણાનો ભાસ ક્યાંથી તરવરે ? જો આ નહિ, તો એનો અર્થ એ છે કે આમ બહારથી મોટા તાપસ, સંન્યાસી, સંસારત્યાગી બનવા છતાં અંદરખાને જોર તો અનંતાનુબંધી કષાયનું જ બેઠેલું છે. ધ્યાન રાખજો કે એ અતિ જબરા કષાય છે, એનો અર્થ એ નથી કે હંમેશાં એ ધમધમાટ જ કરતા હોય; ના, કષાયોના ધમધમાટ ન ય દેખાય, પરંતુ સંપૂર્ણપણે ત્યાજ્યતાનો હાર્દિક ભાસ નહિ, એવો ભાવ ન થાય; એ એનું (અનંતાનુબંધી) આંતરિક સ્વરૂપ છે. એવા ભાસમાં કારણભૂત અ-સર્વજ્ઞ અ-વીતરાગ દેવનું શરણ અને એમના વચનનું આલંબન છે. આ અનંતાનુબંધી કષાય જીવને પહેલે ગુણસ્થાનકે જકડી રાખે છે, મિથ્યાત્વ-અવસ્થામાં પકડી રાખે છે.

**મોક્ષરાગી પણ જો મિથ્યાત્વે, તો સંસાર રાગી ? :-**

હવે જુઓ કે મોટા તામલી તાપસ, ભર્તૃહરિ અને પતંજલિ ઋષિ જેવા કે જેમને સંસાર યાવત્ સ્વર્ગનાં સુખ પણ ખારાં ઝેર જેવાં લાગ્યાં હતાં તથા એ એક માત્ર મોક્ષના રાગી બન્યા હતા અને સંસાર ત્યજી સંન્યાસ માર્ગે રહ્યા હતા, એમને પણ આદર્શ કાંઈ સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવનો નહિ અને આલંબન જિનવચનનું નહિ હોવાથી, એ અનંતાનુબંધી કષાયની પકડમાં હતા, માટે જ મિથ્યાત્વ ગુણસ્થાનકે હતા, તો પછી જે અભવી-દુર્ભવી જીવો ભલેને જૈન શાસનનો સાધુમાર્ગ અપનાવી લે અને હિંસાદિ પાપોનો સર્વથા ત્યાગ કરવાની પ્રતિજ્ઞા પણ ઉચ્ચરી લે, છતાં એમના દિલમાં એની પાછળ સ્વર્ગાદિનાં સુખનો જ રાગ બેઠો છે, અને તેમાં કાંઈ ગેરવાજબીપણું લાગતું નથી, તો એ કેવા અનંતાનુબંધી કષાયની પકડમાં ગણાય ? એમને આમ ચારિત્ર છતાં એ મિથ્યાત્વ ગુણસ્થાનકે પડ્યા હોય એમાં પૂછવાનું શું ?

**ભરતચક્રવર્તી વગેરેને ઘરમાં બેઠે કેવળજ્ઞાન કેમ ? :-**

આ ઉપરથી સમજાશે કે હિંસાદિ પાપો માત્ર બંધ કર્યાં એટલું જ નહિ પરંતુ એ પાપ ન સેવવાની પ્રતિજ્ઞા પણ કરી લીધી છતાં વિરતિ આવે જ એવો નિયમ નહિ, કિન્તુ જો એ પ્રતિજ્ઞાપૂર્વકનો પાપત્યાગ કષાયની ત્રણેય ચોકડીને દબાવવાના ઘરનો હોય, દબાવવાપૂર્વકનો હોય તો એ સર્વવિરતિ કહેવાય અને બે ચોકડી દબાવીને કર્યો હોય તો દેશવિરતિ કહેવાય. પછી કદાચ એવું ય બને કે બહારથી હાથ જોડી પ્રતિજ્ઞા પણ ન કરી હોય, છતાં અંતરથી શુભભાવોલ્લાસમાં ચડતાં કષાયની એ ચોકડીઓને દાબી તો જીવ વિરતિભાવ પામ્યો અને એથીય આગળ વધતાં જો ચોથી સંજ્વલન કષાયની ચોકડીને પણ દબાવી, ઉપશાંત કરી કે ક્ષીણ કરી નાખી, તો જીવ વિરતિભાવના ગુણસ્થાનકેથી આગળ વધ્યો તે ઠેઠ વીતરાગ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અવસ્થાએ પહોંચી ગયો ! ભરતચક્રવર્તી, પૃથ્વીચંદ્ર, ગુણસાગર, ઈલાચીપુત્ર વગેરે મહાત્માઓ ઉત્કૃષ્ટ શુભ ભાવનાના બળે એ રીતે કષાયોનો વિધ્વંસ કરી વીતરાગ કેવળજ્ઞાની બન્યા છે ને ? હજી, તો સંસારી ગૃહસ્થ વેશે રહ્યા છે, બહારથી ગુરુ પાસે પાપત્યાગની પ્રતિજ્ઞા નથી ઉચ્ચરી, છતાં આભ્યન્તર અનાસક્ત ભાવમાં ચડવા પર કષાયોના ચૂરા કરી નાખ્યા ! ઉપર વિરતિભાવ અને વીતરાગભાવ સુધી પહોંચી ગયા ! એટલે મુખ્ય વસ્તુ કષાયોનો નાશ કરવો તે છે.

**પ્ર.**- તો શું આનો એ અર્થ નથી કે તો પછી ઘરમાં પાપમાં બેઠે બેઠે કષાય નાશ કરી શકાય, વિરતિ લેવા હાથ જોડીને બાધા કરવાનું શું કામ છે ?

**ઉ.**- ના, એ અર્થ નથી, કેમ કે પાપત્યાગની પ્રતિજ્ઞા ચીજ એવી છે કે જો એમાં ઈરાદો મેલો ન હોય તો એ કષાયના નાશને લાવી આપે છે, ત્યારે જો કષાયનો નાશ થઈ ગયો છે તો એ પ્રતિજ્ઞા સાથે પાપત્યાગ કરાવી જ દે છે. પેલા ભરતચક્રવર્તી જેવા મહાત્માઓને તો બહારથી પ્રતિજ્ઞા કરવા જેટલો અવસર નહોતો એટલી બધી ઝડપથી ભાવના અને ધ્યાનનો પારો વધારતા ચાલ્યા કે કષાય ચોકડીઓનો નાશ કરતાં કરતાં ઠેઠ સર્વથા નાશ કરી વીતરાગ સર્વજ્ઞ બની ગયા ! માટે વચમાં પ્રતિજ્ઞા ઉચ્ચરવા થોભ્યા નહિ. છતાં કેવળજ્ઞાની બન્યા પછી તો ગૃહસ્થપણું ન રાખ્યું, સાધુપણું-સાધુવેશ લઈ નીકળી પડ્યા. જીવન હવે મનના પણ કોઈ પાપ વિનાનું સર્વથા નિષ્પાપ જીવન જીવવાનું કર્યું.

એટલે સમજી શકાશે કે કષાયો છોડી દઈએ અને વિરતિ, બાધા, પચ્ચક્ખાણ ન કરીએ તો ક્યાં વાંધો આવે ? આવો પ્રશ્ન અજ્ઞાનતાનો છે.

**કેવળજ્ઞાની ભરતાદિને પ્રતિજ્ઞા વિના સાધુપણું કેમ ? :-**

**પ્ર.**- વિના વિરતિએ સાધુજીવન ? ભરતચક્રી વગેરે ઘરમાં કેવળજ્ઞાની બન્યા પછી સાધુ તરીકે બહાર નીકળ્યા, ત્યાં હિંસાદિ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા તો કરી નહિ, વિરતિ લીધી નહિ, તો શું પ્રતિજ્ઞા, વિરતિ વિના સાધુપણું હોય ?

**ઉ.**- હોય પણ ખરું અને ન પણ હોય. એ માટે વિરતિનું રહસ્ય સમજવું જોઈશે. સામાન્ય રીતે આપણે વિરતિને પાપત્યાગની પ્રતિજ્ઞા કે પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગ સમજીએ છીએ. હવે એટલું વિચારો કે કરવાની વસ્તુ તો પાપત્યાગ છે, એની પ્રતિજ્ઞાની શી જરૂર છે ? જરૂર આ છે કે મન ચોર છે, આપણને ક્યારે ઠગી જાય એનો પત્તો નહિ ! એટલે પાપત્યાગમાંથી મન પાપસેવનમાં ક્યારેક ચાલ્યું ગયું પછી કાયા પણ એમાં પડવા તૈયાર થઈ તો એને રોકનાર કોણ ? કેમ કે પ્રતિજ્ઞા તો છે નહિ, અને કષાયો કરાવનાર કષાય મોહનીય કર્મના ક્યારેક કોક ઉદય થઈ જતાં કષાયો જાગવા સંભવિત છે. એ જાગ્યા એટલે મનને પાપમાં લઈ જાય,



મનમાં પાપ લઈ આવે, એ બનવાજોગ છે. આ બધું અટકાવે કોણ ? પ્રતિજ્ઞા માટે પ્રતિજ્ઞાની જરૂર છે. એથી મન એને બંધાઈ જાય છે કે 'મારે તો પ્રતિજ્ઞા છે, હવે એ પાપની દિશા જ મારે નહિ' આ પ્રતિજ્ઞા પેલા મોહનીય કર્મ સાથે ઝગડે છે, એનો વિપાક-ઉદય, રસોદય નથી થવા દેતા. આમ મનમાં પાપને પેસતું અટકાવે છે. પ્રતિજ્ઞા અર્થાત્ વિરતિનો મન પર ભાર રહે છે.

હવે જુઓ કે કેવળજ્ઞાની બનેલાને તો (૧) મનમાં ય પાપ પેસવાને કે (૨) કષાય-ઉદયને કોઈ જગા જ નથી; કેમ કે,

(૧) વિચારણા કરવા જરૂરી ભાવ મન એમનું હોતું જ નથી. પોતે કેવળજ્ઞાની છે, ભૂત-ભવિષ્ય-વર્તમાન બધું જ પ્રત્યક્ષ નિહાળી રહ્યા છે, હવે વિચાર શાના પર કરવાનો ? વસ્તુ નજર સામે તરત દેખાતી નથી એટલે આપણે એનો વિચાર કરવો પડે છે. સર્વજ્ઞને બધું જ નજર સામે છે એટલે વિચાર હોય નહિ, પછી પાપનો વિચાર જાગવાની વાત જ શી ? બીજું,

(૨) એમને સિલકમાં કોઈ કષાયાદિ-મોહનીય કર્મ છે જ નહિ, તો ઉદયને જગા જ ક્યાં ? અને મોહનો ઉદય જ નહિ તો પાપ કોણ પેસાડે ?

આમ બંને દૃષ્ટિએ જોતાં મનમાંય પાપ ઊઠવાનો સંભવ જ નથી. તેથી પ્રતિજ્ઞા શાની કરવા બેસે ? ત્યારે આપણે કર્મવશ છીએ, પ્રતિજ્ઞા કરીએ તો કષાય દબાયેલા રહે, પાપ મનમાંય આવતું અટકે. માટે આપણે વિરતિ ઉચ્ચરવી પડે, કેવળજ્ઞાનીને નહિ. છતાં જીવન કેવું ? કાયાથી તો શું પણ મનના ય પાપ વિનાનું, કારણ કે પાપનો વિચાર કરનારું મન જ નથી, તેમજ પૂર્વે કહી આવ્યા તેમ મુખ્યપણે વિરતિભાવ એટલે કષાયક્ષય એમને છે જ, હવે શાશ્વતો છે.

આપણાથી એમનો ચાળો ન કરાય, કેમ કે સંકલ્પ-વિકલ્પ અને વિચારો કરનારું મન બેઠું છે, તથા કષાય મોહનીય કર્મ પણ ઊભાં છે. એને દબાવી રાખવા વિરતિ, પાપ ત્યાગની પ્રતિજ્ઞા કરવી પડે તેમ પાછો કષાય મોહ જાગે નહિ તેથી મન પર પ્રતિજ્ઞાનો મોટો ભાર સદા રાખવો પડે. પ્રતિજ્ઞાથી કષાયની ચોકડીઓને દબેલી જ રાખવાની.

એટલે હવે સમજાશે કે મિથ્યાદૃષ્ટિ આત્મા ભલે ને વનવાસી તાપસ બને, કે અભવી-દુર્ભવી જીવ ભલે ચારિત્ર લઈ મહાવ્રતધારી બને, પરંતુ મૂળમાં અનંતાનુબંધી કષાયને રોક્યા નથી પછી ઉપરના અપ્રત્યાખ્યાનીય વગેરે કષાયો અટકાવવાની વાતે ય શી ? તે જો નહિ, તો સાચો વિરતિભાવ નહિ.

**અનંતાનુંબંધી મિથ્યાત્વનું સહિયારું :-**

ત્યારે જૈનશાસન મળ્યું છે એને તો લીલાલહેર થઈ ગઈ ! કેમ કે અનંતાનુબંધી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કષાયો તો ઊપડી જ ગયા ને ? ઉતાવળા થતા નહિ, એમ એ સુંવાળા નથી કે ચાલતી પકડે. અનંતાનુબંધી રાગદ્વેષાદિ કષાયો અને મિથ્યાત્વને સહિયારું છે. અનંતાનુબંધી નિર્ભીકપણે રાગાદિ કરાવનાર છે, મિથ્યાત્વ એના ગુણદોષમાં અંધાપો દેનાર છે. અંધાપો હોય ત્યાં સુધી રાગાદિથી શું કામ ભડકે ? અને નિર્ભીક રાગાદિ હોય ત્યાં સુધી વસ્તુતત્ત્વની ઓળખ ક્યાંથી થાય ? તો હવે બચવું શી રીતે ? કહો સાચી ઓળખ કરી લઈ અંધાપો ટાળવો. પરંતુ ઓળખ થયાનો ભ્રમ ન થાય એ જોજો. સાચી ઓળખ કરવા સાથે રાગાદિનું જોર ઓછું કરવું પડશે. રાગ-દ્વેષ, હર્ષ-શોક તથા કર્મબંધનની પકડમાં ભડક ઊભ કરવી પડશે.

**જનમ જનમ શું કર્યું છે ? :-**

ભૂલશો નહિ અનાદિ અનંતકાળથી આ રાગ-દ્વેષ અને હર્ષ-શોક તથા કર્મના વર્ચસ્વ નીચે કચડાયા કરવાની અધોગતિની ખીણમાં આપણો આત્મા પડેલો છે. એને કેટલાય મનુષ્ય-ભવ પણ મળ્યા, છતાં આ ખીણમાંથી બહાર નીકળવાનું નથી કર્યું. કોણ જાણે જન્મકેદીની જેમ એ કચડામણ એ વિટંબણાની કેદનો પ્રેમી ! અહીં ય જન્મીને આજ સુધી શું કર્યું છે ? રાગદ્વેષભર્યા જ વસ્તુદર્શન, શબ્દશ્રવણ ! ત્યારે હવે જો આંખ ખૂલે છે, ભડક થાય છે કે 'હાય ! આ તે કેવી કચરામણ ! કેવી વિટંબણા !' તો એ કેમ ઓછી થાય એ માટે પહેલાં તો એ વિચારવું પડશે કે અનંતાકાળની આ રાગદ્વેષ-હર્ષશોકની વિટંબણાનું કારણ શું ? અથવા એ કેમ અસ્ખલિત ચાલી આવી છે ? બોલો શું કારણ છે ?

**રાગાદિનું શું કારણ ? :-**

આનો જવાબ ટૂંકામાં દેવાનો છે. 'મિથ્યાજ્ઞાન,' 'આત્માનું અજ્ઞાન' 'પુદ્ગલદૃષ્ટિ,' 'ભાવી દુઃખની બેપરવાઈ,.' પરંતુ આ જવાબથી ચાલે એવું નથી. કેમ કે આજે તો મનને એમ થાય છે કે 'લ્યો મિથ્યાજ્ઞાન તો શાસ્ત્રશ્રવણથી ટાળી દીધું છે, આત્માને ઓળખ્યો છે, પુદ્ગલના નતીજા સમજીએ છીએ, પરલોકના દુર્ગતિના દુઃખથી ભય થાય છે...' છતાં કેમ હજી પણ રાગદ્વેષની વિટંબણા છૂટતી નથી ? માટે જવાબ એવો દેવાનો છે કે જેથી મનની ભ્રમણા ન રહે, સમસ્યા ઊકલતી દેખાય અને સક્રિય માર્ગ જડે, જેને આપણે આચરણમાં ઉતારી શકીએ.

બસ, જવાબ આ છે કે **'અસંયમના કારણે જ રાગદ્વેષ અને હર્ષશોકની વિટંબણા ચાલી આવી છે.'** એટલે આજે હવે એ કહી શકીએ એમ નથી કે 'લ્યો અસંયમેય અમે ટાળ્યું છે, વિટંબણા કેમ નથી જતી ? કેમ કે અસંયમ ક્યાં ટાળ્યું છે ? તપાસો તો દેખાશે કે એકેક ઇન્દ્રિયના વિષયમાં અને માનસિક ઢગલો વૃત્તિમાં ઉચ્છ્રંખલતા ચાલી રહી છે, સંયમન નથી. પાછું એનાથી દુઃખ-ચિંતા-સંતાપ આવ્યા



જ કરે છે, છતાં જીવને સંયમ કરવો નથી. ખબર નથી કે જો થોડું થોડું પણ સંયમન-નિયમન નહિ કર્યું તો રાગાદિ યથેચ્છપણે મહાલ્યા કરશે અને એના પ્રત્યાઘાત ભયંકર નીવડશે.

**શ્રેષ્ઠીપુત્ર રૂપસેન અને રાજકુમારી સુનંદા :-**

રૂપસેન અને સુનંદાનો પ્રસંગ જાણો છો ? રાગનો, રાગના કારમા પ્રત્યાઘાતોનો એ સચોટ પ્રસંગ છે. જોશો તો દેખાશે કે ત્યાં રાગના ખેલમાં માલ કશો નથી, છતાં જીવની સંયમનના અભાવે અનાદિની એ લત કેટલી જોરદાર છે કે જીવને એની આગળ પાછળ કાંઈ જોવું જ નથી, ને એ લતમાં આગળ વધ્યે જાય છે અને પાછલા રાગસેવનની ઘેરી અસરોથી એવા જ વર્તાવ કર્યે જાય છે, પણ પ્રત્યાઘાતરૂપે મહાવિટંબણા પામે છે.

**દ્વેષથી રાગ મર્યો તે તો સાડાત્રણ દહાડા :-**

સુનંદા રાજપુત્રી છે. એક વખતે મહેલના ઊંચા ઝરૂખા કે અગાશીમાંથી કોઈ ગૃહસ્થના ઘરમાં પતિ પત્નીને ફટકારતો જુએ છે, તેથી સુનંદા પુરુષદ્વેષિણી બની. સખીઓ દ્વારા વિવાહની વાત આવે તો ઘસીને ના પાડે છે. જાણે જીવનભર ન પરણવાનું વ્રત ! જાણે પુરુષ પ્રત્યેના રાગમાંથી ઊગરી ગઈ ! પણ સાડા ત્રણ દહાડા હોં ! કારણ કે જન્મોજન્મની રાગની અસરો આત્મામાં બેઠી છે. આ તો સામે 'શું ત્યારે હું, પુરુષની આવી ગુલામડી થાઉં ? હરગિજ નહિ.' આમ અહંત્વ, જાતનો રાગ અને ગુલામી પર દ્વેષ ઊઠ્યો, એણે કામચલાઉ રાગને અટકાવ્યો છે. પરંતુ એ ક્યાં સુધી ? ત્યાં સુધી જ કે ગુલામીના દ્વેષની સામે પાછો કોઈ એને દબાવી દે એવો પ્રબળ રાગ ઊભો નથી થયો.

**રાગદ્વેષની પરસ્પર લડાઈમાં જીવનો કૂટો :-**

દુનિયામાં શું બને છે ? ધારો કે પૂર્વજમણમાં સંયમ ન રાખ્યો, વધારે ખવાઈ ગયું, તેથી જમણ ઉપર દ્વેષ થયો હતો, પરંતુ ફરી કકડીને ભૂખ લાગી ને સામે મઘમઘતી મીઠાઈ આવી એટલી જ વાર ! તરત એનો રાગ પેલા દ્વેષને દાબી દે છે. વળી પાછું કાંઈ એવું કારણ બને કે આવી બન્યું આ રાગનું ! મોહનો એક સુભટ બીજાને દાબે છે, બીજો પહેલાને ! જીવનમાં આવા તો પાર વિનાના પ્રસંગ બને છે અને એમાં કંગાળ જીવ રાગદ્વેષની ભારે વિટંબણા ભોગવે છે. આ ગમે છે તમને ?

**સમકિતની વિચારણા :-**

સમકિતી વિવેકી આત્મા સંસાર પરથી કેમ ઉભગી જાય છે ? આ એક મહાન કારણ છે કે સંસારમાં રાગદ્વેષની ભારે વિટંબણા અને કચરામણ ભોગવવી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

પડે છે. ત્યાં એના મનને એમ થાય છે કે 'અરે આ શી લોથ ? જગતની ચીજભાવ એના ઢંગે ચાલ્યા કરે, મારા કહ્યામાં નહિ, મારા કબજામાં નહિ, ભવિતવ્યતા મુજબ બન્યા કરે, ને વચમાં મારે મફતિયું રાગ-દ્વેષ ને હર્ષ-ઉદ્વેગમાં કુટાવાનું ? ધિક્કાર છે આવા સંસારને !' એમ સંસાર પર એને નિર્વેદ થાય છે, કંટાળો આવે છે, અકળામણ થાય છે. બહુ સેવેલ રાગની છૂપી અસરો પ્રસંગ મળતાં પાછું રાગનું વિકરાળરૂપ ધારણ કરે છે.

સુનંદા બાબતમાં પણ એવું બન્યું કે ફરી એકવાર કોઈ ગૃહસ્થના ઘરની અગાશીમાં કોઈ પતિ-પત્નીને ક્રીડા કરતાં જોયાં, જોઈને એના મનમાં એનો રાગ ઊઠ્યો, પેલો પુરુષદ્વેષ પલાયન થઈ ગયો ! હવે રાગથી ક્યાં સુધીય એ જોયા કરે છે. બસ, સંયમ ન રખાય અને આવાં દર્શન કરાય પછી પૂછવાનું શું રહે ? મગજમાં રાગનું ભારે આંદોલન જાગ્યું ! હૈયામાં આગ ઊઠી, સખીઓને હવે પોતે કહે છે, 'મા વાત કરે તો મારી સંમતિ કહેજો.'

**રૂપસેન તરફ આકર્ષણ :-**

હવે આ રાગના પ્રત્યાઘાત જુઓ. એકવાર રૂપસેન નામે એક શ્રેષ્ઠી પુત્ર રજવાડા સામે એક તંબોલીની દુકાને આવી બેઠો છે. નવજવાન છે, સમવયસ્ક છે, રૂપરંગે ફૂટડો છે, એની નજરે ચઢવાથી એ ઝરુખામાંથી જોયા જ કરે છે. એમાં વળી રૂપસેનની નજર એના પર પડી એટલે એ ય આકર્ષાયો. હવે દૃષ્ટિએ દૃષ્ટિ મળી. રાગની આગમાં બંનેય ઝંપલાયાં. પરપુરુષ, પરસ્ત્રી, એની સામે ન જોવાય, આ આર્યદેશની પવિત્ર મર્યાદા પણ એ સયંમન ન રાખ્યું તો પૂર્વ-અભ્યસ્ત રાગ ઊછળ્યો, રાગના પ્રત્યાઘાતે બંનેને ચુકાવ્યા. એમાં સુનંદા તો વળી આગળ વધી. એને સળવળાટ ભારે થયો. દાસીને મોકલીને પુછાવે છે કે કોણ છે એ ? જાણ્યું કે નગરના એક શેઠિયાનો ચોથો લાડકો પુત્ર છે, એટલે કહેવરાવે છે, 'રોજ અહીં આવજો, મને તમે બહુ ગમો છો, તો રોજ એ દુકાન પર આવી દર્શન દેજો.'

**સ્ત્રીની ઓળખ :-**

છે બાકી કાંઈ ? સ્ત્રી સંતોષી કે પુરુષ ? આર્યદેશના મહાન ચિંતકોએ અને સર્વજ્ઞ ભગવાને સ્ત્રી જાતિની જે ઓળખી આપી છે તેની ગંભીરતાનો ખ્યાલ કરો. પુરુષો પણ લંપટ નથી હોતા એમ નહિ, અને સ્ત્રીઓ સંયમી નથી હોતી એવું પણ નહિ. છતાં આ બહુલતાએ જોવાની વસ્તુ છે. પુરુષોમાં એવા ઘણા મળશે કે જે સ્ત્રીએ વશ કર્યાના કારણે જ આત્મહિતની કેટલીય શક્ય સાધનાઓ ગુમાવે છે. આજના કૉલેજ-વાતાવરણમાં એવી બૂમ છે કે એકેક કૉલેજિયન છોકરી કેટકેટલા કૉલેજિયન છોકરાને રમાડી જાય છે. શહેરોના રસ્તા પર જુઓ કે સિનેમા નટી કે



ગણિકા જેવા વેશ કરીને ચાલતી સ્ત્રીને કેટલાય પુરુષોનું આકર્ષણ કરવું હોય છે. ઘરકુટુંબોમાં જુઓ કે બાપદીકરા અને ભાઈભાઈના એક સંવાસમાં ભંગ પાડનારી નવી પરણી આવેલી સ્ત્રીઓ જ હોય છે; કેમ કે એ સામાન્ય રીતે સ્વભાવે ઈર્ષ્યાળુ અને મોટેરાથી અલગ રહીને યથેચ્છ વિલાસ કરવાની લાલચુ હોય છે. હવેના જમાનામાં સ્ત્રીઓને સેલ્સમેન રાખવામાં આવે છે તેમાં પણ આ કારણ છે કે એના લટકાઓ અને કોમળ કોમળ બોલ બોલી ગ્રાહકને આકર્ષતાં સારું આવડે. લગ્ન પ્રસંગોમાં સ્ત્રીઓને લહેલાટ, ફટાણાં અને લાંબી પહોળી થઈ ફરવાનું વધારે કેમ ? શું એ એના દિલમાં વિષય વિલાસનું જોર નથી સૂચવતું ? આ બધું કહેવાનો સાર એ છે કે સ્ત્રીઓથી સાવધાન બનો. એની પાછળ ઘેલા થઈ પુરુષત્વ-મર્દાનગી ન ગુમાવો. શરીરના રાજા વીર્યને વેડફી ન નાખો. રાગથી સ્ત્રીનું એક દર્શનમાત્ર સત્ત્વને હણે છે વીર્યને ધક્કો પહોંચાડે છે.

**રાગ નબળો પાડવાની મહાન તક :-**

રૂપસેન બિચારો ભૂલો પડ્યો, સુનંદાના ખાનગી સંદેશા પર રોજ ત્યાં આવતો ગયો. બંને ય દૃષ્ટિના પાપમાં પડ્યા. જુઓ ચક્ષુનો સંયમ ન રાખ્યો તો અસંયમથી અનાદિના છૂપા રાગને પ્રગટ-પગભર કરતા ગયા. રૂપસેનને ભાન નથી કે આ અસંયમ અને રાગની કારમી અસરો, ભયંકર પ્રત્યાઘાતો ભવિષ્યમાં જ્યારે ભોગવવાના આવશે ત્યારે જીવની કેવી કરુણ નિરાધાર અસહ્ય દુર્દશા થશે ! ત્યાં કોઈ સગો-સગલી કે વહાલા કરેલા જડ પદાર્થ હાથ દેવા-બચાવવા નહિ આવે. રાગના પ્રત્યાઘાતોની પીડા ભારે હશે છતાં રાગ છૂટશે નહિ એટલી એની કારમી પકડ હશે ! જે જુલ્મગાર દંડા મારતો હોય એની પાસે તો અજ્ઞાન પશુ ય ન જાય, પરંતુ બુદ્ધિશાળી ગણાતો મનુષ્ય એથી ય નપાવટ થાય છે કે દંડા મરાવતા અર્થાત્ અસહ્ય ત્રાસ પીડામાં ઉતારતા અસંયમ અને રાગ પાસે જ પાછા દોડે છે ! એનું જ શરણું લે છે ! પરિણામ એ આવે છે કે અહીં અસંયમથી દૂર રહી બુદ્ધિના જોર પર રાગને નબળો પાડવાની મળેલી મહાન તકનો કાળ ખત્મ થઈ જાય છે ! અને પછી તો કોણ જાણે કેટલાય દુઃખદ ભવો કર્યા પછી ક્યારે ય ફરી મનુષ્ય બનવાની તક મળે ! મનુષ્ય બન્યા પછી પણ શી ખબર કે આર્યદેશમાં જન્મ, ત્યાંય આર્યકુળમાં અને તેમાંય જિનશાસનની પ્રાપ્તિ થઈ કે કેમ ? અને કદાચ એ બધું ય બની આવ્યું તો પણ અહીં અસંયમ અને રાગાદિ સેવવામાં કરેલ ઇન્દ્રિયો તથા બુદ્ધિના ઉપયોગના અભ્યાસનું જ પુનરાવર્તન નહિ થાય એની શી ખાતરી ? કેમ કે સામાન્ય નિયમ એવો છે કે જેનો અભ્યાસ તે ઝટ યાદ આવે. માટે જ અહીં રાગ-દ્વેષાદિને મોળા પાડો, એ માટે અસંયમ હટાવી સંયમન કરતા રહો.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**કૌમુદી ઉત્સવ પર પ્રપંચ :-**

રૂપસેન ભૂલ ખાઈ રહ્યો છે, ચક્ષુનું સંયમન ગુમાવી રાજકન્યા પર રાગ વધારવામાં તણાઈ રહ્યો છે. એકવાર કૌમુદી મહોત્સવનો પ્રસંગ આવે છે. રાજકુમારી સુનંદા વિચારે છે કે, આખું નગર અને રાજારાણી પણ બહાર ઉદ્યાનમાં જશે તેથી રૂપસેનને મહેલ પર બોલાવી પ્રેમની વાતોચીતો કરવાનો મોકો સારો છે. તેથી રૂપસેનને ખબર આપું.

'કાલે ઉજાણીમાં જતા નહિ, હું ય નહિ જઉં, અહીં સંધ્યા પછી આવજો બે ઘડી વાતો કરીશું. મહેલના પાછલા ભાગમાં આવજો, ત્યાં ઝરૂખામાંથી સીડી ટંગાવીશ તેની ઉપર ચઢી આવવાનું.'

જુઓ રાગનો પેંતરો ! મુખ્ય દરવાજે નહિ આવવાનું, સંત્રી પહેરગીર હોય ને ? એ શાનો પેસવા દે ? તો પછી પાછળથી ખાનગી ચઢવું એમાં જોખમ કેટલું ? ક્યાંયથી કોઈની નજર પડી તો ? બાર જ વાગે ને ? વાણિયાભાઈની હિંમત ચાલે ? પરંતુ રાગનાં તોફાનો જબરાં છે, એને સાહસ કરાવવાનું સહેલું ! વિચારજો દેવાધિદેવ અને એમના ધર્મશાસન પર એવા રાગ નથી, એટલે જ એમની સેવાનાં સાહસ નથી થતાં ને ? નહિતર આ જીવ દુનિયામાં કેટલાંય સાહસ, પરાક્રમ અને ભોગ આપવાનું કરે છે ?

રૂપસેન સુનંદા પ્રત્યે રાગથી ખેંચાયેલો હતો સાહસ કરવામાં ગભરાતો નથી, કબૂલ કરી લે છે. ઉપરથી મનમાં એટલો બધો ખુશ થાય છે કે 'ઓહો ! આ રાજકન્યાનો મારા પર કેટલો બધો પ્રેમ ! એ બિચારી કેટલું બધું સાહસ ખેડવા તૈયાર થાય છે !' પણ કર્મ જાણે હસી રહ્યા છે. 'હુમ્, આવ બચ્ચા આવ સંકજામાં આવ ને ? એનાથી જ તારો અડદાલો ન કરું તો મારું નામ કર્મ નહિ.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨,તા.૧૫-૯-૧૯૬૨

**કર્મ વિટંબણાના મૂળમાં પણ રાગાદિ :-**

ભાવીના ભીતરની આપણને ખબર નથી, કોણ જાણે કોથળામાંથી ક્યારે કેવું કર્મબિલાડું બહાર પડે ! છતાં એટલું ચોક્કસ છે કે એવા અણધાર્યા અને ભયંકર કર્મના આક્રમણના મૂળમાં રાગ-દ્વેષ અને હર્ષ-શોકનાં તોફાન કામ કરી રહ્યાં હોય છે અને આક્રમણ વખતે પણ એનાં જાલિમ તોફાન ચાલે છે !

**આ સંસાર શું છે ?**

રાગ-દ્વેષ અને હર્ષ-ઉદ્વેગના મૂળ, એની જ ડાળીઓ, પત્ર-પુષ્પ, અને



એના જ ફળનું એક ઝાડ !

જીવ મૂળમાં એ કરતો આવે, પછી એની ઘેરી અસરોના આગળ આગળ અંકુરા-ડાળ-પાંખળારૂપે નાનાં-મોટાં રાગ-દ્વેષ અને હર્ષ-ખેદનાં ગાંડપણ ચાલે છે, એનાથી કર્મ બંધાય છે એ પાછા આગળ ઉદયમાં આવી ફળરૂપે એ જ રાગાદિનાં ગાંડપણ કરાવે છે.

**કહો રાગ-દ્વેષ અને હર્ષ-ખેદ એ ગાંડપણ છે કે ડહાપણ ?**

ડહાપણ નહિ કહેવાય કેમ કે એનાથી જ હિંસા, આરંભ-સમારંભ, વિષય-ગુલામી, પરિગ્રહ અને આગળ વધીને જૂઠ-અનીતિ-કલેશ-ઝગડા વગેરે કેટલું ય જન્મે છે એ બધું પોતાના જ આત્માની બરબાદી કરનારું છે. એને તાણી લાવનાર એ રાગાદિ કર્યા એમાં શું ડહાપણ કર્યું ગણાય ? ગાંડપણ જ છે. એના સર્વાંગવાળો સંસાર છે, માટે સુજ્ઞ જીવને સંસાર પર પ્રેમ નથી, આદર નથી, આસ્થા નથી.

રૂપસેન તો રાગના નાદે ચઢ્યો છે, જાણે હવે મન માન્યું બની જશે. પણ નસીબ બે ડગલાં આગળ ચાલે છે. ઉજાણીમાં જ્યારે બધા જવા લાગ્યા ત્યારે રૂપસેન કહે છે 'મારું માથું દુઃખે છે હું નહિ આવું' એમ કરીને પોતે ન ગયો. રાજકુમારી ય દંભ કરે છે એ રાણીમાતાને કહે છે 'મારું પેટ દુઃખે છે, હું નહિ આવું' પરંતુ ત્યાં રાણી કહે છે 'ઓહ તો તો તને પીડા હોય તો મારાથી ય કેમ જવાય' સુનંદા વિમાસણમાં પડી, 'હાય ! આ તો ઊલટું થયું,' પણ આ બડી ઉસ્તાદ છે ને ?

**સ્વાર્થ કુશળ પણ ધર્મસ્વાર્થમાં નહિ :-**

અને જગતમાં સ્વાર્થ સાધવામાં કોણ ચબરાક નથી ? સૌ સ્વાર્થ કુશળ છે; પણ ધર્મની વાત આવે ત્યાં હોશિયારી નથી. કેમ કે એમાં તેવો સ્વાર્થ દેખાતો નથી, એટલે જરાક કાંક ઓઠું મળતાં એ બહાને ધર્મ પડતો મુકાય છે યા હાથમાં જ લેવાતો નથી. જુઓને આજે મોંઘવારીના બહાના હેઠળ દાનધર્મ સુકાઈ જાય છે ને ? ઘરનો ગમે તેટલો ખર્ચ એ ઊપાડે છે, પરમાત્માની નિત્ય ભક્તિમાં કેટલું ધરવાનું ચોક્કસ છે ? વીતરાગ પરમાત્માની ભક્તિમાં મારું દૂધ, મારું ચંદન, મારું કેશર, મારાં મુલાયમ અંગલૂછણાં, ધૂપ અગરબત્તી-દીવો... પર્વ દિવસ છે તો વરખ, ફળ, ફૂલ... એવું કેટલું નિયમિત ? ત્યારે સાધર્મિકભક્તિમાં ? જ્ઞાનભક્તિ-પાઠશાળામાં ? નહિ ને ? કેમ વારુ ? ચાર મેમાન આવે, યા જાતે કે કુટુંબે માંદો થાય,... તો એવા કારણે પહોંચી વળાય છે, પ્રભુની ભક્તિમાં કેમ નહિ ?

પ્રભુ કેવા મળ્યા છે ? વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ! એવા સર્વશ્રેષ્ઠ પરમાત્મા મળ્યા ઉપર એમની પ્રત્યે સેવકપણું કેવું જોઈએ ? સર્વશ્રેષ્ઠ ખરું ને ? આખા કુટુંબ, ઘર, દુકાન



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સંસાર પ્રત્યે નહિ એવું પ્રભુ પ્રત્યે સેવકપણું જોઈએ કે નહિ ? જો હા, તો એ કાંઈ ભોગ માગે કે નહિ ? ભક્તિમાં ઊછળવા આ એક ખ્યાલ બસ છે, કે 'હું કેટલો ભાગ્યશાળી કે મને સર્વશ્રેષ્ઠ પરમાત્મા મળ્યા ! સર્વશ્રેષ્ઠ નાથ મળ્યા ! પ્રભુ આગળ પૈસા કિંમતી નથી, તો આ પૈસાનો ભોગ આપીને મારે બીજે ક્યાંય ન હોય એવું સર્વશ્રેષ્ઠ સેવકપણું બજાવ્યા વિના કેમ ચાલે ? બસ પછી ત્યાં નાથના જ અનન્ય ઉપકારની કૃતજ્ઞતા અને ભવિષ્યમાં થનાર ઉપકારના સ્વાર્થના હિસાબે મારે એમની ને એમના શાસનની ભક્તિમાં કાંઈ ને કાંઈ ખર્ચવું જ જોઈએ. આવો લોકોત્તર સ્વાર્થ, આત્મિક સ્વાર્થ, મનમાં રમ્યા કરે તો ત્યાં ખર્ચવાનો નિત્ય ઉત્સાહ કેમ ન રહે ?'

**ધર્મ સ્વાર્થ અને લૌકિક સ્વાર્થ :-**

દુન્યવી લૌકિક સ્વાર્થમાં શું શું નથી કરતા ? સાધર્મિક ભારે પડે છે, પણ ઘરમાં છોકરાં બે જન્મી જાય તો ભારે નથી પડતાં; યા મેમાન ચાર ચઢી આવે તો પહોંચી વળાય છે. પ્રભુભક્તિમાં ફૂલનો ખર્ચ નથી પોષાતો, ઘરમાં શાક-પાંદડાનો ખર્ચ પોષાય છે. નિશાળની ફી વગેરે વધી જાય તોય તે, અને છોકરો જરા મંદબુદ્ધિ હોય તો નિશાળખર્ચ ઉપરાંત ટ્યુશનનો ખર્ચ પોષાય છે, પાઠશાળામાં ફાળો ભરવા નથી પહોંચાતું ! આવું આવું તો કેટલું ય છે કે ધર્મમાં સ્વાર્થ નથી દેખાતો એટલે દાન દેવું, કષ્ટ સહવું, તકલીફ ઉઠાવવી, વગેરે કાંઈ ધર્મ ખાતર પાલવતું નથી, બીમારીમાં સાજા થવાનો સ્વાર્થ છે તો માલ-મેવા ઉડાવવાનું બંધ કરાય છે, પણ આ મોટો ભવરોગ, કર્મરોગ, અને મોહરોગ વળગ્યો છે એમાંથી સાજા થવાનો સ્વાર્થ નથી એટલે રાજા ! વિગઈત્યાગ, પર્વતિથિએ લુખ્ખું, વર્ધમાનતપ આંબેલ એવું કાંઈ પાલવતું નથી. ગપ્પાં મારવામાં કે ફરવા જવામાં મન ફોરું થવાનો સ્વાર્થ સરતો દેખાય છે એટલે હોંશે હોંશે એ થાય છે, નવકારવાળી સામાયિક કે પ્રતિક્રમણમાં ક્યાં સ્વાર્થ સરતો લાગે છે કે એ ઝટ જીવને ખેંચે ? એવું જ આત્માના અલંકારભૂત નમ્રતા, સરળતા, ઉદારતા, પવિત્રતા વગેરે ગુણોમાં સ્વાર્થ ક્યાં લાગે છે કે એનો અભ્યાસ સતત ચાલુ રાખવાની તાલાવેલી હોય ? દયા, પરોપકાર, સેવા, તપસ્યા, ત્યાગ, સહિષ્ણુતા વગેરેમાં પણ ગુમાવવાનું અર્થાત્ સ્વાર્થભંગ દેખાય છે, સ્વાર્થ નહિ ! એટલે એનાથી આઘા જ રહેવાય ને ? હાં, એમાં પાકો સ્વાર્થનો ખ્યાલ હોય તો તો જીવનના દેદાર જ પલટાઈ જાય. ગુણોનો, સુકૃતનો કે સાધનાનો સ્વાર્થ ઊભો થયા પછી તો એ સાધવા માટે મુશ્કેલી હશે તો પણ એમાંથી હોશિયારીપૂર્વક માર્ગ શોધી કઢાશે, કિન્તુ એથી ઊલટું બહાનું કાઢીને છટકવાનું નહિ થાય. માટે ગુણ-સુકૃત-ધર્મસાધનામાં સ્વાર્થ ઊભો કરો, સ્વહિત માનો, ખોવાનું નહિ માનતા.



**મુશ્કેલી છતાં દુનિયામાં સ્વાર્થ :-**

ગુણપાલન, સુકૃત કમાઈ કે ધર્મસાધનામાં બહાનું કોણ કઢાવે છે ? એમાં સ્વાર્થબુદ્ધિ નથી, આ મારો ખરો સ્વાર્થ છે એવો નિર્ધાર નથી એ જ બહાનું આગળ કરાવે છે, પછી ભલેને થોડી મુશ્કેલી હોઈ બહાનું સાચું ય હોય. દુનિયામાં જ્યાં સ્વાર્થ માન્યો છે ત્યાં મુશ્કેલીમાં પણ હોશિયારીપૂર્વક માર્ગ કાઢો છો કે બહાનું આગળ કરીને એને પડતું મૂકો છો ?

પૈસા કમાવવાની આજે મુશ્કેલી છતાં મુશ્કેલીનું બહાનું કાઢી ઘેર નથી બેસતા, ધંધે કે નોકરીએ લાગો છો.

ઉદ્ધત છોકરાને સાચવવાની મુશ્કેલી છતાં એને કાઢી નહિ મૂકતાં હોશિયારીપૂર્વક એને નભાવી લો છો. કેમ કે એમાં સ્વાર્થ માન્યો છે.

**સાધર્મિકમાં સ્વાર્થ નથી માન્યો તેથી એને નભાવી લેવાની હોશિયારી નથી આવડતી.**

આરોગ્યમાં, શરીરપુષ્ટિમાં, સગવડની ચીજવસ્તુમાં, ઘરમાં, દુકાનમાં, ઉપયોગી નોકર ગુમાસ્તામાં, આબરૂમાં, સત્તામાં,...એવા એવા તો કેટલેય સ્થાને સ્વાર્થ માન્યો છે, તેથી મુશ્કેલીની વચ્ચે પણ હોશિયારીથી માર્ગ કાઢી એ સ્વાર્થ સાધી લેવા ઉત્સાહી ખડે પગે ને ખડે પગે રહો છો, ઉદ્યમ કરો છો, મથો છો. જુઓ અહીં સુનંદા માતા-રાણીને ઉજાણીમાં ધકેલવા હોશિયારી વાપરે છે.

બસ, ત્યારે જો પોતાના આત્મામાં, આત્માના આરોગ્યમાં, પાપ કમી અને પુણ્ય ભરપૂર કરવામાં, દાનાદિ ધર્મમાં, દયા-પરોપકાર સત્ય, પ્રામાણિકતા, ઉદારતા, પવિત્રતા વગેરે ગુણોમાં દેવગુરુ ભક્તિ-સામાયિક-પ્રતિક્રમણ વગેરે સાધનામાં, મંદિર-ઉપાશ્રય અને ધર્મખાતાંઓમાં જો સ્વાર્થ દેખાય એ જ ખરેખરો સ્વાર્થ તરીકે હૈયે અંકિત થઈ જાય તો તો પછી હોશિયારીપૂર્વક મુશ્કેલીઓની વચમાંથી પણ એને સાધી લેવા મન તલપાપડ રહેશે, નિરંતર ધીખતો ઉદ્યમ રહેશે. એટલે મુખ્ય વાત, આત્મકલ્યાણના પ્રકારોમાં ને સ્થાનોમાં સ્વાર્થ બુદ્ધિ ઊભી કરવાની જરૂર છે. 'આજ મારો ખરો સ્વાર્થ છે, પૈસા ટકા કે પરિવાર વગેરે નહિ,' આ નિર્ધાર જોઈએ.

**પ્ર.**- સમજીએ તો છીએ પરંતુ કેમ એ ભાવ જાગતો નથી ?

**ઉ.**- જગાડવાના ઉપાય કરો તો જાગે, જરૂર જાગે એવી એ વસ્તુ છે. અશક્ય નથી. મહાપુરુષો પોતાના જીવનમાં જગાડી ગયા છે ને ? એ કાંઈ સહેજે નથી બન્યું, ઉપાય યોજ્યા તેથી જાગી ગયો.

દુન્યવી બાબત મૂકી ધર્મમાં સ્વાર્થ દેખવાના ઉપાય આ છે,



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

### (૧) ત્રણેય કાળમાં જીવહિત :-

પહેલું તો એમ વિચારવું કે જ્યારે અરિહંત ભગવાને અનંતા જ્ઞાનમાં ત્રણેય કાળની પરિસ્થિતિ જોઈને એક માત્ર ગુણ સંપાદન, સુકૃત-કમાઈ અને ધર્મસાધનામાં જ જીવોનું હિત જોયું અને અમારા જેવા પામર અબૂઝ દયાપાત્ર જીવોના કલ્યાણ માટે એ જ ફરમાવ્યું, ત્યારે હું કેમ એમાં મારો સ્વાર્થ ન જોતાં એથી વિપરીત રાગાદિ દોષો આરંભ-પરિગ્રહાદિ દુષ્કૃત્યો અને સંસારસાધનામાં સ્વાર્થ માની રહ્યો છું ? અરિહંતને શું મેં માથે ધર્યા ? અનંતજ્ઞાની પરમ દયાળુ નાથ મળ્યા પછી હું આવો નઘરોળ, નિર્લજ્જ, નફ્ફટ ?' આ વિચાર વારંવાર કરવો. વારંવાર સખેદ વિચારણાની મન પર અસર થશે અને આત્મહિતમાં સ્વાર્થ લાગવા માંડશે.

### (૨) પ્રાર્થના :-

બીજું, રોજ અરિહંત પ્રભુને આ માટે ગદ્ગદ દિલથી વીનવવા, મનોમન પ્રાર્થના કરવી કે 'હે નાથ ! મારી આ દૃષ્ટિ ખોલી આપો કે જેથી આ ગુણ, સુકૃત અને ધર્મસાધનમાં જ મારા ઊંચા સ્વાર્થ દેખાય,' પ્રાર્થનાની ઊંચી તાકાત શાસ્ત્રો કહે છે; એ સચોટ કાર્ય સાધક છે.

### (૩) દેહને નહિ, આત્માને સ્પર્શી :-

વળી, એ જોવું કે આપણે અંદરખાને કંઈના કંઈ વિચારો કરીએ છીએ, વિચારો ફેરવીએ છીએ, કેઈ કેઈ લાગણીઓ અનુભવીએ છીએ એમાં વૃદ્ધિ-હાનિ અને ફેરફારો કરીએ છીએ એ કેટલાય મનોરથ કરીએ, કેટલાંય ધોરણ 'બાંધી રાખીએ છીએ... આ બધું કાંઈ શરીરને આભારી નથી; શરીર આવી બધી ગડમથલ કરે એવું સંભવ નથી; એ તો આપણો દેહવાસી આત્મા જ કરે છે, અને એ કરવામાં અનુભવ પણ છે કે એ ગડમથલમાં રાગ-દ્વેષ-કષાયો, આરંભ-પરિગ્રહ, સંસાર-કાર્યવાહીની જ ભાંજગડ કરાય છે, પણ એમાં સરવાળે જીવને સંતાપ, ચિંતા અને અસ્વસ્થતા જ મળે છે, તો પછી એ પંચાતીમાં સ્વાર્થ શો રાખવો ? પ્રત્યક્ષ પણ જો એ જીવને વિહ્વળ કરે છે, ઊંચો નીચો કરે છે, હાયવોય કરાવે છે, હેરાન હેરાન કરી મૂકે છે, તો પરોક્ષમાં પરલોકમાં તો એ કેવાય ખતરનાક નીવડશે !! માટે એ રાગાદિમાં અને એને પોષનારા ધન-માલ પ્રતિષ્ઠા-પરિવારાદિમાં સ્વાર્થ રાખવો એ મૂર્ખાઈ છે. જીવ ! છોડ એને; એમાં સ્વાર્થ નહિ પણ મહાન સ્વ-વિટંબણા દેખ. સ્વાર્થ તો, સ્વહિત તો, જ્ઞાનીઓની સલાહમાં જો !'

### (૪) ઉભય સ્વાર્થીનાં જીવન નિરીક્ષણ :-

આત્મકલ્યાણમાં સ્વાર્થ જોવા માટે ચોથો ઉપાય આ છે કે તટસ્થ અને ગંભીરપણે જગતમાં એક બાજુ સાધુ ભગવંતો તથા સાચા ધર્માત્માઓનાં જીવન



જોવાં; બીજી બાજુ વૈભવ અને વિલાસમાં પડેલા જીવોના રંગઢંગ નીરખવા. પહેલાં સાધુમહાત્માઓ અને ધર્માત્મા ગૃહસ્થો નક્કી કરેલ આત્મ સ્વાર્થની પ્રવૃત્તિમાં કેટલી બધી સ્વસ્થતા, શાંતિ, સૌમ્યતા, તેજસ્વિતા, સ્વાધીનતા, વગેરે અનુભવે છે, ત્યારે બીજા સંસારી જીવો જડસ્વાર્થનાં જીવન પાછળ કેટકેટલી વિડંબણા, અશાંતિ, ચિંતા, ઉકળાટ, દીનતા, પરાધીનતા ભોગવે છે, એ જોવું, એ જોતા જવું, અને મનમાં ગેડ બેસાડતા જવી કે ખરો સ્વાર્થ તો આત્મહિતકર ધર્મમાં જ છે, જડની બોલ-બાલા કે પલેવણમાં નહિ. તો હું હવે આત્મહિતોમાં જ સ્વાર્થ જોતો ચાલું.

### (૫) મહાપુરુષોનાં આલંબન :-

અનેક પ્રકારના રાજસ-તામસ ભાવોથી ઘેરાયેલા આજના કાળમાં એક વિશેષ ઉપાય એ છે કે મહાપુરુષોનું આલંબન લેવું; એટલે એ વિચારવું કે જ્યારે મહાબુદ્ધિ નિધાન શ્રી ગૌતમ **ઇન્દ્રભૂતિ** વગેરે વિદ્વાન બ્રાહ્મણોએ, ચિતોડના મહારાણાના પુરોહિત સમર્થ પંડિત **હરિભદ્રે,** મહાકવિ ચુસ્ત બ્રાહ્મણ અને ભોજ રાજાના મહાપંડિત **ધનપાલ** જેવાએ જ્યારે જિનશાસનની વાતોમાં સ્વાર્થ દેખ્યા અને અપનાવ્યા, તો હું કોણ માત્ર ? મારે પણ એ જ રાહ લેવાનો. આત્મહિતમાં સ્વાર્થ જોઈ એ માર્ગે ચાલવામાં એ મૂર્ખ નથી બન્યા ઊલટું ઇતિહાસમાં સોનેરી અક્ષરે એમનાં જીવન અંકાઈ ગયાં ! તો હું હવે એમને જ કેમ ન અનુસરું ? એવી રીતે છ ખંડનું સામ્રાજ્ય ફગાવી દેનાર ચક્રવર્તીઓ **ભરત, સગર અને સનત્કુમાર,** નવાણું કરોડ સોનૈયા અને આઠ નમણી નવોઢાઓને તૃણવત્ ત્યજી દેનાર ભડવીર **જંબૂકુમાર,** રોજની દેવતાઈ નવાણું પેટીના દિવ્ય અલંકાર, દિવ્ય ખાનપાન, દિવ્ય વસ્ત્રાદિ સજાવટ તથા બત્રીસ મૃગનયણી યુવતીઓના વૈભવ વિલાસમાંથી ઊભા થઈ જઈ ફકીરી લેનાર **શાલિભદ્ર,** એમ મહાભોગી **મેઘકુમાર,** સુબાહુકુમાર, નંદીષેણ અને **ગજસુકુમાળ, અવંતીસુકુમારના** ભવ્ય ત્યાગ-આ બધું જોતાં મારે પણ 'મહાજનો યેન ગતઃ સ પન્થા' એ ન્યાયે એમના જ આલંબને જડસ્વાર્થ હેઠા મૂકી આત્મસ્વાર્થ જ ઊભા કરવા ઘટે.

આપણી બુદ્ધિ ચાલતી હોત તો આટલે ઊંચે આવ્યા પછી કયારના ય જડસ્વાર્થ પડતા મૂકી આત્મસ્વાર્થની લાગણીવાળા બન્યા હોત. પરંતુ બુદ્ધિ નથી ચાલતી, આત્મસ્વાર્થમાં એવા ચમત્કાર દેખાતા નથી, માટે આ એક આલંબન પકડવાનું કે ભલભલા વૈભવી, ભલભલા બુદ્ધિશાળી અને વિદ્વાનોએ જો આત્મસ્વાર્થને મુખ્ય કર્યા, બુદ્ધિમત્તાનો એ ઉપયોગ કર્યો, ચમત્કાર દર્શન આત્મસ્વાર્થમાં કર્યા, તો મારે પણ એ જ રાહ સલામત હો, એ જ કર્તવ્યના નિર્ધાર હો. એવા મહાવૈભવી, મહાસુકુમાર મહાવિદ્વાનોને જડસ્વાર્થ તદ્દન મૂકી દેવાનું જ પાલવ્યું, તો હું સર્વત્યાગ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કદાચ ન કરી શકું તો પણ કમમાં કમ જડ પરથી સ્વાર્થબુદ્ધિ તો ઉઠાવી લઉં !'

**(૬) બહુ સત્સંગ :-**

બાકી તો સ્વાર્થની કલ્પના જડ પરથી ઉઠાવી આત્મહિત પર સ્થાપવા માટે સત્સંગ બહુ જરૂરી છે, સત્પુરુષો-સાધુપુરુષોનો પરિચય બહુ રાખવો. એ પણ ઈધર-ઉધરનાં ગપ્પાં મારવા નહિ, દુન્યવી લોથનાં રોદણાં રોવા નહિ, કે જાતની બડાઈની વાતો કરવી નહિ, આ ઘણું સંભવિત છે. સાધુ પાસે જનારા આવા કેટલાય હોય છે. કહે છે 'અમે સાધુ મહારાજનો બહુ સંગ કરીએ છીએ' પરંતુ ત્યાં ધંધો આ કરતા હોય-કાં તો સાંસારિક રોદણાં રુએ 'સાહેબ ! ધંધા મંદા પડી ગયા, છોકરી મોટી થઈ ગઈ છે, બચુડાને તાવ લાગુ પડ્યો છે, આવાં ને આવાં રોદણાં રુએ, અથવા ગામગેઝેટ, ગપ્પાં નિંદા કૂથલી વિકથા માંડે, યા જાતની બડાઈ હાંકે, 'મેં આમ કર્યું ને મેં તેમ કર્યું, રોજ મારે પૂજા-સામાયિક તો કરવાના જ. સાધુ મહારાજ આવે એટલે આપણને તો એમની પાસે ગયા વિના ચેન ન પડે...' આવું કરાય એ સત્સંગ નહિ. સત્સંગમાં તો આત્માના દોષોની કથની રજૂ કરી માર્ગદર્શન માગવાનું. સાધુ મહારાજ જે તત્ત્વનો ઉપદેશ આપે એ હૃદયમાં ધારણ કરી લેવાનો. ટૂંકમાં, સાધુ પાસેથી લેવા માટે જવાનું, સાધુને આપણું આપવા નહિ. શુદ્ધ સત્સંગ બહુવાર થાય ત્યારે સ્વાર્થની કલ્પનાના સ્થાન ફરે.

**(૭) સદ્‌વાંચન :-**

એક વધુ ઉપાય એ છે કે સત્સંગ સિવાયના સમયમાં સારું શાસ્ત્રવાંચન, ધાર્મિક-આધ્યાત્મિક વાંચન ખૂબ રાખવું, એમાંય કદાચ વધારે ન વંચાય એની ચિંતા નહિ, પરંતુ વાંચેલાને બરાબર યાદ રાખવું, યાદ કરતા રહેવું, એના પર મનન-મંથન કરવું, જીવન પર એને ઘટાવવું, અને એને એટલું બધું પરિચિત કરી દેવું કે પછી તો વગર યાદ કર્યે જીવન પ્રસંગોમાં સહેજે સહેજે એ હૂબહૂ મનની સામે ખડું થઈ જાય. **તાત્પર્ય, વાંચેલું પચાવવું.** સારું ખાવા માત્રથી લાભ નથી, અંદરમાં પચે તો લાભ થાય. એવું અહીં પણ વાંચેલું પચે, પરિણમે તો કામનું, બાકી જો એ યાદ રાખવાનું ન હોય, એ દ્વારા સ્વજીવનમાં સંસ્કરણ ન લેવાનું હોય, તો પાને પાનાં ઉથલાવ્યાથીય શું ? બાકી થોડું પણ વાંચન એ ચિંતન-મનન-પરિણમન દ્વારા આત્માના દેદાર ફેરવી નાખે છે. પછી ત્યાં સ્વાર્થની કલ્પના જડ પરથી ઊઠી આત્મહિત પર બેસવાનું સુલભ થશે. શબ્દનો ગજબ મહિમા છે. એવા સ્થિર મને સારા બે શબ્દ સાંભળવા-વાંચવામાં આવી જાય તો એની મન પર અસર થઈ જાય છે. તો આત્મહિતમાં સ્વાર્થ કેમ ન લાગે ? માત્ર ધ્યાન આ રાખવાનું છે કે શબ્દનું દિલમાં પરિણમન થવું જોઈએ.



**(૮) લક્ષવાળી ધર્મસાધનાનો અભ્યાસ :-**

એક વસ્તુ એ કરવા જેવી છે કે ભલે કદાચ હજી દિલમાં તેવો આત્મહિતનો સ્વાર્થ ઊભો ન થયો હોય છતાં આત્મહિતની પ્રવૃત્તિ વધુ વધુ કરતા રહેવું, તે પણ એ લક્ષ રાખીને કે 'મારા આત્માનો ખરો સ્વાર્થ આમાં છે, પણ નહિ કે દુન્યવી ચીજો અને દુન્યવી બાબતોમાં,' આ ભાવના કેળવાતી જાય. મનને એમ થયા કરે કે ખરેખર સ્વાર્થ અર્થાત્ સ્વહિત તો દેવ-ગુરુધર્મમાં જ છે, ધર્મસ્થાનોમાં જ છે ધર્મની વાતોમાં જ છે, ધર્મક્રિયા-સુકૃત-સત્પ્રવૃત્તિમાં જ છે, આત્મગુણોમાં જ છે, તો એ મૂકીને આ ઊંધું કેમ ચાલી રહ્યું છે ? કેમ મન કંચન-કામિની-કુટુંબમાં, કાયા અને કીર્તિમાં, રોફ-સત્તા અને સન્માનમાં વધારે ખેંચાય છે ? પરંતુ હવે ધર્મમાં, ગુણોમાં, દેવગુરુ ભક્તિ-બહુમાનમાં વધુ ને વધુ પ્રવૃત્તિ-પરિચય રાખતો જાઉં, જેથી સ્વહિત એમાં જ દેખાય.' આમ લક્ષ રખાય તો 'ઉદ્યોગ રસ જગાડે છે' એ નિયમથી ધર્મનો વારંવાર ઉદ્યમ, જો એ સ્વાર્થ કલ્પના ફેરવવાના લક્ષવાળો હોય, તો જતે દહાડે એમ કરી આપે છે.

**(૯) બિનજરૂરી દુન્યવી પ્રવૃત્તિને તિલાંજલી :-**

સાથે આ પણ કરવાનું છે કે દુન્યવી પ્રવૃત્તિ જે ટાળી શકાય એવી હોય, જે બિનજરૂરી હોય, એને અટકાવી દેવી જોઈએ. નહિતર એ ત્યાંની સ્વાર્થ કલ્પનાને મજબૂત રાખે છે.

**જીવ બિનજરૂરી વાતો, પ્રવૃત્તિઓ શા માટે કરે છે ?**

એમાં ય એને મન ફોરું થતું લાગે છે, અથવા બીજાને સારું લગાડવું છે, યા વધુ સુખસગવડની કામના છે માટે એ કરે છે. પરંતુ એ બધું સ્વાર્થકલ્પનાને મજબૂત કરનારું છે.

**માટે એ જોવાનું કે,**

આ પ્રવૃત્તિ કે આ બોલ જીવન જીવવા માટે જરૂરી છે ?

આના વિના શું ન જ ચાલે ?

જીવનને કાંઈ વાંધો આવે ?

ના, તો પછી એ કરવા-બોલવાની કાંઈ જરૂર નથી. એમ મજબૂત મન કરી એને ટાળી શકાય.

આ ઉપાયો યોજીને સ્વાર્થ ધર્મમાં દેખવાનો છે, દુન્યવી ખટલામાં નહિ.

**સુનંદાની ચાલાકી :-**

રાજકુમારી સુનંદાએ સ્વાર્થ રૂપસેનને મળવામાં જોયો છે એટલે હવે અહીં માતા અંતરાયભૂત થાય છે તો એ ટાળી એ સ્વાર્થ સાધવાની હોશિયારી એને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

આવડે છે. માતા એમ કહી રહી છે કે 'તને જો પેટમાં દુ:ખે છે તો પછી મારે પણ ઉજાણીમાં જવાનું શું કામ છે ? હું ય અહીં રહીશ.'

ત્યારે સુનંદા કહે છે 'ના રે ના માતાજી ! વર્ષનો મહાન ઉત્સવ રહ્યો, આખી પ્રજા જાય એટલે માતાએ તો જવું જ જોઈએ. આપ મારી ચિંતા ન કરશો. મને જરા ઠીક થઈ જશે એટલે હું ય આવી પહોંચીશ. આ બે સખીઓ છે મારી સાથે.'

માતા કહે 'ઠીક ત્યારે હું જાઉં છું. ઇચ્છું છું તને જલ્દી સારું થઈ જાઓ.'

બસ પાસો પોબાર ! દુન્યવી સ્વાર્થ સાધવામાં હોશિયારી ક્યાં શીખવા જવી પડે એમ છે ? આવડે જ છે. આત્મહિતની વાત આવે ત્યાં જ કોણ જાણે મન કેમ બૂઠું બની જાય છે. રાજા અને રાણી ઊપડ્યાં. લોકો ઊપડ્યા, ત્યારે શું હવે સુનંદાને રૂપસેનનો ભેટો થશે ? જુઓ ભવિતવ્યતા શો ઘાટ ઘડે છે.

**રૂપસેનના બદલે જુગારી મહેલમાં :-**

એ નગરમાં એક જુગારી પૈસા બધા ખોઈ બેઠેલો, ઘરે આવ્યો એટલે એની પત્ની એના હાલ જોઈ એને ધુતકારી કાઢે છે, 'જા, પિટ્યા ! પૈસા લઈને ઘરમાં પેસજે; પૈસા વિના હું શું ધાન્ય લાવું ને શું રાંધું ?' જુગારી જુએ છે કે 'આજે લોક સાંજે ઉજાણીમાં જવાનું છે તો તે વખતે હું નગરમાં ભમું, ક્યાંય ચોરીનો તડાકો લાગી જશે.' એમ વિચારીને ઊપડ્યો ભમવા.

ભમતો ભમતો જુગારી રાજમહેલની પાછળ આવી ગયો. અહીં રૂપસેનને પણ આવવાનો અવસર છે. એ આવે તો એના અને જુગારીના બંનેના દાવને ફાવટ ન આવે ! પરંતુ વિધિની ઘટના જ કોઈ એવી વિચિત્ર છે, અથવા કહો ભવિતવ્યતાના ખેલ એવા અચિંત્ય-અકલ્પ્ય હોય છે, કે અઘટિત ઘડે અને ઘટતું રદ કરે. રૂપસેને મહેલમાં પહોંચી જવાનું ઘડી રાખ્યું છે, પણ ભાગ્ય, ભવિતવ્યતા એને રદ કરે છે. ત્યારે જુગારીને મહેલમાં બોલાવવાનું સુનંદાએ ઘડી રાખેલું નથી, છતાં ભાગ્ય, ભવિતવ્યતા એને ઘડાવી દે છે...રૂપસેન કેમ નથી પહોંચી શકતો એ જોવા પહેલાં અહીં જુઓ કે જુગારી મહેલના પાછલા ભાગમાં પહોંચી ગયો છે. ત્યાં શું થાય છે.

જુગારીએ મહેલના ઝરૂખામાંથી એક સીડી ગોઠવેલી જોઈ. એને કૌતુક થયું કે આ શું હશે ? ગયો સીડી પાસે અને એને જરા હલાવી. ઉપર સુનંદા રાહ જોઈ રહી છે. સંધ્યાની આભા ઊડી ગઈ છે, એટલે મોઢું દેખાતું નથી. પરંતુ અણસારે લાગે છે કે કોઈ આવ્યું. સુનંદા સમજી કે રૂપસેન આવી ગયો. ખુશી ખુશી થઈ ગઈ. ભોળીને ક્યાં ખબર છે કે આ રૂપસેન નહિ ધૂર્તસેન છે ! એ તો બરાબર



રૂપસેન જ સમજી કહે છે, 'કેમ આવી ગયા !'

ધૂર્ત નીચેથી લગાવે છે, 'હુમ્...' બીજું બોલે શું કામ ? બોલે એ બે ખાય.

સુનંદા કહે છે, 'આવી જાઓ, આ સીડીએથી ઉપર આવી જાઓ.'

**જુગારીને કસોટી :-**

જુગારી સમજે છે કે 'આ આંધળે બહેરું કુટાય છે, પરંતુ એને વહેમ તો પડી ગયો કે આ કાંઈક દાળમાં કાળું છે ! કાંઈક સંકેત કોઈ ખાનગી રમત લાગે છે ! નહિતર મુખ્ય નિસરણી મૂકીને અહીં સીડી શાની ગોઠવાય ? લાવ ત્યારે મને ય સાહસ કરવા દે. કદાચ કુટાવું પડશે તો આમે ય ઘરે ક્યાં નથી કુટાયા ?' માણસને સાંસારિક સ્વાર્થની લાલચ છે તો અવસરે મન વાળી લેતાં આવડે છે. બસ, આત્મિક સ્વાર્થમાં લોભ લાગી જાય તો તકલીફમાં ય મન વાળી લેતાં આવડે, તપસ્યામાં કદાચ ઢીલાશ આવી તો શું એમ ન વિચારી શકાય કે 'આમે ય બીમારીમાં, શરદીમાં ક્યાં ઢીલા નથી પડતા ?'

જુગારી ઉપર ચઢી ગયો. સુનંદાએ હાથનો ટેકો આપી ઝરૂખાની અંદર લીધો. હવે કસોટી છે, કેમ કે અંદર હોલમાં અજવાળું છે. માત્ર બારી બંધ રાખી છે, તે એટલા માટે કે બહાર પ્રકાશ આવે તો કદાચ બહાર કોઈ જતા આવતાને દેખાઈ જાય ! બધું ગુપસુપ અને અંધારામાં ! જીવને કાળાં કામ કરવા આવું અંધારું શોધવું પડે છે. એ જ દિલની મેલાશ છે. હવે અહીં જુગારીને કસોટી એ છે કે જ્યાં ઝરૂખાની બારી ખોલી અંદર લઈ જવાય, ત્યાં ભાઈ સાહેબ પરખાઈ જાય કે આ ક્યાં રૂપસેન છે ? આ તો કોઈ દંભસેન લાગે છે ! પછી એના કેવા હાલ ?

**પાપના કામમાં વિઘ્ન નહિ માટે સાવધાન રહો :-**

પણ નસીબ બે ડગલાં આગળ ! જુગારીને નસીબ જોગ સગવડ થઈ જાય છે. કહે છે ને સારા કામમાં સો વિઘન ? પણ નરસું કામ કરવું હોય ત્યાં કદાચ વિઘ્ન દેખાતું હોય તો ય તે ક્યાંય અદૃશ્ય થઈ જાય. માટે જ પાપના કામની બુદ્ધિ કરતાં પહેલાં પણ ઊભા રહેવા જેવું છે. કેમ કે એવી બુદ્ધિ કરી તો પછી પાપનું કામ નિર્વિઘ્ન આચરાઈ જવાનો મોટો સંભવ છે. આ જીવને દુર્ગતિદાયી અપકૃત્ય કરતાં અટકાવનાર સાધન ઓછાં ! હિતૈષી ય ઓછાં, અને વિઘ્નેય ઓછાં ! એટલે પાપ ઝટપટ થઈ જવાનાં અને જીવન સહેલાઈથી કલુષિત, કલંક્તિ, કલેશભર્યું બનવાનું. જીવન પવિત્ર, પ્રતિષ્ઠાવાળું અને પરમ શાંતિભર્યું બનાવવું હોય તો પાપો અપકૃત્યોથી દૂર રહો. એ માટે આ, કે એની બુદ્ધિ પણ નહિ કરવાની. નવરા માણસને, સત્ત્વહીન માણસને એવી ખરાબ બુદ્ધિ થઈ આવ્યા કરે છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

'આમ જૂઠ બોલું તો આ લાભ થઈ જાય ! કોરટમાં આવી રીતે જૂઠો જવાબ આપીશ... આપણે મોટર હોય તો... આવા ચોર-લુચ્ચાઓને તો આવી જોરદાર જ સજા કરવી જોઈએ...! આવા ને આવા કેટલાય પાપ વિચારો મનમાં ચાલ્યા કરે છે. પણ એ વિચાર પછી જો પાપ આચરવાના સંયોગ ઊભા થઈ ગયા, તો એ આચરવા આડે વિઘ્ન ઓછાં ! એટલે પાપ નિર્વિઘ્ન આચરાઈ જવાનો મોટો સંભવ ! માટે જ પહેલેથી અટકવું; પાપનો વિચાર જ ન જાગવા દેવો. પાપની બુદ્ધિ જ ઊભી રહેવા દેવી નહિ.

**ભવિતવ્યતા વિઘ્ન ટાળે છે :-**

અહીં એવું ભવિતવ્યતાવશ બને છે કે રાજપુત્રી ઝરૂખામાં બહાર ઊભી છે એટલામાં આગળની સીડીએથી સિપાઈઓ આવે છે. સખીઓ ગભરાણી કે પોલ પકડાઈ જશે. એટલે એમણે ઝટઝટ અંદરનો દીવો બુઝાવી નાખ્યો અને દાદર પાસે જઈ સિપાઈઓને કહે છે, 'અવાજ ન કરશો.'

સિપાઈ પૂછે છે 'અમને રાણીસાહેબે કુંવરીબાની ખબર લેવા મોકલ્યા છે, તો એમને હવે પેટના દુઃખાવામાં કેમ છે ?'

સખીઓ કહે છે, 'બહુ દુખ્યું. પણ હમણાં જરા શાંતિ વળી લાગે છે તે આંખ મળી ગઈ છે.'

સિપાઈઓ કહે છે. 'ત્યારે, હમારે બીજું પણ થોડું કામ કરવાનું છે તે કરી આવીએ, પછી જો બેન જાગતા હશે તો ખબર પૂછી લઈશું.'

આમ કહીને સિપાઈઓ ગયા. પરંતુ એવો પલિતો મૂકતા ગયા કે હવે હમણાં દીવો થાય નહિ. કેમ કે કોણ જાણે પાછા ક્યારે આવી ચઢે, તેમ સુનંદાના મનના કોડ પણ મનમાં દબાયા, 'રૂપસેન સાથે મીઠી મીઠી વાતો કરીશ એ હોંશ હતી પરંતુ દાળમાં ડપકો એવો પડ્યો કે દાળ કામ લાગે જ નહિ. એમ હોંશ કાંઈ ઉપયોગની ન રહી.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૩,તા.૨૨-૯-૧૯૬૨

આ બધી પરિસ્થિતિમાં તો પાપથી બચી જવાય ને ? પાપ લાંબું નથી કરવું, આટલું જ કે પર પુરુષને આંખે જોયો છે, હવે એની સાથે પ્રેમની વાતો કરવી છે. સુનંદાના દિલમાં આ પાપ પેઠું છે. અને અહીં વાત કરવા પર સજ્જડ પ્રતિબંધ-અટકાયત આવે છે. બાજી તો કેટલી બધી ગોઠવી રાખી હતી, પરંતુ માણસનું ધાર્યું બધું સફળ થતું હોય તો તો થઈ જ રહ્યું ને ? દુર્જનોને બોલબાલા



જ થઈ જાય ! પરંતુ કુદરત, ને કુદરતી સંયોગ જાણે એવી ચેલેન્જ કરી રહ્યા છે, એવું આહ્વાન કરે છે કે 'કર, કર, કરે ત્યારે ખરો ! શું રાખ કરી શકે ?' આ પરિસ્થિતિમાં માણસે ગુમાન રાખવું નકામું છે, કે થોડી અનુકૂળતા મળતાં બહુ હરખાઈ જવું એ પણ વાજબી નથી. એ રોકવા આ વિચારી શકાય કે 'શાના પર ગુમાન કરું ? શાનો હરખાઈ જાઉં ? કેમ કે અણધાર્યા કેવા ય કુદરતી સંયોગો માથે ઝઝૂમતા હોય, વચમાં ઊતરી પડે, એની ક્યાં ખબર છે ?'

કુદરત આમ બચાવવા માટે આવી ઊભી પરંતુ જુઓ વિશેષ પાપમાં કેવી અનુકૂળ થઈ જાય છે. એમ કહો કે પાપરૂપી વિષવૃક્ષના પડછાયામાં ઊભા રહેવું એ પાપવિષમાં ઘસડાવાનો ધંધો છે. સુનંદા ભૂલે છે.

બરાબર જ્યારે દીવો બુઝાવી નાખ્યો, બરાબર ત્યાર પછી જ સુનંદાને પેલા જુગારીને અંદર લાવવાનું બને છે. પોતે હજી મનમાં દુભાય છે કે 'વાતચીત નહિ થાય.' આટલું જ, બાકી બીજી કોઈ પાપબુદ્ધિ એને નથી. પરંતુ જુગારી માપી ગયો કે 'અહીં કોઈ એના પ્રેમીને લાવવાની સંતલસ લાગે છે, અને પ્રેમી ગમે તે કારણે આવી શક્યો નથી અગર હજી એને આવવાની વાર છે. એટલે હવે મારે જ પ્રેમીનો પાઠ ભજવવાનો ! મોઢું દેખાવાનું નથી, શબ્દ સંભળાવવાનો નથી. એટલે ઓળખાણ પડવાની નથી.' એમ વિચારી જુગારી જારી અને ચોરી બંને ય મહાપાપ સુધી પહોંચી ગયો; અને સુનંદા એમાં ફસાણી. એને મનમાં લાગ્યું ય ખરું કે આ રૂપસેન આટલી બધી ઉતાવળ શા માટે કરે છે. પરંતુ પ્રેમની શિથિલતા ભારે; અનુચિત્તનો વિરોધ કરવાનું સત્ત્વ ખલાસ કરી નાખે છે. માટે જ દુનિયામાં આંધળા પ્રેમ કરતી વખતે બહુ વિચારવા જેવું છે. બાપ છોકરા પરના આંધળા પ્રેમમાં એની ઉદ્ધતાઈ, અપકૃત્યો અને ખોટાં વ્યસનોને પોષે છે. વિરોધ કરવાનું સત્ત્વ નથી હોતું. કેટલીય કૉલેજ-કન્યા વગેરે એમ જ ફસાય છે. આંધળા પ્રેમ ખોટાં.

**સંયોગે વિકારનું જોર :-**

જુગારીએ પ્રેમ દેખાડવાના બહાને સુનંદાના ગળા પરની મોતીની માળા વગેરે પણ ખેંચી તોડી મોતીઓ પણ અંધારે ખીસા ભેગાં કર્યાં ! એટલામાં ફરી સિપાઈઓ આવ્યા, હવે સુનંદા ગભરાણી, જુગારીને કાનમાં કહે છે 'રૂપસેન ! આજે તો પ્રેમની વાતો કરવાનો લાગ ન સધાયો. તો હવે ફરી ક્યારેક વળી ગોઠવીશું ત્યારે આવજો.' એમ કહીને પોતે એને બહાર ઝરૂખામાં મૂકી આવી. કુમારી છે, મનમાં ઈચ્છતી ય નહોતી, પરંતુ પૂર્વે યોજેલા દૃશ્ય પર જીવની અનાદિસુલભ વિકારદશા સંયોગ મળતાં એના માથે ચઢી બેઠી ! એટલે એના મનને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એમ નથી લાગતું કે આ ભયંકર કૃત્ય કહેવાય અગર મહાપાપ કહેવાય. રાજશાહી ઠાઠ અને તેવા કુળમાં ધર્મની સમજ કેવી ? કશું નહિ. એકલી પુદ્ગલદૃષ્ટિ છે. ત્યાં મહાપાપનો અરેકારો શાનો ?

**સુનંદાના ગર્ભમાં રૂપસેન :-**

પરંતુ કુદરત ક્યાં છોડે છે ? પાપ પીપળે ચઢીને પોકારે એવું થયું. સુનંદાને ગર્ભ રહી ગયો અને એ ગર્ભમાં રૂપસેન જ આવી ભરાણો ! કેવું વિચિત્ર ? પણ આ કેવી રીતે બન્યું તે જુઓ.

**આર્યત્વના કાયદાબહાર :-**

રૂપસેન માથું દુઃખવાનું બહાનું કાઢી ઉજાણીમાં ન જતાં ઘરે રહ્યો. સંધ્યાકાળ થઈ એટલે ઘરેથી રાજમહેલ તરફ નીકળ્યો. ખૂબ હોંશમાં છે, કેમ કે રાજકુમારી આ વાણિયાના દીકરાને આમંત્રી રહી છે ! તે પણ કેટલાય દિવસ એને જોઈ જોઈને હરખાઈ ગયા પછી ! હવે એની સાથે મીઠી મીઠી વાતો કરવાની છે એટલે આનંદની ભરતી ચઢી છે. બધું કાયદા બહાર ! આર્યમર્યાદાની અને રાજમર્યાદાની વિરુદ્ધ, પરકુમારી, પરસ્ત્રી, વિધવા, વેશ્યા, કોઈની ય ઉપર આંખ નાખવી, એના ઘરે આમ જવું, એની સાથે વાતો... બધું ગુનો. આજે સહશિક્ષણમાં શું છે ? અલગ અલગ પણ શાળામાં કેળવાતા પર આજની કેળવણીનું પરિણામ શું છે ? કાયદા બહાર અને ગુન્હાહિત જ પ્રવૃત્તિ ને ? છતાં મા-બાપો હોંશે હોંશે એમાં આગળ વધારે છે ! કે કોઈ પરલોકનો વિચાર કે આમાં કાયદા બહાર જનારી ને મર્યાદા બહાર વિષયમૂઢ થનારી અમારી પ્રજાનું શું થશે ? અતિ વિષયાસક્તિના કુસંસ્કાર અને ભવિષ્યમાં ભવોભવ કેવા કેવા પીડ્યા કરશે ? કેવી ઘોર રીતે રિબાવ્યા કરશે ? તો અહીં પણ એના પ્રત્યાઘાતરૂપે ભવિષ્યમાં મર્યાદા બહાર, આર્યત્વના કાનૂન બહાર વર્તવામાં સંકોચ નહિ રહે, એ નુકસાન પણ કેટલું મોટું ? એવા વર્તનના પાછા કુસંસ્કાર ભાવી ભવોમાં પીડ્યા કરે એની વિટંબણા વળી કેવી ?

**રૂપસેનનો અકસ્માત્ અને મોત :-**

રૂપસેનના પ્રસંગમાં ભવાંતરોમાં આના કરુણ પ્રત્યાઘાત જોવા મળે છે; અને અહીં પણ આ નિમિત્તે જીવલેણ આપત્તિમાં ફસાય છે. બને છે એવું કે રસ્તા પર એક મકાન પાડવામાં આવતું હતું. એનો કરો થોડો તોડ્યો હશે, થોડો ઠમઠોરીને ઢીલો કર્યો હશે, તે પડુ પડુ થતો હતો, અને કમનસીબ બિચારો રૂપસેન બરાબર જ્યાં આ મકાનની પાસે આવ્યો કે તરત જ પેલો કરો તૂટી પડ્યો. એ ખાસી જાડી દીવાલના ઘાથી એની ખોપરી ફૂટી અને એની જ નીચે એ કચરાઈ મર્યો ! મરીને સુનંદાના ગર્ભમાં જન્મ્યો.



**અણધાર્યું કેટકેટલું વિચિત્ર બને છે ? :-**

આ બધું જોગાજોગ બની આવે છે, નથી સુનંદાએ ધારી મૂક્યું, કે નથી જુગારીએ ધારી મૂક્યું. તેમ નથી રૂપસેને ધારી મૂક્યું. સુનંદા કુમારી છે, રાજમહેલમાં બેઠી છે, ત્યાં જુગારીનું આગમન થવું, કુમારીએ પોતે જ ભૂલમાં એને અંદર લઈ આવવું, સંબંધ થવો, રૂપસેનનું મરવું, તે પણ એ જ વખતે દીવાલના પડવાથી આ બધું અણધાર્યું. ક્યાં કોની ધારણા કામ લાગી ? અણધાર્યા નિમિત્તો મળવાં, વિચિત્ર કર્મ ઉદયમાં આવવાં, વિચિત્ર ભવિતવ્યતાએ કામ કરવું, વિચિત્ર પુરુષાર્થ આવી બનવો, બધું જ વિચિત્ર ! રૂપસેનના મનથી મરવા જવાનો પુરુષાર્થ નહોતો, સુનંદાના મનથી અનાચારના ઇરાદે પુરુષાર્થ નહોતો. છતાં એ વિચિત્રરૂપે બની ગયો, રૂપસેન ચાલીને ત્યાં આવે તો જ દીવાલ નીચે કચરાઈ મરે. સુનંદા જુગારીને ઘરમાં ઘાલે, તે ય જ્યારે દીવા નથી, ને સખીઓ આઘી છે, ત્યારે જ અનર્થ બને.

**ભવિતવ્યતાના પટ પર શું શું ? :-**

સંસારયાત્રામાં આવું કેટલું ય વિચિત્ર બને છે, નહિ ધારેલું બને છે, જરાય ન ગમતું હોય છતાં બને છે. આવા બનાવના માણસને ભોગ થવું પડે છે, એ એની કેટલી બધી કંગાળિયતતા છે ! કેટલી પામરતા ! કેવીક પરવશતા ! આના સામે નજર રહે તો ગુમાન કરવાનું મન ન થાય. તેમજ ઠગારી ધારણાથી જે જૂઠ અનીતિ વગેરેનાં પાપ સેવાય છે, ઈર્ષ્યા-અસૂયા કરાય છે, એ પણ અટકી જાય. મનને એમ થાય કે વિચિત્ર ભવિતવ્યતાના પટ પર કોણ જાણે શું શુંય લખાયું પડ્યું હશે ? અને શુંય બની આવશે ! તો મારે દોષ-દુષ્કૃત્યો સેવવાનું શું કામ છે ? શી ખબર કે એ સેવવા છતાં ય ભવિતવ્યતા ભૂંડું નહિ બનાવે ?

ત્યારે એ પણ ધ્યાનમાં રહે કે ભવિતવ્યતા વગેરેની વિચિત્રતા અને જીવની ત્યાં ગુલામગીરી જોઈને તો આ સંસાર પરથી આસ્થા ઊઠી જાય એવું છે. સંસાર ભલે ને ક્ષણિક સુખ, વૈભવ દેખાડી દેતો હોય, પરંતુ આ સ્થિતિ જોતાં જરાય એના પર મોહવા જેવું નથી. એના પર ફુલાઈ જવા જેવું કે સંતોષ માની લેવા જેવું નથી. શાના હરખ ? શા સંતોષ ? શી નિરાંત ? રોગ, શોક, સંતાપ, વૃદ્ધાવસ્થા, શક્તિનાશ અને ઠેઠ મૃત્યુ સુધીના ભય ઊભા છે ! વિચિત્ર ભવિતવ્યતા અને વિચિત્ર કર્મના ઉદય કોણ જાણે શું ય આપત્તિ ખડી કરશે ? રૂપસેનને સુનંદા મળ્યાનો બહુ હરખ હતો, શું કામ લાગ્યો ? ભીંતડા નીચે કચરાઈ મરતાં અને કુમારીના ગર્ભમાં જન્મતાં કોઈ અટકાવી શક્યું ?

પણ ખરું પૂછો તો એ બિચારો અહીં રાજકુમારીના રાગમાં અને એ મળી શકવાના હરખમાં તણાયો, એટલે આ કરુણ સ્થિતિ આવીને ઊભી રહી ! તે પણ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

હવે આટલી કરુણતાએ નહિ પતે. કેમ કે હવે બાજી હાથમાંથી ગઈ, કર્મના હાથમાં આવી. વાત હવે કર્મસત્તાની બની ગઈ.

**વર્તમાન જીવન પૂરું થતાં પહેલાં રાગદ્વેષ અને હર્ષશોકથી પાછા ફરી જાઓ, નહિતર મૃત્યુ બાદ** ભવાંતરમાં અહીં સારી રીતે રાગ-દ્વેષાદિ સેવીને બાંધેલાં ચીકણાં સાનુબન્ધ કર્મનું જ જોર પ્રાયઃ રહેવાનું. અહીં એક પ્રશ્ન કરો,

**રાગદ્વેષ સામે જોર ચાલે ? :-**

**પ્ર.**- અમે તો આ ભવમાં પણ પૂર્વના ભવના રાગદ્વેષથી ઊભા કરેલ મોહનીય કર્મનું જ જોર હોય ત્યાં અમારું જોર શી રીતે ચાલે ?

**ઉ.**- પ્રશ્ન ઠીક છે, પરંતુ અહીં બે સ્થાનની પરિસ્થિતિમાં ફરક સમજવા જેવો છે. આ ભવની પૂર્વે કોઈક મનુષ્ય ભવમાં જાણીબૂજીને બહુ હોંશપૂર્વક રાગદ્વેષ અને હરખશોક સેવ્યા હોય. પરંતુ તેનાં ચીકણાં મોહનીય કર્મ તો પછીના હલકા ભવોમાં ભોગવાતાં ભોગવાતાં એની અસર ઘટી ગઈ, અને આ એવો મનુષ્ય ભવ પામ્યા, કે જ્યાં રાગદ્વેષાદિની ભયાનકતા પર દૃષ્ટિ પડે છે. એટલે અત્યારે મોહનીય કર્મનું જોર ઓછું ગણાય. હવે જો અહીં પાછા રાગદ્વેષ અને હરખશોકમાં ગળાબૂડ ડુબાય, હાલતાં ને ચાલતાં એ નિઃશંક સેવાયે જાય, એનો કોઈ અરેકારો, અફસોસી કરવાની ન હોય તો હવે એથી અનુબંધવાળાં ચીકણાં મોહનીય કર્મ ઊભાં થાય, ને તેથી ભવાંતરોમાં એનું જોર ચાલ્યા કરે.

**ઉપાય સંયમ અને ધર્મનું આલંબન :-**

એટલે વાત આવીને આ ઊભી રહે છે કે ભવાંતરોમાં ભવ હલકા, રાગાદિ મોહનીયનું જોર ભારે, ને સમજ કાંઈ મળે નહિ, તેથી બાજી કોઈ હાથમાં નહિ; જ્યારે અહીં બાજી હજી હાથમાં છે, રાગદ્વેષ અને હરખશોકની ભયાનકતા સમજવા મળે છે, રૂપસેન જેવાના દૃષ્ટાન્તમાં જોવા મળે છે, એટલે એમાંથી પાછા વળી જવું, એને ધર્મના આલંબનથી, ને સમતા-સમાધિથી વારંવાર રોકવા, એ સહેલું છે. પણ આ બધા માટે સંયમ પહેલું જોઈશે.

હજી તો આગળ જુઓ કે રૂપસેનને રાગ અને હરખ ક્યાં સુધી વિડંબે છે ! અકસ્માત્‌થી મર્યો તો મર્યો એ જ રાજકુમારીના ગર્ભમાં ગયો. એને રાજકુમારી ગમતી હતી ને ? કર્મે એ આપી, પણ શું કરવાની ? કુમારી છે ને ? ગર્ભને પાળે ? કે ઓગાળે ?

**સુનંદાનો વિચાર :-**

સુનંદાને ગર્ભ રહી ગયો હતો, ૧-૨ મહિના થતાં એને એનાં ચિહ્ન વર્તાવા માંડ્યાં, એટલે એ ગભરાણી; 'હાય ! આ શું ? આ તો પાપ પીપળે ચઢી પોકારે



એવું થયું લાગે છે, ગર્ભ રહ્યો લાગે છે, એ જો એમ જ રહે તો બીજા ૨-૩ મહિના જતાં તો ખુલ્લું દેખાવા માંડે એ વખતે મારે મોં શું બતાવવું ? એના કરતાં મરવું સારું; અથવા ગમે તેમ કરીને ગર્ભનો નિકાલ જ કરી નાખવો જોઈએ. પણ એ શી રીતે થાય ? કોનો નિકાલ ? પ્રિય રૂપસેનનો ! અંધારે કુટાય છે.'

**આપઘાત કે ગર્ભપાત :-**

સુનંદાના રાગના પ્રત્યાઘાત ! એક મહાપાપ તો કર્યું, પણ હવે ગર્ભ રહેવાથી મોટી ચિંતામાં પડી ! ચિંતા એટલી બધી કે મનને એમ થાય કે ગર્ભવતી સ્થિતિમાં બહાર જાહેર થવું એના કરતાં તો આપઘાત કરવો યા ગર્ભનો નાશ કરવો ! રાગની રમત જીવને ક્યાં સુધી તાણી જાય છે ! મોતના વિચાર સુધી ! ગર્ભનો નિકાલ કરવો છે એટલે વિચારણા પંચેન્દ્રિય જીવના ઘાત સુધીય પહોંચી !

**દુષ્ટ સ્વાર્થ :-**

ગર્ભમાં કોણ છે ? રૂપસેનનો જીવ. ભલે સુનંદા જાણતી નથી. પરંતુ માનો કે ક્યાંયથી ખબર પડી પણ હોત તો ય શું ગર્ભ છે એવું જગતને જાણવા દેત ? ના, ગમે તેવો પ્રિય, પણ પોતાની આબરૂ વગેરેના સ્વાર્થનો સવાલ આવીને ઊભો રહે ત્યાં પ્રિય-બ્રિય કોણ ? ત્યારે આ પ્રિય ઉપરનો રાગ કેવો ? પોતાના બીજા સ્વાર્થ સચવાય ત્યાં સુધીનો જ ને ? સ્વાર્થભંગ દેખાય ત્યાં એ રાગના ભુક્કા ! રાગ પાત્રના ભુક્કા !

**રાગ ઉપર સંસારનાં મંડાણ છે.** ઘરસંસાર આખો રાગ ઉપર ચાલે છે, માટે જ બજારથી પાછા ફરતાં પોતાના માનેલા ઘરમાં જ પેસાય છે, ત્યાં જ નિરાંતે બેસાય છે, પૈસા ત્યાં જ મુકાય છે, કુટુંબ ત્યાંના જ સાથે વ્યવહાર કરાય છે. એના જ સુખદુઃખે સુખદુઃખ લાગે છે.

**રાગ અનિયત છે, તો એની પાછળ શું તણાવું :-**

શું છે આ બધું ? રાગના પાયા ઉપરનો વ્યવહાર, છતાં ત્યાં પાછા રાગમાં ટકાવારી છે, અમુક પર આટલો જ અને બીજા પર આથી વધારે, કે ઓછો ? એટલે જરૂર પડ્યે વધુ રાગના પાત્ર અર્થાત્ વધુ પ્રિય ખાતર ઓછા પ્રિય પર અરુચિ કરી એને જતું ય કરવાનું થાય છે. સંયોગ ફરી જાય ત્યારે અધિક પ્રિય ઊલટું ઓછું પ્રિય બની જાય છે. કહેવાનું તાત્પર્ય રાગની કોઈ નિયતતા નથી. તો પછી એની પાછળ તણાઈ મરવાની એને ખૂબ મહત્ત્વ દેવાની શી જરૂર ?

**રાગ કરવો હોય તો** દેવ-ગુરુ-ધર્મ અને સ્વાત્મા ઉપર ન કરીએ કે જેને સ્થાયી અને નિત્ય વધતો રાખી તો શકીએ ? કાયાનો રાગ પણ ક્યાં નિયત રહેવાનો હતો ? તેમ એ અંતે પરખાવે પણ શું ? એના કરતાં આત્મા ઉપર રાગ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રાખ્યો હોય તો સ્થિર રહે, વધે. કેમ કે અંદરના પોતાના આત્મા પર રાગ થાય, પછી પાપ પર તિરસ્કાર થવાનો, કેમ કે એ આત્માનું બગાડનારા છે. એમ ઈર્ષ્યા-અસૂયા, વૈર-વિરોધ, નિંદા-ચાડીચુંગલી, દંભ-ગુમાન વગેરે પોતાના દોષો ઉપર પણ અરુચિ થવાની, કેમ કે એ આત્માના રોગ છે, આત્માને અસ્વસ્થ વિહ્વલ કરનારા છે, સાચી સુખ-શાન્તિનો ભંગ કરનારા છે. પણ મૂળમાં કાયા, માયાને બદલે આત્મા પર રાગ થાય તો જ એ પાપો અને દોષો ઉપર તિરસ્કાર થઈ એને ઓછા કરવાની મહેનત ચાલવા માંડે.

સુનંદાને આત્મા તરફ કોઈ દૃષ્ટિ નથી, આબરૂ-ઈજ્જતનો રાગ છે, એની ખાતર ગર્ભનો નિકાલ કરવાની ચિંતામાં પડી. સખીઓ સાથે મંત્રણા કરે છે.

'જુઓને તે દિવસની ભૂલની આ પંચાતી ઊભી થઈ છે. શું કરવું ?'

સખીઓ કહે છે, 'એમાં મૂંઝાય છે શું ? ગણિકાને ત્યાંથી ઔષધિઓ લાવીશું, ગર્ભનો નિકાલ થઈ જશે. એવાની પાસે તેવા બધા ઉપાય હોય.'.

**વિવેક, દયા, ધર્મ ક્યારે આવે ને ટકે ? :-**

જુઓ સખીઓ પણ સખીના રાગમાં તણાઈ માનવગર્ભની હત્યા કરાવવામાં સાથ પૂરે છે ! રાગ એ જીવના વિવેક-વિચારને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખે છે. દયા-બયાને આઘી મૂકી દે છે. ત્યારે એ પરથી સમજવા મળે છે કે વિવેક, વિચાર, દયા, ધર્મ વગેરે જો લાવવા હોય, આવેલા સાચવવા હોય, તો ખાસ કરીને રાગને અંકુશમાં લો, આંધળા રાગને દેશવટો દઈ દો. દુનિયાની ચીજ પર આંધળો રાગ એ ઝેર છે, એનાથી વ્યાપ્ત દશામાં વિવેક, ગુણો અને ધર્મનું ચૈતન્ય સ્ફુરાયમાન નહિ રહે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૪,તા.૨૯-૯-૧૯૬૨

**ગર્ભના જીવની રિબામણ :-**

બસ, સખીઓએ ઓસડિયાંનો પ્રબંધ કર્યો; સુનંદાએ પીવા માંડ્યા. ઓસડિયાંના ઉકાળા કેવા ? તીખાં તમતમતાં કડવાં-કષાયલાં, ને ખારાં અગર ! એ બે એક માસના કૂણા ગર્ભ પર કેવી અસર કરે એ વિચારી જુઓ. વર્ષોના ઘડાયેલા શરીર પર પણ ક્યાંય ચાંદી પડી ને ઉપર જરાકશું લૂણ અડી જાય તો લહાય ઊઠે છે ! ત્યારે આ ગદરા પ્રવાહી જેવા શરીર પર ખાર ને તીખાઆગ ઓસડ વરસે તો કેટલી લહાયો ઉઠાડે ? રૂપસેન બિચારો ગર્ભમાં અપરંપાર વેદનામાં રિબાઈ રહ્યો છે ! એ કોને કહે ? ગર્ભની બખોલમાંથી ખસીને એ ક્યાં જાય ?



અમાપ બળતરા ! ચોવીસે ય કલાક લહાયો ઊઠે છે અને ઓગળતો જાય છે ! કર્મ ભારે છે, એ એકદમ ઓગળી શાનો જાય ? દિવસોના દિવસો સુધી કારમા ત્રાસ ભોગવી રહ્યો છે ! કોના વાંકે ? સુનંદા પર ગુસ્સો કરતા નહિ; રૂપસેન પોતાના જ અસંયમ અને રાગના ગુનાની સજા ભોગવી રહ્યો છે. પૂછો,

**પ્ર.**- તો પછી નારી નરકની દીવડી વગેરે વચનોમાં નારીનો વાંક કેમ કાઢવામાં આવે છે ?

ઉ.- એટલા જ માટે કે નારીશરીર, નારીવેશ, નારીચિત્ર આપણા રાગને જગાડે છે, ઉત્તેજે છે, પોષે છે, બેફામ બનાવે છે, એ દૃષ્ટિએ.

**રાગની હોળીમાં ન ઝંપલાવવાનું હોય એણે નારીજગત જ મનમાંથી કાઢી નાખવું જોઈએ.** એટલે પછી એના પર દૃષ્ટિ, એની સાથે વાતચીત, એના વિચાર, એની કથા વગેરેમાં પડાય નહિ. બાકી ન ઈચ્છવા છતાં સામે દેખાઈ ગઈ, તો ત્યાં દૃષ્ટિ ટકાવી રાખવાનો અસંયમ અને રાગ જ રોકવાનો છે. એ રોક્યો તો બચ્યા; નહિતર પછી અનિચ્છામાંથી ઈચ્છામાં પટકાવાનું થશે. એટલે અસંયમ અને રાગ એ ખરા શત્રુ છે. રૂપસેને સુનંદાનો ભેટો કર્યો નથી, માત્ર જોઈ છે, પરંતુ ચક્ષુનો એ અસંયમ અને એની સાથે વાતોચીતો કરવા પગલાં માંડ્યાનો અસંયમ કર્યો છે. એણે એટલો બધો રાગ પેદા કર્યો છે કે એ ગુનો મોટો થઈ ગયો છે. તે હવે અકસ્માતમાં કમોત પામ્યા પછી ગર્ભમાં તીક્ષ્ણ ઓસડિયાંથી ઓગળી રહ્યો છે, અને નિઃસીમ લહાય બળતરામાં સળગી રહ્યો છે. આ જાલિમ ત્રાસ જોઈને દિલ હોય તો એમ થાય કે 'દુશ્મન પણ અસંયમ અને રાગમાં ન ફસો !' તો પછી જાત માટે તો પૂછવાનું જ શું ? નિરંતર ઝંખના રહે, કાળજી રહે કે 'કેમ રાગને ઓછો કરતો આવું ! નહિતર મરીશ !'

**રૂપસેન મરીને ક્યાં ? :-**

રૂપસેનને-બિચારાને રાગ ઓછો કરવાનું આવડ્યું નહિ, ત્યારે પછી ગર્ભમાં તો એ કાળજીને અવકાશ જ ક્યાં હતો ? રોજ ને રોજ ખારથી ઓગળવાના કારમા ત્રાસ વેઠી અંતે મર્યો. મરીને હવે મનુષ્ય ભવ ક્યાં છે ? મરીને ગયો કોઈ નાગણની કુક્ષિમાં ! કાળક્રમે સાપ તરીકે જન્મ પામ્યો. હવે અહીં શો ધંધો કરવાનો ? શું ખાઈ ખાઈને કલેવર વધારવાનું ? પહેલાં નાનાં જીવડાં દેડકા વગેરે, ને પછી મોટાં દેડકાં, ઉંદરડા આદિ જેવું જ ને ? કેટલા જીવોની હત્યાએ પાપી પેટ અને પિંડ વધવાના ? કુદરત, કર્મ પછી છોડતા નથી હોં વિચાર જોઈએ કે,

**પાપી પેટ પર જીવવાનું કે ધર્મી પેટ પર જીવવાનું ?** વિલાયતમાં બર્નાર્ડ શૉ મોટો લેખક થઈ ગયો. એ જૈન ધર્મનો જાણકાર હતો, માંસાહાર નહોતો કરતો.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એકવાર ક્યાંક મિજબાનીમાં કોઈએ એને પૂછ્યું,

'મિસ્ટર શૉ ? તમે આ માંસ-ભોજન કેમ નથી લેતા ?'

શૉ કહે છે, 'મારું પેટ એ કબ્રસ્તાન નથી કે એમાં મડદાં પધરાવું.'

પૂછનાર શું બોલે ? સજડ થઈ ગયો ! શૉની વાત સાચી હતી. માંસ એટલે જીવ મરી ગયા પછી એના મડદાના ટૂકડા.

**પાપ ઓછાં કરવા શું કરવું ? :-**

પેટ કેવા અને કેટલા પાપથી ભરવાનું ? દેહપિંડ કેવા અને કેટલા પાપથી પોષવાનો ? આ વિચાર કરવાની તક અહીં મળી છે. વિચાર કરીને પાપ ઘણાં ઘણાં ઓછાં કરી નાખી જીવન ચલાવવાની મહામોંઘેરી તક અહીં છે. છતાં અહીં જો માત્ર ઇન્દ્રિયો અને દેહની સુખ-સગવડ-આરામી જ લક્ષમાં રહેતી હોય તો પછી પાપ ઓછાં કરવાની મુખ્ય ચોંટ ક્યાંથી રહેવાની ? પાપ તો જ ઓછાં થાય કે જો દેહ, ઇન્દ્રિયોના સુખ-સગવડ-આરામીનું લક્ષ ઓછું કરાય.

**સુનંદા ત્યાં જ રાણી :-**

હવે જુઓ રૂપસેનનો જીવ જંગલમાં સાપ તરીકે ઊછરી રહ્યો છે, ત્યારે સુનંદાનું શું થયું ? સુનંદાએ માતા સુધી લગ્નમાં સંમતિની વાત સખીઓ દ્વારા પહોંચાડી છે, એટલે માતાપિતાએ એક સમૃદ્ધ રાજા સાથે એનાં લગ્ન કર્યાં. સુનંદા રાણી બનીને બીજા રાજ્યમાં આવી. અને ભવિતવ્યતાનો મેળ કેવો કે સાપ અહીં જ પાસેના જંગલમાં ઊછરી મોટો થઈ ગયો છે. અસંયમ અને રાગના ગુન્હાથી કર્મ અને ભવિતવ્યતાના ધક્કે ચડેલ રૂપસેનના બિચારાના જુઓ હવે આ હાલ થાય છે !

**સર્પ સુનંદાનું મોઢું દેખી ઘેલો :-**

એક દિવસનો પ્રસંગ છે. રાણી મહેલના પાછલા બગીચામાં લટાર મારવા નીકળી છે. એટલામાં સાપ પણ ફરતો ત્યાં આવી ચઢ્યો છે, અને નજર નાખે છે ત્યાં એણે સુનંદાનું મોઢું જોયું. જોઈને પૂર્વના રાગના સંસ્કાર જાગ્રત થઈ ગયા, એટલે હવે એના મનને થાય છે કે 'અહો ! કેટલું સુંદર મુખ !'

એને કોણ સમજાવે, અરે રાંકડા ! આ 'કેટલું સુંદર મુખ !' કરવામાં તો ત્રાસ વિટંબણા ભોગવતો અહીં સુધી આવ્યો ! હજી પણ એ જ લત ? પરિણામ સમજે છે ?' આવું કોણ સમજાવે ? જ્યારે કર્મે સમજાવનાર મળે એવી સગવડ કરી હતી ત્યારે એની પરવા કરી નહોતી, એની ચિંતા જ રાખી નહોતી, તો હવે કર્મ સમજાવનારનો યોગ ફરીથી આપે જ શાનો ?

**પાપ યોગો મૂકી પુણ્ય યોગો સફળ કરો :-**

સમજાય છે ? અહીં મળેલા દેવ-ગુરુ-ધર્મના ઉત્તમ યોગની પરવા ન કરી



તો ભવાંતરમાં એ ફરીથી મળે ખરા ? અને ન મળે તો એકલી પાપની જ દશા અને દુર્ગતિની જ દશા કે બીજું કાંઈ ? પાપસામગ્રી અને પાપસંબંધી એના મળેલા યોગને સફળ કરી લેવા સજાગ રહેવાય છે. પરિશ્રમ થાય છે; પણ ત્યાં વિચાર આવવો જોઈએ કે 'આ હું તે કેવો ઊંધો કે પાપયોગોની પૂંઠે ભટક્યા કરું છું અને પુણ્યયોગ મળ્યા છતાં એનો કોઈ લાભ લેતો નથી ! મારકને વળગવાનું ? અને તારકને વિસારી દેવાના ?' કહો આ સમજ કેમ નથી આવતી ? સમજ નહિ આવવાનું કારણ મારક વસ્તુ પ્રત્યે તીવ્ર રાગ છે. એ રાગનો નશો બીજી દિશાનો વિચાર સરખો નથી જાગવા દેતો.

**સર્પ સુનંદા તરફ દોડે છે :-**

સાપ રાગવશ 'મોઢું કેવુંક સુંદર !' કરીને બેસી ન રહ્યો, પરંતુ હવે એને લગની લાગી કે 'જાઉં એની પાસે એના મીઠા હાથનો સ્પર્શ મળે !' ગાંડો ! માણસ સાપની કાયા પર સ્નેહથી હાથ ફેરવે ? ના, પણ રાગનો આવેશ ઘેલી કલ્પનાઓ કરાવે છે. એ દારૂના જેવો નશો ઊભો કરે છે. ઘેલી કલ્પના જ માત્ર નહિ, પ્રવૃત્તિ પણ ખરી ! સાપ દોડ્યો સુનંદા તરફ !

કેટલું સાહસ ! પોતાને મન કરડવાની વાત નથી, પરંતુ સુનંદા થોડું જ એ સમજે ? એ તો જાણે, કે સાપ મને કરડવા આવી રહ્યો છે ! તે જીવ લઈને દોડી બીજી દિશામાં. સુનંદા દોડી એની પાછળ સાપ પણ દોડ્યો. પેલી પાછું વાળીને જુએ છે તો સાપ આવતો દીઠો એટલે એણે બૂમ મારી 'સાપ ! સાપ ! કોઈ આવો.' અને બીજી દિશામાં વળી જોરથી દોટ મૂકી.

**સિપાઈ ઉઘાડી તલવારે :-**

સુનંદાની ચીસ સાંભળી સિપાઈ ઉઘાડી તલવારે દોડતો આવે છે. પણ સાપ સુનંદાની પૂંઠે દોડવામાંથી પાછો હટતો નથી ! કેમ કે એ તો રાગના આવેશમાં સુનંદાને જ જુએ છે, મારક સિપાઈ કે એની તલવારને નહિ ! રાગનો કેવો અંધાપો ? આમ માનવજીવનમાં અસંયમથી દૃઢ કરેલા રાગદ્વેષના પ્રત્યાઘાત ભયંકર આવે છે. આવા અજ્ઞાન સર્પ જેવાને 'મનુષ્યની સુંદરતા શી,' એની કશી ગમ નહિ છતાં એની પ્રત્યે રાગનો ઉછાળો આવે છે ! એ રાગાવેશ ક્યાં લઈ જશે ? સારું જીવવા તરફ કે મોત તરફ ?

**પાપ સાથે મેળ કેમ તૂટે ? :-**

આપણે એટલું જ સમજીએ છીએ કે 'પાપ ન કરાય, કારણ કે પાપથી દુઃખ આવે.' એટલે કે પાપ ન કરવાનો હેતુ દુઃખ ઊભું થતું અટકાવવાનો છે. પરંતુ આ બહુ સામાન્ય હેતુ છે. એનાથી આત્માને પાપની સાથે સહજભાવે અ-મેળ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ઊભો થવો મુશ્કેલ છે. પાપ સાથે તો મેળ તોડવાનો છે. પણ દુઃખમાં ભયથી પાપ છોડવાનું નિયમિત ચાલતું નથી. ક્યારેક વર્તમાન સુખમાં અતિ રાગ થઈ જાય છે તો એ ભાવી મહાદુઃખની પણ બેપરવાઈ કરાવે છે. એટલે પછી દુઃખનો ભય છૂટી જતાં પાપ સહેજે સેવાય છે. રાગનો આવેશ ચીજ એવી છે કે ઘોર નરકના દુઃખ પ્રત્યે પણ એક વખત તો બેપરવાઈ કરાવી દે, દુઃખનો ભય ભુલાવી દે ! આ સ્થિતિમાં એ તીવ્ર રાગ પાપ નિઃસંકોચ કરાવી દે-એ સહજ છે. ત્યાં પાપની સાથે મેળ ક્યાં તૂટ્યો ગણાય ?

**પાપ કયા ખાસ કારણે અકર્તવ્ય ? :-**

પાપ સાથેનો હૃદયનો મેળ તોડી નાખવા માટે પાપ સેવનમાં રહેલી દુઃખદાયિતા જ નહિ કિન્તુ ખરેખરી ભયાનકતા નજર સામે રહેવી જોઈએ. જરા અંદર ઊતરીને વિચારીશું તો દેખાશે કે પાપ એટલા માટે ભયંકર છે,

પાપ એટલા માટે ન કરાય, કે એમાં રાગ-દ્વેષ વગેરેનું જોર હોવાથી એના સંસ્કાર બહુ દૃઢ થાય છે, અને પછી ભવિષ્યમાં એ જાગ્રત થઈને અનેક ભવો ઘેલી પ્રવૃત્તિ કરાવે છે; ઘેલી તે એવી કે પોતાને જ મરણાંત સુધીના કષ્ટમાં ડુબાડે ! છતાં જીવ પાછો રાગાદિને ભયાનક ન માને ! એનો પશ્ચાત્તાપ નહિ ! એટલે આગળ આગળ ભવોમાં એ રાગાદિનું પૂછડું ચાલ્યા જ કરે ! ભવો ય વળી દુર્ગતિના, એટલે દુઃખની ભટ્ટીમાં શેકાયા કરવાનું ! પાપ આચરવામાં આ રાગાદિ પુષ્ટ થવાની અને એની પરંપરા ચાલવાની મહાભયંકરતા રહેલી છે; એ પરંપરા ચાલીને આપણા હાથે એકબાજુ ક્રૂર કર્મો કરાવવાની અને બીજી બાજુ આપણને દારુણ વેદનાઓ આપવાની અસીમ ભયાનકતા સર્જે છે. આના પર ઊંડો વિચાર કરશો, તો હૈયું ચોંકી ઊઠશે, 'અરે ! પાપાચરણ આવાં ભયંકર ? રાગાદિ આટલા બધા ભયાનક ?' એમ એના પ્રત્યે દિલ ઉભગી જશે, અને જીવ એકદમ સજાગ બની જઈ શક્ય એટલો પાપાચરણ અને રાગાદિથી બચવા મથશે. આ જો કાર્ય જીવન જીવતાં જીવતાં થતું આવે તો ચિત્તને આનંદ પણ અપૂર્વ રહે છે કે 'ધન્ય જીવન ! ચાલો દુન્યવી વસ્તુ તરફ રાગાદિ ઓછા થતા આવે છે !'

**સર્પ પર ઘા :-**

સર્પ બિચારો રાગાદિ પરવશ સુનંદાનું મોઢું જોવામાં લીન બન્યો ! હવે એની પૂંઠે દોડ્યો જાય છે. સિપાઈએ આવી તલવારનો ઘા એના પર ઝીંક્યો. સાપના બે ટૂકડા થઈ ગયા. તરફડિયાં મારી રહ્યો છે. મરણાન્ત કષ્ટ ભોગવી રહ્યો છે. પરંતુ અફસોસ કે જે આસક્તિના લીધે આ આવ્યું એના પર સૂગ નથી થતી; પશ્ચાત્તાપ નથી, કે 'હાય ! આ કેવી ગોઝારી વાસના ! ક્યાં હું એમાં ફસાયો કે



આ કપાઈ મરવાનું આવ્યું !'

મોહમૂઢતાનું આ જીવ પર વર્ચસ્વ એવું છે કે દુઃખના વાસ્તવિક કારણભૂત આ વાસના, આસક્તિ, રાગ, લોભ વગેરેને દુઃખનાં કારણ તરીકે ઓળખવા જ ન દે ! એટલે જો એ રાગાદિ દોષ-દુર્ગુણો આપણને દુઃખનાં ખરેખર કારણ લાગતાં હોય અને એના પર સૂગ, તિરસ્કાર છૂટતો હોય તો તો આપણે આપણી જાતને ઘણી ભાગ્યશાળી હોવાનું માની શકીએ, કેમ કે જાલિમ મોહમૂઢતામાંથી એટલા આપણે છૂટ્યા ! પણ ખરેખર લાગવું જોઈએ, લાગ્યાનું ચિહ્ન એ કે એના પર સૂગ ચઢે, તિરસ્કાર છૂટે, એ ગોઝારા રાગાદિ સેવ્યા પાછળ કમનસીબી લાગે, કે 'કેવો હું કમનસીબ કે રાગાદિ વિકારો સેવવામાં પડ્યો !' દુન્યવી અગવડ ઊભી કરનારી નાની મોટી ભૂલ થવાથી જેમ ખેદ થયા કરે છે, એમ અહીં રાગ-આસક્તિ વગેરે થઈ જવા બદલ ઉદ્વેગ થાય. એ લાવવા માટે એની એવી ભાવના વારંવાર કરવી પડે કે 'આ રાગાદિ દોષો ખતરનાક છે, એને પોષનાર અસંયમ જીવલેણ છે. જીવ એ સેવે એમાં પોતાની ઊંધાઈ છે, મૂર્ખતા છે. અહો ! રાગાદિ રહિત અવસ્થા કેટલી બધી સુંદર ! કેટલી ભવ્ય અને શોભા ભરી !...' વગેરે.

**સર્પ મરીને કાગડો :-**

સર્પ કરુણ હાલે મર્યો. મરીને ગયો કાગડીના પેટમાં. કાગડીના પેટમાં સંસ્કરણ કેવું મળવાનું ? જેવી કાગડાની વૃત્તિ અને પ્રવૃત્તિ ! સારી ફળચારી મૂકી ગંધાતા સડી ગયેલા માંસ ટુકડાની ગૃદ્ધિ ! સુંદર કોઈ ભોજન મૂકી રસ્તા પર પડેલા માણસના ગંદા કફ-થૂંક ચાંચથી ચૂંથવાની લાલસા ! દંભ-પ્રપંચનું માનસ ! પ્રવૃત્તિ પણ એવી જ. માણસ પણ બીજાના ગુણ મૂકી ગંદા દોષો તરફ જ દૃષ્ટિ ધરતો હોય, સુંદર ધર્મપ્રવૃત્તિ મૂકી મેલી પાપરમતની લાલસાવાળો હોય, દંભી-પ્રપંચ હોય, તો એ કાગડીનો હરીફ કે બીજું કાંઈ ? રૂપસેનનો જીવ ક્રમે કરીને કાગડા તરીકે જન્મ પામ્યો અને એ જ રીતે ઊછરી મોટો થઈ રહ્યો છે. વખત જતાં મોટો થઈ ઊડતો ઊડતો અહીં ઉદ્યાનમાં આવી ઝાડ પર બેઠો છે.

**કાગડાની એ જ લત :-**

અહીં એવું બન્યું છે કે નગરમાં, બહારથી ગવૈયા આવ્યા છે, અને એમને સાંભળવા રાજાએ ઉદ્યાનમાં બેઠક ગોઠવી છે. મધુરું ઝીણું સંગીત ચાલી રહ્યું છે. બસ, આ વખતે પેલો કાગડો ઝાડ પરથી નીચે દૃષ્ટિ નાખે છે ત્યાં બેઠકમાં રાણી સુનંદા બેઠેલી તે એના પર નજર પડી. બસ રાણીનું મોઢું જોયું એટલી જ વાર, પૂર્વે પોતે રૂપસેન તરીકે એનું મુખ બહુ વાર જોઈ જોઈને દૃઢ કરેલા રાગના સંસ્કાર એકદમ જાગ્રત થઈ ગયા.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મનને થાય છે કે 'વાહ ! કેટલું સરસ મોઢું !' રાંકને ભાન નથી કે અલ્યા ઓ ! આ મોઢું ! સરસ કરવામાં તો તારા કેટકેટલા બેહાલ થતા આવ્યા છે, તો હજીય એની લત શી ? આ લતમાં કેવી નવી આપદા વળી આવશે ? ના, એવું કાંઈ જોવું નથી. પણ બિચારો શું કરે ? જ્યારે બુદ્ધિનો માનવ અવતાર મળ્યો હતો ત્યારે જોયું નહિ, તો પછી આવા અબૂઝતાના તિર્યંચ અવતારે જોવાની શી વાત ?

**મોહના હાથમાં ખેલાઈ ન જાઓ :-**

**બુદ્ધિના આ માનવભવની કદર કરો કદર.** છતી મૂડીએ જે અવળા ધંધાથી દેવાળું કાઢે એનો નિર્ધન સ્થિતિમાં કોણ ધડો કરે ? બુદ્ધિ-શક્તિ તો કરોડોની કિંમત આપવા છતાં ન મળે એવી મળી છે, એને જડ પશુની જેમ ઈન્દ્રિયોને ક્ષણિક તૃપ્તિ આપે એવા વિષરૂપ તુચ્છ વિષયોની ગૃદ્ધિઆસક્તિમાં વેડફી નાખવાની ? એવી બુદ્ધિને અબૂઝ વાઘ-વરુ-શિયાળિયા જે કરે એવા મદ-માયા અને રાગદ્વેષમાં બરબાદ કરવાની ? આ તો મોહના હાથમાં ખેલાઈ જવાનું થાય છે. તરણતારણ તીર્થંકર ભગવાનના અમૃત-આદેશોમાં ઝીલવાની મળેલી મોંઘેરી તક ગુમાવવાનું થાય છે. ધ્યાન રાખજો,

**મોહની ચઢવણીમાં અધિકાર ન વેડફાય :-**

આ ઉત્તમ ભવ આપણો પોતાનો છે, એના પર આપણો અધિકાર છે. એમ બુદ્ધિ-શક્તિ પણ આપણી પોતાની છે, એની ઉપર વર્ચસ્વ આપણું પોતાનું છે. એનું ગૌરવ જોઈએ કે 'મારો આવો ઊંચો ભવ અને દુર્લભ બુદ્ધિ-શક્તિને નહિ જ વેડફું.' શાણા શ્રીમંતને એમ થાય ને કે 'ચઢાવનારના કહેવા પર મારી મૂડી વેડફી નહિ નાખું.' બસ, મોહની ચઢવણીએ ચઢ્યા વિના એવા આપણા અધિકારનો સદ્‌ઉપયોગ કરવાનો છે, દુરુપયોગ અટકાવવાનો છે.

**એની આંખો સુનંદાને તાકે છે, તીર કાગડાને :-**

કાગડો સુનંદાના મુખ પર ઓવારી ગયેલો તે હર્ષના અતિરેકમાં 'કા...કા...કા...' નો કાગારોળ કરી મૂકે છે. નીચે ઝીણા મધુરા સંગીતના રંગમાં ભંગ પડ્યો. રાજાએ એક બે વાર તો માણસ પાસે ઉડાડવાનું કર્યું પણ કાગડો જઈ જઈને પાછો ત્યાં જ આવી, શી વાત જાણે સુનંદા જોવા મળી છે તે મોટું રાજ્ય મળ્યું છે, તે કાગારોળ મચાવી મૂકે છે. રાજાને હવે એવો ગુસ્સો ચઢ્યો કે ઉપાડ્યું તીર-કામઠું. કાગડાની સામે તાકે છે ! પરંતુ સુનંદાના સુંદર મોઢા તરફ જોવાના રાગમાં અંધ બનેલો એને હવે આજુબાજુ જાણે પડદો આવી ગયો તે શું ચાલી રહ્યું છે તે નથી દેખાતું ! કેવી કરુણ દશા ! તીર તકાઈ રહ્યું છે, બસ છૂટે એટલી જ



વાર ! કેવું વીંધી નાખશે ? પણ એ ન જોતાં મુખડા પર ઓવારી ગયો છે ! એની આંખો મોંઢાને તાકી રહી છે તીર એને તાકી રહ્યું છે ! કોણ સફળ થવાનું ?

**કાગડો તીરથી ઘાયલ :-**

રાજાએ તડાક કરતું તીર છોડ્યું. શિકારીનું તીર ! બાકી રાખે ? યોગીઓનું એકાગ્ર તન્મય ધ્યાન જેમ લક્ષ્યને વીંધી એમાં ઊંડું ઊતરી જાય છે, એવી રીતે આ તીર કાગડાને વીંધી સોંસરું એના દેહમાં ગયું ! કાગડો તીર સાથે પડ્યો જમીન પર, ભયંકર મરણાન્ત વેદનાની લાહાયો ઊઠી છે, સુનંદાનું મોઢું જોવાનું અને જોઈને કા-કાના અવાજ સાથે નાચી ઊઠવાનું સુકાઈ ગયું. હવે તો કારમી પીડામાં તરફડવાનું રહ્યું છે. જેની પાછળ પ્રેમમાં પાગલ થયો છે એ અહીં સામે હાજર છે, છતાં અંદર ભોંકી રહેલું તીર કાઢવા પણ તૈયાર નથી, તો બીજી શાંતિ આપવાની વાત ક્યાં રહી ?

ગુપ્ત કર્મના કાર્યક્રમની ખબર નથી પડતી. અણધાર્યો કેવો દુઃખદ કાર્યક્રમ ક્યારે બહાર પડે એની કોઈ જ માહિતી પહેલાં મળે નહિ. એ ધીરે ધીરે થતો આવે એવું પણ નહિ. એકી કલમે અતિ પ્રચંડ રૂપમાં ય ભજવાઈ જાય. એ વખતે વહાલા વહાલેસરી જોતાં જ ઊભા રહે, કોઈ કાંઈ સહાય કરી શકે નહિ. કર્મથી બંધાયેલા પામર જીવની આ દશા છે. એ જાણીને સમકિતી આત્મા જે સંસારનો ધંધો જીવને આવા કર્મબંધને જકડવાનો છે એ સંસાર ઉપર નફરત વરસાવે છે, પછી ભલેને એ સંસાર મોટા વૈભવવિલાસથી ભરપૂર મળ્યો હોય. ઝંખે છે કે ક્યારે આ બલામાંથી છૂટું **'ચાહે નીકળવું નિર્વેદ તે'** એ એનો નિર્વેદ ગુણ છે.

**ગોઝારી પ્રીતનો ચડસ :-**

કાગડો તરફડી રહ્યો છે, મરી રહ્યો છે, ખૂબી તો એ છે કે જેની લગની ખાતર આ દશા થઈ છે, એ અહીં નિરાંતે સંગીત સાંભળી રહી છે, ઊઠીને આશ્વાસન આપવા ય આવતી નથી, છતાં આ મૂર્ખ જીવ હજી એની લગની છોડવા તૈયાર નથી ! વાસના ઝેરીલી જાણે કહે છે 'તું મરીશ પણ હું નહિ છોડું તને ! હું નહિ મરું.' અથવા જીવને ચડસ છે કે 'પ્રાણ ભલે જાઓ, પ્રીતિ ન જાઓ.' ગોઝારી પ્રીતિ પ્રાણ ગુમાવરાવી રહી છે, છતાં એ પ્રીતિ બંધ કરવાની તૈયારી નહિ ! જીવની આ તે કેવી પરવશતા ! કેવી મૂઢતા અને નિઃસત્ત્વતા ! સામે શું તાકાત નથી ? તાકાત તો છે, આત્મામાં અનંત શક્તિ છે, પરંતુ મૂર્ખ જીવ બહાર કાઢીને અજમાવે ત્યારે ને ? દુનિયાદારીમાં તો બધી અજમાવાય છે, પણ તે જાતને જ કર્મથી વધુ જકડવામાં પરિણમે છે. આત્મહિતના ઊંચા પરાક્રમ કરવા હોય તો આ રસ્તો છે કે,-



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**સત્પરાક્રમના ૪ ઉપાય :-**

(૧) પહેલું, **મૂઢતા-અજ્ઞાનતા દૂર કરો,** પોતાના આત્માને સંસાર અને કર્મ સાથે જેવા સંબંધ છે તેને મનમાં બરાબર ઠસાવી રાખો. સંસાર અને કર્મે કરેલી કારમી દુર્દશા જરાય ન ભૂલો.

(૨) બીજું, **સત્ત્વ પ્રગટ કરો,** નિર્ધાર સાથે કે હું અનંતી શક્તિનો માલિક છું. બ્રહ્માંડ ઉથલાવી શકું એમ છું. રાગાદિને કચર્યા વિના જંપીશ નહિ-રાગાદિને તોડનારાં વ્રત, નિયમ, તપસ્યા, દાન વગેરે ભરપૂર આચરીશ.' આત્મહિતનાં બધાં કષ્ટ હસ્તે મોઢે સહી લેવા મક્કમ તૈયારી એ સત્ત્વ.

(૩) ત્રીજું, **જગતની પરવશતા નહિ,** સંસારના જડ કે ચેતન, એની એટલી બધી અપેક્ષા-સાપેક્ષતા નહિ રાખવાની કે જે જીવને દીન, ગરીબડો, ઓશિયાળો બનાવી દે. કર્મ અને પુરુષાર્થ ઉપર અટલ શ્રદ્ધા એ પરવશતાને હટાવી શકે. વિશેષ કરીને અરિહંત પરમાત્માના અચિંત્ય કલ્યાણ પ્રભાવ પર ભારે પક્ષપાત કે જે એમનું જ વાતે વાતે શરણું લેવરાવે.

(૪) ચોથું બસ, પછી તો અંદરની શક્તિ બહાર કાઢી કાઢીને **રાગાદિ વિકારોને રોકવાના** અને એ માટે અર્હદ્‌ભક્તિ, વીતરાગતાનું સ્મરણ, ગુરુ-સત્સંગ-સેવા, અને તપસ્યા, ત્યાગ, ઇન્દ્રિય દમન, વ્રત-નિયમ તથા શાસ્ત્ર-વાંચન-મનનમાં લાગી પડવાનું.

**કાગડો હંસલીના પેટમાં :-**

કાગડો બિચારો રિબાઈ રિબાઈને મર્યો. મરીને ગયો નગરના સરોવરની હંસલીના પેટમાં. હંસ તરીકે જન્મ પામ્યો. ઊછરીને મોટો થયો છે, એટલામાં રાજા સુનંદા સાથે સરોવર પર ફરવા આવ્યો છે, અને એક ઝાડ નીચે પોતે રાણીના ખોળામાં માથું મૂકી સૂતો છે. એ જ સરોવરમાં રહેલો પેલો હંસ દૂરથી સુનંદાને જુએ છે, જોતાં જ પાછો પાગલ થયો. આવ્યો ઝડપથી કિનારે અને સામે ઊભો ઊભો ખુશી ખુશી થઈ રહ્યો છે,' અહાહાહા ! કેટલું સરસ મોઢું !' બે પગે થનથન નાચે છે ! પૂર્વ સંસ્કાર અને રાગરતિના તાનમાં સુનંદાના મોઢાનું આકર્ષણ અને આહ્‌લાદ ભારે ઊછળી રહ્યું છે. ભાન નથી કે આમાં તો અનેકવાર રિબાઈને મર્યો છે. જીવ નાદાન છે, જે પદાર્થો પાછળ નિકંદન નીકળ્યું છે એની જ પાછી પૂંઠ પકડે છે !

**કહેશો, 'ભૂતકાળની ખબર નથી ને ?' :-**

પરંતુ એ તો જુઓ કે અહીં નજરે દાખલા ક્યાં જોવા નથી મળતા ? પતંગિયો દીવાનો ચમકાર જોવાના મોહમાં બળી ખાખ થાય છે. માછલાં માંસપેશી ખાવાની ઘેલછામાં જીવતાં જાળમાં ફસાય છે. મનુષ્યો ય કેટલાય કોઈ ને કોઈ વિષયાવેશ, માનાકાંક્ષા ને લક્ષ્મીના ચડસમાં ખુવાર થયેલા આજેય જોવા ક્યાં નથી મળતા ? શું આ પરથી નિકંદનનાં કારણો ઓળખી ન શકાય ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૫,તા.૬-૧૦-૧૯૬૨

**હંસ પર પથ્થર :-**

હંસ સુનંદાનું મોઢું જોવામાં રાચી રાચીને લીન બની ગયો છે. એમાં એ કેવો ભાન ભૂલો બને છે તે જુઓ. રાજા સૂતો હતો એનાં કપડા પર ઝાડ પરથી એક કાગડો ચરક્યો. પાછો લુચ્ચો નીચે હંસ પાસે જઈ ઊભો જોવા માટે, કે રાજા શું કરે છે. રાજાની આંખ ખૂલતાં ચરક પર દૃષ્ટિ ગઈ, ચમક્યો ! ઊંચે જુએ છે તો કોઈ પંખેરું નથી, પરંતુ સામે જોતાં કાગડો દેખાયો. સમજી ગયો કે આ આ લુચ્ચાનું કામ છે, તેથી ગુસ્સામાં મારવા માટે પથ્થર ઊપડી તે તરફ ફેંકે છે. ખૂબી જુઓ કે કાગડો તો સાવધ જ હતો તે પથ્થર આવતાં પહેલાં ઊડી ગયો, પરંતુ મૂઢ હંસ ત્યાં જ ઊભો રહે છે ! કેમ વારુ ? મજા છે ને 'મોઢું કેવું સુંદર ?' એ કરવામાં ! રૂપદર્શનના મોહે એને આંધળો બનાવી દીધો છે તે પથ્થર પર નજર જ નથી પડતી !

**મોહની પકડની કોઈ હદ ?** ક્યાં સુધી જકડામણ ચાલવાની ? એનો ઉત્તર તો એ કહી શકાય કે શરૂ કરતાં જેવો જોસ, જેવો રસ, જેવી ઓતપ્રોતતા તન્મયતા, એમાં આગળ જતાં વધારો થાય છે. હા, આગળ જ્યારે એવો કોઈ વારક સંયોગ મળે અને ત્યારે એ સંયોગને અનુકૂળ બનવાનો પુરુષાર્થ હોય તો વળી એ મોહની જકડામણ ઘટે; નહિતર તો જકડામણ આગળ લંબાય. અહીં રૂપસેનના જીવને સંયોગ મળવાનો છે, પરંતુ હજી વાર છે.

**અસંયમ અને મોહને લીધે મોત છતાં મોહની ઓળખ નહિ ! :-**

અત્યારે તો પૂર્વે મજબૂત કરેલ મોહની જકડામણમાં ફસ્યો છે, સુનંદાનું મોઢું જોવામાં અને ખુશી ખુશી થવામાં લીન છે તે પથરો સામેથી આવવા છતાં ન જોતાં એનો ભોગ બન્યો. હંસ બિચારો પથ્થરથી ઘવાઈને પડ્યો નીચે; શરીર છુંદાઈ ગયું છે ! માંસના લબરકા બહાર નીકળી પડ્યા છે ! તરફડી રહ્યો છે ! મરી રહ્યો છે ! બધું છતાં મોહથી, રાગથી પાછો હટવાનું સૂઝતું નથી, અરે એટલું ય નથી થતું કે- 'હાય ! આ મોઢું જોવાનો મારો અસંયમ, મારો મોહ, મારી ઘેલછા તે કેવી કે આ ભયંકર દશા પામ્યો ! ધિક્કાર હો એવા મોહને ! સર્યું મારે એ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કરવાથી' ના, એની ઓળખની ય કોઈ વાત નથી. ઘોર રિબામણમાં પ્રાણ છોડ્યા ત્યાં સુધી પણ એ મોહથી પાછા હટવાનું લક્ષ ન આવ્યું.

આ પરથી ધડો લેવા જેવો છે કે આપણા ખુદના જીવનમાં અને આપણી નજર સામે દુનિયામાં કેટલાય પ્રસંગ બને છે કે જેમાં અસંયમ, મોહ, રાગ, લોભ, કરવાનાં મહા કટુ ફળ દેખાતાં હોય છે. તો પછી એ જોઈને તો એ રાગાદિથી પાછા હટવાનું કરવું જોઈએ, કે નહિ ? એના પર ઘૃણા, સૂગ, તિરસ્કાર થવો જોઈએ કે નહિ ? પણ અજ્ઞાનદશા એવી છે કે ધિક્કાર એના પર થવાને બદલે આવેલી આપત્તિ પર ને આપત્તિના બાહ્ય કારણ ઉપર થાય છે ! પાછી આ સ્થિતિ પ્રાણ છોડવા સુધી પહોંચે છે, એટલે જીવની હારોહાર પેલી મોહમૂઢતા અને રાગાદિ ઊભા જ રહી જાય છે.

કર્મ જાણે કહે છે, 'તારી કાયા મરશે, પણ જો તારી મૂઢતા અને તારા રાગમૂર્ચ્છા કે લોભને મરવા નથી દેવા તો આવ, નવી કાયા ને નવી લોથ તારા માટે તૈયાર જ છે ! ધ્યાન રાખ એમાંય તારી આ અમર રાખવા મથેલી મૂઢતા વગેરેથી જ તને અનેકવિધ વિટંબણાઓમાં કચર્યા કરું !' ઊંડાણથી આ વિચારજો કે એ સ્થિતિ ઊભી રાખીને કેવા દીન દુઃખિયા અને કંગાળ બનીએ છીએ. દીનતા, ઓશિયાળાપણું કોણ કરાવે છે ? રાગ, મૂર્ચ્છા, લોભ વગેરેની મૂઢતા જ. તો મૂળમાં એને ઓળખી લેવા જેવા અને હટાવવા જેવા છે.

**હંસ મરીને હરણ :-**

હંસ મરીને નજીકના જંગલમાં હરણીના પેટમાં અવતર્યો; કાળે કરીને હરણ તરીકે જન્મ પામ્યો. ઊછરીને મોટો થઈ રહ્યો છે. હવે પાછા એના દુષ્કર્મ રાજા રાણીના દિલમાં સળવળાટ કરે છે. રાજા એકવાર શિકારની તૈયારી કરે છે, ત્યાં રાણી પૂછે છે,

'તમે આ જંગલમાં પશુઓને શા માટે મારો છો ?'

રાજા કહે છે, 'આ તો આપણી માલિકીની વસ્તુ છે. જેમ આપણા ખેતરનો પાક લણી લઈએ છીએ તેમ આપણા જંગલમાં પાકેલા આ પશુઓનો આપણે શિકાર કરી લઈએ એ આપણા હકની જ વસ્તુ છે.'

રાણી ભોળી, સમજી ગઈ, કહે છે, 'તો તો ઠીક, ત્યારે હું ય શિકાર જોવા આવીશ' અજ્ઞાન જીવને ખબર નથી કે એવો હક ચલાવવો હોય તો તો પહેલો પોતાના સંતાન પર ચલાવવો પડશે.

બસ, રાજા-રાણીનો રસાલો ઉપાડ્યો જંગલમાં. ત્યાં જઈને સાથેના સંગીતકારોએ સંગીતના તાર છોડ્યા. જંગલમાં હરણિયાં સંગીત સાંભળવા દોડતાં



આવ્યાં. અને થોડેક દૂર ઊભાં રહી તલ્લીન થઈને મધુરા સૂર સાંભળે છે. એમાં પેલો હરણિયો ય આવ્યો છે.

**અસંયમમાં બેવડી મૂર્ખાઈ :-**

જીવ ઈન્દ્રિયતર્પણમાં એવો મૂઢ અને અસંયમી બને છે કે એને નથી તો એ જોવું કે આ ઈન્દ્રિયતર્પણમાં આત્માને નક્કર કાંઈ મળે છે ? તેમ, નથી એ જોવું કે આનું પરિણામ ક્યાં સુધીનું આવીને ઊભું રહેશે ? નક્કર કાંઈ મળતું નથી, ક્ષણિક આનંદ મળે છે, તે તો વિષય ખસતાં કે સંયોગ ફરતાં નષ્ટ થઈ જાય છે. પછી પાછો જીવ એનો એ ભુખારવો અને ભોગનો ભિખારી ! ઊલટું વાઘે લોહી ચાખ્યાની જેમ ચડસ વધે છે. પરિણામ અધિકાધિક વિષય-ગુલામી અને વિષયસાધનોની ગુલામીમાં જકડાવાનું; તેમ બીજી બાજુ આ વિષયગુલામીમાં ઉપાર્જેલ કાળાં કર્મનાં દારુણ દુઃખ-દુર્ગતિરૂપી ફળ ભોગવવા તૈયાર થઈ જવાનું ! કદાચ વર્તમાનમાં પણ આ વિષય-ઘેલછાને લીધે જ મહા વિટંબણામાં મુકાવું પડે તો ના નહિ.

આનો કોઈ વિચાર નથી, એટલે હરણિયાં સંગીત સાંભળવા દોડી આવ્યાં છે, બીજી બાજુ રાજાના માણસો દૂર ઝાડોને દોરડાથી ગાંઠી લઈ એક આડ ઊભી કરે છે. છતાં ઈન્દ્રિયતર્પણમાં લીન મૂરખ મરગલાંને એ જોવા તરફ ધ્યાન નથી. પછી રાજાએ તીર કામઠું ઉપાડ્યું. અહીં સંગીત બંધ થયું એટલે હરણિયાં ભાગાભાગ કરે છે.

પરંતુ એમાં જે રૂપસેનનો જીવ હરણિયો પણ આવેલો છે. એ ભાગતો નથી ! કેમ વારુ ? એટલા જ માટે કે એ તો અહીં સંગીતના રસમાંથી જ્યાં સુનંદાનું મોઢુ દેખાયું, કે એ જોવાના રસમાં પડી ગયો છે, 'વાહ ! કેવું સરસ મોઢું ! આની આગળ બધુ ડૂલ છે.'

**અસંયમ આગળ અનંતી શક્તિ ડૂલ :-**

અનંતી શક્તિના માલિક આત્માને પણ એક રૂપદર્શનનો અસંયમ કેટલો ઢીલો-ઘેંસ કરી નાખે છે કે એમાંથી આંખ ઉઠાવી લેવાનું ગજું નથી.

**અજ્ઞાનતા અને મૂઢતા, :-**

**સ્વાત્માનું અને સંસાર નિર્ગુણતાનું અજ્ઞાન તથા ઘાતકને સુખકારક, પરને સ્વકીય, ચંચળને સ્થિર; આકાર્યને કાર્ય, ઈત્યાદિ માની લેવાની ભ્રમણા, મૂઢતા,**

આ બેના યોગે જીવ ફસાય છે. પછી ઈન્દ્રિયો પર સંયમ રાખી શક્તો નથી, એને અઘટિત-વિષયોમાં ઘુસવા દે છે, ત્યાં રાગાદિના ઊછાળા ઊછળે છે. ઊછળી ઊછળી ભવિષ્ય માટે એવી જ દઢ ભૂમિકા તૈયાર કરે છે. રૂપસેન જન્મોજન્મ સુનંદાના મોઢા પાછળ મર્યો છે, છતાં હજી ય અહીં એમાં જ તણાયો જાય છે, રાજાએ તીર-કામઠું ઉપાડેલું જોવા કે એની દરકાર કરવાનું લક્ષ નથી. બીજાં હરણિયાં ભાગંભાગ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કરે છે, પરંતુ આ રાણીને જોતો અને થનથન નાચતો ત્યાં જ ઊભો છે.

રાજા રાણીને કહે છે જો જો તું બડી ભાગ્યશાળી છે કે આ કેવો સામે હૃષ્ટપુષ્ટ હરણિયો આવી ગયો છે. હવે એક તીર લગાઉં એટલી વાર છે. જો આ...' એમ કહેતાં જ તીર છોડ્યું.

**હરણિયા પર તીર :-**

સણણણ કરતું તીર હરણિયાણાના ગભરુ શરીરમાં ઘૂસી ગયું ! થનથનાટ નાચતો મરગલો ફટાક કરતો જમીન પર પટકાઈ પડ્યો ! અતુલ વેદના સાથે તરફડી રહ્યો છે. બાણ બહાર ખેંચી કાઢનાર કોઈ નથી. રાજા અને એનો પરિવાર ટેસથી જોઈ રહ્યો છે. જેની પાછળ હરણિયો ફિદા હતો એ રાણી પણ એના આ ભયંકર દુઃખમાં દુઃખી નથી !

ત્યારે જીવ ઘેલો જ છે ને કે જેને કાંઈ જ પડી નથી એની પડશી કરવામાં ગુલતાન બને છે ! જે શત્રુ તરીકે આવીને ઊભો રહે છે એના પર વિશ્વાસે કુટાય છે ! વિચારવા દિલ હોય તો દેખાશે કે જીવનમાં કેટલી ય વાર આપણા ખરેખર હિતૈષી નહિ એવા કેટલાયની પાછળ દા.ત. ગપ્પામારુ, દુનિયાની પાપ. વાતો લાવનારા, નિંદા-કૂથલી કરનારા, એની પાછળ ઘેલા થઈ પાપ કરીએ છીએ. એથી ય આગળ વધીને જુઓ કે જડ વસ્તુઓ ધન-માલ-મિલકત તો જરાય આપણા પર હેત કરે એમ નથી, યાવત્ દુનિયાના કેટલાય પદાર્થો જે આપણા તાબાના નથી આપણને કશા જ કામ આવે એમ નથી, એની પાછળ રાગ કરવામાં આકર્ષવામાં અને એના લાંબા લાંબા વિચારો કરવામાં કેટલા ઘેલા થઈ જઈએ છીએ ? પણ પછી સરવાળે એ પોતાના માનેલા કે પારકા રહેલા જડ કે ચેતન આપણને શું પરખાવે છે ? રોતડ બનાવી વિદાયગીરી કે બીજું કાંઈ ? એવી રોતડ વિદાયગીરી જ દેનાર પાછળ તૂટી મરવાનું ?

કવિ, પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે,

**'જિનકો અપના માનીયા, તિન દિના હો છિનમેં અતિ છેહ**
**પર જન કેરી પ્રીતડી, મૈં જાની હો, અંતે નિસનેહ;**
**મેરા કોઉ ન જગતમેં, તુમ છોટી હો જિનવર જગદીશ,**
**પ્રીત કરું અબ કૌનશું, તું ત્રાતા હો મોહે વિસાવાવીસ;'**

**-અનંત જિણંદશું પ્રીતડી.**

**આભ્યન્તર કુટુંબ છેહ દે છે :-**

-હે નાથ ! જેને મેં મારા જાણ્યા, તેણે તો મને ક્ષણમાં છેહ દીધા ત્યારે અંતે પર-જનની પ્રીતિ મેં ખરેખર સ્નેહશૂન્ય જાણી હે જગદીશ ! હે જિનેન્દ્રદેવ !



જગતમાં તમારા સિવાય મારું કોઈ જ નથી, તો હવે કોની સાથે પ્રીતિ જોડું ? તું જ મારો વીસે વસા તારણહાર છે.

કવિના આ વચનને ઊંડાણથી વિચારીએ તો એ ભાવ સમજાશે કે આપણા અંતરના રાગ, દ્વેષ, લોભ, ઈર્ષ્યા વગેરે આભ્યન્તર કુટુંબીઓને આપણા આપણા કરીને લઈ ફરીએ છીએ, પરંતુ એ અંતે છેહ જ દે છે. રાગ ભાગીને દ્વેષ આવે છે, ને દ્વેષ ભાગીને રાગ આવે છે. જેની ઈર્ષ્યા કરતા હતા, તે જો જરા આપણને કાંઈ સ્વાર્થનું ચટાડતો થાય, તો ત્યાં પછી ઈર્ષ્યા ખસીને હેત-પ્રમોદ પ્રશંસા આવે છે, આ શું થયું ? છેહ જ. એમ એ જ રાગાદિ આપણને અંતે મુસીબતમાં મૂકે છે, પાપ કર્મનાં પોટલાં બંધાવી દારુણ દુઃખના ભોગ બનાવે છે. એ છેહ જ દીધો કે બીજું કાંઈ ? હરણિયો એવા રાગનો ભોગ બન્યો છે. એમાં પહેલાં ભીંતડા નીચે કચરાઈ મર્યો, ગર્ભમાં મર્યો, સર્પ, કાગડો અને હંસ તરીકે કપાઈ-ભોંકાઈ-છુંદાઈ મર્યો. છતાં હજી પણ એ જ રાગ, એ જ મોઢા પાછળ દીવાનાપણું મૂકવા તૈયાર નહિ, તે હવે અહીં હરણિયા તરીકે સણસણતા બાણના પ્રહારથી સાજા અલમસ્ત શરીરે કરુણ રીતે રિબાઈ મરે છે ! આ કેવો છેહ ?

**અસંયમથી સૂતેલો રાગ ભોરિંગ જાગે છે :-**

જુઓ, કર્મની કરુણ કથની ? સુનંદા હજી એ જ ભવમાં છે, અને રૂપસેન બિચારો કેટલાય ભવ કરી ચૂક્યો ! આનું કારણ સ્પષ્ટ છે કે ઇન્દ્રિયનો સંયમ રાખ્યો નહિ તો એ અસંયમે સૂતેલા રાગ ભોરિંગને વારે વારે જગાડ્યો અને એણે આત્મામાં એવાં વિષ ઘાલ્યાં કે એની જાલિમ અસરો ભોગવવી પડી. માટે આત્મહિતના અર્થીએ મૂળમાં અસંયમને વારવાની જરૂર છે, જેથી રાગદ્વેષ ઊછળે નહિ.

**પ્ર.**- અસંયમથી રાગ કે રાગથી અસંયમ ? જો અસંયમથી રાગ કહો તો શું રાગ વિના અસંયમ જન્મે ખરો ? એમ હોય તો વીતરાગને ય તે જન્મવો જોઈએ ! ત્યારે જો રાગથી અસંયમ કહો તો તો મુખ્યપણે રાગ જ દબાવવો જોઈએ ને ?

ઉ.- **(૧) અસંયમથી રાગ પુષ્ટ થાય છે.**

એક વાત અહીં એ જુઓ, કે રાગ વિના અસંયમ ન થાય એ વાત સાચી છે પરંતુ એથી વધારે મહત્ત્વનું તો એ છે કે અસંયમથી રાગ સ્થિર થાય છે, પુષ્ટ થાય છે, વૃદ્ધિ પામે છે. ત્યારે અખંડ ધારાએ સંયમ રખાય તો રાગ ઘસારે પડે છે. એમ તો જો સંયમથી રાગ ઘસારે ન પડતો હોત તો તો મોક્ષ થઈ શકે જ નહિ. માટે વાત આ છે કે જો રાગપ્રેરક, પ્રસંગ છતાં અસંયમથી રાગની પુનરાવૃત્તિ કરવાનું ન કરો તો રાગ ઘસારે પડે એવો છે, પરંતુ પ્રસંગે પ્રસંગે મન અને ઇન્દ્રિયોરૂપી ઘોડા છૂટા મુકાય છે, સંયમ રખાતો નથી, તેથી રાગની પુનરાવૃત્તિ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

થાય છે અને એ દૃઢ બનતો જાય છે. એટલે ખરો વાંક અસંયમનો છે.

**(૨) અસંયમ રોકવાનો પુરુષાર્થ હાથની વાત છે :-**

બીજી વાત એ છે કે રાગ પૂર્વના રાગમોહનીય કર્મના ઉદયથી જાગે છે. ત્યારે અસંયમ અસત્ પુરુષાર્થ જાગે છે. અહીં જુઓ કે કર્મફળને અટકાવવાં કઠિન છે. ત્યારે અસત્ પુરુષાર્થને દબાવી શકાય છે. માટે અસંયમને દબાવવાનું સહેલું છે, તેમજ કહો કે રાગને દબાવવા માટે પહેલી ભૂમિકા પણ આ જ છે કે અસંયમને દબાવતા આવો. ભલેને અંતરમાંનો રાગ અસંયમને પ્રેર્યા કરતો હોય, પરંતુ જો સંયમ નિયમ, બાધા રાખી આંખને રૂપ જોવા તરફ, જીભને રસ ચાખવા તરફ ન લઈ ગયા તો જો લઈ જતે ત્યારે જે રાગ વૃદ્ધિ પામતે, તે આ સંયમમાં નહિ પામે. એ અનુભવ કરવાથી બરાબર સમજાય એવું છે.

વાણી ઉપર સંયમ, કાબૂ રાખવાથી થતા મીઠા લાભનો અનુભવ નથી ? કેટલીય વાર ગમ ખાધા પછી આનંદ થાય છે કે 'હાશ, ન બોલ્યો તો સારું થયું.'

આનો અર્થ એ છે કે કર્મના નિર્ધારિત ઉદય ભલે આપણા કાબૂમાં નથી, પણ પુરુષાર્થ આપણા કાબૂની વસ્તુ છે. અસંયમ રોકવાનો પુરુષાર્થ આપણે અજમાવી શકીએ, તો એની મહેનત કેમ ન કરવી ?

એટલે વાત આ આવીને ઊભી રહે છે કે આપણા જ ઘાતક બને એવા રાગને 'એ તો કર્મવશ થયા કરે છે,' એવા બહાના હેઠળ પુષ્ટ ન કરીએ; એ માટે ઇન્દ્રિયો વાણી વગેરેના અસંયમ સંબંધી અસત્ પુરુષાર્થની એ રાગાદિને સહાય ન દઈએ, જે પુરુષાર્થ આપણા હાથની વાત છે, એને શા સારુ ખોટી રીતે ભાગ્યને આધીન ગણીએ ? કોઈના પર ગુસ્સો અંતરમાં ઊઠ્યો, એ ભલે કર્મવશ હોય, પરંતુ હવે મોંની મુદ્રા બગાડવી, આંખની ભમર ચઢાવવી, તોછડા બોલ કાઢવા, એ બધો અસંયમ આપણા પુરુષાર્થને આધીન એટલે કે આપણને આધીન છે, આપણે કરવા હોય તો થાય, ન કરવા હોય તો ન જ કરીએ, જરા ગમ ખાઈ લીધી, વિચારી લીધું કે 'શા ગુસ્સા દેખાડવા'તા ? દયા જ ચિંતવો. ભવિતવ્યતાની લાંબી સિરિયલમાં, લાંબી કડીબદ્ધ ઘટમાળમાં આ નુકસાન આમ જ નિર્ધારિત થયું હશે.' અથવા જાણે મારી ધર્મગરજ માપવા કસોટી મૂકી હશે.' તો અસંયમનો પુરુષાર્થ જ ન કરીએ, આપણા હાથની વાત છે.

**સાત્ત્વિક્તા સત્ત્વહીનતાની વહેંચણી :-**

**પ્ર.**- કેટલાકને એમ લાગે છે કે શું એમ ઠંડા રહીએ એમાં સત્ત્વહીનતા નથી ?

**ઉ.**- ના, એમાં તો ઊલટું સત્ત્વનો વિકાસ છે. જરાક બારીકાઈથી જોઈએ



તો દેખાય છે કે અસંયમની પ્રવૃત્તિ કરવામાં જે તાકાત જોઈએ છે, એના કરતાં અસંયમ ન કરવા માટે કેઈ ગુણીની તાકાત, શક્તિ જરૂરી છે. પોતાનાથી વધુ બળવાન સાથે હિંમતભેર બાઝવામાં શક્તિ જોઈએ છે ખરી, પરંતુ પોતાનાથી નબળાને દબાવવા-ધમકાવવાની તાકાત અને અવસર છતાં નિર્ધારપૂર્વક તેમ ન કરી સંયમન રાખવામાં ઘણી ઘણી તાકાત જોઈએ છે. એમાં સત્ત્વહીનતા નહિ કિન્તુ સાચી સાત્ત્વિકતા છે, જ્યારે બાઝવામાં તો સત્ત્વહીનતા છે. અધિક બળી સામે પણ, સંયમ રાખવો એ પણ અંતરના સત્ત્વનું જ કાર્ય છે.

એમ વસ્તુ કોઈ બળવાન પાસેથી પણ ઝૂંટવી લેવામાં જે તાકાત જોઈએ, એના કરતાં ભલે વસ્તુ નથી મળતી, છતાં એની આશા છોડી મનને વિરક્ત રાખવામાં લાખો ગુણી શક્તિ જોઈએ. એ કરતાં પણ વસ્તુ સ્વાધીન છે ભોગવી શકે એમ છે, છતા એનાથી વિરક્ત-વિરત બનવામાં કેઈ ઊંચી શક્તિ-સત્ત્વ ખરચવું જોઈએ છે. આશાઓમાં તણાવું, મળ્યું ભોગવી લેવું, લેવા મથવું, એમાં તો સત્ત્વહીનતા પોષાય છે. વાત એ જ આવીને ઊભી રહે છે કે અસંયમ કરતાં સંયમન કેળવવામાં જ મહાસત્ત્વ જરૂરી છે.

**વિવિધ સંયમનનાં પ્રકારો :-**

સંયમન આ કે ગમતી વસ્તુ તરફ આંખ કાન વગેરે ખેંચાવા જાય છે, એને ન ખેંચાવા દેવા. પગ એ તરફ ઉપડવા જાય છે પણ ન જવું, બેસી રહેવું, અગર બીજા સારા કામમાં લાગી પડવું. એમ કોઈ મશ્કરી જેવું બોલે છે કે વર્તે છે, પરંતુ ત્યાં હસવાનું અટકાવી રાખવું. એ માટે મગજ પર કોઈ ભાર ઊભો કરવો. દા.ત. જીવનમાં કોઈ તેવું ભારે દુષ્કૃત્ય થયું હોય અગર ભારે અયોગ્ય આચરણ બની ગયું હોય એની ઘૃણા, લજવામણ, પસ્તાવો મગજ પર લવાય. એમ જ્યાં ગુસ્સો કે ઉકળાટનો પ્રસંગ આવે ત્યાં સંયમન એ, કે મુખમુદ્રા ન બગાડવી, હલકો શબ્દ ન બોલવો, અસૌમ્ય વર્તાવ નહિ કરવો, વેર વાળવાની યોજના ન ઘડવી.

આ સિવાય પણ સંયમનમાં રસ-ત્યાગ, ટંકત્યાગ, વાપરવાની વસ્તુનો સંકોચ-સંક્ષેપ, મૌન, પરિમિત જ શબ્દ બોલવા, કાયાની હિલચાલનો શક્ય સંકોચ, કષ્ટ સહવાનો પ્રયત્ન, વગેરે વગેરે કેટલીય બાબતો આવે.

**સંયમનનાં ઊંચાં ફળ :-**

સંયમન કરતા ચાલીએ તો અંતરના રાગાદિ દોષ-દુર્ગુણોને વિકસવા અવકાશ ઓછો મળે છે, એમ કરતાં લાંબા ગાળે એ ઘસારો પડે છે, અને આત્મામાં સહજ સંયમ, સહજ વિરાગ, સહજ ઉપશમ પ્રગટ થઈ જાય છે.

રૂપસેન ભૂલો પડ્યો છે. માનવ જીવનમાં સંયમ ન રાખ્યો, ન કેળવ્યો તો



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રાગ કૂદ્યો, હવે તિર્યંચના અજ્ઞાન ભવમાં સંયમ શું સમજે ? ને શું કેળવે ? રાગ રૂઢ થઈ ગયો. પરિણામ એ આવ્યું કે છઠ્ઠી વાર હરણિયા તરીકે કાતિલ બાણથી વીંધાયો ! તરફડી તરફડીને મર્યો !

**હરણ પર ઉજાણી :-**

હવે રાજા માણસો પાસે હરણિયાનું શરીર ઉપડાવી લઈ શહેરમાં જાય છે. અને એનું માંસ રંધાવી બગીચામાં મિજબાન પાર્ટી-ઉજાણી યોજે છે. રાજા, રાણી, અમલદારો વગેરે ગોઠવાઈ ગયા છે, આનંદની લહેરો ઊડી રહી છે, ત્યાં રંગમાં ભંગ પડે છે.

**મુનિ કંપે છે :-**

ઉદ્યાનની પાસે થઈને બે મુનિઓ જતા હતા, એમાં એકનું આ દશ્ય જોઈ મસ્તક હાલી ઊઠ્યું. બીજા મુનિને કહે છે 'અહો, અહીં એક સ્નેહી બીજા સ્નેહીનું ભક્ષણ કરે છે !'

ત્યાં રાજા એ જોઈને ગુસ્સે થઈ ગયો, મુનિઓને બોલાવી ધમકાવે છે, 'અમે ગમે તે કરીએ એમાં તમને માથું હલાવી નિષેધ કરવાનો શો હક છે ?'

મુનિ અવધિજ્ઞાની હતા, નીડર હતા, કહી દે છે, 'મહાનુભાવ ! આત્માની ભાવ શત્રુભૂત ઇન્દ્રિયોની ગુલામી સેવી જીવોને નરક નિગોદના માર્ગ લેવા હોય, એમાં અમારો નિષેધ ક્યાં કામ લાગે એવો છે ?'

રાજા વિચારમાં પડી ગયો પૂછે છે, 'આ નરક નિગોદ શું ચીજ છે ?'

**નરકની દારૂણ વેદનાઓ :-**

મુનિ કહે છે, 'નરક એ નીચે પાતાલમાં પાપભરપૂર જીવોને પાપનાં કારમાં ફળ ભોગવતાં રહેવા માટેનાં સ્થાન છે. ત્યાં એ ઘોર અંધકારમય નરકવાસના સાંકડા બીલમાં ઉત્પન્ન થાય છે, અને એ બીલના મોઢાની એથીય સાંકડી નળીમાંથી પરમાધામી જીવો એમને બહાર ખેંચી કાઢે છે. ત્યાં એ બિચારાનું શરીર પિલાઈ જવાથી ભયંકર દુઃખની ચીસો મૂકે છે. પરંતુ પેલા ક્રૂર મશ્કરા દેવોને દયા ક્યાં છે ? એ તો તરત બહાર કાઢીને એને શિલા પર જોસથી અફાળે છે, ધોબી કપડાના એક છેડાને પકડી બીજો છેડો પથ્થર પર વારેવારે ઝીંકે એમ એને પગથી પકડી એનું માથું, શરીર શિલા પર ઝીંક્યે રાખે છે. વળી પાછો, એને યંત્રમાં ઘાલી પીલે છે, અગ્નિની ભઠ્ઠીમાં ઘાલી રાખી કેટલાય વખત સુધી એને શેકે છે, એ નરકના જીવોના કરુણ આર્તનાદ ત્યાં કોણ ગણકારે ?'

વળી 'લે તને સ્ત્રીઓનાં રૂપ જોવાં ગમતાં હતાં ને ?'

એમ કરી બંને આંખમાં તીક્ષ્ણ ભાલા ભોંકી દે છે, 'તને રંડીઓનાં ગીત



બહુ ગમતા હતાં ને' એમ કરી બે કાનમાં ધગધગતું સીસું રેડે છે ! એમ સ્પર્શની રસિકતા યાદ કરાવી કેરી છોલે એમ એની ચામડી છરાથી છોલી નાખે છે, ચડડડ ઉઝરડી નાખે છે એવી રીતે નાકમાં ને મોંમાં શસ્ત્રો ભોંકી દે છે. એને તપાવેલા ભયંકર ખળખળતા ઉષ્ણ રસ મોઢું ફાડી એમાં રેડે છે. 'લે માંસ બહુ ભાવતું હતું કેમ ?' એમ કહી એના જ શરીરના લોચા કાપી એને ખવરાવે છે. ધારદાર ખંજરોથી એના ટૂકડે ટૂકડા કરી નાખે છે પણ આયુષ્ય કર્મ ચીકણું હોઈ તૂટતું નથી એટલે પાછા એ ટૂકડા પારાની કણીઓની જેમ ભેગા થઈ મૂળ શરીરરૂપે બની જાય છે. ત્યાં તરત બીજા ત્રાસ તૈયાર છે. લા'યનો પાર નથી છતાં મોત નથી ! ક્ષણ પીડા વિનાની નથી ! અસંખ્યવાર કપાવા-છુંદાવા, પિલાવા-પિસાવા બળવા-શેકાવા વગેરેની કારમી પીડાઓ ભોગવે છે.

વળી પરમાધામી જાય એટલે એ ક્રૂર મગજના નરકના જીવો પરસ્પર કાપાકાપી લડે છે. એમ ત્યાંના ક્ષેત્રની અસ્ત્રા જેવી ધારદાર ભૂમિ ! અહીંની લોખંડ ઓગાળવાની ભઠ્ઠી કરતાં અનંતગુણા ત્યાંના તાપ ! જાણે જગતભરના ધાન્ય ખાઈ જાઉં અને સમુદ્રો પી જાઉં એવી ભયંકર ભૂખ-તરસ છતાં એક દાણો કે ટીંપુ પાણી મળવાનું નહિ !...ટૂંકમાં અવર્ણનીય દુઃખો અસંખ્ય વર્ષો સુધી એ નરકના જીવો ભોગવે છે. જગતમાં એકલા આ જીવો જ એવા છે કે જેમને મરવું છે પણ અતૂટ આયુષ્ય હોઈ મરી શકાતું નથી, અને એક ક્ષણના આંતરા વિના ભયંકર ત્રાસ-વેદનાનો પાર નથી.

**નિગોદની પીડા :-**

ત્યારે નિગોદના જીવ તો એવા છે કે જે એક જ ઇન્દ્રિયવાળા અને એક શરીરમાં અનંતા ભેગા રહે છે, ને નરક કરતાં અનંતગણું દુઃખ ભોગવે છે. પાછું ત્યાં એક મુહૂર્તની અંદર અંદર તો મૃત્યુ પામે છે, ફરી ત્યાં જન્મે છે, મરે છે, જન્મે છે, મરે છે, અનંતા દુઃખોમાં રિબાતા અને જન્મ-મરણની ભીંસમાં પિલાતા જરૂર પડ્યે ત્યાં અનંતા કાળ કાઢે છે.

આ છે નરક અને નિગોદનું સ્વરૂપ.

રાજાએ પૂછ્યું હતું તો ગુસ્સામાં, પરંતુ હવે રૌરવ નરક-નિગોદનાં ત્રાસભર્યા વર્ણન સાંભળી ગુસ્સો ક્યાં ઊભો રહે ? રાજા મુનિને નમી પડ્યો, વિનંતી કરીને સન્માન-બહુમાનપૂર્વક એમને એક બાજુ આસન પર બેસાડે છે, અને હાથ જોડી પૂછે છે કે 'ભગવન્ ! શા શા કારણે આવા નરક-નિગોદમાં જવાનું થતું હશે ?'

**નરકમાં શાથી જવું પડે ? :-**

મુનિ કહે છે 'મહાનુભાવ ! આત્માની ભાવશત્રુભૂત ઇન્દ્રિયો અને મન



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

જીવને ત્યાં ઘસડી જાય છે. એની ગુલામીમાં જીવો મહા હિંસા કરે છે, જૂઠ બોલે છે, ચોરી લૂંટફાટ કરે છે, દુરાચાર અને મહાપરિગ્રહ સેવે છે, પરસ્ત્રીના રૂપ જોવાનું. અભક્ષ્યભક્ષણ કરવાનું, માનસિક વિષયકષાયના ભયંકર વિકલ્પોમાં ચઢવાનું કરે છે, તેથી નરક-નિગોદમાં જવું પડે છે. મૂળ ઈન્દ્રિયો અને મન પર સંયમ નહિ એનું આ પરિણામ છે.'

રાજા આ સાંભળીને ચોંકી ઊઠે છે, કહે છે, 'પ્રભુ ! જો આમ છે તો તો અમે તો આવાં કર્મ કરવામાં બાકી નથી રાખી તો અમારું શું થશે ? શું આ પાપોથી છૂટવાનો ઉપાય છે ?'

રાજાનો આ પ્રશ્ન ખરી જિજ્ઞાસાના ઘરનો છે, માત્ર જાણકારી માટેનો નહિ, તેથી જ જુઓ મુનિના ઉત્તર પર એ શું કરે છે.

ખરી જિજ્ઞાસાથી કરેલા પ્રશ્નનો યોગ્ય ઉત્તર મળવા પર તો માણસ ઊભો થઈ જાય. કેમ કે એ એના દિલમાં સોંસરું ઊતરી જાય છે. વ્યાખ્યાનો સાંભળો છો તે શું અંતરની તાલાવેલીથી કે મારે તત્ત્વ જાણવું છે, માર્ગ જાણવો છો, પ્રકાશ મેળવવો છે જેથી જીવનમાં એ અપનાવી આગળ વધું ? ખાલી જાણવાની ઈચ્છા એ ગુણરૂપ જિજ્ઞાસા નહિ, કિન્તુ જીવનમાં સારું લાવવા-ઉતારવા માટે જાણવાની તાલાવેલી એ ગુણરૂપ જિજ્ઞાસા કહેવાય. રાજાનો પ્રશ્ન આવી જિજ્ઞાસામાંથી ઊઠ્યો છે. એને એમ થઈ ગયું છે 'કે શું આટલા બધા પાપી જીવનનો હવે પ્રતિકાર હોય ? અને જો હોય તો તો એને જરૂર અપનાવી લઉં ? માટે લાવ પૂછું કંઈ ઉપાય જાણવા મળે તો.'

**આવી જિજ્ઞાસા શુશ્રૂષા (સાંભળવાની ઈચ્છા) એ આત્માના ઉદયની પાતાળસેર છે.** પાતાળસેર એટલે એમાંથી ઉદયનો પ્રવાહ વહ્યો જ આવે, વહ્યો જ આવે. મોટા ધુરંધર મુનિઓ પણ જિજ્ઞાસા રાખ્યા કરતા, તો નવું નવું પામી ખૂબ પ્રગતિશીલ બનતા. વાત આ છે કે જિજ્ઞાસા જીવનમાં કાંઈ ને કાંઈ પામવા માટે જોઈએ, અને પામવાને માટે જિજ્ઞાસા જરૂર જોઈએ.

**સાચી જિજ્ઞાસા કેમ જાગે ? :-**

તો હવે આ રાજાના જીવનમાંથી એ જુઓ કે એવી સાચી જિજ્ઞાસા શી રીતે જાગી શકે ? સ્પષ્ટ દેખાય છે કે રાજાને પોતાના દુષ્કૃત્ય અને અધમ જીવન બદલ દિલમાં દર્દ ઊભું થઈ ગયું હતું, તેથી જ એવી જોરદાર જિજ્ઞાસા જાગી અને ગદ્‌ગદ થઈ એને ગુરુ આગળ વ્યક્ત કરે છે. આ પરથી ઉપાય નીકળે છે કે સાચી જિજ્ઞાસા જગાડવી હોય તો દિલમાં દુષ્કૃત્યો અને અધમ જીવનનું દર્દ ઊભું કરવું જોઈએ. એ દિલને એટલા બધા ખટક્યા કરે કે 'એનાથી બચવા કોઈ માર્ગ જડે



છે ?' એ આતુરતા-જિજ્ઞાસા જાગે; 'ઉપાય મળે તે જીવનમાં ઉતારી દઉં,' એવી તમન્ના તરવરે, ત્યારે એ સાચી જિજ્ઞાસાપૂર્વક મળેલ જાણકારીમાંથી કંઈક ને કંઈક પામવાનું બને.

પણ મૂળ વાંધો આ છે કે દોષ, દુષ્કૃત્ય અને આરંભ-પરિગ્રહ-વિષયોના જીવનનું દિલમાં દર્દ નથી. એટલે વ્યાખ્યાન સંભળાય છે, વાંચનેય થાય છે, જૈનશાસન ઉત્તમ માર્ગદર્શક હોવાથી ખબરે ય છે, છતાં રોજ ને રોજ નવું નવું આત્મહિત પામવા-આદરવા તરફ સુસ્તી છે, ગરજ નથી. માટે પહેલું તો દિલ દર્દ ઊભું કરવા જેવું છે. આજે જ્ઞાન વધારવાની વાત થાય છે, પણ જાણવું શા માટે ? દિલમાં દર્દ ઊભું કરવાનું છે ?

**દિલદર્દ વિના માગવાનું શું ? :-**

દિલદર્દ હોય, સંસારનાં પાપો હૈયાને રોવરાવી રહ્યાં હોય તો એ પાપોમાંથી ઉદ્ધારનાર અરિહંત ભગવાનનાં દર્શન, સ્તુતિ જે થાય તે કોઈ અનેરા ! નહિતર દર્શન તો થાય પૂજાભક્તિ ય થાય પરંતુ જો કલેજે ટાઢક છે કે 'આપણને પૈસા ટકા ઠીક મળ્યા છે, આબરૂ સારી જામી છે, પરિવારની પણ શોભા છે...' આવી આવી જો પેટમાં ઠંડક હોય તો ભગવાન પાસે રોવાનું, કંઈ માગવાનું, અને ઘેર લઈ જવાનું રહેતું નથી. એ તો તો જ બને કે એ કૃત્રિમ ટાઢકની વસ્તુઓનાં પાપ દિલમાં દર્દનો અનુભવ કરાવતાં હોય;- 'અરેરે ! આ પૈસા-પ્રતિષ્ઠા-માન-પાન વગેરેની મોહિનીમાં ક્યાં ફસાઈ પડ્યો ! એની પાછળ મેં કેટકેટલા ભરચક કષાયો અને બીજાં પાપ કર્યાં !' વગેરે વગેરે દિલને ખટક્યા કરે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૬,તા.૧૩-૧૦-૧૯૬૨

**પ્ર.**- એમ દિલ દર્દ અનુભવ્યા કરે તો રોતડવેડા ન આવે ?

ઉ.- આવે, પણ ક્યાં ? પાપનાં કાર્યોમાં. પાપનાં કાર્યોમાં ભીરુતા, નિરુત્સાહ વગેરે તો ગુણ છે; નીડરતા હોંશ-હોશિયારી એ દુર્ગુણ છે. પાપ અને પાપી જીવન બદલ દિલમાં જેને કાયમ દર્દ રહે છે એ આત્મા તો જાગ્રત બની ગયો, એને ધર્મની સાચી ભૂખ રહેવાની, વીતરાગ અને સદ્‌ગુરુ આગળ એ સાચી પ્રાર્થના કરવાનો, અંતરથી માગવાનો. એવી માગણી પ્રાર્થના એ સિદ્ધિનો મહાન પાયો છે. પણ એ ક્યારે બને ? દિલ દાઝતું હોય, દુભાતું હોય, ડંખતું હોય. દિલના દર્દથી રચાયેલાં કાવ્યો કેટલાં બધાં અસરકારક હોય છે ! દઢપ્રહારી અર્જુનમાલી જેવા ઘોર હત્યારાઓ પણ દુષ્કૃત્યો અંગે દિલમાં ભારે દર્દવાળા બન્યા રહ્યા તો ઉત્કટ ચારિત્રમાર્ગની



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સાધના કરી મહાયોગી-મહર્ષિ બની ગયા. પાપ અંગેના દિલના દર્દ પર તો ધર્મ-સાધના સંયમ વગેરે એવા જોમવાળા સધાય છે કે એમાંથી ટૂંકા સમયમાં ઊંચી ઉન્નતિ મળે છે.

રાજાને પોતાના પાપભર્યા જીવનનું ભારે દર્દ જાગ્યું છે તેથી એણે સાચી જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો છે કે અમારા જીવનનાં ભરચક પાપોમાંથી શું છુટકારો થઈ શકે ? જિજ્ઞાસા સાચી છે એટલે જુઓ કે મુનિ એનો જે ઉત્તર કરે છે, એને એ કેવો ઝીલે છે !

**જ્ઞાની મુનિમહારાજ કહે છે,-**

'રાજન્ ! ઉપાય કેમ ન હોય ? જે કારણોએ રોગ આવ્યો છે એનાથી વિપરીત કારણો સેવાય તો જેમ રોગ મટે છે એમ એ પાપથી તદ્દન વિપરીત રસ્તે જવાય તો એ પાપોથી ચઢેલા કર્મના ભાર નીચે ઊતરે છે અને પાપના સંસ્કારો પણ નાશ પામે છે. એમાં કોઈ વિવાદ નથી.'

'તો પ્રભુ ! એ વિપરીત માર્ગ શો છે ?'

'વિપરીત માર્ગ સંયમનો છે. જીવ ઈન્દ્રિયો અને મનની વૃત્તિઓના અસંયમથી અને ઉચ્છ્રૃંખલ વર્તનથી પાપો ઊભાં કરે છે, તેનું નિવારણ એના સંયમનથી થાય. ઈન્દ્રિયો અને મનની વૃત્તિના સંયમન માટે પહેલાં તો હિંસાદિ પાપોનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.'

આજ સુધી નાનેથી માંડીને મોટા-મોટા જીવોનો અઢળક નાશ કર્યો અને અસંયમ પોષ્યું, તો હવે જીવન એવું બનાવવું કે એમાં સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ જીવની હિંસા ન હોય. જગતના અનંતાનંત જીવોને અભયદાન અપાય. એમાં ય જાતે તો હિંસા નહિ કરવાની પણ કોઈની પાસે કરાવવાની પણ નહિ. તેમ કોઈ એની મેળે કરે એમાં અનુમોદન પણ રાખવાનું નહિ. મન, વચન અને કાયાથી હિંસાકરણ-કરાવણ અનુમોદન નહિ કરવાની જીવનભર પ્રતિજ્ઞા સાથે અહિંસા પાળવાની. એમ અસત્ય, અદત્તાદાન, અબ્રહ્મ, અને પરિગ્રહનાં પાપ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ ત્રિવિધ ત્રિવિધે નહિ સેવવાનાં મહાવ્રત લઈ પાળવાનાં. સંસારના સર્વ સંબંધોનો ત્યાગ, કંચન-કામિની, ઘર-ધંધો, રાંધવું પકાવવું, વગેરે બધું છોડી દેવાનું. માધુકરી ભિક્ષા, પાદ વિહાર, આખો દિવસ શાસ્ત્રસ્વાધ્યાય, તપસ્યા વગેરેનું આરાધનામય જીવન જીવવાનું. એ સર્વ પાપોના ઉત્તમ ઉપાય છે, અમે એ જ જીવન સ્વીકાર્યું છે.'

રાજાને આ સાંભળી ખૂબ આહ્લાદ થયો. મનને આશ્વાસન મળ્યું કે 'વાહ ! ત્યારે તો હજી બગડી ગયું નથી, પાપથી છૂટવાનો ઉપાય છે. તે જો હવે જલદી ન છૂટું તો પહેલાં સાંભળ્યા તેવા ઘોર નરક નિગોદનાં દુઃખમાં રિબાવું પડે.



માટે જીવ ! ઊઠ, નીકળ સંસારમાંથી અને સંયમ માર્ગે પ્રયાણ આદરી દે.'

રાજાએ આ વિચાર તો કરી લીધો પરંતુ હજી મનમાં એક જિજ્ઞાસા રહી ગઈ તે મહર્ષિને હાથ જોડી પૂછે છે.

**સ્નેહીના ભક્ષણનું શું ? :-**

તે હેં 'ભગવન્ ! આપ માથું હલાવતા જે બોલેલ કે એક સ્નેહી બીજા સ્નેહીનું ભક્ષણ કરે છે તે શું ?'

મહર્ષિ કહે છે, 'રાજન્ ! એ વાત રહેવા દે.'

'ના, મહારાજ ! ફરમાવો એમાં શો વાંધો છે ?'

ગુરુ કહે છે, 'વાંધો છે. એમાં કોઈનું મર્મ ઉઘાડું પડે તે સારું નહિ.'

'અરે ભગવન્ ! જો એ અમારામાંનું હશે તો તો કહેવામાં કાંઈ જ વાંધો નથી. પાપો અને એનાં ઘોર-નરક-નિગોદ સુધીના દારુણ અંજામનું આટલું વર્ણન સાંભળ્યા પછી હવે મનને ખોટું લગાડવાનું હોય ? ખોટું તો નહિ લાગે પણ ઊલટું એનાથી સંસારને વધારે ઓળખવાનું થશે. પરિણામ સારું જ આવશે. માટે જરૂર કૃપા કરીને ફરમાવો.'

રાજાએ આમ કહ્યું છતાં મુનિ જરા અટકે છે, એટલે રાણી અને મંડળી બોલી ઊઠે છે, 'ભગવન્ ! અમારા અંગેનું રહસ્ય હશે તો પણ અમને ખોટું નથી લાગવાનું. એની આપને ખાતરી આપીએ છીએ. માટે જરૂર મહેરબાની કરી ફરમાવો !'

જ્ઞાની મહર્ષિના અત્યાર સુધીના વર્ણનથી ઉજાણીના ટેસ તો બાજુએ રહી ગયા, પણ ઉપરથી હૈયાં ગદ્ગદ થઈ ગયાં છે, કેમ કે જિંદગીમાં નવું સાંભળવા મળેલું એટલે ખૂબ આતુરતા, વિશ્વાસ અને મુક્ત મને સાંભળેલું છે. જૈનકુળમાં જન્મેલા કેટલાકને તો જાણે ખબર જ છે. જાણકારીનો ઠસ્સો છે, તેથી તેવી આતુરતા નથી, વિશ્વાસ પણ તેજસ્વી નથી, કેમ કે મનને થાય છે 'આ તો હવે રોજ સાંભળીએ છીએ; ત્યારે મુક્ત મન નથી, મન દુનિયામાં બંધાઈ ગયું છે. કોઈને ધનમાં કોઈને કાયામાં, તો કોઈને સ્ત્રી કે પુત્રાદિમાં, પછી ત્યાં ગમે તેવું રોચક-પ્રેરક સાંભળવાનું મળે છતાં ગદ્ગદ શી રીતે થવાય ? સાંભળીને જીવન પરિવર્તન ક્યાંથી ઊભું કરાય ? માટે સાંભળવાનું તીવ્ર આતુરતા, વિશ્વાસ અને મુક્ત મનથી કરવું જોઈએ.

**રૂપસેનનું બ્યાન :-**

મહર્ષિને ખાતરી થઈ ગઈ એટલે ત્યાં એમણે સુનંદા રૂપસેનનું ચરિત્ર ખૂબ ભાવભરી ભાષામાં સંભળાવ્યું. રૂપસેનના એકેક કરુણ પ્રસંગ જેમ જેમ કહેતા



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ગયા, તેમ તેમ શ્રોતાનાં હૈયાં થરથરવા લાગ્યાં, દયાથી લચબચ થવા લાગ્યાં, ત્યારે સંવેગ-વૈરાગ્યમાં ઝીલવા માંડ્યાં ઠેઠ હરણના ઘાત સુધીની હકીકત આવી ગઈ, અને હવે સુનંદાને લાગ્યું કે 'અરે ! એના જ માંસને મેં તો ટેસથી ખાવાનું પણ કર્યું !' ત્યાં પોતાની જાત ઉપર ભારે તિરસ્કાર છૂટ્યો, મુનિને કહે છે,

'પ્રભુ ! જુલ્મ જુલ્મ ! હજી મારો તો આ એનો એ જ ભવ છે, અને બિચારા રૂપસેનને મારી ખાતર આટઆટલા ભયંકર દુઃખભર્યા હલકા જન્મ કરવા પડ્યા ? ધિક્કાર છે મને કે આ જીવને મારા રૂપમાં ફસાઈ જન્મ-મરણની પરંપરા લાગી પડી ! આ મારું રૂપ જો નિમિત્ત ન બન્યું હોત તો એને ક્યાં ફસાવાનું થાત ?'

રાણીને હવે વિવેક પ્રગટી ગયો છે, તેથી એમ નથી લાગતું કે મુનિએ ક્યાં મારી પોલ ખોલી ? અથવા એવું ય નથી થતું કે ભૂલ મારી શાની ? એ તો રૂપસેન પાગલ તે મોહ કરી કરી ભટકી રહ્યો છે. એને તો એ દેખાઈ રહ્યું છે કે 'એ મોહ પણ સાધન વિના ક્યાં થવાનો હતો ? સાધન તો મારું રૂપ થયું ! તેમ મોહમૂઢ થવાની પહેલ મેં કરી આપેલી !' આ વિવેક છે અને સામા જીવ પર દયા છે તેથી વાંક પોતાનો દેખાય છે. પોતાના રૂપ પર તિરસ્કાર છૂટે છે.

વસ્તુનો વિવેક અને જીવો પર દયા હોય તો એ જીવોને પોતાના નિમિત્તે પાપમાં પડવાનું થાય એનો ભારે ખેદ ઊપજે, અને બને ત્યાં સુધી એ પાપમાં પડે એવું નિમિત્ત ન અપાય.

**પાપમાં નિમિત્ત બનનાર દોષિત કેમ ? :-**

**પ્ર.**- તો શું આપણે નિમિત્ત ન આપીએ એટલે જીવો પાપ નથી કરવાના ? પાપી એના જ પાપે મરે એમાં આપણે ગુનેગાર શી રીતે ?

**ઉ.**- વાત સાચી છે કે અનાદિકાળથી જીવ પાપી વૃત્તિવાળો હોઈ એના લીધે જ પાપો કરે છે, વૃત્તિ બદલાઈ જશે, ધર્મીવૃત્તિ થશે તો પાપ નહિ કરે; પરંતુ એ દેખાય છે ને કે એને નિમિત્ત મળતાં એ પાપમાં કૂદે છે ! બિલાડી ઉંદર મારવાની વૃત્તિવાળી છે જ અને અહીં નહિ તો બીજે ઉંદર મારવાની ય હોય, છતાં એનો એ અર્થ નથી કે એને ઉંદરની સગવડ કરી આપનારો બિનગુનેગાર છે. એવી સગવડ કરનારો પેલા જીવને પાપમાં નિમિત્ત બની રહ્યો હોઈ દોષિત જ છે. એમ 'જગતના જીવો ભલે મોહાંધતાથી ગમે ત્યાં નિમિત્ત મેળવી પાપ કરતા હોય, છતાં આપણે એના મોહનાં પોષણ અને પાપનાં આચરણનું નિમિત્ત, દા.ત. ઉદ્‌ભટ વેશ, કામવિલાસની વાણી અને ચેષ્ટાઓ, આવું કોઈ નિમિત્ત ઊભું કરતા હોઈએ તો આપણે ગુનેગાર જ છીએ. ખાસ આ નિમિત્ત પામીને એ જીવ ઘોર પાપ બાંધી



દુર્ગતિનાં દુઃખમાં પટકાય એવી એની કરુણ દશા બનવામાં આપણે જવાબદાર છીએ.' એનું વિવેકી દયાળુને મન ઘણું હોય.

**સંસારની અસારતાનું એક કારણ :-**

માટે તો સમ્યગ્દૃષ્ટિ આત્માને આ સંસાર અસાર લાગે છે, એના પ્રત્યે ગ્લાનિ ઊપજે છે; કેમ કે એ જુએ છે કે આ સંસારવાસ-ઘરવાસ ચીજ જ એવી છે કે જાણતાં કે અજાણતાં આપણે બીજાને ભવવર્ધક કષાયો, મોહવૃદ્ધિ અને પાપાચરણમાં નિમિત્ત બનવું પડે છે. પતિ-પત્ની, માતા-પુત્ર, પિતા-પુત્રી વગેરે વ્યવહાર-નીતિના સંબંધોમાં પણ તાત્ત્વિક સ્થિતિ કઈ છે ? સામાને મોહવૃદ્ધિ-આરંભ-પરિગ્રહાદિમાં નિમિત્ત બનવાની ને ? માટે એવા સંબંધોવાળો સંસાર અસાર છે ત્યાજ્ય છે. તેથી સમકિતીની નજર સંસાર ત્યાગ કરવા પર છે.

**મહાત્માઓની દુષ્ટો પર દયા કેવી ? :-**

અરે ! સંસારત્યાગની મહાત્માઓ દા.ત. સમરાદિત્ય કેવળી ચોથા ભવમાં ધન્યમુનિ પણ ઉપસર્ગ આવતાં આ ભાવના ભાવે છે કે 'અહો ! ખેદની વાત છે કે કોઈ બિચારા જીવને આ મારું શરીર પાપાચરણનું નિમિત્ત બની રહ્યું છે ! ધન્ય છે તે સિદ્ધ ભગવાનને કે જે કોઈનેય પાપાચરણનું નિમિત્ત નથી બનતા !' કેટલી બધી ઊંચી વિચારણા ! પણ તે ત્યારે જ આવે કે આ સંસારનાં કારમાં દુઃખોનો ખ્યાલ હોય અને એમાં રેંસાઈ જતાં જીવોની પ્રત્યે ભારોભાર દયા ઊપજે, હૃદય ભીનું થાય, પીગળી જાય.

હૈયું પીગળી ગયા વિના ઘોર અપરાધી સંગમદેવ ઉપર પણ પ્રભુ મહાવીરદેવને દયા અને કૃપાનાં આંસુ શાનાં હોય ? પ્રભુને આ દયા આવી કે 'અરે ! અમારું નિમિત્ત પામીને આ બિચારો જીવ દીર્ઘ સંસાર અને દુર્ગતિના દુઃખનું ભાજન થયો !'

કૃષ્ણ વાસુદેવના ભાઈ બળદેવમુનિ એકવાર કોઈ ગામમાં ગોચરીએ પેસતા હતા; ત્યાં કૂવે પાણી ભરવા આવેલી સ્ત્રીએ એમનું સુંદર રૂપ જોવામાં મુગ્ધ બની દોરડાનો ગાળો ઘડાને બદલે બાજુમાં બેસાડેલા છોકરાના ગળામાં ફાંસવા માંડ્યો. તરત જ મુનિએ ઉપયોગ આપ્યો અને અનર્થ તો મિટાવ્યો, પરંતુ પ્રતિજ્ઞા કરી કે 'ધિક્કાર છે મારા સુંદર રૂપને કે જે જીવોને મોહવૃદ્ધિ અને મહાપાપાચરણ કરવામાં નિમિત્ત બને છે, તો હું હવેથી ગામમાં ગોચરી લેવા જ નહિ જાઉં.'

મદનરેખા મહાસતીના પતિનું પતિના મોટાભાઈએ ખૂન કર્યું, ત્યાં મદનરેખા આ પશ્ચાત્તાપ કરે છે કે 'ધિક્કાર છે મારા રૂપને કે જેણે મોટાભાઈને મોહમૂઢ બનાવી નાનાભાઈનું ખૂન કરવા પ્રેર્યો ! પતિ તો બિચારા નિર્દોષ હતા, પણ મારા



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રૂપે એમનો જાન ખોવરાવ્યો !'

આ બધા પ્રસંગો જોઈએ તો દેખાય છે કે એ મહાન આત્માઓએ ખરી રીતે સામાને પાપમાં પ્રેર્યા નથી. પાપની સગવડ પૂરી નથી પાડી; એ તો પાપી મોહમૂઢ જીવોએ કેવળ પોતાની મૂઢતાથી પાપ આચર્યાં હતાં, છતાં મહાત્માઓના દિલમાં દુશ્મન પર પણ ઊભરાતી નીતરતી દયા દુશ્મનની નહિ પણ પોતાની ત્રુટિ જોવરાવે છે !

**જેના પર દયા ઉભરાવવી એની ત્રુટિ, એનો વાંક શો જોવો ?** કીડી રસ્તા પર નીકળીને આપણા પગ નીચે કચરાઈ ત્યાં 'કીડી અહીં ખોટી ચાલી' એમ જો કીડીની ત્રુટિ લક્ષમાં લીધી તો એના પર એટલી બધી દયા નહિ ઊભરાય. પણ 'અરે ! કેવી મારી ગફલત કે પગ નીચે કીડી છૂંદી !' એમ પોતાની ત્રુટિ વિચારાય તો કીડી પર ખૂબ દયા ઊભરાશે. મહાત્માઓએ વિચાર્યું "અરે ! હું પાપમાં નિમિત્ત બન્યો ! બિચારા જીવનું શું થશે !" તો એના પર દયાનાં પૂર ઊલસ્યાં !

જગત પર દયાળુ બન્યા રહેવું હોય તો જગતના દોષ-ખામી-ત્રુટિ પર મન ન લઈ જતાં પોતાની જ કાંઈ ખામી જુઓ.

**જાતની ત્રુટિ અને સામાની દયા વિચારવાના લાભ :-**

આના લાભ કેટલા બધા !

૧. દૃષ્ટિ વિશાળ થાય; જાતનું અહંત્વ અભિમાન તૂટે;
૨. સર્વથા ખામી રહિત પૂર્ણતાના પદની તમન્ના વધે;
૩. સામા પર ભારોભાર શુદ્ધ દયા ઊભરાય;
૪. સામાનો અપરાધ ન જોવાથી દ્વેષ થતો અટકે;
૫. હૈયામાં શાન્તિ-ઉપશમ રહે;
૬. હૈયું ફોરું બને..... વગેરે.

**માનવભવરૂપી વૃક્ષનાં આ સુંદર ફળો પ્રાપ્ત કરી લેવા જેવાં છે.** માત્ર એના માટે જાતની ખામી અને જગતની દયા વિચારવાની છે. શું એ મોંઘું છે ? વિશિષ્ટ માનવબુદ્ધિનો સોનેરી અવસર મળ્યાની કિંમત સમજીએ તો કાંઈ કઠિન નથી; વીતરાગ નાથને ખરેખર માથે ધરવાની તમન્ના રાખીએ તો કશું અઘરું નથી.

ભાવી ભવમાં ઉન્નત સ્થિતિની સાચી ભૂખ જગાડીએ તો કાંઈ જ મુશ્કેલ નથી; સંસારના ચંચળ પદાર્થો અને ચંચળ પ્રસંગોને ચંચળ હોઈ બહુ મહત્ત્વ ન આપીએ તો સ્વત્રુટિ અને પર દયાનો વિચાર જરાય મોંઘો નથી; મહાપુરુષોના ભારે આત્મ પરાક્રમો નજર સામે રાખીએ, તો લેશ પણ અસાધ્ય નથી. આ ઉપરથી ફલિત થાય છે કે,



**જાતની ત્રુટિ અને પરની દયા વિચારવા ઉપાય :-**

૧. વિશિષ્ટ માનવબુદ્ધિની કદર કરો,
૨. વીતરાગ નાથ માથે ધર્યાનો ખ્યાલ કરો,
૩. ભાવી ઉન્નતિની ભૂખ જગાડો,
૪. સંસારના પદાર્થ-પ્રસંગોની ચંચળતા જુઓ,
૫. મહાપુરુષોના ભારે પરાક્રમ પર નજર રાખો,
૬. આત્મશુદ્ધિને સૌથી વધુ અગત્ય આપો...
૭. 'દ્વેષ તો દુષ્ટો ય કરે છે, જાતની વડાઈ તો પાડાય માને છે, પર દ્વેષ અને-સ્વ વડાઈ કરવાના ભવ ઘણા, પરદયા ને સ્વખામી વિચારવાનો ભવ આ માનવભવ ! એમ એ જ કરાય.' આ વિવેક કરો...વગેરે વગેરે.

**સુનંદાનો ખેદ અને પ્રશ્ન :-**

સુનંદાનાં હૃદયચક્ષુ ખૂલી ગયાં છે. રૂપસેનની ભારે દયા ખાઈને જાતની ત્રુટિ વિચારે છે કે 'અરેરે ! ધિક્કાર પડો મારા રૂપને કે જે આ બિચારા જીવને ભવોભવ રખડાવી દારુણ દુઃખમાં રિબાવી રહ્યું છે !' મુનિને પૂછે છે,

'ભગવન્ ! ત્યારે એ જીવ હરણના દેહમાંથી ક્યાં ગયો ? અને એનો ઉદ્ધાર થશે કે નહિ ?'

**હરણ ક્યાં ? :-**

જ્ઞાની ગુરુ કહે છે, 'ભાગ્યવતી ! એ મરીને વિંધ્યાચળની અટવીમાં હાથણીના પેટમાં જનમ્યો છે, અને તારાથી એ પ્રતિબોધ પામશે.'

રાણી સુનંદા આ સાંભળી આશ્વાસનનો દમ લે છે. 'હાશ ! બિચારાને ડુબાડનારી હું, પણ એને પ્રતિબોધ કરનારી બનીશ તેથી મારા પાપનું પ્રાયશ્ચિત્ત થશે, અને એના બિચારાનો ઉદ્ધાર થશે !'

**આંતરચક્ષુ ખૂલ્યા કેમ સમજાય ? :-**

અંતરનાં ચક્ષુ ખૂલ્યા પછી આત્માના ઉદ્ધારના વિચાર મુખ્ય બને છે; ઉદ્ધારનું સાંભળીને હોંશ થાય છે, અધઃપાત પર ભારે દુઃખ થાય છે; ઇન્દ્રિયોનાં સુખ-દુઃખ ગૌણ બની જાય છે. આંતરચક્ષુ ખૂલ્યાં છે કે નહિ એનું આના પરથી માપ નીકળે છે. મુખ્ય વિચાર, હોંશ-હાય કઈ બાબત પર થાય છે ? જો એ આત્માના સંબંધમાં જાગી જાય તો જાત ઉપરાંત કુટુંબીઓ માટે પણ આત્મિક દૃષ્ટિએ જ મુખ્ય વિચારણા ચાલે. ભિખારીને ભૂખ્યો જોઈ 'અરે ! બિચારો ભૂખ્યો, દુઃખી !' એ વિચારે કામ અટકી ન જાય, પણ સાથે એમ થાય કે 'બિચારાના પૂર્વજન્મમાં કેવાં કેવાં દુષ્કૃતથી કેવાં કેવાં પાપ ઊભાં થયાં હશે ! લાવ બને તો રોટલો આપવા સાથે જૂઠ ન



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

બોલવા, હિંસા ન કરવા વગેરેની શિખામણ આપું !' આ વિચાર, અંતરનાં ચક્ષુ ખૂલે તો જ થાય છે.

સુનંદાને રૂપસેનની કરુણકથની પર ભારે દયા છૂટે છે, અને એનો ઉદ્ધાર થવાનો તથા તે પણ પોતાના જ હાથે થવાનો સાંભળી આનંદ પણ થાય છે. હવે રાજા અને રાણી વિનંતી કરે છે,

**રાજા-રાણીની વિનંતી :-**

'ભગવન્ ! હવે અમારા માટે બીજે કોઈ માર્ગ દેખાતો નથી સિવાય ચારિત્ર. માટે આપ અત્રે રોકાઈ જાઓ, અમે રાજ્યની વ્યવસ્થા સોંપી દઈ આપના ચરણમાં ચારિત્ર લઈ લઈએ.'

મુનિ કહે છે 'અમને ગુરુ મહારાજનો આદેશ છે એટલે અમારે અહીં બાજુના ગામમાં ગુરુમહારાજ પાસે જવું જ જોઈએ.'

રાજા કહે છે 'તો પ્રભુ ! અમારા વતી આપ ગુરુ મહારાજને રોકવાની વિનંતી કરવા કૃપા કરજો, અને અમે બે દિવસમાં જ ત્યાં ચારિત્ર અર્થે આવી જઈએ છીએ.'

**જાગ્યા ત્યારથી સવાર કેમ ? :-**

**'ધરમના કામમાં ઢીલ નહિ સારી,'** 'શુભે શીઘ્રં યતનીયં' વગેરેનો ભાવ આજ છે કે ધર્મકૃત્ય તથા શુભને ઢીલમાં નહિ મૂકવું. વિલંબ નહિ, પણ જલદી અમલમાં લાવવું. એનો પ્રયત્ન શીઘ્ર આદરી દેવો, કેમ કે,

(૧) કાલની શું, ક્ષણ પછીની ખબર નથી, તેમ,

(૨) અસંખ્ય જન્મનાં સંચિત અશુભ કર્મ અને અનંતા જન્મોના રીઢ કરેલા કુસંસ્કાર ઘણા છે એને દૂર કરવાના છે;

(૩) વળી જાણતા નહોતા, જાગ્યા નહોતા, ત્યાં સુધી તો પાપમાં, અશુભમાં સબડ્યા, પણ હવે જાણ્યા પછી સબડવાનું હોય ? જાગ્યા ત્યારથી સવાર-ગણી રસ્તે પડી જવાનું.

(૪) વળી જો શુભનો પ્રયત્ન ઢીલગંડીથી નહિ પણ શીઘ્રતાથી કર્યો હોય તો આગળ પ્રયાણ પણ ઉત્સાહભેર જલદી ચાલે. વિલંબ કરીને રોતડવેડે શરૂ કર્યું હોય તો તો કહે છે ને કે રોતો જાય તે મુઆની ખબર લઈને આવે. એની જેમ એટલો ભલીવાર ન આવે. એમ તો શુભમાં એમેય આવ્યો એ સારું છે, પણ વેગબંધ પ્રગતિ રોતડવેડાથી ન થાય.

(૫) વળી ધર્મના કામમાં ઢીલ એટલા માટે નહિ કે ધર્મમાં ઢીલ એટલે સુખના માર્ગમાં ઢીલ ગણાય. એ કરવી એ મૂઢતા છે.



(૬) વળી માનવપણાની મહાકિંમતી મન-વચન કાયાની શક્તિઓનો સદુપયોગ ધર્મમાં જ છે, શુભમાં જ છે. અત્યાર સુધી એ ભૂલીને અશુભમાં એને બરબાદ કરી, હવે શુભ સામે આવ્યા પછી સદુપયોગને એક ક્ષણ પણ કેમ આઘો ઠેલાય ?

(૭) એ પણ એક કારણ છે કે પાપી સ્વાર્થના કામમાં ઉતાવળ અને ધર્મના કાર્યમાં ઢીલ કરવાનો જીવને જુગજૂનો અભ્યાસ છે, એ અભ્યાસના પડઘારૂપે અહીં પણ ધર્મમાં ઢીલ કરવાનું મન રહે છે. પાછો આ અભ્યાસ અહીં પણ ચાલુ રાખી આગળ ગયા પછી ભવાંતરમાં કઈ દશા ? અહીં સમજવાનું મળ્યું છે કે ધર્મમાં ઢીલ સારી નથી, ધર્મ તો મહાકલ્યાણકર વસ્તુ છે, આત્માને ભયંકર ભવાટવીમાં રક્ષણ છે, એની ગરજ જરાય ઓછી કરવા જેવી નથી, બલકે સંસારનાં કાર્ય કરતાં ખૂબ વધારવા જેવી છે...' આ બધું સમજવા મળ્યું છે છતાં જો ઢીલ થાય, ગરજ ઓછી કરાય તો તો એ હૃદયને ધિઠ્ઠ કરે છે એથી ભવાંતરે ધર્મપ્રાપ્તિ જ મોંઘી બને છે. પરિણામે ભવભ્રમણ વધે છે. માટે જૂના કુઅભ્યાસની અહીં પુનરાવૃત્તિ ન કરતાં અંત લાવવા જેવો છે. એટલા માટે પણ ધર્મમાં ઢીલનો જૂનો અભ્યાસ મોળો પાડવા સારુ અહીં ધર્મના કાર્યમાં શુભ વિચાર-વાણી-વર્તાવ સેવવા ત્વરા કરવી જોઈએ.

**સંસાર સંભાળ્યે રાખ્યે સંસારના હિસાબ ન પતે :-**

જાગ્યા ત્યારથી સવાર ગણવી જોઈએ. ઈન્કમટેક્ષની મુદ્દત હોય, ચોપડા જલદી તૈયાર કરવાના હોય, લખવા લઈ બેઠા, પણ પછી બહુ ઊંઘ આવવા લાગી તો મન કહેશે કે હવે સવારે લખીશ. પછી ઊંઘી ગયા, પણ હજી રાત બાકી છે ને જાગી પડ્યા તો શો વિચાર આવવાનો ? એ જ ને કે 'ઊઠ, જાગ્યા ત્યાંથી સવાર, લે ચોપડો હાથમાં' દિવસ ઊગે એ સવાર નહિ, જાગ્યા ત્યાંથી સવાર. કેમ કે જલદી ચોપડા પતાવવા છે. એમ અહીં સંસારના ચોપડા પતાવવા છે, અને તે ધર્મથી જ પતે, સંસારનું સંભાળ્યે રાખતાં કદી સંસારનો અંત ન આવે.

ખાતાં ખાતાં ખાવાનો સંસાર પૂરો ન થાય, તપ કરતાં જ થાય.

રાગ કરતાં કરતાં રાગનો છેડો ન આવે, વૈરાગ્ય કરીએ તો જ આવે.

ઈન્દ્રિયોના વિષયો ભોગવતાં ભોગવતાં તૃપ્તિ ન થાય, ત્યાગના અભ્યાસે ચઢાય તો જ ધરપત આવે, ભોગવૃત્તિનો અંત આવે.

કામ-ક્રોધ-અભિમાન જ્યારે જ્યારે મોકો મળે ત્યારે ત્યારે સેવી લઈએ એથી એનો હિસાબ કદી ચૂક્તે થાય નહિ, એ તો ઊલટી એની ખણજ વધે માટે ત્યાં બ્રહ્મચર્ય-ક્ષમા-નમ્રતા મુદુતાનો અભ્યાસ કેળવતા વધારતા જઈએ તો જ એ કામ-



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ક્રોધ-અભિમાન મોળા પડી એકદિ' પૂરા થઈ જાય, અંત પામી જાય.

બસ, તો સંસારના હિસાબ ચૂકતે કરવા હોય તો તે સંસારનું સંભાળ્યે રાખવાથી નહિ થાય, એ તો ધર્મમાં લાગી પડવાથી થશે. જીવની ખોટી ઘેલછા છે કે ધર્મની વાત આવીને ઊભી રહે ત્યારે ખોટા હિસાબ માંડે છે કે આટલું 'સંસારનું પતાવી દઉં, આટલું નિપટાવી લઉં ?' એ તો સમજી જ રાખવાનું કે 'અનંતા કાળ વહી ગયા કોઈ સંસારનું નિપટાવી શક્યું નથી, તો મારે શું નિપટવાનું પતવાનું હતું ?'

સંસાર ચીજ જ એવી છે કે જેનાં કામ કર્યે ગયે એનો અંત ન આવે. જન્મ-મરણ કર્યે જવાથી જન્મ-મરણનો અંત લાવી શકો નહિ. ભોગ ભોગવ્યે જવાથી ભોગવૃત્તિનો અંત આવે નહિ. પરિગ્રહ કર્યે જવાથી પરિગ્રહની સંજ્ઞા મોળી પડે નહિ, હિંસા, જૂઠ વગેરે પાપ મનમાન્યા સેવ્યે જવાથી એનો છેડો પમાય નહિ. વૈર-વિરોધ, સામાને ગામ, પ્રહાર, નુકસાન વગેરે કરી લીધાથી એ શાંત પડે નહિ. આ તો બધાં સંસારનાં રૂપક. એ જેમ સેવી સેવી પતાવવા ધારો તેમ તેમ લાંબાં લચક થયે જ જાય.

**એ તો સામા પૂરે જવાય તો જ એનો અંત આવે.**

વૈરની સામે દાઝ વાળવાનું ને ચળ ઉતારવાનું નહિ, પણ ક્ષમા વરસાવવાનું કરાય તો જ વૈરનો અંત આવે.

વ્રત-નિયમ-બાધાઓ કરાય તો એટલી ભોગવૃત્તિ ઓછી થાય.

મળે છે છતાં જોઈતું નથી, કરાય અને છે એમાંથી દાન કરાય તો પરિગ્રહ સંજ્ઞા કપાય.

તુચ્છ લાભને ગણકાર્યા વિના અહિંસા-સત્ય-પ્રામાણિકતાને વળગી રહેવાય તો જ હિંસાદિ પાપોનો એક દિ' છેડો આવે.

જન્મ-મરણ તો અનંતા કર્યા, પણ એનો અંત લાવવાના લક્ષ વિના કર્યા, એટલે એ શેના અટકે ? એ તો એના અંતનું પાકું જાગતું લક્ષ રાખી ધર્મી જીવન, અણગાર જીવન, જિવાય તો જન્મ-મરણનો અંત આવે.





**જાગ્યા પછી ઊંઘવાનું કોને ? :-**

એટલે સંસારના હિસાબ ચૂકતે કરવા માટે સંસાર સેવ્યે રાખવાનો નહિ, પણ ધર્મ સેવવાનો. ધર્મના કામમાં ઢીલ કરવાનું કોણ કરાવે છે ? સંસારની મોહ-માયા, 'લાવ આટલું સંસારનું પતાવી લઉં.' એવી ઘેલછા ! ઘેલછા એટલા માટે કહેવાય છે કે એમ સંસારનું પતે નહિ. ખરેખર પતાવવું જ છે તો એક જ ઉપાય છે ધર્મ. તીર્થંકર ભગવાનો ને મોટા રાજા મહારાજાથી માંડીને જંજાળી શેઠ શાહુકારોએ પણ એમ જ ધર્મનું એકાંત શરણ લઈ સંસારનો અંત આણ્યો છે. એ માટે જાગ્યા ત્યાંથી સવાર ગણ્યું છે, ભલે ને અડધી રાતે જાગ્યા, પરંતુ જાગ્યા ખરા ને ? રાત્રિ તો ઊંઘવાની કહેવાય, પણ કોના માટે ? જેને માથે ભાર નથી, ભારે કામ નથી. જેને કામ કરવું છે એને તો રાત્રિ એ દિવસ ! માત્ર જાગવું જોઈએ. જાગ્યા ત્યાંથી જ સવાર ! જાગ્યા પછી ઊંઘવાની વાત નહિ, કામ કરવામાં ઢીલ નહિ, નહિતર ઢીલનો અભ્યાસ દૃઢ થઈ જાય, તે અહીં પછી મોળા પાડવા પહેલાં દુઃખદ ભવોના ભવો કરવા પડે.

સમજો તો મનુષ્યભવ આખો જાગવાનો છે, જાગીને આત્મહિતોનું જ કામ કરવાનો છે. ઊંઘવાના અને ધર્મમાં ઢીલ કરવાના ભવ તો બીજા ઘણા, આ ઉત્તમ ભવ નહિ. તો અહીં ઢીલ કેવી ?

**રાજારાણી દીક્ષા લે છે :-**

રાજારાણી બેઉ ઊઠ્યાં, ચારિત્ર માટે તૈયાર થઈ ગયાં. મુનિના પગમાં પડી પ્રણામ કરી ભલામણ-વિનંતી કરીને મુનિને વિદાય દીધી, બે દિવસમાં કામ પતાવી દીધું છોકરાને ગાદી સોંપી દઈ નીકળી પડ્યા. ધર્મ માટે રાજારાણી નીકળે એટલે ? અનેકને ધર્મમાં આલંબન ! કેટલાય અમલદાર અને બીજાઓ સાથે નીકળી ચાલ્યા. ગુરુ પાસે આવી ભારે ઉછરંગ અને ઊછળતા સંવેગ-વૈરાગ્ય સાથે ચારિત્ર લીધું.

**સુનંદા સાધ્વીની સાધના :-**

હવે સુનંદા સાધ્વીને પોતાના પાપનો અને બીજાને પાપનું નિમિત્ત બનવાનો એટલો બધો પશ્ચાત્તાપ છે કે પાપ ધોઈ નાખવા માટે એમણે ચારિત્રમાં કમર કસી, ઝીણામાં ઝીણા જીવની ચોવીસે ય કલાક રક્ષાની જાગૃતિ, તીવ્ર ત્યાગ અને તપસ્યા, ગુરુણી વગેરેનો ખડે પગે વિનય, સેવા-ભક્તિ, અને શાસ્ત્રસ્વાધ્યાયમાં એટલા બધા લયલીન બની ગયા કે એમ કરતાં કરતાં એમનાં ઘણાં કર્મ નાશ પામી ગયાં. એમને અવધિજ્ઞાન પ્રગટ થયું.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**રૂપસેન હાથીની દશા :-**

એમણે જોયું કે રૂપસેનના જીવ વિંધ્યાચલની અટવીમાં હાથી તરીકે જન્મી ગયો છે અને અવારનવાર પાસેના ગામ આગળ જઈ તોફાન મચાવે છે, કેટલાય ગાફેલ માણસોને મારે છે ! સાધ્વીજીને દયા આવી ગઈ, 'અરે ! આ બિચારા જીવની કઈ દશા ? રૂપસેનના ભવથી કર્મના ટલ્લે ચડેલા કેવા કેવા અવતાર પામી રહ્યો છે ! અને આ હાથીના ભવમાં કેટલો ઉધમાત ! આ પાપમાં દોટ એને બિચારાને ક્યાં લઈ જશે ?'

**એક પાપમાંથી ફણગા કેટલા ? :-**

દયા આવી જાય એવું છે. રૂપસેનના ભવે આંખની મસ્તી કેટલી એણે અહીં લોકોને મારવાની મસ્તી સુધી લાવી મૂક્યો. એક પાપ કરતાં જીવને ક્યાં ખ્યાલ હોય છે કે આમાંથી કેઈ ફણગા ફૂટશે ! દેખીતા એક પાપમાં કેટલાંય પાપોનાં બીજ પડેલાં હોય છે ! તેવા તેવા ભવમાં પાપની અનુકૂળતા મળતાં એ બીજોમાંથી ઝાડ ઊગે છે. રૂપસેનને અહીં હાથીનો ભવ છે, તગડેબાજ શરીર છે, બીજાને કચડવાની અનુકૂળતા છે, તેથી પૂર્વના બીજમાંથી તોફાન પ્રગટ થયું છે. એક પાપમાંથી અનેક પાપોના ફણગા ફૂટતા હોય ત્યાં આ સાવધાની રાખવી ખાસ જરૂરી બને છે કે માનવના અવતારે એવાં પાપને જગા જ ન મળે. આંખનાં તોફાન, કાનનાં તોફાન, જીભનાં તોફાન, હાથનાં તોફાન, મનનાં તોફાન...વગેરે ભૂંડાં છે.

આંખનાં તોફાનમાં શું આવે ? પરસ્ત્રી, પરધન, પર આંખ ત્રાટકવી; આંખ રહી રહીને ત્યાંની ત્યાં જ જાય; પરસ્ત્રીનાં અંગોપાંગ નિરખ્યા કરે, પરધન-પરમાલ ક્યાં પડ્યો છે અને કેવી રીતે ધાપ મારી શકાય તે જોયા કરે, અથવા જોઈ જોઈને બળે, શૃંગારી વાંચન-દર્શનમાં મસ્ત થાય,...

કાનનાં તોફાનમાં કાન બીજાની નિન્દા સાંભળવા સળવળાટ કરતા હોય, કૂદતા હોય, અર્થ-કામનાં વચન પર ખડા થઈ જતા હોય, બીજાની ખાનગી વાતો તરફ ખેંચાતા હોય,

જીભનાં તોફાન તો જાણો જ છો ને ? રસની ઉજાણી, 'આ ખાઉં, તે ખાઉં,' એવી દોડાદોડ, પેટભરીને નિંદા, ચાડી-ચુગલી, આળ-આક્ષેપ કરવા,-આ બધાં જીભનાં તોફાન છે. હાસ્ય, મશ્કરી, કટાક્ષ, બધું એ જ.

ત્યારે મનનાં તોફાનોનું તો પૂછવા જેવું જ શું છે ? આચડકુચડ, અંટસંટ, કેટલું ય ધડાકાબંધ વિચાર્યે જાય છે. એમાં જે ચીજ દાઢમાં ભરાઈ એના પર તો વિચારોનો રાફડો ફાટે છે ! અને આ વિચારો કાંઈ એકલા કોરે કોરા થોડા જ ચાલે



છે ? એ તો રાગ-દ્વેષ ઈર્ષ્યા આસક્તિ, મમતા, માયા વગેરેથી ખરડાયેલા-લપેટાયેલા હોય છે. કોઈએ જરા બગાડ્યું હશે તો મનમાં દ્વેષની આગ સાથે વિચારો ચાલશે. પત્ની બહુ પ્રેમ, સેવા કરતી હશે તો રાગાંધતા, મોહમૂઢતાભર્યા વિચારો ચાલશે. આવાં મનનાં તોફાનની કોઈ હદ નથી ! તંદુલિયો મનના તોફાને જ નરકમાં ચાલ્યો જાય છે.

સાર આ છે કે ઇન્દ્રિયો અને મનમાં તોફાન પર અંકુશ મૂકો, સંયમ કેળવો. સંયમથી ઘણું બચાય. હાથી મન અને કાયાનાં તોફાને ચઢ્યો છે.

**સાધ્વી વિંધ્યાટવી તરફ :-**

અવધિજ્ઞાની સાધ્વી શ્રી સુનંદાશ્રીજી ગુરુણીને રૂપસેનની બધી હકીકત કહી એને પ્રતિબોધ કરવા જવાની રજા માગે છે. ગુરુણી આજ્ઞા આપે છે. એટલે પરિવાર સાથે અટવીના જે ભાગમાં હાથી છે તેની પાસેના ગામમાં આવે છે. પછી ત્યાં અવધિજ્ઞાનથી હાથીને ગામ તરફ આવવાનો અવસર દેખી પોતે અટવી તરફ જવા નીકળ્યાં. ગામની બહાર અટવી તરફ ચાલ્યાં એટલે લોકો કેટલાક જે ઝાડ પર ચઢી ગયા છે એ રાડારાડ કરે છે, 'હાથી આવે છે હાથી આવે છે, ન જાઓ ન જાઓ.'

છતાં સાધ્વીજી તો આગળ આગળ જઈ રહ્યાં છે. તે જોઈ કોઈ તો દયા ખાય છે 'અરે ! બિચારી મરી જશે !' બીજા વળી કહે છે. 'ગાંડી છે ગાંડી, કોઈ મરવા જઈ રહી લાગે છે' ત્યારે કેટલાક વળી બોલે છે 'અરે ! ગાંડી શાની ? અભિમાની છે અભિમાની, હાથી સામે બાથ ભીડવા જતી લાગે છે !'

**અજ્ઞાનનો અને જ્ઞાનીના રાહ જુદા :-**

લોક છે, તરેહ તરેહની કલ્પના કરે છે. અજ્ઞાનીનાને જ્ઞાનીના રાહની શી ગમ પડે ? જ્ઞાનીની વિવેકદૃષ્ટિને એ ક્યાંથી સમજી શકે ? અનંતાકાળથી આ ચાલ્યું આવે છે કે જ્ઞાનીના રાહ અજ્ઞાન માણસોથી નિરાળા.

**અભણ પણ ભરવાડ** એટલા અંશમાં જ્ઞાની છે કે જે સમજે છે કે માંદું પડેલું બકરું દયાપાત્ર છે, તેથી એને ઊંચકીને ચાલે છે. ત્યારે અજ્ઞાન વ્રુ-દીપડો બકરાને તાણી જઈ એને ફાફેડી નાખે છે, જીવતું ચાવી ખાય છે !

**અજ્ઞાન દેખાતું કૂતરું** પણ વિશ્વાસ નિમકહલાલી બજાવવા જેટલી સમજવાળું જ્ઞાની છે, તો અન્નદાતાના ઘરમાં ચોરી કરવા આવેલા માણસને ભસે છે, એની લાકડી ખાઈને પણ ભસભસાટ છોડતું નથી, ભગાડવા મથે છે. ત્યારે બુદ્ધિમાન ગણાતો માણસ અજ્ઞાન બની દ્રોહ કરી ચોરી કરવા દોડે છે. કેવો ફરક ! અજ્ઞાની માણસ અને જ્ઞાની પશુના પણ રાહ જુદા રહેવાના.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**ઘરનો ઠરેલ જ્ઞાની :-**

એવો નાનડિયો પણ માણસ ખમી ખાવાનું, સહી લેવાનું, સેવા કરવાનું કરે છે, ત્યારે અજ્ઞાન મોટો વડેરો પણ હોય તો ય ધમધમાટ, રોફ અને રોષ કરે છે.

આ ઉપરથી સૂચિત થાય છે કે આપણે જ્ઞાની તરીકે જીવવું-રહેવું હોય તો, અજ્ઞાન જગત ભલે અવિવેક, નિર્દયતા, અને દોષ દુર્ગુણભર્યાં જીવન જીવે, તેવા રાહે ચાલે, કિન્તુ આપણો જીવન રાહ એનાથી જુદો વિવેકભર્યો, દયાભર્યો અને ગુણ-સુકૃત ભર્યો રાખવો જોઈએ.

**એવો જગતથી જુદો રાહ રાખવાનું કોઈ કારણ ? :-**

હા, કારણ છે.

(૧) રાજહંસ મોતીનો જ ચારો ચરે એમાં એની શોભા છે, વિશેષતા છે, તેમ માણસ પણ વિવેકી દયાળુ અને ગુણિયલ હોય તો જ એની શોભા ગણાય, માનવ તરીકેની વિશેષતા ગણાય.

(૨) બીજું, ચિત્તની સ્વસ્થતા પણ આમાં રહે છે. વળી,

(૩) અનંતા યુગના ભવ-બાળકાળ પછી હવે ધર્મ યૌવનકાળ મળ્યો છે, ત્યાં હવે એ અવિવેક, નિર્દયતા, અને દોષ દુષ્કૃત્યોની બાળ-ચેષ્ટાઓ ન શોભે, એ તો યૌવનકાળની બરબાદી કરે છે. ફરીથી ધર્મ-યૌવનકાળ પાળવો મુશ્કેલ થઈ જાય ! ત્યારે,

(૪) મોટી વાત તો એ છે કે આપણી જાત તરફ બીજા કેવા વર્તવાની અપેક્ષા રાખીએ છીએ ? શું આપણી સામે અવિવેકથી વર્તે, નિર્દયતા કરે, આપણી સામે જૂઠ લડાવે, અનીતિ આચરે, વગેરે ઇચ્છીએ છીએ ? ના, તો પછી બીજાઓ પણ આપણા તરફ કેવી અપેક્ષા રાખે ? બીજા તરફથી જે આપણે સારું ચાહીએ, એનાથી જો ઊલટું વર્તવાનું આપણે કરીએ, તો પછી બીજા પાસેથી સારું ચાહવાના આપણે અધિકારી છીએ ?

સારાંશ એ છે કે અજ્ઞાન, મૂઢ ન બન્યા રહેતાં જ્ઞાની બની વિવેક, દયા અને સદ્ગુણ-સત્કૃત્યભર્યું જીવન જ જીવવું જોઈએ.

**હાથી દોડતો આવે છે :-**

લોક ગમે તેમ બોલતું રહ્યું પણ સાધ્વીજી તો નીચે જોતાં જોતાં ધીરે ધીરે જંગલ તરફ ચાલ્યાં જાય છે. ત્યાં દૂરથી હાથીએ એમને જોયા. જોયા એટલે પહેલો તો સારો શિકાર મળ્યો માની કૂદ્યો ! દોડતો આવી રહ્યો છે ! ઝાડ પર બેઠેલા લોકો કરુણ ચીસ પાડી ઊઠે છે, એમને લાગે છે કે આ સાધ્વીને હવે હાથી કચડી જ ઘાલશે, અગર આકાશમાં ઊંચે ઉછાળશે ! દેખાવ એવો જ હતો.



**જીવન પરિવર્તન થઈ શકે ? :-**

આમ છતાં સાધ્વીજી ખૂબ સ્વસ્થ છે. હાથીને આવવા દે છે. એકમાત્ર ભાવના છે એના ઉદ્ધારની. જૈનશાસનની બલિહારી છે. એક વખતની સુનંદાનું જીવન ક્યાં ? અને વર્તમાન જીવન ક્યાં ? ભવ એ જ છે, એક જ ભવમાં આટલું બધું પરિવર્તન થઈ શકે ? દાખલો હવે સામે જ છે, એટલે ના કહેવાય એમ નથી. પરંતુ વિચાર એ કરવાનો છે કે જે જિનશાસન પામવાથી આટલું બધું પરિવર્તન થાય તો એ જ જિનશાસન આપણને પ્રાપ્ત થયું છે ને ? એનું સામર્થ્ય આજે પણ કાયમ જ માનો ને ? તો પછી,

**શાસનથી પરિવર્તનો :-**

એનો ઉપયોગ કરી હૃદય-પરિવર્તન, માન્યતા-પરિવર્તન, એમ ઉદ્દેશ-પરિવર્તન, પ્રવૃત્તિ-પરિવર્તન, આત્મ-પરિવર્તન, અને જીવન-પરિવર્તન, કેમ નથી કરાતું ? દૃષ્ટિ સામે આ જ દાખલો જુઓ, સુનંદા પહેલાં કેવી ? પછી કેવી ? પહેલાં,

**હૃદય** ઇન્દ્રિયોના વિષય સુખોનું પક્ષપાતી અને લુબ્ધ.

**માન્યતા** એ સુખ, શિકાર વગેરેના વાજબીપણાની;

**પ્રવૃત્તિ** દૈહિક સુખ વિલાસ-હિંસાદિની,

**આત્મા** શરીરને જ જાત લેખવાના ભ્રમવાળો; અને

**જીવન** તુચ્છ કીડા-પશુ-પંખીની માફક આ લોકની જ ચિંતાવાળું !

આ પહેલાં સ્થિતિ હતી; અત્યારે સાધ્વીપણામાં ? એ બધામાં ગજબ પરિવર્તન ન લાવી મૂક્યાં ?

**જીવન** પરલોકની ચિંતાનું બનાવી દીધું.

**આત્મા** શરીરમાં કેદ પુરાયેલ પણ ગુપ્ત અનંત-જ્ઞાનાદિ સમૃદ્ધિસંપન્ન, એવા જાગ્રત લક્ષવાળો બનાવી દીધો.

**હૃદય** એ કેદમાંથી મુક્તિને અને જ્ઞાનાદિની પૂર્ણતાને ઝંખતું કરી દીધું.

**માન્યતા** વિષયસુખોમાં વિષપણાની અને સુખ-શીલતામાં સત્ત્વહીનતાની કરી દીધી;

**પ્રવૃત્તિ** મહાસંયમ-મહાતપની બનાવી દીધી.

આવા મહાન પરિવર્તનમાં મુખ્ય ફાળો જિનશાસનનો છે. સદ્ગુરુના મહાન અનુગ્રહથી એ મળ્યું, અને એને હૃદય, સ્વભાવ, આત્મા તથા જીવન સાથે ભેળવ્યું. એમાંથી તદ્દન સામી બાજુ ઊભી થવા રૂપે પરિવર્તન થયું. આપણી પાસે પણ આ જ જૈનશાસન છે. પછી એને સફળ કરવામાં, એનાથી પરિવર્તન સાધવામાં કમીના



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કેમ રાખીએ ? રજમાંથી રતન બનાવવાનું સાધન મળ્યા પછી પ્રમાદ કોણ કરે ? માનવપણાની શક્તિઓ એ પુણ્યાઈ ભલે ઊંચી, પરંતુ જડ પુદ્ગલની વેઠમાં વપરાઈ વપરાઈને રજ તુલ્ય બની રહી છે ! એને ઉત્તમ કાર્યમાં લગાવી રતન જેવી કરવાની છે.

**હાથીનો ગુસ્સો ક્યાં સુધી ? :-**

સાધ્વીજી સ્વસ્થ છે, હાથી દોડતો તોફાન કરવા આવી રહ્યો છે, જાણે હમણાં સામાને કચરી નાખું. પરંતુ આ ગુસ્સો ક્યાં સુધી ? મોઢું જોયું નથી ત્યાં સુધી. જ્યાં નજીક આવતાં સુનંદાસાધ્વીજીનું મુખ દેખ્યું કે તરત જ રાગ ઊછળ્યો. ગુસ્સો પલાયન ! સાધ્વીજીના સામે ઊભો રહી ખુશ ખુશ થાય છે **'અહાહા મોઢું કેટલું બધું સુંદર !'** પગ થનથન નાચે છે.

રાગનાં મૂળ કેટલાં બધાં ઊંડાણમાં ઊતરી ગયાં છે ! નહિતર હાથી એક તિર્યંચ પશુ, એ આકર્ષાય તો હાથણી તરફ આકર્ષાય, પરંતુ એને માનવી સ્ત્રી તરફ આકર્ષણનું શું ?

**રાગ બે જાતના; સારો અને ખરાબ, પ્રશસ્ત અને અપ્રશસ્ત.**

એમાં વિષય શુભ હોય તો એના પર રાગ શુભ ગણાય, અને વિષય અશુભ હોય તો રાગ અશુભ ગણાય. દેવ-ગુરુ ઉપર રાગ, ધર્મ, સંયમ ઉપર રાગ એ શુભ-રાગ, પ્રશસ્ત રાગ છે. મોહમાયા, ને સગાં-સ્નેહી પર રાગ અપ્રશસ્ત છે.

**'શુભ વિષયથી રાગ શુભ' નું રહસ્ય :-**

શુભ વિષયના લીધે થતા રાગની પાછળ ધર્મભાવનાની વૃદ્ધિ થાય છે, તેથી તે શુભ છે. એટલા જ માટે ધ્યાન રાખવાનું કે ઉદ્દેશ પણ શુભ જોઈએ. ઉદ્દેશ ખરાબ હોય તો અધર્મ ભાવનાની વૃદ્ધિ થવાથી સારા વિષયનો રાગ પણ અશુભ બની જાય. દા.ત. અરિહંત પ્રભુ પર રાગ તો કર્યો પરંતુ માત્ર પૈસા લેવા કર્યો.- 'મારા ભગવાન સારા છે. એમને ભજવાથી બહુ ધન મળે છે' તો આ રાગ અપ્રશસ્ત થવાનો. ખરી રીતે આમાં રાગ ધન ઉપર છે. પ્રભુ તો માત્ર ધનપ્રાપ્તિનું એક સાધન લાગે છે, માટે એમના પર રાગ થાય છે. એટલે અહીં રાગનો ખરો વિષય તો ધન છે, એ અશુભ વિષય છે માટે અહીં રાગ અશુભ, ભલે પછી દેખાવમાં એ રાગ ભગવાન પર હોવાનું દેખાતું હોય.

**ધર્મ કરતાં સાવધાની :-**

આ બહુ સાવધાન કરે એવી વસ્તુ છે. તપ મોટો કરતા હોઈએ, ભગવાનની પૂજા ઉત્સવમાં મોટો ખર્ચ કરતા હોઈએ, પરંતુ એ જોવાનું છે કે ખરો રાગ આ તપ-પૂજાના ધર્મ ઉપર છે ? કે કોઈ ધનમાલ ઉપર યા માન પ્રતિષ્ઠા ઉપર છે ? જે ધર્મસાધના



કરીએ છીએ એનાથી અસલમાં અહીં કોઈ સગવડ, સારાપણાની ખ્યાતિ વગેરેની અપેક્ષા છે ? 'આપણો ધર્મ બીજાએ જાણવો જોઈએ, આપણું ગૌરવ થવું જોઈએ.' આવું કોઈ મનમાં રહે છે ખરું ? જો મનને આવું થતું હોય, ઐહિક અપેક્ષા હોય અને એ માટે ફાંફાં મારતા હોઈએ, પ્રયત્નમાં રહેતા હોઈએ તો સૂચિત થાય છે કે એનો રાગ ઝળહળે છે. સંભવ છે એવું માનપાન, ગૌરવ વગેરે ન મળવાથી ચિત્ત નિરાશ થાય. એવું હોય, તો ત્યાં રાગનું જોર વધુ હોવાનું સમજવું પડે. એ રાગના જોરમાં ધર્મનો રાગ ઝાંખો પડી જવાનો. એટલે દેખીતો ધર્મરાગ પ્રશસ્ત નહિ રહે. માટે કહો ઉદ્દેશ મલિન રહે ત્યાં વિષય શુભ હોય તો પણ એના પર માનાકાંક્ષાદિરૂપી અશુભ વિષય મુખ્ય રહેતો હોવાથી રાગ અપ્રશસ્ત ઠરશે.

**પ્રશસ્ત રાગનું સામર્થ્ય :-**

સારાંશ પ્રશસ્ત રાગ કરવો હોય તો એનો વિષય પણ શુભ જોઈએ અને ઉદ્દેશ પણ શુભ-પવિત્ર હોવો જોઈએ. આ રાગનું મહત્ત્વ કમ નથી. કેમ કે એ અપ્રશસ્ત રાગને મોળો પાડી દેવાની જબ્બર તાકાત ધરાવે છે. તેમ જો પરમાત્મા પર અથાગ રાગ ધરતા હશો, એમની વીતરાગ મુદ્રા બહુ જ ગમતી હશે, તો ચામડાના રૂપના મોહ-રાગ ઓછા થઈ જશે, હજી કહો કે વીતરાગ મુદ્રા પર એવો ઊછળતો રાગ નથી એટલે જ રાગાંધ મોહાંધોની રાગભરી, આંખની કટાક્ષવાળી, મોંના મલકાટવાળી મુદ્રા પર હૈયું રાગે ઊછળે છે. દાન પર ઊભરાતો રાગ નથી, એટલે જ પરિગ્રહસંગ્રહ પર ભર્યો રાગ રહે છે. સંઘ-સાધર્મિકપરના ઊલસતા રાગે હૈયું ઓવારી જતું નથી એટલે સ્વાર્થી અને મોહના વિષકટોરા પાનાર સગા-સ્નેહીઓ પર રાગ અખંડ વહ્યો રહે છે. જિનવાણી, ધર્મશાસ્ત્રનાં વચનો પર રાગનાં પૂર નથી ઊભરાતાં એટલે નિંદા-વિકથા-મોહ-વચનો ઉપરના રાગ ક્યાંથી મોળા પડે ?

વાત આ છે કે અશુભ રાગને મોળા પાડી દેવા શુભ વિષયના રાગ ખૂબ ઊભા કરો, ખૂબ કેળવો, ખૂબ વધારો. નહિતર મહલાવેલા એ એકલા અશુભ રાગ સાનુબંધ બની જશે. નક્કર બિનશક્તિવાળા અને એથી જ ભાવી ભવોમાં એની લાંબી આવૃત્તિ-પુનરાવૃત્તિ કરનારા નીવડશે. આ વસ્તુ રૂપસેનના પ્રસંગોમાં બરાબર સમજવા મળે છે.

**અશુભ રાગ ઘટાડવા બે ઉપાય :-**

**પ્ર.**- પ્રશસ્ત રાગ તો કરીએ છીએ, છતાં સાથે અશુભ રાગ કેમ ચાલુ રહે છે ?

**ઉ.**- અહીં બે વાત વિચારવાની છે, (૧) એક તો પ્રશસ્ત રાગ કેવોક કરાય છે એ તપાસવું પડે. અશુભ રાગ જે જોસ, જે હોંશ અને જે આત્મભોગ સહિત કરાય છે તેવા જોસ, હોંશ, ભોગવાળો શુભ રાગ ખરો ? જો એમાં ખામી હોય



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

તો એ દૂર કરો. અને એ હિસાબ રાખો કે શુભરાગમાં જોસ, હોંશ ખરેખર વધ્યા હોય તો અશુભ રાગના જોસ વગેરે ઘટવા જ જોઈએ.

(૨) બીજી વાત એ છે કે અશુભ રાગ મોળા પાડવા માટે બીજું અતિ જરૂરી તત્ત્વ સંયમનું છે. ભલે હૃદયમાં રાગનો ઉછાળો આવતો હોય પરંતુ બહારથી ઇન્દ્રિયોના સંબંધ અને અંદરખાને મનથી વિચારણા એ રાગપાત્ર સાથે ન જોડવા અંકુશ-સંયમ મૂકો. સંયમની વાત પહેલાં કરી છે, એ ઉત્તમ ઉપાય અને માનવ જીવનનું મહાન કર્તવ્ય છે. અસંયમમાં તણાયા ઇન્દ્રિયો અને મનને ખોટા રસ્તે જવા દઈએ છીએ તેથી રાગનાં પોષણ થાય છે, રાગ વધુ પગભર બને છે. શું જોતા નથી કે આવા માણસો રસ્તા પર ફરે છે કે જે આંખના અસંયમને લીધે અર્થાત્ પરસ્ત્રીઓ પર નજરો નાખ્યા કરવાને લીધે કેવા કામરાગાદિમાં સળગી રહ્યા હોય છે ? એવા લોક ઘેર બેઠા રહ્યા હોત તો રાગનાં એટલાં જોર ન વધત. રૂપસેન એમાં જ ફસ્યો હતો. બહુ દહાડા સુનંદાનું મોઢું જોયા કર્યું. આ અસંયમે એના આત્મામાં રાગનાં ઊંડાં બી નાખ્યાં, જે રાગ પછી એને ભવોભવ મારનારો બને છે !

રાગનાં કારમાં ઝેરથી બચવા બે કામ કરો. (૧) અસંયમ ટાળી સંયમ કેળવતા ચાલો, અને (૨) પ્રશસ્ત રાગ અને એની પ્રવૃત્તિ ખૂબ આદરો.

હાથી ઉન્માદે ચઢ્યો, સુનંદા સાધ્વીજીનું મોઢું જોઈ રાગના ગાંડપણમાં ફસાયો. 'અહાહા ! કેવું સરસ મોઢું !' ભાન નથી કે આ મોઢું સરસ કરવામાં તો ક્રૂર રીતે મરાયો છે. તિર્યંચના અવતારોમાં આગળ આગળ જઈ રહ્યો છે, અને એટલું વેઠવા છતાં એ મોઢું કોઈ રક્ષણ કોઈ ત્રાણ-શરણ આપતું નથી. તો પછી એ ગાંડપણ શું ?' આ કોઈ વિચાર નથી. તલ્લીન થઈ ઊભો છે.

**સાધ્વીજીનો હાથીને ઉપદેશ :-**

બસ, આ વખતે સાધ્વીજી મહારાજે બરાબર અવસર જોયો, એ કહે છે,

**'બુજ્ઝ બુજ્ઝ રૂપસેન !** બુજ્ઝ બુજ્ઝ રૂપસેન ! શા સારુ મારા રૂપમાં આટલો ઘેલો થાય છે ? યાદ કર, તું કેવો ઉત્તમ રૂપસેનના અવતારેથી ભ્રષ્ટ થઈ મારા રૂપની પાછળ મારા ગર્ભમાં આવ્યો, દારુણ વિટંબણામાં મર્યો. સાપ, કાગડો, હંસ અને હરણ થઈ મર્યો ! મરીને અહીં હાથી થઈ હજી હે રૂપસેન ! એ જ ઘેલછામાં તણાયો જાય છે ! પાછો ફર, પાછો ફર રૂપસેન ! હવે આ રૂપની ઘેલછાથી પાછો વળ.'

**હાથીનો પશ્ચાત્તાપ :-**

સાધ્વીજીના શબ્દો અને રૂપસેન તરીકેના વારંવારના સંબોધને હાથીને વિચાર



કરતો કરી મૂક્યો. બધું જાણે પરિચિત લાગ્યું. ઊહાપોહ કરતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું, રૂપસેનથી માંડીને આજસુધીના ભવ હૂબહૂ યાદ આવી ગયા ! યાદ આવતાં જ કમકમી છૂટી ! દિલ પીગળી ગયું, આંખમાંથી દડદડ પાણી વહે છે. મનને થયું કે 'અરે ! આ તે કેવી કેવી મારી દુર્દશા ! કઈ વિટંબણા !' ધ્રુજી ઊઠ્યો; એકમાત્ર સુંદર મુખની ઘેલછામાં દોડયે રાખ્યું એનો એને ભારે પસ્તાવો થવા લાગ્યો. ક્યાં એ રૂપસેનના ભવમાં જ પાપોથી પાછા વળી જવાની, સંયમ કેળવી રાગદ્વેષાદિ વિકારોને શાંત કરવાની અનુપમ તક ! અને એના બદલે એથી ઊલટા જ રસ્તે ચાલી દુર્ગતિના ઘોર કૂવામાં પટકાઈ પડવાની મહામૂર્ખાઈ ! પછી તો જ્યાં માનવભવે ય ધર્મસામગ્રી મળવાની કેટલાય લાખો કરોડો માનવોને મુશ્કેલી હોય છે ત્યાં પશુભવે તો એ મળવાની આશા જ શી ? હાથીના દિલમાં ત્યારે આ બોધ પમાડનાર સાધ્વીનો સંયોગ મળી જવાનો અપૂર્વ આહ્લાદ પ્રગટી ઊઠે છે. નવું નૂર, નવું તેજ ચમકી ઊઠ્યું.

તીવ્ર પશ્ચાત્તાપ અને અપૂર્વ આનંદ સાથે હાથી સાધ્વીજીના પગ આગળ નમી પડ્યો. વારંવાર માથુ નમાવી નમસ્કાર કરે છે. આગલા બે પગ જોડી વિનંતી કરે છે. 'બચાવો બચાવો, ભૂલ્યો, રાંક છું. પાપી છું, શરણે આવ્યો છું, રક્ષણ કરો.'

**હાથીને વ્રત અને તપસ્યા :-**

સાધ્વીજી અવધિજ્ઞાની છે, એના દિલની પરિવર્તનની અને એની ઝંખનાની સ્થિતિ જુએ છે અને એને ત્યાં સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં વ્રત આપે છે, એની ભાવનાનુસાર છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાનો અભિગ્રહ આપે છે !

**માનવ પશુ : પશુ માનવ**

જાગૃતિ આવ્યા પછી માનવ અને પશુના જન્મ વચ્ચે સાધનાની તમન્નાના શા અંતર છે ? અસંયમ અને રાગાદિ વિકારો પ્રત્યે માનવભવ છતાં અંદરથી કકળાટ નથી ઊઠતો, તો પશુથી ય હલકટ સ્થિતિ છે; અને ભવ પશુનો છતાં જો જાગૃતિ આવીને એ વિકારો પ્રત્યે કકળાટ ઊઠે છે તેમ એને હટાવવા તમન્ના જાગે છે. તો ઊંઘતા મનુષ્ય કરતાં ય ચઢિયાતી સ્થિતિ જોઈએ તો માનવને તો વધારે સારી સામગ્રી મળી છે. એકબાજુ વિશિષ્ટ બુદ્ધિ અને વિચારણા શક્તિનો યોગ છે અને બીજી બાજુ ઉપદેશક ગુરુઓ અને શાસ્ત્રોનો બહુ સુંદર સંયોગ છે. એટલે સમજવું હોય તો પશુ કરતાં ઘણી સરળતા છે. પરંતુ મૂળ વસ્તુ, જાગૃતિ આવે તો એ બને ને ?

**જાગૃતિ :-**

જાગૃતિ આવે એટલે પોતે ક્યાં જઈ રહ્યો છે એની અજ્ઞાનદશારૂપી નિદ્રામાંથી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ઝબકી ઊઠે, ચમકે અને વિચારે છે કે 'આ હું ક્યાં ખાડામાં ચાલ્યો ? શાના પર ખોટા અહંત્વ ? નાશવંત વસ્તુ પર શા મૂર્ખાઈભર્યા મમત્વ ? પવિત્ર માનવદેહે દોષ, દુર્ગુણો અને દુષ્કૃત્યો ભરી કેવી ઘેલી અને ગોઝારી રમત ? સદાની ભુખાળવી અને મારા આત્માની દુશ્મન તે એવી ઇન્દ્રિયોને તોષવાની કેવી અક્કલહીન ધોંશ? રાગની ભારે વિટંબણાઓ જગતમાં પણ જોવા મળવા છતાં કેટલી મારી કારમી રાગમૂઢદશા ?'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૮,તા.૧૦-૧૧-૧૯૬૨

**હાથીનું મનોમંથન :-**

આ ચમક, આ વિચારણા, આ આંતર નિરીક્ષણ થાય તો મળેલી બુદ્ધિશક્તિ અને પુણ્યસામગ્રી સહિત ધર્મશાસનને સફળ કરવાનું બને. જાગ્રત થવાની જરૂર છે. હાથી પશુ છે, પણ જાગ્યો, પોતાનું સાચું ભાન આવ્યું તો હવે સાધ્વીજીના યોગને સફળ કરવા કમર કસી. સાધ્વીજીમાં એણે નિઃસ્વાર્થ મહાદયાળુ, દૈવત જોયું. એને થયું કે 'અહો ! જંગલમાં જંગલીવેડામાં રાચતા મને આ કેવો અદ્ભુત યોગ ! સાધ્વીજી કેટલાં બધાં દયાળુ ! મારી પાસેથી એમને શું લેવું હતું ? વળી ભૂલ્યાં તો અમે બંને હતા, પરંતુ એમણે ભૂલ સુધારી પાપ ધોવાનો ઉત્તમ માર્ગ લીધો,તે એમનું પોતાનું કલ્યાણ સાધી જ રહ્યાં છે. મારી પરવા ન કરે, આટલે સુધી મારા માટે ન આવે તો પણ એમને કલ્યાણ સાધનામાં કોઈ કમીના નથી આવવાની. છતાં એ આટલે સુધી પધાર્યા દેખાય છે, તે એકમાત્ર મારા ઉદ્ધાર અર્થે ! કેવા અકારણવત્સલ ! કેવા નિઃસ્વાર્થ પરોપકારી !'

બસ, ત્યારે આવા દયાળુ જ્ઞાની મળ્યા પછી અને મારી ભવોની દુર્દશા જોયા બાદ હવે હું શા માટે પાપ ધોવા બાકી રાખું ?

હાથી બોધ પામ્યો અને વ્રત નિયમ સ્વીકાર્યાં અને છઠને પારણે છઠ કરવાનો અભિગ્રહ કર્યો. જાગૃતિ, વિવેક અને સ્વોદ્ધારની તમન્ના આવ્યા પછી આ કરવાનું કાંઈ જ કઠિન નથી. માટે,

ધર્મની વિશિષ્ટ સાધના લાવવી હોય તો સાચી જાગૃતિ લાવો, હિતાહિતનો વિવેક સ્ફુરાવો, અને સ્વોદ્ધારની તમન્ના જગાડો.

**મન, આશય અને લગનીના ફરક :-**

જુઓ અહીં એક વસ્તુ ખાસ જોવા જેવી છે. હાથી ભવે ભવે અને અહીં પણ એ જ સુનંદાના મુખ સામે જોઈને હરખાતો હતો અને હવે જાતિસ્મરણ જ્ઞાન



થયા પછી જાગૃતિ થવા પર એ જ સુનંદાનું મુખ જોઈને હરખે છે. પરંતુ હરખ-હરખમાં કેટલો ફેર છે ? દર્શનની ચીજ એની એ છે, દર્શનક્રિયા એકસરખી છે, પરંતુ આશય, મન અને લગની બદલાયા પછી ફરક કેટલો મોટો પડી જાય છે ! રૂપસેનને પહેલાં **લગની** ઇન્દ્રિયતૃપ્તિ કરવાની હતી, **મન** આત્માને ભૂલી બહારમાં ભટકતું હતું, **આશય** અપવિત્ર રૂપચોરીનો હતો, તો મુખ જોઈ જોઈ રાગમાં કૂદતો હતો; હવે લગની આત્મહિતની લાગી, મન આત્મા તરફ વળ્યું, આશય પાપથી પાછા ફરવાનો બન્યો, એટલે એનું એ જ મુખ જોઈ ધર્મને શરણભાવ, મહાત્યાગી સાધ્વીજીના સંયમ અને પરોપકારની ભારે અનુમોદના, તથા એમના પ્રત્યે કૃતજ્ઞભાવ,-ઇત્યાદિ શુભ ભાવોમાં નાચી રહ્યો છે.

આ મહાન ફરક સૂચવે છે કે મન, આશય અને લગની બદલાય તો ક્રિયા બહારથી સમાન દેખાતી છતાં એ જુદી જ કોટિના ફળને આપશે. એક રસલોલુપી અને બીજો જ્વલંત વૈરાગ્યધારી, એ બેની પકવાન્નની ભોજન-ક્રિયા આમ તો સમાન દેખાય છે ને ? પરંતુ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે **રસલોલુપીને જીભમાંથી પાણી છૂટે છે, ત્યારે વિરાગીને** 'આ રસભોગથી કેટલા બધા કર્મના ભાર વધશે !' એ વિચારે આંખમાંથી પાણી છૂટે છે. ફરક શાથી પડ્યો ? કહો, મન, આશય, લગની તદ્દન જુદા છે. ત્યાં ક્રિયા સાંસારિક છતાં પવિત્ર મન, પવિત્ર આશય, પવિત્ર લગની એ ક્રિયાનું ઝેર કાઢી નાખે છે એટલે પછી ચીકણા કર્મબંધ જ થતા નથી, સંસારમાં ફસાઈ રહેવું પડ્યું હોય ત્યાં સુધી પણ આત્મરક્ષાનો આ મહાન ઉપાય છે,-મન, આશય અને લગની પવિત્ર રાખો.

**પવિત્ર મન એટલે મન આત્મહિતની ચિંતાવાળું બને.**

**આશય પવિત્ર એટલે** જડ કાયા-ઇન્દ્રિયોને મહત્ત્વ આપવાને બદલે આત્માને મહત્ત્વ આપવાનો રહે; અને **લગની પવિત્ર એટલે** આત્મહિત સાધી લેવાની ને અહિતના માર્ગ બંધ કરી દેવાની લાગે.

**સ્ત્રીદર્શને વિચાર :-**

આશયનો પલટો તો આખી અસરો જ જુદી પાડે છે. દાખલા તરીકે રસ્તે ચાલ્યા જતાં, કોઈ ઇરાદો નહિ છતાં, અચાનક પરસ્ત્રી જોવામાં આવી ગઈ, હવે ત્યાં દિલનો પવિત્ર આશય ઊભો રાખી નજર તો ખસેડી લીધી પરંતુ જો મનમાં એનો વિચાર આવી જાય છે, તો પવિત્ર આશય એ અસર કરી શકે કે વિચારમાં સ્ત્રીપણું નહિ પણ કોઈ ભવ્ય જીવપણું લાવે, અર્થાત્ મનને થાય કે 'કોક સુશીલ ભવ્યાત્મા છે, છૂપી અનંત શક્તિનો માલિક આત્મા છે. પરંતુ બિચારો કર્મને આધીન છે, કર્મથી એ મુક્ત થાઓ' રૂપ વગેરેનો વિચાર આવવાનો હતો તેના



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

બદલે વિચારનો આખો ઝોક પલટાઈ ભાવકરુણા-મૈત્રીનો વિચાર બની ગયો ! એની અસર સ્વાત્મામાં કામ વિટંબણાને પાપાર્જનને બદલે દયાની, મૈત્રીની અને પુણ્યાર્જનની થઈ.

**ધર્મક્રિયા એજ છતાં ફળની વૃદ્ધિ :-**

વાત આ છે કે હાથી સુનંદાના મુખને હવે જુદી જ દૃષ્ટિથી જુએ છે. એના જોવામાં વિકાર નથી, પણ દીનદુઃખી તરીકે આજીજીનો ભાવ છે.

ક્રિયા એની એ છતાં હૈયાના ભાવના આધારે ફળ નીપજે છે. ધર્મક્રિયા એની એ જ, પરંતુ હૈયું જેટલું સંવેગ-વૈરાગ્યાદિમાં તરબોળ એટલા પ્રમાણમાં ફળ આવવાનું.

**લોક અને રાજા આવી ઊભા :-**

ઝાડ પર બેઠેલા લોકોની કલ્પના હતી કે હાથી હમણાં સાધ્વીજીનો છૂંદો કરી નાખશે, પરંતુ ત્યાં તો એના બદલે આ ચમત્કારિક દૃશ્ય જોયું કે સાધ્વી ખેમકુશળ ઊભા છે. હાથી, નમી પડ્યો છે, અને સાધ્વીજી એને જાણે ઉપદેશ દઈ રહ્યાં છે ! લોકો સમજી ગયા, હાથીનું તોફાન ગયું એવું નિશ્ચિત જાણી લોક ત્યાં ભેગું થઈ ગયું. બીજી બાજુ નગરમાં પણ વાત પહોંચી ગઈ કે કેટલાય વખતથી ઉપદ્રવ કરનારો હાથી અજબ રીતે શાંત થઈ ગયો છે ! એટલે લોકો પણ બહાર આવ્યા. મોટા લશ્કરી સરંજામથી પણ હંફાવવો મુશ્કેલ લાગતો હાથી સહેજમાં શાણો બની ગયો છે એ જાણી ત્યાંનો રાજા પણ નગરની બહાર આવી પહોંચ્યો. હાથીને શાન્તપણે સામે સાધ્વીજીની પ્રશાન્ત દૃષ્ટિમાં ઊભેલો જોયો. રાજાને લાગે છે કે હાથીની શાન્તતા અને સાધ્વીજીની સૌમ્યતા જાણે હરીફાઈ કરી રહી છે. અલબત્ત અવધિજ્ઞાની સાધ્વીજી તો પરમ સૌમ્યતામાં ઝીલી રહ્યાં છે, તો હાથીની શાંતતા સાથે હરીફાઈ શી ? પરંતુ એક વખતનો મહાતોફાની હાથી હવે એવો ગજબનો પાછો વળ્યો છે એટલે અપૂર્વ શાન્તતા-ઉપશમ-રસમાં તરબોળ છે, તેથી હરીફાઈ જેવું ભાસે છે.

રાજા ચકિત થઈ ગયો ! આકર્ષિત થઈ સાધ્વીજીને નમસ્કાર કરી હાથ જોડી પૂછે છે 'ભગવતી ! આ શું ? આવો મદોન્મત્ત હાથી ગરીબ ગાય જેવો શી રીતે બની ગયો ?'

**રાજાને ખુલાસો :-**

સાધ્વીજી કહે છે, 'રાજન્ ! આ હાથી પૂર્વના રૂપસેનના ભવમાં મારા પર મોહિત બન્યો હતો, એથી કેટલાય ભવ ભટકતો અહીં આવ્યો, હાથી થયો, છતાં મારા પરના મોહના સંસ્કાર એણે ભવે ભવે તાજા કરેલા તેથી એ મોહ શેં



હટે ? એટલે આમ તોફાની છતાં મને જોતાં પાછો મોહમૂઢ બન્યો, ગુસ્સો ગયો, મદ ગયો, અને રાગ ઊછળ્યો; તેથી તોફાન ભૂલી મને જોઈ જોઈ નાચવા મંડ્યો. મેં એને એના પૂર્વ ભવો સંભળાવ્યા, કત્લકારી રાગથી પાછો ફરવા કહ્યું, ને ભાગ્યવશાત્ એને જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વ જન્મો યાદ આવ્યા. બસ, પછી તો રાગ અને મોહના જે દારુણ વિપાક એણે પૂર્વ ભવે ભોગવેલા તે જોતાં પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ. રાગ વોસરાવ્યો, અને સમ્યકત્વ સહિત શ્રાવકનાં વ્રતો તથા જીવનભર છઠ્ઠને પારણે છઠ્ઠની તપસ્યાની પ્રતિજ્ઞા કરી. હવે એ તમારો સાધર્મિક છે, તપસ્વી છે. તો પ્રાસુક નિર્જીવ અન્નપાણી, એકાંતવાસ વગેરેથી એની ખૂબ ભક્તિ-માવજત કરજો. એ તમારા આત્માને પણ બહુ ઉપકારક થશે.'

રાજા અને લોક આ બધું સાંભળીને આશ્ચર્ય સાથે ધર્મ પામી ગયા. સંસાર પર ધિક્કાર છૂટ્યો કે જે જીવને કેવા કેવા મોહમાં પાડી કેવાં કેવાં અપકૃત્યો કરાવે છે અને પછી દુઃખના વરસાદ ઝીંકે છે ! કોઈ માણસોએ ત્યાં જૈન ધર્મની શ્રદ્ધા પ્રાપ્ત કરી, યથાશક્તિ વ્રતનિયમ લીધાં.

પછી તો રાજાએ હાથીની સારી શુશ્રૂષા કરી અને હાથી અંતિમ આરાધના કરી દેવલોકમાં દેવપણે જન્મ્યો.

હાથીના ભવમાં તીવ્ર પશ્ચાત્તાપ કરી અંધ રાગમાંથી પાછો ફર્યો અને આત્મચિન્તા તથા આત્મહિતની તમન્ના સાથે ત્યાગ વૈરાગ્ય, તપસ્યા અને તત્ત્વ વિચારણામાં ઉદ્યમી બન્યો તો અંધરાગના અનુબંધ તૂટ્યા, અર્થાત્ એની પરંપરા ચલાવનારું બીજ બળી ગયું. હજી રાગ ઊભો છે પરંતુ તે હવે અંધ નહિ. અંધ અને દેખતા રાગીમાં કેટલો ફરક ? કહો આંધળા અને દેખતા મનુષ્ય જેટલો, એક કૂવામાં કે આગમાં જઈ ઝંપલાવે, બીજો સાવધાનીથી કૂવા કે આગની બાજુમાંથી નીકળી જાય, રૂપસેન પહેલાં અંધ રાગી હતો, અંધપણે દુર્ગતિમાં જઈ પડતો હવે અંધાપો ગયો, એટલે દેવલોકે ચઢી ગયો.

**રાગનો અંધાપો એટલે :-**

રૂપસેનના જીવનમાંથી આપણા જીવનમાં આ ઉતારવાનું છે કે પહેલાં તો રાગનો અંધાપો દૂર કરીએ. અંધાપો એટલે રાગ કરવામાં કશું ખોટું, કશું ગેરવાજબી ન લાગતાં આંખ મીંચીને અને મર્યાદા વિના રાગ કરાય તે.

**રાગનો અંધાપો દૂર કરવો એટલે :-**

(૧) રાગ એ આત્માનો ઉત્કૃષ્ટ ભાવશત્રુ લાગે, મહાદુર્ગુણ લાગે, પોતાની જ મહાવિટંબણા લાગે. મનને થાય કે 'અહીં ને તહીં આ રાગ કરવાની શી લપ ! કેવી વિકૃત દશા !'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

(૨) રાગ કરવાના પ્રસંગે સાવધાની હોય કે આ ચોરને આત્મઘરે ઘાલું છું.

(૩) રાગ કરાય તે અમુક હદનો જ, કાપકૂપી અને અંકુશવાળો; દેવગુરુધર્મના જોરદાર રાગને સામે ઊભો રાખીને.

(૪) કરેલા અશુભ રાગના પરિમાર્જનરૂપે દેવ-ગુરુ ધર્મ-ધર્મસ્થાનો વગેરે પર શક્ય ઉત્કટ બહુમાન મમતા-ભક્તિ હૈયે ઊછળતી રખાય અને એને યથાશક્તિ અવશ્ય અમલમાં ઉતારાય.

બસ આ વસ્તુ જીવનમાં ઉતારવા માંડો, પછી અનુભવ થાય તે કહેજો. પણ એટલું ધ્યાનમાં રહે કે પહેલાં કહી ગયા છીએ તેમ રાગને મંદ પાડવા માટે સંયમનો ઉપયોગ બહુ રાખવો જોઈશે.

આત્માના અનંત કાળના ઇતિહાસમાં ઇન્દ્રિયો અને મનનો અસંયમ, નિરંકુશતા ભારોભાર મળશે. જ્યારે જ્યારે જ્યાં જ્યાં મોકો મળ્યો ત્યાં ત્યાં એના છૂટા દોર રાખ્યા છે. શાસ્ત્ર એને જંગલી ઘોડાની ઉપમા આપે છે. જંગલી ઘોડાનો દોર છૂટો મુકાય પછી કૂદવા લાગવામાં શું બાકી રહે ? એ એના સવારની કઈ દશા કરે ? ઇન્દ્રિયો અને મનનો દોર છૂટો મૂક્યા પછી એ સવાર-આત્માને ક્યાં લઈ જઈ પટકે ? આપણા આત્માનો જૂનો ઇતિહાસ નરક-તિર્યંચ ગતિઓમાં પટકાયાનો અને પછી દુર્ગતિઓમાં ભટક્યા કર્યાનો છે. પરંતુ એ સ્થિતિ ન જોઈતી હોય તો સંયમની જરૂર છે. એનાથી રાગનું જોર ઓછું થઈ આત્માનો ઉદય ખીલશે.





# મહાસતી દેવસિકા

**પુષ્પમાલા-ઉપદેશમાળા** નામના શાસ્ત્રમાં મહાસતી દેવસિકાનું નાનું કથાનક આવે છે. એ એક શ્રેષ્ઠી પુત્રની પત્ની છે, અને એનો પતિ એકવાર પરદેશ જવાની તૈયારી કરે છે.

ત્યારે દેવસિકા કહે છે, 'હું તમારી સાથે આવીશ.'

પતિ કહે છે, 'ના અવાય, વેપાર અર્થે અમે જઈએ એમાં તમે સાથે હો તો અમારે પગ બંધણી થાય.'

દેવસિકા કહે છે, 'પણ તમે પુરુષો, તમારો વિશ્વાસ શો કે એકલા ગયા કોઈ સ્ત્રીમાં નહિ ફસો ?'

એ વખતે પતિ ત્યાં અંજલિમાં પાણી લઈ કહે છે 'લે, આ પ્રતિજ્ઞા, બહાર કોઈ સ્ત્રીમાં મોહી ન જાઉં. પણ હવે હું તમને પૂછું કે તમારો સ્ત્રી જાતનો શો ભરોસો કે બીજામાં ન મોહી જાઓ.'

બસ, એ જ વખતે દેવસિકાએ પોતાની ફૂલની માળા આપીને કહ્યું, 'લ્યો આ પહેરી લો. એ હંમેશાં તાજી રહેશે. જે દિ' કરમાઈ દેખાય એ દિ' જાણજો કે મારું શીલ કરમાઈ ગયું. બસ ?'

પતિ ચકિત થઈ જાય છે ! ફૂલની માળા અને બીજે દિ' કરમાય નહિ ? પણ સતીની સાત્ત્વિક વાણી અને સાત્ત્વિક મુદ્રા આગળ પૂછવા હિંમત નથી કરી શક્તો કે 'આ કેમ બને ? માળા તો સાંજે કરમાઈ જાય.' બસ, ગુપચુપ માળા પહેરી લીધી-પરદેશ ઊપડ્યો, સમુદ્રની મુસાફરીમાં રોજ જુએ છે કે માળા તાજીને તાજી જ રહે છે !

આને એક Will Force સંકલ્પ-શક્તિ કહી શકાય. 'કલ્યાણમંદિર સ્તોત્રમાં આવે છે ને કે,'

**'पानीयमप्य मृतमित्यनु चिंत्यमानं**
**किं नाम नो विषविकारमपाकरोति ?'**

**પરમાત્મધ્યાનથી પરમાત્મા કેમ બનાય ? :-**

અર્થાત્, પાણી પણ 'આ અમૃત છે' 'આ અમૃત છે,'... એવું વારંવાર



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ચિંતન થાય, તો શું ઝેરની અસર નાબૂદ નથી કરતું ? તાત્પર્ય, કરે જ છે. આ કથન કહીને કવિ કહે છે, 'હે જિનેન્દ્રદેવ ! આ રીતે બુદ્ધિમાન માણસ જો પોતાના આત્માને તારાથી અભિન્નભાવે ધ્યાવે છે, તો તે તારા જેવા પ્રભાવવાળો બને છે. અભેદભાવે એટલે 'મારો આત્મા જિન પરમાત્મા છે, વીતરાગ છે, અરિહંત છે,' એવું ધ્યાન. આમાં એવું બળ છે કે એ આત્માને પરમાત્મા બનાવી દે. એમાં કઈ અતીન્દ્રિય પ્રક્રિયા કામ કરી રહી હોય છે તે આપણે ચોક્કસ ન કહી શકીએ, પરંતુ અનુમાન થાય કે પોતાના આત્માને વીતરાગરૂપે સચોટ ચિંતવવાથી રાગાદિ દોષો સાથે આત્માના સંબંધ ઢીલા પડી જાય. ધ્યાનના પ્રારંભમાં 'હું વીતરાગ' એવો મક્કમ નિર્ધાર રાગાદિમયતા પ્રત્યે એક જબરદસ્ત નફરત, અરુચિ, તિરસ્કાર ઊભો કરે છે. 'શું હું રાગી ? શું રાગાદિમય મારું જીવન ? મારું સ્વરૂપ ? ના, ના, ના, એ વળી ભાડૂતી, પરરૂપ સાથે મારે શી લેવાદેવા ? જેવા મારા પ્રભુ, તેવો હું. હું પણ અછેદ્ય, અભેદ્ય, નિર્વિકાર, નિષ્કલંક, શુદ્ધબુદ્ધ વીતરાગ.' બસ, આ રીતે રાગાદિ પ્રત્યે નફરત, અને વીતરાગતા પર ભારે ઝોક સાથે શરૂઆત થાય છે. પછી એ ભાવનાનો ફોર્સ-વેગબંધ શક્તિ જેમ જેમ વધતી જાય તેમ તેમ વીતરાગનું સંવેદન વધતું જવાનું, અને રાગાદિ પોતાના હોવાની વાત મગજમાંથી, હૈયામાંથી તદ્દન નીકળી જવાની. એ એટલી સુધી કે આત્માના પરિણામમાંથી રાગાદિના બંધન, રાગાદિની અસર ખત્મ થતી જવાની. જેમ જેમ વીતરાગભાવની તન્મયતા વધશે તેમ તેમ રાગાદિના સંબંધ શિથિલ, તદ્દન શિથિલ બની જશે. એમાં પછી વીતરાગભાવનું ધ્યાન કરવાનું **લક્ષ** પણ મટી જઈ એનો ય રાગ નહિ રહેતાં સ્થિતિ જ તેવી આવીને ઊભી રહેવાની. આ એકાકારતામાં સંપૂર્ણ અનાસક્તભાવ, ક્ષપકશ્રેણિ, અને મોહનો સર્વથા વિધ્વંસ થઈ વીતરાગ દશા પ્રગટ થાય, આત્મા-પરમાત્મા બને એમાં નવાઈ નથી.

**અમૃતભાવનાએ પાણી અમૃત કેમ બને ? :-**

એમ પાણીમાં અમૃતની ભાવના કરતાં એ અમૃતનું કાર્ય કરે ત્યાં વિશુદ્ધ ભાવનાનું બળ, સંભવ છે એવા પ્રકારનો લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ અને બીજું કોઈ પુણ્ય ઊભું કરતું હોય કે જેથી આ પાણી પણ અદ્‌ભુત કાર્યજનક સામગ્રીરૂપ બની જાય.

**સતીની પુષ્પમાળા કેમ રોજ તાજી ? :-**

એમ અહીં પણ સતીત્વનો અને દિલની શીલશ્રદ્ધામય વિશુદ્ધ ભાવનાનો પ્રભાવ સંભવે છે, એવા પ્રકારના લાભાંતરાય-ક્ષયોપશમને અને એવા કોઈ વિશિષ્ટ પુણ્યને ઊભો કરતો હોય, જેથી ફૂલની માળા કરમાતી અટકે. પુણ્ય-પાપ દૂર



રહીને ય કામ કરે છે એ દેખાય છે. પરદેશ ગયેલા માણસનું પાપ ઉદયમાં આવે તો દેશમાં રહેલ ઘર વગેરેને નુકસાન પહોંચે છે. ત્યારે પુણ્ય જાગ્રત હોય ત્યાં સુધી કાંઈ આંચ નથી આવતી. કદાચ બાજુના ઘરમાં આગ લાગી હોય છતાં આના ઘરને કાંઈ ન થાય.

**આડાઅવળા ફાંફાં ન મારો :-**

માટે ફૂલની માળા દિવસો સુધી ન કરમાય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. વિશુદ્ધ ભાવના, વિશુદ્ધ અધ્યવસાયથી થતા ક્ષયોપશમ અને પુણ્યબંધના મહાન પ્રભાવ પડે છે. એટલે જ જીવનમાં આડાઅવળા ફાંફાં મારવાને બદલે વિશુદ્ધ અધ્યવસાયો, વિશુદ્ધ ભાવનાઓ કરવા જેવી છે, વધારવા જેવી છે.

**પરદેશમાં ઘટસ્ફોટ :-**

દેવસિકાનો પતિ પરદેશ ગયો ત્યાં વેપાર કરે છે. એમાં એવું બન્યું કે ત્યાં ચાર નવા મિત્ર થયેલા તે એક દિવસ આને પૂછે છે, 'ભાઈ આ રોજ ને રોજ સવારે તાજી એવા ને એવા જ ફૂલની માળા ક્યાંથી લાવે છે ?'

આણે બિચારે ભોળાભાવે કહી દીધું કે 'આ તો મારી પત્નીએ દીધેલી એની એ જ માળા છે અને એના સતીત્વના પ્રભાવે આ કરમાતી નથી.'

**સ્ત્રી અને પવિત્ર ? :-**

આ કથન સારા ભાવમાં લેવું હોત તો લઈને પેલા સતીત્વની અનુમોદના કરત, અને પુણ્ય બાંધત. પરંતુ એમણે તો દુર્બુદ્ધિવશાત્ ઊંધું પકડ્યું. ખાનગીમાં અરસપરસ વાત કરવા લાગ્યા કે 'જોઈ મોટી સતી ! આ જગતમાં સ્ત્રી જાત અને તે સતી ? અસંભવિત પુરુષને લટ્ટુ કરનારી ને આંખના નખરે નચાવનારી, એ વળી પવિત્ર શાની હોય ? પૈસામાં લલચાનારી સ્ત્રી જાતને સારા પૈસા દેખાડનાર કોઈ નથી મળ્યું ત્યાં સુધી જ કદાચ પવિત્ર રહે તો રહે...'

**બોલ કાઢતાં પહેલાં વિચારો :-**

ત્યારે દેવસિકાના પતિનો ખુલાસો ય વિચારણીય છે. બોલવું તે વિચાર કરીને બોલવા જેવું છે. સામે કોણ છે, કેવા આત્મીય છે, કેવા ગુણગ્રાહી છે, કેટલું પચાવી શકે એવા છે, એ બધો વિચાર કરીને બોલ કાઢવા જેવા છે. હોંશ તો દિલમાં આવી જાય, કે 'સારી વાત છે તો લાવ બીજાને કહી દઉં.' પણ અપાત્ર એનો ગેરઉપયોગ કરે છે. સારા ય બોલનો જો ગેરઉપયોગ થાય તો નરસાનું તો પૂછવાનું શું ? નરસા એટલે ? ગુસ્સાનાં વચન, મદનાં વચન, માયાના બોલ, નિન્દા ચાડીચુગલીના શબ્દ, એ બોલવા માટે આ પવિત્ર ને કિંમતી માનવ વાણી શક્તિ નથી, એ ખૂબ સમજી રાખવા જેવું છે. તેમ સાહસના અને વગર વિચારના



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

બોલ પણ ન બોલાય. નહિતર અહીં દેખાશે કે દેવસિકા અને એના પતિના માથે કેવી આફત ઊતરે છે, એ પરથી આફતને નોતરું મોકલવાનું થાય. સંયોગ ને પરિણામનો વિચાર ખાસ રાખવો જોઈએ.

**જૈનદર્શનનો અનેકાન્તવાદ :-**

જુઓ કેવી હલકી વિચારસરણીમાં ઊતરી જાય છે ! પેલાનું કથન કાંઈ એવું નહોતું. એથી તો અનુમોદના થઈ શકત. છતાં અહીં જૈનશાસનનો અનેકાન્તવાદ આગળ આવે છે. એ કહે છે, વસ્તુ માત્રમાં એક જ જાતનો ધર્મ નથી હોતો, એને જોવાની એક જ દૃષ્ટિ નથી હોતી. જમણવારમાં જમી રહેલાને હવે પકવાન રાગ નથી કરાવતું, ત્યારે એનું એ જ પકવાન નવા જમવા આવેલાને રાગનું નિમિત્ત બને છે. પ્રભુની પ્રતિમાનું આલંબન લઈ શ્રદ્ધાળુ દર્શન-પૂજન-સ્તવનથી પુણ્ય ઉપાર્જે છે, ત્યારે એ જ પ્રતિમાનો આશરો લઈ અશ્રદ્ધાળુ મૂર્તિપૂજાનું ખંડન, મૂર્તિની નિંદા વગેરે આશાતના કરી ઘોર પાપ ઉપાર્જે છે. બાપના શિખામણીના બોલ પર સારો છોકરો ખુશી થાય છે, પણ બીજો ઉદ્ધત છોકરો એ જ બોલના હિસાબે ગુસ્સો કરે છે. આ સ્યાદ્વાદ, અનેકાંતવાદનો મહિમા છે.

**અનેકાંતવાદથી કલેશ શમન :-**

એનું લક્ષ રહે તો એકાંગી વિચારણા અને ધોરણ બાંધી મોહમાં ન પડાય. વસ્તુ જોઈને વિચાર તો આવે છે, લાગણી ઊભરાય છે, પરંતુ એમાં એક પક્ષીય દૃષ્ટિ રાખી મૂઢ કે મૂર્ખ શા માટે થવું ? અશાંત-વિહ્વળ શું કામ બનવું ? અનેકાન્ત દૃષ્ટિથી જોઈએ તો દેખાય કે એકની એક જ વસ્તુ, બાબત કે પ્રસંગ બીજા દૃષ્ટિકોણથી સારા તે નરસા અને નરસા તે સારા પણ હોય છે. માટે એક જ બાજુ દેખતા રહી બીજી બાજુના અંધ બન્યા રહેવાની જરૂર નથી. અનેકાંત દૃષ્ટિથી તો રગડા-ઝગડાના સ્થાને પણ મનને એવું સુંદર સમાધાન મળે છે કે એમાં આપણો આત્મા શાન્ત, ધીર, ગંભીર સહિષ્ણુ બની જાય. સામાની ભૂલને બદલે સારો અંશ જોઈએ તો અશાંતિ ઊભી ન થાય.

પેલા મિત્રો હીનભાગી હતા, તે એમને એ સૂઝ્યું કે 'સ્ત્રી સતી શાની ? ચાલો આપણે ત્યાં જઈને એને રમાડી આવીએ.' આમ વિચાર કરીએ અટક્યા નહિ, ખાનગી રીતે ચારેય જણા આ દેશમાં આવ્યા, અને દેવસિકાના શહેરમાં જ એક વેશ્યાને ત્યાં ઊતર્યા,

પછી અવસર લઈ ચારેય જણા પહેલાં તપાસ કરવા નીકળ્યા કે દેવસિકાને ત્યાં શી રીતભાત છે. દેવસિકાના મકાને આવી નીચે નોકરને કહે છે 'અમે પરદેશથી આવેલા છીએ અને ભાઈના ખબરઅંતર કહેવા આવ્યા છીએ તો અમારે



દેવસિકાબેનને મળવું છે.'

અહીં દેવસિકાએ પતિના ગયા પછી લગભગ માળ પર જ રહેવાનું રાખ્યું હતું. અને ત્યાં કોઈ પણ પુરુષનો પ્રવેશ નહિ એવો એણે પ્રતિબંધ કર્યો હતો. સાસુ અનુકૂળ અને સુશીલ હતી એટલે એણે પુત્રવધૂની વાત સહર્ષ વધાવી લીધેલી. ઘરના નોકરનો પણ ઉપર દેવસિકાની હાજરીમાં પ્રવેશ નહિ. આ ખાસ જરૂરી છે. દેવસિકા સમજતી હતી કે પતિ હાજર નથી, યુવાની ખીલતી છે એટલે વાસનાની રાજધાની છે. ત્યાં પુરુષનાં દર્શન ખોટાં, કેમ કે એ વિકારનું નિમિત્ત છે. પતિની ગેરહાજરીમાં વિકાર જાગે એ ભૂંડું, એમાંય ઘરનો નોકર એટલે અવિવેકને વધુ કૂદવાનું મળે. માટે એનુંય દર્શન ન જોઈએ.

**શ્રીમંતને ત્યાં ભવાડો :-**

મુંબઈમાં એક શેઠિયો મોટી ઉંમરે નવી સ્ત્રી પરણ્યો. પોતે યુવાનીમાં સત્ત્વ ગુમાવી નાખેલું છે અને બાઈ નવી યુવાનીમાં છે. પાછી ઘરમાં શ્રીમંતાઈ અને બહાર ફરવા માટે મોહમસ્ત નગરી ! પછી શું બાકી રહે ? વાસના જોરદાર ઊછળે છે, પતિથી સંતોષ નથી તે ઘરમાં રસોઈયો રસોઈ કરે છે. ત્યાં રસોડાના બારણા વચ્ચે ઊભી રહી આળસ મરડતી રસોઈયાને વાતમાં લે છે. આ કામની ચેષ્ટા છે. હસતી જાય, ચાળા કરતી જાય, અને રસોઈયાને આકર્ષવા મથતી જાય. શ્રીમંતને ત્યાં કેવો ભવાડો ? પણ આજના વિલાસમાં તો મધ્યમ વર્ગ પણ જાણે શ્રીમંતાઈ માણે છે !

રસોઈયો હજી એમ સમજે છે કે નવી શેઠાણી સારાં પ્રેમાળ લાગે છે. પણ પછી તો એણે અંદર પેસી બારણું કર્યું બંધ. પેલાને કહે 'ભટ્ટ ઊઠો' એમ કહીને ઈશારે સમજાવ્યો.

રસોઈયો ગભરાઈને કહે, 'ભાભી સાહેબ ! માફ કરો. શેઠ જાણે તો તો મારી જિંદગીની નોકરી જાય.'

આ કહે છે, 'શાનો ખાલી ઠાલો ગભરાય ? હવે રાજ્ય મારું છે, શેઠનું નહિ. તું જોતો નથી ? ને નથી ને કદાચ કાંઈક બન્યું તો નોકરીમાંથી તને ન મળે એટલું તને હું દઈ દઈશ, ગભરા મા.'

બસ, ફસાવ્યો રસોઈયાને. એમાં એક દિવસ શેઠ અચાનક વહેલા આવી ગયા અને જાણી ગયા. પત્નીને કહે છે, 'આ શું માંડ્યું છે ?'

ત્યારે આ રોકડું પરખાવે છે, 'તે તમે પરણ્યા ત્યારે જાણતા નહોતા કે હું બુઢ્ઢો આ કઈ ઉંમરની કન્યાને ઘરમાં લઈ આવું છું ? બેસો ગરબડ કરતા નહિ, એમજ ચાલશે, અને તમે રસોઈયાને, ખબરદાર ! એકપણ શબ્દ કહ્યો તો ?' જાણે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

વાઘણ વીફરી. શેઠ સમસમી રહ્યા, કહેવાય નહિ, સહેવાય નહિ.

આજની સંસ્કૃતિને હડસેલી મૂકવાના અને અનુચિત વિલાસી પદ્ધતિના કાળમાં આ અગર આવી રીતનાં પાપ ખૂબ વધી ગયાં ! પુરુષો ય ભુખાળવા બની ગયા છે; ત્યાં સતીત્વ સાચવવા ઇચ્છતી સ્ત્રીઓ અને સુશીલતામાં મક્કમ રહેવા માગતી કન્યાઓએ ખૂબ જ સાવધાન રહેવાનું છે. બહાર શિકારી ઘણા છે અને અંતરમાં સૂતેલા ભોરિંગ ઘણા છે. બંનેના આક્રમણથી બચવા દેવસિકાની ચર્યા ખૂબ જ અનુસરવા જેવી છે,

**દેવસિકાનો સંયમ :-**

દેવસિકાએ એક બાજુ તો પુરુષનાં દર્શન પણ છોડ્યાં હતાં. એટલે પુરુષનો પ્રવેશ તો શું, પણ પોતે ય બારીએ જરા મન મોકળું કરવા ડોકાવાની વાત નહિ. બીજી બાજુ એણે દૂધ, દહીં, ઘી વગેરે વિગઈઓ વાપરવાનું લગભગ બંધ રાખ્યું હતું. તેમજ શરીરના શણગાર પણ નહિ, કેમ કે વિગઈઓ ધાતુને ઉત્તેજી વાસનાની ઉત્તેજક બને છે અને શણગાર એ બીજાને તો મોહ જગાડે પણ પોતાને ને પોતાને ય વાસનાવશ કરે છે.' માટે તો શાસ્ત્ર કહે છે,

**બ્રહ્મચારીને ઝેરરૂપ :-**

**विभूसा इत्थीसंसग्गो पणीय रस भोयणं ।**
**नरस्स ऽत्तगवेसिस्स विसं तालउडं जहा ॥**

અર્થાત્ આત્મગવેષી-બ્રહ્મચર્યની ઇચ્છાવાળાને વિભૂષા, ટાપટીપ, સ્ત્રીસંસર્ગ, અને દૂધ, દહીં, ઘી વગેરે ભર્યાં ભોજન એ તાલપુટ ઝેરની જેવાં છે. યાવત્ સ્નાનને પણ કામનું અંગ માન્યું છે. આ બધી વસ્તુ ઇન્દ્રિયોને મહેકાવે છે. શોભા-વિભૂષા-ટાપટીપ કરવાથી પહેલાં તો આપણી જ આંખ નાચવા માંડે છે, ખુશ થાય છે, એ જો ખુશ ન થતી હોય તો તો શણગાર કરીએ જ શાના ? ત્યારે પૂછો,

**પ્ર.**- કદાચ આંખ ખુશ થઈ, પણ એમાં બ્રહ્મચર્યને શી રીતે વાંધો આવે ?

**ઉ.**- વાંધો એ રીતે આવે કે આમ તો આંખ અને સ્પર્શેન્દ્રિય જુદી જુદી છે, પરંતુ એ બધીએ બહારનો કચરો લાવી લાવીને એક જ આત્મામાં નાખે છે, એની અસર એના એ જ આત્માને થાય છે, ચક્ષુય એને અસર કરે છે ને બીજી ઇન્દ્રિય પણ એને જ અસર કરે છે. હવે વિભૂષા કરી તે આંખ જોઈ જોઈ નાચે છે એટલે કે આત્મા જ ખુશ થાય છે. મૂઢ, વિહ્વળ બને છે. એ વિહ્વળતામાં બીજી ઇન્દ્રિયોના જૂના સંસ્કાર જાગતા થાય છે, તેથી અન્ય ઇન્દ્રિયને ઉત્તેજના, ઉશ્કેરાવાનું મળે છે. આ રીતે બ્રહ્મચર્યને વાંધો આવે છે, જેવું વિભૂષાથી, એવું સ્નિગ્ધ



ભોજન, ગીત, સુગંધ, વિલાસી વાંચન, વગેરેથી આત્મામાં શિથિલતા વિહ્વળતા એવી ઊભી થાય છે કે જે કામવાસનાને જાગવાની સગવડ કરી આપે. એ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં તણાઈ આત્મા ગુલામ બને છે, સત્ત્વ ગુમાવે છે. સત્ત્વહીન અને ગુલામ બનેલો સાત્ત્વિક ધર્મસાધના શું કરી શકે ?

દેવસિકા ચકોર છે, સાવધાન છે, પતિના વિયોગમાં મનથી પણ બ્રહ્મચર્ય પાળવું છે એટલે પુરુષદર્શન, વિગઈ ભોજન, વિભૂષા-શણગાર વગેરે તો નહિ પણ પતિ સાથેની ય પૂર્વની ક્રીડાનું સ્મરણ પણ કરતી નથી. તેથી મન એટલું બધું સ્વસ્થ રહે છે, શાંત અને શીતળ રહે છે કે વિરહની કોઈ આગનો તણખોય એને અડતો નથી. એ તો ધાર્મિક વાંચન પરમાત્મ સ્મરણ, અને ધર્મક્રિયામાં મસ્ત રહે છે. મઝા આવા જીવનમાં ગણાય કે ઉદ્ભટ પ્રવૃત્તિથી રાત ને દિવસ વિહ્વળ રહેવામાં ? વિષયસુખનાં ફાંફાં મારવામાં ? એના લહારા અને ઓરતા કરવામાં ? પણ સાચી મઝા, અનુભવ કર્યા વિના, નહિ સમજાય. માટે અનુભવ કરવા માંડો.

દેવસિકાના પવિત્ર નૈષ્ઠિક બ્રહ્મચર્યનો પ્રભાવ છે કે પરદેશમાં પતિના ગળામાં માળા કરમાતી નથી. એની શ્રદ્ધા ન થવાથી પેલા ચાર જણા એને અપવિત્ર કરવા આવ્યા છે. પરંતુ અહીં તો દર્શનની પણ મનાઈ સાંભળી, વિમાસણમાં પડ્યા કે હવે શું કરવું ?

આવ્યા વેશ્યા પાસે, અને એને કહે છે કે 'તું અમને દેવસિકાનો ભેટો કરાવી આપે તો તને અમે ખૂબ ધન આપીશું.' પૈસાની સગી વેશ્યાએ માથે લીધું.

**વેશ્યાની કરામત :-**

વેશ્યા એટલે પહોંચેલ બુટ્ટી, ચતુર ને ચકોર; કપટ-કુશળ. સારી રકમ મળે છે એમ જોયું એટલે હામ ભીડી. એ ગઈ ક્યાંક સાધ્વીજી પાસે અને જાણે નવી જિજ્ઞાસુ છે એવો ડોળ કરી જૈન ધર્મ જાણવા માટે તત્પરતા બતાવી. સાધ્વીજી મહારાજ શુદ્ધ હૃદયનાં, તે આના દિલનું કપટ ન સમજી શક્યાં, 'અહો ! આ એક નવો જીવ ધર્મ તરફ ખેંચાય છે ! તો ચાલો આપણે એને સહાયક થાઓ, એનું કલ્યાણ થશે.' એવી એકાંત ઉપકારબુદ્ધિથી એમણે એને ધર્મ સમજાવવા માંડ્યો.

**દંભ-માયા ક્રોધાદિ કરતાં ભયંકર :-**

કપટ આમેય દુર્જ્ઞેય હોય છે, તો ધર્મ કપટનું પૂછવાનું શું ? હજી સામાનો ક્રોધ સમજાય, કેમ કે એમાં એની મુખમુદ્રા, આંખ, બોલ વગેરે ઉગ્ર બન્યા દેખાય છે. એમ અભિમાન પણ એના શબ્દ પરથી સમજી શકાય. તો સામાની ચેષ્ટા કે વાણી પરથી લોભ પણ સમજાય એવો હોય છે. પરંતુ સામાના દિલની માયા, દંભ કપટને સમજવાં મુશ્કેલ છે. કેમ કે એમાં બાહ્ય વ્યવહાર, બોલ, ચાલ, ઊલટો



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અંદરના દિલથી તદ્દન જુદા હોય છે, એ ન હોય તો દંભ શાનો ?

ત્યારે શાસ્ત્ર દંભરોષને મહાભયંકર બતાવે છે, સંસારની જડ કહે છે. આનું કારણ એ છે કે હજી બીજા કષાય બહાર દેખાય એટલે કોઈક શિખામણ આપનાર મળી આવે, જ્યારે આમાં એ નહિ. અથવા ગુસ્સો કે રોફ કર્યો ત્યાં સામેથી સવાયો ગુસ્સો કે રોફ આવ્યે દબાઈ જવું પડે. એમ અભિમાનમાં ને લોભમાં. પરંતુ માયાની તો સામાને ખબર જ નથી પડતી તેથી શિખામણ કે સામે સવાયી માયા ઠોકવાનું ન પણ બને. અને માયામાં પોતાનું ચલણ ચાલતું દેખાય એટલે અધિકાધિક માયા સ્ફુરે. જીવ જિંદગીના છેડા સુધી ભાગ્યે જ કપટવૃત્તિમાંથી બહાર નીકળી શકે. એ તો કોઈ પ્રબળ ધક્કો લાગી જાય, કે સચોટ અંતઃપ્રકાશ ખૂલી જાય, તો માયા વોસિરાવે એ જુદી વાત. બાકી છેલ્લા શ્વાસ સુધી માયાની રમત છૂટતી નથી. અને ભવાંતરે પછી ભવ પણ એવા હલકા અને કપટ-કુશળ, તે દીર્ઘ કાળ દુર્ગતિઓમાં ભટકાવે એવા મળે છે. **આર્ય લક્ષ્મણા સાધ્વી** ગુરુ આગળ દોષની આલોચના કરવાનો પ્રસંગ આવ્યો ત્યાં માયા રમી. તો લગભગ ૮૦૦ કોડાકોડી સાગરોપમોનો, ૪૦-૪૦ ઉત્સર્પિણી-અવસર્પિણીના જંગી કાળ સુધી ભટકવાનું આવ્યું ! **રુકમી સાધ્વી** એવી માયાથી એક લાખ ભવ સંસારમાં ભટકી !

આમ એક ભવની માયાથી કાંઈ એટલા બધા ભવોનાં કર્મ નથી બંધાઈ ગયાં, પરંતુ અહીંની માયા એ આગળ નવ નવા ભવોમાં નવી નવી માયા અને બીજાં નવાં નવાં પાપ ઊભાં થાય એવી આત્મદશા કરી મૂકે છે. પછી ત્યાં અહીંનો ધર્મ આગળ ન ચાલે એમ પણ બને છે; એથી બચાવનું સાધન જ નથી રહેતું.

**વેશ્યા દેવસિકાને ત્યાં :-**

એટલે, માયા ભયંકર દોષ છે, અને ધર્મદંભ તો વળી મહાભયંકર છે. વેશ્યાના દંભને નહિ સમજી શકવાથી સાધ્વીજીએ શુદ્ધ ઉપકારબુદ્ધિથી એને ધર્મ સમજાવવા માંડ્યો. વેશ્યા માહિતગાર થઈ, એટલે પછી બનાવટી શ્રાવિકા બની ઊપડી દેવસિકા પાસે, આ પુરુષ નથી સ્ત્રી છે એટલે જ ધર્મની બેન તરીકે દેવસિકાને મળવાનું બની આવ્યું. બસ ! પછી તો દેવસિકાને મીઠી મીઠી ધર્મની વાતો કરવા માંડી. માંહી માંહી ધર્મના સવાલ પણ પૂછતી જાય.

'હેં દેવસિકા બેન ! ત્યારે સામાયિકમાં કોઈ પાપ તો કરવું નથી, પછી દુવિહં તિવિહેણં પચ્ચક્ખાણ કેમ ? તિવિહં તિવિહેણં કેમ નહિ ?'

'હેં દેવસિકા બેન ! ત્યારે જિનપૂજામાં પુષ્પ ચઢાવીએ તેમાં હિંસા લાગે કે નહિ ?'

આવી આવી જિજ્ઞાસાઓ પૂછવા માંડી. દેવસિકા બિચારી શુદ્ધ દિલની તે



આમાં ધર્મરુચિ જોઈ રહી છે, એટલે પ્રેમથી વાતો કરે છે. એમાં આ બનાવટી શ્રાવિકાનો આવરો જાવરો ચાલુ થઈ ગયો; અને બંનેનો પ્રેમ વધવા માંડ્યો.

એક વખતનો પ્રસંગ એવો બન્યો કે આ વેશ્યાએ ઘરેથી ખૂબ મરચા નાંખેલું રાંધેલું માંસ લાવી દેવસિકાના મકાનની સામે ઓટલા પર એક કૂતરીને ખાવા મૂક્યું પછી આવી દેવસિકા પાસે અને વાતે વળગી. થોડીવાર પછી બારીએ ડોકિયું કરી દેવસિકાને બોલાવી કહે છે,

'જુઓ જુઓ દેવસિકા બેન ! પેલી કૂતરી રડી રહી છે,' અસલ તો કૂતરીને તીખાઆગ મરચાં ખાવાથી લાય ઊઠેલી, તે આંખમાંથી પાણી નીકળી જતું હતું. પણ આ શાણી થઈને પૂછે છે,

'બોલો, જાણો છો આ કેમ રડે છે ?'

દેવસિકા કહે છે, 'ના, કેમ રડે છે ?'

'તમને શું કહું ? એ મારી બેન હતી તે કૂતરી થઈ છે, અને મને જોઈ ને એને જાતિસ્મરણ જ્ઞાન થયું લાગે છે, તેથી રડી રહી છે.'

'કૂતરી થવાનું કારણ કાંઈ ?'

'કારણ વળી બીજું શું ? એ બહુ ચીકણી હતી, આની સાથે બોલાય નહિ, ને તેની સાથે બોલાય નહિ. આમ મોજ ન કરાય. ને તેમ ન કરાય તો સોસાઈ સોસાઈને મરી, હવે કૂતરી થઈને મારા આનંદ વિલાસ જોઈને રડી રહી છે કે 'હાય ! મેં ગુમાવ્યું.'

દેવસિકા કહે છે 'આ તું શું બોલે છે ?'

પેલી કહે છે, 'ખરી વાત કહું છું. તમને કદાચ મારું નહિ રુચે પણ એ તો જેવો અહીં સ્વભાવ હોય તેવો ભવાંતરે મળે. અહીં મોજનો હોય તો મોજનો. અને સોસાવાનો હોય તો સોસાવાનો.'

દેવસિકા વિચારમાં પડી ગઈ કે આ આટલા દિવસ ધર્મનું ગાનારી આજે કેમ આવું તદ્દન વિપરીત બોલે છે ? એની દલીલમાં તો કાંઈ માલ જ નહોતો, કેમ કે અસંયમ, છાકટાવેડા વિલાસ, વગેરેના ત્યાગ કરવા એ કાંઈ સોસાવાનું ન કહેવાય; કેમ કે એ તો સ્વેચ્છાએ છોડ્યા છે, અને તેથી તો સાચી સ્વસ્થતાનો અનુભવ થાય છે, શાન્તિ મળે છે, ખરી મસ્તી અનુભવાય છે. ત્યાં સોસાવાનું શાનું કહેવાય ?

બીજી વાત એ છે કે એનાથી ભવાંતરે સોસાવાનું અને અહીંની મોજ વિલાસથી પરભવે મોજ વિલાસ, એ કોઈ ન્યાય છે ? તો તો પછી ચોરી, લૂંટફાટ, ખૂન, બદમાશી વગેરે કરનાર મોજ માણે છે. માટે શું એને પરભવે સુખ મોજ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મળવાની ? અને એ પાપો છોડનારા શું ભવાંતરે દુઃખી થવાના ? તદ્દન વાહિયાત વાત છે, ન્યાય બહારની વાત છે. ન્યાય તો એ છે કે જેવું કરે તેવું પામે.

દેવસિકાને આ બધું કહેવાનું મન થઈ જાય છે. પરંતુ કોની આગળ કહેવાનું ? જે ઇરાદાપૂર્વક ઊંધે રસ્તે જઈ રહી છે, એ શું માને ? પાછી પોતાની જાત પ્રકાશી રહી છે કે 'મારી મોજ દેખી કૂતરી રડી રહી છે.' આ એના બોલ સૂચવે છે કે આ બાઈ વિલાસી લાગે છે. ગમે તે કારણે આજ સુધી એણે માત્ર ધર્મની વાતો કરી, પરંતુ આજના બોલ એનું હૈયું અને જીવન કલુષિત બતાવી રહ્યા છે. તો એ શિખામણને અયોગ્ય છે, સમજૂતીને લાયક નથી. નાલાયકને સમજાવવા બેસવું એમાં સિરફોડી, સમયનો અપવ્યય અને પસ્તાવા સિવાય બીજું કાંઈ મળે નહિ.

દેવસિકાને એની ઉપરની શ્રદ્ધા ઊઠી ગઈ. હવે એને આવતી બંધ કરવી છે, પરંતુ એના આજ સુધીના પ્રયત્નનો શો હેતુ છે તે જાણી લેવો છે, એટલે એ બોલે તે સાંભળ્યા કરે છે.

**વેશ્યા ભેદ ખોલે છે ? :-**

પેલી કહે છે, 'જુઓ દેવસિકા બેન ! આ તમારી સાથે દિલ મળ્યું છે એટલે દિલની વાતો કરાય છે. મને તો આ કૂતરીની દશા જોઈ એમ થાય છે કે આ તમે પણ કેવાં સોસાઈ રહ્યાં છો ? જુઓને તમારા પતિ પરદેશ ગયા. તમારી આવી ખીલતી ઉંમર ! તે કેટલું બધું સોસાવું પડે ? હું તો તમને કહું છું કે આમ સોસાઓ નહિ, તમે કહો તો સારા ચાર પરદેશી આવ્યા છે એનો તમને ભેટો કરાવી આપું.' વેશ્યાએ ભેદ ખોલ્યો.

દેવસિકા ચકોર છે, સાંભળતાં જ સમજી ગઈ કે કાંક ભેદ છે.

પૂછે છે 'ક્યાંના છે એ ?'

ઈન્કાર ન કરતાં આટલું પૂછ્યું એ પર તો વેશ્યા અંતરમાં ખુશ ખુશ થઈ ગઈ. લાગ્યું કે પાસો પોબાર. ઉત્તરમાં એણે તે જ નગરનું નામ આપ્યું જ્યાં પોતાના પતિ ગયેલ છે.

**લુચ્ચાથી સુશીલને બચાવવા :-**

દેવસિકા એ સાંભળીને હવે કડી મેળવે છે કે 'થોડા દિવસ પહેલાં દાસી દ્વારા જાણવા મળેલું કે કોક ચાર જણા પરદેશથી આવ્યા હતા અને કહેતા હતા કે અમે ભાઈના સમાચાર લાવ્યા છીએ. તો આ એ જ કાં ન હોય ? તો તો પછી શું એ વખતે ય બદદાનતથી આવ્યા હોય એવું ન બને ? દુનિયામાં સંભવ છે કે દાનત ખોટી હોય અને ભળતી વાત કરે.' આમ કડી મેળવ્યા પછી એના મનને



થયું કે 'જો ખરેખર એવા લુચ્ચા માણસ હોય તો તો એને સ્વાદ ચખાડી દેવો જોઈએ કે જેથી ભવિષ્યમાં મારા પર શું, પણ કોઈ પણ સુશીલ બાઈ પર આફત ન લાવે.'

આમ વિચાર કરીને વેશ્યાને કહે છે 'શું એ ખરેખર પ્રેમ કરશે ?'

**વેશ્યાનો ઘટસ્ફોટ :-**

લુચ્ચી વેશ્યા હવે ભોળી થઈ ભાન ભૂલી ઉત્તર કરે છે કે 'અરે બેન ! હું શું કહું તને ? એ તો તારું નામ લેતા આવ્યા છે. પહેલાં તારા ઘર આગળ આવી ગયેલા પણ બિચારાને તારા નોકરે તારો ભેટો ન કરાવ્યો. નોકરોય કેવા મૂર્ખ હોય છે ! અને આ તો જો પહેલાં તને કહેત તો તારા ગળે ન ઊતરત, પણ હવે તું સમજી ગઈ તે સારું થયું. તારે જોઈશે તો તને પૈસા ય આપશે. માટે હવે ક્યારે મોકલું ?'

વેશ્યા ફસાવવા આવી હતી, પણ જાતે ફસી ગઈ છે એનું એને ભાન નથી. લોભિયાને, ગરજુને આ ભાન નથી રહેતું, કે હું ફસાઈ રહ્યો છું. દેવસિકાને હવે પાકી ખાતરી થઈ ગઈ કે 'એ પેલા લુચ્ચા જ માણસો ! ખેર હવે જોવા દે.'

દેવસિકા વેશ્યાને કહે છે, ત્યારે એમ કરો, રાત્રિના પહેલા એકને, એ પાછો આવે પછી બીજાને, એમ ક્રમસર ચારેયને મોકલી આપજે.'

મહાસતીનું વચન ગંભીર છે, પરંતુ તુચ્છ દિલની વેશ્યા એને ક્યાંથી સમજી શકે ? એ તો આ સાંભળીને કૂદી કે 'વાહ ! મહેનત મારી સફળ થઈ અને બિચારા પરદેશી પણ રાજી રાજી થઈ જશે; તેમ દેવસિકાય જોશે કે કેવી આનંદની બહાર ઊછળે છે !'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૦,તા.૨૪-૧૧-૧૯૬૨

તુચ્છ દિલની પહોંચ કેટલી ? કવિ કહે છે,

**'सु पूरा स्यात् कुनदिका, सुपूरो मुषिकांजलि.'**

બહુ જ નાનકડી નદી એક ઘણા અલ્પ પાણીમાંય ઉઘલાઈ જાય છે, અને ઉંદરનો ખોબો અતિ અલ્પથી ભરાઈ જાય છે, અને એ તો કોઈ મહા નદી ગંગા કે જેમાં જલદીથી પૂર ન આવે. ત્યારે સમુદ્રમાં તો આવે જ શાનું ?

એમ તુચ્છ હૃદયના પ્રાણીને અતિ તુચ્છ વિષયપ્રાપ્તિય મળતાં એ ઉઘલાઈ હરખાઈ જાય છે, ત્યારે સમ્રાટ ચક્રવર્તી એમ કાંઈ ઝટપટમાં હરખાઈ જાય નહિ; અને મહામુનિઓને તો સામે જગતભરની ઋદ્ધિ આવે તો પણ શું ? બહારના ગમે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

તેટલાથીય હરખવાની વાતે ય શી ? જેટલી પહોંચ તેટલી પ્રાપ્તિ થાય. દુન્યવી સુખ સગવડમાં પુણ્યની પહોંચ મુજબ અને આત્મિક ધર્મ સંપત્તિમાં યોગ્યતા અને પુરુષાર્થની પહોંચના પ્રમાણમાં. પછી ત્યાં સંયોગ બહુ ઊંચાય મળ્યા હોય પણ પહોંચ વિના શું કરે ? વેશ્યાને મહાસતીનો યોગ મળ્યો હતો પરંતુ દરિદ્રનારાયણ, ગુણ વિના નિર્ધન ગરીબડી કેટલું પામી શકે ? સારું ક્યાંથી પ્રાપ્ત કરી શકે ?

તો કહેવાનો સાર આ છે કે સારું પામવું હોય તો આપણી યોગ્યતા, આપણી દૃષ્ટિ અને આપણા પુરુષાર્થની પહોંચ વધારવી જોઈએ, શક્તિ, મર્યાદા, વિસ્તારવી જોઈએ. એમ ન સમજતા કે એ ક્યાં આપણા હાથની વાત છે ? આત્મા અનંત શક્તિનો અનંત મર્યાદાનો માલિક છે. એની શક્તિનો, એના જ્ઞાન વીતરાગતાદિ ગુણોની મર્યાદાના પાર નથી.

સારું બહારથી નથી આવવાનું, અંદરથી કાઢવાનું છે. આટલું બરાબર ખ્યાલમાં રહે તો સૂતેલો આત્મા જાગે, સુસ્ત જાગ્રત બની જાય, એ સંયોગ સામાન્ય દેખાતા હોય પણ એમાંથી અપૂર્વ લાભ ઉઠાવી જાય. માત્ર પાંચ કોડીના સંયોગમાં કુમારપાળના જીવે અને થાળી ખીરના સંયોગમાં શાલિભદ્રના આત્માએ મહાપૂજા અને મહાદાનનાં ફળ ઊભાં કર્યાં ! સંયોગનાં રોદણાં રુઓ છો, પરંતુ અહીં જુઓ કે સંયોગ હતા ? રોતડ જ રહેવું હશે તો રહી શકાશે, સુંદર સંયોગો છતાં ય સંયોગો અનુકૂળ નથી એમ માનીને; પરંતુ પોતાની પહોંચ પોતાની શક્તિ વધારવાની જે મહાન તક અહીં મળી છે, એ ગુમાવીને, વેડફી નાખીને એ બનશે, બાકી ખરું કામ કરવાનું છે કે જે સંયોગ મળ્યા છે અને શ્રેષ્ઠ માની પોતાની અંદરની પહોંચ વધારવી, શક્તિ બહાર કાઢવી, યોગ્યતા વધુ ને વધુ ખીલવવી.

વિપરીત દેખાતા સંયોગોમાં પહોંચ એ વધારતા જવાની કે કેમ દોષો વધુ ને વધુ દાબતા આવીએ, સારા સંયોગોમાં પહોંચ એ વિકસાવવાની કે કેમ અધિકાધિક સાધના કરતા જવાય. સંયોગ વિપરીત દેખાય છે ? ચોંકવું જોઈએ કે રખે ને ક્રોધ, ક્ષુદ્રતા, તામસીપણું વગેરે કોઈ દોષ ન આવે ! ત્યારે સંયોગ અનુકૂળ દેખાય છે, તો ઝટ ખબરદાર બની જવું કે 'જીવડા ! સાધી લે, સાધી લે, નહિતર આ લગનની વેળા વહી જશે ! અને મળેલી પહોંચ પણ ગુમાવીશ. તો ભવાંતરે તો પહોંચવાના આ ભવરાનમાં ગુમ થવાનું છે.'

વેશ્યા વિવેક કરીને ઊઠી, ગઈ મુકામે. પેલા ચારેને વધામણી આપી કે 'નક્કી કરી આવી છું, તમારે એકેકે ક્રમસર જવાનું છે.' સાંભળીને ચારે મલકાયા; અંદર અંદર કહે છે 'જોયું આ મહાસતી ! બિચારા ભોળા ધણીઓ સ્ત્રીની મોહિનીમાં અંધ બનેલા એને મહાદેવી, મહાસતી માની લે છે ! પણ સારું થયું એ નિમિત્તે



આપણું કામ થઈ ગયું.' ખીલ્યા છે, હરખ માતો નથી, જાણે પેલી મળી ગઈ ! ખબર નથી કે ખો ભુલાવી દેશે.

બસ, હવે તો તડપીને રહ્યા છે ક્યારે રાત પડવા આવે ને જઈએ, એમાં પાછા હરીફાઈ કરે છે, 'ના, તું નહિ, હું પહેલો જઈશ.' શાની હરીફાઈ છે ? માલ પહેલો ખાવાની કે માર ? પાપના રસિયાને વિચારવા હૈયું જ નથી કે પાપમાં દોટ સરવાળે કેવો સોટો લગાવશે ! ચારે જણા અરસપરસ ખેંચાતાણ કરે છે, હવે નિવેડો કેમ આવે ? છેવટે વેશ્યાને લવાદ બનાવી. લવાદી કોની ? વેશ્યાની ! પણ બીજું શું થાય ? લોભિયા લંપટ માણસોને લવાદી વેશ્યા જેવા હલકા જનની સ્વીકારવી પડે છે.

વેશ્યાએ ચારેયના નામની ચાર ચિઠ્ઠિઓ લોટામાં નાખી અને પછી એકેક ઉપાડી એ રીતે ચારનો ક્રમ ગોઠવી આપ્યો.

હવે ચારેય ભરપૂર આનંદમાં છે, ધોળા ફાગ દિવસે આકાશમાં તારા જોઈ રહ્યા છે ! એમાં વળી વેશ્યાએ દેવસિકાના રૂપનું વર્ણન કર્યું છે એટલે ગિલગિલિયાં ભારે જાગે છે !

**સ્વનું ભૂલી પરમાં ! :-**

જીવની આ નાદાનિયત અનંતાકાળથી ચાલી આવે છે. એનો પુરાવો આ જ જીવનનો પ્રારંભિક કાળ છે. જન્મ્યા ત્યારથી ઇન્દ્રિયોના વિષયોનું લાલચુડાપણું કેટલું બધું જાલિમ ! જીવને પોતાના ગુણની અને પોતાની કોઈ ચિંતા નહિ, અને વિષયોના ગુણની અને વિષયોની ભારે ચિંતા ! સારું ખાવા, સારું રમવા, સારું સાંભળવા મળે એ જ લગની ! એ તો વળી મા-બાપ સારા મળ્યા હોય તે વિવેક શિખવાડે તો કંઈક આત્મગુણ ઊઘડે, બાકી પોતાની લત તો ઇન્દ્રિયોના તર્પણની ! જે દિશામાં મા-બાપની કેળવણી રહી ગઈ ત્યાં આ જ વિષયલંપટતા ચાલે છે. કેટલાક બાળક મોટા થયા છતાં નાકના ગુંગા કાઢી ખાઈ જાય છે ! કેળવણી પામ્યા પછી વિષયોની ગમે તેમ મોજના બદલે એમાં વિવેક, સંયમ, મર્યાદા વગેરે આવે છે. એ સૂચવે છે કે એ ગુણો અને એના આધારભૂત આત્મા જેવી વસ્તુ તો છે જ; પરંતુ આત્માને પોતાના તરફ દૃષ્ટિ નથી, દૃષ્ટિઓ ઇન્દ્રિયો અને એના વિષયો તરફ રાતદિવસ જાગતી છે, એટલે અનાદિની નાદાનિયત મટતી નથી.

**જેવું પ્રારંભે તેવું છેડે ? :-**

સમગ્ર પ્રાણીગણમાં જુઓ આ વિષયોની લગન લાગેલી જોવા મળશે. કીડા શું, કીડી શું, પશુ શું કે પંખી શું, બધે આ જ જોવા મળે છે. પણ માનવપણેય



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એ જ ? તે જેવું પ્રારંભે તેવું જીવનના ઠેઠ અંત સુધી ? તે પોતાની ઇન્દ્રિયો શિથિલ પડી હોય તો તેટલા વિષયોની પાછળ દોટ કદાચ ઓછી હોય, છતાં ય છોકરા છોકરીને માટે ચિંતા આ જ વિષયોની કરવાની એટલો બધો વિષયો પ્રતિ પક્ષપાત ?

નવી પ્રજામાં વિવેક-વિનય-સદાચાર-ત્યાગ-તપ-પ્રશાંત-મન વગેરે આવ્યું કે નહિ એ કાળજી નહિ ! પણ એને સારી યુવાની-સૌંદર્ય, સારાં કપડાં-ખાનપાન મોજ, રૂપાળી કન્યા, ભરચક લક્ષ્મી... આ બધું મળે એનું લક્ષ એનો પ્રયત્ન, એનો આનંદ ? ભલે જાતે ભોગવતો નથી છતાં આ વિષયલંપટતાના જ ચાળા છે. એ લંપટતા ઓછી કરવા તો આ સુંદર ભવ છે. કમમાં કમ પાછલી વયે તો ઓછી કરે ? પણ ના, છેલ્લા શ્વાસના ઘરેડા સુધી એ વિષયલંપટતા વિષયપક્ષપાત જો કાયમ, તો ઝવેરીની દુકાને શીખવા મુકાયા પછી માત્ર ઝાડુ કાઢવાનું જ કામ કર્યું ને ? આના પરિણામે ભવાંતરે કોઈ સારો ભવ સારું શિક્ષણ આવે ખરું ?

**કોના પક્ષકાર, ચિંતક અને પ્રયત્નશીલ ? :-**

એટલા જ માટે વિચારવા જેવું છે કે 'હું કોનો પક્ષકાર ? ઇન્દ્રિયોના વિષયોનો, કે આત્માના ગુણોનો ? રાત દિ' ચિંતક કોના બનવાનું ? વિષયોના કે આત્મગુણોના ? ખાસ પ્રયત્ન કઈ તરફ રાખવાનો, વિષયો મજેના બનાવવા તરફ કે આત્મગુણો ? આનંદ શાના અંગે ઊભરાય ? એક કપડું ધોતાં ય એ લક્ષ, એ લગની રહે છે કે 'કેમ એ સારું આંખે ઊડીને બાઝે એવું ઊજળુંબાફ કરું !' જીવ મૂરખને એ વિચાર નથી કે 'સ્વાત્માને ને એના ગુણોને કેમ સારા પ્રગટ કરું. એના રાગાદિ મેલ, અસત્યાદિ કચરા, કેમ ઓછા થાય અને વિરાગ, સત્ય વગેરે ઊજળામણ કેમ પ્રગટ બને !' કપડું એટલું ઊજળું-બાફ ન થયું તો શી મોટી ખોટ હતી ? કદાચ ચાર દિવસે ધોવું પડતું હોય તો એના બદલે ત્રણ દિવસે ધોવું પડતે, એટલું જ ને ? પણ બીજી બાજુ અતિ ઊજળામાં જે તીવ્ર રાગકલંક ચોંટત, એ થોડો સંયમ કર્યાથી ઓછું તો થાય.

**પરદેશી આવ્યા દેવસિકાને ત્યાં :-**

પેલા પરદેશી વિષયલંપટ હોઈ ખીલી રહ્યા છે કે બસ આજ કોઈ ઓર મજા આવવાની ! રાત પડી એટલે પહેલો આવ્યો દેવસિકાના ઘરે ! હોંશભેર આવ્યો ! અને અહીં બધી યોજના ગોઠવેલી હતી, તે મુજબ નોકરે આદરપૂર્વક એને વધાવ્યો.

'કોણ ? તમે અમુક નગરના ?'

'હા, એ જ...'

'ભલે, ભલે તો પધારો, અમારા ભાભી સાહેબ તમારી રાહ જુએ છે, મને



કહી રાખ્યું છે કે ભાઈ આવે તો ઝટ ઉપર મોકલજે.'

**દેવસિકાએ ઘડેલો ઘાટ :-**

આને તો જાણે શી વાત ! ગોળ ગોળ થઈ ગયો; 'બસ હવે એ આમ મળી...' હોંશમાં ચઢ્યો. ઉપર ત્યારે શું ખરેખર દેવસિકા એને મળશે ? ના રે ના, એ શેની આને જુએ ? આણે જિંદગીમાં દેવસિકાને તો કાંઈ જોઈ નહોતી, કે જેથી બીજી સ્ત્રી જોતાં એને ખબર પડે કે 'આ દેવસિકા ન હોય, આ તો કોઈ બીજી લાગે છે !' આ ખબર નહોતી પડવાની, તેથી જ દેવસિકાએ ઘાટ એ ઘડી રાખેલો કે પોતાની દાસીને પોતાનાં કિંમતી વસ્ત્રો ઘરેણાં વગેરેનો ઠઠારો કરીને આગલા ઓરડામાં દેવસિકા તરીકે બેસાડેલી ! અને ભજવવાનો ખેલ સમજાવી રાખેલો !

પેલા ભાઈ ઉપર ચઢી ગયા, એટલે આ દેવસિકાની દાસી કોચ પરથી ઊઠી સામે લેવા ગઈ. સત્કાર કરતી કહે છે,

'પધારો પધારો, કંઈક મોડું થયું લાગે છે !'

આ સાંભળતાં આને મન જાણે 'મારી કેટલી બધી રાહ જોવાઈ રહી છે !' તે ખુશ ખુશ થઈ જાય છે. ઠઠારો જોઈ એમ પણ થાય છે કે 'વાહ, આ દેવસિકા છે તો સુંદર !'

એને અંદર આવકારતાં દાસી કહે છે, 'આવો બિરાજો અહીં કોચ પર. ઘણા વખતની વિરહવેદના પછી આપ વૈદ્ય તો સારા મળી ગયા. આપના દર્શનથી બહુ આનંદ થયો...'

આ ભાઈ સાહેબને તો તાન ભારે ચઢ્યું, મનને થાય છે કે 'પેલો આનો ધણી શી વાત કરતો હતો ? ઘેર સતી ? હશે ગમે તેમ પણ આપણે તો ફાવી પડ્યા છીએ. કેટલો બધો આનો ભાવ છે !' એના એકેક બોલ સાંભળવા કાન ઊંચા થાય છે ! મન આતુર બને છે ! હૈયું ઊછળ-ઊછળ થાય છે !

## • સાચી શક્તિશાલિતા અને હોશિયારી ક્યાં ? •

**વિષયસુખનો આંધળો રાગ જીવને પાગલ બનાવી દે છે;** જે અનર્થકારી છે એને જ લાભકારી મનાવી દારૂડિયાની જેમ એમાં જ મસ્તાન કરી દે છે ! ભાનભૂલો કરી દે છે, એવો કે જેમાં જાતનું ભાન જ ન મળે. દરેક દરેક ઇન્દ્રિયના વિષયસુખની અંધ આસક્તિની આ મોકાણ છે. જીવ એમાં પાગલ, ભાનભૂલો, શક્તિ-સત્ત્વહીન અને ગુલામ બની જાય છે. પાછી ખૂબી એ છે કે એમ પોતાની એ પાગલતા વગેરે એને કાંઈ જણાતી નથી, એટલે પોતાની જાતને ડાહ્યો અક્કલવાન અને શક્તિશાળી સાત્ત્વિક માણસ સમજે છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**મોહરાજાનો બેવડો માર** જોવા જેવો છે, એના પર વિચાર કરવા જેવો છે. ગુણ તો નથી, દોષોનો ઢગલો પડ્યો છે, છતાં ઉપરાંત જેમ મૂર્ખ દર્દી માની લે કે મને કાંઈ અજીર્ણનો રોગ નથી કે વધુ ખાઈ નાખવાની ભૂલ નથી, એવી કરુણ અજ્ઞાનતા છે; એમ અહી અજ્ઞાનતા ભારે છે. પછી કેમ ? તો કે કર્મ જાણે જાહેર કરે છે કે 'પેલા દોષોના કટુ પરિણામ તો દેખજો પણ આ અજ્ઞાન-મૂઢદશાના વળી મહાકટુ પરિણામ પણ દેખવા તૈયાર રહેજો.'

**દીર્ઘાતિદીર્ઘ સંસાર આમ જ ચાલી આવ્યો છે.** એકલા દોષો હોત, અને અજ્ઞાનતા નહિ પણ સભાનતા હોત, તો તો દોષોનો વહેલો અંત આવી ગયો હોત; કેમ કે દોષોનું ભાન હોવાથી એનું ભયાનક સ્વરૂપ અને ભયાનક પરિણામ બરાબર ખ્યાલમાં રહેત, તેથી બળ કરી કરીને ધીમે ધીમે દોષોના જોસીલા પુરુષાર્થને મંદો કરી દેત.

**કરુણ મૂઢતા :-**

પણ કરુણ દશા અજ્ઞાનતાની છે, મૂઢતાની છે, કે જે સત્ત્વ-શક્તિહીનતાને શક્તિમત્તા, પાગલતાને શાણપણ, અને ભાનભૂલી દશાને જાગતી દશા મનાવી રહી છે. પોતે વિષયરંગ ઉડાવવામાં અને એનાં સાધન ઊભાં કરવામાં બહાદુરી જુએ ત્યાં પછી એ પાપની અરેરાટી ક્યાં ? એને ઓછું કરવાની વાતે ય શી ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૧,તા.૮-૧૨-૧૯૬૨

વીતરાગ પ્રભુનું શાસન મળ્યા પછી આ વિચારવા જેવું છે કે કમમાં કમ આ અશક્તિને શક્તિશાલિતા, અને પાગલતાને હોશિયારી તો નથી માનતા ને ? નહિતર શાસન સાથે સગાઈ નહિ થાય, આટલી તો સચોટ માન્યતા જોઈએ કે જેટલી ભોગમાં રંગરાગમાં અને કષાયના ધમપછાડામાં કૂદાકૂદ, એટલી નિર્બળતા વધારે. નાનો પણ છોકરો જો વિવેકી છે, બહુ સારા મીઠા ભોજન પર તૂટી નથી પડતો તો એ ખરેખર શક્તિશાળી છે, અને મોટા છતાં આંખ મીંચી મંડે છે તો એ મુડદાલ છે.

**શક્તિનો સાચો ઉપયોગ આત્મસંયમનમાં છે.**

પોતાની ઇન્દ્રિયોને, પોતાની કાયાને, પોતાના ક્રોધીલા વગેરે સ્વભાવને તથા ખોટા વિકલ્પ-વિચારણાને કાબૂમાં રાખવા એ શક્તિનું ખરેખરું કાર્ય છે. એમાં જ સાત્ત્વિકતા છે. લડાઈમાં હજારો રણસુભટોને જીતે એના કરતાં એક પોતાના આત્માને જીતે એ બેમાં આકાશ-પાતળનું અંતર છે. સ્વાત્મ-જય કરવામાં અનેરી



શક્તિ-શાલિતા છે, સાચી શૂરવીરતા છે.

આપણને દબાવવા આવનારને દબાવવા-દબડાવવાનું ન આવડ્યું, પરંતુ એ વખતે આપણા આંતરિક ગુસ્સાને, વૈરને ને કષાય-વિહ્વળતાને કચરવાનું આવડ્યું તો એ આપણી અદ્‌ભુત તાકાત ગણાય. એવી તાકાતનો અમલ એ આંતરિક અન્ય પણ મહાન શક્તિઓને પ્રગટ કરવાનો જબરદસ્ત ઉપાય છે.

**વાઘ-મવાલી-માયાવીની શક્તિ :-**

મન સ્વચ્છ અને સ્વસ્થ કરી આ નક્કી કરી લેવા જેવું છે કે આપણે કેવાં કાર્ય કરવામાં શક્તિમાન ગણાઈએ ? અને એના બદલે કોઈ જાતની કાર્યવાહી કરતાં સત્ત્વહીન ગણાઈએ ? **મનન** કરે તે માનવ. મનન આ કરવાનું છે, શક્તિમાન શી રીતે ? અશક્તિમાન શી રીતે ? આનો વિચાર અજ્ઞાનીની ગણત્રીએ નહિ પણ જ્ઞાનીની ગણત્રી મુજબ કરવો જોઈએ; કેમ કે અજ્ઞાનીની ગણત્રીમાં તો જંગલના વાઘવરુની પણ ગણત્રી આવે. અને એમાં શું મળે ? આ, કે નિર્દોષ નિરપરાધી પણ મરગલાને ઝડપી પાડી જીવતાં ફાડી ખાવાં એ શક્તિમત્તા અથવા મોટા હાથીઓને પડકાર કરી એના પર આક્રમણ કરવાં, ગંડસ્થળ ભેદવાં, એ શક્તિ-મત્તા ! આવી સિંહ જેવા પ્રાણીઓની ગણત્રી હોય છે. તો શું આપણે આ રીતે શક્તિમત્તાનો હિસાબ મૂકવો ? દુનિયામાં ડાકુ, લૂંટારા, મવાલી માણસો ભલભલાને લૂંટવા-પીડવામાં પોતાની શક્તિમત્તા જુએ છે ! માયાવી પ્રપંચ ખેલવામાં શક્તિમત્તા ગણે છે, બળવાન પોતે સામાનું ન સહતાં એને દબાવવામાં શક્તિમત્તા જુએ છે ! તો શું આપણે એ રસ્તે શક્તિમત્તા બતાવવી છે ? ના, કેમ ના ? કહો એ તો પાપકાર્ય છે, અધમ કાર્ય છે, એની શક્તિ એ કોઈ આશીર્વાદભૂત શક્તિ નથી.

શક્તિ તો એનું નામ કે જે પોતાને અને બીજાને લાભમાં ઊતરે. સ્વ-પરને નુકસાન કરે; શ્રાપરૂપ બને એને શક્તિ શાની કહેવાય ?

લૂંટારાએ દસને મારવા લીધા, એ શક્તિ નથી.

પરંતુ કોઈ પરગજુએ એમાંથી રક્ષા કરી એ શક્તિનું કાર્ય કહેવાય. બસ, આ રીતે વિચારતાં હવે શક્તિમત્તાનું ધોરણ સમજાય એવું છે કે,

- દુનિયાપાર જઈ લક્ષ્મી કમાઈ લાવવી એ કોઈ શક્તિમત્તા નથી, પણ જાતે અગવડ વેઠીને પણ લક્ષ્મી નિઃસ્વાર્થ દાનમાં દઈ દેવી એ શક્તિમત્તાનું કાર્ય છે.
- બેની સામે ચાર ઠોંસા ઠોકવામાં નહિ, પરંતુ ક્ષમા સમતાથી ઠોંસા-અપમાનને ગળી જવામાં શક્તિમત્તા છે.
- ઇન્દ્રિયોને વિષયોમાં કુદાવવામાં નહિ, પણ વિષયોથી પાછી વાળી લેવામાં, વિષયો તરફ ન જવા દેવામાં શક્તિમત્તા છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

● એમ સહિષ્ણુતા-ગંભીરતા-ઉદારતા, સત્ય-ન્યાય નીતિ, ત્યાગ-વૈરાગ્ય-તપ...આ બધું કરાય, ત્યાં શક્તિમત્તા-સાત્ત્વિકતા વાપરી ગણાય.

● એના બદલે ઈર્ષ્યા-ઉદ્ધતાઈ, મદ-મત્સર, જૂઠ-અનીતિ, રંગરાગ-ભોગ-લંપટતા...વગેરે કરાય તે તો કાયરતા, સત્ત્વહીનતા અને નબળાઈનાં કાર્ય છે.

સાચી શક્તિમત્તાનું ધોરણ નક્કી કરાય તો દિલને જાગૃતિ રહે, કે 'ઊભો રહે, બને ત્યાં સુધી એવાં સત્ત્વહીનતાનાં કાર્યથી બચું. હું કાંઈ મૂર્ખ નથી, પશુ નથી, માનવ છું; જૈન ધર્મ પામીને તો મહામાનવની કક્ષાએ આવ્યો છું. તે હવે નિઃસત્ત્વ ન બનું, સાચો શક્તિશાળી બનું, મન મારીને પણ સારાં આચાર, સારી કરણી, સારાં સુકૃતો કરવામાં જ ખરી શક્તિ ખીલે છે.'

**કર્તવ્ય-માર્ગ :-**

માનસિક ધોરણની તો પ્રવૃત્તિ ઉપર મોટી અસર પડે છે. ધોરણ ચોરાટિયા માણસનાં પહેલેથી હલકાં હોય છે; એટલે એની કાર્યવાહી હલકી સહેજે બન્યા કરે છે. સંત પુરુષનાં ધોરણ જ ઊંચાં એટલે સહેજે એમની પ્રવૃત્તિ ઉત્તમ થયા કરે છે. માટે,

સાચી શક્તિમત્તાનાં ધોરણ પહેલેથી નક્કી કરી રાખવાં જોઈએ અને એની શુભ ભાવના વારંવાર સેવીને એ ધોરણને હૈયે અંકિત કરી દેવાં જોઈએ, પછી એ રાહે કામ કરવામાં ખોટી લાલચ કે લોકવાયકાની પરવા નહિ રાખવાની. લાલચનો દાખલો એ, કે 'હાય ત્યાગ કરું, તો પછી આ મળેલું ભોગવવાનું રહી જાય એનું શું ?' લોકવાયકાનો દાખલો એ, કે 'લોક કહે છે, 'જોયો ઉડાઉ ? બાપ દલ્લો દઈ ગયા તે આ ભાઈસાબ દાનમાં ઉડાવી રહ્યા છે !' આ લાલચ અને લોકવાયકામાં તણાવાનું નહિ.

**લાલચ અને લોકવાયકાથી બચો :-**

લાલચ અને લોકવાયકામાં તણાવાય નહિ, તો જ સાચી શક્તિમત્તાનાં કાર્ય થઈ શકે.

વિષયો અને માનાકાંક્ષાની લાલચ તો જીવનાં સત્ત્વ નિચોવી નાખે છે; **લોકવાયકાની અસર જીવને મુડદાલ કરી દે છે.** ધુતારાઓ શાના ફાવે છે ? માણસની આ નબળી કડી જોઈ લે છે કે 'એ લાલચી છે ને ? બસ લાલચમાં લપટાવો એને, સહેજે ફસાશે અને પોતાના હાથે પૈસા કાઢી દેશે.' સેલ્સમેન તરીકે યુવતીને બેસાડે છે. જાહેરાતમાં ભેગો યુવતીનો ફોટો ! રેડિયોમાં એનાં ગીત ! દુકાનના બોર્ડ પર એનું ચિત્ર ! વાર્તા, ચિત્રપટ વગેરેમાં ય એ પ્રધાન ! બસ, સ્ત્રી, સ્ત્રી ને સ્ત્રી ! શું છે આ ? માણસની નબળી કડી પરખી છે, એની લાલચ જોઈ લીધી છે કે 'એ કામનો ભૂખ્યો છે, સ્ત્રીતત્ત્વનો લાલચુ છે, એ આગળ ધરો એટલે પોતાની



જાતે જ હોંશે હોંશે ઝંપલાશે, ખીસા ખાલી કરશે !' લાલચથી સત્ત્વ હણાય છે એટલે નબળા બન્યા પછી ફસામણીમાંથી બચવાનું જોમ નથી.

**શક્તિ કોણ હણે છે ? :-**

માછલાં અને પંખેરા લાલચમાં જાળમાં ફસાય છે. હાથી લાલચનો માર્યો પકડાય છે. સાપ સંગીતની લાલચમાં છાબડામાં પુરાય છે. કેમ ? લાલચમાં શક્તિ ગુમ ! સાચી શક્તિ, વિષયાકર્ષણતાથી જરાય ન લહેવાઈ જતાં, એની બેપરવા રાખવામાં છે. પરંતુ લાલચ ચીજ એવી છે કે એ શક્તિ નથી રહેવા કે જાગવા દેતી. માનાકાંક્ષાની લાલચ પણ એવી જ છે. એ લાલચમાં જીવ એ જ જોયા કરે છે કે માન ક્યાં મળે છે ? આપણે સારા કેમ લેખાઈએ ? એમાં પછી સત્ત્વ ખત્મ ! સત્ય, ગુણાનુરાગ, નિંદાત્યાગ, વગેરે સાચવવાનું જિગર નહિ !

ત્યારે લોકવાયકાની અસરમાં તણાવું એ પણ મુડદાલ થવાનો રસ્તો છે. આપણે સત્ પથ પર ચાલ્યા જઈએ એમાં અજ્ઞાન લોક ગમે તે બોલે એથી શું સત્પથ છોડી દેવો ? સારું કાર્ય મૂકી દેવું ? હલકું કાર્ય કરવું ? લોકવાયકાની એવી પરવા શા માટે ? અસર શા માટે ? પરવા રાખીએ, અસર લઈએ એટલે શક્તિ ખત્મ થાય છે, અને દોષોના શિકાર બનવું પડે છે. લાલચવશ બનવું કે લોકવાયકાથી લહેવાઈ જવું, એમાં શક્તિહીન બનાય છે. માટે એ બંનેના બેપરવા બનવું જોઈએ; હાં, આની પરવા જ નહિ કરવાની; તો જ સાચી શક્તિમત્તાનાં કાર્ય થઈ શકે.

**દેવસિકાનાં ભજિયાં ! :-**

પેલો દેવસિકાને ત્યાં આવેલો સત્ત્વહીન છે, વિષયલંપટ છે, દેવસિકાના વેશમાં રહેલી દાસીના મીઠા બોલ સાંભળી ગોળગોળ થઈ ગયો છે. પ્રેમની વાતો કરે છે, પ્રેમની માગણી કરે છે, દાસી દેવસિકાની ભણાવી મૂકેલી છે. એ ય વાતમાં રસ દેખાડી કહે છે,

'આજ તો મારા હાથે તમને સારાં ભજિયાં બનાવી ખવરાવવાં છે. તમને એક કળા બતાવું કે ચીજ કેવી થાય છે !'

પેલો હરખાઈ જઈ કહે છે, 'વાહ ! ભજિયાં ? એ તો બહુ સરસ. બનાવો, પણ જલદી કરજો હોં.'

કેમ જલદી ? લંપટ છે, કૂતરો થઈને આવ્યો છે, ભોગનો ભુખાળવો છે. ભાન નથી કે 'કર્મની સજા તો ભયંકર કરુણ વરસશે, પણ અહીં પણ મોટી નાલેશી અને જિંદગીનું કલંક-અફસોસી મળવાના છે.' ઈન્દ્રિયોની લંપટતા અંધ બનાવે છે, આગળ પાછળનો વિચાર જ નથી રહેવા દેતી. માટે દેખતા રહેવું હોય એણે એવી લંપટતાને ફગાવી દેવી જોઈએ અને ખરી શક્તિ વાપરવી જોઈએ.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કહેશો વાત તો સીધી છે, પરંતુ સહેલી ક્યાં છે ?

**લંપટતા રોકવાનો ઉપાય :-**

એનો રસ્તો છે. જીવને જે ઇન્દ્રિય તાણવા જતી હોય તેના માટે એમ વિચારવું કે 'આ મળી છે માટે બહારમાં જવાની શક્તિ હોવાનું લાગે છે ને ? અંધ હોત તો રૂપ જોવાની શક્તિ જ ક્યાં હોત ? કાન જ ન હોત તો જાતની પ્રશંસા કે બીજાની નિંદા સાંભળવાની શક્તિ જ ક્યાં ? મન જ ન હોત તો કોઈનું ખોટું ચિંતવવાની, ઈર્ષ્યા, અસહિષ્ણુતા, પ્રપંચ, ગુમાન વગેરે વિચારવાની શક્તિ જ ક્યાંથી ? માટે એક તો એ વિચારવું કે 'જીવ ! માની લે કે જાણે તારી પાસે આ ચક્ષુ વગેરે જ નથી, મન જ નથી, શું કામ ખોટે રસ્તે દોડવાનું ?' બીજું એ વિચારવું કે 'ભલે ઇન્દ્રિય-શક્તિ છે, છતાં સામે ઇન્દ્રિય કે મનને ખોટામાં ન જોડવાની કે જોડાતાં અટકાવવાની તારા આત્મામાં કોઈ શક્તિ છે કે નહિ ? છે જ. માટે તો સીડી ઊતરતાં કે ખાડો લંઘતાં આંખને બીજેથી ખસેડી અહીં જોડી શકે છે. ત્યારે આત્માની એ અસલી શક્તિ સંયમનની મહાન કલ્યાણ શક્તિ કાં ન વાપરવી ?' શા સારુ ઇન્દ્રિય કે મનની વિષય-સંપર્કની શ્રાપરૂપ ગોઝારી શક્તિનો ઉપયોગ કરવો ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૧૨,તા.૧૫-૧૨-૧૯૬૨

**શક્તિ બે :-** મનથી ગુસ્સો કરવાની શક્તિ છે, તો આત્માની ક્ષમા કરવાની ય શક્તિ છે ને ? અને આ ક્ષમા-સહિષ્ણુતાની આત્મિક શક્તિ વાપરવાથી જ સાચા શક્તિમાન બનાય છે, શક્તિ ખીલે છે, સત્ત્વ વધે છે. માનવ જીવન આત્મિક શક્તિના ઉપયોગ કરવા માટે છે. એ કરીને સાચા વિવેકી, સશક્ત, બળવાન અને સત્ત્વસંપન્ન બનવા માટે છે. નજર સામે તક બેય છે, પણ નરસી શક્તિ વાપરવાના આવેશમાં, આંધળિયામાં સારી આત્મિક શક્તિ વાપરી શકવાની તક, અવસર વેડફાઈ જશે ! મહાવીર પ્રભુનો સેવક આવો કંગાળ હોય ? મુડદાલ હોય ? મોહરાજા કેવો રમાડી રહ્યો છે ! આપણી પોતાની જ આત્મિક શક્તિનો પ્રભાવ પાડવાનું મન પણ ન થવા દે ! પાસે પૈસા હોય, પંડિતાઈ હોય તો તો મન એ થાય છે કે 'બીજા પર એથી મારો પ્રભાવ પાડું !' પણ સાથે ક્ષમા, તૃષ્ણા, ત્યાગ, સંયમની જે આત્મિક શક્તિ છે, તેથી અહીં એ આત્મિક શક્તિનો ઇન્દ્રિય-મનની શક્તિ પર પ્રભાવ પાડવાનું મન ન થાય ? તે ય સર્વજ્ઞનું શાસન મળ્યા પછી પણ નહિ ? પ્રભુને પ્રાર્થના કરો આંખમાં પાણી ભરાઈ આવે એ રીતે પ્રાર્થના કરો કે 'નાથ ! માફ કરજે, ખરેખરી આત્મિક શક્તિઓને તેં ઓળખાવી આપી,



ને તારા ઉપકારે અહીં મેળવી પણ આપી, છતાં હું કાયર એની અવગણના કરી ખોટી ઇન્દ્રિય-શક્તિઓને ભુખાળવાની જેમ વાપરી લેવામાં પડ્યો છું ! પ્રભુ ! તારો ગુનેગાર છું, પણ હવે તારા પ્રભાવથી રાહ બદલીશ, આત્મિક શક્તિઓનો બને તેટલો વધુ ને વધુ ઉપયોગ કરીશ.' દિલની વારંવારની આ પ્રાર્થના અદ્‌ભુત બળ આપશે, આંતરિક છૂપા રહેલા શક્તિના ખજાનાને પ્રગટ કરશે.

**પરદેશીને સજા :-**

અહીં પેલો પરદેશી ઇન્દ્રિયોની શક્તિના ઉપયોગમાં તણાયો છે. પણ એ તો પરની શક્તિ છે, ત્યાગ-વિરાગ-સંયમ એ પોતાની શક્તિ છે. પરની શક્તિના ઉપયોગમાં જુઓ પરદેશી કેવો માર ખાય છે !

દાસીએ ભજિયાં બનાવવા માંડ્યાં, પેલો કોચ પર બેઠો છે, આ નીચે બેસી ભજિયાં ઉતારીને આપવા માંડે છે. ભાઈ તો લટ્ટુ થઈ ગયા છે, દેવસિકાના હાથનાં ભજિયાં ! કેટલા ગુણ ગાય છે ! પ્રેમનાં શબ્દ-પુષ્પ વેરે છે ! એમાં લાગ સાધી દાસી જ્યાં પેલો નીચો વળી એના એક હાથમાંથી ભજિયું લેવા જાય છે ત્યાં બીજા હાથે દાસીએ તાવડીના તેલમાં તમતમી ઊઠેલો તાવેતો એના કપાળે ચિટકાડી દેતાં કહે છે,

લ્યો લ્યો દેવસિકાનું ભજિયું તો આ છે !

ચામડી બળી ઊઠતાં પેલો તો રાડ પાડતો ઊભો થઈ ગયો, આ ય તાવેતા સાથે ઊભી થતાં કહે છે 'ઊભો રહે, હજી તો બીજાં ભજિયાં ખવરાવું છું મારી શેઠાણીની લાજ લૂંટવા આવ્યો હતો ? પણ આગળ હું એની દાસી ઊભી છું, બરાબર તાવેતા ચોડીશ, જાય ક્યાં ?'

પેલો તો ગભરાયો કે બીજા ચોડી દેશે, અને પારકા ઘરમાં તે વળી કબાડું કરવા આવેલો એટલે નબળી કડીમાં ગાત્ર ઢીલાં ! દાસીનો સામનો કરવાની હામ નહોતી. ક્યાંક એવું બને છે. રસ્તે જતી બાઈ પર કોઈ અડપલું કરવા ગયો, અને ત્યાં એ બાઈએ જરા હિંમત કરી તરત જ પગમાંથી ચંપલ કાઢી જો પેલાના મોઢા પર ચોડી ને, તો પેલાની સામનો કરવાની કોઈ તાકાત નહિ ! શરમાઈને ભાગ્યો સમજો.

આ પણ મંડ્યો ભાગવા. દાસી એની પાછળ દોડે છે; ગયો પરદેશી. કપાળમાં તપેલો તાવેતો અને સાથે કડકડતું તેલ, તે લહાયો ઊઠી ! હવે કામનો આવેશ ક્યાં ઊભો રહે ? એના મનને વિચાર આવે છે;

**મિત્રો સાથે ઠગાઈ :-**

'અરે ! આ તો ખરો ફસાયો ! રૂપિયાના રૂપિયા ગયા, ધાર્યું કાંઈ થયું નહિ, અરે ! દેવસિકાને જોવા સરખો પામ્યો નહિ, ને ઉપરથી આ કપાળમાં બળવાનું મળ્યું ! હવે જો ભાઈબંધોને ખરી હકીકત કહી દઉં તો એ કોઈ અહીં



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ફરકે નહિ ને મને એકલાને મૂર્ખ ઠરાવે ! તેમ દેશમાં પણ હું એકલો મૂર્ખમાં ખપું ! માટે હવે તો ભલે બધા ય મારી જેમ ભજિયાં ખાય બસ, જઈને એવું મોજનું વર્ણન કરું કે ઝટપટ અહીં દોડતા આવે.'

જાતે ભૂલ કરી છે માટે સજા મળી છે, છતાં અહંત્વની વૃત્તિ- 'હું એકલો મૂર્ખમાં કેમ ખપું ?'-એ ઈર્ષ્યા અને પ્રપંચ કરાવે છે ! બીજાને દુઃખી કરી રાજી થવાનું કરાવે છે ! કેવી જઘન્ય અધમાધમ વૃત્તિ છે ! આમાં મૈત્રી, કરુણા ક્યાં ઊભી રહે ? એ માટે તો દિલ ઊંચું જોઈએ. પરંતુ અહંવૃત્તિ, સન્માનવૃત્તિ, એ દિલને છીછરું બનાની દે છે. પછી ત્યાં બીજાને દુઃખી કરી ખુશી થવાની લાલસારૂપી પિશાચી વૃત્તિ ઊઠે એમાં નવાઈ નથી. એ સૂચવે છે કે એવી અધમ છીછરી વૃત્તિમાંથી આત્માને બચાવી લેવો હોય તો ખોટા અહંત્વમાં ન તણાવું જોઈએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૩,તા.૨૨-૧૨-૧૯૬૨

પેલો પરદેશી તો મિત્રોને ઠગવા માટે કપાળે રૂમાલ વીંટીને મકાને એટલો બધો હરખ દેખાડતો આવે છે કે બીજાને આ રૂમાલ કેમ બાંધ્યો છે એ વિચાર જ ન આવે, અને હરખની જ હકીકત પૂછે !

અહીં બીજા રાહ જોઈને બેઠા છે; તે પૂછે છે,

'કેમ ? કેવી ફાવટ ?'

'અરે, ફાવટનું પૂછવું જ શું ? એનું વર્ણન ન થઈ શકે. એ તો અનુભવ કરશો ત્યારે સમજાશે. ત્યારે તમને લાગશે કે શું એક સ્વર્ગની દેવી છે ! બસ, એણે તો દેવતાઈ જેવો આનંદ આપ્યો ! એનું રૂપ, લાવણ્ય, સુકોમળતા...બધું અનેરું ! આપણો તો ધક્કો સફળ થઈ ગયો.'

આ સાંભળતાં બીજાનો ઉન્માદ વધી ગયો. ચિત્ત તો તે તરફ ઢળેલું તો હતું જ, એમાં અનુકૂળ અને ઉત્તેજક સાંભળવા મળ્યું, પછી શું બાકી રહે ? જલદી જવા તલપાપડ થઈ ગયો. કામના આ અતિ આવેશના અંધાપામાં એ જોવા ફુરસદ કે ધ્યાન નથી કે આ કપાળે રૂમાલ કેમ બાંધ્યો છે ?

લંપટતા, અતિ આતુરતા ચીજ જ એવી છે કે લાંબો કે આગળ પાછળનો વિચાર જ ન કરવા દે. માટે,

શાણા માણસનું લક્ષણ આ છે કે વધુ પડતી લાલસા આતુરતા ન રાખે કે જેથી જરૂરી વિચારવાનું કે તપાસવાનું ભૂલી જવાય.

દેવસિકાનાં રૂપ વગેરેનું વર્ણન સાંભળતાં બીજાઓ પાણી પાણી થઈ ગયા;



હવે ત્રણેનેય થયું કે હમણાં ને હમણાં પહોંચી જઈએ, પરંતુ વારા નક્કી થઈ ગયેલા હતા, એટલે શું કરે ? એમાં પાછળવાળાને લાગે છે કે ઘણી મઝા તો આ આગળવાળા ખાટી જશે પરંતુ ફિકર નહિ, આપણે બંદા રૂપિયા વધારે વેરીશું એટલે એનો પ્રેમ ઓર ખીલી ઊઠશે !

પાગલ જ છે ને ? જ્યાં કશો ય માલ નહિ, માર જ મળવાનો છે, ત્યાં રાંકડી મૂઢ કલ્પનાઓ અને ફજુલ હરખ કરી રહ્યા છે ! 'પૈસા વધુ આપીએ એટલે પ્રેમ વધુ મળે' આવા ભ્રાન્ત ધોરણમાં તણાય છે !

**સાચો પ્રેમ કેમ મળે ? :-**

શું પ્રેમ પૈસાથી ખરીદી શકાય છે ? ઘડીભર દેખાય કે પૈસા ઠીક ઠીક આપ્યા અને સામો પ્રેમ દેખાડવા લાગ્યો, પરંતુ પછી આપવાનું બંધ થતાં, કે બીજેથી અધિક મળતાં અહીંનો પ્રેમ ઓસરતાં વાર નહિ !

પ્રેમ પૈસાથી નહિ, પણ આપણા સાચા સદ્ભાવ, સેવાભાવ, સમવેદન તથા ગુણોથી મળે છે.

સામાનો પ્રેમ ઊભો કરાવવો છે, તો આ ચાવી છે, પરંતુ તે ભૌતિક સુખ સગવડની જ લાલસાઓ હશે તો સાચો પ્રેમ નહિ મળે. દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકના ઊંચા પ્રેમ આપણા પર વરસે એમ ચાહીએ છીએ, પરંતુ એ પૂર્વે ઊંચા સદ્ભાવ સેવાભાવ વગેરે આપણે ઊભા કરવાના છે.

**ત્રણની દુર્દશા :-**

હોંશમાં ને હોંશમાં બીજા ભાઈ ઊપડ્યા દેવસિકાને ત્યાં. પણ શું પામ્યા ? એ જ, પહેલા ભાઈની જેમ કપાળે ડામસ્તો ! એણે પણ પાછા આવી એ વાત છુપાવી અને મોજનાં ખોટાં વર્ણન કર્યાં ! પછી ત્રીજો અને ચોથો પણ એ જ શિક્ષા પામ્યા ! ચારે ય હવે તો એક બીજાની દુર્દશા સમજી ગયા. શરમનો પાર ન રહ્યો. ઘણું પસ્તાય છે કે રૂપિયાના રૂપિયા ગયા, ધાર્યું કાંઈ થયું નહિ, ને આ કેવી નાલેશી મળી ! પણ આના અંગે કોઈને દોષ અપાય એવું નહોતું, આ તો હાથનાં જ કર્યાં હૈયે વાગ્યાં ! છતાં પાછળના ત્રણ પહેલાને ઠપકો આપે છે કે

'આ શું કર્યું ? તે જાણ્યા-અનુભવ્યા છતાં અમને કહ્યું નહિ ?'

પેલો કહે છે, 'કહું એટલે તમે જ મને ઉલ્લુ બનાવો ને ? જિંદગી સુધી શું હું એકલો હાંસીપાત્ર બનું ? એ તો ! ચારેના ભાગમાં આ સોદો હતો તે ભાગીદારીનો લાભ બધાને જોઈએ !'

પછી તો ચારે ય સમજીને દેશભેગા થઈ ગયા.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**દેવસિકાને મોટી ચિંતા :-**

અહીં દેવસિકાએ લપ તો કાઢી, પરંતુ એને એક બીજી મોટી ચિંતા થઈ પડી કે 'આ ચારેયને બદદાનતની શિક્ષા તો મળી, પરંતુ હવે ત્યાં જઈને જો એ મારા પતિ ઉપર એનું વેર વાળવાનું કંઈક કરે તો જુલ્મ થઈ જાય ! ત્યારે આ મેં શું સાહસ કર્યું ?'

માણસ હોશિયારીનું એક કામ હરખમાં ને હરખમાં કરી તો દે છે, પરંતુ લાંબા પરિણામનો જો વિચાર નથી કર્યો હોતો તો કાર્યમાંથી ફારેગ થયા પછી જ્યાં એના લીધે આપત્તિ દેખાઈ, કે વિચાર આવે છે 'હવે શું થાય ?' એમાં જો કાર્યના લાભ કરતાં આપત્તિના નુકસાનનું પ્રમાણ મોટું દેખાય તો પૂર્વની હોશિયારીના બધા આનંદને ખાઈ જાય એવો સંતાપ-પશ્ચાત્તાપ ઊભો થાય છે !

અનુભવીઓએ આ જોયું છે એટલે જ એમની સલાહ છે કે હંમેશાં દીર્ઘદ્રષ્ટા બનો, પરિણામનો વિચાર કરો, આંધળિયાં ન કરો, આપમતિમાં ન દોડો.

**પહેલું પરિણામ જીવનના અંતે શું :-**

આ સલાહ જો જીવનમાં બધા ક્ષેત્રે લાગુ કરાય તો ઘણા નુકસાન અને પસ્તાવાથી બચી જવાય. મોટું પરિણામ તો આજ વિચારવાનું છે કે જે કાંઈ અહીં કરીએ, બોલીએ-ચાલીએ કે વિચારીએ, એની અસર જીવનના અંત વખતે કેવી આવીને ઊભી રહેવાની ? અને પરભવે કેવું પરિણામ બની આવે ?

વાણી, વિચાર અને વર્તાવ રસપૂર્વક જે ઘૂંટાયું હશે તે જ મોટા ભાગે અંતકાળે મગજને પકડશે. એ ભૂલવા જેવું નથી.

એટલે જ બાહ્યભાવ, બહિરાત્મભાવ ને પૌદ્‌ગલિક ભાવના બહુ રસ રાખવા જેવા નથી; નહિતર જ્યારે અંતકાળે બહારનું બધું ખોવાઈ જતું દેખાશે અને આત્મા એકલો અટુલો બની જતો નજર સામે તરવરશે, ત્યારે પણ મગજ જીવનભર ઘૂંટેલા બહારના વિચારોને છોડી શકશે નહિ ?

આ કેવીક ભારે કરુણ દશા ! બહારનું ચોક્કસ ઊપડી જતું દેખાય છે છતાં પણ વિચારો એના છોડવા નથી ! પોતાની ચીજ તરીકે હું એકલો પોતાનો આત્મા દેખાય છે, છતાં એનો વિચાર લાવવો મુશ્કેલ બને છે ! ને ખોવાતાના વિચાર ઘેરી લે છે !

માણસ મરવા પડ્યો છે, એને હિતૈષી સલાહ આપે છે 'ભાઈ ! આ ધર્મના ખાતામાં આટલું આપવા જેવું છે. કહી દો.' પણ પેલાના મનમાં એમ થાય છે કે 'હાય ! એ કેમ દઈ દેવાય ?' અરે, મૂર્ખ ! પણ તારે તો હવે આ બધું જવા બેઠું છે, છતાં આટલી મમતા શી ?-આ એને કોણ સમજાવે ? કદાચ કહો કે 'પણ એને એના પરિવાર માટે મમતા હોય ને ?' પરંતુ ત્યાં પણ એ જ પ્રશ્ન છે કે પરિવાર



પણ હવે જવા બેઠો છે, હવે પોતાનો નથી રહેવાનો, પછી એની એવી ઘેલી મમતા શી કે જે પોતાના જ આત્માના હિતને બગાડે ?

**મમતા કેમ ગાઢ થઈ ? :-**

પરંતુ આ મમતા એકાએક નથી ઊભી થઈ. જીવનભર એના વિચાર અને વર્તાવ કર્યા છે તેથી એ એવી ગાઢ બની ગઈ છે કે અંત વખતે એ રોકી રોકાતી નથી. બસ ત્યારે, દીર્ઘદૃષ્ટિથી વિચારવાનું છે કે મમતાના બહુ વિચાર-વર્તાવથી લાંબે ગાળે પરિણામ કેવું આવશે ?

પરિણામનો એક બીજો વિચાર એવો છે કે માણસ જરા જરામાં ઊકળી ઊઠે છે, જરાક-શા લાભમાં ઉન્માદથી ઊછળી ઊઠે છે, પછી એવું બોલી-ચાલી બેસે છે કે પાછળથી એ જ પાછું ફેરવવું પડે છે ! અહીં જો પરિણામદર્શી બનાય, તો ઝટ ઊકળવા-ઊછળવાનું ન કરાય એટલે પછી સંતાપ-પસ્તાવો ઊભો નહિ થાય.

**હાંસી-મજાકથી બચવા શું વિચારવું ? :-**

પરિણામનો વિચાર કરવો હોય તો બહુ કાંઈ કઠિન નથી. હાંસી-મજાકનાં વચન બોલી બીજાને હસાવવાની ઊર્મિ થઈ આવે છે. અહીં પરિણામ આ રીતે વિચારી શકાય કે,

(૧) હાંસી-મજાક કરતાં કરતાં દિલમાંથી ગંભીરતા ચાલી જશે તો આત્મ-વિચાર, તત્ત્વ-ચિંતન, ને ઉત્તમ અનિત્યાદિ-ભાવના ઊંડાણથી કરવાનું નહિ બની શકે. લાયકાત જ નહિ રહે !

(૨) બીજું બહારમાં એક ગંભીર પુરુષ તરીકે સ્થાન નહિ રહે. વળી,

(૩) રમૂજી ટેવને લીધે વાતોડિયા ને માખણિયા માણસ વળગતા રહેશે તેથી કિંમત સમય ખાઈ જશે.

આ બધો પરિણામનો વિચાર છે. એમ નિંદાની કુટેવમાં પરિણામ એ, કે-

(૧) સાંભળનારો કદાચ મૂળ ધણીને આપણા અંગે કહી આવશે કે 'ભાઈ આમ તમારા માટે કહેતા હતા,' તો વૈમનસ્ય વધશે.

(૨) આપણી હલકાઈ થશે.

(૩) જતે દહાડે નિંદાની કુટેવ બીજાનું સારું જોવાની શક્તિનો નાશ કરશે, અને હલકું જ જોવાની કુટેવ બની જશે. આ પરિણામો બહુ દુઃખદ કહેવાય.

એમ અસહિષ્ણુતાનાં વચન અને વર્તાવનાં પરિણામ પણ સારાં નહિ. પરિણામ એ, કે

(૧) કદાચ વસ્તુ-સ્થિતિ બીજી જ નીકળી તો ભોંઠા પડવાનું થશે.

(૨) તેમ ખોટું ન હોય તો પણ સામાના દિલમાંથી આપણા પરનો સદ્‌ભાવ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ઓછો થશે.

(૩) આપણો એના માટે બીજો ભોગ સારો હશે છતાં એ આપણું જેટલું બહુમાન નહિ કરે એટલું બીજાનું કરશે.

(૪) લોકમાં પણ આપણી ગણતરી તામસી યા કડક મિજાજી તરીકે થશે.

(૫) આપણો પણ સ્વભાવ આળો બનતો જશે.

(૬) વળી અસહિષ્ણુ સ્વભાવમાં બીજા ઘણા ગુણોને જામવા અવકાશ નહિ રહે,... યાવત્ સોનેરી પણ કડવી હિતશિક્ષા સાંભળવા લાયકાત નહિ રહે. આ બધાનો વિચાર એ પરિણામનો વિચાર કહેવાય.

આ તો આ લોકના પરિણામોનો વિચાર થયો. બાકી પરલોકમાં તો ભયંકર પરિણામો સર્જાય છે, એ ખાસ ધ્યાનમાં રહે.

પરિણામનો વિચાર પહેલો જ કરવામાં આવે તો (૧) કેટલાંય અકાર્યથી બચી જવાય અને (૨) 'ભવિષ્યમાં એવાં દુઃખદ પરિણામ ભોગવવાં પડે એના કરતાં વર્તમાનમાં થોડી અગવડ વેઠી લઈશ પણ સાહસ નહિ ખેડું,' એવો વિચાર આવે.

**પતિ-રક્ષાનો ઉપાય શોધે છે, :-**

દેવસિકાને ચિંતા થઈ, કે 'પેલા લોકો ત્યાં જઈને પતિને કાંઈ હાનિ પહોંચાડે તો ? ખરેખર ! આ મારું સાહસ થયું, પરંતુ હવે રસ્તો કાઢવો જોઈએ જેથી મારી ભૂલે પતિને કોઈ અનિષ્ટ ન કરી બેસે. એણે મનમાં ઉપાય શોધી લઈ એ અજમાવવાનું નક્કી કરી લીધું પછી પોતાની સાસુને વસ્તુ સ્થિતિ સમજાવી કહે છે.

'આ હકીકત બની છે અને મને ડર છે કે કદાચ પેલા લોકો તમારા ચિરંજીવી પર આફત લાવે. માટે હું તાબડતોબ એક વેપારી તરીકે એ દેશમાં જવા માગું છે. આપના આશીર્વાદ અને અનુજ્ઞા જોઈએ.'

સાસુ કહે છે, 'અરે ! તું બાઈ માણસ તે પરદેશમાં શું કરી શકીશ.'

બા કહે છે, 'આપ ફિકર ન કરો. આપના પ્રતાપે હું ત્યાં એવો ઉપાય કરીશ કે બધું ક્ષેમકુશળ થઈ જશે. અને હું પુરુષ વેશે જઈશ. બાકી ઘરના દાસ દાસીઓ, વફાદાર છે તે સાથે રહેશે એટલે કાંઈ ચિંતા રાખશો નહિ, એવી આપને મારી નમ્ર વિનંતી છે.'

**દેવસિકા પુરુષવેશે પરદેશે :-**

સાસુ એનું ઓજસ, એનો ઉત્સાહ, અને એની હોશિયારી જોઈ રજા આપે છે. પછી દેવસિકા પુરુષનો વેશ કરી દાસદાસીઓને સાથે લઈને વહાણમાં માલ સાથે પરદેશ જાય છે. ક્રમે કરીને જ્યાં પતિ વેપાર કરી રહ્યો છે, ત્યાં આવે છે. એક હવેલી ભાડે લઈ ઉતારો કર્યો, અને નવા વેપારી પરદેશથી કોણ આવ્યા છે, એની



માણસો પાસે તપાસ કરાવી લીધી. એમાં પતિ ક્ષેમકુશળ હોવાનું જાણી સંતોષ અનુભવ્યો. પોતે હજી પતિને મળતી નથી. એ વિચાર કરે છે કે,

'પેલા ચાર જણા હમણાં પતિને મળતા લાગતા નથી. છતાં પતિને લઈને કદાચ હું સ્વદેશ ચાલીય જાઉં તો પણ પેલાઓ તરફનું જોખમ ઊભું છે; હજી એ લોકોનો વિશ્વાસ ન કરાય, માટે એમને હિતશિક્ષા તો બરાબર દેવી જોઈએ. પરંતુ હવે આવડા મોટા શહેરમાં શોધવા ક્યાં ? પણ એક રસ્તો છે.' રસ્તો વિચારી લીધો અને નગરના રાજાને મળવા જવાની તૈયારી કરી.

**રામાયણમાં સતી સિંહિકા :-**

એક સતીના જીવનમાં આ વિચિત્ર લાગશે, પરંતુ આર્યદેશની સતીઓ કર્તવ્ય આવી પડ્યે માયકાંગલી કે ડરપોક બનનારી નહિ. રામાયણમાં આવે છે,-રામચંદ્રજીના પૂર્વજમાં રાજા નઘુષ પોતાની પત્ની સિંહિકાને એકવાર રાજ્યનું સુકાન સોંપી પરદેશ જાય છે. પછી એવું બને છે કે કોઈ દુશ્મન રાજા લશ્કર લઈ ચઢી આવે છે.

સિંહિકા જુએ છે કે 'હવે રાજ્યનું રક્ષણ કરવાની ભારે કટોકટી ઊભી થઈ છે. સામાને જો ખબર પડે કે રાજા ગેરહાજર છે તો એને બહુ જોર ચઢે. એમ અહીં લશ્કર પણ રાજા વિના શૂરાતનમાં ન આવે માટે હું જ રાજા બનું.'

બસ ! નક્કી કરી એણે મરદનો વેશ પહેર્યો; લશ્કરને મોખરે થઈ !

લશ્કર તો જાણે છે કે 'અત્યારે આપણો રાજા સ્ત્રી છે; પરંતુ એક સ્ત્રી આટલી જંગે બહાદુર થાય છે ત્યારે આપણે તો પુરુષ છીએ જંગમાં કેમ બાકી રખાય ?' સુભટો ઉપડ્યા જોરમાં, ભારે શૂરવીરતાથી લડ્યા દુશ્મનને ભગાડી મૂક્યો !

**સિંહિકા સતી છે;** પરંતુ સંયોગે એને ફરજ પાડી. જો કે આ કર્યું પ્રજા અને રાજાના હિતમાં, છતાં જોખમ મોટું એ આવ્યું કે રાજા પાછો ફર્યા પછી એ હકીકત જાણી એના પર શંકિત થઈ ગયો કે 'આ બાઈમાં આટલી બધી ધૃષ્ટતા ક્યાંથી ? જરૂર, ત્યારે આચારમાં પણ એવું જ હશે !' કેટલાય વખત સુધી રાજાએ એને તરછોડી; પરંતુ આખર એનું સતીત્ત્વ આગળ આવ્યું. રાજા એકવાર બીમાર પડ્યો છે; રોગ ઉપાયો કરવા છતાં મટતો નથી. મંત્રીના કહેવાથી રાજા મંજૂર થયો, સિંહિકાએ આવી 'મારું સતીત્વ અખંડ હો તો સ્વામીનાથનો રોગ જાઓ,'-એમ સંકલ્પ ઉચ્ચારી અંજલિમાં પાણી લઈ છાંટ્યું, અને તત્કાલ રોગ નાબૂદ થઈ ગયો ! રાજાની શંકા દૂર થઈ. સતીઓને પણ સંયોગવશ પરાક્રમ ખેડવા પડે છે, અને સતીત્વ એમાં આખરે જશ અપાવે છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**દેવસિકા રાજા પાસે :-**

સતી દેવસિકા વેપારી તરીકેના વેશમાં પોતાના માણસોને સાથે લઈને રાજા પાસે ગઈ. રાજાને પ્રણામ કરી નજરાણાનો થાળ ભેટ કર્યો. રાજાએ સ્વાગત કરી આસન પર બેસવા કહ્યું. પછી પૂછે છે.

'આપ ક્યાંના વાસી છો ? કયા પ્રયોજને અહીં પધારવું થયું છે ?'

દેવસિકાએ દેશનું નામ આપી કહ્યું 'અહીં આમ તો વેપાર અર્થે આવ્યા છીએ, પરંતુ અમારા ચાર નોકર ભાગી આવ્યા છે તેમને પકડવાનું પણ એક કાર્ય છે. એટલું જાણવા મળ્યું છે કે અહીં તે ભાગી આવેલા છે.'

રાજા કહે છે, 'પરંતુ આવડા મોટા શહેરમાં પત્તો શી રીતે લાગે ?'

દેવસિકા કહે છે, 'એનો એક ઉપાય છે. આપની કૃપા હોય તો તે અજમાવી શકાય.'

**ચારને પકડવાનો ઉપાય :-**

રાજા પૂછે છે, 'બોલો શો ઉપાય છે ?'

દેવસિકા કહે છે, 'ઉપાય એ કે આપના તરફથી એમ જાહેર કરાવો કે પરદેશથી એક વેપારી આવ્યા છે અને એ આ નગરના બધા ભાગ્યશાળીઓનાં દર્શન કરવા ચાહે છે, તો સૌએ રાજગઢમાં આ ચોક્કસ સમયે આવી જવું. બસ આ જાહેરાતથી લોકો આવશે એમનાં દર્શન કરતાં કરતાં મારા નોકરોને ઓળખી લઈશ. પછી આપને ઈસારો કરું તે પ્રમાણે એમને પકડાવી મંગાવજો. બસ આટલું કરાવી દેવાની આપની કૃપા જોઈએ.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૪,તા.૨૯-૧૨-૧૯૬૨

દેવસિકાના વિવેકભર્યા અને નિશ્ચિત બોલની રાજા પર અસર પડી ગઈ. એણે સંમતિ આપી અને તે પ્રમાણે નગરમાં ઘોષણાય કરાવી દીધી.

દેવસિકા પોતાના મુકામે જઈને પછી સમયસર રાજગઢમાં હાજર થાય છે. રાજાએ એને બેસવાની ગોઠવણ કરી છે ત્યાં બેઠી બેઠી એ ક્રમસર એક બાજુથી આવતા અને ત્યાંથી પસાર થતા લોકોને હાથ જોડી દેવસિકા દર્શન કરે છે. એમાં પોતાના પતિને જોતાં રાજાના માણસોને ઈશારો કરી બોલાવી લે છે. પછી પેલા ચાર પણ ત્યાંથી પસાર થતાં, એમના કપાળે ફેન્સી પટ્ટો બાંધેલો જોઈ ઓળખી લે છે. વળી પેલી દાસી સાથે છે તે બરાબર જાણે છે એટલે ખાતરી આપે છે. બસ દેવસિકાના ઈશારાથી રાજાના માણસ એ ચારેને અંદર બોલાવી લે છે.



**ચારની જડતી :-**

લોકના દર્શનની વિધિ પૂરી થઈ. દેવસિકા અંદર રાજા પાસે જાય છે. પેલાઓને પણ ત્યાં હાજર કરાયા છે. હવે દેવસિકા રાજાને ફરિયાદ કરે છે, 'મહારાજ ! આ મારા માણસો ભાગી આવ્યા છે, તો એમનો કબજો મને મળવો જોઈએ.'

પેલા ચાર તો સાંભળતાં જ ચોંકી ઊઠ્યા. ઝટ રાજાને પ્રણામ કરી કહે છે, 'પ્રભુ ! આ શી વાત છે ? અમે તો આ નગરના જ રહેવાસી છીએ. આ પરદેશી, અમે એમને જોયા પણ નથી, પછી એમના માણસ હોવાની શી વાત ?'

રાજા પણ પોતાના નગરવાસી જાણી વિચારમાં પડી ગયો કે 'ત્યારે આ પરદેશીના માણસ શી રીતે ? અને એકપક્ષી ફેંસલો તો કાંઈ અપાય નહિ.'

**સચ્ચરિત્રનું બળ :-**

દેવસિકા સાવધાન છે. બરાબર વિચારણા વિચારીને પગલું ભર્યું છે. સાથે એનામાં સચ્ચરિત્રનું બળ છે એટલે મોટા રાજા આગળ પણ એને નિષ્ફળતા નથી મળવાની. નહિતર તો અહીં એને રાજા વળી તદ્દન અપરિચિત, અને રાજાને પોતે પણ તદ્દન અપરિચિત, પરદેશી છે એટલે નગરવાસીને મૂકી એના પર વધારે વિશ્વાસ શાનો મુકાય ?

પણ કહો, સચ્ચારિત્રીના શુદ્ધ બુદ્ધિથી વિચારપૂર્વક કરેલ પ્રયત્નને લગભગ સફળતા મળે છે.

**જીવનમાં સચ્ચરિત્રની મોટી કિંમત છે.** પેલા ચારે બિચારાએ પોતાનું ચારિત્ર્ય બગાડેલું છે. એટલે એમના પગ જ કાચા છે. કહે છે ને કે ચોરના પગ ઢીલા, ચોરની દાઢીમાં તણખો ! એટલે પોતાની નબળાઈ ખુલ્લી પડી જાય છે. અહીં પણ એવું જ બને છે.

દેવસિકા રાજાને કહે છે, 'મહારાજ ! જરા એ પૂછો કે આ મજેના શણગાર જેવા પટ્ટા કપાળે શાના લગાવ્યા છે ? જરા એને ખોલાવો એટલે ખબર પડશે કે ચારેયના કપાળમાં કોઈએ ખાસા ડામ દીધાનાં નિશાન છે ? એ આધારે તો આ અજાણ્યા પ્રદેશમાં હું એમને પારખી શકું છું.'

રાજા સાંભળીને વિસ્મય પામે છે. પેલાઓને પૂછે છે, 'આ શાના પટ્ટા લગાવ્યા છે ?'

પેલા હવે શું કહે ? બહાર બીજા પૂછનારે મળ્યા તો હશે, અને ત્યાં લોચા વાળ્યા હશે કે 'આ તો નવી ફેશન છે. સાથે શરદીથી બચાવ મળે છે.' પરંતુ અહીં લોચા વાળ્યે ચાલે એમ નથી, કેમ કે અહીં તો તરત જડતી લેવાવાની છે. આજ સુધી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

તો પોતે ચાર અને પેલી ડામ દેનારી દાસી તથા દેવસિકા સિવાય બીજું કોઈ આ ડામની વાત જાણતું નહોતું. એટલી બધી આમણે સ્નાનાદિ કરવા જતાં પણ તકેદારી રાખી હતી. પરંતુ અહીં પોકળ ખુલ્લું થાય છે. પરદેશથી આવેલો એક અજાણ્યો વેપારી કહી દે છે કે કપાળે ડામ છે. તેથી મોઢાં ઝંખવાણાં પડી ગયાં !

રાજાએ તરત પરખી લીધું કે કહેનાર વેપારી મક્કમપણે પ્રસન્ન મુદ્રાએ હકીકત રજૂ કરે છે અને આ ચારનાં મુખ શ્યામ પડી ગયાં છે, એટલે હવે જરા રોષ બતાવી કહે છે. 'બોલો બોલો ! આ પટ્ટા શાના લગાવ્યા છે ? ખોલો ઝટ એને' ને ન ખોલો તો ક્યાં જાય ? કેમ કે અહીં તો રાજવી સત્તા છે, તરત સિપાઈ પાસે બળાત્કારે ખોલાવી નાખે. એવી ખેંચાખેંચમાં ખોલવા પડે એમાં શી શોભા ? તરત પટ્ટા ખોલી નાખ્યા. બરાબર ચારેયના કપાળમાં ડામ દેખાઈ ગયા ! ખાસા મોટા ડામ !

દેવસિકા કહે છે, 'જુઓ સાહેબ ! અમારા આ માણસોની નિશાની !' વધારામાં આપને કદાચ પૂછવું હોય તો એમને પૂછી શકો છો કે આ ડામ શાથી મળેલા ? અને ક્યાં ક્યારે કોણે આપેલા ? મારી પાસે બાતમી છે પરંતુ એમના શ્રીમુખે કહેવાય તે સારું.'

રાજા ચારેયના મોંઢા સામું જુએ છે, પણ ચારમાંથી એકેયની ક્યાં હિંમત હતી કે એ અહીં એનો ઘટસ્ફોટ કરી શકે ?

અ-ચારિત્ર્ય, આચારભંગ, ચીજ એવી છે કે પકડાઈ ગયે પગ ઢીલા ઘેંસ અને મોં ફિક્કું ફસ કરી નાખે ! સત્ ચારિત્ર્યવાળાની આગળ એ નિસ્તેજ બની જાય છે.

**પ્ર.**- પણ આજે તો દેખાય છે ને કે દુશ્ચારિત્ર્યવાળા સચ્ચારિત્ર્યશીલની ઉપર શિરજોરી કરે છે ?

**ઉ.**- એનું કારણ એ છે કે એ હાથોહાથ પકડાયા નથી, લોકે એમનું દુશ્ચારિત્ર્ય જાણ્યું નથી, માટે જણાઈ ગયા પછી તો ટાંટિયા ઢીલા ! બાકી તો કાળની બલિહારી છે કે એક તો જાતમાં દુશ્ચારિત્ર્ય, અને ઉપરથી ચારિત્રીને દબડાવવાનું કરાય ! પણ એમાંય કારણ લોકની મૂઢતા છે. મૂઢ લોકો ચમકારો જુએ છે, પાછળ દુશ્ચારિત્ર્ય નહિ. એવા લોકને ઓળખી લઈ આપણે સન્માર્ગમાં મજબૂત રહેવાનું.

મજબૂત પાયાનું જીવન બનાવવું હોય તો જીવનમાં કોઈ દુષ્કૃત્યને પેસવા દેવું નહિ જોઈએ, ત્યાં સુધી કે એનો વિચાર સરખો પણ ન સ્ફુરે. એક પણ અપવિત્ર વિચાર અર્થાત્ કોઈ જૂઠું બોલવાનો, કોઈનું ઉપાડી લેવાનો, અનીતિ-અન્યાયનો, કોઈને ઠગવા-બનાવવાનો, કોઈપણ પરસ્ત્રીના અંગોપાંગ જોવા-વિચારવાનો,...આવો આવો કોઈ જ વિચાર મનમાં ન આવે, ન ઊઠે, એ તકેદારી, એ સાવધાની જોઈએ.

ધ્યાન રાખવાનું છે કે કાયાનું દુષ્કૃત્ય અપવિત્ર વિચારમાંથી જાગે છે. માટે એ



મૂળ જ ન રોપાવું જોઈએ. દિલ, મન એ આપણી મોટી ચીજ છે, એ તો ખાસ સાફ, સ્વચ્છ જોઈએ.

**ખોટા વિચાર કેમ અટકે ? :-**

(૧) કદાચ આ જીવના જુગજૂના ઊંધા અભ્યાસથી એવો મેલો વિચાર સ્ફુરી આવે તો તરત જ એને અટકાવી, બીજો જ કોઈ સારો વિચાર મનમાં ચાલુ કરી દેવો. ખરાબ વિચાર એ મહારોગ છે, એનું ઔષધ આ કે સારા વિચાર ભરપૂર કરવા.

**'સારા' વિચાર એટલે** જીવોની દ્રવ્યદયા-ભાવદયાના વિચાર; સ્વાત્માની અનેક દોષ-ખામીઓથી બનેલી દુઃખદ કરુણ સ્થિતિના વિચાર; મહાપુરુષોના ઉત્તમ જીવનપ્રસંગોની વિચારણા; જીવ-અજીવ આદિ નવ તત્ત્વના વિચાર. આ જગતની અનિત્ય, અશરણ, સંસાર વગેરે સ્થિતિની ભાવનાઓ; ઉત્તમ કોટિના સમકિતના ૬૭ વ્યવહારોના વિચાર, દર્શન-જ્ઞાન-ચારિત્રના આચારોના મનોરથોના,...આવા કેઈ શુભ વિચારનો પ્રવાહ ચાલે એવો અભ્યાસ પાડવાનો. એના ખૂબ અભ્યાસમાં જ અપવિત્ર, મલિન, ગલીચ કે તુચ્છ વિચારોનું જોર નરમ પડી જવાનું. મન નવરું પડી રહેવાના સ્વભાવવાળું નથી, એટલે સારા વિચારોનો ધંધો એને ન આપીએ તો એ ભૂંસાં કૂટશે, કચરાપટ્ટી વિચારો કર્યા કરશે. કેટલાય વિચાર એવો હશે કે જેનું કાંઈ ઊપજવાનું નહિ હોય, છતાં એની હારમાળા ચાલશે ! આવા ખોટા વિચારોથી મન મુડદાલ બની જાય છે, પછી સારા વિચારો ધારાબદ્ધ કર્યે જવા માટે નાલાયક બની જાય છે; અને ક્ષુદ્ર નિષ્ફળ વિચારો, ને મેલા અપવિત્ર વિચારો આવી જતાં વાર નથી લાગતી. માટે સારા વિચારો ભરપૂર ભરચક પ્રમાણમાં કરતા રહેવું.

એ પણ વ્યવસ્થિત, કિન્તુ અવ્યવસ્થિત નહિ;-એક સારો વિચાર અમુક શરૂ કર્યો, પછી તરત વળી કોઈ બીજો જ કર્યો,...એવું નહિ. કડીબદ્ધ સારી વિચારણા ચાલે એવું ટેવાવાનું. બાકી અપવિત્ર વિચારને, પાપ વિચારને તો ઊગતો જ દાબવાનો. આવી મથામણ લાંબો કાળ કરવી પડશે.

(૨) આ અપવિત્ર વિચારને અટકાવવા દાબવા માટે એક એ જરૂરી છે કે આપણા હૈયામાં એના પ્રત્યે ભારે નફરત, અણગમો, તિરસ્કાર જોઈએ, હૈયું પોકારતું હોય કે 'અપવિત્ર વિચાર એ ભયંકર ઝેર છે. કોઈ દુશ્મન આપણને ઊંઘમાં ઝેરી સાપ ડસાવી દે, એના કરતાં જે આપણે જાગતા રહીને અપવિત્ર વિચાર મનમાં ઘાલીએ છીએ તે ભયંકર, વધુ ભયંકર છે. કારણ સ્પષ્ટ છે :- પેલામાં એક મોત થાય એટલું જ, ત્યારે અહીં અપવિત્ર વિચાર એટલું બધું ખરાબ સંસ્કરણ કરે છે કે પછી સારા ધારાબદ્ધ વિચારની તાકાત ખત્મ કરી દે છે ! એ ખલાસ એટલે પુણ્યના પાયા જ ખત્મ ! શુભ વિચારના ઉપર પુણ્યની ઇમારત ઊભી થાય. શાસ્ત્ર કહે છે, **'શુભ**



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**અધ્યવસાયે પુણ્ય બંધાય, અશુભે પાપ.'** તો, અપવિત્ર વિચારે પુણ્ય તો દૂર રહે જ, પણ સારા વિચારની તાકાત પણ હણાય; એટલે ભવિષ્યમાં એ ય મોંઘા થઈ જાય. એ શું ઓછું ઝેર છે ? અને તે ઝેર આપણે જાગતા રહીને, જાણીબુજીને ખાઈએ ?

**મનને નિર્ધાર જોઈએ કે** 'હરગિજ નહિ; મારે એક પણ મેલો વિચાર, એક પણ માયાનો, જૂઠનો, લૂંટવાનો, તફડાવવાનો, કામવાસનાનો, દુરાચારનો એક પણ વિચાર નહિ જોઈએ. એ સહેજ પણ ઊઠે, તો મન બગડે છે. બગડેલું મન એ ભયંકર રોગ છે.' શરીરે તંદુરસ્ત છતાં જગતમાં કેટલાય જીવો આ ભવોભવ બગાડનાર મન-બિગાડાના રોગથી પીડાઈ રહ્યા છે. આપણી પાસે અતિ ઉમદા વીતરાગ પ્રભુનું ધર્મ-શાસન છે. એનાં અમૃત ભોજન મળ્યા પછી મનને જરાય રોગિષ્ઠ ન કરીએ.

**મલિન વિચારનાં નુકસાન :-**

**અપવિત્ર વિચાર એ કાયિક દુષ્કૃત્યને નોતરું છે.**

જીવનમાં એક પણ દુષ્કૃત્યને સ્થાન ન જોઈએ; કેમ કે એનાથી ગુન્હાહિત થવાય છે, આપણી એક નબળી કડી ઊભી થાય છે. પછી ક્યાંક ને ક્યાંક ખોટા દબાવું પડે છે; કદાચ એને ઢાંકવા બીજાં દુષ્કૃત કરવાં પડે છે. અથવા એકવાર દુષ્કૃત્ય સેવ્યું એટલે પછી એનો ચેપ અને ચડસ લાગે છે, ને બીજાં દુષ્કૃત સુલભ બને છે. બાકી દુષ્કૃત એટલે કડી નબળી; પછી બીજાથી દબાઈ ગયે છૂટકો. ત્યારે જો જીવન પવિત્ર સત્કૃત્યભર્યું જ રાખ્યું હોય તો ક્યાંય દબાવવાની જરૂર નહિ. દેવસિકા પવિત્ર જીવનવાળી છે તેથી માતબર છે, અને પેલા ચાર જણાએ અપવિત્ર રસ્તે પગલાં માંડ્યાં હતાં, અને કપાળે ડામ ખાધા હતા એટલે અહીં ઝંખવાણા પડી ગયા છે.

રાજા પૂછે છે 'કહો તો ખરા, આ ડામ ક્યાં ખાઈ આવ્યા !'

પણ કહેવા જેવી વસ્તુ ક્યાં છે ? કહેવાની હામ ક્યાં છે ? બિચારા નીચું મોઢું રાખી ઊભા રહે છે.

રાજા નબળાઈ સમજી ગયો.

દેવસિકાને કહે છે, 'જાઓ, લઈ જાઓ આ તમારા માણસોને.'

સિપાઈને કહે છે, 'સિપાઈ ! જા દીવાનને કહી દે કે આમની સાથે ચાર શસ્ત્રધારી સિપાઈઓ મોકલે, જે આમને ઠેઠ સુધી પહોંચાડી આવે. પાછા ભાગી કરી ન જાય.'

બસ, ચારના હાંજા ગગડી ગયા. હવે તો ગુલામીની સજા ઠોકાઈ ગઈ. હવે કાંઈ જ બોલવાને હામ નથી.

**આધ્યાત્મિક રોગો વધવા સામે ધર્મ-દવા કેટલી ? :-**

એ વખતે કાંઈ નીચલી કોર્ટ ને ઉપલી કોર્ટ, હાઈકોર્ટને સુપ્રીમ કોર્ટ જેવી ધાંધલ નહોતી. રાજાનો હુકમ એટલે છેલ્લું જજમેન્ટ. આજે ફટાટોપ વધ્યા એટલે કાવાદાવા વધ્યા, સોલીસીટર બેરિસ્ટરોના લોભ વધ્યા. એમની આવકો દેખી પ્રજામાં વકીલ બેરિસ્ટર થવાની લગની વધી. ચેપ વિસ્તારથી વધ્યો. જીવનમાં પવિત્રતા મોંઘી થઈ ગઈ. ઈન્કમટેક્ષ-સેલ્સટેક્ષની ચોરી, દાણચોરી, પ્રપંચો, સોનેરી દાવપેચ, ષડયંત્રો વગેરે કેટલું બધું ફાલ્યું ફૂલ્યું ! લાંચરૂશવત વગેરે કેટકેટલું પ્રસરી ગયું છે ! આવા કાળમાં જ્યારે આધ્યાત્મિક રોગો ભરપૂર પ્રમાણમાં પીડી રહ્યા છે, ત્યારે સામે આધ્યાત્મિક ઔષધ, ધાર્મિક દવા, વધારે જોઈએ કે ઓછી ? આવાં પાપોથી ખદબદતા યુગમાં પાપ-છાપાંઓ ને પાપ-પુસ્તકોનું વાંચન વધુ જોઈએ કે ધાર્મિક વાંચન ? પાપમિત્રોના સંસર્ગ વધારે જોઈએ કે સદ્‌ગુરુના ? ખોટી અહંભાવ અને વિલાસભરી પ્રવૃત્તિ સેવાય-વધારાય કે ધાર્મિક પ્રવૃત્તિ ? ખાઉધરાપણું, ખાવાના ભરપૂર ટેસ રંગરાગ અને ભોગ વધારવાના-પોષવાના ? કે ત્યાગ, તપસ્યા વગેરે કલ્યાણ સાધનાઓ વધારવાની ? પાપભર્યા કાળની સામે ધર્મ અને સદાચારની પ્રવૃત્તિઓ જ રક્ષણ આપશે એ ભૂલશો નહિ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૫,તા.૫-૧-૧૯૬૩

**કાળબળ ઓળખો** તો સારી વાત છે. આજે બહાર પણ બોલાય છે કે કાળને પિછાણો પરંતુ તે તો બનાવટી જાળમાં ફસાવવા માટે ! ધર્મનાં, નીતિનાં અને દંડનાં બંધન ઓછાં કરવા માટે કહે છે કાળબળ ઓળખો ! સદાચારની મર્યાદા મજબૂત કરવા નહિ, પણ ઊલટી ઢીલી પાડવા કાળબળને આગળ કરવામાં આવે છે.

આનું પરિણામ આજે નજરે નથી દેખાતું ? છોકરાઓ કેટલા બધા ઉચ્છ્રંખલ થઈ ગયા છે ? નવી પ્રજામાં ય દુરાચાર કેવો પ્રસરી રહ્યો છે ? મારામારી ખૂન, ઠગાઈ, લૂંટ, લોભ વગેરે કેટકેટલું વધી રહ્યું છે ! રોગિષ્ઠ મનનાં આ લક્ષણ છે. એને સુધારવા માટે તો આધ્યાત્મિક ઔષધ અને કડક ધર્મબંધન, કડક મર્યાદાઓ જોઈએ.

આ તો જનસમૂહની વાત થઈ, પણ પોતાના વૈયક્તિક જીવનમાં જુઓ કે કોઈ એવા સત્ય, નીતિ વગેરે નક્કર ગુણોનાં ઠેકાણાં નથી, એવો કોઈ વિશિષ્ટ સુકૃત અને પરોપકાર-પરાક્રમ સ્થાન પામ્યા નથી, છતાં અહંભાવ અને માનાકાંક્ષા કેટલી જાગતી-ખીલતી છે ! એમ, સ્વાર્થ-લોલુપતા, ઈર્ષ્યા, હુંસાતુંશી, ક્ષુદ્રસ્વભાવ વગેરે કેટકેટલા આંતરિક રોગની ઘેરી અસર વ્યાપેલી છે ! આની સામે ધાર્મિક-આધ્યાત્મિક ઔષધ સારા પ્રમાણમાં સેવવાની જરૂર છે, શોધી કાઢવું જોઈએ કઈ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કઈ માનસિક, કાયિક, વાચિક ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓ જીવનમાં ઓતપ્રોત કરી શકાય એમ છે. આત્મરોગની ચિંતા જાગે તો આ કઠિન નથી.

**શરીરમાં રોગ આવતાં જ કેવીક ચોંકામણ** થાય છે ? શરીરના રોગ પર કેટલી બધી ચિંતા રહે છે ? કેટલીય વાર એનો વિચાર આવ્યા કરે છે ને ? પછી દવાના ડોઝ લેવાના હોય તો ટાઈમે ટાઈમે એ લેવાની ચીવટ ને ચોકસાઈ કેટલી બધી ?

**ત્યારે હવે માનસિક રોગ, આધ્યાત્મિક રોગ અંગે** વિચારો કે એની ચિંતા કેટલી ? વારે વારે શું ચિત્ત એ તરફ જાય ખરું ? એને મટાડનારી દવાના ડોઝ દિવસમાં બે ત્રણ વાર પણ નિયમિત ચીવટ-ચોકસાઈથી લેવાના રાખ્યા છે ખરા ? રોગ ઓછો થતો આવે ને, એવી ખબરદારી ખરી ? હા, આ બધું ખરું ત્યારે આધ્યાત્મિક અર્થાત્ આત્માના રોગોમાં ઘસારો ન દેખાય, એની ચોંકામણ ખરી ? એને દૂર કરનારી કડક દવા-ઈલાજ ઝટ શોધી કાઢવાના ખરા ? અને તે જાણ્યા તો અજમાવવાના ખરા ?

**તમે આત્માના પ્રેમી છો ને ? જો શરીરનો પૂજારી શરીરના રોગ પાછળ એટલો બધો સચિંત અને પ્રવૃત્તિશીલ** હોય, તો શું આત્માનો પ્રેમી આત્માના રોગ પાછળ એવો ન હોય ?

**અંતરની નજર કોના પર ? :-**

આ બધું વિચારવા જેવું છે. જો આત્માના રોગ એટલે કે દોષ-દુર્ગુણો માટે એવી કોઈ ચિંતા વલોપાત ન દેખાતા હોય તો તો આસ્તિક્યની તપાસ કરવી પડશે ! આત્મા એ દેહથી જુદી વસ્તુ છે એમ કહેવાય છે ખરું, અને એની શ્રદ્ધાનો દાવો રખાય છે ખરો, પરંતુ ખરેખર અંતરની નજર ખોળિયા જ ઉપર રહે છે તેથી બધા હિસાબ એના અંગે મંડાય છે, વિચારાય છે. એટલે જ દેહને ઉપયોગી ધન કમાઈ, ધનસંગ્રહ, દેહને સુખાકારી વિષયો, દેહરોગોની દવા, દેહનાં સગાં, ઈત્યાદિ ઈત્યાદિની ભારોભાર વિચારણા, કાળજી, ચિંતા જાગતી રહે છે. આનું નિદાન Diognisis કરાવવા ક્યાંય જવું પડે એવું નથી. હાથ કંકણ ને આરસી, મન-વચન-કાયાની દોડધામભરી પ્રવૃત્તિ કોના હિત પાછળ ચાલી રહી છે એ પરથી સમજી શકાય એવું છે કે દેહની જ ચિંતા છે કે આત્માની ? જેના હિત પાછળ દોડાદોડ છે એ જ હૈયે વસેલ છે, એ જ નજર સામે તરવર્યા કરે છે. જો દેહને આરામ, દેહને સુખચેન, દેહની બોલબાલા, વાહવાહ આદિ ખાતર ધૂમ પ્રવૃત્તિ ચાલતી હોય તો માનવું પડે કે નજર દેહની ઉપર જ રહેલી છે.

**નાસ્તિક કરતાં ફેર કેટલો ?**

નાસ્તિક તો આત્માનો ખુલ્લો વિરોધ કરીને દેહ પર નજરવાળો રહે છે,



ત્યારે આ કહેવાતો આસ્તિક આત્માની માન્યતાનો ડોળ કરીને દેહ પર જ નજર રાખ્યા કરે છે. એ ડોળ એટલા માટે કરવો પડે છે કે જે સમાજની વચમાં રહેવું છે ત્યાં ખુલ્લો વિરોધ થાય એવો નથી. ડોળ રાખવાથી પ્રતિષ્ઠા મળે છે.

**આસ્તિક્ય એટલે આત્મપ્રેમ :-**

બાકી આત્માની ખરેખર શ્રદ્ધા હોય તો તો આત્મા પોતાનો જ છે ને ? એના પર પ્રેમ કેટલો બધો હોય ? આસ્તિક્યનો અર્થ 'આત્માની શ્રદ્ધા' એટલો જ સમજો છો એટલે વાંધા પડે છે, **'આત્માનો પ્રેમ'** એવો અર્થ સમજો તો વાંધો નહિ આવે.

**'મારામાં આસ્તિક્ય છે ?'** એવું આપણી જાતમાં તપાસવા આ ચાવી લગાડવાની, પૂછવાનું કે 'મને ખરેખર મારા આત્મા પર પ્રેમ છે ?' આ પ્રશ્નની પાછળ એ વિચારવાનું કે 'જેમ શરીર ઉપર જો પ્રેમ છે તો શરીરની કેવી કેવી ચિંતા અને કાળજી રહ્યા કરે છે ! પત્ની ઉપર, પુત્ર ઉપર પ્રેમ હોવાથી એના માટે કેવી કેવી લાગણી કેટકેટલી વિચારણા અને કેટકેટલી કાર્યવાહી થાય છે ! બસ એ રીતે આત્મા પર જો પ્રેમ છે તો આવું બધું છે ને ?' એ તપાસવાથી આત્માના પ્રેમનો સાચો પત્તો લાગશે. આપણે આસ્તિક છીએ એવું નક્કી કરવું હોય તો આ આત્મપ્રેમ ઊભો કરવો જ પડશે, એના પર જ વિશ્વાસ રાખી શકાશે, નહિતર ગોતાં ખાવાનું ને ભ્રમમાં કુટાવાનું થશે.

**આત્માની ચિંતાનો આકાર :-**

આત્મા પર પ્રેમ હોય તો આ ઝણઝણાટીવાળી ચિંતા રહ્યા કરવી જોઈએ કે 'હું શું કરી રહ્યો છું ? જીવન તો પાણીની રેલાની માફક ચાલ્યું જાય છે ! જોતજોતામાં આયુષ્ય પૂરું થઈ જશે ! પછી શા સારુ ઊંઘમાં ઊંઘી રહ્યો છું ? આત્મા મારો કેટલો બધો રોગિષ્ઠ ! વાતવાતમાં કેવું મારું મગજ તપી જાય છે ! ખોટા મેલા વિચારો કેવાક ચાલ્યા કરે છે ! ડગલે ને પગલે રાગદ્વેષ કેટલા બધા પીડી રહ્યા છે !... આ બધી આત્મચિંતા સાચી ડગલે પગલે રહ્યા કરે, તો જ આત્મા પર પ્રેમ ગણાય; અને એની દુર્દશાના, એના રોગોના નિવારણ માટે ઉપાય શોધાય અને અજમાવાય.'

**આત્માની રોગમય દુર્દશા ટાળવા શું કરવું ? :-**

જો આત્માના રોગો ખરેખર ડંખતા હોય તો એ ટાળવા સહેલો અને પહેલો ઉપાય આ છે કે શુભ ભાવનાઓને મનમાં ખૂબ લાવ્યા કરો. એમાં પહેલી શુભ ભાવના તો એ, કે આપણા એ આધ્યાત્મિક રોગો રાગ, દ્વેષ, ગુસ્સો, અભિમાન, રીસ-રાજીપો વગેરે માટે પોતાને પોતાની જુગુપ્સા થાય.

**આત્મ-જુગુપ્સા માટે** વારંવાર એ ભાવ્યા કરવાનું કે, 'મને આ કેવા ખરાબ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અભ્યંતર ડાકુ વળગ્યા છે ! હું એક સારો શાન્ત આત્મા થવાને બદલે કેમ ઊકળતો રહું છું ? એક નિઃસ્પૃહી, વિરાગી અને ઉદાસીન આત્મા રહેવાને બદલે કેમ આ ગંદા રાગ-દ્વેષ, મમતા-આસક્તિ રાખી રહ્યો છું ? મારા આત્માના આ દોષો ખરેખર કલંક છે, વિટંબણા છે, સતામણી છે,'- આવી આત્મઘૃણા-જુગુપ્સા વારંવાર કરવાની છે; તો જ પછી એના નિવારણની તાલાવેલી રહેશે. મૂળમાં જ જો દોષો વારંવાર બીભત્સ, ગંદા ને શરમજનક નથી લાગતા, એની જો દુગંછા નથી, ભારે ઘૃણા નથી, તો એને હટાવનારી શુભ ભાવનાઓમાં જોસ નહિ આવે, અને વારે વારે એ ભાવનાઓ થશે પણ નહિ.

**વૈરાગ્ય ભાવના :-**

એટલે દોષ-દુગંછાની ભાવના પહેલી કરવાની. પછી એના નિવારણ માટે વૈરાગ્યની ભાવનાઓ ભાવવાની. દા.ત. "જગતની જે ચીજો રાગ કરાવી રહી છે એ ચીજોનાં નગ્ન સ્વરૂપની વિચારણા કરવાની. શાસ્ત્ર એના માટે અનિત્ય-ભાવના, અશરણભાવના વગેરે અનુપ્રેક્ષાઓ બતાવે છે. જગતના પદાર્થો અનિત્ય છે, નાશવંત છે, જીવને રોગ કે મૃત્યુકાળે એ શરણ આપી શકનારા નહિ. વળી તે જીવથી તદ્દન ન્યારા છે. પાછા કર્મના આશ્રવને અર્થાત્ આત્મામાં કર્મપ્રવાહને વહી આવવામાં નિમિત્તભૂત છે."

'ત્યારે સંસારના સંબંધીઓના સંબંધ વિચિત્ર અને સ્વાર્થભર્યા છે. તે પણ આત્માથી ન્યારા અને શિરપાવમાં રાગ, મોહ, વગેરે કરાવી કર્મ-આશ્રવમાં નિમિત્ત બનનારા !'

'ત્યારે શરીરનું તો પૂછવું જ શું ? નરદમ અશુચિ ! ઉત્પત્તિમાં, સ્વરૂપમાં, અને કાર્યમાં, બધે અપવિત્ર ! પાછું તે ય મૃત્યુ થતાં તો અલગ જ ! અને જો દયા-દાન-વ્રત-નિયમ-સેવા વગેરેમાં ન જોડ્યું, તો એવા ધંધા કરનારું છે કે આત્મામાં પાપ કર્મનો પ્રવાહ જ વહી આવે.'

'સાર ધર્મ છે, ધર્મ સંવર-નિર્જરા છે. જિનેન્દ્રકથિત એ છે, આત્મહિતકર એ જ.'

આવી બધી ભાવનાઓ વારંવાર ભાવવાની, એમાંય જે રોગ આપણને વધારે પીડતો હોય એની દવા યાને પ્રતિપક્ષ ભાવના વળી વિશેષ પ્રકારે ભાવવાની, દા.ત. ક્રોધીલી પ્રકૃતિ પર ક્ષમાની ભાવના વારંવાર થવી જોઈએ. એમાં ગજસુકુમાલ મુનિ, મેતારજ મુનિ વગેરેના પ્રસંગ નજર સામે લાવી લાવીને એમણે દાખવેલી ક્ષમા વિચારવાની, અંતરમાં રમાડવાની.

**વ્યાખ્યાનની અસર કેમ રહે ? :-**



આજે એવી ફરિયાદ કરવામાં આવે છે કે વ્યાખ્યાનો તો ઘણાં સાંભળીએ છીએ પરંતુ એની પછી અસર કેમ રહેતી નથી ?

ત્યારે જો ખરેખર આ વાતનું દુઃખ હોય અને એ પરિસ્થિતિ મિટાવી શ્રવણ અને વાંચનની અસર ઊભી રાખવી હોય તો આ એક નક્કર ઉપાય છે કે સાંભળેલ યા વાંચેલ વસ્તુની ત્યાં જ પહેલાં તો એવી ચોક્કસ ધારણા કરી લેવી કે જે પછી યાદ આવી શકે. એ કરી લીધા પછી તરત એની ભાવના શરૂ કરી દો. દિવસમાં અને રાતમાં કેટલીય વાર એ ભાવના મગજમાં આવ્યા કરે. હૈયું એના પર ગદ્ગદ થયા કરે, એવું કરવાની જરૂર છે. બાકી તમે જાણો કે આજે વ્યાખ્યાન સાંભળવા ગયા તે હવે કાલે પાછા વ્યાખ્યાનમાં આવીશું ત્યાં સુધીમાં એનું કશું મગજમાં નહિ લાવીએ, અને હૈયાને કાંઈ જ ભાવિત નહિ કરીએ, તો મને લાગે છે કે હજારો વ્યાખ્યાન એવી રીતે સાંભળવા છતાં આત્મા ઠેરનો ઠેર રહેશે. માટે જો ઉદય, ઉત્થાન, પ્રગતિ ચાહતા હો તો આવી ભાવનાનું તત્ત્વ ખૂબ સેવવાની જરૂર છે.

**ભાવના એ તો આત્મ-ખજાનાના દરવાજા પર ઠોકા છે.** ઠોકા લાગતાં લાગતાં ખજાનો ખૂલી જાય; ભાવના કરતાં કરતાં ગુણ પ્રગટ થાય છે.

**ભયની ભાવના કરતાં કરતાં માણસ બીકણ થાય છે અને વીરતાની ભાવના કરતાં કરતાં વીર બને છે.** મવાલી જેવી ભાવના મવાલી બનાવે છે, અને સંત જેવી ભાવના કરતાં કરતાં સંત બનાય છે. રાગ-મૂર્ચ્છા-લાલસા-લંપટતા વગેરે પર વારંવાર ઘૃણા-દુગંછાની ભાવના એનું જોર અને એનો વેગ ઓછો કરે છે. એમ ક્ષમા-દયા-દાન-સત્ય વગેરેની વારંવાર ભાવના અવસરે ક્ષમાદિને સુલભ કરી દે છે.

**અબૂઝ ઢોરનું મન મળ્યું હોત તો ? :-**

મૂળ વાત આ છે કે આધ્યાત્મિક રોગો, રાગ, મૂર્ચ્છા, લંપટતા, ગુસ્સો વગેરેને મટાડવા માટે પ્રતિપક્ષ વૈરાગ્યાદિની ભાવના એક મહાન ઔષધ છે. એના વારંવાર સેવનથી અનંતા આત્મા તરી ગયા છે. તો અહીંના ભવ્ય માનવ મનને પામ્યા પછી આપણે એના દ્વારા આ ઉચ્ચ ભાવનાઓ ભાવવામાં શું કામ કમીના રાખીએ ? અજ્ઞાન અબૂઝ અવિવેકી ઢોરનું મન મળ્યું હોત તો તો શું કરી શકવાના હતા ? માનવ મનની કિંમત સમજાવી જોઈએ.

દેવસિકા ચારેયને તથા પતિને લઈને ઉતારે આવી. ચારેય ઢીલા ઘેંસ પડી ગયા છે. રાજાની શિક્ષા અને ઉપર પાછો પોલિસપહેરો છે, એટલે હવે છૂટવા-છટકવાની આશા દેખાતી નથી; તેમ પૂર્વના પાપની શરમ પણ લાગે છે, એટલે સાવ ઢીલા અને નિરાશ બની ગયા છે. દેવસિકા હવે પતિને ખાનગીમાં વિગત સમજાવી દે છે. પછી પતિ પેલાઓને પૂછે છે કે આ ડામ શાથી અને ક્યાં લાગ્યા ? પેલાઓ જાણે આ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સિફારસ કરીને છોડાવશે એટલે અને દેવસિકા અંગેની જ હકીકત હતી તેથી સાચેસાચું દયામણા ચહેરે કહી દે છે. પસ્તાવો કરે છે, કહે છે,

'અમે આ તારી ફૂલની તાજી ને તાજી માળા પર શ્રદ્ધા ન કરી અને વળી ખોટી કામવાસનામાં તણાયા, એનો આ બરાબર બદલો મળ્યો છે, અને હવે તો જિંદગીની ખોડ ભૂલી ગયા છીએ. હવે જીવનમાં કદી ખોટી દાનત ન કરીએ, કદી ખોટા રસ્તે ન જોઈએ; ખોટું કામ કદાપિ ન કરીએ માટે જો એ વેપારીને સમજાવી અમને છોડાવી દે તો તારા જિંદગીભરના આભારી બની રહેશું.'

દેવસિકાને એટલો સાચો પલટો જ જોઈએ હતો કે જેથી પતિ પર ભવિષ્યમાં આફત ન આવે. તેથી હવે જાણે પતિની ભલામણથી ચારેયને શિખામણ અપાવી છોડાવી મૂક્યા, અને પછી પતિ સાથે સ્વદેશે પાછી આવી.

દેવસિકાની કથા પૂરી થાય છે. એ ઘણી ઘણી વસ્તુ શીખવી જાય છે. અણીશુદ્ધ સતીત્વ એવું કે જેના પ્રભાવે ફૂલની માળા રોજ તાજી રહે એ સતીપણું પાળવા માટે કડક સંયમન, પતિના વિરહકાળમાં પણ પુરુષનાં દર્શન સરખાં નહિ; વિગઈ ત્યાગાદિ; ચાર પરદેશીની બદદાનત પર વાળેલી શિક્ષા, તે પછી પતિ પર આફત ન આવે તે માટે સાહસિક પણ સમયસરનું ભરેલું પગલું, ચારેયને હિતશિક્ષા વગેરે પ્રસંગો સાથે અવાંતર કેટલાય આત્મહિતકર વિષયો વિચાર્યા છે; તે પુનઃ પુનઃ યાદ કરી જીવને ઉચ્ચ ઉચ્ચ પગથી પર ચઢાવો એ જ એક મંગળ અભિલાષા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૬,તા.૧૨-૧-૧૯૬૩

# અમીચંદની અમીદૃષ્ટિ

## જીવન ઝેરભર્યાં શાથી ?

જે માનવજીવનને તત્ત્વજ્ઞાની મહાપુરુષો રત્નચિંતામણિની ઉપમા આપી મહાદુર્લભ અને મહાકિંમતી કહે છે, એ જીવનને પામેલા આત્માઓને એનો ભારે આનંદ હોય અને એને સારું, સફળ કરી લેવા એના તનમન થનગનાટ કરી રહ્યા હોય એ સહજ છે. પરંતુ એમ ભારે આનંદના બદલે એ સાંભળવા મળે છે કે કેટલાક માણસોનાં જીવન ઝેરભર્યાં બની ગયાં છે. આમ બનવાનું શું કારણ ? અલબત્ત આમ તો એની પાછળ વિવિધ કારણો કામ કરતાં હોય છે, દા.ત.



કોઈ કહે છે 'મારે તો મોટી મૂડી તો સાફ થઈ તો થઈ, ઉપરથી હજારોનું દેવું ચઢી ગયું છે, હવે માગનારાઓ તંગ કરે છે, શું કરું ? જીવન ઝેરભર્યું બની ગયું છે.'

બીજો કહે છે, 'પૈસા સારા, ધંધો સારો, પણ શું કરવાનું ? ઘરવાળી એવી કર્કશા મળી છે કે ન એને છોડાય, ને ન શાંતિથી રહેવાય. ભારે કકળાટ કકળાટ મચાવે છે ! આપણે નમતા રહીએ તો ય એને ધમધમવા જોઈએ. ભંગણીના બોલ કાઢે છે ! જીવન ઝેરભર્યું બનાવી દીધું છે.'

ત્રીજો વળી કહે છે, 'આ રોગથી ત્રાહ-ત્રાહ પોકારી ગયો ! કેટલીય દવાઓ કરી, પૈસા વેર્યા, પણ દર્દ મટતું નથી; તેમ સહેવાતું ય નથી. કાંઈ જ ચેન નથી પડતું. બાપ રે ! શું કરું ? ક્યાં જાઉં ? મરું ? જીવન ઝેરભર્યું થઈ ગયું છે.'

કોઈને વળી ઘરભેદુ મહેતો કે પાડોશી યા ભાઈ એવા પીડનારા મળ્યા છે, તો બીજાને બાળ વિધવા પુત્રીનાં અપલક્ષણ, તો ત્રીજાને વળી કોઈ દાવપેચમાં ફસામણી,...એમ કંઈ ને કંઈ ત્રાસદાયક બાબત છે, તેથી જીવન ઝેરભર્યાં લાગે છે. આ કેવી કરુણ દશા ! અતિ ઉચ્ચ માનવભવ અને ઝેરભર્યો !

પણ આ તો હકીકત થઈ. વિચારવાનું એ છે કે આવા પણ સંયોગો યા પરિસ્થિતિમાં કોઈ એવો ઉપાય છે કે જીવન અમીભર્યું, અમૃત ઝરતું, સુધાકુંડ સમું બને ?

હા, ઉપાય છે, ઉપાય અનેક છે. પણ એક સચોટ ઉપાય અમીદૃષ્ટિ રાખવી તે છે. એ એવી પ્રભાવક છે, કે એથી જીવન જરાય ઝેરભર્યું ન બને, ન લાગે. અમીદૃષ્ટિ એ અલૌકિક જડીબુટ્ટી છે ! અદ્‌ભુત મંત્ર છે ! દિવ્યાતિદિવ્ય શક્તિ છે ! આ અમીદૃષ્ટિ શું ચીજ છે, અને એનો કેવો મહાન પ્રભાવ છે એ આપણે શ્રેષ્ઠીપુત્ર અમીચંદના દૃષ્ટાન્તથી જ જોઈએ; એમાં કેટલાય પ્રકારની અમીનો વિસ્તારથી વિચાર થશે.

વિશાળપુર નગરનો રહેવાસી અમીચંદ એક શેઠિયાનો દીકરો હતો. એનાં લગ્ન થતાં જ એના પિતા ગુજરી ગયેલા, પરંતુ અમીચંદ શાણો, સદ્‌ગુણી અને બાહોશ હતો એટલે ઘર અને દુકાનનો કારભાર એણે એવો ઉપાડી લીધો કે એની માતાને પિતાના વિયોગનો શોક છતાં આશ્વાસન સારું મળ્યું, વળી પતિના મૃત્યુ વખતે એને બે મહિનાનો બીજો નાનો પુત્ર હતો, પરંતુ મોટા દીકરા અમીચંદની પિતા કરતાં સવાઈ કાળજી અને એની પત્નીની એથી ય વિશેષ સરભરા, એટલે માતાના દિલને ઘણી રાહત મળી.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**દીકરો કોને કહેવાય ? :-**

દીકરા અને દીકરાની વહુરો તો ઘણાય ઘેર હોય છે, પરંતુ દિ' ઉઠાડે એવા એ મળ્યા હોય ત્યાં ગર્ભથી આટલે સુધી મોટા કરવાના જબરદસ્ત ઉપકાર કરનાર માતાપિતાને શી રાહત મળે ? રાહત-બાહત તો દૂર, ઊલટું હૈયાહોળી અને લોહી શેકાણાંનો પાર નહિ ! તમારા કે કોઈના દીકરા પર નજર નાખતાં પહેલાં તમારી જાતની ઉપર દૃષ્ટિ નાખજો કે આપણાં માતાપિતા પ્રત્યે આપણે કેવા દીકરા બનેલા ? દિ' ઉઠાડે તે નહિ, પણ દિ' વાળે તે દીકરો ગણાય.

**પ્ર.- દિ' વાળે એટલે ?**

**ઉ.**- કહે છે ને કે આવા ઘરાક જોડે લમણાં કૂટવામાં કાંઈ દિ' નહીં વળે. એટલે ? દિવસ સફળ નહિ થાય. તો દિ' વાળે અર્થાત્ દિવસ સફળ કરે. માતાપિતાનો દિવસ સફળ કરવાનું એમને સુખ-શાન્તિ આપીને જ થાય, એમના હિતૈષી બનીને જ થાય. એમને દુઃખ-કલેશ-ત્રાસમાં સબડાવાય, એમનું અહિત થાય એવું કરાય, તે તો એમનો દિ' ઉઠાડ્યો ગણાય. અને જે માબાપનું અહિત કરે એ એ બીજાનું શું ભલું કરે ? એ તો બીજાય કોઈના દિ' ઉઠાડનારો હોય. 'બે દુ ચાર' જેવી આ વાત છે. માબાપનો ઉપકાર અને માબાપે આપેલી સેવા અપરંપાર છે, એ ઉપકારની કૃતજ્ઞતા તો જીવનભર રહેવી જોઈએ. પણ એનેય ભૂલી માબાપનું ભૂંડું કરવા જાય એ વળી બીજાને છોડે ? ઉપકારીનો દ્રોહ કરવા સુધી પહોંચ્યો, કૃતઘ્ન બન્યો એટલે અંદરની વૃત્તિ જ અધમ, મેલી અને ક્રૂર-કઠોર બની ગઈ કહેવાય. હવે એ વૃત્તિનાં દિલવાળો બીજે શું સારું કરી શકવાનો હતો ?

**દ્રોહ ત્યજો :-**

દ્રોહ આમેય અધમ દોષ છે, પણ માબાપ કે ગુરુ જેવા મહાઉપકારી પ્રત્યે દ્રોહ તો અધમાધમ ગણાય. દ્રોહીનો ધર્મમાં ધડો થતો નથી, કેમ કે ધર્મ કરવા, ધર્મી બનવા પાયામાં જે સાચું દિલ જોઈએ તે દ્રોહી પાસે નથી. એટલે જ એવા માણસો જો ધર્મના વાડામાં ઘૂસી જાય છે ને, તો ત્યાંય અવસર પામી સાધર્મિક અને ગુરુની ભદ્રકતા તથા નિઃસ્વાર્થ વાત્સલ્યનો લાભ લઈ એમનો ય દ્રોહ કરવામાં સંકોચ રાખતા નથી. તેમ બીજા ય કેઈ નાટક કરે છે. એને સારું સૂઝતું નથી. એ એ તો, તો જ સૂઝે કે જ્યારે પેલા અધમાધમ દોષરૂપ દ્રોહ કર્યા બદલ પશ્ચાત્તાપ થાય, લોહીનાં આંસુ વહે એમ કરે ત્યારે અંતરની વૃત્તિ ધર્મને જામવા યોગ્ય ચોખ્ખી થાય.

ધર્મને અંતરમાં ખરેખર ઠસાવવા ઈચ્છનાર કોઈ પણ આત્માએ આ પહેલું ધ્યાન રાખવાનું છે કે ક્યાંય અને ક્યારેય ઉપકારીનો દ્રોહ ન થાય, ઉપકારી પ્રત્યે



કૃતઘ્નતા ન થઈ જાય. કદાચ એ સ્વભાવદોષથી કર્કરા આકરાં વચન બોલે-કરે, તો ય તે શાંતિથી સહન કરી લેવાં; પણ દિલ દ્રોહ બુદ્ધિથી જરાય બગાડવું નહિ. આ એ વિચારીને થઈ શકે કે,

**કૃતજ્ઞતાનો વિચાર :-**

'એમણે જે ઉપકાર કર્યા છે તે અપરંપાર છે. એની આગળ આ એમનો સ્વભાવદોષ કાંઈ વિસાતમાં નથી. દુનિયામાં થોડો પગાર પરખાવનાર શેઠનાં પણ આકરાં વચન સહન કરી લેવાય છે, તો શેઠ કરતાં તો માબાપ અને ગુરુનો ઉપકાર તો કેઈ ગુણો ઊંચો છે. એ નિરંતર નજર સામે રાખી આકરાં વચન તો શું, પણ લાતો ય ખાઈ લેવી જ જોઈએ. ઉપકાર આગળ એનું કોઈ મૂલ્ય નથી. કેવા કેવા સંયોગમાં મારી કઈ સ્થિતિમાંથી એમણે મને આજે કેવી ભવ્ય સ્થિતિમાં મૂક્યો છે ! આ કેમ જ ભુલાય ? કેમ જ મારી તુચ્છ સ્વાર્થ-સગવડને આગળ કરીને એ અપ્રતિકાર્ય ઉપકારને ભૂલી લેશ પણ દ્રોહ કરાય ? વાઘવરુનાં બચ્ચાં પણ પોતાની જનેતા પ્રત્યે કૃતઘ્ન ન થાય, તો હું ઊંચો માનવપ્રાણી ! એમાં વળી અપકારી ઉપર પણ દ્રોહ નહિ કરનારા એટલું જ નહિ કિન્તુ ઉપકાર કરનારા અરિહંત ભગવાનને માથે ધરનારો ! આવા મારે તો ઉપકારી પ્રત્યે કૃતઘ્ન બનવાનો વિચાર પણ આવે તો ય લજવાવું જોઈએ; નહિતર ભગવાન માથે ધર્યા શાનું કહેવાય ?...'

**પહેલું અમી ઉપકારનો બદલો વાળવાની વૃત્તિ :-**

અમીચંદ અમીદૃષ્ટિવાળો હતો અને એની દૃષ્ટિમાં પહેલું અમી આ હતું કે માતાપિતાને સદા ઉપકારી તરીકે જોવા; પછી ઉપકારને ભૂલવાની વાત તો શાની ? એ ઉપકારનો બદલો વાળવા જે કાંઈ શકય હોય તે કરી છૂટવું. એટલે જ પિતાના કાળ કરી ગયા પછી આ જુએ છે કે 'પિતાજી દેવગત થયા છે; માને તો સૌથી ભારે દુઃખ હોય એ સહજ છે; માટે હું બધું એવું વ્યવસ્થિત કરી દઉં કે એના મનને જરાય ઓછું ન આવે.' તેથી જ માની પૂરી સેવાસંભાળ અને નાના ભાઈની વળી વિશેષ કાળજી જાતે કરવા ઉપરાંત એણે પોતાની સુશીલ પત્ની **જિનમતિને** એવી વિશેષ કેળવી લીધેલી કે એ વળી આના કરતાં અધિક સેવાસંભાળ કરે. બંને જણાની દૃષ્ટિ અને વિચારણા જ એવી બની ગઈ છે કે માતા ક્યારેક આકરી-ઉતાવળી થઈ કંઈક બોલી નાખતી તો પણ આ લોકો એને સારામાં જ ખતવતા; અર્થાત્ એમ જ વિચારતા કે 'બરાબર છે, આપણી ભૂલ છે તેથી માતાને દુઃખ થાય અને આવું બોલાઈ જાય એ સ્વાભાવિક છે.'

**દૃષ્ટિમાં અમી હોય તો બનેલ પ્રસંગની સારી ખતવણી થાય.**

જાગતો-ધીખતો કૃતજ્ઞભાવ એ દૃષ્ટિમાં અમી રાખે છે; ત્યારે કૃતઘ્નભાવ દૃષ્ટિમાં



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ઝેર લાવે છે. કહો કૃતજ્ઞતા એ જ અમી છે, અમૃત છે, કૃતઘ્નતા એ ઝેર છે.

ઝેરી દૃષ્ટિ બનેલું બધું ઊંધું ખતવે છે, અમીભરી દૃષ્ટિ સીધું ખતવે છે.

સામાની ભૂલ જોવામાં અહંકાર છે, જાતની પોતાની ભૂલ જોવામાં નમ્રતા છે. અહંકાર એ ઊંધી ખતવણી, ને નિરભિમાન, નમ્રતા એ સીધી ખતવણી કરાવે છે. એક દૃષ્ટિનું અમી છે, બીજું ઝેર છે. જીવન છે એટલે કોઈના બોલવા ચાલવાના પ્રસંગો તો આવવાના. દૃષ્ટિમાં ઝેર હશે તો એ અવળા ખતવાશે.

માણસને પોતાની ભૂલ જોવામાં શું મોટી ખોટ લાગે છે, કે અંતરમાં મનોમન કરવાની એ વસ્તુ પણ એનાથી બનતી નથી ? એ વિચારણીય છે. આપણા દિલમાં વિચારવું કે 'આપણી કોઈ ચૂક છે,'-એમાં ક્યાં નાના બાપના થઈ જવાય છે ? જો મનોમન કરી લેવાની વસ્તુ ય ન બને તો પછી બહાર નમ્રતા દાખવવાનું વગેરે તો શે બને ?

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૧૧,અંક-૧૭,તા.૨૬-૧-૧૯૬૩

જોશો તો દેખાશે કે **આપણાં ઘણાંય બાહ્ય અકાર્ય પહેલાં મનમાંથી શરૂ થાય છે.** મન એને વધાવી લે છે, એમાં રસ ઊભો કરે છે એટલે પછી એ બોલમાં કે ચાલમાં ઊતરતાં અટકાયત નથી થતી. મમ એટલે જ દૃષ્ટિ. પોતાની દૃષ્ટિમાં જ ઝેર પેઠું પછી પ્રવૃત્તિ ઝેરી બને એમાં કોણ અટકાવે. દૃષ્ટિ અમીભરી રાખવી હોય તો અકાર્ય, અનુચિત વગેરે ઝેરને પેસવા જ ન દેવાં જોઈએ. અહંકાર એ ઝેર માટે એને અટકાવી નિરભિમાનતા લઘુતા નમ્રતા રૂપી અમી, અમૃતને દૃષ્ટિમાં બરાબર સ્થાપિત કરી રાખવું જોઈએ.

ત્યારે બે અમીની વાત થઈ, એક કૃતજ્ઞભાવ-ઉપકારીના ઉપકારના જાગતા ખ્યાલ સાથે સદા એનો બદલો જ વાળવાની જાગતી તમન્ના, તથા બીજી અમી નિરભિમાનતા-નમ્રતા-લઘુતા. હજી આગળ અમીચંદના જીવનમાંથી ઘણી અમી જોવા મળશે, ચાલો આગળ.

**કર્મ બળવાન છે : મહાવીર અને સુભૂમ :-**

અમીચંદ અને એની પત્નીના શોભનીય વર્તાવ-વ્યવહારથી માતાને સંતોષ છે, પરંતુ એવું બને છે કે નાનો છોકરો બે વર્ષનો થયો હશે એટલામાં માતા ગાઢ બીમારીમાં સપડાય છે, તે પુત્ર અને પુત્રવધૂની ઘણીય સેવા કાળજી છતાં મરણ-પથારીએ મુકાઈ જાય છે.

**કર્મ આડાં આવી ઊભાં રહે ત્યાં સારો છોકરોય શું કરે ને બાપેય શું કરી**



**શકે ? કશું જ નહિ.** મહાવીર ભગવાનનાં કર્મ રુઠ્યાં ત્યારે એમની પાસે જઘન્યથી ક્રોડ દેવતા નિત્ય સેવામાં રહેનાર છતાં પ્રભુ પર ગોશાળે તેજો-લેશ્યા મૂકી ! શું દેવતા એ જોતા ઊભા ? ભાઈ ભગવાનને આ કર્મ નહિ ખપે ત્યાં સુધી મોક્ષ નહિ થાય, માટે એ ભોગવી લેવા ભલે ગોશાળો પીડા કરે,' શું આવું ચિંતવ્યું ? 'છ મહિના પીડા ભોગવી લેવા દો જેથી એમનાં કર્મ ખપી જાય' શું એવું વિચાર્યું ? ના, આમાંનું કશું નહિ; કેમ કે એ દેવો તો પ્રભુના પાકા ભક્ત હતા; પ્રભુને પીડા આવવા જ ન દે ! દિવ્યજ્ઞાની હતા, પીડા કરવા આવનારને પહેલેથી પરખી શકે ! જબ્બર દેવતાઈ તાકાતવાળા હતા, ભલભલા માનવીને મહાત કરી શકે, તો પછી આ કેમ બન્યું ? કહો, પ્રભુનું કર્મ એવું બળવાન હતું કે બધાને ભુલાવી દીધા ! ગૌશાળાએ પીડા ઊભી કરી દીધી, પછી પણ એ ટાળવામાં દેવોનું ચાલવા દીધું નહિ ! એવી કર્મની શિરજોરી !

સોળ હજાર યક્ષોએ ઉપાડેલા છતાં સુભૂમની પાલખી અર્થાત્ વિમાન એકી કલમે સમુદ્રમાં ડૂબ્યું ને ? એનાં એવાં બળવાન કર્મ ઉદયમાં આવ્યાં કે બધાને એક સાથે ચક્રાવામાં લીધા. 'હું આ ન ઊંચકું તો શું થાય છે એ જોઉં,' એમ સોળે હજારને એક સાથે વિચાર આવ્યો ! કર્મ બળવાન છે.

અમીચંદની માતા મરણ-પથારીએ પડી છે, એનો જીવ મૂંઝાય છે. એ જોઈ અમીચંદ પૂછે છે, 'મા શી મૂંઝવણ છે ?'

'ભાઈ ! બીજું તો કાંઈ નહિ પણ આ તારા નાના ભાઈ વિનુનો વિચાર આવે છે કે મારા મરી ગયા પછી એનું શું થશે ?'

અમીચંદ કહે છે 'અરર મા ! આ મૂંઝવણ રાખવાની હોય ? એક તો હવે જો આ જીવન જવા બેઠું છે તો પરલોક ન બગાડે એ માટે તારા આત્માનો જ વિચાર રાખી અરિહંત ભગવાનનું જ શરણ રાખ. સર્વ જીવરાશિ પ્રત્યે ક્ષમાપના, સ્વદુષ્કૃત ગર્હા અને અરિહંત દેવાદિના સુકૃતની અનુમોદના,-એમાં જ ચિત્ત પરોવ. છોકરાની ચિંતાથી શું વળશે ? એથી ન એનું ભવિષ્ય સુધરી જવાનું છે, ન તને કંઈ લાભ છે. ચિંતા ક્યાં સુધી કરીશ ? અહીં પ્રાણ છે ત્યાં સુધી જ ને ? પણ હવે છેવટના પરભવ સુધારવાના સમયે કરવા યોગ્ય ચૂકી જવાશે !'

'વળી અમે બેઠા તારે વિનુની ચિંતા કરવાની હોય ? અમારામાં તને શંકા છે ?'

મા કહે, 'ના ભાઈ ના, આમ તો તમે સાચવો જ છો, પણ માનો જીવ છે ને ભઈલા ?'

'ઠીક, જો તને મનમાં વસવસો રહેતો હોય તો હું આ હાથમાં પાણી લઈ સંકલ્પ કરું છું કે એને હું ગમે તેવું વેઠીને પણ સવાયો સાચવીશ,'-અમીચંદે કહ્યું.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

જેમ અમીચંદે સંકલ્પ કર્યો એવો જ એની પત્ની જિનમતિએ પણ કર્યો.

માતાના દિલને શાન્તિ વળી; કહે છે; 'અમુ ! બસ હવે મારે ચિન્તા મટી. આમે ય ચિંતા કરવા જેવું હતું તો નહિ, પણ જીવ રાંકડો છે તે મમતાનો માર્યો મફતિયા વિચારો કર કર કરે છે. પણ તમે બંનેય મારી આંતરડી ઠારનારાં છો, અને વળી આ વસ્તુ ખાસ મન પર લીધી છે, તો હવે મારે ચિંતા કરવાનું કાંઈ રહેતું નથી. હવે હું ભલી, ને મારો નવકાર ભલો.'

માતાનો જીવ શાન્ત થયો. હવે એકલું ધર્મમાં જ ચિત્ત પરોવ્યું, અમીચંદને શાન્તિ વળી. પછી માતા સમાધિથી મૃત્યુ પામી. એના નાના પુત્ર વિનયચંદ્રને જિનમતિ પેટના દીકરા કરતાં અધિક સાચવે છે. પાકો ખ્યાલ છે કે સાસુજીને શો કોલ આપ્યો છે. પુત્રવધૂ તરીકેની ફરજોને બરાબર એ પાળનારી હતી, સાસુને માતાથી અધિક સાચવનારી હતી, પછી એના પુત્રને સાચવવામાં શું બાકી રાખે ?

**એક અમી આત્મીયતા :-**

દૃષ્ટિમાં આ પણ એક અમી છે કે લગ્ન કર્યાં એટલે ઘર બદલ્યું, પહેલાં માબાપના ઘરને પોતાનું ઘર કહેતી હોય છે, લગ્ન પછી પતિના ઘરને પોતાનું ઘર કહે છે, તો 'પોતાના' તરીકે બધી રીતે અપનાવી લેવું જોઈએ. પછી સાસુ-સસરા, નણંદ, દિયેર-જેઠ વગેરે બધાને પોતાના આત્મીય માની લેવા જોઈએ. એ નથી માનતા, મન કહે છે 'એ તો પતિનાં સગાં, મારાં નહિ,' એટલે જ વિખવાદો ઊભા થાય છે. માટે એ પરાયા તરીકેની કલ્પના એ દૃષ્ટિમાં ઝેર છે. ઝેરમાંથી કડવાશ, વિખવાદ, કલેશ ઊભા થાય, અમીમાંથી નહિ. અમી તો સામાનાય વિખવાદ-અશાંતિને શાન્ત કરી દે, અને ત્યાં આટલી જ અમી જોઈએ છે કે 'હવે જ્યારે જીવન અહીં જ ગાળવાનું છે તો આ બધાને આત્મીય ગણી વર્તાવ કરવો. એ બધામાં દૂધમાં સાકર ભળે એમ ભળી જવું.'

મનની કલ્પના પર મોટો આધાર છે. સામામાં ખામી પણ હોય છતાં એને પોતાનો માની લીધો હોય છે તો એની ખામી પાછળ વ્યવહાર મીઠો થાય છે. પરાયા માન્યા પછી કેટલીક વાર એનું સારું પણ ખોટામાં ખતવાય છે. આવા પરાયાપણાની કલ્પના એ દૃષ્ટિનું ઝેર છે. ઝેરી દૃષ્ટિનાં જીવન ઝેરભર્યાં બને છે.

જિનમતિ અમીચંદની જેમ જ અમીભરી દૃષ્ટિવાળી છે, દિયરિયાને સારી રીતે ઉછેરી મોટો કરે છે. એ પણ માતા સમાન ગણે છે. વખત જતાં શી વાર ? વિનયચંદ્ર શિક્ષણ લઈ યુવાનીમાં આવી ગયો. હવે એના લગ્નનો સવાલ આવ્યો. જિનમતિ તો ગામડાની કન્યા હતી, વિનયચંદ્રને શહેરની સારા ઘરની એક તારા નામની કન્યા સાથે પરણાવવામાં આવ્યો. પુણ્યશાળી એવો છે કે મોટાભાઈ



અને ભાભીજી, એકે દુકાનની અને બીજીએ ઘરની ચિંતા એવી ઉપાડી લીધી છે કે વિનયચંદ્ર અને એની પત્ની તારાને નિશ્ચિન્ત રાખ્યાં છે, ક્યારેક આ પૂછે છે ત્યારે ભાઈ-ભાભી કહે છે 'કરજો ને પછી, બધું ય કરવું પડશે. અમે બેઠા છીએ ત્યાં સુધી તમારે ફિકર ચિંતા નહિ.'

દૃષ્ટિમાં અમી છે ઝેર નથી એટલે મનમાં એ નથી આવતું કે 'શું અમે એકલા ઢસરડો કરીએ ? ને એ બેઠા બેઠા ખાય ?' ખરેખર આત્મીય માની લીધા એ એક અમી. એમ દૃષ્ટિમાં આ બીજી અમી વહેતી હોય છે કે 'બીજાનું કરીને કાંઈ ઘસાઈ જતા નથી; ઊલટું એમાં સામાનો પ્રેમ, સદ્ભાવ, બહુમાનભર્યો વ્યવહાર મળવાથી આપણું દિલ પ્રફુલ્લિત રહે છે, ખોટા સંકલ્પ-વિકલ્પથી બચે છે, અને કાયાનું પણ એ પ્રફુલ્લિતામાં લોહી વધે છે, તેમ શ્રમ કરવાથી આરોગ્ય સારું સચવાય છે તો નીરોગી શરીર પર શુભ ભાવોલ્લાસ ને આત્માની વિચારણા સારી જાગવાને અવકાશ રહે છે. બીજાનું કરી છૂટવાની વૃત્તિ એ દૃષ્ટિમાં અમી છે. સ્વાર્થ જ સંભાળવાની અને બીજાની બેપરવાઈ રાખવાની વૃત્તિ એ ઝેર છે. અમીભરી દૃષ્ટિના જીવનની બલિહારી છે.'

**તારાની દૃષ્ટિમાં ઝેર :-**

અમીચંદ અને જિનમતિનાં જીવન તો અમીદૃષ્ટિવાળાં છે, પરંતુ વિધિની વિચિત્રતા, તે વિનયચંદ્રની પત્ની એ પચાવી શકી નહિ ! એનું કારણ પણ આ કે એની દૃષ્ટિમાં ઝેર ઊભરાઈ આવ્યું. એને એમ લાગ્યું કે 'અહીં તો આ મારા આમ તો જેઠ-જેઠાણી છે, પરંતુ સસરા અને સાસુ કરતાં અધિક વર્ચસ્વ ધરાવે છે, અને અમારે જાણે એમના પૂરેપૂરા આશ્રિત થઈને ગુલામ થઈને રહેવાનું છે ! વળી આખો દિવસ જેઠાણી પાસે ને પાસે, એટલે એમની આમન્યા મર્યાદા સાચવ્યા કરવાની; એમાં પતિની સાથે કશી છૂટથી વાત જેવુંય થાય નહિ ! પછી બીજી શી વાત ? વળી આ પતિ મારો એમની ભાભીને જાણે ભવાની માતાની જેમ માને પૂજે છે તે એનામાં કાંઈ દૈવત છે કે નહિ ?...'

આ બધું શું છે ? દૃષ્ટિમાં અહંત્વ, ઈર્ષ્યા અને વિષયલંપટતાનું ઝેર ! અહંત્વનું ઝેર હિતકર હકૂમત પણ પસંદ કરતું નથી, વિષયોન્માદનાં ઝેરથી આમન્યા મર્યાદા ખૂંચે છે, અને ઈર્ષ્યાના ઝેરમાં વાત્સલ્યભરી પણ જેઠાણીનો દરજ્જો અસહ્ય લાગે છે. આ ઝેર સીધું પણ ઊંધું દેખાડે છે, જીવન ખારું કરી નાખે છે. મોજ આનંદની સામગ્રીની કોઈ કમી નથી, ત્રાસ તકલીફ તો નથી જ, ઊલટું નીતરતાં હેત અને સેવાઓ વરસી રહી છે ! સારું કાંઈ આવે તો નાનાભાઈ-ભોજાઈને અપાય છે ! કોઈ જુદાઈ નથી. છતાં દૃષ્ટિમાં ઝેર ચીજ એવી છે કે એ તારાને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સુખી અને સ્વસ્થ રહેવા દેતી નથી. મન સળવળ્યા કરે છે કે ક્યાં સુધી આમ ચલાવવાનું ? એને દુઃખ, દુઃખ ને દુઃખ જ લાગ્યા કરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૮,તા.૨-૨-૧૯૬૩

**દુઃખી કોણ કરે છે ? જીવન ખારું કોણ બનાવે છે ? સંયોગો કે દૃષ્ટિ ?**

કહેવું જ પડશે કે મોટા ભાગે ઝેરભરી દૃષ્ટિ જ દુઃખી કરે છે. જોશો તો દેખાશે કે કેટલાય શ્રીમંત કરતાં અમીભરી દૃષ્ટિવાળા ગરીબ માણસો પણ સારા સુખી છે. સંયોગો તો શ્રીમંતને સુંદર મળ્યા છે, પરંતુ દૃષ્ટિ વિષભરી છે તેથી સુખ નથી. અહંકાર, વિષયોન્માદ, ઈર્ષ્યા વગેરે ઝેર સુખને આઘું રાખે છે, અને દુઃખને પાસે રાખે છે.

**૧. અહંત્વનું ઝેર :-**

ગામમાં ફલાણો માણસ મારું માનતો નથી મારી નિંદા કરે છે, એ હરામી શું સમજે છે ? આમ અહંકારની દૃષ્ટિએ વિચારે છે એટલે દુઃખી થાય છે. એ શ્રીમંતના બદલે કોક ગરીબ માણસની કદાચ અનેક જણા પણ નિંદા કરતા હોય, ગરીબનું કોઈ માનતું ન હોય, છતાં જો એ નિરભિમાનરૂપી અમીથી ભરેલી દૃષ્ટિ રાખે છે ! તે તો એને એ વિચાર આવે છે કે 'આપણે વળી પૂર્વ મહાપુરુષો જેવા ક્યાં સારા માણસ હતા, કે સારી પુણ્યાઈવાળા અગર સારા પરોપકાર કરનારા હતા કે બધા આપણી પ્રશંસા જ કરે, કોઈ જ નિંદા ન કરે ? કે બધા આપણું માને જ ? માટે ચાલવા દો ચાલે તેમ. દુનિયા સામે બહુ જોવાની જરૂર નથી.' દૃષ્ટિમાં આ નિરભિમાનીતાની અમી છે તો ગરીબ પણ સુખી છે. અહંકારનું ઝેર હોય તો શ્રીમંત પણ દુઃખી છે.

**૨. વિષયોન્માદનું ઝેર :-**

એમ વિષયોન્માદના ઝેરવાળો ગમે તેટલું મળે તો ય ઓછું માનવાનો. સિકંદર બાદશાહને સંતોષ નહોતો, નવ નવી લૂંટ અને નવ નવી સ્ત્રીઓ ઉપાડી લાવતો છતાં એને ઉન્માદથી જંપ નહોતો. આમાં સુખ-સ્વસ્થતા ક્યાં મળે ? વિષયો ઈંધણ જેવા છે. વાસના અગ્નિ છે. એમાં વિષયો ગમે તેટલા હોમો છતાં એ શમે નહિ, વધે. એથી સંતાપ જ રહે. ગરીબ જો વિષયોન્માદવાળો નથી, થોડામાં બહુ મળ્યું માનનારો છે, તો એ એની અમીભરી દૃષ્ટિ છે. એમાં એ આનંદ કલ્લોલ કરે છે.



**૩. ઈર્ષ્યાનું ઝેર :-**

ત્યારે ઈર્ષ્યાનું તો કહેવાનું જ શું ? બીજાનું સારું ખમાય નહિ, ત્યાં રોજ સંતાપ રહે. પરિસ્થિતિ તો એની એ જ રહેતી હોય, પણ દૃષ્ટિમાં ઈર્ષ્યાના ઝેરથી મફતિયા સંતાપે બળવાનું ! શ્રીમંતાઈ હોય, પોતાને ઘણું યા પૂરતું મળ્યું હોય છતાં આ ઝેરથી બળ્યા કરવું પડે એ કેવી કમનસીબી ! ત્યારે જો ગરીબાઈ હોવા છતાં દૃષ્ટિ સર્વ સ્નેહ અને પરપ્રમોદરૂપી અમીની ભરેલી છે તો બીજાનું સારું ખમાય છે, હૈયે સમાય છે, કલેજે ઠંડક રહે છે, સંતાપ નથી થતો.

**કેટલીક અમીઓ :-**

માનવજીવની મઝા અમીભરી દૃષ્ટિ રાખવામાં છે. જુઓ કેટકેટલી અમીનો વિચાર થયો ? માતા-પિતાને સદા ઉપકારી તરીકે જોવાની અમી. ઉપકારનો શક્ય બદલો વાળવો જ જોઈએ એવી કૃતજ્ઞભાવની અમી. દરેક પ્રસંગમાં સારી જ ખતવણી, નમ્રતા-લઘુતાપૂર્વક જ વિચારવાની, વિષયતૃપ્તિની, સર્વને સ્નેહપ્રમોદથી જ જોવાની...આવી બધી અમી દૃષ્ટિમાં રાખવાની.

**તારાની ફરિયાદ :-**

નાનાભાઈની પત્ની તારા બિચારી અહંકાર, વિષયોન્માદ ઈર્ષ્યાની પીડામાં વિપરીત મતિવાળી બની ગઈ છે. પરણ્યાને વરસ-બે વરસ થયાં હશે. એમાં તો એની ભ્રાન્ત દૃષ્ટિમાં બહુ બધું ઊંધું દેખાય છે. હવે એને અસહ્ય લાગવાથી એ પોતાના પતિ વિનયચંદ્રને ભંભેરણી કરે છે.

એક દિવસ એ કહે છે કે 'આ તમારા ઘરમાં આવું કેમ ચાલે છે ?'

વિનયચંદ્ર પૂછે છે 'કેમ શું એવું ખોટું ચાલે છે ?'

'ખોટું તો તમે જાણો પરંતુ અહીં તો તમારા ભાઈ ભોજાઈની એકધારી સત્તા ચાલે છે.'

વિનયચંદ્ર કહે છે, 'અરે ! સત્તા શી અજમાવી ?'

'સત્તા એ કે તમને ને મને એક સરખા હુકમ જ કર્યા કરે !'

'એટલે શું ત્યારે વડીલની સામે આપણે પણ હુકમ છોડતા હોઈએ તો ઠીક ?'

તારા બોલતાં બંધાઈ ગઈ. એટલે સ્ત્રીશસ્ત્ર રુદન જેવું મોં પર લાવી કહે છે. 'બસ અમારે કાંઈ બોલવાનું જ નહિ !'

વિનયચંદ્ર કહે છે, 'ખોટું શું કામ લગાડે છે ? ભાઈ ભાભીએ તો મને ઉછેર્યો છે, એમનો તો અનહદ ઉપકાર છે, એટલે જરૂર પડ્યે એ આજ્ઞા કરે, પણ આપણે હુકમ ન કરાય.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**તારાની કરામત :-**

તારા જુએ છે કે પતિના મન પર મોટી અસર છે, તેથી તે વખતે વાત બદલી નાખી. પરંતુ પતિના પગ પકડી પગમાં માથું ઢાળી કહે છે, 'મારે તો તમે જ એક આધાર છો. તમે જ મારા પ્રાણ, મારા ત્રાણ, મારું શરણ ! બસ બીજું મને આવડતું નથી ને બીજું કાંઈ મારે જોઈતું નથી.' બસ આ રડમુખતા, ઓશિયાળાગીરી અને શરણ-સ્વીકારના શબ્દે વિનયચંદ્રના દિલ પર એક છૂપી અસર નાખી દીધી.

**નવો દાવ :-**

વળી બીજા કોઈ દિવસે તારાએ ફરીથી વાત ઉપાડી; કહે છે, 'ભાઈ હમણાં કાંઈ તમને પૂછતા-ગાછતા નથી લાગતા !'

'હમણાં એમને કામ બહુ રહે છે.'

'કામ તો કેદિ' નથી હોતું ? મને લાગે છે કે...'

'કેમ અટક્યા ?'

'કહું, પણ તમને ખોટું લાગે તો ?'

'સાચી વાત હોય તેમાં ખોટું શું લગાડવું ?'

તારાએ ગપ્પું માર્યું 'વાત એ છે કે ભાભી પણ મારી સાથે ઓછું બોલે છે, એટલે લાગે છે કે બંનેને હવે આપણા પર મમત્વ ઘટ્યું છે.'

'અરે ! આવો વિચાર કેમ આવે છે ? એમનું તો મમત્વ તો ઘણું છે, માટે તો વાતોનાં ટાયલાં ન બતાવતાં ખરી કાળજી રાત દિવસ કરે છે. એટલે કાંઈ ભ્રમમાં તણાવા જેવું નથી.'

'કાળજી હોય તો તમારું શરીર જુઓને કેમ નરમ રહે છે ?'

'તો કાળજી તું તો બહુ રાખે જ છે, છતાંય આ જ શરીર છે ને ? કાળજીનો સવાલ નથી, શરીર છે તે સાજું ય રહે ને નરમે રહે.'

'પણ તે ભાઈભાભીને ન લાગે; મારું તો હૈયું કકળે છે !' એમ કહીને તારાએ આંખો આંસુભીની કરી. બસ, એ દયામણી મુદ્રાયે વિનયચંદ્ર ઉપર વળી કાંક અસર ઊભી કરી.

**ફરિયાદ અને ખુલાસા :-**

પછી તો રોજ કાંક ને કાંક ફરિયાદ તારાએ રોવા માંડી... 'આજ ભાભી પાડોશી સાથે વાતે ચઢ્યા તે બધો કામનો ઢસરડો મારે જ કરવો પડ્યો...' 'આજ ઘડો ફૂટ્યો તે ભાભી ગુસ્સે થઈ ગયા...' 'સાડી બગડી તે એવો છણકો કર્યો કે મારી જિંદગીમાં મારા બાપને ત્યાં સાંભળ્યો નથી.'...ચાલ્યું પુરાણ !



છતાં વિનયચંદ્ર સમાધાન કરતો કે 'કામ તો આજ સુધી ભાભીએ ઢગલો કર્યા છે...' 'નુકસાન થાય તો સહેજે કહે; તો જ આપણે નાનડિયા સાવધાન રહીએ...' 'છણકા પણ ખૂબ હેતના હોય છે, નહિતર પછી એટલા બધા હેતભર્યા વર્તાવ શાના હોય ? ક્ષણિક છણકો જોવા કરતાં આગળ પાછળનો વર્તાવ-વ્યવહાર અને દિલ જોવું જોઈએ.' પણ આ સાંભળવું છે કોને ?

**શબ્દ કાતિલ ખંજર :-**

વાત એ છે કે બે ઉત્તર-દક્ષિણ છે. વિનયચંદ્ર ભાઈ-ભાભી પર પૂરી મમતા-સદ્ભાવ-બહુમાનવાળો છે, ને તારા ઈર્ષ્યા-દુર્ભાવ દ્વેષવાળી બની છે, એટલે પતિના સાચા ખુલાસા તો એને જચતા નથી, પરંતુ ઓશિયાળા, આંસુ, રોજ હલકી બનાવટી વાતો વગેરે કરી કરીને પતિને ભરમાવી રહી છે. શબ્દોની અસર કાતિલ ખંજર જેવી હોય છે. રોજ ને રોજ એકસરખા ભાવના શબ્દો ફેરવી ફેરવીને કાન પર આવતા જાય એટલે એની ઘેરી અસર પડી જાય છે. એમાં વળી પત્ની, અને આંસુ ટપકાવે, ને ઓશિયાળાં કરે, પછી કેમ અસર ન કરે ?

એક દિ' તારા કહે છે, 'આ હવે તો તમે મોટા થયા, દીકરાના બાપ થશો, ને આ ભાભીજી તમને 'વિનુ' 'વિનુ' કેમ કહે છે ? દિયરિયો તો નાનો હોય તો ય માનથી બોલાવાય.'

વિનયચંદ્ર કહે છે 'એમણે મને નાનેથી મોટો કર્યો છે, માની જેમ ઉછેર્યો છે, તે પહેલેથી વિનુ કહેતાં આવ્યાં છે તે કહે છે.'

'અરે તમે તો ભોળા જ રહ્યા ! બાળપણની વાત જુદી છે. મોટા થયે તો વિવેક દાખવવો જોઈએ.'

'પણ હવે આપણાથી કાંઈ કહેવાય કે તમે મને માનથી બોલાવો ?'

'કહેવાય નહિ, પણ સમજાય તો ખરું ને કે આની પાછળ શું તત્ત્વ કામ કરી રહ્યું છે ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૯,તા.૯-૨-૧૯૬૩

'શું તત્ત્વ વળી ? બહુ હેત છે.'

'રાખો રાખો, હેત કરી મૂકયા છે ? ઘેલા થાઓ મા; આ અમને બાઈઓને ખબર પડે એટલી ય તમને આદમીને ખબર નથી પડતી ! આ તો તમારા પર બરાબર વર્ચસ્વ જમાવી રાખવાનો કીમિયો છે. પરંતુ તમે ધોખામાં પડશો. તમારા હાથમાં, લાવો, શું છે ? દુકાન ? તિજોરી ? ઘરેણાં ? કશું નહિ. મને તો હવે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

આ ઘરમાં સલામતી નથી લાગતી. આ તમે તો મને અને પાછળવાળાને જિંદગીના ગુલામ યા રખડતા કરશો !' એમ કહીને પાછી રોવા બેઠી. એની ધીમી ધીમી થતી આવતી અસરે હવે વિનયચંદ્ર ડગમગે છે.

**પત્નીની કેમ અસર ? :-**

કેટલી ચાલબાજી છે ? ગોઠવણભર્યા શબ્દ બોલીને પતિને ધીમે ધીમે શીશામાં ઉતારી રહી છે. સાથે જૂઠ તો ખરું જ, માયા ય ખરી, અને કાંઈ ન ચાલ્યું તો આંસુનું નાટકે ય ખરું ! ત્યારે પત્નીનાં આંસુ એટલે ? માણસ ઢીલો ઘેંસ ! કેમ કે જગત નથી જોતું એ રીતે એ સંસારનું શ્રેષ્ઠ લાગતું સુખ આપે છે. કોઈ ન જાણે એ રીતે જે મિત્ર ખાનગીમાં રૂપિયા ઉપર રૂપિયા આપે જતો હોય એ કેટલો બધો વહાલો લાગે ! પ્રાણથી ય અધિક મનાય ! તો મિત્ર તો અર્થનું સુખ દે છે, પણ આ કામનું સુખ પેલાને ટપી જાય એવું દે છે,

**કામ-સુખ અને આત્માનંદ :-**

શાસ્ત્ર આ દાખલો આપીને કહે છે કે ગમે તેટલું સજ્જડ માથું દુખતું હોય તો ભલે એને ખાવું નહિ ગમે, વાહન નહિ ગમે, કદાચ પૈસા ય સુખ નહિ આપે, પણ એ કામવાસનાના સુખમાં મસ્ત બની જાય છે.

એવી રીતે, મહાત્માઓ ઉપર દુષ્ટોનો ઉપદ્રવ-ઉપસર્ગ વરસી રહ્યો હોય છતાં આત્માનો આનંદ અને પરમાત્મભાવની નિર્વિકાર દશાની ઝાંખીના આનંદમાં એ મસ્ત રહી શકે ! એ ધ્યાનમાં ઊતરે છે ને ? પરંતુ આ ક્યારે બને ? આપત્તિની વાત તો પછી, પણ પહેલા સારાસારીમાં આત્માની નિર્વિકાર દશાની ઝાંખીનો અનુભવ-અભ્યાસ કરવામાં આવે. એ ચિંતવતા રહેવું જોઈએ, કે

**નિર્વિકાર દશાનું ચિંતન :-**

'હું કોણ ? હું તો અસલી સ્વરૂપમાં શુદ્ધ અચ્છેદ્ય-અભેદ્ય, કોઈ પણ જાતના વિકાર વિનાનો ! મારે વળી આ ઇન્દ્રિયોની ખણજ સાથે શું લાગેવળગે ? ઇન્દ્રિયોને મારે વિષયોથી વિડંબવાનો આ ધંધો શો ? એના તેને ગમતા અણગમતા વિષયસંપર્કમાં એ જ ઇન્દ્રિય સુખ દુઃખ માણે છે. બીજી ઇન્દ્રિયો નહિ; તો બીજીઓને જેમ કોઈ એની સારી નરસી અસર નથી, એમ મારે પણ સારી નરસી અસર લેવાનું શું કામ ? ચક્ષુને સારું જોવા મળ્યું તેથી કાંઈ ચામડીને ઠંડક નથી વળતી; અને એને મુલાયમ સ્પર્શવાનું મળ્યું તો કાંઈ આંખને ટેસ નથી આવતો; એથી ઊલટું આંખને ખરાબ જોવાનું મળ્યું, દા.ત. દૂરથી કોઈ ઉકરડો જોયો, તો તેથી કાંઈ નાક ફાટી નથી પડતું; યા જીભને કડવું મળ્યું તો એ દુઃખી થાય પણ એથી કાનને કોઈ વિટંબણા નથી; બસ આ રીતે બધી ય ઇન્દ્રિયોના સારા-નરસા



વિષયસંપર્કમાં મારે વળી હર્ષ-ખેદ શા ? લહેવાઈ-કરમાઈ જવાનું શું ? બીજું અનુકૂળ કે પ્રતિકૂળ જોવા-ખાવાનું તો શું કિન્તુ સ્પર્શવાનું આવે, અર્થાત્ શરીરને એક બાજુ કોઈ અગ્નિથી દઝાડે અને બીજી બાજુ ચંદનથી લેપે, પરંતુ મારે એની સાથે શી નિસ્બત, શી લેવાદેવા ? હું આત્મા બળતો નથી કે ઠરતો નથી. હું નિર્વિકાર છું, કાયા વિકારી છે. તે દાઝે અને ઠરે, પણ હું નહિ. છતાં જે સુખ-દુઃખના અનુભવ છે તે તો શાતા-અને અશાતા વેદનીય નામના કર્મના ઘરના છે. જો કે તે મારે ભોગવવા પડે છે, છતાં મારા આત્મસ્વરૂપને એ કશું જ ન કરી શકે, હું તો સ્વરૂપથી અરૂપી અનંત જ્ઞાનાદિમય નિરંજન નિર્વિકાર છું...'

**સારાસારીમાં શુભ ભાવ કેળવાય તો પ્રતિકૂળમાં તે આવી શકે :-**

-આવી ભાવના સારાસારીમાં, અર્થાત્ ઇષ્ટ વિષયો વખતે, વારંવાર સેવી હોય; એ વિષયોમાં રસ ન લીધા હોય, તો અવસરે અનિષ્ટ પ્રતિકૂળ સંયોગમાં પણ એનાથી અલિપ્તભાવ ભાવી શકાય, અને આત્માના સમભાવના આનંદમાં મસ્ત રહેવાય. આ શેની જેમ ? જેવી રીતે સખ્ત માથાની પીડા આદિ વખતે કામભોગના આનંદમાં જીવ મસ્ત બને છે, એની જેમ, અહીં પણ પ્રતિકૂળતા છતાં આત્માનંદમાં મસ્ત કેમ ન રહેવાય ?

**દેવગુરુ પ્રત્યે સ્વાર્થ ? :-**

તો સંસારી જીવને એ શ્રેષ્ઠ લાગતો ભોગનો આનંદ એને દેનારી પત્ની તરફ વિશેષ આવર્જી દે છે. એટલે પછી એના ઢોંગી પણ રુદન જોઈને એના તરફ વિશેષ લાગણીવાળો બને છે. પછી ત્યાં એનો પઢાયો પઢે છે ! મહા ઉપકારી એવા સગા માતા-પિતાને પણ ભૂલે છે, એમનાથી જુદો થાય છે; કદાચ એમને દુશ્મન પણ દેખે છે.

**જેનો ઉપકાર પ્રત્યક્ષ દેખાય છે, એવા માબાપનેય જે ભૂલે, ને એમની સામે સ્વાર્થની રમત રમે, તો પછી તે આવા ઊંચા મનુષ્યભવ અને બીજી પુણ્યાઈ પમાડવાનો જેમનો ગજબનો ઉપકાર એવા દેવ-ગુરુ-ધર્મને ભલે અને યાવત્ એમની સામે ય સ્વાર્થની રમત રમે એમાં શી નવાઈ ?**

સ્ત્રીમાં આકર્ષાયો અને એનો પઢાયો પઢનારો આવો કૃતઘ્ન બને છે. તો એનું પરિણામ શું ? ઊંચી ગુણસંપત્તિ અને ધર્મસાધના સાધી લેવાના માનવભવમાં અધમ જીવન જીવી ચોરાશીના ચક્કરે ચઢી જવાનું ! હલકા જન્મના દુઃખોમાં રિબાવાનું ! ત્યાં પેલી પત્ની હાથ દેવા ન આવે ! સાથે ય ન ઊભી રહે ! ત્યાં તો એકલે પંડે ભયંકર ત્રાસ-યાતનાઓમાં પીડાવાનું ! આ બધાનું મૂળ શું ? કામ-સુખને શ્રેષ્ઠ માન્યા અને પત્ની પર ખોટા ઓવારી ગયા તે જ ને ?



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**વિચાર કરતાં વાસના જાગે છે :-**

માટે જ વિચારવા જેવું છે કે 'આ કામભોગની કેટલી કારમી વિટંબણા છે ! શા માટે એને મહત્ત્વ જ આપવું ! શા માટે એણે સંસારમાં સર્જેલી ભયંકર ખરાબીઓ વારંવાર નજર સામે ન લાવવી ? જ્યાં કેવળ ગંદવાડ છે એવા નારી દેહ પર શા માટે આકર્ષાવું ? એનો વિચાર આવે છે માટે જ ઈન્દ્રિયની ખણજ ઊઠે છે. પરંતુ એ તરફ લક્ષ જ ન લઈ જવાય તો કાંઈ પંચાતી છે ?'

**વાસના રોકવા વિચારણા :-**

મોહના ઉદયે કદાચ વિકાર જાગ્યો તો વિચારાય કે 'હું ચિંદાનંદઘન આત્મા, મારે તે વળી ઈન્દ્રિયોની તૃપ્તિ કરવા દોડવાની જરૂર જ શી છે ? ઈન્દ્રિયો મારી છે, એના પર મારો અધિકાર છે, માટે એનું તોફાન, એની ભૂખખણજ પોષવાનો મોખ નથી. એને ન પોષું એથી જીવન કાંઈ અટકી પડતું નથી, ઊલટું સારું સ્વસ્થ જીવન જીવી શકાય છે, દેવ-ગુરુ-ધર્મમાં સારું ચિત્ત પરોવી શકાય છે, એમના ઉપકારને લક્ષમાં રાખી એમના પ્રત્યે ગદ્ગદ રહી શકાય છે. નહિતર તો વિષયપાત્ર આગળ જ ગદ્ગદ રહેવું પડે છે. અનંત અનંત કાળ ઈન્દ્રિયોની ખણજથી લહેવાઈ જવામાં અને એને પોષવામાં ગુમાવ્યા; હવે એ મોખ નથી. એ કહે એ બધું કર્યા કરવું, એવી ગાંડી રમત, નાદાન ચેષ્ટા, અવિવેકી પ્રવૃત્તિ હવે કરવાની મારે જરૂર નથી. આમ સાવધાન ન બની જાઉં તો સામે નરકની ભઠ્ઠીઓ અને પરમાધામીના ભાલા તૈયાર છે ! પગે પડતી મોટી ઈન્દ્રાણીઓ સામે મટકું પણ ન માનનાર જિનેશ્વર ભગવાનનો સેવક હું શું ભટકતી વાઘરણો જેવી ઈન્દ્રિયો અને વિષ સમા વિષયોમાં રસ લઉં ? ના, ના, હવે તો તીર્થંકર ભગવાન અને મહાપુરુષોના ભવ્ય ત્યાગભર્યા જીવન પ્રસંગોમાં રસ લઈ મન એમાં પરોવી રાખીશ, મારા આત્મ-સ્વરૂપમાં મન પરોવીશ ! આત્મા સાથે ગાઢ સંબંધ ધરાવનાર કર્મસત્તાના ભેદપ્રભેદ, બંધ-ઉદય-ઉદીરણા, પ્રકૃતિ-સ્થિતિ-રસ પ્રદેશ વગેરેનો તથા જીવ-અજીવાદિ નવ તત્ત્વનો જ વિચાર કર્યા કરીશ. આત્મા કેમ સ્વસ્થ બને, શાંત બને, શુદ્ધ બને, ઈન્દ્રિયોથી સ્વતંત્ર બને, એનો જ વિચાર રાખીશ...'

વાસના મોળી પાડવા આ વિવેક, આ વિચારણા આ નિર્ધાર જરૂરી છે; એ વારંવાર સેવવા યોગ્ય છે. પછી શક્ય પ્રમાણમાં વિષયોની પ્રવૃત્તિ પર અંકુશ જ મૂકી દેવો જોઈએ.

**પ્રવૃત્તિ કેમ ઊઠે છે ? :-**

વિષયો તરફની પ્રવૃત્તિ થવામાં મોટું કારણ એ છે કે મન જ પહેલું એ તરફ દોરાય છે, અને એની પ્રત્યે ઢળતું અને ઢીલું બને છે. પછી વાસના જાગીને જીવની



ઉપર ચડી બેસે એમાં નવાઈ નથી. જો આ નસ પરખીએ, આટલી સાવધાની રખાય કે મન વિષય તરફ લઈ જ ન જવું; જતું જણાય કે તરત જ અટકાવીને બીજી તરફ વાળી લેવું, અર્થાત્ વિષયનો વિચાર પડતો મૂકી બીજો કોઈ સારો વિચાર શરૂ કરી દેવો; દા.ત.

**સિદ્ધગિરિની યાત્રાનો વિચાર કરવો.** એ એવી રીતે કે જાણે આપણે તળેટીએ પહોંચી ગયા, સામે ભવ્ય ગિરિરાજ દેખાયો ! હવે ઉપર ચઢતા જઈએ છીએ એમાં પહેલું બાબુનું દહેરું આવ્યું. એમાં મૂળનાયક ભગવાનની આવી પ્રૌઢ ગંભીર મુદ્રાવાળી મૂર્તિ છે. પછી બાજુમાં સહસ્રફણા, પાર્શ્વનાથ ભગવાન જોઈએ છીએ; બાદ પ્રદક્ષિણા વગેરેમાં ફરતા ફરતા ફરતા દર્શન કરીએ છીએ. ત્યાં બધે દર્શન કરી બારીમાંથી બહાર નીકળી ચઢ્યા ગિરિરાજ પર. ઉપર ચઢતાં, પહેલાં અમુક હડો આવ્યો. પછી બીજો કુંડ આવ્યો, આમ વળ્યા, સીધા ચાલ્યા, ચઢવાનું આવ્યું,...એમ કરતાં કરતાં હનુમાન હડે, રામ પોળે, ચોકમાં,...ઠેઠ આદીશ્વર દાદાના મંદિરે પહોંચ્યા ! દાદાને જોઈએ છીએ તો 'અહો ! કેવી પ્રૌઢ મોટી કાયાના ભગવાન દેખાય છે ! કેવી વિશાળ ગંભીર મુખમુદ્રા !' નમન કરી ચાલ્યા નાની, વચલી અને મોટી પ્રદક્ષિણા કરવા...બસ આ રીતે વિચારણામાં તે તે ભગવાન જોતા જવાનું, અને નમો જિણાણં બોલતા અંજલિ સાથે મસ્તક નમાવતા જવાનું. પ્રદક્ષિણામાં છેલ્લે ગણધર ભગવાન પુંડરિક સ્વામીને જુહારવાના. પછી આદીશ્વર દાદા પાસે આવી દર્શન-વંદન સ્તુતિ કરવાની, આવી માનસિક વિચારણા શરૂ કરી દિલના ભક્તિભર્યા ભાવમાં આગળ વધતા જવાનું. એમ બીજા પણ તીર્થની યાત્રા વિચારી શકાય.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧,તા.૦૦-૯-૧૯૬૨

**બીજા સારા વિચાર :-**

અથવા મહાવીર પરમાત્માનું જીવન ઠેઠ પહેલેથી વિચારી શકાય, કે બીજા કોઈ મહાપુરુષનું આત્મપરાક્રમ વિચારવું.

યા, જીવ વિચાર, નવતત્ત્વ, તત્ત્વાર્થ, કર્મપ્રકૃત્તિઓ અને એના બંધ ઉદય વગેરે વિચારી શકાય.

બીજો વિચાર ઝટ ન સ્ફુરે તો નવકારમંત્ર કે લોગસ્સસૂત્ર ગણવા; પણ ગણત્રીબંધ ગણવા કે જેથી ચિત્ત એમા બરાબર પરોવાય. અથવા જાણે મન સામે એના અક્ષરે અક્ષર વાંચીએ છીએ એ રીતે યાદ કરતા જવું.

આમ મનને બીજા વિચારમાં રોકી દેવાથી વિષયો તરફથી એ હટી જવાનું;



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એટલે વાસનાના ઉદયનું મૂળ જ પડી ભાંગવાનું.

**વિષયો પ્રત્યે મન કઠોર બને ? :-**

ત્યારે મન વિષયો તરફ ઢળતું અને ઢીલું જો બની જાય છે, એની સામે એને કઠોર અને વિષયો તરફના તિરસ્કારવાળું કરવું જોઈએ. આ અનંત કાળના મીઠા લાગેલા વિષયો હવે કડવા લાગે તો બને. કોઈ મોટું નુકસાન હોય એવી વસ્તુ માટે છોકરો હઠ પકડતો હોય તો મન કડક કરી એના પર ગુસ્સો થાય છે ને ? એમ વિષય-સંગથી થતાં અપરંપાર મહાનુકસાનો જોઈ વિચારી વિષયો પ્રત્યે તિરસ્કાર જગાવી શકાય. વિષયોથી કેવી કેવી ભયંકરતા સર્જાય છે, નરકમાં અગ્નિની ભઠ્ઠીમાં શેકાવનું, અગ્નિ-ધીખતી પુતળીને ભેટવાનું, વગેરે નરકની પીડા, તિર્યંચગતિમાં માછલાની જીવતા જીવે ચામડી ઉઝરડાય, એ પાછા ભજિયાંની જેમ તેલમાં તળાય... વગેરે કારમી પીડા નજર સામે આવે ! જાણે આપણે જ આ વેઠવી પડે છે ! અને આવી પીડામાં આપણને વિષયો ફેંકે છે...આવો વિચાર વિષયો પ્રત્યે તિરસ્કાર જગાવી આપે છે.

**વીર્યનાશે નુકસાન :-**

બીજી બાજુ એ વિચાર કરવા જેવો છે કે શરીરનો રાજા વીર્ય છે એની જાહોજલાલીમાં જ સારી સ્ફુર્તિ, સારી શક્તિની બોલબાલા હોય છે. કામવાસનાની રમતમાં એની ખુવારી થાય છે. પછી ઇન્દ્રિયોનાં તેજ હણાય, કાયા રોગની ભોગ બને, ઘડપણ વહેલું આવે, વગેરેની નવાઈ નહિ. શા માટે આપણા જ હાથે આપણા જીવન સત્ત્વનો નાશ કરવો ?

કદાચ કહેશો કે 'શું કરીએ ? મોહના ઉદય પટકે છે ને ?'

**મન કેવી રીતે રોકાય ? :-**

પરંતુ આ તો ખોટી રીતે મોહને માથે ચડાવવાનું થાય છે. છતાં એને રોકવા ચાહતા હો તો આ ઉપાય છે કે વાસનાને પોષવાની ઇચ્છા જ ન કરો. ખરી રીતે કેટલીય વાર આપણે કંઈ ઇચ્છતા હોઈએ છીએ માટે જ ઇચ્છાની વસ્તુ આપણને પરવશ કરે છે. મન સાથે નક્કી કરો કે **'આ ચીજ મારે જોઈએ જ નહિ,'** તો એના તરફ મન સહેજે ગ્લાનિ, અણગમા કે ઉપેક્ષા-નફરતવાળું રહેશે. કોઈ વ્યસન લાગુ પડ્યુ છે તે છોડવાની ખરેખરી ઇચ્છા કરશો તો છુટતાં વાર નહિ લાગે. બાકી એમ કહ્યા કરીએ કે 'શું કરું ? છૂટતું નથી,' એથી કાંઈ ન વળે. અંતરથી ઇચ્છા થાય કે 'આ મારે જોઈએ જ નહિ,' તો છૂટતાં વાર નહિ લાગે. એમ વાસનાના પાપ અને વિષયો મારે જોઈતા જ નથી એવી નિર્ધારિત ઇચ્છા કરીએ તો એ પાપ પણ મોળાં પડી જશે અને વિષયો છૂટી ય જશે.



**પ્ર.**- વિષયની ઇચ્છા છૂટવી ક્યા સહેલી છે ?

**ઉ.**- વિષયસેવાની ભયંકરતા નજર સામે તરવરે તો એની ઇચ્છા છૂટવી સહેલી છે. એ ભયંકરતાને સમજવા માટે એનાં રકમબંધ નુકસાન હૈયે વસી જવાં જોઈએ. પૂર્વે ગણ્યા ઉપરાંત ગુલામગીરી, વિહ્વળતા, વિષયરસથી કપાતો ધર્મરસ, ક્ષય આદિ રોગો, નવ લાખ જીવોનો નાશ,...વગેરે વગેરે નુકસાન છે.

**વિષયાસક્તિ પાછળ ખરાબીઓ :-**

(૧) જોવા-વિચારવાની ફુરસદ અને તમન્ના જોઈએ. તો જરૂર દેખાય કે ઇન્દ્રિયોનાં વિષયો તરફ આકર્ષવામાં, આસક્ત બનવામાં કેટકેટલી ખરાબીઓ છે ગુલામગીરી એ મોટી ખરાબી છે. દુનિયામાં જેણે વિષયોના આકર્ષણ છોડ્યાં એને એવી ગુલામી નથી, એને વિષયો અને એના દેનારાની ચાપલુસી, ઓશિયાળાં આજીજી કશું કરવું નથી પડતું. અરે ! થોડા પ્રમાણમાં આસક્તિ છોડી તો એટલા પ્રમાણમાં એ માતબર થઇને ફરે છે. માનો કે એને ખાનપાનાદિની આસક્તિ છે. પરંતુ સ્ત્રીનું આકર્ષણ છોડ્યું છે તો એને સ્ત્રીની ગુલામી નહિ કરવી પડે. ત્યારે એ આકર્ષણવાળા કેટલાયની આજે દુર્દશા નજરે દેખાય છે. દેવીના દાસ થઈને રહે છે. ખાવાના લાલચુ માણસ ખવરાવનારાની ખોટી હા-જીહા અને ગદ્ધા ગુલામી કરે છે.

(૨) ત્યારે વિષયાસક્તિમાં ચિત્તની વિહ્વળતા ભારે રહે છે. વિષય મનગમતા મળે તોય રખેને એ હવે ચાલ્યા ન જાય, સ્ત્રી રિસાઈ ન જાય, એવી એવી ભયની વિહ્વળતા; અને ન મળે તો ક્યારે મળે, કેમ મળે, ઇત્યાદિ સંતાપની વિહ્વળતા ! શંકા-કુશંકા તો હાલતાં ને ચાલતાં ! સારા-નરસા વિષયોની તુલના કર્યા કરવામાં ચિત્ત વિહ્વળ જ રહે છે, શાંત નહિ. આવી વિહ્વળતામાં શાંતિથી સુખ ભોગવવાની વાત બાજુએ રહી જાય છે.

(૩) ત્યારે વિષયોના ભરપુર રસમાં ધર્મનો રસ ઓછો થઈ જાય છે, ટલ્લે ચઢે છે. એક તો અનાદિનો વિષયસંગ, અને એમાં વળી અહીં એનો રસ મળે પછી શું બાકી રહે ? મનમાં એ રસની બોલબાલા, એટલે ધર્મ રસભર્યો લાગતો નથી. બે સામસામે છે. ધર્મનો રસ હોય તો વિષયો કૂચા લાગે. વિષયોનો રસ હોય તો ધર્મ મામૂલી લાગે. વિચારવા જેવું છે ધર્મનો રસ જગાડવા એકમાત્ર ઉત્તમ ભવ મનુષ્યનો, તેમાં એ ન જગાડાય તો પછી કયાં જગાડી શકાશે ? વિષયોનો રસ મુકાતો નથી માટે ધર્મનો રસ જાગી શકતો નથી. એ ન જાગે એ કેટલી મોટી નુકસાની ! કોઈ પૂછે કે અહીંથી મરણ બાદ શું લઈ જવાના !' તો જવાબમાં 'વિષયરસ' જ ને ? હૃદય તામસ-રાજસ ભાવથી ઘેરાયેલું રહે છે ત્યાં ઇન્દ્રિયોનાં



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

વિષયોમાં જ મઝા અને નિરાંત લાગે છે. એ પેલા કાળા ભાવને પાછા પોષ્યા કરે છે. ઠેઠ જૈનશાસન અને વીતરાગ અરિહંત દેવ પામવા સુધી આવી પહોંચ્યા પછી પણ ધર્મરસ ન જાગે અને વિષયરસ અકબંધ રહે એ ભારે નાલેશી, નુકસાની અને કમનસીબી છે.

(૪) **ક્ષય આદિ રોગો :-** વિષયોની ઇચ્છા દાબવા માટે વિષયોનાં નુકસાનોમાં આ પણ એક નુકસાન નજર સામે રાખવા જેવું છે કે એની આસક્તિમાં શરીરના વીર્યનો નાશ થતો આવે છે, તેથી ક્ષય, શરદી જેવા રોગો ચઢી બેસે છે. શરીરમાં વીર્યનો સારો સંગ્રહ હોય ત્યાં સુધી એ રોગ સામે એક Resisting power સામનો કરવાની શક્તિ છે, રોગને ચઢી બેસવા દેતું નથી. પણ એ ખત્મ થાય તો રોગો ચઢી બેસે એમાં નવાઈ નથી, કહે છે 'હવા બગડે છે તેથી રોગના કીટાણુ શરીરમાં પેસી મંદવાડ લાવે છે. મલેરિયાની હવાથી મલેરિયા તાવ આવે છે.' પરંતુ ખરી સ્થિતિ એ હોય છે કે શરીરની અંદર મળદોષ-વાયુદોષ વગેરે કારણે રોગના કીટાણુનો સામનો કરવાની શક્તિ કમ થઈ ગઈ છે તેથી રોગ ચઢી બેસે છે; નહિતર તો એ બગડેલી હવામાં રહેનાર બધા જ માણસોને કેમ રોગ નથી લાગુ પડતો ? આજની પદ્ધતિમાં આ મૂળ કારણ નથી જોવાતું તેથી ભળતા ઉપાયે રોગ અંદર દબાવાય છે, જે આગળ જઇને પાછી એક યા બીજી તકલીફ ઊભી કરે છે. અહીં આ જોવા જેવું છે કે શરીરનું વીર્ય Vitality નષ્ટ થવાથી રોગોને સ્થાન મળી રહે છે.

(૫) આ નુકસાનો ઉપરાંત વિષયસેવનમાં એકેક પ્રસંગમાં નવ લાખ પંચેન્દ્રિય જીવો મરે છે એ, એનું પાપ,...વગેરે પણ નુકસાન છે.

માટે વાસનામાં અંધ ન બનવું; તેથી પત્નીના ખોટા મોહમાં તણાવાનું નહિ થાય.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૧,તા.૧૬-૨-૧૯૬૩

**દૃષ્ટિનો પલટો :-**

તારા શહેરની કન્યા ! લટકા અને ચાળા એને બહુ આવડે ! તે વિષયાંધ પતિ વિનયચંદને એણે ધીમે ધીમે એવો ફંદામાં લીધો કે બિચારો એક તો કામરાગમાં સારી રીતે બંધાયેલો એનાથી પ્રભાવિત થતો ગયો હતો, અને હવે મહાન ઉપકારી એવા ભાઈ અને ભાભીના ઉપર અભાવવાળો બનતો ગયો ! એમનામાં દોષ દેખતો બન્યો... પત્ની જેમ ભણાવે તેમ એણે પાઠ ભણવા માંડ્યા ! દૃષ્ટિમાં ભાઈ ભાભીને



સ્વારથિયા અને દુશ્મન તરીકે દેખવાનું ઝેર આવતું ગયું; અને દૃષ્ટિ જ આવી ઝેરવાળી બની પછી એમનું સારું પણ વર્તન આને ખરાબ લાગવા માંડ્યું. ભાઈ એને સાથે જમવા લઈ બેસે તો એને એમ લાગે કે 'જોયું ? હજી મને નાનો બચ્ચો જ ગણે છે તે એમની આંખ નીચે જ જમવાનું ! ને ભાભી જ જમાડે. તારા નહિ !' ત્યારે જો ભાઈ ભાભી સમયવર્તી એને જુદો જમવા દે તો એને એમ લાગે કે 'જોયું ? હવે જુઆરું કરી આપ્યું !'

નવાં કપડાં ઘરેણાં એની પત્ની અને ભાભી બંનેનાં સાથે થાય તો એના મનને એમ લાગે કે 'જુઓ હજી ય ભાભીને કેટલા કોડ છે તે બધું હારોહાર જોઈએ છે !' અને ક્યારેક તારાના એકલાના કરાવાય ત્યારે મનને એમ થતું કે 'આ કેવી લાંચ આપે છે ! આમ કરીને જાણે બહુ વહાલ દેખાડવું છે ! અને જિંદગીભર અમને દબાવી રાખવા છે.'

**દૃષ્ટિમાં ઝેર આવી ગયા પછી કશું સીધું પડતું નથી.** એથી વિનયચંદ મનમાં ને મનમાં બળ્યા કરે છે, અને પત્ની સાથે ખાનગીમાં ભાઈ-ભાભીની નિંદા કર્યા કરે છે. તારા જુએ છે કે હવે એનામાં પલટો થઈ ગયો છે, એટલે એક દહાડો પૂછે છે.

**તારા અક્કલ આપે છે :-**

'કેમ ? હવે આવું ક્યાં સુધી ચલાવવું છે ?'

આ કહે છે 'હવે તો હું ય કંટાળ્યો છું, એટલે જુદું ઘર કરવાનું કહેવા તક જોઉં છું.'

'તે ઘર જ જુદું ? દુકાન ભેગી ?'

'કેમ ત્યારે ?'

'કેમ શું ? શું દુકાનમાં ભેગું મુંડાવું છે ?'

'પણ એમાં તો ભાઈની આવડત અને આબરૂ વધારે, તેથી જુદામાં મઝા ન આવે.'

તારા બુદ્ધિશાળીની અદાથી કહે છે, 'અરે ! તમે તો દીવાના છો દીવાના ! કમાઈ તો પુણ્યના આધારે થાય છે, અક્કલ આબરૂ પર નહિ ! સમજતા નથી તમે; પણ આ જુઓ કે આ તમારા પુણ્યે કામ ચાલે છે, અને ભાઈ જશ ખાટે છે, તેમ કમાઈ પણ લઈ જાય છે ! હમણાં જુદું કરો જોઉં, પછી જુઓ તમારું ભાગ્ય કેવું ખીલે છે અને એ ભાઈસાબના કેવા હાલ થાય છે !'

વિનયચંદ કહે છે, 'ખરી વાત, ખરી વાત તારી. બસ ત્યારે હવે તો બધું જ જુદું કરી લઈએ.'

દૃષ્ટિમાં અમી હતી ત્યાં સુધી ભાઈ-ભોજાઈના એ માતાપિતા જેવા વાત્સલ્ય



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

નીચે કલ્લો કરતો હતો, નિશ્ચિત અને ફક્કડલાલ હતો. હવે સ્થિતિ ફરી, પત્નીની વારંવારની ચઢવણીએ એની દૃષ્ટિમાં ઝેર ભરાયું; એટલે ભાઈ-ભાભીના વાત્સલ્યને સ્વાર્થ અને માયાચારની રમત જુએ છે, મનમાં બળ્યા કરે છે, સલવાય છે 'ભાઈને કહેવું કેવી રીતે ?'

**સિફતથી જુઆરાની માગણી :-**

પણ પેલી જબરી છે, રોજ ને રોજ ગોદા મારે છે, એક યા બીજી રીતે પાણી ચઢાવે છે. એટલે એક દિવસ જ્યારે નિરાંતે બેઠેલા એને સ્નેહથી મોટાભાઈ પૂછે છે, 'કેમ વિનુ ! આનંદમાં ને ?'

તક આવી જાણી આ કહે છે, 'કેમ પૂછવું પડ્યું ?' અમીચંદ કહે છે, 'પૂછવું તો જોઈએ જ ને ? બાને છેવટના વચન આપ્યું છે કે વિનુને તારા કરતાં સવાયો સાચવીશું.'

'તો સાચવો જ છો ને ?'

'છતાં પૂછવું તો પડે. અમે ગમે તેટલું સંભાળતા હોઈએ પરંતુ તારા દિલને જરાય અસંતોષ ન જોઈએ.'

'મને તો ઘણો સંતોષ છે, કેમ કે તમે અમારું કેટલું બધું સાચવો છો ! પણ...' એમ કહેતાં ઊભો રહી ગયો.

અમીચંદ પૂછે છે 'કેમ કેમ બોલતાં અટકી ગયો ? કહે ખુશીથી કહે. 'પણ શું ?'

'કહું, પણ તમારા દિલને જરા દુઃખ થાય.'

'અરે ગાંડા ! દુઃખ શું ? તું કહે તો ઊલટું સારું કાંઈ પણ કરવા સુધારવા જેવું હોય તો ખબર પડે, ને કરાય, સુધારાય. કહે નિઃસંકોચ કહે. શું ?'

વિનયચંદ કહે છે, 'આ બીજું તો કાંઈ નહિ પણ એક લોકવ્યવહારથી એમ થાય છે કે તમને આજ સુધી ઘણી તકલીફ આપી. એટલે હવે તમને શાંતિ આપવી.'

'અરે શાંતિ જ છે, તકલીફ શાની ?'

'તકલીફ એ કે અમારા બંનેનું હજી ક્યાં સુધી તમારે સંભાળ્યા કરવાનું ? એટલે હવે એમ થાય છે કે ઘર અને દુકાન સંબંધી અમારો ભાર તમારા માથેથી ઉતારી નાખવો.'

'એટલે ?'

'એ જ કે હવે અમારે અમારું સંભાળી લેવું. તમે તો આજસુધી અમારું બહુ કર્યું છે અને હજી પણ કરો છો, પરંતુ અમારે હવે વિચાર કરવો જોઈએ ને ? ક્યાં સુધી તમારે અમારું સંભાળ્યા કરવું પડે ?'



અમીચંદ કહે છે 'તો ભાઈ ! તને એમ લાગતું હોય તો ખુશીથી દુકાન અને ઘરનો વહીવટ તમે સંભાળી લો. જો કે મને તો સંભાળવામાં કોઈ તકલીફ નથી, પરંતુ હવે તમારા દિલને એમ જ લાગતું હોય તો ભલે તમો સંભાળો બધું તમારું જ છે. અમારે ધર્મધ્યાનનો અવસર સારો મળશે એમાં ખોટું શું છે ?'

**નિષ્ઠા અને વિવેકરૂપી અમી :-**

બસ,' વિનયચંદ્ર આ સાંભળીને વિચારમાં પડી ગયો કે 'હવે શું કહેવું ? આ તો ઊલટું બધું મને સોંપી દે છે ! હવે જુદું કરવાનું કેમ કહેવાય ?' ખરેખર તો હવે એણે સમજી જવું જોઈતું હતું કે 'આ પત્નીએ શીખવ્યું તે ખોટું છે, ભાઈના મનને કોઈ જુદાઈ નથી.' 'બધું તમારું જ છે.' એમ કહે છે, સોંપી દેવા તૈયાર છે, પછી શું બાકી રહ્યું ? પરંતુ આ ન સમજ્યો; કેમ કે દૃષ્ટિમાંથી વિવેકરૂપી અમી નીકળી ગઈ છે; માણસને ઓળખીને ચાલવું વર્તવું એવી નિષ્ઠા એ દૃષ્ટિની અમી છે. એ નિષ્ઠારૂપી અમીનો આનામાં અભાવ છે, એના બદલે અવિવેકનું ઝેર અને ઉપલકિયામાં અંજામણનું ઝેર દૃષ્ટિમાં વ્યાપી ગયું છે. એવી ઝેરભરી દૃષ્ટિથી ભાઈને અને એના બોલને ઓળખી શક્તો નથી, એની ઉમદાગીરીની પારખ કરવાનું સામર્થ્ય નથી. દેવ-ગુરુ અંગે પણ આવું જ છે. એમને ઓળખીને વર્તવાની નિષ્ઠા નહિ, એટલે ઉપલકિયા માણસોના કથનમાં તણાઈ જવાય છે,

વિનયચંદ મૂંઝાયો એટલે ભાઈને કહે છે 'વિચાર કરીને કહીશ.'

શું વિચાર કરવો છે ? બીજો કશો નહિ, સ્ત્રીની સલાહ લેવી છે. એ શીખવે એમ કહેવું છે. કેમ કે હવે આપ્તજન તરીકે ભાઈ-ભાભી મટીને સ્ત્રી બની છે ! ક્યાં પિતાવત્ પાલન કરનાર ભાઈ ! ક્યાં માતાની જેમ વાત્સલ્ય અને કાળજી રાખનારી ભાભી ! અને ક્યાં આ વિષયાંધ સ્વાર્થ-લંપટ પત્ની ! પરંતુ મોહનો અંધાપો એ દેખવા દેતો નથી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨૨,તા.૨-૨-૧૯૬૩

**મોહનો અંધાપો એક વિલક્ષણ અંધાપો છે.** જન્મનો આંધળો તો વસ્તુ હોય એ ન દેખે એટલું જ, પણ મોહથી અંધ બનેલો તો જે વસ્તુ નથી તે દેખે છે. અહીં પત્નીમાં વિશ્વસનીયતા નથી, પણ એ આ દેખી રહ્યો છે. મિથ્યાત્વ મોહનો અંધાપો પણ એવું જ કામ કરે છે. જગતના પદાર્થોમાં વિશ્વાસ મૂકવાલાયક તત્ત્વ નથી પણ મોહ તે દેખાડે છે. આત્માના તારણહાર ધર્મ અને એના અંગોમાં દુઃખકારિતા નથી પણ તે દેખાડે છે. લોકોત્તર જૈનશાસન પામવા સુધી આવી પહોંચ્યા પછી આવા



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મોહના અંધાપા રહે એ કેટલી બધી કમનસીબી ! કેવી મૂઢતા !

વિનયચંદે ખાનગીમાં પત્નીને બધી વાત કરી સલાહ પૂછી, 'હવે શું કરવું છે ? હવે બધું તંત્ર આપણા હાથમાં આવે છે ! તો પછી વાંધો છે ?'

પેલી ઈર્ષ્યાથી કહે છે, 'તમે તો સાવ ભોળા છો. આ તમારું પુણ્ય ભેગા રહેવામાં કચરાઈ રહ્યું છે તેનું કેમ ? એ તો હવે જુઆરું જ માગી લો, પછી ખબર પડશે કોના પુણ્યે ચાલે છે !'

વિનયચંદે મંજૂર કર્યું. અવસર પામી ભાઈને કહે છે,

'આ જુઓને વિચાર તો બહુ કર્યો પણ મનને શાંતિ વળતી નથી.'

અમીચંદ કહે છે, 'એમ મૂંઝાઈશ નહિ. માતાને આપેલા વચન મુજબ મારે તો તને ખૂબ આનંદમાં રાખવાનો છે, તો કહે શાંતિનો કોઈ રસ્તો સૂઝે છે ?'

'હા, મને લાગે છે અમારી ચિંતાથી તમને તદ્દન મુક્ત રાખવા, એ માટે હવે તમે મને પગભર કરી દીધો છે, એટલે અમારે જુદા રહેવું. દુકાન પણ જુદી રાખવી.'

આ સાંભળીને અમીચંદને આઘાત લાગ્યો. આશ્ચર્ય થયું કે આટલો બધો વિનીત અને આ શું કહે છે ! અમીચંદ સમજી ગયો કે આ એની સ્ત્રીની ચઢવણી હશે. છતાં એને સમજાવે છે.

**સંયુક્ત કુટુંબના લાભ :-**

'જો વિનુ ! મને વાંધો નથી, પણ આમાં મઝા નથી. સંયુક્ત ઘરમાં એકબીજાને હૂંફ રહે છે, લોકમાં ભારબોજ પડે છે, કેટલીક વાર એકના પુણ્યે બધાનું ટટ્ટું નભે છે. રોગમંદવાડે સારી સંભાળ થાય છે. આ બધા લાભ જુઆરામાં નથી. ને તું આ વાત કરે છે પરંતુ એટલું તો વિચાર કે આ તારી ભાભી તારી પાછળ અડધી અડધી થઈ જનારી ! એને આ વાતથી કેવો આઘાત લાગશે ? લોકમાં શું કહેવાશે ? માટે વિચાર કર.'

મોટાભાઈએ બધું ય કહ્યું, પણ અહીં તો **'પઢો પોપટજી સીતારામ'** ની જ વાત હોય, સ્ત્રીએ ભણાવ્યું જ ભણવાનું હોય ત્યાં બીજું શાનું સંભળાય ? કે વિચારાય ?

એ તો કહી દે છે, 'માફ કરો મોટાભાઈ ! મને શાંતિ આથી જ થવાની છે. માટે ચાર સારા માણસ વચમાં રાખી વહેંચી લઈએ.'

**જિનમતિને ભારે દુઃખ :-**

અમીચંદે જોયું કે 'આ હવે એણે નક્કી કરી દીધેલી વસ્તુ છે. એમાં ફેરફાર કરે એમ લાગતું નથી.' તેથી એણે જિનમતિને બોલાવી વાત કરી. જિનમતિ ચોંકી



ઊઠી ! એને પારવાર દુઃખ થયું ! એ કહે છે, 'વિનુ, આ તું શું બોલે છે ? તું તો મારા કોડ ભાંગી નાખે ! માજીને મરતાં કહ્યું છે તેમ તારી જિંદગીભર સંભાળ કરવાનાં મારાં અરમાન છે. અને તને અઢાર અઢાર વરસથી સંભાળી પેટના દીકરાની જેમ તારી સાથે સ્નેહની સાંકળ બાંધી તે તું આમ તોડી નાખે છે ! હે ભગવાન !...' બોલતાં બોલતાં એનું હૈયું ભરાઈ આવ્યું, આંખમાંથી દડદડ પાણી વહેવા માંડ્યું, એને કેવળ નિઃસ્વાર્થ બુદ્ધિથી કરેલી આજસુધીની કાળજી પર પાણી ફરી વળતું દેખાયું. 'એકાએક કર્મનો આ શો પ્રકોપ થઈ ગયો ?' એમ એને લાગ્યું, મૂંઝવણ થવા માંડી, હૈયે ડચૂરો જામી પડ્યો, આંખમાંથી આંસુ વહી રહ્યાં છે.

કર્મની વિચિત્ર ગતિ છે. અઢાર વર્ષની એની મહેનત અને વાત્સલ્ય ક્યાં ? એની સામે દિયરિયાની આ નફટાઈ ! એ કર્મની જ વિચિત્રતા નહિ તો બીજું શું ? એને કેટલાય વખતથી તારાની ચાલી રહેલી ચઢવણીની ખબર જ નહોતી. સરળ સાફ દિલવાળા શું કામ શંકાની નજરે જુએ ? શું કામ તપાસ રાખ્યા કરે ? આ પરિણામ અલબત્ત ચઢવણીનું હતું, પરંતુ

જિનમતિની હેતભરી વર્ષોની સેવા સંભાળ લીધેલી તે થોડી તો લક્ષમાં રાખવી હતી ?

ના, જીવ ઘણી ય વાર તત્કાલમાં ફસે છે ! કોઈએ સો ઉપકાર કર્યા છે, પણ જો હમણાં એક જ વાર એ કાંક પ્રતિકૂલ કરે તો પેલો ઉપકારો લેનારો આ તત્કાલની વસ્તુ પર હૈયું બગાડે છે. બાપ કે ગુરુના ઠપકા પર મન કેમ બગડે છે ? ખરી રીતે તો એ વિચારવું જોઈએ કે આમના અથાગ ઉપકાર આગળ આ કડવો શબ્દ કે કડક વ્યવહાર કંઈ જ ભારે નથી, એ આનંદથી વધાવી જ લેવો જોઈએ, પણ ના, તત્કાલનું જ જોવું છે. 'મને ઠપકો કેમ આપ્યો ?'

ત્યારે કોઈએ પહેલાં લાતો મારી છે, પણ હમણાં જો કાંઈ ચટાડવાનું કરે છે તો તરત એમાં લહેવાઈ જવાય છે. કૂતરાને ચાર વાર હડધૂત કર્યું, દંડોય માર્યો, પરંતુ હમણાં પાછો જરા હાથમાં લાડવો દેખાડો તો દોડતો આવે !

ત્યારે માણસની ય કઈ દશા છે ? મીઠાઈથી દસ વાર પેટ દુખ્યું હતું, અકળામણ થઈ હતી, એ દસવાર લાત થઈ; પરંતુ હમણાં પાછી જો મીઠાઈ સામે આવી, તો ઝટ મન લલચાય છે. બસ, ભૂતકાળ વિસાતમાં નથી, તત્કાલનું જ જોવું છે એની આ દશા છે. જીવે અનંતીવાર વિષયો અને કષાયોના યોગે પારાવાર દુઃખ વેઠ્યાં છે, છતાં અહીં તત્કાળનું જોઈ પાછું એમાં ઝુકાવવું છે !

આવી તત્કાલની વસ્તુમાં ફસવાની મૂર્ખતાએ આજે મોટો ભાગ પરણ્યા પછી પત્નીમાં ફસાય છે, મોહી જાય છે અને માતા-પિતા-મોટાભાઈ વગેરેના



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

દીર્ઘકાળના ઊંચા ઉપકાર ભૂલી એમનો દ્રોહ કરે છે, વિશ્વાસભંગ કરે છે. વિનયચંદ એમાંનો એક બન્યો છે.

જિનમતિનું હૈયું ભાંગી ગયું. એને પારાવાર દુઃખ થયું. કલ્પાંત કરે છે ! અમીચંદ એને શાંત પાડવા જાય છે, પરંતુ પોતે પાછો સમજે છે કે 'જે કાળી મહેનત લઈને એણે વિનુને ઉછેર્યો છે, એના પર આ પરિણામ આવે એ સહેજે અસહ્ય બને. આટલો કલ્પાંત એ કાંઈ બહુ મોટી વસ્તુ નથી. એથી ય આગળ બીજો તો માથું ફોડે !'

છતાં જિનમતિનું કલ્પાંત હૃદયદ્રાવક હતું. પાછી ખૂબી એ, કે એ વિનયચંદને તુચ્છકારતી નથી, ઉતારી પાડતી નથી, કે 'નાલાયક ! આ માગે છે ? પાપી ! અધમ ! અમારું કર્યું કરાવ્યું ધૂળ સમજે છે ?...' વગેરે કોઈ ગાળ ઠપકો દેતી નથી ! જિનમતિ છે ને ? જિનની મતિને પોતાની મતિ કરનારી એ સમજનારી છે કે-

આવા પ્રસંગમાં ય પોતાનાં કર્મને જ મુખ્ય કારણ તરીકે સમજી રાખવા જોઈએ.

દોષિતને સુધારવો હોય તો તે એના દિલને ડામવાથી નહિ પણ એની આગળ આપણા દિલનાં દર્દ રોઈ એની લાગણી ઉત્તેજવાથી થાય.

સામાનો ફિટકાર તિરસ્કાર કરવો એમાં પહેલું તો આપણા જ હૈયામાં અભિમાન, દ્વેષ, કઠોરતા વગેરે ખરાબ તત્ત્વ પોષાય છે ! આપણા આંતર-શત્રુને પગભર કરાય છે ! આવા ને આવા અનેક પ્રસંગથી દિલ કોમળને બદલે કઠોર બનતું જાય છે. મોક્ષમાર્ગની ભૂમિકા કઠોરતા નહિ પણ કોમળતા વિકસાવવા ઉપર સર્જાય છે.

આ જિનની મતિ અર્થાત્ જિનના સિદ્ધાન્તો છે. એને અપનાવનારી આ બાઈ સાચી જિનમતિ છે. એટલે એ ફિટકાર નહિ પણ હૃદયફાટ પોતાનું દિલ દુઃખ વ્યક્ત કરે છે.

પત્નીથી ભ્રમિત થઈ ગયેલ વિનયચંદ્રને ભાભીના ભારે ઉદ્વેગની કે એના રુદનની કોઈ જ અસર થઈ નહિ. ઊલટું પત્નીએ ભળાવેલું કે આ તો તમારા પુણ્યથી ચાલે છે અને જશ એ લોકો ખાટી જાય છે એના પર એને અભિમાન થવાથી તમે ભાઈ ભાભી માયાવી લાગવાથી ભાભીના આ કલ્પાંતને ઢોંગ સમજે છે !





વિશ્વ કેવું વિચિત્ર છે ! એક વખત જેનો પડ્યો બોલ ઝીલી લેતો, જેના થોડા દુઃખમાં ભારે દુઃખી થતો, જેને સગી માતા જેવી નિઃસ્વાર્થ હિતૈષિણી માનતો, એના શબ્દને હવે ઢોંગના ગણી અવગણે છે !

આવા જગતનો ભરોસો કરવો એ અજ્ઞાનદશા છે. સજ્ઞાન સમજુ દશા તે, કે, આવા જગતની વચમાં વસવું પડતું હોય છતાં એવો ખોટો ભરોસો ન મૂકીએ. તો જ જ્યારે એવા વિચિત્ર પ્રસંગ બને ત્યારે આશ્ચર્ય ન થાય. **મન કહે કે 'એમાં કાંઈ નવાઈ નથી, જગત જ એવું છે કે ત્યાં આવું સહેજે બને.' તેમ ખેદ પણ ન થાય, કેમ કે સમજીને રહ્યા છીએ.**

**ભાવ કેમ ફરી બેસે છે ? :-**

ઘણીય સમજાવટ છતાં વિનયચંદ માનવા તૈયાર નથી. એને તો જુઆરુ જ જોઈએ છે. માણસનું મગજ ક્યારે ફરી બેસે, તેનું શું કહેવાય ? એની કલ્પના મુજબનું ખરેખર બન્યું ન પણ હોય, છતાં (૧) તેવા ભાવના શબ્દ સાંભળીને, કે (૨) જોવાફેરથી, અગર (૩) માત્ર તરંગમાં ચઢવાથી ય હૈયાના ભાવમાં પરિવર્તન આવી જાય એ બહુસંભવિત છે. આ સૂચવે છે કે વર્તમાનમાં આપણા દિલમાં સારા ભાવ ચાલતા હોય, છતાં એના ભરોસે નહિ રહેવાનું કે 'આ શુભ ભાવ ટકી જ જશે ! માટે હવે ગમે તેમ ચાલીએ કરીએ, ગમે તે જોઈએ-સાંભળીએ, જેવાતેવાના સંસર્ગમાં આવીએ, તો વાંધો નહિ,' એવા ખોટા વિશ્વાસમાં તણાવાનું નહિ.

**ભાવ એ અતિ કોમળ વસ્તુ છે, જરાક ટચકો લાગતાં એને તૂટતાં વાર નહિ લાગે.**

**ભાવના ફરવાના દાખલા :-**

(૧) વ્યાખ્યાનમાં સારામાં સારું સાંભળીને કોઈ દાન, વ્રત, તપસ્યા કરવાની ભાવના લઈને ઘરે ગયો પણ ત્યાં ઘરના માણસ જરા બીજી બાજુનું બોલે છે કે એની સાંભળીને અસર થઈ જાય છે, અને પેલી શુભ ભાવના ઠેકાણે પડી જાય છે.

(૨) મંદિરમાં પ્રભુભક્તિ કરતાં કરતાં શુભ ભાવ જાગી ગયા પરંતુ બહાર નીકળી દુન્યવી તેવા વાતાવરણમાં પલોટાતાં પેલી ભાવના પલટાઈ જાય છે.

(૩) ઊંચા વૈરાગ્યથી સાધુપણું લીધું પરંતુ પછી ભગત-ભક્તાણીઓના સંસર્ગ કરતાં કરતાં રાગ, દ્વેષ, અને યાવત્ કામવાસના સુધીના ઉછાળા આવવા માંડે છે.

આ બધું સૂચવે છે કે શુભ ભાવ જાગ્યા પછી પણ તે એમ ને એમ સલામત નથી, એને મજબૂત કિલ્લેબંધી કરી આપો તો એ ટકે; નહિતર ઊડી જતાં વાર નહિ.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

## શુભ ભાવ કેમ ટકે ?

**શુભ ભાવના સંરક્ષણ માટેની કિલ્લેબંધીમાં** પંચસૂત્ર, પંચાશક વગેરે શાસ્ત્રોએ કેટલાક ઉપાય બતાવ્યા છે, જેમ કે કહ્યું,-

(૧) આ ભાવની સહજ સુંદરતા વારંવાર ચિત્તમાં ભાવવી, દિલને એનાથી ખૂબ ભાવિત કરવું. દા.ત. આ 'અહિંસા, સત્ય વગેરેનો ચિત્ત પરિણામ કેટલો બધો સ્વાભાવિક સુંદર છે ! ત્યારે હિંસા જૂઠ વગેરેના માનસિક ભાવ કેટલા બધા નઠારા છે !' એ ચિંતવવું. એમ,

(૨) આ શુભ ભાવની પરંપરા કેટલી બધી ઉત્તમ છે ! જેમ કે, નિઃસ્વાર્થ શુભ ભાવથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, પાછું જ્યારે ઉદયમાં આવે ત્યારે સામગ્રીની અનુકૂળતા આપી શુભ ભાવને જાગવા-વધવામાં નિમિત્ત બને છે. એથી પાછું નવું વિશેષ પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થાય છે, એમ કરતાં ઠેઠ વીતરાગતા સુધી પહોંચી જવાય છે ! આ સુંદર પરંપરા થઈ.

વળી શુભ ભાવમાં સંસ્કરણ થાય છે. એ સંસ્કારો આગળ નવા નવા શુભ ભાવને પ્રેરે છે. શાલિભદ્રના જીવે પૂર્વ ભવમાં ભરવાડણના છોકરા તરીકે ભલે એક જ વારનું દાન કર્યું, પણ એમાં ઊંચા શુભ ભાવ બતાવ્યા ! અને એક જ વારના ગુરુયોગમાં ગુરુની પ્રત્યે પોતે ભારે ઉપકૃત થયાની બુદ્ધિ વિકસાવી ! તો આ બે શુભ ભાવની આગળ પરંપરામાં શાલિભદ્રના અવતારે નવાણું દેવતાઈ પેટીના વૈભવના ત્યાગના ભાવ આવતાં તેમજ 'માલિક શ્રેણિક નહિ, માલિક તો એક જ, ગુરુ મહાવીર સ્વામી' એવા ભાવ આવતાં વાર લાગી નહિ ! આમ શુભ ભાવની પરંપરા કેટલી બધી સુંદર છે, એનું વારંવાર ચિંતન કરી દિલને એનાથી ભાવિત કર્યે રાખવાનું.

(૩) શુભ ભાવ વળી કેવા પોતાને અને પરને ઉપકારી છે એ ભાવવાનું. અહિંસાનો ભાવ, સત્યનો ભાવ, ક્ષમાનો ભાવ, ત્યાગ તપસ્યાનો ભાવ, આ બધા સ્વ અને પર ઉભયને હિતકારી છે. જગતના જીવોમાં આ ભાવો પ્રવર્તતા હોય તો કોઈ અનર્થ, ઝગડા, કલેશ વગેરે રહે નહિ, અકલ્યાણ થાય નહિ. આવી સ્વ-પર-ઉપકારિતા વિચાર્યા કરવાની.

(૪) શુભ ભાવના સંરક્ષણ માટે શુભ આયતનનું સેવન રાખવાનું. આયતન એટલે સ્થાન. શુભ ભાવને પોષે વધારે, એવો સત્સંગ, ધર્મસ્થાન, તીર્થયાત્રા, સદ્વાંચન, વગેરેનું આસેવન રાખ્યા કરવાનું.

(૫) એ જ રીતે અનાયતનનો ત્યાગ, અર્થાત્ શુભ ભાવના ઘાતક, શુભ ભાવને બગાડનારાં સ્થાનોનો, ખૂબ સાવધાન રહી, ત્યાગ કરવાનો. સદાચારીથી



વેશ્યાવાળી ગલીમાંથી પસાર પણ થવાય નહિ. દયાળુથી કસાઈ વાડામાંથી જવાય નહિ. સારા માણસથી જુગારી, વ્યસની વગેરે સાથે સંબંધ રખાય નહિ. ત્યાગી તપસ્વીએ મેવા મીઠાઈના રસોડામાં બહુ જવું ઠીક નહિ. શાંતિપ્રિય માણસે કલહના સ્થાનમાં જોવા ઊભા રહેવાય નહિ. આ બધા અનાયતન કહેવાય. એથી ભાવ બગડે. એમ ગલીચ, વિલાસી, નાસ્તિક્તાભર્યા વગેરે લેખ, કથા, પુસ્તક વંચાય નહિ.

(૬) શુભ ભાવને ટકાવવા માટે આ પણ વિચારવું કે હિંસાદિ અશુભ ભાવોમાં કેવી ભયાનકતા છે, અને શુભ-અશુભ ભાવની ઓળખ થયા પછી પણ શુભની ભાવની બેપરવાઈ રાખી જાણ્યે-અજાણ્યે અશુભ ભાવમાં રમ્યા કરવામાં આત્મા કેવો ધિઠ્ઠો બને છે ! તેથી જીવ ભવિષ્યમાં શુભ ભાવ મેળવવા લાયકાત ગુમાવે છે એ કેટલું મોટું નુકસાન છે ! એનો ગંભીર વિચાર કરવો. એ ખૂબ યાદ રાખવું કે શુભ ભાવ કેળવવા માટે મનુષ્ય ભવ જેવી બીજે તક નથી. અને અહીં પણ જૈન શાસનના તંત્રની તોલે બીજે તક નથી. આવી ઉત્તમ તક મળવા છતાં હૃદય અશુભ ભાવોથી ખરડવું એ આ સુંદર તકની બેપરવાઈ છે. ફરી તક મળવાની યોગ્યતા ગુમાવરાવે છે, હૈયાના ભાવ બગાડવાથી શું રળવાનું મળે છે ? શું સુધરી જાય છે ? કશું જ નહિ. પછી એવી મૂર્ખાઈ શા સારુ કરવી ?

બસ, આવા બધા વિચાર કરીને સર્વ પ્રયત્ને અશુભ ભાવથી બચવા જેવું છે, એને દૂર હટાવવા જેવો છે, અને શુભ ભાવને જગાવી ખૂબ સાચવવા પોષવા જેવા છે, પરંતુ એક વાર શુભ ભાવ જાગ્યો ય ખરો, છતાં ભરોસે રહેવા જેવું નથી કે એ ટકી જશે.

વિનયચંદના ભાવ પલટાઈ ગયા ! કહો, પત્નીના વારંવાર હલકા શબ્દ સાંભળી સાંભળીને એના પર એક તરફી તોલ બાંધતો જઈ જાતે જ ભાવ બગાડ્યા. હવે ભાભીના કલ્પાંતનીય એના પર અસર નથી.

**અમીચંદનો ઉત્તર :-**

ત્યારે ભાઈ કહે છે, 'જો ભાઈ ! તારા દિલને સુખ થાય એમ જ અમારે કરવાનું છે. તારો આ છેલ્લો નિર્ધાર હોય તો ભલે; પણ આપણે વચમાં કોઈ પંચાયત કરનાર રાખવાની જરૂર નથી. આપણે બંને જ સમજી લઈશું. બાકી તને અન્યાય નહિ થાય એવું કરીશું. તું જરાય ચિંતા ન રાખીશ. કહે ક્યારે વહેંચી લેવું છે ? હમણાં કહે તો હમણાં.'

અમીચંદને એક જ દૃષ્ટિ છે કે માતાને વચન આપ્યું છે તે મુજબ નાના ભાઈને પ્રસન્ન રાખવાનો. પછી એમાં વૈભવાદિ ગુમાવવા પડે તો ચિંતા નહિ. દૃષ્ટિમાં માતૃ-વચનના પાલનની ભાવરૂપી અમી છે, એટલે મોટો ભોગ આપવો પડે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એ કાંઈ વિસાતમાં લાગતું નથી.

**આ પણ દૃષ્ટિની એક મહાન અમી છે કે દૃષ્ટિમાં, કર્તવ્યપાલન ખાતર મોટો ભોગ આપવો પડે, તે પણ તુચ્છ લાગે.**

**એથી ઊલટું પૈસા કિંમતી ગણી કર્તવ્યપાલન, કૃતજ્ઞતા, સેવા વગેરેને નજીવા લેખે એ દૃષ્ટિ ઝેરભરી છે.**

વિનયચંદ્ર કહે છે, 'આપની પ્રસન્નતા હમણાંની હોય તો હમણાં, નહિતર પછી કરશો તો ય વાંધો નથી.'

અમીચંદ જુએ છે કે 'એને તાલાવેલી જ છે તો ભલે હમણાં જ પતાવી દેવું. વળી લંબાવવામાં એને કલેશ થાય એવું શા માટે કરવું ?' એણે એક જ સૂત્ર રાખ્યું છે કે નાના ભાઈને પ્રસન્ન રાખવો. એની દૃષ્ટિમાં પેલાની પ્રસન્નતા કિંમતી છે, પોતાને ભોગ આપવો પડે એ મામૂલી વસ્તુ છે, આ અમીભરી દૃષ્ટિ ઝટ એની પત્ની તારાને બોલાવી લે છે અને કહે છે,

**અમીચંદની ઉદારતા :-**

'બોલો આપણાં બે ઘર બે દુકાન છે, એમાંથી કયું ક્યું તમારે રાખવું છે ? જે પસંદ હોય તે ઘર અને દુકાન ખુશીથી રાખો.'

વિનયચંદ્રે તારાની સાથે મસલત કરી લઈ મોટું ઘર અને મોખરાની દુકાન માગી લીધી. ભાઈ-ભાભીએ જરાય સંકોચ કે આનાકાની વિના મંજૂર કરી લીધું.

પછી ત્યાં બધાં ઘરેણાં હાજર કરી અમીચંદ કહે છે, 'આમાંથી જે જે પસંદ હોય તે તે ખુશીથી રાખી લો.'

વિનયચંદ વિવેક કરે છે, 'પણ આનું કાંઈ તોલમાપ નથી કરવું ?'

અમીચંદ કહે છે, 'શા માટે ? તમને પસંદ હોય તે લઈ લો. અમે ખુશ છીએ.'

પત્યું, પેલા બે લોભિયા બન્યા છે, ને અહીં છૂટ મળી છે, પછી બાકી શું કામ રાખે ? અડધા ભાગ જેવું કાંઈ નહિ, જેટલું સારું સારું લાગ્યું તે બધું જુદું તારવી લીધું !

એવું જ ઘરમાંનાં વાસણકૂસણ, ગાદલાં ગોદડાં, રાચ-રચીલું, સરસામાન મોટાભાઈ-ભાભીએ ત્યાં બેઠે બેઠે પસંદ કરી લેવા કહ્યું અને પેલા બેએ ભાગ-પ્રમાણનો વિચાર રાખ્યા વિના જેટલું ગમ્યું એટલું અને સારું સારું વીણી લીધું.

લોભ કેવો અવિવેકી નિર્વિચાર અને અન્યાયી બનાવે છે ! દૃષ્ટિનું આ એક ઝેર,- 'સારું મારે બધું જોઈએ;' એ અનેક દોષ સેવરાવે છે ! ધિઠ્ઠા બનાવે છે ! માણસાઈ ભુલાવી દુષ્કૃત્યોને ઊભાં કરે છે.



**દૃષ્ટિ બગડે એટલે અસદ્ આચરણ ઊભાં થાય ! :-**

અસદ્ આચરણો એમ ને એમ થોડાં જ ઊભાં થાય છે ? પહેલાં દૃષ્ટિ બગડે છે. આ દુનિયામાં બગાડનાર તત્ત્વ ઘણાં છે. એ દૃષ્ટિને ઝેરભરી બનાવે છે. પછી કહે છે ને કે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ ? જીવ દૃષ્ટિના અનુસારે પ્રવૃત્તિ કરવા દોડે છે, નિર્ધારિતની સૃષ્ટિ રચે છે.

**દૃષ્ટિ પહેલી સુધારો :-**

એટલે જો મૂળમાં આપણે આપણી દૃષ્ટિ સુધારીએ તો પછી પ્રવૃત્તિ ઘણી ઘણી સુધરી જાય. મહાત્માઓનું ઉપદેશ અને તત્ત્વની સમજ આપવાનું કાર્ય આ માટે છે કે ભવ્યાત્માઓ પોતાની દૃષ્ટિ સુધારે, મોક્ષ માર્ગમાં પહેલું સમ્યગ્દર્શન કહ્યું છે એ પણ શું છે ? દર્શન એટલે દૃષ્ટિ, સમ્યગ્ એટલે સારી, ખરાબ દૃષ્ટિને સુધારી સારી કરી દેવાની. પંચસૂત્રમાં સાધનાની પ્રક્રિયા બતાવી તેમાં ય પહેલાં અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવાનું કહ્યું એ પણ દૃષ્ટિ સુધારવાની જ વસ્તુ છે. જીવ આજ-સુધી પાપદુષ્કૃત્યોને કર્તવ્ય માનતો અને સુકૃતો પર ઘૃણા કરતો આવ્યો છે. હવે અરિહંતાદિનું શરણ લેવાથી દૃષ્ટિ સુધરીને દુષ્કૃત્યો પ્રત્યે સૂગ અને સુકૃતો પ્રત્યે આકર્ષણની બને. આ થાય તો જ દુષ્કૃત્ય-સુકૃતની સાચી ગર્હા-અનુમોદના અને આગળ વ્રતસ્વીકાર વગેરે થશે. દૃષ્ટિ પહેલી સુધારવી જોઈએ.

'મારે સારું સારું બધું જોઈએ,'-આવી દૃષ્ટિ બંધાઈ ગઈ પછી કેટલાંય પાપ ઊભા કરે છે ! 'અહીં મોટાભાઈ-ભાભી છે, પાળી પોષી મોટો કરનાર મહા ઉપકારી છે, એમને તો મારે નવું લાવીને આપવું જોઈએ ? કે એમનું લૂંટી જવું જોઈએ ?' એવો કોઈ જ વિચાર વિનયચંદને નથી સૂઝતો ! એણે બધું સારું ઉપાડ્યું. પણ સ્વાર્થપટુ માણસો જ્યારે એ રીતે ખુશ રહે છે, ત્યારે ઉદાર માણસો ત્યાગ કરીને ખમી ખાઈને પ્રસન્ન રહે છે. એનું કારણ એમની દૃષ્ટિ આવી અમી ભરી છે, કે 'આપણું બીજાને કામ લાગો. આપણા વ્યવહારમાં સામો ખુશ થવો જોઈએ.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨૪,તા.૧૬-૩-૧૯૬૩

બંનેમાં ઉત્તર ધ્રુવ દક્ષિણ ધ્રુવનાં અંતર છે. ઝેરભરી દૃષ્ટિવાળો પોતાને જ બધું સારું અને પોતે જ ખુશી થવાના લક્ષ્યવાળો હોય છે. સામાને ગમે તેવું મળો, સામો ખુશી થાઓ કે નહિ, એની પરવા નહિ; ત્યારે અમીવાળો જાતને બદલે સામાની અનુકૂળતા પ્રસન્નતા સાચવવાના લક્ષ્યવાળો છે. પછી આની અસર જીવનની



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કેટલીય પ્રવૃત્તિ પર પડે છે. એકને ઝેરભરી દૃષ્ટિ છે, બીજાને અમીભરી.

ઝેરભરી દૃષ્ટિવાળો કદાચ દેવગુરુને ભજવા જશે તો ત્યાં પણ આ હિસાબ રાખવાનો કે 'આમની પાસેથી સારું સારું આંચકી લઉં અને હું પ્રસન્ન થાઉં.' ત્યાં એ નહિ જુએ કે 'હું ભોગ આપીને પણ આમની અનુકૂળતા પહેલી સાચવું,' દેખાય છે ને કે વાળાકૂંચીના ઘસરકા લગાવી ઝટપટ ભગવાનને સાફ કરી પૂજા પતાવવી ! એમ ઉપાશ્રયમાં પણ ગુરુ ગમે તેવી વ્યગ્રતામાં ઊભા હોય તો ય ઝટપટ 'સ્વામી શાતા, સ્વામી શાતા' કરી લેવાનું ! શું છે આ ? સામાની અનુકૂળતાની પરવા નથી, 'મારે બીજો ધક્કો ન ખાવો પડે કે ખોટી થવું ન પડે એ માટે મારું પતાવી લઉં.'

**એક પોતાની જ અનુકૂળતા જોવી અને સામાની પ્રતિકૂળતાની પરવા નહિ એ ઝેરભરી દૃષ્ટિ છે.**

વિચારવાને હૈયું હોય તો આવી મામૂલી લાગતી પ્રવૃત્તિ પરથી આપણી દૃષ્ટિનું માપ કાઢી શકાય છે, અને મૂળમાં દૃષ્ટિ જ જો મલિન છે, ઝેરભરી છે, તો એ કષાયોની મજબૂત પકડ છે, અને તેથી આપણે બીજાં ગમે તેવાં ધર્મનાં કષ્ટ, તપનાં કષ્ટ કરતાં હોઈએ કે મોટાં શાસ્ત્ર ભણતા હોઈએ, પરંતુ ગુણસ્થાનકમાં ઊંચે ચઢી શકતા નથી. આત્મા ભ્રમણામાં જ અટવાયો રહે છે કે 'હું ધર્મ કરું છું, તપ કરું છું, દેવ-ગુરુભક્તિ કરું છું; એટલે હું સુખી થઈશ, મારા આત્માનું સુધરી રહ્યું છે...' આ ભ્રમણા જ છે. કેમ કે જ્યાં દેવ અને ગુરુની આગળ પણ એમની અનુકૂળતા એમની પ્રસન્નતા નથી જોવી, માત્ર પોતાની સગવડ સંભાળ્યા કરવી છે, પછી ભલે એમાં અવિધિ આશાતના થાય, અવગણના થાય એ કાંઈ જોવું નથી. 'પૂજા જલદી પતાવવી છે માટે મોટા કપડાથી ધીરે ધીરે વાસી કેશર ક્યાં ઉતારવા બેસીએ ? પતાવો ઝટ વાળાકૂંચીથી પ્રભુને ખચખચ ગોદા લગાવીને !' 'ઘરનું દૂધ, સુખડ, કેશર, અગરબત્તી વગેરે ક્યાં લાવવા બેસીએ? મંદિરની જ સામગ્રીથી જમે કરાવી દ્યો પૂજા ! પછી ભલે આપણી આ સગવડ મંદિર સાચવે એમાં દેવદ્રવ્યનું દેવું થાય અગર ભગવાનની બીજી રીતે ભક્તિમાં ખામી આવે !'

દુનિયાના સામાન્ય માણસો પ્રત્યે પણ આ વિવેકભર્યું વર્તન જોઈએ કે આપણા સ્વાર્થ પૂરવામાં એમને તકલીફ ન થાય, એ કષ્ટમાં ન મુકાય. ત્યાં મહાપૂજ્ય મહાઉપકારી દેવ અને ગુરુ પ્રત્યે એકલો પોતાના સ્વાર્થનો જ વિચાર, દેવ-ગુરુની અનુકૂળતાનો વિચાર જ નહિ, એ કેટલી બધી જઘન્યવૃત્તિ અધમ વૃત્તિ ! 'મારે બધું અનુકૂળ જોઈએ, મને પ્રસન્નતા રહે એટલે બસ !' આ ઝેરભરી દૃષ્ટિના ચાળા છે. દેવ અને ગુરુની પ્રત્યે પણ જો આવો વ્યવહાર રાખે તો પછી માતાપિતા



સાધર્મિક વગેરેની પ્રત્યે તો પૂછવાનું જ શું ? એમને પ્રતિકૂળતા કષ્ટ નાખુશી ઊભાં કરીને પણ પોતાની સગવડ સાચવી લેવાનું અને પોતાનું મન માન્યું થવા પર ખુશી થવાનું થાય છે !

**નિર્દોષ પણ પ્રવૃત્તિમાં સાવધાની :-**

ત્યારે જ્યાં સ્વાર્થ સાધવામાં બીજાની તકલીફનો વિચાર નથી, પોતાની પ્રવૃત્તિથી બીજાને કષ્ટ થાય એની ગણના નથી, બેપરવાઈ છે, નિષ્ઠુરતા છે, ત્યાં હૃદયમાં ધર્મ શી રીતે આવી કે રહી શક્તો હશે ? શાસ્ત્રે સાધુનાં નિષ્પાપ અનુષ્ઠાનોમાં પણ ઠામ ઠામ આ દૃષ્ટિ રાખી છે કે બીજાને અપ્રિય ન થવાય, અન્યને દુઃખ ન થાય, એની ધર્મશ્રદ્ધા ન ટકરાય, એ કોઈ શાસનમાલિન્ય ન કરે ! શાસન-નિંદાનું નિમિત્ત પામી બિચારો એ પાપ દ્વારા દુર્લભ બોધિ ન બને ! સાધુએ આ વિચાર પહેલો રાખવાનો છે. **પોતાની નિર્દોષ ચર્યા પણ બીજાને દુઃખ કે પાપમાં ઘસડે એવી ન બનવી જોઈએ.**

**દૃષ્ટિનું ઝેર કેમ અટકે ? :-**

ત્યારે દૃષ્ટિનું આ ઝેર એકાએક નથી ઊભું થતું, પૂર્વના સંસ્કાર અને નાનપણથી તેવી કેળવણી-આ બે એમાં મોટો ભાગ ભજવે છે. પૂર્વસંસ્કારને તોડવા માટે સત્સંગ, સારું વાંચન, શ્રવણ વગેરે જરૂરી છે. પણ નાનપણથી એવી ખરાબ ટેવો ન પડે એ ધ્યાન તો માતા-પિતા વગેરેએ જ રાખવું પડે. જો આ ન રાખે તો છોકરો મોટો થયે બીજા તો પછી પણ પહેલો મા-બાપની સામે જ સ્વાર્થાંધ બનવાનો ! 'એમનું ગમે તે થાઓ, મારું બરાબર સચવાવું જોઈએ. મારી પત્નીને ટોણાં મારે છે, માટે મારે જુદું રહેવાનું. પછી ભલે એ તકલીફમાં મુકાઓ.' આવું કાંઈ આવીને ઊભું રહેવાનું.

માટે નાનપણથી સારું સંસ્કરણ જોઈએ. સારી તાલીમ આપવી જોઈએ. પ્રયોગાત્મક શિક્ષણ દેવું પડે. પ્રસંગ પામી પામીને છોકરાને આ જુગજૂના કાળથી ચાલ્યાં આવતાં ઝેર ઓકાવી નાખવાં અને અમી ભરવા તેવી તેવી નિવૃત્તિ-પ્રવૃત્તિમાં જોડવા જોઈએ. દા.ત. દેખાય કે છોકરો પોતાના ભાઈ-બેનને ભૂલી પોતાનું અનુકૂળ પહેલું જુએ છે તો એને અટકાવી દેવો,-આ નિવૃત્તિ; અને ભાઈબેનનું અનુકૂળ પહેલાં સાચવે એવું કરાવવું,-આ પ્રવૃત્તિ.

છોકરાના ભાણામાં મીઠાઈ મૂકી એ ઝટ ખાવા માંડે છે. ત્યાં શિખવાડવું જોઈએ, પૂછવું પડે કે 'ઊભો રહે, બાને તેં પૂછ્યું કે બા ! મારા ભાણામાં મૂકો છો પણ તમે તમારા માટે રાખી ? ન રાખી હોય તો લ્યો આ તમારા માટે જ રાખો; અથવા આમાંથી અડધી રાખો.' એમ ભાઈ-બેન માટે.' વારંવાર આ અને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

બીજા ગુણોની બાબતોમાં શિક્ષણ અપાય, તો છોકરામાં સારું સંસ્કરણ થાય. નહિતર એકલપેટો થાય. એમ, દેવગુરુની ભક્તિના સક્રિય પ્રયોગ કરાવાય તો એ ધર્માત્મા થાય, નહિતર પાપી સ્વાર્થનો જ લંપટ બને, દૃષ્ટિ જ ઝેરવાળી ઘડાય.

**અમીભરી દૃષ્ટિ ઘડવા માટે જાતને બાજુએ રાખી બીજાને અનુકૂળ કરવું, બીજાને શાતા આપવી, બીજાને કષ્ટ ન પડે એ ખાસ જોવું, એને પ્રસન્ન રાખવા,- આના વારંવાર રચનાત્મક પ્રયોગ થવા જોઈએ.** એમ કરતાં કરતાં જો એવી અમીભરી દૃષ્ટિ બની જાય, તો એ દૈવી પુરુષ થાય. માબાપ બનીને સંતાનને આ દૃષ્ટિનાં ઘડતર કરી આપવા એ એના વર્તમાન જીવનને અને પરલોકને અજવાળવાનો સુંદર ઉપકાર છે. એની દૃષ્ટિ જ એવી બંધાઈ જાય કે જીવન તો ગુણોના જ મઘમઘતા હોવા જોઈએ.

જ્યારે બચ્ચાને આ શીખવવું હોય ત્યારે પોતે તો ખાસ એવી અમીભરી દૃષ્ટિ રાખવી જ જોઈએ, એને વારંવાર પ્રવૃત્તિમાં ઉતારવી જ જોઈએ. બીજાનું સાચવવામાં અને સ્વાર્થનો ભોગ આપવામાં, જાતે તકલીફ વેઠી બીજાને પ્રસન્ન રાખવામાં ખુશી રહેવું ઘટે. 'મારે બધું સારું સારું જોઈએ' એમ નહિ, પણ બીજાનું પહેલું સચવાવું જોઈએ.' આવી અમીભરી દૃષ્ટિ સજડ પકડી રાખી હોય તો પછી એ દૃષ્ટિને અનુરૂપ પ્રવૃત્તિ કાંઈ કઠિન નથી.

**અમીચંદ નાના ઘરમાં :-**

અમીચંદ અને એની પત્ની જિનમતિ અમીભરી દૃષ્ટિવાળાં છે તેથી વિનયચંદ્રની લૂંટ ઉપર જરાય નારાજ થતાં નથી ! ઊલટું ખુશી થાય છે કે આમ કરીને નાનો ભાઈ રાજી રહે છે ને ?

બસ, વિનયચંદ્રે અને એની પત્ની તારાએ મનમાન્યું ઉસરડી લીધું. બાકીનું બધું અમીચંદે લઈ આ ઘર છોડી જરા દૂરના બીજા નાના સામાન્ય ઘરમાં રહેવા ચાલી ગયા. મોખરાની દુકાનનો પણ હિસાબ પતાવી નાનાભાઈને કબજો સોંપી દીધો.

લોકોને આશ્ચર્ય થયું, કે 'અહો ! આ શું ? આવા માબાપથી સવાયા અમીચંદ અને જિનમતિને જુદા કાઢ્યા ? હોય ભાઈ હોય, શહેરના કેળવાયેલા નવા રાણી સાહેબ શ્રીમતી તારાબેન પધાર્યા છે ને, એટલે એમ બને એમાં નવાઈ નથી, જિનમતિ બિચારી ગામડાની તે ભોળી ! એને આવું શાનું આવડે ?...' લોકવાયકા ચાલી.

**તારાના ખેલ :-**

હવે લોકો અમીચંદની તરફનું બોલે છે એ ય પાછું તારાથી સહન થતું



નથી, એટલે વિનયચંદની આગળ પોક મૂકે છે, 'જુઓ આ તમારા ભાઈ-ભોજાઈ કેટલા જબરા છે ! ઊંધુંચત્તું કેવું સમજાવે છે તે લોક આપણું ઘસાતું બોલે છે !'

વિનયચંદમાં ભાઈ પ્રત્યે રહ્યું-સહ્યું બહુમાન બચાવ કરવા પ્રેરે છે, 'એમાં ભાઈ-ભાભી શું કરે ? એ તો લોકનો સ્વભાવ જ એવો છે. આજે એકનું બોલે, કાલે બીજાનું !'

પેલી કહે છે, 'આ હજી તમે ભોળા રહ્યા ! હજી ભાઈને ઓળખી શકતા નથી ?'

'કેમ ! ઓળખેલા જ છે. જો ને આપણે જોઈતું હતું એટલું બધું લેવા દીધું ને ?'

'તે ન લેવા દે તો ક્યાં જાય ? વડીલોપાર્જિત મિલકતનો ભાગ તો દેવો જ પડે ને '

'પણ વધારે લેવા દીધું ને ?'

તારા ઓશિયાળાં કરતી કહે છે, 'બસ તમને ભાઈ વહાલા તે એમનું તાણો છો. હું વહાલી નહિ તે મારી શી કિંમત ? અરે ! એટલું તો જુઓ કે વધારે લેવા દે કોઈ આ યુગમાં ? એ તો ખાનગી કેટલુંય દબાવી રાખેલું એટલે બહારથી જશ લીધો કે લે ભાઈ તારે જોઈએ તે લઈ લે ?'

પત્નીના રડમુખ ચહેરામાં લહેવાઈ જઈ વિનયચંદ કહે છે, 'એમ ?'

પેલી જૂઠ હાંકે છે, 'હા, તમને મારો ભરોસો ક્યાં છે ? મેં તો પહેલાં સગાં કાને તમારા ભાઈ-ભાભીની ખાનગી ગોષ્ઠી સાંભળી છે. પણ તે વખતે તમને કહું તો તમે માનો શેના ?'

આ કહે છે 'હશે, એમને ગમ્યું તે ખરું.'

'એ તો ઠીક; પણ મને આ લોકોના બોલ સહન થતા નથી. આ મારે કેવા દહાડા જોવાના આવ્યા !...' એમ કહી બેઠી રોવા.

વિનયચંદ વહાલીના રોવા ભેગો રોતડ બની કહે છે, 'પણ હવે શું થાય ?'

'શું થાય શું ? તમને બચાવ કરતાં ને પ્રચાર કરતાં નથી આવડતો ? કે આ શું કરીએ, હવે અમે મોટા થયા એટલે એમને આડખીલી રૂપ લાગ્યા ! અમારે તો ઘણીય એમની સેવા કરવી હતી, પણ સાથે રહેવા દે તો ને ? રખે ને વિનુ મોટો ભાગ માગશે ! એમને તો ખાનગી ભેગું કરવું'તું. આ જુઓને લોકોને દેખાડ્યું કે અમે વિનુને સારું સારું આપ્યું પણ અમારું મન જાણે છે. ભીતરકી કોણ જાણે ? આ દેવું ચઢેલું મોટું ઘર અને બાપ જન્મારે ન પતે એવી લાંબી ઉઘરાણીઓવાળી દુકાન અમને વળગાડી !...' આવું બધું બહાર બોલતાં શું તમને નથી આવડતું ?



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ચઢાવ્યો, તારાએ ચઢાવ્યો પતિને ! તે પણ રુદન, ઓશિયાળાં કરીને. વિનયચંદ્ર ફસાયો સ્ત્રીચરિત્રમાં, તે હવે બહાર મહા ઉપકારી ભાઈ-ભાભીનું જૂઠું ઘસાતું બોલવા મંડ્યો, નિંદા કરવા માંડી, અને સામેથી જો ભાઈનો બચાવ કરનારો આવે તો એનો રોષ ભાઈ પર ઉતારે 'ભાઈએ માળે લોકોને કેવા ભ્રમિત કર્યા છે !'

**દ્વેષ ઈર્ષ્યા એ કેવા ખતરનાક દોષ છે કે** જેના પર એ પ્રવર્તે છે એની બીજા પ્રશંસા કરે છે તેમ તેમ અહીં દ્વેષ વધતો જાય છે. એટલે જો આપણા મનમાં દ્વેષ કોઈના પર ઘાલ્યો, અરુચિ, ઈર્ષ્યા ઊભી કરી, તો પછી એમાંથી છૂટવાનું ક્યારે ? એને વધતી શી અટકાવવાની ? અહીં આપણને આપણું ધાર્યું ન મળે એમાં તો આપણાં પૂર્વ કર્મનો હિસાબ છે, પરંતુ આ દ્વેષ ઊભો કરીને અને વધારીને આપણું જ હૃદય આપણી જાતે જ બગાડતા જઈએ છીએ અને કેઈ પાપના પુંજ ભેગા કરતા જઈએ છીએ ! કેવી મૂઢતા !

વિનયચંદ્ર ભાઈ-ભાભી પર હવે દ્વેષનો માર્યો ભારે નિંદા કરે છે, પત્નીનો પઢાયો બનાવટી હલકી વાતો બહાર બોલે છે. દૃષ્ટિમાં ઝેર ભરાઈ ગયા પછી પાપથી શે બચે ?

**અમીચંદની અમી :-**

ત્યારે અમીચંદ અને એની પત્ની અમીભરી દૃષ્ટિવાળા છે, એટલે એમની આગળ જો કોઈ નાનાભાઈનું હલકું બોલવા જાય છે તો તરત એને અટકાવે છે, કહે છે 'એવું એ બોલે કરે નહિ. તમારા સમજવા ફેર હશે.'

'પણ અમે એના શબ્દે શબ્દ જ કહીએ છીએ.'

'તે તો અમારો એણે બધો ભાર ઉઠાવી લઈને અમને બહુ રાહત આપી છે.'

અમીચંદ મનમાં સમજે છે કે આ નિમિત્તે આપણાં અશુભ કર્મ ભોગવાઈ જાય છે. ખોટું શું છે ? લાભમાં જ છે. આમેય કર્મ ભોગવી તો લેવાનાં જ હતાં, તે વિના તો એ કાંઈ ખસે તેવાં નહોતાં; એટલે અહીં ભોગવાઈ જાય એ સારું છે.

**કર્મની સત્તા અટલ છે,** ટાળી ટળે નહિ; પોતાનો ભાવ ભજવે જ. તે એટલે સુધી કે તમે એકાદવાર મહાગુણિયલ પણ બન્યા, તો પણ એ કર્મ પરિપક્વ થતાં પોતાની અસર દેખાડ્યા વિના ન રહે. જુઓ મહાસતી સીતાજી કેવાં ગુણિયલ ! છતાં કર્મે એમના પર વરસાવવામાં બાકી રાખી નહિ ! ખુદ મહાવીર ભગવાન વીતરાગ, સર્વજ્ઞ તીર્થંકર બની ગયા પછી પણ કર્મે ગોશાળાને ઊંચો કર્યો અને ભગવાન પર તેજોલેશ્યા મુકાવી !

**અમીચંદ ખોટમાં :-**

અહીં પણ એવું બને છે કે અમીચંદને નાની દુકાનમાં ફાવટ ન આવી.



દિનપ્રતિદિન ખોટ આવવા માંડી. કેમ કે ઘરાક કોક માલ માગે અને તે અહીં ન હોય તો પહેલાં તો મોટી દુકાનેથી આવી જતો અને ઘરાકને સંતોષાતો. પરંતુ હવે એ ઓથ રહી નથી, તેથી ઘરાકને ના પાડવી પડતી તેથી ઘરાકને બીજો પણ માલ જોઈતો હોય કે જે અહીં હોય, છતાં એ મન વાળી ચાલ્યો જતો કે 'આ પણ પેલા માલની સાથે જ બીજેથી લેશું, જેથી ભેગું કમિશન તો મળે !' આમ ઘરાકી તૂટવા માંડી.

બીજી બાજુ લુચ્ચો બનેલો વિનયચંદ્ર ભાવ જરા ઓછો બતાવી બતાવી આના રડ્યા ખડ્યા ઘરાકને તાણતો ગયો ને આમે ય હવે તો નાની દુકાન માટે નાની ખરીદી કરવાની, એમાંય ભાવ વધુ લાગતો તેથી એટલું સસ્તામાં વેચી શકાતું નહિ. વસ્તુસ્થિતિએ તો અમીચંદના દુર્ભાગ્યને ઉદય થયો હતો, એટલે પરિસ્થિતિ જ એવી સર્જાઈ એ હિસાબે કમાઈ તો દૂર રહી, ઊલટી ખોટ આવતી ગઈ !

એથી ઊલટું વિનયચંદના ભાગ્યનો સિતારો ચમક્યો છે, તે એને ધંધામાં વધુ ફાવટ આવતી ચાલી. જુદા થયા પછી એણે મોટાભાઈના સાથે કોઈ જ સંબંધ રાખ્યો નથી, મળવા સરખો ય નહિ. રસ્તે જતા સામેથી ભાઈ આવતા દેખાય તો બીજી બાજુએ ફંટાઈ જાય, પણ મળવાનું ટાળે; એટલો બધો મનોમન અણબનાવ ઊભો કરી દીધો છે. અમીચંદે શરૂ શરૂમાં 'ભાઈ કેમ દેખાતો નથી ?' એ ચિંતાથી એના ઘરે મળવા ખબર પૂછવા જવાનું કરેલું, પરંતુ પેલાનો કોઈ આદર અને વાતચીત સરખી કરવાનું જોયું નહિ, તેથી ચાહીને સામે મળવા જવાનું બંધ કરેલું.

**બેકદર સંસાર :-**

એક વખતની વિનયચંદની બાપ જેવા માનવાની સ્થિતિ ક્યાં ? અને અત્યારે દુશ્મન તરીકે દેખવાની સ્થિતિ ક્યાં ? પોતે મોટાભાઈના અથાગ ઉપકાર નીચે દબાયેલો છે, છતાં જાણે એમાંનું કશું બન્યું નથી એ રીતે જીવન જીવે છે ! જ્ઞાની મહાત્માઓ આવા જ કારણે સંસારને અસાર કહે છે. સંસાર એનું નામ કે જ્યાં બેકદર હોય, દગો હોય, પછી ભલે એ દગો થવાના સમયમાં આઘુંપાછું હોય, તેમ એની રીતમાં ફરક હોય; પણ હોય જરૂર. માણસ બધું મૂકીને મરે છે, એ શું છે ? જેને સાચવવા જીવનભર ધખ્યો અને મહેનત કરી, એ હવે એને મૃત્યુ પછી સાચવવા તૈયાર નથી ! એ બેકદર નથી તો બીજું શું છે ? **જીવ નાદાન છે, અક્કલ-વિનાનો છે કે બેકદર સંસાર પાછળ ઉચ્ચ માનવભવ વેડફી નાખે છે ! ને પોતાના આત્માનું જ હિત જોતો નથી; કરતો નથી !** આમાં જ પાછો જનમ-જનમના ચકાવે ચઢે છે ! તે જનમ એવો કે ત્યાંય સંસાર તો બેકદર જ મળે, ઉપરાંત અહીં એ સમજવા-શાણો થવા જે સંયોગ મળ્યા હતા તે ત્યાં મળવાનાં



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ફાંફાં ! પછી ત્યાં આત્મા પર દૃષ્ટિ અને આત્મહિતનો વિચાર જ ક્યાં ? ત્યાં સંસાર બેકદર છે એવા શબ્દ સાંભળવા મળવાનું પણ મુશ્કેલ ? અને જાતે એવી સૂઝ પડવાનું તો વળી મહા મુશ્કેલ !

વિનયચંદ બેકદર બની ગયો છે. એમાં વળી એની પત્ની બહારથી સાંભળી લાવી છે કે અમીચંદની આર્થિક પરિસ્થિતિ બગડતી છે, એટલે એ વિનયચંદને કહે છે,

'સાંભળ્યું ? આ તમારા ભાઈ હવે પૈસાટકે ઘસાતા જાય છે.'

વિનયચંદ કહે છે 'હા, મને પણ જાણવા મળ્યું છે.'

પેલી ખબર લે છે, 'જાણ્યું તો ખરું પણ એના પર કંઈ તોલ બાંધી શકો છો ?'

'શો તોલ ? તને શું લાગે છે ?'

'લાગવાનું વળી એ કે એમનું ભાગ્ય જ નબળું છે. હું તો પહેલાં તમને કહેતી હતી કે આ બધું તમારા પુણ્યે ચાલે છે અને ભાઈ જશ ખાટી જાય છે. આ હવે પરખાઈ ગયું ને કે એમનું ભાગ્ય કેવું હતું ? મારે શો સ્વાર્થ હતો ? આ તો તમારા ભલા માટે હું કહેતી હતી.'

વિનયચંદ ઘેલો થાય છે, 'હા, હા, ખરી વાત તેં કહી ! હું જ ભોળો તે મને તે વખતે ખબર પડતી નહોતી. આ તારા જેવી ભલી બાઈ મને ન મળી હોત તો તો ભાઈ-ભાભીની હકૂમત નીચે કેવો ય કચરાઈ જાત ! મને તો હવે એમના પ્રત્યે ખૂબ દ્વેષ થાય છે.'

**'દુનિયાને ઊંધા ચશ્મા, ડાહ્યા દીવાના લાગે.'**

એ અહીં બરાબર જોવા મળે છે ને ? પત્ની મળી એટલે શી વાત ! 'એ પાછી ભલી બાઈ ! નિઃસ્વાર્થ યોગિની ! માત્ર પતિના ભલાને જ જોનારી દયાળુ દેવી ! એની આગળ સગા માબાપ પણ કુછ નહિ ! ઊલટાં દુશ્મન ! દ્વેષ અને નિંદાના ખાસડે ઝૂડવાલાયક ! અને પત્ની પ્રશંસાના ફૂલે પૂજવાલાયક !'-પણ આ બધી મિથ્યા કલ્પનાઓ કળિયુગ અને એમાંય ખાસ વીસમી-એકવીસમી સદીની વિશેષતા ! પરમાત્મા અને ગુરુને તો ભલા, નિઃસ્વાર્થ ઉપકારી, અને પ્રશંસા કરવા લાયક રૂપે હૈયે ન વસાવ્યા, પણ સાક્ષાત્ દુન્યવી દૃષ્ટિએ ભલા અને ઉપકારી દેખાતા માબાપને પણ તે રીતે હૈયે વસાવવાનું કાઢી નાખ્યું ! કેમ ? એક મહાન પત્ની દેવતા મળી માટે ! વારંવાર ગુણ માબાપના નહિ ગાવા મળે, પત્નીના મળે છે ! પરંતુ આ તો પશુને, ઢેડભંગી અનાર્યને છાજે, આર્ય અને તે પણ જૈન માનવને નહિ. તિર્યંચોમાં રાજહંસ, અશ્વ, વગેરેની ઊંચી જાત ગણાય તે એની



ખાનદાની અને ચર્યા જુદી ! એમ આપણે જૈન માનવની ખાનદાની ઊંચી કહેવાય તેનાં જીવન ધોરણ આદર્શ મનોરથ જીવનપદ્ધતિ ઉચ્ચ કક્ષાની જોઈએ. એવું જીવન જીવીએ તો એની હૈયે કેટલી ખુશબો રહે છે ! અને અંતકાળ કેવો ગૌરવભર્યો અને શાન્તિમય બને છે !

વિનયચંદ પલટાઈ ગયો છે એનામાં આ બધું રહ્યું નથી તો શું એ સુખી છે ? અને નથી ને કાળની કે કર્મની તમાચ લાગી ત્યારે કઈ સ્થિતિ ? પણ એની ખબર પુણ્યની સારાસારીમાં નથી પડતી

**પાપાનુબંધી પુણ્ય મદારી છે.** એ રાંકડા જીવ-માંકડાને સારું ખાવાનું દેખાડી મનમાન્યો નચાવે છે ! હવે જુઓ વિનયચંદ એવા કેટલા નપાવટ નાચે નાચી રહ્યો છે !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૫,તા.૨૩-૩-૧૯૬૩

**અમીચંદની આર્થિક સ્થિતિ** સાવ કથળી ગઈ ! દુકાન કાઢી નાખવી પડી ! ધંધો બીજો કોઈ હાથ લાગ્યો નહિ ! ઘર ખરચીમાં હવે તો સરસામાન પણ વેચતા રહેવું પડ્યું. તે કેટલે પહોંચે ? લગભગ વેચાઈ ગયું. હવે તો ખાવાના સાંસા પડવા જેવું થયું. નસીબ બે ડગલાં આગળ, તે ધંધા-નોકરી માટે પૂછવા જાય ત્યાં એવો જવાબ મળે કે 'હમણાં જ બીજા સાથે નક્કી થઈ ગયું તેથી લાચાર !' યા 'અમારે જ ધંધો ઓછો કરવો પડ્યો ! માણસને રજા આપવી પડી !' બસ ક્યાંય ઓથ મળતી નથી.

**'કરમની જ્યાં રુઠે છે લોથ, બધી બાજુ તૂટે છે ઓથ;**
**ઊંચે છે આભ નીચે ધરતી, કરમ એવાં કરો ન કદી.'**

આટઆટલું કષ્ટ છતાં અમીચંદની દૃષ્ટિમાં ભાઈ પ્રત્યે પ્રેમનું અમી વહી રહ્યું છે ! કોઈ દિવસે એને દ્વેષ નથી આવતો, ઈર્ષ્યા નથી થતી. લોક, ઊલટું, ભાઈનું વિરુદ્ધ બોલે, તો આ છારે છે. એ સમજે છે કે,

**જડ સંપત્તિ પૈસા ઉપર આપણી એવી માલિકી નથી કે એને ધાર્યા કબજે રાખી શકીએ; પરંતુ પ્રેમ, દયા વગેરે તો એવી આત્મસંપત્તિ છે કે એના ઉપર આપણે અવિચળ માલિકી રાખી શકીએ છીએ, એનો સંપૂર્ણ કબજો ધરાવી શકીએ છીએ !** પછી શા માટે એ આપણી જાતે જ ગુમાવવી ? આપણા હાથે જ એને ધક્કો કેમ મરાય ?

એક દિવસ જિનમતિ કહે છે, 'આપણે આટલી બધી ભીડમાં છીએ તો જાઓને વિનુની પાસે અને કહોને કાંઈ મદદ કરે ?'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અમીચંદ કહે છે, 'ભલી રે બાઈ ! આવા ટાણે ન જવાય. આ તો દુનિયા છે ! ચલતા પૂરજા ! સૌ જીવતાને ઘરમાં રાખે, મડદાને કોણ રાખે ? ભળતામાં ભળે, ડૂબતામાં નહિ.'

'પણ આપણે એનું ઘણું કર્યું છે તે એ થોડુંય નહિ કરે ?'

'અરે ! તને ખબર નથી કે એ બિચારો કરવા ચાહે તો ય આપણાં રૂઠેલાં કર્મ ન કરવા દે ! નહિતર કેમ એ અહીં કેમ છે એટલું પૂછવા ય નથી આવતો ? પણ એનો વાંક નથી. વાંક આપણા પૂર્વજન્મનાં કર્મનો છે. માટે ધીરજ ધરવી, વીતરાગ પ્રભુનું શરણું લીધા કરવું.'

**ધૈર્ય આદિ અમી :-**

એની દૃષ્ટિમાં, ધૈર્ય, ખ્યાલ અને અરિહંત શરણનું અમી એવું સુંદર વહી રહ્યું છે કે આકળા ઉતાવળા થવું નથી. ખોટી આશામાં ધક્કો પડે ત્યાં, દોડવું નથી, વીતરાગ પ્રભુને ભૂલવા નથી. આ અમીની બલિહારી છે ! ભારે આપત્તિમાંય માણસને મસ્ત રાખી શકે છે. એના બદલે અધીરાઈ વગેરેનાં ઝેર હોય તો માથાં પછાડે ! કલ્પાંતનો પાર નહિ !

**જીવન ઉજ્જ્વળ કરવું છે ?**

**તો દૃષ્ટિમાંનાં ઝેર કાઢી નાખી માંહી અમી ભરો.**

**જે ભાગ્યશાળીઓ એ કરી ગયા એમનાં જીવન ધન્ય બની ગયાં ! જીવીને આ ન આવડે તો પછી જીવવું છે શા માટે ?**

## • જીવવું શા માટે •

ખાવા માટે ? જો એમ જ હોય તો તો ચોવીસે કલાક કેમ ખાખા નથી કરતા ? જીવવાની ક્રિયા તો સતત ચાલુ જ છે, તો પછી એનું પ્રયોજન ખાવાનું માન્યા પછી એ સતત સરવું જોઈએ ને ? ચોવીસે કલાક મશીનરી ચાલુ રાખે શા માટે ? માલ પેદા કરવા. તો પછી માલની બનાવટની ક્રિયા વિના એક કલાક પણ મશીનરી ખાલી ફરતી કોઈ રાખે ? ના, બસ એ રીતે અહીં ખાવાની ક્રિયા સિવાય ખાલી જીવવાનું કેમ કરાય ? જો જીવવું ખાવા માટે જ હોય ?

**પ્ર.**- એવું કરીએ તો લોકમાં લાજીએ અને માંદા પડાય.

**ઉ.**- તો પછી એમ કહો કે જીવવું તે ખાવા માટે નહિ, પણ લોકમાં આબરૂ જળવાય અને આરોગ્યનું સુખ બન્યું રહે તે માટે. પણ એમાં ય વાંધો પડશે. કેમ કે આબરૂ કે આરોગ્ય જો જતા રહે છે તો ય માણસ જીવવાનું છોડતો નથી.

**પ્ર.**- તો શું મરાય ?



ઉ.- કેમ નહિ ? માલ બનાવવા માટે મશીનરી છે. પણ કાચો માલ નથી મળતો તો મશીનરી ખાલી ખાલી નથી ચલાવાતી, બંધ કરાય છે. તેમ જીવવાની ક્રિયાનું પ્રયોજન આબરૂ કે આરોગ્ય સરતું ન દેખાય તો ખાલી ખાલી જીવવાની ક્રિયા શા સારુ કરવી ? ત્યારે અહીં કહેશો કે

**પ્ર.**- પણ એમે ય જીવવાથી બીજાં કામ થાય ને ?

ઉ.- તો કયા કામ માટે જીવવું ? એ હવે કહો. કુટુંબ નભાવવા ? ના, કેટલાકનાં કુટુંબ સ્વતઃ નભે છે, ઊલટાં કુટુંબી આને નભાવે છે, છતાં એ જીવે છે, કેમ જીવે છે ?

**પ્ર.**- મરવું નથી માટે જીવે છે એમ કહેવાય ને ?

ઉ.- ના, કેમ કે તો શું મરણ અટકે છે ? જો એ બનતું નથી, તો પછી જીવનનું એવું પ્રયોજન શા માટે ધરવું કે જે અંતે સરે જ નહિ ? તો બોલો જીવવું શા માટે ? એમ કહો કે કાંઈ ચોક્સ પ્રયોજન વિચાર્યું જ નથી. અને છતાં જીવનની દોડધામનો પાર નથી. પ્રયોજન, લક્ષ, હેતુ, નક્કી કર્યા વિનાની દોડધામ આ ઉત્તમ આર્ય માનવબુદ્ધિના ભવે ? કાંઈ વિચાર કે શરમ નથી આવતી ? ચોક્કસ કોઈ સારું પ્રયોજન નક્કી નથી કર્યું, વારંવાર મન પર એ આવતું નથી, માટે જ કેટલું ય જીવવાનું વેડફી નખાય છે ! જે બાકીનું ઊંધા વેતરણમાં વપરાય છે ! માનવબુદ્ધિનો આ સદુપયોગ નથી. **અહીંની બુદ્ધિશક્તિ તો ઊંચામાં ઊંચી મૂડી છે. જબરદસ્ત સુ-વેપાર એના પર કરી શકાય, કરવો જ જોઈએ. ભવ અને બુદ્ધિ ખોવાઈ ગયા પછી શું વળશે ?**

જીવવાનું પ્રયોજન નક્કી કરો.

કહે છે ફરજો અદા કરવા જીવીએ છીએ.

કેવી ફરજો અદા કરી રહ્યા છો ? જે કરવામાં જાતને અને સામાને ભવસાગરમાં અત્યાર સુધી ડૂબતા હતા એમ ડૂબતા જ રહેવાનું બને એવી ?

વળી મૃત્યુ તો આવવાનું જ છે, તો ત્યાં સુધી જીવીને માતા, પિતા, પત્ની, પુત્ર, પુત્રી વગેરે પ્રત્યેની ફરજો પૂરી અદા થઈ જશે ને ? ના, તો શું મર્યા પછી ફરીથી અહીં આવી પૂરી કરશો ? એ તો બનવાનું નથી, પછી જીવવાનું પ્રયોજન એવું શા માટે નક્કી કરવું કે જે અધૂરું રહે અને રોવરાવે ? ઊલટું એમ નથી લાગતું કે જે માનેલી ફરજો જે રીતે અદા કરો છો એમાં તો સામાને પોતાના જીવવાના પ્રયોજનની ઉપાધિ વધી જાય છે ? એથી વધુ ખતરામાં પડે છે અને પોતાની ભવમંજિલને, સંસારપ્રવાસને લાંબો વધારે છે એવું નથી લાગતું ? તેમ તમારી માનેલી ફરજો અદા કરતાં એ લોકોનો મોહ વધવાથી તમારા વિયોગમાં ઘેલું



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રોવાનું બને છે ને ?

સારાંશ, માનેલી ફરજો અદા કરવાનું જીવન-પ્રયોજન અજ્ઞાનતાના ઘરનું છે. અને ખરી રીતે તો અંતરાત્માને પૂછો કે જીવન જીવતાં આ જ એક લક્ષ્ય રાખ્યું છે ખરું કે ફરજો જ અદા કરવી ? ના, એ તો ઓઠું અગર બહુ ગૌણ રાખ્યું છે; ને મુખ્ય તો સ્વાર્થ સગવડ, સહેલસપાટી, વિષયલંપટતા વગેરે પોષવાનું જ રાખેલું છે. માટે ફરજ અદા કરવાનાં ખોટાં બહાનાં ન કાઢો.

**સાચી ફરજ :-**

વસ્તુસ્થિતિએ તો ફરજ એવી કોઈ અદા કરવી જોઈએ કે જે જાતને અને પરને ભવમાં ડૂબતા ન રાખે, પણ એથી પાર ઉતારે ! સામાને વધારે લાલસાથી ઉપાધિમાં, ખતરામાં ન નાખે, પણ હોય એમાંથી ઓછી કરાવી એને એની જાતનું ઉત્થાન કરાવે.

**જીવવાનું ખરું પ્રયોજન** એવું જોઈએ કે જે અનિચ્છાએ મરવું પડે છે એ સ્થિતિને બદલી નાખે; જે વારંવાર જન્મ-મરણ, જન્મ-મરણની આપદા ઓછી કરી આપી, આગળ વધતાં સર્વથા અજર-અમર બનાવી દે.

**પૂછે કોઈ 'શા માટે જીવો છો ?'**

**તો કહીએ કે 'જન્મ-મરણની આપદામાંથી છૂટવાની કરણી કરી શકાય એ માટે.'** મર્યા પછી એ કરવાનું મળવું મુશ્કેલ છે એટલે જ જીવતાં જીવતાં એ જ કરી લેવી છે.

**સારી કરણીમાં પહેલી અમીદૃષ્ટિ :-**

જન્મમરણ ફેડવાની કરણીમાં શું કરવાનું આવે ? પહેલું તો દૃષ્ટિ સુધારવાનું, દૃષ્ટિમાંનાં ઝેર કાઢી નાખી એવાં અમી ભરવાનું આવે; કેમ કે બીજી બધી જન્મ-મરણ ટાળનારી, કરણીનો આધાર અમીભરી દૃષ્ટિ છે, અને એ બધી કરણી કરીને છેવટે આ અમીનો વિકાસ કરતાં ઠેઠ વીતરાગતારૂપી અમી સુધી પહોંચવાનું છે. એટલે જ કહી શકાય કે

જીવવું શા માટે ? તો કે અમીભરી દૃષ્ટિ ઊભી કરવા, વિકસાવવા-વધારવા અને પૂર્ણ અમીદૃષ્ટિએ પહોંચવા. દેવદર્શન-પૂજા કરો, સામાયિક કરો, વ્રતનિયમ ત્યાગતપસ્યા કે દાનાદિ કરો, તે દૃષ્ટિમાં અમી વસાવવા વધારવા કરો. દૃષ્ટિનાં ઝેર ઓછાં થઈ અમી વધતી આવે છે ને એ પર ખાસ ધ્યાન દો, મથો ત્યાં સુધી કે દૃષ્ટિનાં મૂળભૂત ઝેર રાગદ્વેષ નષ્ટ થઈ વીતરાગતાની અમી પૂર્ણને શાશ્વતરૂપે ઝગમગી ઊઠે.

અમીચંદની દૃષ્ટિમાં રાગદ્વેષનાં ઝેર કાઢનારી કેવી સુંદર અમી ભરી છે એ



જુઓ, પત્ની અત્યંત નિર્ધન સ્થિતિમાં જ્યારે કહે છે, 'જુઓ નાનાભાઈ પાસે અને મદદ માગો તમે એનું બહુ કર્યું છે તો એ થોડી મદદે નહિ કરે ?' ત્યારે અમીચંદ કહે છે, 'આ સ્થિતિમાં ન જવાય. આપણાં કર્મ જ એવાં લાગે છે કે એ મદદ ન કરે. નહિતર એ પૂછવા સરખો ન આવે ? માટે હાલ ધૈર્ય ધરવાનું, અને વીતરાગ અરિહંત ભગવાનનું શરણું વારંવાર લેવાનું.'

આકુળતા-વ્યાકુળતા ઝેર કાઢી ધૈર્ય અને સત્ત્વનું અમી, ખોટી આશાનું ઝેર કાઢી કર્મવિશ્વાસનું અમી, નકામી આળપંપાળનું ઝેર કાઢી અરિહંત શરણ પર અગાધ આસ્થાની અમી,-અમીચંદે દૃષ્ટિમાં વસાવેલ છે. પાપ વધતાં પાપી બુદ્ધિ ન ફાવી જાય માટે ધર્મસાધના વધારે છે.

કોઈ પૂછે 'કેમ હવે પૈસા ગયા એટલે ધર્મ સૂઝ્યો ? ધર્મ પાસેથી પૈસા કઢાવવા ?'

તો કહેવું કે ના, આ તો પાપના ઉદયમાં પાપી વિચાર, દુધ્યાન વગેરે બહુ થવા સંભવ છે, તેથી ધર્મ સૂઝે છે, ધર્મ વધારીએ છીએ.

અમીચંદની નિર્ધનતા વધતી ચાલી. હવે ખાવાનું પણ ઓછું કરવું પડ્યું એટલી બધી તંગી પડવા માંડી ! માંહી માંહી બબ્બે ત્રણ ત્રણ દહાડા ૧-૧ ટંક ભૂખ્યા રહેવું પડે એવું થઈ ગયું !

**વિનયચંદને ત્યાં પુત્રજન્મ :-**

એમાં બન્યું એવું કે વિનયચંદને ત્યાં તારાએ પુત્રને જન્મ આપ્યો. વિનયચંદ સારો શ્રીમંત બની ગયો છે એટલે પુત્રજન્મના હરખનું પૂછવું જ શું ? વાજાં વગડાવ્યાં ! લોકોને પેંડા વહેંચ્યા ! પણ ભાઈને ત્યાં નોતરું ન મોકલ્યું ! કેટલો દ્વેષ ! કેવીક ધિટ્ઠાઈ !

**કુદરતની વિચિત્રતા :-**

અમીચંદને જાણવા મળ્યું છે કે પુત્ર જન્મ્યો છે, વાજાં વાગ્યાં છે, ધામધૂમ મચી છે, છતાં ભાઈએ પોતાને ત્યાં કોઈ સમાચાર મોકલ્યા નથી. અહીં ખાવાના સાંસા છે, ત્યાં અમનચમન ઊડે છે ! એક જ માતાપિતાનાં બે સંતાન, છતાં આટલો બધો ફરક ! પણ અમીચંદની અમીભરી દૃષ્ટિમાં ભાઈને માટે કોઈ જ ખરાબ ભાવ, દુર્ભાવ નથી આવતો ! જિનમતિ પણ એને અનુસરનારી મળી છે. એ પણ મન બગાડતી નથી. છતાં એ કહે છે,

'જુઓ, નોતરું તો નથી, પણ એ તો કદાચ ભૂલમાં ય ગયું હોય. તો તમે એમ કરોને, જાઓ એને ત્યાં. ઘણા માણસો જમનાર હશે એટલે કામકાજ પણ હોય; તો એમાં મદદરૂપ થજો અને પછી જમતા આવજો. ભાઈનું જ ઘર છે, શો વાંધો ?'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અમીચંદ કહે છે, 'ભલી રે બાઈ ! એમ જવાય ? એનું મન ન હોય ને જઈએ તો એના દિલને દુઃખ થાય.'

'પરંતુ હવે આપણે ભૂખમરાની હદ થઈ ગઈ છે, અને આ તમારી કાયા પણ ચાલતી નથી. કેટલી બધ દૂબળી પડી ગઈ છે. મારાથી હવે તમારું દુઃખ નથી જોવાતું. માટે તમને પગે પડીને કહું છું ગમે તેવી શરમ મૂકીને પણ જાઓ, જમી આવો.'

અમીચંદ કહે છે 'તું આગ્રહ રહેવા દે. મારો પગ નહિ ઊપડે.'

જિનમતિ ગળગળી થઈ ગઈ. આંખમાં પાણી આવ્યાં, રોતી રોતી કરગરે છે. 'મહેરબાની કરો મારા ઉપર, અને જાઓ, ગમે તેમ મન મારીને પણ જાઓ, મને આ ન જાઓ તો બહુ દુઃખ થાય છે.'

**બીજાના દુઃખે રુદન :-**

અમીચંદને ય રોવું આવી ગયું, બેઉ સામસામાં રડી રહ્યાં છે ! કોઈ છાનું રાખનાર નથી. બંને ય સજ્જન છે, પોતાનું દુઃખ ભૂલી સામાના દુઃખે દુઃખી થઈ રહ્યાં છે ! હૈયાં ભરાઈ આવ્યાં છે ! આંસુ વહી ચાલ્યાં છે !

ભાઈને જુઆરું કરી આપ્યા પછી દિનપ્રતિદિન પોતાની પડતી થઈ રહી હતી ! છતાં અરિહંત પ્રભુના ધર્મની અટલ શ્રદ્ધાએ ખેદ થવા દીધો નહોતો, પણ આજે અન્યોન્યના દુઃખ પર હૈયાં ભેદાઈ ગયાં છે ! કર્મની શિરજોરી કેવી ?

**પાપભય અને દયા :-**

આ વનવગડા જેવા સંસારમાં કર્મ જીવને જ્યારે નોધારો બનાવી મૂકી દુઃખના અગ્નિ વરસાદ વરસાવે છે ત્યારે કોઈ એને બૂઝવનાર નથી મળતું ! છતાં જીવની નાદાનિયત એવી, કે 'ભવિષ્યમાં આવું બનશે તો શું થશે ? માટે લાવ પહેલેથી ચેતી ધર્મમાં લાગું.' એનો કોઈ વિચાર નથી આવતો માટે પાપ નિર્ભીકપણે ચાલુ રહે છે ! તેમ વર્તમાનમાં આ સ્થિતિ ભોગવનાર જીવોની બિચારાની કેટલી કરુણ દશા હશે ! લાવ ત્યારે હું થોડાને પણ કામ લાગું, એનાં દુઃખ ટાળું,' આ પણ વિચાર નથી ! તેથી દયા નથી.

બંને રડતા બેઠા હતા, છેવટે અમીચંદે કહ્યું 'રહેવા દે રોઈશ નહિ, તારું દુઃખ ટાળવા જાઉં. પણ એક વાત પૂછું. તને ભૂખી મૂકીને હું ત્યાં જમવા બેસી શકું ? એટલો બધો શું હું ધિટ્ઠો છું ?'

'ના, તમે તો બહુ કોમળ છો એ હું જાણું છું. પણ જુઓ એમ કરજો જમતા આવજો અને મારા માટે થોડું લેતા આવજો. ભાઈનું ઘર છે ને વાંધો નહિ આવે.'



વિનયચંદ્રનાં ચરિત્ર જોયાં છે, એ શું જમાડે કે આપે ? પરંતુ અત્યંત ગરીબી આશા બંધાવી રહી છે ! પેટ કરાવે વેઠ ! ભૂખ આશામાં તાણી રહી છે; પછી ભલે એ નિષ્ફળ નીવડવાની હોય. **સંસાર આવી વાંઝણી આશાઓ, કર્મના અણચિંત્યા અને અસહ્ય માર વગેરે કારણે અસાર છે એમ જ્ઞાનીઓ કહે છે.**

**અમીચંદ ભાઈને ઘેર :-**

અમીચંદ ભારે પગલે નીકળ્યો, પહોંચ્યો ભાઈને ત્યાં. ત્યાં તો ધમાલ મચી છે. શેઠિયાઓ આવ્યા છે, મેડી પર બધાને લઈને વિનયચંદ્ર બેઠો છે, અભિનંદન લઈ રહ્યો છે. વાતો ચાલી રહી છે. અવાજ નીચે આવે છે. પણ અમીચંદ વિચાર કરે છે કે 'ઉપર શી રીતે જવાય ? પોતાનાં કપડાં પણ મેલાં દાટ અને જીર્ણશીર્ણ છે ! હવે શું કરવું, મૂંઝવણ છે. પરંતુ એક રસ્તો સૂઝ્યો. રસ્તો કાઢ્યા વિના છૂટકો નહોતો, કેમ કે ઘેર એમ જ પાછો જાય તો પત્નીના હૃદયના ટુકડા થઈ જાય, એમ એ સમજે છે. એટલે એણે જોયું, નીચે માણસો કામે લાગી પડ્યા છે. એમાં એક બાજુ શાકનો ઢગલો હતો, ચાર પાંચ જણા શાક સમારતા હતા ત્યાં ભેગો અમીચંદ ગોઠવાઈ ગયો. શાકભાજી સમારવા લાગે છે. મનને એમ છે કે છેવટે આ માણસો સાથે જમવાનો ચાન્સ (તક) લાગી જશે.'

**વિનયચંદ્ર ગુસ્સે :-**

એ કામ પત્યું. જમણ તૈયાર થઈ ગયું. લોકોને જમવા બેસાડી દીધા. વિનયચંદ્ર નીચે ઊતરી જ્યાં અમીચંદને જુએ છે ત્યાં એને ભારે ગુસ્સો ચઢ્યો, 'અરે ! આ પાપી અહીં ક્યાં આવ્યો ? કોણે બોલાવ્યો હતો એને ? આણે તો આવા વાઘરી જેવા કપડે આવી મારું નાક કાપવા જેવું કર્યું ! પણ શું કરું ? મોઢેથી કાંક બોલું તો લોકને લાગશે કે મોટાભાઈ સામે આવું બોલે છે ? ખેર મરવા દે એને ! એને બોલાવવો જ નથી,' વગેરે મનમાં લોચા એણે વાળ્યા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨૬,તા.૬-૪-૧૯૬૩

**રમા-રામાનાં તોફાન :-**

વર્ષોના ઉપકાર ઝીલી મોટો થયેલો ભાઈ આટલી હદે જાય ? **પણ આ જગતમાં રમા અને રામા અજુગતું જેટલું ન કરાવે એટલું ઓછું !**

રમા એટલે લક્ષ્મી; રામા એટલે સ્ત્રી. રમા-રામા, કંચન અને કામિની, એ બે અપાર અનર્થોનું મૂળ છે, કેમ કે એ અનેકાનેક દુષ્કૃત્ય, અપકૃત્ય, અનુચિત કરાવે છે, કરવા પ્રેરે છે, કરવાની સગવડ દે છે ! લક્ષ્મીને લાવવા માટે પણ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રકમબંધ પાપો અને લાવ્યા પછી પણ ઢગલાબંધ પાપોનાં આચરણ થાય છે. સ્ત્રીનાં ફંદામાં ફસવાની વાસના જાગી ત્યારથી અને ફસ્યા પછી તો વિશેષ આજીવન પાપોનો હિસાબ રહેતો નથી. મન, વચન અને કાયા ત્રણેય કંચન અને કામિની પાછળ પાપમય પ્રવૃત્તિ કરવામાં લયલીન બને છે. બેયના મોહમાં મોટા દેવ-ગુરુ-ધર્મને પણ ગૌણ કરી દે ! ત્યાં માતાપિતા કે ભાઈ વગેરે શી વિસાતમાં ? 'બસ જીવનમાં મુખ્ય બે;-પત્ની અને પૈસો !' આ જીવનસૂત્ર બની જાય છે. પછી એની ખાતર શું શું કરવામાં બાકી રાખે ? જેટલું અનુચિત ન કરે એટલું ઓછું !

માટે જ પૂર્વ કાળમાં પહેલું શિક્ષણ પૈસા કમાવવાનું નહિ, પણ માણસાઈ કેળવવાનું અપાતું. ધંધો, કળા વગેરેનાં શિક્ષણ વખતે પણ આધ્યાત્મિકતા, ધાર્મિકતા અને માનવતાના એક યા બીજી રીતે પાઠ ભણાવાતા. શું કારણ ? આ જ, કે આનું સંસ્કરણ થયું હશે તો કંચન-કામિની પાછળ ઘેલો નહિ બને, એ ઘેલછાનાં અનુચિત આચરણ નહિ કરે. અરે ! બુદ્ધિમાં પણ અયોગ્ય વસ્તુ નહિ ઘાલે.

**આજની ફરિયાદોનું નિદાન :-**

આજે આ બધું કાઢી નાખીને એકલી કમાવાની વિદ્યા આપવાનું થઈ ગયું ! વળી વધારામાં વિલાસની પ્રેરણાઓ વધી ગઈ ! એના પોષક સાધનો અને વાતાવરણ ઊભાં થઈ ગયાં ! પછી ચોરીઓ, ખૂન, બદમાશી, કોરટના ઝગડા વગેરે ધૂમ વધી જાય એમાં શી નવાઈ ? પાછી બૂમો મારવી છે કે 'લાંચરુશવત, ઘાલમેલ, ઝગડા-ટંટા, ચોરી-લૂંટફાટ વગેરે બહુ વધી ગયું !' પણ એનું ખરું નિદાન જોવું નથી ! એકલા અર્થ અને કામનાં શિક્ષણ આ જ પરિણામ આપે. અપકૃત્યો કરાવનાર આ બે તત્ત્વ છે.

અહીં વિનયચંદને શિક્ષણ તો સારું આપેલું, પરંતુ શહેરની ભણેલી ચબરાક પત્ની મળી ! અને ભાઈ એમાં મોહી પડ્યા, એટલે અતિ અનુચિત પણ આચરવામાં આંચકો નથી આવતો ! એટલે જ કહેવાય કે ડહાપણનો રસ્તો આ છે કે કંચન-કામિનીમાં આંધળા થઈ આસક્ત ન બનવું.

વિનયચંદ મોટાભાઈને આવ્યા છે તો આવકારવાની તો વાત દૂર, પણ ધિક્કારની નજરે જુએ છે, ગુસ્સે ભરાય છે ! પણ લોકોની વચમાં રહેવું છે એટલે મનમાં સમસમી રહે છે. લોકોની પંગત પડી. અમીચંદને કોઈ કહેતું નથી 'તમે જમવા બેસી જાઓ.' એટલે પોતે પીરસવાનું કાર્ય બજાવે છે. એક પંગત ઊઠી, બીજી બેઠી, એમાં પણ એવું જ ! છેવટે નોકરોને જમવા બેસાડ્યા પણ આને કોઈ બેસવા કહેનારું નથી. હવે શું કરવું ?



**અમીચંદ ભૂખ્યો પાછો :-**

અમીચંદ એટલો બધો નિર્લજ્જ નથી કે અતિ આવશ્યકતા છતાં પારકે ઘેર વગર કહ્યે જમવા બેસી જાય. એવી હિંમત જ નથી ચાલતી. મનમાં ઘણુંય થાય છે કે 'મને તો ભૂખ્યા રહેવાની એટલી ચિંતા નથી પણ જિનમતિનું કાળજું કેવું કપાઈ જશે ! એને એમ જોવા મળ્યું કે આ પેટના દીકરાની જેમ પાળીપોષી મોટા કરેલા વિનુએ આટલો ય વિવેક ન કર્યો ? અને એના ઘેર ચઢી ગયા પછી પણ હું ભૂખ્યો આવ્યો ? એટલે તો પત્નીને પારાવાર દુઃખ થાય' પણ પાછો મન વાળી લે છે કે 'એ બધું છતાં પત્ની એવું તો ન જ ઇચ્છે કે હું નિર્લજ્જપણે, વગર કોઈના કહ્યે, જમવા બેસું. એના કરતાં હું, ભૂખ્યો રહું એમાં જ શોભા માને.'

બસ અમીચંદ પોતે દિવસોનો ભૂખ્યો અને અહીં પંગતની પંગતને ખુશખુશાલ જમતા જોયા, છતાં લેશ મન બગાડ્યા વિના ત્યાંથી પાછો ઘેર આવ્યો.

પત્ની તો તાકી રહી છે 'આવશે જમીને અને હાથમાં ખાવાનું લેતા આવશે,' એના બદલે એ જ દૂબળી કાયા, એ જ લડથડતા પગ, અને એજ ફિક્કું ભૂખ્યું મુખ જોઈને ચોંકી ઊઠી ! પૂછે છે,

'કેમ, જમીને ન આવ્યા ?'

અમીચંદ કહે છે, 'ના, કોઈએ જમવા બેસવા ન કહ્યું એટલે પાછો આવ્યો. હોય, કોઈનું મારા પર ખાસ લક્ષ ન ગયું હોય ને વિવેક ન કર્યો હોય, બહારના જાણે કે આ તો ઘરના માણસ છે, અને ઘરના માણસો ધમાધમીમાં હોય એટલે મને કહેવાનું ન બન્યું હોય એ બનવાજોગ છે. ત્યારે વગર કહ્યે ભાણું લગાવી દેવું એના કરતાં તો ભૂખ્યા રહેવામાં જ શોભા ને ?'

'શોભા તો ખરી, પણ આ વિનુમાં આટલી અક્કલ નહિ ?'

અમીચંદ કહે છે 'જો, એ બિચારો આટલા રઘવાટમાં કેટલું ધ્યાન રાખી શકે ? અને ખરી વાત તો આપણાં કર્મ જ આ બધું કરી રહ્યાં છે, એમાં બીજાને દોષ દેવો નકામો છે. ચાલવા દો, એમ કરીને પાપકર્મ ભોગવાઈ ઓછાં થાય છે.'

કેટલા બધા જૈનત્વ અને સજ્જનતાના બોલ ! હૈયું કેટલું બધું સૌમ્યતાના રસથી છલોછલ ભર્યું રાખ્યું હોય ત્યારે શાન્ત મુદ્રાએ આ શાન્ત ઉદ્ગાર નીકળે ! કઈ પરિસ્થિતિમાં આ સૌમ્ય હૃદય, સૌમ્ય મુદ્રા અને સૌમ્ય વાણી જળવાઈ રહ્યાં છે ! એ વિચારવા જેવું છે. અશક્ય કાંઈ નથી હોં. જીવન જીવતાં આત્માને ઉજ્જવળ કરતા જવું છે. આ નિર્ધાર હોય, જીવવાનું આ પ્રયોજન સચોટ ઘડી રાખ્યું હોય, તો સૌમ્યતા કાંઈ જ કઠિન નથી. જુઓને આવા માણસો આ જ દુનિયામાં વસીને આ સૌમ્યતા સાચવી શકે છે ને ? તો આપણે કદાચ એટલા બધા


E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કપરા સંયોગમાં નહિ,તો પણ ચાલુ સંયોગો વચ્ચે તો સૌમ્યતા રાખી શકીએ ને ?

જિનમતિ કર્મસિદ્ધાન્તની વાતમાં મંજૂર થતાં કહે છે, 'એ તો ખરી વાત; પણ આ કાયા ભૂખે ભૂખે અટકી પડે એનું શું ? હવે મારાથી તમારું દુઃખ નથી જોવાતું. તમે હવે લાજ શરમ જોતા નહિ, ને જાઓ ફરીથી એક વાર ત્યાં જાઓ જમી આવો. નહિતર લાવો હું જઈને કંઈક લઈ આવું.'

એમ કહી એ ઊઠવા જાય છે, અમીચંદ વિચાર કરે છે કે 'આ જાય એ ઠીક નહિ, કેમ કે ત્યાં કાંઈ આદરભાવ નહિ જુએ એથી એનું સેવા-સરભરાભર્યું દિલ ઘવાઈ જશે ! પહેલાં તો એણે અતિથિ, સાધર્મિક, વગેરેની સેવાભક્તિ ઘણી કરી છે, છૂટે હાથે અને મોકળા ઉદાર મનથી ભક્તિ કરી છે, એ હવે અહીં અનાદર જુએ તો દિલ કેટલું બધું ઘવાય ? માટે એના કરતાં લાવ હું ફરીથી જાઉં.'

એમ વિચારીને અમીચંદ કહે છે 'લે તારો બહુ આગ્રહ છે તો જાઉં છું.'

**અમીચંદ ફરીથી ગયો.** ત્યાં જઈને જુએ છે તો ભિખારીઓને પણ વહેંચવાનું કાર્ય પતી ગયું છે. એટલે તો અંદર હવે તો કોઈનું ય જમવા-કરવાનું શાનું હોય ? વિચારમાં પડ્યો હવે શું કરવું ?

ખાનદાની ભારે છે, પણ પોતાની ભૂખ કરતાં ય પત્નીના દિલની દુભામણ અતિશય છે, એટલે ખાનદાની ગૌણ કરીને એ દુભામણને ટાળવા આજુબાજુ નજર નાખે છે કે ભલે એંઠા જૂઠા પણ ટૂકડા-બચકા કાંઈ બહાર ફેંકી દીધેલા પડ્યા છે ? એ મળે તો એ લઈને પણ ઘરે જાઉં.'

**એંઠો ટુકડો પણ નહિ :-**

એવામાં ઘરની સામે ટેકરા પર લાડવાના ટુકડા પડેલા જોયા, એટલે તે લેવા માટે ટેકરા પર જાય છે અને 'આજુબાજુ કોઈ જોતું નથી ને ?' એ નજર નાખીને નીચે વળી બે ચાર ટુકડા લેવા જાય છે, ત્યાં તો વિનયચંદના ઘરની બહાર ઊભો રહેલો ભૈયો રાડ પાડે છે,

'એય ! કૌન હૈ ? ક્યા લે રહા હૈ ? નિકલ યહાં સે ! અન્યથા એ લકડી દેખી હૈ ?'

કેમ બોલ્યો આ ? અમીચંદને ખબર નહોતી પણ વિનયચંદે ઊંચે ઝરુખામાં બેઠે આને જોઈ લીધેલો અને ખીજે ભરાયેલો. તેથી ભૈયાને બોલાવી કહી દીધેલું કે આ માણસને અહીં ઊભો નહિ રાખવો.'

**વાઘ-વરુની હરીફાઈ :-**

કેટલી નિર્દયતા ! દ્વેષનું ભારોભાર ઝેર આ કરાવી રહ્યું છે. નાદાન જીવને ખબર નથી પડતી કે 'આ ઝેર હૈયામાં ઘાલી હું-વાઘ વરુની હરીફાઈ તો નથી



કરતો ? એની નાતમાં તો નથી ભળતો ? વળી આ ઝેર જ્યારે અશુભ કર્મના ઉદયરૂપે પરિણામ પામશે ત્યારે મારી કઈ વલે થવાની ? અને આ કરીને મને મળે છે ય શું ?' ના, કોઈ વિચાર નથી; બસ એક જ ધૂન છે દ્વેષ, દ્વેષ, ને દ્વેષ !

અમીચંદ ભૈયાની હાકલથી ગભરાયો; 'નથી ને ક્યાંક લાકડી કે પથ્થર ન ફેંકે ?' એંઠું પણ ઘરે લઈ જઈ ભૂખીડાંસ પત્નીને ખવરાવવાની આશા બંધાણી હતી તે ય ધૂળમાં મળી જતી દેખાય છે ! પણ કરે શું ?

**ગર્વ નકામો છે :-**

કેવા કપરા દહાડા ! કેટલો કારમો સમય ! પુણ્ય-પાપ વચ્ચે ઝોલા ખાતા સંસારીજીવનમાં આવા ય દિવસો જોવાના આવે છે. માટે જ સારા સમયે અભિમાન કરવા જેવું નથી. 'બસ ! શી ફિકર છે ? આપણે બાદશાહ છીએ'-આ ગર્વ કરવો ફજુલ છે, મૂર્ખતા છે. જડના સંયોગો ચંચળ છે, વિનશ્વર છે, એનો પૂરો ખ્યાલ રાખવા જેવો છે. મોટા ચક્રવર્તી પણ બધું પડ્યું મૂકીને મર્યા છે. મોટા કરોડપતિઓ પણ માલભર્યાં વહાણ દરિયામાં ડૂબતાં ચીંથરેહાલ બન્યા છે ! લક્ષ્મીના શા ભરોસા ? આજ છે ને કાલે ન હોય. માટે એના ગર્વ ખોટા છે.

**જુઓ અમીચંદના હાલ !** ગર્વ નહોતો છતાં ય લક્ષ્મી ગઈ. એ બિચારો જુએ છે કે 'હવે તો આ ટુકડા નજર સામે પડ્યા છે લઈ લઉં એટલી જ વાર છે, દિવસોની ભૂખી પત્ની કાંક ઠરશે !' એટલે ભૈયાની હાકલ ન ગણકારતાં ટુકડા ઉપાડી લેવા નીચો વળે છે. ત્યાં ભૈયાએ દોડતો આવી એક ધક્કો એવો જોરથી લગાવ્યો કે અમીચંદ પટકાઈ પડ્યો ધરતી પર !

ભૈયો કહે છે 'ભાગ, ભાગ, નહિતર ઈસ લકડીકા માર ખાયેગા.'

બિચારો અમીચંદ નીચે પટકાયેલો, શરીરે વાગ્યું, પણ જેમ તેમ ઊભો થઈ ત્યાંથી ચાલતી પકડે છે.

દુઃખની દુશ્મનસેના ઊતરી પડે છે ત્યારે એ પાછું વાળીને જોતી નથી ! હલ્લા પર હલ્લો, હલ્લા પર હલ્લો ! આદર માન કે ટુકડો મળવાનો તો દૂર રહ્યો પણ હકાલપટ્ટી અને ધક્કો મળ્યો ! અંગ પછડાઈ વેદના મળી ! કર્મ શું કામ કરે છે ! કેવી કેવી વિટંબણા આપે છે !

આટલું છતાં અમીચંદની અમીભરી દૃષ્ટિમાંથી ભાઈ પ્રત્યે અમી-અમૃત વરસી રહ્યું છે. પોતાનાં દુષ્કર્મ એને એ ઉપાર્જનાર પોતાનો પાપી આત્મા, એના પર અને ઘૃણા-જુગુપ્સા વરસી રહી છે. જિનવચન હૈયે પરિણામ પામ્યા છે, તેથી કોઈ અયોગ્ય વિચાર કરવાની મનની તાકાત નથી.

મન હૈયા પર મસ્તાન બને છે. હૈયું જ જો ચોર છે, પાપી છે, તો મન



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

પછી એવા જ વિચાર કરે છે, ખરેખર આપણા દિલમાં ઊંડે ઊંડે શું છે એ તપાસવા જેવું છે. એ તપાસી જો એનું શુદ્ધીકરણ કરીશું તો પછી મનમાં ઉમદા વિચારોનો પ્રવાહ વહેશે, હલકા વિચાર રવાના થઈ જશે.

હૈયું કહો, દૃષ્ટિ કહો, એક જ ચીજ છે. દૃષ્ટિમાં લક્ષ્મી-લોહી, હાટ-હવેલી વગેરે જો સારા, સુખકારી તરીકે વસ્યા હશે, મીઠા-મજેના લાગતા હશે, તો એ દૃષ્ટિમાં ઝેર છે, અને તેના લીધે મન ખોટા વિચારો કરવામાં બાકી નહીં રાખે.

એમ દૃષ્ટિમાં 'ફલાણો મારો દુશ્મન, મારું લૂંટનારો, મારું અપમાન કરનારો,' વગેરે વગેરે ઝેર ભર્યું હશે તો મન દ્વેષીલા-ક્રોધીલા વિચારમાં બળ્યા કરશે.

અમીચંદની દૃષ્ટિમાં લક્ષ્મી-લાડી વગેરે આગન્તુક મુસાફર જેવા છે, આટઆટલી નાલાયકી કરનાર પણ નાનો ભાઈ દુશ્મન નથી, વહાલો ભાઈ જ છે, આમ લેખવું એ દૃષ્ટિની અમી છે. ગમે તેવા કપરા દુઃખ-ત્રાસના પ્રસંગ પણ ઉકળાટથી નહિ, શાન્તિથી અપનાવવાના, એ દૃષ્ટિની અમી છે. આ ત્રણેય અમી એક અદ્‌ભુત સંપત્તિ છે, -કુટુંબને રેલ્વેમાં ભેટતા પ્રવાસી જેવા લેખવા, દુઃખદાયી માણસને પણ બધું સમાન લેખવો, કપરા પ્રસંગને પણ વગર ઉકળાટે અપનાવવો, -આ ધોરણ અમીચંદે આત્મસાત્ કર્યાં છે.

**જૈનશાસન ક્યાં વસેલું છે ?** મંદિર-ઉપાશ્રયે માત્ર દોડધામ કરે, માત્ર બે પૈસા શુભ કાર્યમાં ખરચી કાઢે, કે અમુક વ્રતનિયમ માત્ર લઈ લે, પણ કુટુંબ-કામિની કેમ ? તો કે મારાં સાચાં સગાં. જરા પ્રતિકૂળ કરનાર કેવો ? તો કે મારો દુશ્મન ! દુઃખ-આપત્તિ-અપમાન વખતે કેવા રહેવાનું ? ઊકળતા. આનામાં જૈનશાસન વસ્યું છે ? સંઘ મોટો કાઢ્યો પણ યાત્રિકો જરાય વધારે ખાઈ ન જાય, બહુ ખર્ચ ન કરાવી નાખે, કેમ કે 'પૈસા મોંઘા છે,' આવો હિસાબ રાખ્યા કર્યો-પછી એમાં સાધર્મિકને ધુતકાર, ત્રાસ અને તકલીફ થવા દીધી, એનામાં જૈનશાસન વસ્યું છે ? જૈન નામ લઈને ફર્યા, પણ દુશ્મન તો શું કિન્તુ જેની સાથે પોતાને કોઈ લેવડદેવડ નથી એવા ય સાધર્મિકની અને યાવત્ સાધુ-સાધ્વીની નિંદા કરી, હલકાઈ ગાઈ, એનામાં જૈનશાસન વસ્યું છે ? વીતરાગ જિનેશ્વર દેવનું શાસન ક્યાં વસેલું કહેવાય ? કહેવું જ પડશે કે અમીભરી દૃષ્ટિમાં વસ્યું છે, ઝેર ભરેલીમાં નહિ !

અમીચંદ અમીનો ભર્યો જાણે એક ચંદ્રમા છે. ઘરે હવે પાછો આવે છે. પત્ની પૂછે છે 'કેમ શું થયું ?' પણ એને એણે હતાશ નથી કરવી એટલે ટૂંકમાં પતાવે છે,' 'આપણાં કર્મ ભારે છે છતાં તું આટલો આનંદ માન કે આપણા માથે દેવું નથી. બાકી જે અગવડ છે તેમાં પાપકર્મ ધોવાઈ રહ્યાં છે.'



આપણા અમી, ઉત્તમ અમી ! **આફતના પ્રસંગને અશુભ કર્મના કચરા ઓછા કરનાર તરીકે જ લેખવા વધાવવાનું ધોરણ એ દૃષ્ટિમાં એક સુંદર અમી છે.**

સ્નેહીને પૂછવાનું મન થાય, **'કેમ ભાઈ ! કાંઈ દુઃખમાં પડ્યા છો ?'**

ત્યારે આ કહે **'કર્મ ઓછાં થઈ રહ્યાનો ઉત્સવ ચાલે છે.'**

શું ? ઉત્સવ ! સમજ્યા ને ? માનતા નહિ કે 'બોલવાનું સહેલું છે,' અમીચંદ મનને એવું બનાવી દઈને આચરી રહ્યો છે. પત્નીને સમજાવે છે.

'જુઓ, કર્મના ઉદય કોઈના ટાળ્યા ટળે છે ? ના; પછી શા માટે એના પર દુઃખ કરવું ? તકલીફ ભોગવ્યા વિના તો એ કર્મ જવાનું જ નહોતું, અને તકલીફ ભોગવ્યા પછી એ રહેવાનું નથી. જવાનું જ છે; તો પછી માનો ને, કે લૂંટારા ગામમાંથી જાય અને ઉત્સવ થાય એમ ઉત્સવ થયો.'

જિનમતિ કહે છે, 'પણ તકલીફ ન હોય અને સરખાઈ હોય તો ધર્મસાધના સારી રીતે થાય ને ?'

અમીચંદ ઉત્તર કરે છે, 'અહીં જોવાનું ભૂલ્યા ! ધર્મસાધના પણ શા માટે કરવાની ? પાપકર્મનો નાશ કરવા જ ને ? એમ કર્મનાશ થતાં થતાં સર્વ કર્મનો નાશ થઈ મોક્ષ મળે એ માટે જ ધર્મસાધના ને ? ત્યારે જો કર્મનાશ માટે ધર્મસાધના છે તો પછી તકલીફ આનંદથી વેઠીએ એમાં પણ કર્મનાશ ક્યાં કમ છે ? એમ કહો કે દુઃખ તકલીફને સહર્ષ વેઠી લેવી એ પણ એક જાતની ધર્મસાધના જ છે તે ય રોકડા ફળવાળી ધર્મસાધના ! તકલીફ વેઠી કે એટલાં કર્મો ગયાં !'

**વીતરાગ ભગવાનના શાસને આ દિવ્ય દૃષ્ટિ આપી છે કે દુઃખ તકલીફને ઉત્સવ માનો, એમાં અચૂક કર્મનાશ થઈ રહ્યો છે.** નરકના જીવોને કારમાં દુઃખ ભોગવીને કર્મનાશ તો થાય જ છે, પરંતુ સાથે એ જીવો સમાધિ ન રાખતાં ઘોર કષાયો સેવે છે તેથી નવી કર્મભરતી થાય છે. **બાકી શાન્તિથી સહન કરનાર તો કર્મનાશ કરતો મુક્તિની નિકટ જઈ રહ્યો છે.**

ધર્માત્માને બીમારી રહેતી હોય તો અફસોસી થાય છે કે 'આ હું કેવો કમનસીબ કે આ બીમારીને લીધે તપ નથી કરી શકતો !' પણ એ જોવું જોઈએ કે બીમારી ભોગવતાં પણ અશાતા વેદનીય કર્મ ઓછાં થઈ રહ્યાં છે; આ ઓછી કમાણી છે ? શરત માત્ર એટલી કે કર્મક્ષય થવાનો ઉત્સવ મળ્યો માનીને બીમારી વગેરેને ભોગવી લેવાની. એટલે આમાં ઓછી આરાધના સમજતા નહિ. મહાત્માઓ કષ્ટ ભોગવવાની આરાધનામાં તો કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા છે !'

અમીચંદની દૃષ્ટિ જૈનશાસનના સિદ્ધાન્તોની રૂએ જ વસ્તુદર્શન કરવાની બની ગઈ છે તેથી દુઃખમાં પણ એનું મન પ્રશાંત રહે છે. દૃષ્ટિમાં આ એક અમી

છે કે વસ્તુ સ્થિતિને જ્ઞાનીની સલાહ અનુસાર જોવાનું રખાય.

**એમ આત્મલાભમાં કેમ ઊતરે એ જ હિસાબે વસ્તુ કે પ્રસંગને અપનાવાય, અવલોકાય, એ લક્ષ પણ દૃષ્ટિની અમી છે.**

**આત્માના લાભમાં ઉતારવા માટે :-**

આ પણ બહુ સુંદર અમી છે. જીવન જીવવું તો છે જ અને પ્રસંગો કે પદાર્થો સામે આવવાના પણ ખરા જ; તો હવે એ બધું આત્માના લાભમાં ઊતરે એવું કાયમ ધોરણ કાં ન રાખવું ? મન સાબૂત રાખીએ તો એ કાંઈ કઠિન નથી.

દા.ત. (૧) પૈસા કમાયા, હવે એને આત્માના લાભમાં ઉતારવા માટે પહેલું તો શક્તિ અનુસાર દાનમાં યોજવા, કોઈ અર્હદ્ભક્તિ, ગુરુ-સેવા જ્ઞાનસેવા, સાધર્મિકની ભક્તિ-ઉદ્ધાર, દુઃખીની દયા, એવા કાર્યમાં જમા કરાવી દેવા.

(૨) બાકી જે રૂપિયા પોતાના તરીકે રાખ્યા એને પણ આત્મલાભમાં ઉતારવા માટે 'ચાલો આટલી સગવડ થઈ છે તો અસમાધિ ઓછી કરી ધર્મપ્રવૃત્તિમાં ચિત્ત વધારે સ્થિર કરું, ધર્મપ્રવૃત્તિ કાંક વધારું.' એમ કરી તે પ્રમાણે પ્રયત્ન આદરાય.

એમ, એ વિચારી શકાય કે

(૩) 'આ પૈસા મળ્યા અને રાખ્યા તો ખરા, પરંતુ એ પૂર્વની પુણ્યની મૂડીમાંથી ઉપાડ કર્યો છે, અને સાથે એ પૈસા ષટ્કાય જીવની વિરાધના, લોભ, વગેરે પાપસ્થાનક આચરવા દ્વારા આવ્યા છે, એટલે પૂર્વપુણ્યક્ષય અને નવીન પાપોપાર્જન એમ બેવડી નુકસાની વહોરી છે.'

(૪) 'વળી **'आरंभा परिग्गहमूला'** આરંભ-સમારંભ પરિગ્રહ ઉપર જન્મે છે. એટલે આ મળેલા પૈસાથી આરંભસમારંભો થવાના; એ પણ દુઃખદાયી છે. માટે જીવ ! વિશેષ જાગ્રત રહેજે જેથી પૈસાને સર્વસ્વ ન મનાય, એમાં ભગવાનને ન ભુલાય. ધર્મ ન ચુકાય. શ્રાવકને તો **'ધર્મે ધનબુદ્ધિ :-** અર્થાત્ ધર્મ એ જ ખરું ધન છે' એવી સદા દૃઢ માન્યતા હોય. **માટીનું ધન તો જીવને દુર્ગતિ ખરીદવા કામ લાગે છે, એને સાચું ધન કહેવાય જ કેમ ?'** આવી આવી ભાવના કરાય.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૭,તા.૧૩-૪-૧૯૬૩

## ધન ખરાબ કેમ ? :-

**પ્ર.**- પરંતુ દાન કરીને સદ્ગતિ ય મળે છે ને ?

**ઉ.**- એ સદ્ગતિ શાથી મળી ? ધનથી કે ધનના ત્યાગથી ? દાનથી ? શેનાથી મળી એ વિચારો.



**પ્ર.**- તો ત્યાં પણ ધનથી આરંભસમારંભાદિ પાપકૃત્યો કરે છે અને દુર્ગતિ મળે છે તે પણ ધનથી ક્યાં મળી ? એ તો પાપકૃત્યોથી મળી કહેવાય ને ? બિચારા ધનને ખરાબ શા માટે કહેવું ?

**ઉ.**- અરે ! આરંભ-વિલાસમાં ન ય ખર્ચે, રાખી જ મૂકે તો ય તે દુર્ગતિ અપાવે છે. માટે ધન ખરાબ છે. મમ્મણે એ રીતે સાતમી નરક મેળવી ને ? એટલે ધનને દુર્ગતિ ખરીદવાનું નાણું કહેવાય. ધન છે તો જ મોહ થાય છે, રાગ થાય છે. એના પર નજર નાખનાર ઉપર દ્વેષ થાય છે અને દુર્ગતિ મળે છે. માટે ધનને દુર્ગતિનું સાધન સમજવાનું છે. જ્યારે ધર્મ તો ધન ન હોય તો પણ થઈ શકે છે, દાન નહિ તો શીલ, તપ. માટે ધન ધર્મનું કારણ એમ નહિ ગોખવાનું.

**પ્ર.**- પણ ધન વિના દાનધર્મ તો ન થઈ શકે ને ?

**ઉ.**- એ ય થઈ શકે. બીજાને પ્રેરણા કરી દાન કરાવી અગર દાન કરનારાના દાનની અનુમોદના ભારોભાર કરી શકાય, આ કરાવવા-અનુમોદના રૂપે દાનધર્મની જ સાધના થઈ. સારો ધર્મખર્ચ કરનારને એ ધર્મકાર્યમાં સહાય કરાય તે પણ દાનધર્મની જ ઉપાસના છે.

અસ્તુ. પૈસા મળવાના પ્રસંગને સારી વિચારણા કરવા દ્વારા આત્મલાભમાં ઉતારી શકાય. એમ બીજા પ્રસંગોમાં પણ કર્મની વિચિત્રતા, જડ સંયોગોની અનિત્યતા ભવિતવ્યતા, વગેરે વિચારવાથી આત્માના લાભમાં ઉતારી શકાય. મૂળ, એ માટેની દૃષ્ટિ બની રહેવી જોઈએ. એ અમીભરી દૃષ્ટિ છે.

ત્યારે દૃષ્ટિમાં એના બદલે ઝેર હશે તો આ ઉત્તમ માનવભવે ઊંધાં વેતરણ થશે.

**બધું ઇન્દ્રિયોની અને મનની મોજના લાભમાં ઉતારવાનું ધોરણ, અને ક્રોધ ધમધમાટ, ઘમંડ, તૃષ્ણા વગેરેની ખણજ,-એ બધું દૃષ્ટિનું ઝેર છે.** એ હોય પછી એની જ તુષ્ટિ-પુષ્ટિનુ લક્ષ રહે છે. વિનયચંદ અને એની પત્ની એમાં પડ્યાં છે. ત્યારે અમીચંદ અને એની પત્ની અમીભરી દૃષ્ટિનું જીવન જીવી રહ્યાં છે.

અમીચંદે પત્નીને ખૂબ ધીરજ આપી તત્ત્વજ્ઞાન સમજાવ્યું. એમાં એણે બીજી વાર પોતે વિનયચંદને ત્યાં ગયો અને શું શું બન્યું તે જાણવાની એની આતુરતા શાંત કરી દીધી.

બંને જણાં ભૂખ્યાં ભૂખ્યાં સૂઈ ગયાં. અમીચંદને રાતના સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં જુએ છે કે કોઈ દેવી દર્શન દે છે. અમીચંદ ખુશ થઈ પૂછે છે,

'કોણ છો ?'

'હું લક્ષ્મી દેવી.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

'હા, સારું થયું પધાર્યાં. હવે મારે આ વિટંબણા ક્યાં સુધી ?'

'તે જ હું તને આશ્વાસન આપવા આવી છું, હવે થોડીક ધીરજ રાખજે. છ મહિના પછી તારો મહાન ઉદય છે.'

'પણ તમારાં દર્શન થયા પછી ય હજી છ મહિના વાર ? મારે વધારે નથી જોઈતું. જીવન નભે એટલું બસ છે.'

'વાત સાચી, પણ હજી તારાં કઠિન કર્મ ઊભાં છે. એની આગળ અમારું ય ન ચાલે. માટે જ તને મારે એક સાવધાની આપવાની છે. કોઈ પરદેશી અહીં આવી તને હીરાનો હાર ભેટ કરવા આગ્રહ કરશે, પરંતુ તું તે લઈશ ના.'

અમીચંદ પૂછે છે 'કેમ ?'

'લક્ષ્મી દેવી કહે છે, 'કહ્યું નહિ હજી તારે છ મહિનાની વાર છે !'

'પણ હવે તો હદ થઈ ગઈ છે.'

'તો ય એટલી ધીરજ રાખજે. બાકી ઉતાવળ કરીશ તો સાર નહિ નીકળે.'

બસ, એટલું કહી લક્ષ્મી ગઈ. સ્વપ્ન પૂરું થયું ઊઠીને ધર્મ ધ્યાન કરે છે. સવારે શ્રાવિકાને સ્વપ્ન કહી કહે છે, 'કોઈ દિવસ નહિ, ને આજે આવું સ્વપ્ન આવે છે, તો એ સાચું લાગે છે. માટે ધીરજ ધરવી. આમે આમ છ મહિના જોત-જોતામાં નીકળી જશે.'

જિનમતિય કહે છે 'ફિકર નહિ પણ જો જો પેલું હીરાના હારનું કહેલું ધ્યાનમાં રાખજો.'

'જોઈએ છીએ હજી ખરેખર શું બને છે.'

પછી અમીચંદ દેરાસર જઈ આવે છે, અને જિનમતિ દેરાસર જાય છે. ત્યાં બંને છે એવું કે બહારગામનો એક શ્રાવક વર્ષો પહેલાં પરિચયમાં આવેલ, તે પરદેશ જવા નીકળ્યો છે. એને એમ થયું કે લાવ સાધર્મિકને મળતો જાઉં, તે અહીં આવી પહોંચે છે. તે પહેલાં તો મોટા ઘેર-વિનયચંદ્રના ઘરે પહોંચ્યો. પૂછે છે, 'અમીચંદભાઈ ક્યાં ?'

વિનયચંદ કહે છે 'એ તો બીજા ઘરમાં રહે છે.' કહી માણસ મોકલી ઘર બતાવ્યું.

ઘર નાનું હતું, જોઈને જ શંકા થાય છે અને ઘરમાં પેસી અંદર ખાલીખમ ઘર દેખે છે ! ત્યાં ચિંતા થઈ પડે છે 'આ શું ? શું અમીચંદ નિર્ધન બની ગયો છે ?'

એટલામાં અમીચંદ સ્વાગત કરી ઘરમાં બેસાડે છે. મૂંઝાય છે કે 'સાધર્મિકની ભક્તિ શી રીતે કરવી ?' પણ સામેથી એ પરદેશી જ પૂછે છે 'કેમ ? કાંઈ મૂંઝવણમાં ?'



અમીચંદ કહે છે 'ચાલ્યા કરે જીવ મોહમૂઢ છે ને ?'

'પણ ના, કાંઈ પરિસ્થિતિમાં ફેર લાગે છે. ક્યાં પૂર્વની જાહોજલાલી, ને ક્યાં આજનું તમારું આ ઘર ?'

'એમાં શું છે ? કર્મના ઉદય વિચિત્ર હોય છે.'

સાધર્મિક પરિસ્થિતિ સમજી ગયો. મનમાં નક્કી કરે છે કે સાધર્મિકનો ઉદ્ધાર કરવો. પણ પાસે એવું રોકડું નાણું નથી, તેથી બહુ વિચાર કર્યા વિના સીધો પોતાના ગળામાંથી મહા કિંમતી હીરાનો હાર કાઢી અમીચંદને કહે છે,

'લ્યો આ, ગરીબની નાનકડી ભેટ સ્વીકારો.'

છે ને સાધર્મિકપ્રેમ ! આપણા દેવના દીકરા સાધર્મી કરતાં વધારે શું છે ? દ્રવ્ય કરતાં દેવનો પ્રેમ જ્વલંત જોઈએ.

ત્યાં અમીચંદને સ્વપ્નના લક્ષ્મીદેવીના શબ્દ યાદ આવે છે. એટલે પહેલાં તો વિવેક ખાતર પણ કહે છે,

'હોય ? દેવગુરુ કૃપાએ બધું ઠીક છે. આ ન લેવાય.'

**સાધર્મિકના ઉચ્ચ બોલ :-**

'પણ એમાં સંકોચ રાખવા જેવો નથી. એક મારા સાધર્મિક બંધુને નમ્ર ભાવે નાનકડી બક્ષિસ છે; અને તે બક્ષિસેય શાની ? આ તમારો જ માલ સમજો. તે હવે લઈ લો. જીવનમાં લક્ષ્મીનું આવવું-જવું કોઈ મોટી વસ્તુ નથી. સાથે શું લઈને જન્મ્યા હતા ? અને મરતાં ય શું સાથે લઈ જવાના છીએ ? માટે તમારે આપત્તિ આવી એની ય ચિન્તા ન કરતા અને આ હાર મારી પાસેથી તમારી પાસે જાય એની પણ ચિંતા ન કરતા.'

વળી આવાં મારાં અહોભાગ્ય ક્યાંથી કે મારા સાધર્મિકને મારું કામ લાગે ? સાધર્મિક એટલે તો મારા પ્રભુનો ભક્ત ! પ્રભુનો પુત્ર ! એ તો મારે સગાભાઈથી અધિક છે ! મારી તરણતારણ જિનશાસનની પેઢીની અવિચ્છિન્ન પરંપરા ટકાવનાર મારો સાધર્મિક બંધુ છે. એ દુઃખમાં રિબાય અને હું મોજ ઉડાવું એ મને મહાલાંછન છે. **સાધર્મિકને રિબાતો રાખી મારાથી પાંજરે પુરાયેલી કે લહેર ઉડાવાતી લક્ષ્મી ગોઝારી છે; મારું ભારે નિકંદન કાઢનારી છે.** એવી પાપ લક્ષ્મીના એકલિયા સ્વાર્થથી મને પિસાઈ જવા ન દો, મને દુર્ગતિમાં ફેંકાવા દ્યો નહિ, મહેરબાની કરી તમને પગે પડીને કહું છું મારો ઉદ્ધાર થવા દો. લઈ લ્યો આ હાર. બસ લ્યો આ મારા હાથે જ તમારા ગળામાં પહેરાવું છું.' એમ કહીને તરત હાર અમીચંદના ગળામાં પહેરાવી એ ઊઠ્યો અને ચાલતો થયો. અમીચંદ 'એ એ...' બોલતો રહ્યો ને પેલો અદશ્ય થઈ ગયો.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અહીં અમીચંદ પરદેશીની ગદ્ગદ વાણી સાંભળી પીગળી ગયો ! જાણે છે કે લક્ષ્મી દેવીએ સ્વપ્નમાં ના પાડી છે. નહિતર મહા અનર્થ થશે, એમ કહ્યું છે. તેમ સ્વપ્ન સાચું પણ લાગે છે, કેમ કે સ્વપ્નમાં કહ્યા મુજબ પરદેશી આવીને હાર આપે છે. એટલે એ લેવાથી અનર્થ થવાની વાત પણ સાચી નીવડે એ બહુ સંભવિત છે. આ બધો વિચાર આવે છે, પરંતુ બીજી બાજુ પરદેશીની ગદ્ગદ વાણી અને એમાં પાછું ઉદ્ધાર અમીચંદનો નહિ પણ પરદેશીનો પોતાનો કરવા એ પગે પડીને વીનવી ગયો !

આ વસ્તુએ અમીચંદનું હૃદય પણ ગદ્ગદ કરી નાખ્યું. એમાં વળી અત્યારે પોતાની દુઃખદ સ્થિતિ છે ખાવું શું એની ચિંતા દિવસોથી ચાલી છે, એટલે હવે ગળામાં હાર આવતાં જોરદાર નિષેધ કરી શક્યો નહિ, હાર રાખી લીધો; પરદેશી ગયો.

પરદેશી આવીને અમીચંદને કિંમતી હીરાનો હાર આપી ગયાનો આ પ્રસંગ હૃદયમાં કોતરી રાખવા જેવો છે. એ ઘણી મહત્ત્વની વસ્તુ શીખવી જાય છે; જેવી કે,-

**સાધર્મિક કિંમતી, હીરા નહિ :-**

ક્યારે વર્ષો પછી સાધર્મિક મળે, અને એની દુઃખદ સ્થિતિ દેખાય, ત્યાં મહા કિંમતી હીરાનો હાર ભેટ કરી દેવો, એ કિંમતી હીરા કરતાં સાધાર્મિકની મોટી કિંમત સૂચવે છે. માણસને લક્ષ્મીનો રાગ ભારે વળગ્યો હોય છે. પણ એની આગળ સાધર્મિકનો રાગ જોર કરી જાય તો જ બહુ કિંમતી ગણાતી વસ્તુ હાથમાંથી છૂટે. દાવો તો કરીએ છીએ કે 'અમને સંઘ પર બહુ રાગ છે,' પરંતુ એની કસોટી અહીં થઈ જાય છે કે સંઘનું સિદાતું અંગ આપણું દિલ એવું વલોવી નાખે કે એના ઉદ્ધાર માટે આપણા જડના રાગ, લોભ વગેરેને ઓગળી જવું પડે ! આવું થાય તો દાવો સાચો હોવાનો સંતોષ લઈ શકીએ.

**અહંત્વ મારે છે :-**

કહીએ તો ખરા કે 'મને સાધર્મિક પર, સાધુ પર બહુ પ્રેમ છે,' પરંતુ આપણા નિમિત્તે, આપણી કોઈ પ્રવૃત્તિના નિમિત્તે એમને કષાય થયો, એ દુર્ધ્યાનમાં પડ્યા એમ દેખાયું, ત્યાં આપણે પાછા વળી જઈએ. પરંતુ હવે આપણને આપણું અહંત્વ નડે છે; 'મારી પ્રવૃત્તિ હું શા માટે ફેરવું ? હું શા સારુ એને ખમાવું ? કે એને મનાવું સમજાવું ?' 'એમ અહંત્વવશ થાય છે, પછી સામાની કષાયમાં દુર્ધ્યાનમાં થતી રિબામણ આપણાં હૈયે અડતી નથી. તો પછી કહો, ત્યાં આપણા અહંત્વનો રાગ કેટલો બધો જોરદાર અને સંઘસાધર્મિક-ગુરુનો રાગ કેવો ફટાકિયો ? કમનસીબી તો એ થાય છે કે પાછા ફરવાનું તો પછી, કિન્તુ અહંત્વના આવેશમાં



દિલને એ દુખાવો પણ નથી થતો કે 'આ બિચારા સાધર્મિક વગેરેને કેટલો કલેશ થાય છે ! અને હું અહંત્વમાં તણાયો જાઉં છું ?' અહીં મિથ્યાત્વ આવતાં વાર ન લાગે, કેમ કે પાપનું દુઃખ નહિ. આપણે કદાચ ભ્રમણામાં જ બેઠા રહીએ કે 'મારી પ્રવૃત્તિ તો સાચી છે, ન્યાયપુરઃસરની છે.' અને ખરેખર તો મિથ્યાત્વ તરફ આપણે તણાતા હોઈએ. સંઘ સાધર્મિક સાધુ પર પ્રેમ એ કહેવામાત્રનો અને અહંત્વ, લક્ષ્મી વગેરે પર જોરદાર પ્રેમ એ આ દુર્દશા સર્જે છે. એમાંથી બચવું હોય તો આ જ રસ્તો છે કે જગતમાં તારક સંઘ-સાધુ-સાધર્મિકનો યોગ જે મળવો બહુ મુશ્કેલ, તે અહીં મળ્યો છે, તો એમના પર અથાગ પ્રેમ ઊભરાય, હૈયે ભારે હેત ઊછળે. આવા હેતમાં પરદેશીએ સાધર્મિકની સેવામાં બહુમૂલ્ય હીરાનો હાર અર્પિત કરી દીધો. લક્ષ્મીને ને અહંત્વને કહી દઈએ કે 'તું કોણ ? સાધર્મિકને જતો કરી તને રાખું ? ના, તને જતી કરીને મારા સાધર્મિકને મારી નજીક રાખીશ,' તો આ કાંઈ જ કઠિન નથી.

**સાધર્મિક ભક્તિ આપણા ઉપકાર માટે :-**

આ પ્રસંગમાં બીજું એ શીખવાનું મળે છે કે સાધર્મિકના દુઃખને, આપત્તિને, કલેશને ટાળવાના, તે ઉપકાર એના પર કરવાના ઉદ્દેશ કરતાં ઉપકાર આપણા ઉપર કરવાના ઉદ્દેશથી. પરદેશીએ એ કહ્યું કે 'ભાઈસાહેબ મારી પાપલક્ષ્મી લેખે લાગવા દો જેથી મારો ઉદ્ધાર થાય. મારા ઉદ્ધારની ખાતર આ હાર લઈ લો.' કેટલી સરસ નિર્મળ નિરહંકાર-ભાવની દૃષ્ટિ ! 'હું સામા પર ઉપકાર કરું,' આ દૃષ્ટિમાં સંભવ છે કે અહંકાર પોષાય, પરંતુ મારે તો આ મારા ભલા માટે કરવાનું છે,'-એ દૃષ્ટિમાં અહંકારને સ્થાન નથી મળતું.

**ક્યો સ્વાર્થ કે લોભ મેલો ?**

**પ્ર.**- ઠીક છે અહંકાર ન થાય, પણ પોતાના ભલાની દૃષ્ટિમાં પુણ્યનો લાભ તો થાય ને ? કે સ્વાર્થભાવના તો આવે ને ? તો એમાં તો દૃષ્ટિ મલિન બને; નિર્મલ ક્યાં રહી ?

**ઉ.**- અહીં એક વાત એ છે કે પોતાનું ભલું પાપથી બચવા રૂપ કરવાનું હોય, તો એમાં કાંઈ દૃષ્ટિ મેલી નથી અથવા પોતાને શુદ્ધ ધર્મ સાધવા રૂપ ભલાની વાંચ્છા હોય તો તેમાં કાંઈ દોષ નથી. એમ કર્મનો ક્ષય, આત્મશુદ્ધિ, દેવગુરુ ધર્મ પ્રત્યે કૃતજ્ઞતાનું પાલન આ વગેરે કોઈ સ્વભલા તરીકે હોય તો એમાં કોઈ ખરાબ લોભ કે સ્વાર્થ નથી. પૌદ્ગલિક વસ્તુની તૃષ્ણા હોય અથવા પૌદ્ગલિક સ્વાર્થ હોય, ને એ માટે જ પુણ્યનો લોભ હોય, તો તે ખરાબ છે, મનનો મેલ છે, અને તે કનિષ્ઠ છે. બાકી આત્મિક કલ્યાણનો લોભ ખરાબ નથી.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**પુણ્યનો લોભ પણ એકાંતે ખરાબ નથી :-**

બીજી વાત એ છે કદાચ પુણ્યનો લોભ પણ હોય, છતાં એ એટલા માટે અર્થાત્ એ સમજીને હોય કે

(૧) પાપના ઉદયમાં જીવને કલેશ, સંતાપ, અસમાધિ બહુ થાય છે, તેથી આત્મા અશુભ કર્મ બાંધી દુર્ગતિનો ભાગી અને ત્યાં ધર્મહીન બને છે, માટે એવા પાપથી બચવા પુણ્ય જોઈએ. તેમ જ

(૨) પુણ્ય વિના સદ્ગતિ અને સદ્ધર્મની સામગ્રી નથી મળતી, માટે પુણ્યની આવશ્યકતા રહે છે.

આવી સમજથી કદાચ પુણ્યનો લોભ રહેતો હોય તો એમાં ખોટો લોભ નહિ કહેવાય. ચિત્ત મલિન ન ગણાય. કેમ કે આમાં લક્ષ ધર્મની અનુકૂળતા થવા પર છે, આત્માના ઉદ્ધાર માટેની સગવડ પર છે. એટલે ધર્મ પર જ મુખ્ય આકર્ષણ છે.

આમ બંને રીતે દૃષ્ટિ મલિન નહિ કહેવાય. માટે પરનો ઉપકાર કરવા જતાં પોતાના ઉદ્ધારની દૃષ્ટિ જ મુખ્ય રાખવી એ યુક્તિયુક્ત છે.

**(૨) સેવા-વિનયાદિ પણ આપણા પર ઉપકાર માટે :-**

આ વસ્તુ પૂજ્યોની સેવા ભક્તિ વિનયમાં તો ખાસ રાખવાની છે. નહિતર ત્યાં જો મનમાં એ આવ્યું કે હું ગુરુનું સાચવું છું. ભગવાનની આંગી મેં કરાવી સંઘની પેઢીની વ્યવસ્થા હું કરું છું, આવું આવું જો મનમાં આવ્યું તો અહંકાર પોષાવાનો મોટો સંભવ છે. ઉપકારીઓ ઉપર પણ પા'ડ ચઢાવવાનું મન થશે. અવસરે એમનો કે બીજાનો કડવો અક્ષર સહન નહિ થાય. સામેથી એમ કહેવાનું મન થશે કે 'અમે તમારું કેટલું બધું સાચવ્યું છે ? મારા વિના કોણ બીજો આટલું સાચવનાર-કરનાર હતો ?...' આવા આવા બખાળા કાઢવાનું મન થશે. માટે પૂજ્યોની ઉપકારીઓની સેવા-વિનય-ભક્તિ કરતા દૃષ્ટિ આ જ રાખવાની કે 'આમનો કેટલો બધો ઉપકાર કે મને આ આરાધનાનો લાભ આપે છે ! અહો ! આ તારક મહાત્મા ન મળ્યા હોત તો હું સેવા, વિનય વગેરે ઉચ્ચ કોટિના ધર્મની સાધના ક્યાંથી કરી શક્ત ? '

**(૩) સામાના ગુસ્સા આદિમાં પણ આપણા પર ઉપકાર :-**

આત્મહિતની દૃષ્ટિની બલિહારી છે. સામો કોઈ આવેશમાં આવી ગયો, આપણા પર ગુસ્સો કરે છે, ત્યાં પણ ક્ષમા રાખી એનો ઉપકાર માની શકાય કે ભલું થજો એનું કે મને ક્ષમાધર્મ સાધવા તક આપી. અલબત્ત સામો ગુસ્સો કરો એમ આપણે ઈચ્છવાનું નથી; પરંતુ બની ગયેલી હકીકત ઉપર આ રીતે ધર્મનો લાભ મેળવવાની અને સામાએ આપણા પર ઉપકાર કર્યો માનવાની આ વાત છે.



બધું આત્મિક લાભમાં ઉતારવાની દૃષ્ટિ, એ તો એક મહાન રત્નખાણ છે. કેમ કે એમાંથી અદ્ભુત લાભો પ્રાપ્ત થાય છે. માત્ર વિવેક જોઈએ, જરા હોશિયારી વાપરવી જોઈએ. કોઈ પણ પ્રસંગમાં આત્મિક લાભ કઈ રીતે ગણી શકાય એ બુદ્ધિ વાપરવાની; નિષ્ઠા શુભ રાખીને શોધવાનું.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૮,તા.૨૦-૪-૧૯૬૩

**દાન-સેવા રોતડગીરીથી નહિ :-**

સાધર્મિક-ઉદ્ધારમાં પોતાનો આત્મિક લાભ વિચારે તો ખરેખર તો પોતાનો જ ઉદ્ધાર થતો દેખાય. પરદેશી એ વસ્તુ અમીચંદને કહી રહ્યો છે. તેથી અમીચંદ પણ ગળગળો થઈ ગયો. છતાં ય પોતે એમ કહેતો નથી કે 'ભલે ત્યારે જેવા તમારા ભાવ.' છતાં ય પરદેશી પોતે જ અતિ મૂલ્યવાન હાર અમીચંદના ગળામાં પહોરાવી દઈ રવાના થાય છે. એ સૂચવે છે કે એને આ દાનનું કાર્ય કરવું જ હતું. સામાન્ય રીતે તેવા નિર્ધાર વિના મોટાં કાર્યો થતાં નથી ને કદાચ થાય તો પછીથી તેની તેવી જોરદાર અનુમોદના ચાલતી નથી; ઊલટું સંભવ છે મનને એવું ય થાય કે 'ભાઈ કરવું પડે એવું હતું એટલે કર્યું. બાકી બધું ઠીક છે.' આ શું ? દીધેલું પાછું નથી આવવાનું છતાં અનુમોદના ગુમાવી.

બીજાને દેવાનું કામ અગર બીજી કોઈ સેવા-ભક્તિ-વિનયાદિનું કાર્ય રોતડગીરીથી થાય એની કિંમત નહિ. કાર્ય હોંશથી થવું જોઈએ. કરવું કરવું ને રોતાં શા માટે કરવું ? અગર એક વાર શુભ ભાવનાથી કર્યું, તો કર્યા પછી રોવું શા માટે ? ધ્યાન રહે કે જીવનો જનમ-જનમનો અભ્યાસ દાન અને સેવાનો નથી, એટલે એ કાર્ય હોંશે કરવાનું સહેજે ન બને. પરંતુ મન મારીને હોંશ-ઉલ્લાસ કેળવ્યા વિના ચાલે એવું નથી. તો જ પૌદ્ગલિક સ્વાર્થની માયા છૂટે, ઘસાય, અને જીવન કાંક સફળ થાય. માટે દાન અને સેવામાં સારો ઉલ્લાસ જ રાખવાનો.

અમીચંદે હાર રાખી લીધો. પરદેશી ગયો.

અમીચંદ વિચારમાં છે એટલામાં પત્ની જિનમતિ બહારથી આવી. એ જુએ છે, 'હાર ! ઝગમગતા હીરાનો હાર !' એને થયું કે 'આ ક્યાંથી ?'

પૂછે છે 'આ હાર શાનો ?'

અમીચંદ પરદેશી સાધર્મિક આવ્યો ત્યારથી માંડીને બધી હકીકત કહે છે.

સાંભળીને બાઈ તરત બોલી 'પણ આ તમે શા સારુ રાખ્યો ?'

પેલો કહે છે 'રાખવો તો નહોતો, પરંતુ એની ગદ્ગદ વિનંતી અને આપણી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અત્યન્ત જરૂરિયાત, આ બે કારણે રાખવો પડ્યો.'

'પરંતુ તમને લક્ષ્મીદેવીની ચેતવણીની ખબર છે ને ? આપત્તિ આવશે તો ?'

'આવશે તો જોશું. અત્યારે ય ક્યાં ઓછી આપત્તિ ભોગવીએ છીએ ?'

પછી જિનમતિએ આગ્રહ કર્યો 'જાઓ જાઓ એ ભાઈને જઈને હાર આપી આવો.' પણ હવે ક્યાં એને મોટા શહેરમાં શોધવા જેવું ? તેમ ગરીબાઈ પણ ભારે છે,...વગેરે મૂંઝવણે હાર પાછો વાળવાનું અમીચંદે કર્યું નહિ; અને એમાં જુઓ કે અનર્થના આંધણ મુકાય છે !

**ઠગારી ધારણાઓમાં માર :-**

માણસની ધારણા કેટલે પહોંચે ? ધારી લે છે કે આ તો સહેજે બની જશે, અગર આમ બનવાનો સંભવ નથી, પણ જીવનમાં શું અનુભવ નથી કે આવી કેટલીય ધારણાઓ નિષ્ફળ ગઈ છે ? 'સામાને તતડાવી નાખું એટલે એ દબાશે' આવું ધારીને તતડાવવાનું તો કર્યું, પરંતુ મામલો વીફર્યો, પેલો ખૂબ ઉશ્કેરાયો આપણે ઝાંખા પડ્યા, હાથ હેઠા પડ્યા. પસ્તાવું પડ્યું, શું આવો અનુભવ નથી થતો ? ક્યાં રહી ધારણા ? આવી ઠગારી ધારણાઓ કર્યે જવી એ પણ મનનો દુરાગ્રહ છે, ભ્રમણા છે, આ પણ હટાવવાનો એક પ્રયત્ન જોઈએ.

એમાં ય જ્યાં અનર્થની આગાહી છે, આપત્તિની સંભાવના છે, ત્યાં એવું કાંઈ બનવાનું નથી, એવી ધારણા રાખી દોડવું, એ એક સાહસ છે. આપત્તિ આવીને ઊભી રહ્યા પછી કષ્ટનો પાર નથી રહેતો. આમ તો સંસાર આપત્તિઓનો ભરેલો છે, પરંતુ જ્યારે પોતાનો અનુભવ છે કે થોડા પણ કષ્ટને બરદાસ્ત કરવાની ત્રેવડ નથી, હૈયે શાન્તિ રહેતી નથી, વ્યાકુલતા રહે છે, વિચારો એના બહુ આવે છે, કષાય પણ થઈ જાય છે, તો પછી વિશેષ આપત્તિની અવગણના શા માટે કરવી ? શા સારુ ખોટી ધારણામાં દોડવું ?

ખોટી ધારણાઓથી ભરેલું જીવન તરંગી શેખચલ્લી જેવું બને છે. ખોટાં સાહસ કરાવે છે, તો મૂઢતા વધારે છે, અને સંતાપ ઊભા કરે છે.

અમીચંદ ડાહ્યો માણસ છે, પરંતુ સંયોગો એને 'પૈસાની ભારે તંગીમાં હીરાના હારથી રાહત મળશે,' એવી ખોટી ધારણામાં ઘસડે છે. એનો અર્થ એ છે કે સરખા સંયોગ હોય તો આવી ખોટી ધારણાથી બચાય, અને તેવા સંયોગો સરખી પુણ્યાઈથી બને. પણ તે માટે નક્કર અને ભરપૂર ધર્મસાધના સિવાય બીજો ઉપાય નથી.

**હીરો વેચવા બજારમાં :-**



હવે જુઓ અનર્થ કેવો ઊભો થાય છે. અમીચંદ પૈસાની તંગીમાં છે, તેથી હીરાના હારમાંથી એક હીરો વેચવા માટે હાર લઈને બજારમાં ગયો. એક ઝવેરીની દુકાને જઈ હાર બતાવે છે અને કહે છે કે આમાથી એક હીરો વેચવાનો છે, શો ભાવ ચાલે છે ?

ઝવેરી હાર લઈ તપાસે છે, અને ચોંકે છે ! ચોંકવાનું કારણ એ છે કે બન્યું છે એવું કે એ નગરના રાજાની રાણીનો હાર ખોવાયો છે. તેથી રાજાએ હુકમ કાઢ્યો છે કે કોઈ એવો કિંમતી હાર વેચાવા આવે તો પહેલો રાજા પાસે જોવા મોકલવો.'

ઝવેરી મૂંઝાયો શું કરવું ? સોદો સારો આવ્યો છે, પણ રાજાનો આદેશ છે, તો સાહસ કરવું ? ડાહ્યો છે એટલે સાહસ નથી કરવું, એમ નક્કી કરી અમીચંદને કહે છે,- 'અંદર આવો.'

અંદર લઈ જઈ હીરા તપાસવાનો ડોળ કરે છે, પછી કહે છે, 'બેસો જરા, આવું છું.'

અમીચંદને તો કોઈ શંકા જ નથી એ બેસે છે ત્યાં, અને ઝવેરી બચ્ચો બહાર જઈ કોટવાળ-જમાદારને હકીકત કહી આવે છે. પોતે એકલો આવી પાછો અંદર અમીચંદ આગળ હીરા પારખવાનું કરે છે.

એટલામાં જમાદાર આવી પહોંચી બહાર બોલાવે છે, પૂછે છે 'હાર કોનો છે ?'

વેપારી કહે છે 'આ શેઠનો.'

જમાદાર અમીચંદને કહે છે 'ચાલો, મહારાજ પાસે ચાલવું પડશે.'

અમીચંદ પૂછે છે 'કારણ કાંઈ ?'

'કારણ બીજું કાંઈ નહિ, આપનો હાર ત્યાં તપાસવાનો છે.'

અમીચંદના મનને શંકા હતી જ નહિ, એટલે ચાલ્યો જાય રાજા પાસે.

રાજાની પાસે જઈ જમાદારે રાજાને હકીકત કહેવરાવી.

રાજાએ અમીચંદને અંદર બોલાવ્યો, અને માનપૂર્વક આવકારી હાર જોવા માગ્યો. અમીચંદે હાર દીધો રાજાને. અંદર લઈ જઈ રાણીને બતાવ્યો.

રાણી બરાબર જોઈ કરી ખુશખુશાલ થઈ ગઈ ! કહે છે 'બસ, આ જ આપણો ગુમ થયેલો હાર છે !'

રાજાએ ચોક્કસ કરાવ્યું. 'બરાબર જોઈ લેજો. નહિતર પછી નિર્દોષને કનડવાનું ન થાય.'

રાણી ફરીથી જોઈ ચકાસી ચકાસી કરી કહે છે, 'બરાબર, હાર આપણો જ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

છે. એમાં શંકા નથી. એનાં આવાં આવાં ચિહ્ન છે.'

પત્યું, બહાર આવી રાજા અમીચંદને પૂછે છે, 'તમારી પાસે આ હાર ક્યાંથી આવ્યો ?'

**રાજા જડતી લે છે :-**

રાજાના પ્રશ્ન પર અમીચંદને શંકા પડી ગઈ. એને લાગ્યું કે 'આ કોઈ સોદા માટે મને બોલાવ્યો લાગતો નથી, પરંતુ કોઈ હાર ચોરાયો હોય એમ લાગે છે. ખેર ! પણ હવે જો પેલા સાધર્મિકનું નામ દઉં, તો એ બિચારા પર આફત વરસે. સંભવ છે એને વળી કોઈ આ હાર બઝાડી ગયું હોય ! ગમે તેમ પણ મારે એનું નામ તો ન લેવું.' એટલે વિચાર કરીને અમીચંદ કહે છે, 'હાર મારો છે.'

'પણ તમે લાવ્યા ક્યાંથી ?'

'ક્યાંથી શું ? ચોરીને નથી લાવ્યો. હાર મારો જ છે.'

'અરે ! તમારો શાનો ? આ હાર તો રાણીનો ચોરાયેલો છે. બોલો સાચું બોલો, ક્યાંથી લાવ્યા ? નહિતર ભયંકર સજા થશે.'

તો ય અમીચંદ કહે છે, 'રાણી સાહેબનો ચોરાયો હશે, પણ આ હાર તો મારો જ છે.'

**સાધર્મિક રક્ષાની અમીદૃષ્ટિ :-**

રાજાને ભારે ગુસ્સો ચઢે છે, એમાં દેખાય છે કે કોઈ ભયાનક સજા ઠોકી દે છતાં અમીચંદના મનમાં નિર્ધાર છે કે 'હાર ભેટ કરનાર સાધર્મિકનું નામ તો ન જ લેવું. એણે હાર આપતી વખતે એક સાધર્મિક તરીકે મારા કેવા ઊંચા મૂલ્યાંકન દાખવ્યા હતા ! તો મારે પણ એવા મૂલ્યાંકન મુબારક હો. જગતમાં બધાની સેવાભક્તિ અને રક્ષા મળે, પણ સાધર્મિકની ક્યાં મળે ? ભલે મારે ગમે તે સહન કરવાનું આવે, પરંતુ એથી સાધર્મિક પર આવતી આફત જો હું અટકાવી શક્યો, તો એ મારે એક મહાન સુકૃતની સાધના છે.' આ વિચારથી અમીચંદ એક જ ઉત્તર દઈ રહ્યો છે કે 'એ હાર મારો છે.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨૯,તા.૨૭-૪-૧૯૬૩

એની દૃષ્ટિમાં આ એક મહાન અમી જોવા જેવી છે. જો દૃષ્ટિ એવી હોત કે 'આ લપ હું વળી ક્યાં માથે લઉં ? સાધર્મિકનું સાધર્મિક જાણે એ કેઈકથી લાવ્યો હશે તો એને ભાન નહિ હોય ? હવે એને આપત્તિ આવે એમાં આપણે શું કરીએ ? આપણે તો જેવી હકીકત છે તે કહી દેવી ? -આવી જો દૃષ્ટિ હોત તો



એ ઝેરી દૃષ્ટિ ગણાય.' દૃષ્ટિમાં ઝેર પડેલું કહેવાય.

ત્યારે દૃષ્ટિમાં આ અમી છે કે દૃષ્ટિ એવી નિશ્ચિત્ત હોય કે 'સાધર્મિકની રક્ષા કરવાનો ધન્ય અવસર ક્યાંથી મળે ! રસ્તે જનાર એક સામાન્ય પણ જીવનો બચાવ કરીએ તો ય તે સુકૃત બને છે, તો સાધર્મિક બંધુનો બચાવ એ તો મહાન સુકૃતરૂપ બને. આમ મોહાંધ કુટુંબી વગેરે આપણા સ્વાર્થની ખાતર તો ઘણું ય સહન કર્યું, અને કરીએ છીએ પરંતુ ધર્મી બંધુની ખાતર સહન કરાય એ જ માનવ જીવનની વિશેષતા છે. એ જ પરોપકાર છે. એ મહાન આત્મહિત છે.' આવી દૃષ્ટિ એ અમીભરી દૃષ્ટિ કહેવાય.

વળી સહન કરવાનું આવતું દેખાય ત્યાંથી દૂર ભાગવું. આપણું એમાં કામ નહિ આવી દૃષ્ટિ પણ ઝેરવાળી દૃષ્ટિ છે. ત્યારે એવી કાયરતા ન કરતાં સહન કરવાનું આવે તો ખુશીથી વધાવી લેવું આ ધોરણ, આ દૃષ્ટિ, એ અમીભરી દૃષ્ટિ છે.

અમીચંદની દૃષ્ટિમાં કેટકેટલી અમી ભરેલી છે તે ધ્યાનમાં લેવા જેવું છે. જ્યાં આ અમીના વાંધા હોય છે, ત્યાં તો માત્ર પોતાની સગવડનો વિચાર રહે છે. એટલે આવું કાંઈ કરવાનું આવે ત્યાં મન બચાવ કરવા પ્રેરાય છે કે 'પણ બધું કાંઈ એકદમ સહન થોડું જ થાય છે ?'

પરંતુ અહીં સવાલ પહેલો આ છે કે દૃષ્ટિ કેવી બંધાયેલી છે ? 'બધું સહન કરવું જ જોઈએ. સહન કરવાનું આવે તે સહર્ષ વધાવી લેવું ઘટે. એમાં લાભ છે;' -આવી દૃષ્ટિ ? કે 'ના, એવું શેનું સહન કરીએ ? સહન કરી લેવામાં કાયરતા છે. આ જીવન કાંઈ બધાનું સહન કરવા માટે નથી; -આવી દૃષ્ટિ બાંધી મૂકી છે ? પરાણે સહન કરવાનું કાંઈ આવશે ત્યારે મૂકેલી દૃષ્ટિનો મન પર પડઘો પડશે.'

(૧) સહન કરવામાં લાભ અને સત્ત્વ વિકાસ છે એવી દૃષ્ટિનો પડઘો એ પડવાનો કે મન પ્રફુલ્લિત બનશે, સ્ફૂર્તિ અનુભવશે. બહુ ફોરું અને કોમળ બનશે.

એથી ઊલટું સહન કરવામાં શોષાઈ જવાનું અને ગુમાવવાનું માનનારી દૃષ્ટિનો મન પર પડઘો પડવા તરીકે મન ભારેખમ, સુસ્ત, ઉકળાટવાળું અને કઠોર બનવાનું.

દુર્વાર આપત્તિ આવી પડે એટલે સહન કરવાનું તો બે ય દૃષ્ટિવાળા કરે છે, પરંતુ

(૧) જીવન ઘડતરમાં મોટો ફરક પડી જાય છે. અમીભરી દૃષ્ટિવાળાનું ઘડતર સારું બનતું જાય છે, ઝેરવાળી દૃષ્ટિ ધરાવનારનું ઘડતર ખરાબ થતું જાય છે. એવું જ,



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

(૨) આંતરિક સુખદુઃખના સંવેદનમાં મોટો તફાવત પડે છે તેમ,

(૩) બીજાની નજરે દેખાવ પણ જુદો જુદો બનવાનો. અમીભરી દૃષ્ટિવાળો શાંત દેખાશે, ધીર દેખાશે, ઝેરભરી દૃષ્ટિવાળો બેબાકળો, ગરીબડો, તામસી...એવો એવો દેખાશે.

અમીચંદની વાત રાજાના માન્યામાં આવતી નથી. પરંતુ એની સ્વસ્થતા, એનો નિર્ભીક ઉત્તર, એ બધાની પાછળ કામ કરી રહેલ એની અમીભરી દૃષ્ટિ રાજાની ઉપર અસર કરી જાય છે. એનું પરિણામ જુઓ.

રાજાએ બે ચાર વાર પૂછવા છતાં જ્યારે અમીચંદે એક જ ઉત્તર કર્યે રાખ્યો ત્યારે રાજા કહે છે તો પછી તમને જેલમાં પૂરવા પડશે. કાંતો ચોરી કબૂલ કરો અગર પત્તો આપો કે હાર ક્યાંથી આવ્યો ?

એ વખતે રાણી અંદર બેઠી સાંભળી રહી છે. એનાથી હવે રહેવાયું નહિ, એટલે બહાર આવી રાજાને કહે છે, 'શું જેલ જેલની વાત કરો છો ? આવા લુચ્ચાને તો હાથીના પગ નીચે છુંદાવી નાખવો જોઈએ ! કદી કોઈ આવા ધંધા ન કરે.'

રાજા કહે છે 'ધીરાં પડો, હજી ચોક્કસ સાબિત થયા વિના એકદમ એવી સજા કેમ કરાય ?'

'પણ તે એમ આ સીધું સીધું કબૂલ કરવાનો હતો ? હજી હાથીના પગ નીચે મૂકવા જેવો થાય તો જ માને. નાક દાબ્યા વિના મોં નહિ ખોલે. માટે હરામીને ઊભો રાખો મેદાનમાં, અને એના પર હાથી છોડાવો.'

જોયું ? કેટલો ગુસ્સો ? કેટલી ક્રૂરતા ? કેમ વારુ ? રાણી સ્ત્રી જાત છે. એનો હીરાનો હાર ગુમ થયો છે, એથી ભારે આકુલવ્યાકુલ થયેલી; એમાં અહીં હાર મળે છે એટલે ગુસ્સાનો પાર નથી ! ત્યારે રાજા સ્વસ્થ છે. એકદમ આંધળિયાં કરવા એ નથી માગતો. સ્ત્રી અને મરદ બેમાં આવું અંતર છે. અલબત્ત ધીર, સહિષ્ણુ, સ્વસ્થ પણ સ્ત્રીઓ હોય છે. પરંતુ તે થોડી. બાકી તો નહિ જેવા સ્વાર્થભંગમાં આકળી ને ઉતાવળી થનારી ઘણી. જુઓ છો ને કે સ્ત્રી પરણીને આવ્યા પછી ઘરમાં ઝગડા કેવા ઘાલે છે ? મોટાભાગની સ્ત્રીઓમાં ઈર્ષ્યા, નિન્દા, ઉકળાટ, વગેરે સહજ જેવા દેખાય છે.

**પ્ર.**- આનું શું કારણ ?

**ઉ.**- કારણ એ છે કે સ્ત્રીપણાનું કર્મ એવા અશુભ ભાવમાં બંધાય છે કે એ રસાલાઓની સાથે આવી લાગે છે.



**એક અશુભ વિચારથી ચારે બાજુમાં ફર્મ :-**

આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે એક કોઈ ખોટા કાર્યમાં પડ્યા, કોઈ અશુભ વિચાર મનમાં ઘાલ્યો, ક્યાંય હૈયું બગાડ્યું કે ચારે તરફનાં પાપકર્મ ઊભાં થઈ જાય છે, અર્થાત્ અનેકાનેક જાતનાં અશુભ કર્મો બંધાય છે. એમાં પછી એક મુખ્યપણે ઉદયમાં આવે એટલે એની સાથે બીજાં કર્મની ફોજની ફોજ ઊતરી પડે છે. દા.ત. નરકાયું ઉદયમાં આવ્યું એટલે અશાતાની ફોજ ઉદયમાં આવી લાગે છે. વેદના, અપમાન, ખરાબ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, પરાધીનતા, ભૂખ-તરસ, ક્રોધ, મૂઢતા વગેરે કેટલું ય પીડનારું ખડું થઈ જાય છે. એમ, ગધેડાનો અવતાર મળ્યો તો એની સાથે અનેક વિટંબણાઓ આવી જ લાગી સમજો. એવું આ સ્ત્રીપણું છે. એની સાથે પરાધીનતા અને માયા, વિષયાંધતા અને ઈર્ષ્યા, ધનરાગ અને તુચ્છ સ્વભાવ વગેરે કેટલા ય દોષ ઊભરાઈ ઊઠે છે ! માટે જ કોઈપણ ખોટું કામ, ખરાબ વિચાર કે કલુષિત હૃદય કરતાં પહેલાં ખૂબ વિચાર કરવા જેવો છે, એનાથી દૂર જ રહેવા જેવું છે.

રાણીને પોતાના હારનો અત્યંત રાગ છે, સાથે અસૂયા છે, એટલે અમીચંદને માટે રાજાને કહે છે 'આને તે હાથીના પગ નીચે છુંદાવી જ નાખો.'

રાજા તામસી નથી ઉછાંછળો નથી, એટલે કહે છે, 'એમ ન થાય, એને હાલ જેલમાં રખાવીશું, કબૂલ ન કરે પછી વાત.'

**અમીચંદ જેલમાં :-**

અમીચંદને ફરીથી પૂછી લીધું, પણ એનો તો એક જ ઉત્તર હતો કે 'હાર મારો છે અને મેં ચોરી કરી નથી.' એટલે રાજાએ હવે એને જેલમાં પુરાવ્યો.

**જેલ કેવી છે ?** અંધારી ગુફા જેવી ! જમીન ખાડાખચ્ચાવાળી છે, ભીંતોમાં બાકોરાં છે. ચામાચીડિયાં ઊડી રહ્યાં છે. દુર્ગંધ ફેલાયેલી છે. કાનને કટુ ચિસિયારીઓ સંભળાઈ રહી છે. જેલનો ખોરાક પણ સાવ હલકો મળી રહ્યો છે. ટૂંકમાં પાંચે ઈન્દ્રિયોને પ્રતિકૂળ વિષયોનું ધામ છે ! એમાં પાછું કોક કોક વાર જેલર ગુનો કબૂલ કરાવવા માટે અમીચંદને ફટકાય લગાવે છે.

**કર્મની કેવી લીલા !** જાણે ઘરે દુઃખ ઓછાં આપ્યાં હતાં તે હીરાના હારનું ઓઠું ઊભું કરી હવે જેલના ત્રાસ ફટકારે છે ! સંસારમાં કર્મનાં આવાં કોઈ ક્રૂર નાટકમાં જીવો ભારે પિસાઈ રહ્યા છે. અમીચંદને તો શ્રીમંતાઈ હતી ત્યારે પણ ગુમાન તો નહોતું જ, છતાં કર્મ જુલ્મ વરસાવે છે. બાકી માણસ ગર્વ-ગુમાન કરે તોય તે ક્યાં ટકે ? અને કેટલું ચાલી શકે ? કર્મસત્તા એવી છે કે ભલભલાનાં ગુમાન હેઠાં ઉતારી નાખે !



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**કર્મને રુઠવાનું મુહૂર્ત :-**

પાપાનુબંધી પુણ્યકર્મ એવું છે કે જીવને મનગમતું આપીને જ એના પર ગુમાન થવા દે છે. જીવ મૂર્ખ છે તે મળેલ વૈભવ, સત્તા, સન્માન પર ખોટું અભિમાન કરી કરીને એને નવાં પુણ્યને બદલે પાપ કમાવવામાં વાપરે છે. એનો અર્થ એ છે જૂનું પુણ્ય ખત્મ થાય એટલી વાર, પછી પાપનો પંજો એવો જોરદાર લાગે છે કે પસ્તાવાનો, શોક ઉદ્વેગનો પાર ન રહે ! ત્યારે શું જોઈને પહેલાં ગુમાન કરવાનું ? ખબર નથી કે આ જગતમાં કર્મના કેવા કેવા જુલ્મ વર્તી રહ્યા છે ? કર્મને રુઠવાનું નિમિત્ત હોય જ ? રુઠવાનું મુહૂર્ત છે ? નોટિસ એની મળે ખરી ? જેના પર રુઠવું છે એની જાત-ભાત જુએ ખરું ? કેટલી હદ સુધી કર્મનો રોષ ભભૂકી ઊઠે એવું પાપ છે ? ના, આમાનું કશું નહિ. છતાં એની થોડી મહેર મળી તે પર ગર્વ કરવો એ નરી મૂઢતા છે.

અમીચંદને તો વૈભવ હતો ત્યારે ય ગુમાન હતું નહિ, એટલે એવા પસ્તાવાનો સવાલ નથી. માટે જ અત્યારે આવી પડેલ કારમી વિટંબણામાં પણ ચિત્તની શાંતિ-સ્વસ્થતા અદ્ભુત છે. કોઈને દોષ દેવાની વાત નથી. એક સમજ છે,-સંસારમાં છીએ એટલે સમયના પ્રવાહમાં બનતા આવતા વિષમ પ્રસંગો જોયા કરવાના, જરાય લહેવાઈ જવાનું નહિ.

માણસને દુઃખમાં આશ્વાસન લેવા માટે અમીચંદનું આ દૃષ્ટાન્ત જબરદસ્ત આલંબન છે, પૂર્વ કર્મના વાંક સિવાય અમીચંદનો અહીં કોઈ વાંક નથી, અલબત્ત હીરાનો હાર રાણીનો ખોવાયો છે તેવો જ બરાબર આ હાર છે, પરંતુ આ અમીચંદે કે પેલા પરદેશીએ ચોરેલો યા ચોરીનો સંઘરેલો માલ નથી. હારનો ભેદ આગળ ખૂલવાનો છે. આમ અમીચંદ નિર્દોષ છતાં ગોઝારી જેલમાં પુરાયો છે. દુઃખના ડુંગરા ઊતરી પડ્યા છે !

**છતાં એનું સત્ત્વ** એવું છે કે દૃષ્ટિ અમીભરી તે અમીભરી જ ! રાણીને કે રાજાને દુઃખદાતા તરીકે માનવા અને ક્રોધ કે અંતર્બળાપો કરવા એનું હૃદય તૈયાર નથી. એ તો શાંતિથી જે બન્યું તે જોયા કરવા અને એનું જ નિમિત્ત પામી "ચત્તારિ સરણં પવજ્જામિ-અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, જિણધમ્મં સરણં પવજ્જામિ" એ જ વારંવાર ભાવ્યા કરે છે. સમજે છે કે 'અરિહંતાદિનું શરણ ગદ્ગદ દિલથી વારંવાર સ્વીકારવાનું નિમિત્ત આપનાર આવા પ્રસંગમાં ખોટું તત્ત્વ શું ?' અને આ શરણ સ્વીકારવાનું તે શું દુઃખથી કાયર બનીને ? 'ભાઈસાબ આ દુઃખમાંથી છોડાવો' એવી દીનતાભરી યાચના કરવા માટે ? ના, ના, એ તો અંતરમાં રાગદ્વેષ ન ઊછળે, અસમાધિ ન



થાય, ચિત્ત સ્વસ્થ અને મસ્ત રહે એટલા માટે. બાકી દુઃખ તો કર્મની અવધિ પૂરી થવા સિવાય જવાનું નથી, ને અવધિ પૂરી થયે રહેવાનું નથી.

ભઠ્ઠીની અગ્નિના પ્રખર તાપમાં પડેલ સોનું જરાય ઝાંખું ન પડતા ઊલટું વધુ ચળકાટ મારે એની જેમ અમીચંદનું સત્ત્વ જેલ અને ફટકા સુધીના ભારે કષ્ટમાં ચળકી રહ્યું છે. દૃષ્ટિ ઝેરભરી બને તો સત્ત્વ ચલાયમાન થાય ને ? પણ અહીં તો અમીભરી જ દૃષ્ટિ છે.

**અમીભરી દૃષ્ટિ રાખવાનો આ એક ઉપાય** છે કે જ્યારે જ્યારે દૃષ્ટિમાં કોઈ જાતનું ઝેર ફેલાતું દેખાય ત્યારે ત્યારે એ 'ચત્તારિ સરણં પવજ્જામિ...' કરવાનું શાસ્ત્ર કહે છે,-

**'જ્યારે જ્યારે રાગદ્વેષના સંકલેશ ઊભા થાય ત્યારે ત્યારે (૧) અરિહંતાદિ ચારનાં શરણ વારંવાર સ્વીકારો. (૨) એની સાથે વારંવાર જન્મ-જન્માંતરના સ્વ-દુષ્કૃતની ગર્હા કરો; અને (૩) પરમાત્માથી માંડી નીચે સુધીના મહાપુરુષોનાં નાનાં-મોટાં સુકૃતોની અનુમોદના કરો.'**

આ ત્રણમાં અદ્ભુત તાકાત છે કે રાગાદિના સંકલેશ ઓછા કરી નાખે. એટલે પછી દૃષ્ટિનું ઝેર ઊતર્યું સમજો. શરણ સ્વીકારાદિ એ કરવામાં સસ્તાં, પાછી મહેનત નહિ, છતાં લાભ અપરંપાર ! જીવનમાં આનો અભ્યાસ પડી જવો જોઈએ. અભ્યાસ ચાલુ ત્રિકાળ તો ખરો જ; પણ મનને ઉદ્વેગ, ગુસ્સો, અહંકાર કે વધુ પડતા રાગ વગેરે થઈ આવે ત્યારે વારંવાર આ સેવવાનો. ગદ્ગદ ભાવભીના હૃદયે જાણે રટણા ચાલે 'મારે અરિહંતનું શરણ, મારે સિદ્ધનું શરણ, મારે સાધુનું શરણ, મારે જૈન ધર્મનું શરણ, મારા દુષ્કૃત મિથ્યા થાઓ. મહાપુરુષોનાં સુકૃતોને ધન્ય છે.' આની સતત ધારા ચાલી તો પછી શું તાકાત છે કે સંકલેશ ઊભા રહે ? કદાચ સમૂળગા ન જાય તો પણ મોળા તો જરૂર પડે. અમીચંદ પાસે આ માલ છે, એટલે દૃષ્ટિમાં ઝેર પેસવાને અવકાશ નથી, અમીભરી દૃષ્ટિ કાયમ છે. તેથી જ સત્ત્વ ઝળહળતું છે, આપણે આવા કેમ ન બની શકીએ, એ વિચાર ને એ ધગશ રાખો.

બાકી અમીચંદને વિટંબણા ઘણી આવી છે. એની દયા ખાવાને બદલે એમાં રહેલા એના સત્ત્વને ધન્યવાદ આપી અનુમોદના કરવા જેવી છે. મહાન આત્માની દયા ખાવાની ન હોય, એના મહત્ત્વની અનુમોદના થાય.

**જૈન માગણિયો ન હોય :-**

અમીચંદ અહીં સડી રહ્યો છે; ત્યારે ઘરે જિનમતિનેય ભારે આપદા છે ! ઘરમાં ખાવા ધાન્ય નથી. સાંભળ્યું કે પતિને રાજાના સિપાઈઓ પકડી ગયા અને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રાજાએ રાણીનો હાર ચોરવાના ગુના તરીકે જેલની સજા ઠોકી દીધી, હવે શું કરે ? પણ પેટ કાંઈ છોડે છે ? એક વખતની શેઠાણી બનેલી હવે લોકોના અનાજ દળવા વગેરે કામ કરીને રોટલો ઊભો કરે છે. શ્રાવકધર્મ માગીને જીવવાનું કહેતો નથી; માગણિયા બનવામાં ધર્મને લાંછન છે. ઉચિત વ્યવસાયમાં લાંછન નથી.

**વિનયની ઈર્ષ્યા :-**

ત્યારે બીજી બાજુ નાના ભાઈ વિનયચંદને કોઈએ જઈને કહ્યું કે 'આ બિચારા તમારા ભાઈને રાજાએ જેલમાં પૂર્યો છે, તો તમે જઈને છોડાવો એને.'

ત્યારે વિનોદચંદ ઈર્ષ્યા અને દ્વેષથી સળગી રહેલો કહે છે, 'એમાં હું શું કરું ? -ચોરીઓ કરવી છે ને હવે લ્યો ભાઈને જઈને છોડાવો. આડાઅવળા ધંધા કરતાં વિચાર ન આવે ?'

પેલો કહે છે 'અરે પણ તમારા ભાઈ ચોરી કરે એવા નથી.'

'તે તમને શી ખબર ? તમે એને ઓળખતા નથી. બાકી તો કહે છે ને કે પડતી સ્થિતિમાં માણસની બુદ્ધિય પતન પામે છે, બગડે છે.'

તે હશે, પણ એક ભાઈ તરીકે દયા લાવીને તો છોડાવો એમને.

'તે હું છોડાવવા જાઉં ને મનેય કદાચ રાજા કહે આવ તુંય ચોરનો ભાઈ ઘંટીચોર, બેસી જા જેલમાં, તો પછી મારે શું કરવું ? આ મારાં બૈરા છોકરાંનું શું થાય ?'

પેલો કહે 'પણ આ ભાઈએ તો તમને નાનેથી મોટા કર્યા, ઠેકાણે પાડ્યા તો કાંઈ નહિ કરો ?'

'કરીએ બધું ય ? કરીએ, પણ ભાઈ ભાઈપણામાં હોય તો ને ? ભાઈએ મોટા કર્યા એટલું જુઓ છો પણ એનાં કાળાં નાગ જેવા દિલની તમને ખબર છે ?'

જુઓ પાપી હૃદયના કેટકેટલા બચાવ છે ? અમીચંદે ચોરી કરી નથી, એ કાળા નાગ જેવો હતો નહિ અને છે પણ નહિ, છતાં નાના ભાઈનું હૃદય પાપભર્યું ઝેર ભર્યું બની ગયું છે, એની દૃષ્ટિમાં ઝેર વ્યાપી ગયું છે, તેથી એને અવળું સૂઝે છે ! ચોરીનો આક્ષેપ કરે છે ! આળ ચઢાવે છે ! મહા ઉપકારી ભાઈને ઝેરી નાગ જેવો કહે છે ! પોતાના સ્વાર્થને જ આગળ ધરે છે !

**ઝેરભરી દૃષ્ટિ જેટલાં કુકર્મ ન કરાવે એટલાં ઓછાં ! જેટલી દુષ્ટ વૃત્તિઓ ન વિકસાવે એટલી ઓછી !**

**અમીભરી દૃષ્ટિનાં સુંદર પરિણામ :-**

**જો દૃષ્ટિમાં અમી હોત,** તો રાજા પાસે દોડતો જાત, ગમે તેમ સમજાવી દંડ



ભરી કે લાગવગ લગાડીને ભાઈને છોડાવત. એ પણ ન બની શકત તો કમમાં કમ આળ ન ચઢાવત, અને મહા ઉપકારી તથા સ્નેહાળ ભાઈની બદબોઈ ન કરત.

અમીચંદની દૃષ્ટિ અમીભરી છે, તેથી એને અત્યારે કદાચ કોઈએ પૂછ્યું હોત કે 'આ તમારો ભાઈ કેમ તમને છોડાવવા કાંઈ કરતો નથી ?' એ તો કહેત કે એ શું કરી શકે ? આ તો ખુદ રાજા પ્રત્યેના ગુનાની બાબત રહી એમાં એનું શું, કોઈનું ય ન ચાલે. એ બિચારો આમાં વચ્ચે ન આવ્યો તે સારું છે, નહિતર કદાચ એના કુટુંબ પર આફત આવત ! અને એનું યે કુટુંબ એ મારું જ છે ને ? માટે એના પર આપત્તિ ન આવે એ જ સારું.'

**દૃષ્ટિનાં ઝેર અને અમી :-**

**દૃષ્ટિ અમીભરી રાખ્યાથી કોઈ ખોટ આવતી નથી, અને ઝેરભરી રાખવાથી કાંઈ કમાઈ જવાતું નથી, પછી શા સારુ દૃષ્ટિમાં અમીને બદલે ઝેર ભર્યાં રાખવાં ?**

**અમીથી** તો હૈયું સ્વચ્છ અને આત્મા ફોરો ફૂલ જેવો રહે છે.

**ઝેરમાં** હૃદય મલિન અને આત્મા ભારેખમ રહે છે.

**જીવનના સરવૈયામાં સારીનરસી તારવણી અમીભરી ઝેરભરી દૃષ્ટિ પર જ નીકળવાની, કેવળ બાહ્ય ક્રિયા પર નહિ.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૩૦,તા.૪-૫-૧૯૬૩

ઝેરભરી દૃષ્ટિ ઉપર અંત સુધી હૈયે કોચામણ અને અંતે કલેશનો પાર નહિ. સજ્જનતા-દુર્જનતાનું માપ દૃષ્ટિની અમી અને ઝેર પર નીકળે છે. આપણી દૃષ્ટિ કેવી છે એ પરથી આપણે સજ્જન છીએ કે દુર્જન, એ નક્કી કરી શકીએ. દેખાવમાં સારું કામ કરી લીધું એટલા માત્રથી સજ્જન ન કહેવાય, દૃષ્ટિ અમીભરી હોય તો જ સજ્જન કહેવાય, ત્યારે એક સજ્જન બનવા માટે પણ દૃષ્ટિમાં અમી જોઈએ, તો ધર્માત્મા થવા સારુ તો દૃષ્ટિમાં અમી જોઈએ, એમાં પૂછવાનું જ શું ?

**ધર્મીનો દાવો અમી પર :-**

ધર્માત્મા, ધર્મપ્રિય, ધર્મશ્રદ્ધાળુ હોવાનો દાવો લઈને ફરીએ છીએ, તો આ તપાસવા જેવું છે કે દૃષ્ટિમાં કેવળ અમી જ વહી રહી છે ને ? કે ઝેર વહે છે ?

**ધર્મ પર શ્રદ્ધાવાળો એટલે તો :-**

- સંસારની દુઃખદ અને વિચિત્ર સ્થિતિને બરાબર નજર સામે રાખનારો,
- કર્મના અટલ સિદ્ધાન્તને જરાય નહિ ભૂલનારો,



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

● દેવ-ગુરુ-ધર્મને જ એક સાચા શરણ તરીકે સ્વીકારનારો.
● આત્માના આંતર શત્રુ કામ-ક્રોધ-લોભ વગેરેથી ભારે ડરનારો.
● આવો ધર્માત્મા દૃષ્ટિમાં ઝેર શી રીતે રાખી શકે ?

**ઉકરડાની હદ, અધમતાની નહિ :-**

રાણીએ ધમધમાટ દેખાડવા છતાં રાજાએ તેવી ક્રૂરતા ન કરતાં અમીચંદને જેલમાં મોકલી આપ્યો. અહીં વિનયચંદ્ર નિષ્ઠુરતા દેખાડી રહ્યો છે. ખોટી કલ્પના, 'ભાઈ ચોરીઓ કરે પછી ભાઈ શાના ? અને હું શું કરું ?' દૃષ્ટિમાં ઝેર છે એનો આ પ્રતાપ છે. તેય એટલું બધું કે એની પત્ની તારા અને એનો ચઢાવ્યો એ, બંને અંદરખાને ખુશી થાય છે કે આ અમને બહુ કચર્યા હતા એનું ફળ મળ્યું ! અધમતાની હદ છે ? ઉકરડાની હદ હોય, પણ અધમતાની નહિ. આ ઉપરથી સાવધાન બનવા જેવું છે કે મૂળમાં દૃષ્ટિમાં ઝેર જ ન ઘાલીએ. ઝેર ઘાલ્યા પછી કેવા દુષ્ટ વાણી-વિચાર-વર્તાવ ચાલશે એ પહેલાં ખબર નહિ પડે.

અમીચંદ જેલમાં પડ્યો પરમાત્માને જ યાદ કરી કરી એમનું શરણ સ્વીકારી રહ્યો છે. સમજે છે કે 'આ ઉત્તમ જીવનને યોગ્ય આ કાર્ય છે. ઘરે બેઠા અનેક સાંસારિક ઉપાધિઓમાં એટલું ભગવત્સ્મરણ થઈ શકતું નહોતું. તે અહીં એકલું આજ કરવાનો ખરો અવસર મળ્યો છે. એમાંય દુઃખ, પ્રતિકૂળતા એ તો વળી ભગવાન સાથે હૈયું જોડવા માટે સીધી સાંકળ ! તો આ જેલવાસ ભગવત્સ્મરણની એક અનુકૂળતા જ માનું.'

**અમીચંદની પ્રાર્થના :-**

વચમાં વચમાં જેલર રાજાના કહેવાથી અમીચંદને તતડાવે છે, સાટકા ય લગાવે છે, ભૂખ્યો ય રાખે છે, ત્યારે અમીચંદની અમીદૃષ્ટિ આ બધી પરિસ્થિતિનું મૂળ જોવા તરફ છે. એટલે પોતાના પૂર્વજન્મકૃત પાપ અને એ કરનાર પોતાનો પાપનિષ્ઠ આત્મા જ નજરે ચઢે છે. તેથી પાપ અને પાપી સ્વાત્માની જુગુપ્સા કરતો ભગવાનને એક જ પ્રાર્થના કરે છે કે 'નાથ ! એટલી કૃપા કરજો કે હવે અહીં મારું મન ન બગડે. પાપની અને પાપબુદ્ધિની દોસ્તી ન થાય, અને આ ભલા રાજા પર જરાય રોષ ન થાય, કે આ નિર્ધારિત પરિસ્થિતિ ઉપર શોક ઉદ્વેગ ન થાય. આ તો મારો પૂર્વનો પાપ કચરો કાઢી રહી છે.'

**મૂળ અને વસ્તુસ્થિતિ જ જુઓ :-**

દૃષ્ટિમાં મૂળ જોવાનું લક્ષ, અને સાચી વસ્તુસ્થિતિ પર જ કેન્દ્રિત ધ્યાન,- એ અમી છે. આવી અમીની બલિહારી છે. મૂળ કર્મ અને એ ઊભાં કરનાર પાપી સ્વાત્માનો જ વિચાર જોઈએ, તથા વસ્તુસ્થિતિમાં દુઃખ-પ્રતિકૂળતા તો નિર્ધારિત,



ને અ-નિવાર્ય છે, પણ એમાં પાપકર્મ ભોગવાઈ ખત્મ થતાં જાય છે, એ વસ્તુસ્થિતિ છે. ઉપરાંત ભગવત્સ્મરણની ખરી તક છે. આ લક્ષવાળાને ચિત્ત કેટલું બધું સ્વસ્થ અને સ્વચ્છ ! હૈયું કેટલું બધું ફોરું ! અમીચંદ આ અનુભવી રહ્યો છે.

ત્યારે ઝેરભરી દૃષ્ટિવાળો વિનયચંદ્ર દ્વેષ-ઈર્ષ્યા-અભિમાન વગેરેની આગમાં સળગી રહ્યો છે. લક્ષ્મીના ઉન્માદથી દબાઈ રહ્યો છે. એનું મન અસ્વસ્થ અને મેલું તથા હૈયું ભારેખમ રહ્યા કરે છે. જીવન તો બંને ભાઈ જીવી રહ્યા છે, પણ એક જીવીને અમરતા તરફ પગલાં માંડી રહ્યો છે ! બીજો મૃત્યુની પરંપરા તરફ !

**અમરતા-મૃત્યુનાં મૂળ :-**

અમરતા ક્યારે આવે ? જન્મમૃત્યુની હોળી સળગાવનાર જગતના જડ પદાર્થો સાથેની એકાકારતાની ચિનગારીઓ બુઝાવાય, પડતી મુકાય ત્યારે. જડ સાથે એકાકાર થાઓ, તન્મય થાઓ અને એને જ સર્વસ્વ માનો એટલે જડ કાયાઓમાં ભળવાનું સર્જાયું જ સમજો ! એમાં ભળ્યા એટલે મોત છે જ. એ તો એનાથી હૈયાને અલગ બનાવી દેવાય તો એ પીર મટે, તો જ અમરતા સુલભ થાય. ચોખ્ખો હિસાબ છે જડથી જડ, ચેતનથી ચેતન. જડમા ભળો તો જડ કાયાના સંબંધ સર્જાય, ને ચેતન આત્મામાં આવીને ઠરો તો ચેતનનો સ્વભાવ અમરતા પ્રગટ થાય.

અમીચંદના જેવી જ એની પત્ની જિનમતીની સમજ છે. દુઃખમાં દહાડા કાઢે છે, પતિને કોઈ છોડાવનાર દેખાતું નથી. એ બધું છતાં એણે ય ભગવાનનું શરણ ચતુઃશરણ અને સ્મરણ રાખ્યું છે. નાનેથી ઉછેરી મોટો કરેલ વિનયચંદ્ર કેવું કેવું ભૂંડું બોલી રહ્યો છે, એ એના કાન પર આવવા છતાં જિનમતિ એની દયા ખાય છે, 'બિચારો પાપ ન બાંધે તો સારું ! નહિતર લક્ષ્મી તો એક દિ ઊડવાની, પણ બિચારાની કેવી દુઃખદ સ્થિતિ થાય ? અમારે તો આ દિવસો અમારા જ અશુભના ઉદયથી આવ્યા, પરંતુ એનું ભલું થાઓ.' અમીભરી દૃષ્ટિ આ ભાવના કરાવી રહી છે.

ત્યારે તારાની સ્થિતિ તદ્દન વિપરીત છે. જેઠાણીને ભંડાય એટલી ભાંડે છે, દિલમાં ભારોભાર દ્વેષ રાખી રહી છે. દૃષ્ટિમાં ઝેર ઊભું કર્યા પછી શું શું અકાર્ય ન બને ?

તારા શહેરની ભણેલી કન્યા, અને જિનમતિ ગામડાની સામાન્ય શીખેલી કન્યા ! કોણ ચઢિયાતું ? આજે મેનિયા લાગ્યો છે કે 'કન્યા તો શહેરી ને કૉલેજિયન જોઈએ. ગામડિયન રોચાને શું કરે ?' પરંતુ આ અજ્ઞાન માન્યતા છે.

**શિક્ષણ કરતાં સંસ્કરણ મોટી વસ્તુ છે.** સંસ્કાર સારા હોય તો તે માણસ છે. એ નથી ને શિક્ષણ એકલું છે તો તો શું સરકસના પશુને ય શિક્ષણ નથી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

મળ્યું ? પણ એનામાં માનવતાનું કોઈ જ સંસ્કરણ નથી માટે જ એકલા શિક્ષણની કશી કિંમત નથી. જિનમતિ ગામડાની છતાં સંસ્કારભર્યું જીવન જીવે છે. તારા શહેરની છતાં સંસ્કાર વિનાનું જીવન જીવે છે. એના માબાપે કદાચ સંસ્કરણ કર્યું હશે, પરંતુ ઝેર ભરી દૃષ્ટિમાં એ બધું રદબાતલ કરી દીધું છે. અત્યારે તો મોટી શેઠાણીપણાના તોરમાં, અભિમાનમાં ઉન્મત્ત બની છે.

પરંતુ કાળ જગતમાં ક્યાં એકસરખું કશું ચાલવા દે છે ? પરિવર્તન લાવે જ છે. શાસ્ત્ર કહે છે આકાશ જેવા નક્કર નિત્ય પદાર્થમાંય સમયે સમયે પર્યાયથી પરિવર્તન ચાલુ જ છે. કાળની જેમ કર્મમાં પણ પરિવર્તન કરવાની ભારે તાકાત છે. દેખાય જ છે ને કે એક વાર ઊંચે ચઢેલા પણ કેટલા નીચા ઊતરી ગયા છે ! અને નીચેના ઊંચે ચઢી ગયા છે ! સાજા ને માંદા, અને માંદા એ સાજા, આબરૂદાર એ બેઆબરૂ ને આબરૂ વિનાના એ આબરૂદાર-આ બધું પરિવર્તન કોણ લાવે છે ? કર્મ.

કાળ અને કર્મના ઝપાટાને પાકા પરવશ બન્યા રહેવું, અને છતાં પુણ્યના ઉદયે કંઈક ઠીક મળ્યું તો એના પર અભિમાન કરવું અને એના વિશ્વાસે બેસવું એ સરાસર મૂર્ખતા છે, મૂઢતા છે.

**પાપ બીજનાં વાવેતર :-**

અહીં હવે જબરદસ્ત પરિવર્તન આવે છે. અમીચંદને છ મહિના સુધી તો જેલનો ત્રાસ ચાલ્યો. ખુન્નસવાળી રાણી અવારનવાર રાજાને તંગ કરતી કે પેલા કેદીએ ગુનો કબૂલ કર્યો કે નહિ ? નહિતર એને ગોળીએ દો, ફાંસીએ ચઢાવો, હાથીના પગ નીચે ચગદો. ખુન્નસ, વૈર, વિરોધ ચીજ જ એવી છે કે નિર્દયતાના, હિંસાના, બીજાને દબડાવવાના, અવગણવાના, દ્રોહ પ્રપંચ કૃતઘ્નતા કરવાના, ઈત્યાદિ વિચાર લઈ આવે. કદાચ વળવાનું કાંઈ ન હોય છતાં મન મફતમાં લોચા વાળ્યા કરે ! હલકા અધમ ભાવ જગાવ્યા કરે ! એના યોગે કર્મબંધ પણ બહુ ભયંકર થાય છે, અને પાપનો અનુબંધ અર્થાત્ બીજ-વાવેતર થવાનો પણ સંભવ છે. કેમ કે જીવ હૈયામાં વૈર-વિરોધ ધારણ કરે છે, તે સમજીને જ. એમાં આટલા જ્યારે નિર્દય ભાવો કરે છે ત્યારે ભાગ્યે જ એમાં એના મનને કાંઈ ખોટું કરતો લાગે ! એટલે પાપના અનુબંધ પડે એ સહજ છે. એ અઢળક પાપ બાંધવા અને અનુબંધથી પાપવૃત્તિઓ મજબૂત કરવી, એનું પરિણામ પરભવે કેવું ?

**વૈરવિરોધનું શલ્ય ભયંકર :-**

તો અહીં પણ શું છે ? હૈયાંને સરખી રીતે ધર્મસાધનામાં રમવા ન દે; પેલો વૈર-વિરોધ મનમાં આવી આવીને કેટલાય દુષ્ટ વિચારો લાવે છે ! મેલી લાગણીઓ



ઊભી કરે છે ! જીવને આકુળવ્યાકુળ કરે છે ! એટલું ભારે શલ્ય એ છે !

**વિરોધથી ભવાંતરે મોટી ખોટ :-**

વૈરવિરોધનું શલ્ય એવું ભારે ખતરનાક છે કે એને હૈયામાં ઊંડું નાખ્યા પછી ભાવી કાળે સામો જીવ કદાચ ઊંચી આત્મપાયરીએ ચઢી ગયો, તો એનાથી દુનિયા તો ધર્મ પામતી હશે, પણ આ વિરોધનું શલ્ય રાખનારો ત્યાં કદાચ એને ભેટી ગયો તો પણ એવા મહાત્મા સામે દાંતિયા કરવાનું કરશે.

**જુઓ, મહાવીર ભગવાને** ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જે સિંહને માર્યો હતો તેના મનમાં વિરોધનું શલ્ય રહી ગયું હતું તો એ ભવો રખડીને જ્યારે અહીં સુદંષ્ટ્ર દેવ અને પછી ખેડૂત થયો, ત્યારે ભગવાન તો ઊંચે ચઢી ગયા હતા, છતાં એ દેવને અને ખેડૂતને ભગવાન તરફ દ્વેષ ને દાંતિયાં કરવાનું જ આવડ્યું ! કેવુંક બેહૂદું ! ભગવાનથી જગત જ્યારે તરતું હતું, કલ્યાણ પામતું હતું ત્યારે આ પૂર્વના દ્વેષના પાયાવાળા અભાગિયા ખેડૂતને દિલમાં અભાવ થયો કે 'આ ગુરુ ? છટ્ નહિ જોઈએ !' તો પહેલાં ગૌતમ મહારાજ પાસે ઉપદેશ સાંભળી એ સાધુ બની આવેલો, છતાં એ અહીં સાધુપણું મૂકીને ભાગ્યો ! કેવી હીનભાગિતા !

**દ્વેષીલી તારાનીય આ સ્થિતિ છે.** સૌમ્યતાવાળી જિનમતિના જગત ગુણ ગાય છે, પણ તારાને એના તરફ દાંતિયાં કરવાનું સૂઝે છે !

**જેલમાં ય અમીચંદની વિશેષતા :-**

રાજાની રાણીના હૈયે પણ હાર ચોરાયાનું ખુન્નસ છે, તેથી અમીચંદને મારી નાખવા રાજાને તંગ કરે છે, પણ રાજા શાણો છે, ધીર છે; એ એની વાતને મચક નથી આપતો. અમીચંદ કબૂલ ન કરે ત્યાં સુધી એવું ભયંકર કાંઈ કરવા તૈયાર નથી. મરદ તે મરદ ! સ્ત્રી તે સ્ત્રી ! બાકી જેલર પાસે અવરનવર દબડાવવાનું કરે છે. અમીચંદ તો શાંતિથી સહન કરે છે, 'હાર સાધર્મિક પાસેથી આવ્યો છે,'-એ નથી કહેવું તે નથી જ કહેવું, ઘરે પત્ની સિદાય છે, ત્યારે પોતે અહીં જેલનાં દુ:ખ ભોગવે છે ! પણ સાધર્મિકને આપત્તિમાં નથી મૂકવો તે નથી જ મૂકવો.

આત્મીયતાં ક્યા વધારે ? સાધર્મિક ઉપર ? કે સગી પત્ની પર ? કે જાત પર ?

**ધર્મની આત્મીયતા માટે ભાવના :-**

ધર્મ અને ધર્મી પર હૈયાની આત્મીયતા બંધાઈ જાય, મનને એમ થાય કે 'મારી ચીજ ધર્મ અને ધર્મનાં અંગો છે. એના વિકાસમાં મારો વિકાસ અને એની હિંસામાં મારી હાનિ ! એને ધક્કો એ મારી જાતને ધક્કો ! બાકી સ્ત્રી-કુટુંબ, ધન-માલ, એ કશું મારું નથી. એના ખુશખુશાલે મારો વિકાસ નથી, ને એના કરમાઈ જવામાં મારી હાનિ નથી. ઠીક છે આ જીવનમાં આવી મળ્યા છે, તો ઉચિત વ્યવહાર પાળવો પડે



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એટલું જ. બાકી સગાઈ તો ધર્મ અને ધર્મનાં અંગો સાથે જ. ધર્મસ્થાનો, ધર્મશાસ્ત્રો, ધર્મસંસ્થાઓ, ચતુર્વિધ સંઘ, પરમાત્મા, મંદિર, આ બધાં મારાં સગાં.' આ ધોરણ નક્કી રાખવાં જોઈએ, અમીચંદમાં એ છે. એને દૃષ્ટિમાં અમી કહેવાય, ત્યારે એનાથી ઊલટું એ ઝેર કહેવાય.

મોહાંધ સ્વાર્થી સગાંને પોતાના માનવા, સંઘ-સાધર્મિકને પરાયા માનવા, પૈસો-ઘર-દુકાન, એ તો પોતાના, અને મંદિર, ઉપાશ્રય, ધર્મખાતાં, પાઠશાળા એ તો પોતાના નહિ, સંઘના,-આ ધોરણવાળી દૃષ્ટિ એ ઝેરભરી દૃષ્ટિ છે.

એના અંતિમ હિસાબ પણ એવા જ કરુણ ચૂકવાય છે. વિનયચંદ અને તારાના પુણ્યના હવે દહાડા ભરાઈ ગયા છે, દૃષ્ટિનાં ઝેર ફૂટી નીકળવાની તૈયારીમાં છે.

અહીં અમીચંદની અમીભરી દૃષ્ટિ રાજા આગળ હાર દેનારા સાધર્મિકનું નામ લેવા ના પાડે છે. તેથી જેલનાં દુઃખ ભોગવ્યે જાય છે. એમ કરતાં છ મહિના વીત્યા.

**રાણીને હાર જડી આવે છે.**

હવે રાણી પોતાના બધા ઝવેરાતનો સ્ટોક લે છે, કેટલુ અને શું શું ક્યાં ક્યાં છે, બધું તપાસી રહી છે. એમાં ખજાનાને તળિયેથી પેલા હીરાના હારનું બોક્સ મળી આવે છે. એમાં ખોલીને જોતાં હાર અકબંધ મળી આવ્યો !

**રાણીનો પશ્ચાત્તાપ :-**

જોઈને એને આશ્ચર્ય થયું કે અરે ! પેલા વણિક પાસેથી મળી આવેલો હાર અને આ હાર બંને બરાબર એક જ જાતના એક જ ભાતના ! આ શું ? જાણે એક જ ખાણના સરખા રત્ન ! અને એક જ કારીગરે બનાવેલા આ બે હાર ! ત્યારે આ મેં પેલા બિચારા વણિકને શું કર્યું ? કેટલો બધો એના પર જુલ્મ કર્યો ! અમારી પાસે રાજ્યસત્તા છે એના જોર પર શું એ રીતે નિર્દોષ માણસોને રિબાવવાનું કરવાનું ? કેવી આ ગોઝારી રાજ્યસત્તા ? એ આવા જાણ્યે-અજાણ્યે કેટલાંય પાપ કરાવતી હશે ! ધિક્કાર પડો મને કે આ મેં નિર્દોષને ભયંકર વિટંબણા કરી ! એમાં વળી હું તો હાથીના પગ નીચે એને છુંદાવવા માગતી હતી ! એ મારી કેટલી બધી અધમ ક્રૂર વિચારણા ? હે ભગવાન ! મારું શું થશે ? આ ભયંકર પાપ મને કેવી દુર્ગતિમાં લઈ જશે !'

રાણીને પસ્તાવાનો પાર ન રહ્યો. નિર્દોષ અમીચંદના છ મહિનાના જેલના ત્રાસ નજર સામે આવતાં એનું હૈયું ભરાઈ આવ્યું. આંખમાંથી પાણી પડે છે. પાપના પશ્ચાત્તાપમાં ચોધાર આંસુએ રડી રહી છે.

એટલામાં દાસી ત્યાં આવી રાણીને રડતી જોઈ પૂછે છે 'કેમ રડો છો ?'



એ દાસીને શું કહે ? ઊલટું એના પૂછવા પર અમીચંદને છ મહિના સુધી વિડંબ્યાનો અધિક કરુણ ચિતાર વધારે હૈયું વલોવી નાખે છે ! તેથી વધુ વેગથી રડી ઊઠે છે. મનને જાણે એમ થાય છે કે છાતી પીટું અને માથું કૂટું ! હાથીના પગ નીચે હું છુંદાઈ જાઉં !

**દૃષ્ટિમાં અમી 'કોઈનું ય ન બગાડવું' :-**

રાણી આર્યદેશની છે. અત્યાર સુધી ગેરસમજમાં દૃષ્ટિ ઝેરભરી બની હતી પણ સાચી સમજ થતાં દૃષ્ટિમાં અમી ઊભરાઈ આવે છે. અમી આ, કે નિર્દોષ જીવને ત્રાસ કેમ જ અપાય ? માનવ જીવનમાં બીજાનું સારું કરવાનું તો દૂર, પણ ઊલટું બગાડવાનું કરવાનું ? કોઈનું એની મેળે બગડે એમાં રાજી પણ ન થવાય તો જાતે એનું બગાડવાનું અને એને દુભવવાનું કેમ જ કરી શકાય ? કોઈનું ય બગાડવું નહિ, કોઈને ય દુભાવવા નહિ, સ્વયં દુભાય એમાં રાજી ય ન થવાય, આ સિદ્ધાન્ત એ એ અમીભરી દૃષ્ટિ.

રાણીમાં હવે આ દૃષ્ટિ જાગી છે, એના પર એ કરેલા દુષ્કૃતનો ભારે સંતાપ કરી રહી છે. દાસી ફરી પૂછે છે છતાં એ બોલતી નથી; એટલે દાસી ઊઠીને ગઈ રાજા પાસે; વાત કરી. એથી રાજા રાણી પાસે આવે છે.

પૂછે છે 'કેમ કાંઈ આટલું બધું રડવાનું ?'

રાણીનો હૈયાનો ડૂમો શમ્યો નથી, તે વધુ રડવા લાગે છે.

રાજા ગળગળો થઈ ગયો, કહે છે,- 'પણ કોઈ જ દિવસ નહિ, ને આજે આટલું બધું રડવાનું શું કારણ ?'

**રાજા આગળ ખુલાસો :-**

ત્યારે રાણી કહે છે, 'આ મારા હાથે ભયંકર ભૂલ થઈ ગઈ છે. આપણો હાર ચોરાયો નથી, પણ આજથી છ મહિના પૂર્વે મારા હાથે એનું બોક્સ અલંકારના પટારામાં ઠેઠ નીચે મૂકાઈ ગયેલું અને તે હું તદ્દન ભૂલી ગઈ; પછી બીજે બધે શોધતાં એ ન મળ્યું એટલે મેં ફરિયાદ કરી કે મારો હાર ચોરાઈ ગયો. પણ આજે બધું તપાસતાં આ બોક્સ અને હાર મળી આવ્યા ! ત્યારે પેલા વણિકને બિચારાને નકામો દંડ્યો ! એનો હાર આ જુદો રહ્યો. મેં પાપિણીએ તો કેટલા બધા ક્રૂર વિચાર કર્યા કે એને હાથીના પગ નીચે છુંદાવી નાખો. છ છ મહિના સુધી એ બિચારાને કાળી જેલમાં ખોટો વિડંબ્યો ! આ પાપથી હું કયા ભવે છૂટીશ ? મારે કેવી દુર્ગતિની વેદનાઓ સહન કરવી પડશે !...' આ બધા વિચારે મારા દિલના ટુકડા થઈ જાય છે. જાણે માથું કૂટું ને છાતી પીટું...' એમ બોલતાં બોલતાં પાછી રાણી રડવા લાગી.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**રાજાની તત્ત્વવાણી :-**

રાજાને આ સાંભળીને બહુ દુઃખ થયું કે 'હાય ! આ મારા હાથે કેવો અન્યાય થઈ ગયો ! મેં પણ ખજાના-મિલકતમાં પૂરી તપાસ ન કરાવી, અને વણિકને દંડ્યો !'

**મૂળ ભૂલ જુઓ :-**

રાણીને કહે છે, 'હવે શાંત પડો. ભૂલ તો મારી પણ છે. હવે એ ભૂલને સારામાં સારી રીતે સુધારી લઈએ. બાકી વિચારવા જેવું તો એ છે કે **આ ભૂલ તો પછીની છે, પણ મૂળ ભૂલ તો એ છે કે આપણે જડ પદાર્થોના આંધળો મોહ કરીએ છીએ.** જો એ મોહ જ ન હોત તો વસ્તુ ચોરાઈ ગઈ તેથી શું ? જગતમાં ઘણું ય ચોરાય છે, પણ આપણે ક્યાં બધા પાછળ સંતાપ કરીએ છીએ ? આ તો આપણું ચોરાયું માટે જ ધમાધમ ને ? એ જડ પદાર્થો જ એવા વિલક્ષણ છે કે મૂઢ જીવોને મમતા કરાવી કરાવીને એની પાછળ કાળાં પાપ અને કારમાં દુઃખ ઊભાં કરે છે ! **જગતમાં જડ પદાર્થોનું આકર્ષણ - મમત્વ ન હોત તો જગતના જીવો કેટલા બધા પવિત્ર અને સુખી હોત !'**

**માનવભવે જ સુધારી લો :-**

માટે ધડો તો આ લેવાનો છે કે દુષ્કૃત્યની આચરણનું મૂળ જે જડનો મોહ છે એને જ ફગાવી દેવો. ને અહીં જો એ ન ફગાવ્યો, તો પરલોકમાં જીવના બે-હાલ છે. ત્યાં પછી તુચ્છ, અતિ તુચ્છ વસ્તુ પર પણ ચીકણો મોહ થયા કરવાનો. દેખાય જ છે ને કે પશુ-પંખી, કીડા-મંકોડા વગેરેને કચરાપટ્ટી વસ્તુનો પણ કેટલો બધો મોહ હોય છે ! એની પાછળ જીવનભર કેવી પાપમય દોડધામ કરે છે ! એ મોહમાં પાછા કેવા બૂરા હાલે રિબાય છે, મરે છે ! એ પછી પણ મોહ તો ઊભો જ છે એટલે હલકા દુઃખદ ભવોની મોહભરી પરંપરા કેવી ! માટે અહીં જ એનો નિકાલ જોઈએ.

**મોહના સંસ્કારના ભવે ભવે પડઘા :-**

અહીંની જડ વસ્તુઓ છૂટી જાય છે; એની સ્મૃતિ પણ પરલોકમાં નથી થતી; પરંતુ એની પાછળ અહીં કરેલા મોહ અને રાગ-આસક્તિ વગેરેના ઘેરા સંસ્કાર આત્મા પર જડબેસલાક ચોંટ્યા રહી જાય છે. એ પરલોકમાં પોતાનું કાર્ય કર્યા વિના કેમ રહે ? ત્યાં એના પડઘા પડે છે. એટલે ત્યાં જેવા પુણ્ય પ્રમાણે જેવું શરીર તથા બીજી સામગ્રી મળી હોય, તેના ઉપર એ સંસ્કારો કામ કરવાના જ. અહીં બંગલો મળ્યો હતો, તેથી બંગલા પર બહુ મોહ કર્યો તો ત્યાં જો પંખેરા થયા તો તણખલાના માળા ઉપર એવી જ મોહિની લાગવાની ! અહીં ઘેબર-પૂરી મળી



ને એ બહુ ગમી, તો ત્યાં જો ભૂંડ થયા તો વિષ્ઠા પર ભારે મોહ થવાનો !

**મોહની માત્રા સંસ્કાર મુજબ; સામગ્રી મુજબ નહિ :-**

અવતાર કેવો મળે અને એમાં સામગ્રી કેવી ઠીક-અઠીક પ્રાપ્ત થાય એનો આધાર તો પૂર્વજન્મની સારી-નરસી જીવન-સરણી પર છે, ધર્મ અને પાપની લગની પર છે, ગુણિયલતા અને ગુન્હાહિતતા પર છે; પરંતુ પછી એ મળવા પર મોહ કેવો થાય રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, ઇત્યાદિ કેવાં સ્ફુરે, એનો આધાર વસ્તુ-સામગ્રી કેવી મળી છે એના પર નહિ, કિન્તુ પૂર્વ જન્મમાં મોહ-રાગાદિ કેવા સેવેલા, અને એના કેવા સંસ્કાર આત્મઘરમાં સુદૃઢ કરેલા, એના ઉપર છે. અહીં જ નથી દેખાતું કે જેના ભાગ્યમાં રોટલો જ મળ્યો છે, એને રોટલા પર મોહ છે, અને જેને પકવાન્ન મળ્યા એને પકવાન્ન ઉપર મોહ થાય છે. ઝૂંપડાવાળાન ઝૂંપડા પર, બંગલાવાળાને બંગલા પર મોહ અને એટલી જ મમતા થાય છે. બસ, એ જ રીતે પરલોક માટે સમજવાનું છે. જેવી માયા-મૂર્ચ્છા, રાગ-દ્વેષ, અજ્ઞાન-મૂઢતા, વગેરે લઈને અહીંથી જઈશું. એવો, અરે કદાચ એથી કેઈ-ગુણી વધારે માત્રામાં પણ માયા-મૂર્ચ્છાદિ પરલોકમાં જોર મારશે !

હવે વિચારી જુઓ કે જડ વસ્તુ કોઈ ખોવાય એ મોટું નુકસાન છે ! કે એની પાછળ જે મોહ-મૂઢતાને મજબૂત કરીએ એ મોટું નુકસાન છે ?

રાજાએ ભવ્ય તત્ત્વવાણી સુણાવી. રાણી કુણી, ગદ્ગદ અને ભારે પશ્ચાત્તાપવાળી બનેલી તો હતી જ એટલે આવી વાણી ઝીલવાનું ખરેખર પાત્ર બનેલી હતી; તેથી એકીટસે આ બધું સાંભળી રહી છે, રાજાના એકેક કિંમતી બોલ આત્મામાં ઉતારી રહી છે, એનો તાદૃશ ચિતાર નજર સામે ખડો કરી રહી છે, પોતાના જીવન સાથે એની બરાબર ઘટના કરી રહી છે. એમાં એનું હૈયું પૂર્વના કરતાં પણ ભારે વલોવાઈ રહ્યું છે.

**ઉપદેશ બીજા પર લાગુ પાડ્યે શું વળે ? :-**

વીતરાગની વાણી સાંભળવા મળે એના પર આત્મામાં ઘટાવવાનું અને હૈયું વલોવાઈ જવાનું કેમ નથી બનતું ? 'ફલાણું તો મહારાજે ફલાણા માટે કહ્યું, અમુક તો અમુકને લાગુ પડે છે,' પણ તારી જાતને કંઈ લાગુ પડે ખરું ? સ્વાત્મામાં ઘટાવવાનું છે કાંઈ ? પોતાની પાસે પચીસ હજારની મૂડી છે, અને વ્યાખ્યાનમાં શ્રીમંતની ફરજોની વાત આવી તો એ ઝટ ૫-૫૦ લાખવાળાના ખાતે આ ફરજોનો હવાલો નાખશે ! અને સાધારણ માણસના કર્તવ્યની વાત આવી તો એ હજાર-પાંચ હજારવાળાના ખાતે નાખશે ! પોતાના ખાતે કશું લેવાનું ખરું ? બાપના કર્તવ્યની વિચારણા આવી તો પોતાના બાપે શું કરવું જોઈએ કે કરવું જોઈતું હતું



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

એ વિચારશે, અને પુત્રના કર્તવ્યની વાત આવી તો પોતાના દીકરાને એ લાગુ પાડશે ! પોતે તો જાણે કોઈનો દીકરો ય નથી કે બાપે ય નથી ! અગર બનવાનો નથી ! એટલે પોતાને શું લાગુ પડે ?

પ્રશ્ન આ છે કે ઉપદેશની અસર કેમ નથી થતી ? કેમ સ્વાત્મામાં લાગુ પાડવાનું અને હૈયું વલોવાઈ જવાનું નથી બનતું ? વ્યાખ્યાન કરનાર હોશિયાર હોય, રસભર્યું અને દાખલા-દલીલવાળું કહે એટલે ટેસથી સંભળાય તો ખરું, ખુશીય થવાય, બીજે દહાડે પાછા દોડતા અવાય, બધું સાચું, પણ હૈયું વલોવાઈ જાય છે ખરું ? આટલું વિચારો. જો એ છે, વલોવણ થાય છે તો થોડું સાંભળવામાંથી પણ ઘણું લેવાના; ને જો એ નથી તો ઘણું ય બધું સંભળાય છતાં જીવનમાં અમલી કરવાની થોડી ય વાત નહિ બનવાની. પરંતુ મૂળ પ્રશ્ન આ છે કે,

**ઉપદેશ-શ્રવણ પર આત્મઘટના અને હૈયાનું વલોવણ કેમ થાય ?**

આનો જવાબ રાણીના આ પ્રસંગમાંથી મળી રહે છે. એને રાજાના તત્ત્વોપદેશ પૂર્વે હૈયે ભારે દુઃખ થયું હતું, પોતાની જાત ગુન્હો કરીને અધમ પાપિષ્ઠ લાગી હતી, એક નિર્દોષ જીવને દુભવ્યા બદલ પારાવાર શોક હતો. તેથી રાજાના ઉપદેશે ભારે અસર કરી; એમ અહીં આપણને ઉપદેશ સાંભળતાં કે શાસ્ત્ર વાંચતાં પહેલાં જીવનના પાપસરંજામ અને પાપાચરણમાં ભારે દુઃખ લાગે, પાપિષ્ઠ જાત પર ફિટકાર વરસે, પરને પીડા તથા બીજા અહંકાર, વિષય-લંપટતા વગેરે પાપો આચર્યા બદલ પારાવાર શોક થાય, એ જરૂરી છે. તો શ્રવણ-વાંચન પર આત્મામાં ઘટાવવાનું અને હૈયું વલોવાઈ જવાનું બની આવે.

રાણી રાજાને કહે છે, 'ત્યારે આ હિસાબે તો હાર મૂકેલો ભૂલી જઈ વણિક પર એ ચોર્યાનો આરોપ ચઢાવવાના ગુન્હા કરતાં મૂળમાં હાર પર રાગ ઊભો કરેલો એ જ મોટો, મૂળ, મુખ્ય, ગુન્હો થયો એમ લાગે છે. મોટું અપકૃત્ય લાગે છે. આ વિચારતાં તો જગતના ઢગલાબંધ કેટલાય જડ પદાર્થ ઉપર રાગ રાખ્યા છે, એ બધા વળી ઢગલાબંધ અપરાધ જ કહેવાય ને ? આવા ધૂમ અપરાધોમાં તો આત્માની કઈ દશા થવાની ? તમે કહો છો એ તદ્દન સાચું છે. તો શું આવા દેવને પણ દુર્લભ એવા મનુષ્ય ભવમાં આ રાગાદિના અપરંપાર અપરાધ, અને એની ઘૂંટી ઘૂંટી ને પક્કી કરેલી વાસનાઓ લઈને જ મરવાનું ?'

રાજા કહે છે, 'શા માટે ? આપણા પર કોઈ જ એ માટે બળાત્કાર નથી કરતું. આપણને જો સચોટ લાગી જાય કે આ રાગાદિના મૂળભૂત અપરાધ અને વાસનાઓનાં બંધન ખતરનાક છે, આ જીવનમાંથી જતાં પહેલા એનો અંત કરવા મહાન હ્રાસ કરવા જેવો જ છે, તો એ કરી શકીએ છીએ.'



**વાસનાઓ, અપરાધો કેમ મટે ? :-**

રાણી કહે, 'પણ એ શી રીતે બને ?'

ઉત્તરમાં રાજાએ કહ્યું, 'ઓ હો ! એમાં શું ? એના પોષક વાતાવરણ અને વસ્તુથી આઘા રહીએ તેમજ જ્ઞાની મહર્ષિઓના તત્ત્વોપદેશમાં ચોવીસે કલાક રમ્યા કરીએ, મન પર શાસ્ત્ર-વચનોનાં ચિંતન-મનનની સતત છાલક લગાવ્યા કરીએ, તો રાગાદિથી જરૂર બચાય, અને વાસનાઓના કચરા અવશ્ય ધોવાઈ જાય. બસ, આ પૂરજોશમાં કરવું હોય તો સંસાર-ત્યાગ સિવાય બીજો રસ્તો નથી.'

રાણીનું ચિત્ત ઘણું ગદ્‌ગદ થઈ ગયું હતું, પશ્ચાત્તાપ પણ ભારે થયેલો હતો, અને એમાં આ તત્ત્વ-પ્રકાશ મળ્યો એટલે હવે એનું મન સંસાર પરથી સરાસર ઊઠી ગયું રાજાને કહે છે,

'તો હવે મને એ જ સગવડ કરી આપો, મારે સંસારનો ત્યાગ જ કરવો છે. હવે મારે આ જોઈએ નહિ.'

રાજા ચકાસે છે, 'પરંતુ પછી કેટલાં કષ્ટ અને કઠિનાઈભર્યું જીવન જીવવું પડે એનો ખ્યાલ છે ને ?'

**ત્યાગી જીવનમાં કષ્ટ કેમ નહિ ?**

રાણી કહે છે, 'કષ્ટ-કઠિનાઈ લાગે એ રાગનું તોફાન છે. કષ્ટથી ડરીને શું કરવાનું ? એમાં તો એ દુષ્ટ રાગાદિનાં તોફાન એમ જ ઊભાં રહે છે. હવે તો જ્યારે એ બંધ જ કરવાનો નિર્ધાર છે એટલે કષ્ટની પરવા નથી. કષ્ટને કષ્ટ માનું જ નહિ. અને ભલું થજો એ હારનું કે આ અંધાપો ટાળ્યો. અલબત્ત બિચારા વણિકને બહુ દુઃખ દીધું એ ખૂબ ખોટું થયું. પણ હવે એનો સત્ય હકીકત સાથે એવો સત્કાર કરીએ કરાવીએ કે આખા નગરમાં એની પ્રતિષ્ઠા વધી જાય. બસ, પછી મને સંસારત્યાગની સગવડ કરી આપો.'

રાજા કહે છે, 'તો શું તમારે સંસાર છોડવાનો તો મારે રાખવાનો છે ? ના, આપણે બંને હવે છૂટીએ. બસ ચાલો હવે વણિકને લેવા.'

વિચારજો કેટલું બધું પરિવર્તન ! રાણીની દૃષ્ટિમાંથી ઝેર ઓસરી ગયું, અમી વહેતું થઈ ગયું, એણે હવે આખા મનોરથ ફેરવી નાખ્યા, ચર્યા બદલી નાખી !

ક્યું ઝેર ? ક્યું અમી ?

**દૃષ્ટિમાં ઝેરના દાખલો :-**

ઝેર જડને મહત્ત્વ આપવું એ છે. જડની અનુકૂળતામાં વિઘ્નભૂત થાય એને શત્રુ અને શિક્ષાપાત્ર ગણવું એ ઝેર છે. જડને મહાન માનનારી અને જડસુખોમાં



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અંતરાય કરનારને શત્રુ લેખનારી દૃષ્ટિ એ ઝેરી દૃષ્ટિ છે.

દુઃખ-સંતાપ, કલેશ-વિટંબણા અને શોક-પરાભવ આ ઝેરભરી દૃષ્ટિ ઉપર સર્જાય છે. દૃષ્ટિમાંથી આ ઝેર કાઢી નખાય તો એ દુઃખ-સંતાપ આદિનો અંત આવી જાય છે. પ્રયોગ કરવાથી આ સમજાય એવું છે.

**દૃષ્ટિમાં અમીનો પ્રભાવ :-**

'જડ એ મહાન નહિ, પોતાનો આત્મા મહાન,' આ દૃષ્ટિ એ અમીભરી દૃષ્ટિ છે.

દૃષ્ટિમાં અમી આ, કે વસ્તુ સ્થિતિને પકડે; અને વસ્તુસ્થિતિ આ છે કે આત્મા ખરેખર મહાન છે, જડ એની નીચે છે.

વિચારો હીરો કિંમતી ? કે આંખ કિંમતી ? જોવા જો આંખ જ નથી તો હીરાની શી કિંમત ? હીરો દર્શનથી આનંદ ક્યાંથી આપી શકે ? હજી આગળ તપાસો. જોવાનું સાધન બનતી આંખ કિંમતી કે જોનારો આત્મા કિંમતી ? કહેવું પડશે કે આત્મા કિંમતી છે. આંખ એનાથી નીચેની વસ્તુ છે. કેમ કે માનો કે આંખ તો સારી સતેજ મળી પણ આત્મા પશુ અવતારે છે; ત્યારે બીજી બાજુ માનો કે આંખ ઝાંખવાળી છે, પરંતુ આત્મા મનુષ્યપણે છે; તો બેમાંથી કઈ અવસ્થા સારી ? કહેવું જ પડશે કે મનુષ્યપણાની. એમ આંખ તો હજી ઊભી જ છે, પરંતુ આત્મા જો મૃત્યુ પામે છે, તો આંખની કશી કિંમત નથી રહેતી. આ સૂચવે છે કે હીરા કરતાં આંખ અને આંખ કરતાં આત્મા કિંમતી છે. એટલે મહત્ત્વ પોતાના આત્માનું જે છે, તેવું જડનું નથી. દૃષ્ટિમાં આ જાગતું રહે તે અમી કહેવાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૩૧,તા.૧૧-૫-૧૯૬૩

જો આત્માની બહુ કિંમત નથી અનેક પાપારંભો અને માયા-મમતાદિ કષાયોથી આત્માનું ગમે તેવું વટાઈ જાય એની ચિંતા નથી, માત્ર જડ લક્ષ્મી જડ માનપાન, જડ વિષય-વિલાસો એ બધાનું મહત્ત્વ માન્યા કરવું છે, 'એ સલામત તો જિંદગી માલવાળી અને એમાં વાંધો તો જિંદગી માલવિનાની,'-એમ માનવું છે, તો આ ઝેરભરી દૃષ્ટિ છે.

**ધર્માત્મા પર ધર્મનો હક હોય જ :-**

જન્મ-જન્માન્તરથી દૃષ્ટિમાં આ ઝેર તો રાખતા આવ્યા જ છીએ, હવે ક્યાં સુધી એ ચલાવવું છે ? એ ઝેર પોષવા માટે જાણે જડ વિષયોએ આપણા પર હક રાખ્યો છે ! તો શું જિનશાસનનો આપણા પર કોઈ હક અધિકાર નથી કે એની



રૂએ આપણી દૃષ્ટિમાં અમી વહેતું રાખીએ ? ધર્મનો તો ધર્મી પર હક પહોંચે છે. ધર્માત્માને પોતાને એમ ઉલ્લાસ હોય છે કે 'મારા પર ધર્મનો હક છે, અધિકાર છે.' આ પણ અમી છે. હકની રૂએ કમમાં કમ ધર્મે ફરમાવેલ કલ્યાણ દૃષ્ટિ તો રાખવી જ જોઈએ. ધર્મ આ ફરમાવે છે કે 'સૌથી મહત્ત્વ આત્માને આપો. જડમાત્ર કરતાં તમારો આત્મા મહાન છે એ બરાબર ખ્યાલમાં રાખો.' આ કલ્યાણ દૃષ્ટિનો આદેશ છે. ધર્મને આપણા જીવન પર કંઈક પણ હક હોવો જોઈએ, અને એથી મુખ્ય મહત્ત્વ આત્માને જ દેવું જોઈએ.

રાણી હવે આ પરિવર્તન પામી છે. એથી એક હાર અંગેની ગફલતનું નિમિત્ત પામી હવે ઠેઠ સંસારત્યાગ અને ચારિત્રજીવન સ્વીકારવાના ભાવ સુધી પહોંચી જાય છે. એમાં ટેકો પૂરનાર રાજા હતો. એણે મહાન તત્ત્વ સમજાવ્યું હતું તે હવે અવસર આવી લાગ્યે પોતાના જીવનમાં તત્ત્વ ઉતારવા અંગે પાછી પાની શું કામ કરે ?

**રાજા-રાણી જેલમાં :-**

રાજા રાણી બેઉ જણાં હવે ચાલ્યાં જેલ તરફ. અમીચંદ અંદર પુરાયેલો જોઈ રહ્યો છે, એને ક્ષોભ થાય છે કે આ કેમ આવતા હશે ! પરંતુ કર્મ પર શ્રદ્ધાવાળો છે એટલે મન વાળે છે કે 'થવા દો જે થાય તે.' એટલામાં તો રાજા રાણી દરવાજો ખોલાવી અંદર આવી હાથ જોડી કહે છે,

'ભાઈ ! માફ કરજો અમને, તમે હાર ચોર્યો નથી, ને અમારો હાર ચોરાયો નથી, તે રહસ્ય આજે જ સમજવા મળ્યું. અમે તમને ખોટા પજવ્યા તેની ક્ષમા કરજો...' એટલું બોલતાં બોલતાં આંખમાં ઝળઝળિયાં આવી જાય છે.

રાણી કહે છે 'બધો વાંક મારો છે. હું જ હાર ચોરાયાની ખોટી ભ્રમણામાં પડી, અને આ બધો ઉપાડો મેં કરાવ્યો. ભાઈ હું તમારી મહા ગુનેગાર છું. મેં ઘોર પાપ કર્યું છે ! તમને બહુ રંજાડ્યા છે, પણ હવે મને માફી આપો.'

**અમીચંદની જેલમાંથી મુક્તિ :-**

અમીચંદ સજ્જન છે, વિવેકી છે, એને રાજા માફી માગે એ અજુગતું અને અસહ્ય લાગે છે. એટલે પોતે રાજાના પગમાં પડી હાથ જોડી કહે છે.

'નામદાર ! માફ કરો, તમારે આ શાની માફી માગવાની હોય ? ગુનો મારો છે, દેવીએ સ્વપ્નમાં મને આદેશ કરેલો તે મેં ન પાળ્યો એનું મને આ ફળ મળ્યું છે. અસલમાં મારાં કર્મ આ કરાવી રહ્યાં છે, એમાં આપનો કોઈ વાંક નથી. માટે મહેરબાની કરી એવું કાંઈ બોલશો નહિ.'

આ સાંભળી રાજાને જિજ્ઞાસા થઈ, તેથી સ્વપ્નનો અહેવાલ જાણી લે છે.

પછી રાજા કહે છે, 'તમે આજથી છૂટા છો. હવે પધારો મહેલમાં.'

અમીચંદે તો કહ્યું કે 'મને છોડો છો તેથી આપનો ઘણો આભાર માનું છું. બાકી હવે મહેલમાં મારે આવવાનું શું કામ છે ?' પરંતુ રાજા-રાણી આગ્રહ કરીને એને મહેલમાં લઈ આવ્યાં. જેલર બિચારો આ બધું જોઈ મહા વિસ્મય પામી ગયો ! જિંદગીમાં નહિ જોયેલ તે જોવા મળ્યું, એટલે એણે તો પછી બીજાઓને વાત કરી કે હાર ચોરાયો નહોતો, ને મહારાજાએ અમીચંદ શેઠનું બહુ સન્માન કર્યું ! જેલમાંથી મહેલમાં લઈ ગયા.

**વિનયચંદને ઈર્ષ્યાથી જૂઠી કલ્પના :-**

એ વાત નગરમાં વહેતી થઈ. તે નાનાભાઈ વિનયચંદ્રને કાને આવી. એને ક્ષણભર ચમકારો લાગ્યો. પરંતુ પાછો મન મનાવે છે કે 'એમ રાજા શાનાં સન્માન કરે ? હાર શાહજોગ પકડાયો છે તે હવે સન્માન હોતાં હશે ?' ઈર્ષ્યાનો માર્યો બળી રહ્યો છે, એટલે સન્માનની સાચી વાત માનવા તૈયાર નથી ! ઉપર વધારે દ્વેષ કર્યા કરે છે ! ઝેરભરી દૃષ્ટિનાં નાટક ભારે !

**ઈર્ષ્યાથી સદ્‌ભાગ્ય-નાશ :-**

ઈર્ષ્યા એ એક એવો ઝેરીલો અવગુણ છે કે જેના પર ઈર્ષ્યા છે, એનું સારું કશું સાંભળવા તૈયાર નથી. દુનિયા જે ગુણોની અનુમોદના કરે છે એના જ પર દ્વેષ, બળતરા, મિથ્યા કલ્પના કરવા-વધારવાનું ઈર્ષ્યા કરાવે છે. એનો અર્થ શો થયો ? આ જ કે ગુણની અનુમોદના કરવાના સદ્‌ભાગ્યને ઈર્ષ્યા ફોડી નાખે છે; અને સન્માન-બહુમાનને યોગ્ય એવા પણ ઉત્તમ આત્માની પ્રત્યે અધિક દ્વેષની આગ સળગાવી આપે છે. આમાં પોતાના જ હૈયાને કાળું કરવા સિવાય, ને પોતાના જ સદ્‌ભાગ્યને ફોડી નાખવા સિવાય, છે કોઈ બીજો લાભ ? લાભ કશો જ નહિ, ઊલટું સ્વાત્મામાં પાપબુદ્ધિ અને પાપકર્મનાં કચરા વધારવાનું થાય છે.

**ઈર્ષ્યાથી બુદ્ધિનો બગાડો અને ખોટા વિકલ્પ :-**

જીવનમાં ઈર્ષ્યા, અહંત્વ, વક્રતા વગેરે એવી જાતના દોષ છે કે જે બુદ્ધિને બગાડે છે અને માણસાઈનો નાશ કરે છે ! સારું સૂઝવા દેતા નથી, ને ફોગટિયા દુષ્ટ વિકલ્પો કરાવી મફતિયા પાપના ભાર આત્મા પર લાદે છે. આની સામે કદાચ ચાર ભોળા જીવ આગળ તત્કાળ પૂરતું માન મળતું હોય તો એની શી કિંમત હતી ?

ચારમાં સારા તો ક્ષણવાર જ લાગ્યા, પણ પોતાની બુદ્ધિ કાયમ માટે બગાડી !

એનાથી અશુભ કર્મ દીર્ઘ કાળ દુઃખ દે એવાં ઊભાં કર્યાં ! શો સાર કાઢ્યો ? માટે જ,



ઈર્ષ્યા, અહંત્વ, વક્રતા વગેર દોષોને તો દૂર જ ફગાવી દેવામાં બુદ્ધિમત્તા છે, સ્વહિતરક્ષા છે, ને પરનો દ્રોહ કરવાથી બચી જવાય છે.

**અમીચંદની અમીદૃષ્ટિના બોલ :-**

અમીચંદને મહેલમાં લઈ જઈ હવે તો રાજા પોતાની સાથે કોચ પર બેસાડે છે, અને બનેલી વસ્તુનો ખુલાસો કરે છે.

ત્યારે અમીભરી દૃષ્ટિવાળો અમીચંદ કહે છે, 'ઓહો મહારાજ ! તો તો તમારો વાંક જ શાનો ? જ્યાં સુધી હાર ચોરાયેલો લાગ્યો અને પાછો એવો જ હાર બહારથી પકડાયો, એમાં વળી જેની પાસેથી એ મળ્યો એ કાંઈ ખુલાસો કરતો નથી, તો પછી એક ન્યાયી રાજા તરીકે જે તમે કર્યું તેમાં ખોટું શું છે ? માટે મનમાં કાંઈ જ માઠું લગાડશો નહિ; ને હવે મને ઘરે જાવા દો, ઘરે ઘરનું માણસ બિચારું છ મહિનાથી લોહીનાં આંસુ નાખતું બેઠું હશે !'

રાજા કહે છે, 'અરે ! શું કહો છો ? જુઓ આ અમારી બીજી જુલ્મગીરી કે તમારા ઘરના માણસને રંજાડ્યા ! હવે તો અમારે આ બધાનું મોટું પ્રાયશ્ચિત્ત કરવાનું છે. સિપાઈને નામ, સરનામું આપો એટલે એ તમારા પત્નીને પાલખીમાં બેસાડી માનપૂર્વક અહીં લઈ આવશે.'

**જિનમતિને પાલખીમાં મહેલમાં :-**

એમ કહીને રાજાએ સિપાઈને બોલાવી અમીચંદ પાસેથી બરાબર નામ ઠેકાણું વગેરે અપાવી આદેશ કર્યો કે જાઓ એમને સન્માનપૂર્વક પાલખીમાં લઈ આવો. કહેજો કે 'તમારા પતિનો ગુનો નથી, ને રાજા હવે એમનું ને તમારું સન્માન કરવા ચાહે છે.' સાથે અમીચંદ ચિઠ્ઠી લખી આપે છે, જેથી બાઈને વિશ્વાસ પડે.

બસ, રાજાનો હુકમ એટલે શી વાર ? રાજાના માણસો પહોંચી ગયા, સંદેશો આપ્યો, બાઈ જિનમતિ બિચારી સંકોચાય છે. રાજાના માણસો હાથ જોડીને પ્રાર્થના કરે છે, 'કાંઈ જ સંકોચ રાખશો નહિ. બેસી જાઓ પાલખીમાં. મહારાજ સાહેબ અને અમીચંદ શેઠ તમારી રાહ જોઈ રહ્યા છે. જુઓ આ શેઠનો કાગળ પણ છે !'

છતાં બાઈએ વિશ્વાસ નથી પડતો, એમ મનને થાય છે કે 'કોને ખબર ચિઠ્ઠી પરાણે લખાવી હોય તો ? આ સન્માનથી લઈ જાય, એમાં કોઈ શીલને ત્યાં જોખમ આવે તો ?'

જિનમતિ કહે છે, 'હમણાં તમે જાઓ, એક વાર શેઠને ઘરે આવવા દો એટલે મારા જીવને શાંતિ વળે. પછી એ કહેશે એમ કરીશું.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

રાજાનો અમલદાર મૂંઝાયો, 'શું કરવું ?' પાડોશીઓને એણે ભેગા કર્યા, સમજાવ્યું અને કહ્યું તમે બધા સાથે ચાલો. આમાં કાંઈ શંકા કરવા જેવું નથી. પાડોશીઓ સમજ્યા અને જિનમતિને સમજાવી એને પાલખીમાં બેસાડી પાડોશીઓની સાથે મહેલમાં લઈ આવ્યા.

**રાજા ક્ષમા માગે છે :-**

રાજા-રાણીએ જિનમતિનું સ્વાગત કર્યું. કહે છે, 'દેવી ! ક્ષમા કરજો, તમારા પતિને અને તમને અમે ખોટા રંજાડ્યા છે. અમારો હાર ચોરાયો નહોતો, અણજાણ જગાએ મૂકાઈ ગયેલો તે હમણાં મળ્યો. અને તમારો હાર બરાબર એના જેવો, તેથી અમે ભુલાવામાં પડી ગયા. માફ કરજો દેવી ! લ્યો આ તમારો હાર,' એમ કહી હાર આપે છે.

**જિનમતિની તત્ત્વવાણી :-**

જિનમતિ હાથ જોડી કહે છે, 'મહારાજ ! શું બોલો છો આ ? આપને ક્ષમા માગવાની હોય નહિ. આપ બહુ મોટા માણસ છો. અમારું કાંઈ જ તમે બગાડ્યું નથી, બગાડનાર તો અમારાં પોતાનાં કર્મ છે. આ બન્યા પહેલાં પણ અમારે કષ્ટ ભોગવવાનું ચાલું જ હતું તે શું તમારા લીધે હતું ? ના, એ તો જીવ પૂર્વજન્મનાં કર્મ ભોગવે છે. બીજા તો એમાં નિમિત્ત માત્ર છે, પછી ચાહ્ય સુખ હો કે દુઃખ, એનું ખરેખરું કારણ પોતાનાં કર્મ જ છે.'

રાજા જિનમતિની તત્ત્વવાણી સાંભળી મુગ્ધ થઈ જાય છે. એમાંય પાછી એના પતિને જેલમાં પૂરીને કેટલી બધી કષ્ટમય સ્થિતિમાં એને મૂકેલી, છતાં એ રાજાને દોષ દેવા તૈયાર નથી, એ વસ્તુએ એને પાણી-પાણી કરી નાખ્યો. વળી અમીચંદ અને જિનમતિ જેલ પૂર્વેથી કષ્ટ ભોગવતાં આવ્યાં છે એ અહીં જાણવા મળતાં રાજાને ભારોભાર દુઃખ થાય છે ! અમીચંદના જીવનની બીજી કોઈ ઘટના નહિ જાણવા છતાં બંનેના વર્તમાન શબ્દો અને વિવેક પરથી રાજાને એમ લાગી જાય છે કે 'આમનું જીવન કેટલું બધું ઉત્તમ હશે ! કેવા મઘમઘતા ગુણોભર્યું ઉજ્જ્વળ હશે !'

**ક્યાં અમારી પુણ્યના થોક વચ્ચે ય લોભ-મોહ-મદભરી દુર્દશા ! અને ક્યાં આમની કષ્ટ ભરેલી સ્થિતિમાં ય નિઃસ્પૃહતા, વિવેક અને સ્વસ્થતાભરી નિર્મલ ઉન્નત અવસ્થા !** તો શું જગત પર આવી વિભૂતિઓ ઉત્તમ જીવનનાં પ્રત્યક્ષ દૃષ્ટાંત બતાવી રહી છતાં અમે એનું આલંબન ન લઈએ અને અધમ જીવન નભાવ્યે જઈએ ! ના, ના, હવે તો જીવન પલટ્યે જ છૂટકો...'

**ઉત્તમ જીવન-વર્તન-વચનનો પ્રભાવ :-**



રાજાના મન પર પડી રહેલી જબરદસ્ત અસરનું કારણ જોવા જેવું છે. એકનું ઉચ્ચ જીવન એને પોતાને તો લાભ કરે જ, પરંતુ બીજાઓને ય કેવું મહાન આલંબન આપે છે ! કોરું ભાષણ નહિ પણ વર્તન કામ કરે છે. અમીચંદ અને એની પત્નીનું જીવન જ એવું સુંદર જોવા મળે છે કે એની ભારે અસર રાજા અને રાણી ઉપર પડે છે ! આનો અર્થ એ છે કે આપણે સારું જીવન જીવીએ એથી માત્ર આપણી જાત પર ઉપકાર કરીએ છીએ એમ નહિ, કિન્તુ બીજાઓ જે આપણું જીવન જોઈ સારી અસર લેશે એના પર પણ આપણે ઉપકારી બનીએ છીએ, ત્યારે આપણું સારું જીવન, સારું વર્તન, સારું વચન આપણા ઉપરાંત બીજા અનેકોનું હિત થવામાં જો નિમિત્ત બનતું હોય, તો એવું જ જીવન-વર્તન-વચન રાખવાં સારાં ? કે હલકાં વર્તન-વચન ? બીજાઓ આપણી પ્રવૃત્તિની વર્તાવની અસર લેશે, એનો જો બરાબર જાગતો ખ્યાલ રહે તો વાણી-વર્તાવમાં સારી સાવધાની આવે. જીવન તો કૂતરા-બિલાડાય જીવે છે, પરંતુ આપણે એવું જીવન જીવીએ કે જેથી પુષ્પની જેમ એની સુવાસ ચારે બાજુ પથરાય, તો એ જીવ્યું પ્રમાણ ગણાય.

**મહેલમાં સરભરા :-**

રાજા ઘણો મુગ્ધ થઈ ગયો છે; વળી નિર્દોષ અમીચંદને જેલમાં છ મહિના કનડ્યા બદલ હૈયે ભારે પશ્ચાત્તાપ છે, એટલે હવે એ ભૂલના પરિમાર્જન રૂપે પણ સારું કરવા ઝંખી રહ્યો છે. તેથી પહેલું કામ તો એ કરે છે કે માણસોને હુકમ કરી અમીચંદ અને તેની પત્ની જિનમતિને સ્નાનાદિ કરાવી નવાં કપડાં અલંકાર સજાવે છે. પછી પોતાની સાથે ભોજન કરાવે છે. રાણી ખુદ પોતે ભક્તિ કરનાર છે, તે બાકી શું કામ રાખે ? અમીચંદ ઘણું ય કહે છે કે આટલી બધી સરભરા ન હોય, પરંતુ રાજા અને રાણી હાથ જોડીને વિનંતી કરી કરી ભક્તિ કર્યે રાખે છે.

**બંનેયની દૃષ્ટિમાં અમી વહી રહ્યું છે :-**

અમીચંદને મન 'રાજાએ સંયોગો જોઈ ન્યાય તોલ્યો હતો અને જેલની સજા કરી હતી તેમાં એની ભૂલ ન જોવી; બન્યું તે પોતાના કર્મ અનુસાર બનેલું માનવાનું.'

રાજાને મન 'પોતાની એ મોટી ભૂલ હતી તો એનું પરિમાર્જન સારામાં સારી રીતે કરવું જ જોઈએ.'

કેવી સુંદર અમીભરી દૃષ્ટિ ! જીવન જીવીએ છીએ ઉચ્ચ મનુષ્ય પ્રાણી તરીકેનું, તો દૃષ્ટિ અનેક અમીઓભરી કેળવ્યે જઈએ એ જ ઉચિત છે, એમાં જ જીવનની શોભા અને સફલતા છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**બે મહાન અમી :-**

બીજાની ભૂલ ન જોતાં એના સંયોગો વિચારવા અને પોતાનાં કર્મ પર નજર રાખવી એ એક અમી;

તથા જ્યાં પોતાની ભૂલ દેખાય ત્યાં એના પરિમાર્જન માટે વધારેમાં વધારે સારું કરી છૂટવાની તમન્ના રાખવી, એ બીજી અમી,

-આ બેમાં મન કેટલું ફોરું રહે છે ! સ્વભાવ કેટલો સુંદર ઘડાય છે ! ત્યારે બીજા પર કેવી સુંદર છાયા પડે છે !

**હાથીના હોદ્દે નગરમાં :-**

રાજા હવે દીવાનને બોલાવી પરિસ્થિતિ સમજાવીને કહે છે, 'એકવાર આમને હાથીના હોદ્દે ચઢાવી બેન્ડ-વાજા પરિવાર સાથે સન્માનપૂર્વક આખા નગરમાં ફેરવો અને સાથે જાહેર કરતા રહો કે મહારાણીનો હાર આમણે ચોર્યો નહોતો, તથા આ એક મોટા નિર્દોષ સજ્જન ગૃહસ્થ છે. પછી પાછા લાવો એટલે બીજી વાત.'

બસ, હુકમ એટલી વાર; દીવાને બધી વ્યવસ્થા કરી દીધી. અમીચંદ અને જિનમતિએ ઘણીય આનાકાની કરી કે આટલું બધું કરવાનું હોય નહિ, પરંતુ રાજાએ અને રાણીએ ખૂબ ખૂબ મનામણાં કરી મંજૂર કરાવ્યું. જે રાણી એકવાર હાથીના પગ નીચે છુંદાવી નાખવાનું કહેતી હતી એ જ હવે હાથીના હોદ્દે બેસી સન્માન સાથે નગરમાં ફરી આવવા વીનવે છે ! કાળની બલિહારી ? કે અમીચંદના પુણ્યની ? યા એના પુણ્યની ?

**કાર્યમાં પાંચ કારણો કામ કરે છે,** ભવિતવ્યતા, કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ. એમાં કાર્ય વિશેષમાં અમુક અમુક કારણ વિશેષ મહત્ત્વનો ભાગ ભજવતું ગણાય છે. અહીં અમીચંદના પુણ્ય કર્મનો ઉદય એ એ સ્થિતિનું કારણ છે. બાકી ભવિતવ્યતાએ રાણીને છ મહિના બાદ જ અલંકારોનો સ્ટોક લેવાની બુદ્ધિ જગાડી, અને હાર હાથમાં આવ્યો ! કાળ અને ભવિતવ્યતા બંનેએ કામ કર્યું. અમીચંદનો ઉત્તમ જીવન જીવવાનો પુરુષાર્થ એવો કે એણે રાજા-રાણીને આટલા બધા આવર્જી લીધા ! રાજા-રાણીને ભારે પશ્ચાત્તાપ થવા પર આ સન્માન ઊભું થયું એ વસ્તુ-સ્વભાવ કામ કરી રહ્યો છે.

**પાંચ કારણના વિચારથી સમાધિ :-**

દરેક કાર્ય પાછળ કામ કરતાં આ પાંચ કારણોનો સમ્યગ્વિચાર રાખવામાં આવે તો વિકટ પ્રસંગોમાં પણ મનને અદ્‌ભુત સમાધાન મળે છે. તેવાં તેવાં કારણ કામ કરતાં હોય એટલે એવું અમુક જાતનું કાર્ય થાય જ; પછી ખેદ કરવાની કે બહુ હરખાઈ જવાની જરૂર શી ? દૃષ્ટિ એક જ રાખવી જોઈએ કે સારાં નક્કર કારણો



જ મેળવવાં; નરસાં કાર્યથી બચવા માટે તેવાં તેવાં કારણોથી જ દૂર રહેવું. આ દૃષ્ટિ રાખી જીવન જીવવું એ અમીભરી દૃષ્ટિનું જીવન ગણાય. એમાં જીવને કેટલી બધી શાન્તિ, સ્વસ્થતા અને સ્ફુર્તિ અનુભવાય છે ! જીવન ગુણસંપન્ન બને છે, યશસ્વી બને છે, દુષ્કૃતોથી બચી સુકૃતોનું ખપી બને છે.

અમીચંદ અને જિનમતિને મોટા શેઠિયાની જેમ હાથીના હોદ્દે બેસાડી મહા સન્માન સાથે આખા નગરમાં ફેરવવામાં આવે છે. એમનો જયજયકાર વર્તે છે. લોકો મુગ્ધ થઈ જાય છે. પણ વિનયચંદનું શું ?

**વિનયચંદને હજી ય ઈર્ષ્યા :-**

વિનયચંદ અને એની પત્ની તારાને ય આ જયજયકાર નજરો નજર જોવા મળે છે ! કહેનારા એમ કહે છે 'આ જુઓ તમે ભાઈને છોડાવવાનું ન કર્યું, પણ એમનાં પુણ્ય સાબૂત તે માત્ર જેલમાંથી છુટકારો જ નહિ, કિન્તુ આ રાજશાહી સન્માન પામ્યા !' વિનયચંદ હવે શું બોલે ? સાંભળી લે છે. હજી મનનો ઈર્ષ્યાનો કીડો જીવતો છે, તે તારાને ખાનગીમાં કહે છે 'જો આમાં ય કાંક પ્રપંચ રચ્યો લાગે છે ! નહિતર આવો મોટો રાજા આટલો અંજાઈ જાય ?'

તારા કહે છે 'ખરી વાત. ત્યારે તો જુઓને આવાં સન્માનમાં ભાઈને તમે ક્યાં યાદ આવ્યા ? નહિતર તમને તો પહેલાં બહુ વહાલ દેખાડતા હતા, તે આવા ટાણે ભૂલે ? પણ બધું વહાલ કૃત્રિમ બનાવટી હતું તે આ દેખાય છે. અને જુઓને આ આપણા ઘર પાસેથી જઈ રહ્યા છે, પણ સામુંય જુએ છે ?'

અમીચંદ બિચારો નાના ભાઈને શરમ ન લાગે કે એના મનમાં દુઃખ ન થાય માટે સામે જોતો નથી, પરંતુ આ ઈર્ષ્યાભરેલી તારા એની કેવી ખતવણી કરે છે ! સ્ત્રી જાત તો બંને ય છે, તારા ય સ્ત્રી છે, અને જિનમતિ પણ સ્ત્રી છે, પણ બંને વચ્ચે કેટલો ફરક !

જિનમતિ ભૂતકાળ ભૂલી જઈ અમીચંદને કહે છે કે 'વિનુને ને તારાને સાથે લઈ લો.'

પણ અમીચંદ કહે છે, 'હમણાં જરા ધીરજ ધરો. એમનાં મનને કદાચ દુઃખ થાય, સંકોચ થાય; બાકી પછીથી માને કહ્યું છે એ મુજબ એમને આપણે સારામાં સારી રીતે રાખવાના છે.'

જિનમતિ અવસર ઓળખી મનમાં કોડ કરતી બેસે છે કે 'ક્યારે એ બંનેને પાછા ઘરમાં લાવી સારામાં સારી રીતે રાખું !'

**અંદર દૃષ્ટિ નાખો :-**

**ગામડાની ને શહેરની કન્યા :-** આ ગામડાની કન્યા હતી, પેલી શહેરની



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કન્યા હતી, કોણ ચઢે ? કોણ ભણેલી કેળવાયેલી કહેવાય ? આજની કેળવણી પાછળ ઘેલા થઈ ગયા છો ને ? કન્યા શહેરની મેટ્રિક-કૉલેજિયન છે એ જોઈને હરખાઓ છો. ગામડાની બિચારી એટલું ભણેલી નહિ, અને માથાં ઉઘાડાં, પૂંછડાં બે બહાર દેખાતાં, બોલચાલ નાટકિયા, આવું કશું એને આવડે નહિ માટે અણઘડ લાગે છે ! કેમ ખરું ને ? પણ અંદરનું એનું દિલ જોવા તરફ દૃષ્ટિ છે ? સંસ્કારી અને સાચા પ્રેમ વિનય-સેવા-સમર્પણ ભર્યું હૃદય ક્યાં છે એ તપાસ કરો ખરા ? એ માબાપ અને વડીલોનો વિનય-અદબ કેવી સાચવે છે ? ભાઈ-બેન સાથે અને પાડોશી સાથે કેવી વર્તે છે ? સ્વભાવ કેવો છે ? સ્વારથિયો કે પરગજુ ? કૃપણ કે ઉદાર ? જૂઠાબોલો કે સત્ય-પ્રિય ? ખાવકલો કે સંતોષી ? કન્યા પસંદ કરવી હોય તો આવી કોઈ તપાસ કરાવો ખરા ? ના, માત્ર રૂપરંગ અને ડિગ્રી જોવાની ? કેટલી મૂઢ દશા ? પછી એ વિનયહીન, જૂઠા બોલી, સ્વાર્થી, લંપટ, કૃપણ, અભિમાની વગેરે હોય ને છોકરાને લમણે લગાડી કે છોકરે જાતે પસંદ કરી, તો પરિણામ શું ?

**ઈર્ષ્યા ભાન ભુલાવે છે :-**

તારા શહેરની કન્યા હતી, વિનયચંદને હજી પણ ઝેર પાઈ રહી છે. મહા સજ્જન એવા અમીચંદ અને જિનમતિ પર ભારોભાર દ્વેષનો અગ્નિ હૈયે હજી પણ રાખી રહી છે ! લોકોમાં તો જેમ જેમ વધારે જય જય નાદ બોલાઈ રહ્યો છે તેમ તેમ આ વધુ ને વધુ સળગી મરે છે ! જાણે એનું ચાલે તો શું ય વેતરણ કરી નાખે ! પરંતુ એને ભાન નથી કે 'જો કર્મ રુઠ્યાં, તો તારી કઈ દશા ? એ વખતે હાયવોયનો પાર નહિ રહે. ઈર્ષ્યાના માર્યા ઊંધું વેતર્યું હશે, નિંદાઓ કરી હશે, અને તેથી બીજાઓને ભડકાવ્યા હશે, પણ એ પછી કર્મજન્ય દુર્દશા વખતે સામું જોવાય નહિ આવે.' આનો કશો વિચાર નથી અને અત્યારે પુણ્યાઈ પહોંચે છે, માટે ઈર્ષ્યામાં સબડ્યા કરવાનું થાય છે.

ઈર્ષ્યા કેટલી ભયંકર ચીજ છે ! વિનયચંદ નજરો નજર દેખે છે કે મોટાભાઈની રાજશાહી સન્માન સાથે બોલબાલા થઈ રહી છે, નગરમાં ચારે તરફ વાહ વાહના ઉદ્ગાર નીકળી રહ્યા છે, છતાં ઈર્ષ્યાનો માર્યો અધિક બળી રહ્યો છે. અત્યારે ખરેખર ખુશી થવાનો અવસર છે, મોટાભાઈના માથેથી કલંક ઊતરી જઈ, એ એક મહાન સજ્જન સદ્ગૃહસ્થ તરીકે રાજા તરફથી પૂજાઈ રહ્યો છે, પરંતુ આંતરિક મનના ઈર્ષ્યાના રોગને લીધે વિનયચંદ અને એની પત્ની આનંદ માની શક્તી નથી. તાવના રોગમાં મીઠું પણ પકવાન્ન અકારું અરુચિકર લાગે છે એમ આ ઈર્ષ્યાના આત્મરોગમાં સામાના સારા પણ ગુણ અકારા લાગે છે, અરુચિકર



લાગે છે, આનંદના સ્થાને બળતરા થઈ રહે છે.

**માણસના દિલને કોણ બાળે છે ને કોણ ઠારે છે ?** બહારના તત્ત્વ કરતાં તો અંદરના ગુણદોષ જવાબદાર છે. બહાર ધનના ઢગલા પડ્યા હોય, પણ અંદરમાં ઈર્ષ્યા વગેરે દોષ હોય, તો તે આનંદ ભુલાવી દઈ બળતરા આપ્યા કરે છે. એનાથી પરલોક માટે ઘેરી કુઅસર ઊભી થાય છે. ઈર્ષ્યાદિ એ અંતરાત્મામાં ગડમથલ છે ને ? એટલે એ આત્મામાં દૃઢ રંગ જમાવી દે છે. માટે જ જીવન જીવવાની આ ખૂબી છે કે બહાર કર્મસંયોગે ગમે તેવી પરિસ્થિતિ ચાલતી હોય, પરંતુ અંતરાત્માને બહુ સ્વસ્થ અને સ્વચ્છ રાખવો. બહારની બહુ અસર લેવી જ નહિ, બહુ હર્ષના ઉન્માદ કે ખેદના રોતડવેડા કરવા જ નહિ. હૃદય સાવ ફોરું અને જડ પ્રત્યે બેપરવા રાખવું; સાથે દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, મદ, માયા વગેરે કોઈ જ કચરા ન પેસવા દેતાં તદ્દન સાફ સ્વચ્છ હૈયું રાખવું. આ જો આવડે તો એનાથી દિલને જે મહાન શાંતિ રહે છે એની આગળ દેવતાઈ આનંદ પણ ફિક્કા છે.

**અમીચંદને પહેરામણી :-**

અમીચંદને નગરમાં ફેરવી પાછા રાજમહેલે લાવવામાં આવે છે. રાજાની ઈચ્છા તો બહુ મોટી છે, અને એ અમીચંદને કહે છે, પરંતુ અમીચંદ તત્કાલ માટે એનો ઈન્કાર કરે છે. તેથી છેવટે મોટી પહેરામણી સાથે રજા આપે છે તેમજ પોતાના એક અંગત સલાહકાર તરીકે રોજ બે કલાક મળવા આવવાનું નક્કી કરાવે છે.

**વિનયચંદની ખુવારી :-**

અમીચંદે હવે દુકાન કરી. દબદબાભર્યા રાજશાહી સન્માનથી એની ભારે ખ્યાતિ તો પ્રસરી જ ગઈ છે એટલે વેપાર ધમધોકાર ચાલ્યો. વેપારમાં પાછી પ્રામાણિકતા, દયા, અલ્પ લોભ, નિખાલસતા વગેરે તો મુખ્ય રાખ્યા છે, એટલે જૂના ઘરાકો અને નવા પણ કેટલાય ઘરાક આવી મળ્યા. પરિણામ એ આવ્યું કે વિનયચંદમાં આવા સદ્ગુણો હતા નહિ અને કર્મનો સંયોગ પણ ફર્યો, તેથી એનો વેપાર તૂટતો ગયો. એમાં પાછો પોતાના પુણ્યના ભરોસે વેપારમાં ખોટું સાહસ ખેડવા ગયો, તે માર સજ્જડ પડ્યો, મૂડી તો સાફ થઈ ગઈ, ઉપરથી મોટું દેવું થઈ ગયું ! દેવું ભરપાઈ કરવા દુકાન અને દાગીના વેચવા પડ્યા, ઘર ગીરે મૂકવું પડ્યું, છતાં દેવું માથે ઊભું રહ્યું ! બજારમાં બહાર નીકળવાનું ભારે થઈ ગયું. આ બધું જોતજોતામાં બની ગયું.

**કર્મ કોનાં કેવાં ઊંધાં વાળે છે ! :-**

કર્મ રુઠે છે ત્યારે કોની શરમ રાખે છે ? કોના હિસાબ ઊંધા નથી વાળતું ? મોટા સામ્રાજ્ય ભોગવનારને પણ એ જંગલમાં ભટકતા કરી દે છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

અડીખમ પહેલવાન કાયાવાળાને પણ ભયંકર રોગમાં સબડાવે છે ! મોટા પરિવારવાળાને એકલદોકલ બનાવી દે છે ! શેઠશાહુકારી ભોગવી હોય એવાને મામૂલી નોકરી કરતા કરી દે છે ! મદોન્મત્તના ય છક્કા છૂટી જાય. દીન-હીન-કંગાળ બની જાય, એવી દુર્દશા રુઠેલાં કર્મ લાવી મૂકે છે. એ ક્યારે લાવી મૂકે. એનો ય પત્તો નહિ. કોઈ નોટિસ નહિ, સંદેશો નહિ, ચેતવણી નહિ.

**કર્મસજા કરતાં ધર્મસેવાની વડાઈ :-**

માટે જ પુણ્યના ભરોસે રહેવા જેવું નથી. રુઠેલાં કર્મ બધું પડાવી લે એ પહેલાં સુકૃત-પરમાર્થ કરી લેવા જેવાં છે. રોગ આરોગ્યને હણી શરીરને દુર્બળ બનાવી જાય એના કરતાં નીરોગી અવસ્થામાં ત્યાગ અને તપસ્યા કરી લેવી શું ખોટી ? ખોટનો વેપાર પૈસા તાણી જાય એ કરતાં સારી સ્થિતિમાં દાન, પરોપકાર કરી લેવા શું ખોટા ? કર્મ શેઠાઈ મુકાવી નોકરી પકડાવીને નમ્ર બનાવે એના કરતાં શેઠાઈ વખતે પણ નમ્રતા અને દાન અખંડ વહેવડાવવાં શું ખોટાં ? કર્મની સજા ભોગવી ગુમાવવાનું આવે એના કરતાં ધર્મની સેવામાં આપી દેવું, એનું કેટલું બધું મહત્ત્વ છે !

**વિનયચંદ-તારા ઝગડે છે :-**

વિનયચંદની સ્થિતિ હવે કપરી બની ગઈ છે. પૈસા પાસે રહ્યા નથી, ઊલટું માથે દેવું છે. અમીચંદની જે હાલત થઈ હતી તેના કરતાં ય ખરાબ દશામાં મુકાઈ ગયો છે ! વિશેષ ખરાબી તો એ છે કે અમીચંદના જેવું ધીર ઉદાર અને ધર્મિષ્ઠ દિલ નથી એટલે હવે પોતાની પત્નીને ટોણા માર્યા કરે છે, કે 'આ જો તેં વેપારમાં સાહસ કરવાની સલાહ આપી ને પાયમાલ થયા !'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૩૨,તા.૧૮-૫-૧૯૬૩

પેલી ય કાંઈ ઊતરે એવી નથી, એ ય સામે ઠોકે છે, 'પણ તે વેપાર તો તમારે કરવાનો હતો ને ? બજારમાં કાંઈ મારે આવવાનું હતું ? તમારે જોવું જોઈતું હતું ને ?'

વિનયચંદ કહે છે, 'હું શું રાખ જોઉં ? આ તેં મને આંધળો બાયડીમુખો તો બનાવી દીધો હતો, તે બધું તારી સલાહ મુજબ મારે કરવું પડતું.'

તારા કહે, 'તે તમને ય ગમતું હતું ને કરતા હતા ને ? થોડું જ તમે એકલું મારી ખાતર કરતા હતા ? એવું હોત તો સારા વખતમાં મને થોડી સારી રકમ ન સોંપી હોત ? તો આજે તમારા ભેગા મારા ય બેહાલ તો ન થાત ?'



વિનયચંદ ઊકળી ઊઠે છે, 'એટલે શું કહેવા માગે છે ? મારા બેહાલ હોય છતાં તારે સારું રહેવું હતું ? ઓળખી ઓળખી તને, આજ તારી નાલાયકતા છે, સ્વાર્થાંધતા છે, તારા કરતાં તો મારા ભાઈ અને ભાભી સારાં કે પોતે બધું સોંપી દેવા તૈયાર હતાં. જિંદગીમાં કદી એમણે મને ઓછું આવવા દીધું નથી. આ તેં આવીને તો મને પાયમાલ પાયમાલ કરી નાખ્યો ! જુઆરું કરાવ્યું, સંબંધ તોડી નખાવ્યા, ને આજે એવી સ્થિતિમાં મૂકી દીધો કે અત્યારે હું શું મોઢું લઈને એમની પાસે જાઉં ? તેં તો મારું સત્યાનાશ કાઢ્યું.'

**પત્નીને શું શિખવાય ?**

દૃષ્ટિમાં ઝેર શું કામ કરે છે ? વિનયચંદ પોતાની મોહમૂઢતાનો વાંક નથી જોતો, સ્ત્રીનો વાંક જુએ છે. સ્ત્રી ગમે તેટલું ચઢાવવા માગતી હોય, પરંતુ પોતાનું કલેજું ઠેકાણે હોય તો શું કામ એનું માને ? એને સાફ કહી ન દે 'બેસ, તું તો આજકાલની આવેલી છો, અને મારા વડીલ તો મારા જન્મથી મને આજ સુધી સંભાળતા આવ્યા છે. એનો હું દ્રોહ કરું ? તારા લટકા અને ઢોંગી ચાળા પાછળ કુતઘ્ન, હરામી, નીચ થાઉં ?

'આજ એમનો દ્રોહકારી થઈશ, તો સમજી રાખજે કે કાલે મારા સ્વાર્થમાં તારો દ્રોહ કરનારો થઈશ. પણ મારે એવા થવું નથી માટે ડાહી થા. ઉપકારીનો ઉપકાર ન ભુલાય. ઊલટું હું ભૂલતો હોઉં, તો તું સાવધાની આપ કે 'કર્તવ્ય ન ભૂલશો. ઉપકારીની સેવા, મર્યાદા, આમન્યા બરાબર જાળવો.' આવું શિખવાડે તો જ તું મારી સાચી સ્નેહિની ગણાય.

'બાકી તારે જો મને કર્તવ્યથી અને ઉપકારીની કૃતજ્ઞતાથી ભ્રષ્ટ કરવો હોય, તો તો તું મારી દુશ્મન છે, પત્ની નહિ. પછી તારે ને મારે શા સંબંધ રહેવાના હતા ? શી રીતે દિલ મળવાના હતા ? અહીં બધી સુંવાળાશ અને સ્વતંત્રતા સૂઝે છે ! પણ બાપના ઘરે બાપનું ને માનું કેટલું સહન કરતી હતી ? સુખે રહેવું હોય તો બધાનું સહન કરવું પડશે, અને આપણે સારા હોઈએ તો કોણ આપણું બગાડવા આવે છે ? આપ ભલા તો જગ ભલા. એટલે તારી ખોટી શિખવણી મારે જોઈતી નથી. પાલવે તો ખુશીથી રહે, નહિતર બાપનું ઘર ખુલ્લું છે. બાકી અહીં મારા ઉપકારી વડીલોનો દ્રોહ કરવાનું મારાથી નહિ બને.'

વિનયચંદને આવું કોઈ શિખવાડવા સમજાવવાનું આવડ્યું નથી, કામરાગમાં આંધળો થઈ ઘસડાયો છે, મોહમૂઢ બન્યો રહ્યો છે, હવે સ્ત્રીનો દોષ કાઢે છે કે 'તેં મારું સત્યાનાશ કાઢ્યું !' એમ પત્ની તારા પણ પતિનો દોષ જોઈ રહી છે, તે સામા બોલ માથામાં મારે છે, 'આ તમને પરણીને છેવટે આ શિરપાવ મળ્યો !'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

શું છે આ બધું ? દૃષ્ટિમાં ઝેર. અમીચંદ અને જિનમતિની દૃષ્ટિમાં અમી વહી રહ્યું હતું તો અહીં આનાથી ઊલટી જ સ્થિતિ હતી ! મહાગરીબી અને ભૂખમરાની હાલતમાં પણ જીવન ખારું નહોતું બન્યું. ત્યારે વિનયચંદ અને તારાનું જીવન ખારું બની ગયું છે.

**જીવન ખારું મીઠું કોણ કરે છે ? દૃષ્ટિ, ધોરણ, વલણ. અમીભરી દૃષ્ટિથી જીવન અમીભર્યું મીઠું બને છે, ને ઝેરભરી દૃષ્ટિથી જીવન ખારું, ઝેરભર્યું બને છે.**

**અમીભરી દૃષ્ટિ એ પૈસા-પ્રતિષ્ઠા છે :-**

ભગવાન જિનેશ્વરદેવનું શાસન આ અમીભરી દૃષ્ટિ શીખવે છે, દૃષ્ટિની નિર્મળતા કરે છે. એવું સુંદર માર્ગાનુસારી જીવન, યોગની પૂર્વસેવા, શિષ્ટાચારો, સમ્યક્ત્વના વ્યવહાર, શ્રાવકના વ્રત-નિયમો અને આચાર-અનુષ્ઠાનો તથા યોગ્યતાના ગુણો જિનશાસન એવા બતાવે છે કે દૃષ્ટિમાં અનેક પ્રકારનાં અમી વરસી જાય, અમી સતત વહેતાં રહે ! પાપભર્યા સંસારમાં આવું જિનશાસન આપણને મળે એ આપણાં મહા અહોભાગ્ય છે ! અને,

**સાચો પુણ્યોદય-પાપોદય ક્યો ? :-**

ખરો ભાગ્યોદય આજ છે કે આવા મહાન કલ્યાણકર જિનશાસનની પ્રાપ્તિ થઈ છે. એની સામે પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા મળવા એ કોઈ નક્કર ભાગ્યોદય નથી. માટે જ એ ઓછું ય મળ્યું હોય તો તે મોટો પાપોદય પણ નથી. જો જિનશાસન મળ્યું નથી તો એ મહાન પાપોદય છે અને શાસન મળ્યું છે તો સાચા પુણ્યશાળી છીએ. પછી ચમરબંધીની પરવા કરવાની જરૂર નથી, શ્રીમંતો કે બહુ પ્રતિષ્ઠા-પરિવારવાળાને જોઈ વિલખા પડવાની, દીનતા કરવાની કે ઓછું માનવાની જરૂર નથી.

**વિશ્વમંગળ જિનશાસન મળ્યાથી સાચા શ્રીમંત છીએ.**

**જિનસંઘ-સાધર્મિક મળ્યાથી સાચા પરિવારવાળા છીએ.**

**જૈન આચારવિચાર અને અમીભરી દૃષ્ટિ મળ્યા પર ખરેખરી પ્રતિષ્ઠાવાળા છીએ.**

**શાસનની કદર કેમ થાય :-**

વાત આટલી છે કે આંધળા કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ અને જડરાગ-ભૌતિકરાગમાં ન તણાઈએ તો જ આવા ઉચ્ચ જિનશાસનની કદર થાય, એણે શિખવાડેલી અમીભરી દૃષ્ટિ અપનાવાય. એ દૃષ્ટિને સ્થિર કરવા માર્ગાનુસારિતાના અને અનેક ઉપરની ભૂમિકાની યોગ્યતાના ગુણોનો ખપ કરાય. એ વિના અમીભરી દૃષ્ટિ ટકવી મુશ્કેલ છે, ટકી શકે નહિ.

વિનયચંદે કામરાગમાં ગુણો ગુમાવ્યા છે, એટલે પહેલાં તો નાનપણમાં



ભાઈ-ભાભીનાં જીવન પરથી અમીભરી દૃષ્ટિ શીખ્યો પણ હશે, છતાં હવે એણે એ ગુમાવી નાખી છે; અને તારા તો બિચારી ઈર્ષ્યા અને વિષયાંધતા-સ્વચ્છંદતામાં ઝેરભરી દૃષ્ટિવાળી જાતે બનેલી જ હતી, ઉપરથી પતિને પણ એવો બનાવ્યો. હવે બંનેનાં જીવન ખારાં અને પરસ્પરનો વાંક કાઢી બળનાર-બાળનારાં બન્યાં છે.

**અમીચંદ-જિનમતિની લાગણી :-**

અમીચંદને વિનયચંદની દુઃખી પરિસ્થિતિમાં સમાચાર મળ્યા, એટલે એ પત્નીને કહે છે, 'જાણવા મળ્યું છે કે વિનુની પરિસ્થિતિ બગડી ગઈ છે, પૈસે ટકે એ તદ્દન ખલાસ થઈ ગયો છે.'

જિનમતિ કહે છે, 'એમ ? તો પછી આપણે તો માજીને વચન આપ્યું છે કે વિનુને સવાયો સાચવીશું. એટલે તો પછી આવું સાંભળીને કેમ બેસી રહેવાય ? તમે જાઓ એની ખબરઅંતર પૂછો.'

**ખબરઅંતર શા માટે પૂછવી ? :-**

અમીચંદ કહે છે, 'ખબરઅંતર પૂછીને પછી શું કરવાનું ?'

'શું કરવાનું ! કેમ વળી ? એને આપણે મદદરૂપ થવાનું, અને જરૂર પડ્યે એને અહીં જ લાવી આપણા ભેગો રાખવાનો.'

**સામાના ઊંધા સ્વભાવમાં ફાવે ? :-**

'પણ એની વહુનો સ્વભાવ તો જાણો છો ને ? ભેગું ફાવશે ?'

'અરે ! દુઃખમાં તો માણસના સ્વભાવમાં ફરક પડી જાય. એટલે હવે એ પહેલા જેવા ન હોય. અને આપ ભલા તો જગ ભલા. તમે જલદી જાઓ, બિચારા દુઃખી થતા હશે ! ગમે તેમ તો ય વિનુ મારો છે. એનાં દુઃખે મને શાંતિ નહિ વળે.'

**સામાના ગુના યાદ આવે તો ? :-**

અમીચંદને જિનમતિમાં પૂર્વના જેવું જ માતૃવત્ વાત્સલ્ય દેખાય છે, એથી એને હૃદયમાં અતીવ હર્ષ થાય છે. પણ પાછો પૂછે છે, 'પણ તમે આ શું બોલો છો ? તમને ભૂતકાળનું કાંઈ મનમાં નથી આવતું ?'

આ કહે છે, 'અરે ! તમે તે કાંઈ ગાંડા થયા ? ભૂતકાળનું શું યાદ કરવાનું હતું ? એ તો આપણાં જ પૂર્વજીવનનાં પાપકર્મની સજા હતી. એમાં એને બિચારાને દોષ કેમ દેવાય ? તમે જાઓ, જલદી જાઓ, એને અહીં જ લઈ આવો. હવે દુઃખના લીધે વિનુ એ મારો પહેલાનો જ વિનુ બની ગયો હશે !'

**પરનું હલકું યાદ કરવું એ હૃદયનો મેલ છે. એ ભૂલનારું હૃદય સ્વચ્છ છે.** જિનમતિના સ્વચ્છ હૃદયમાં પોતાની આપદા વખતે આ દિયરિયાએ દેખાડેલી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

કૃતઘ્નતા, કે જુઆરું કરતાં એ આંચકી ગયેલ બધો જ તર માલ તથા સારું ઘર ને મોટી દુકાન, એમાંનુ કશું જ યાદ આવતું નથી, અને માતાના જેવું વાત્સલ્ય વહે છે ! એ વસ્તુ પર અમીચંદને ભારે આનંદ થાય છે. એ ભાઈને ઘરે લઈ આવવા ઊભો થાય છે. ત્યારે એનું પણ હૃદય કેટલું બધું નિર્મળ !

**પુણ્યની એક મહાન કદર :-**

નિર્મળ સ્વચ્છ દિલની પાછળ બંનેની અમીભરી દૃષ્ટિ કામ કરી રહી છે. અમી એ જ કે હવે પોતાની સ્થિતિ સુધરી આવી છે તો પુણ્યની કદર કરવી.

**પુણ્યની શી કદર ? :-**

આ જ કે પુણ્ય પૂર્વે હૃદયના સારા ભાવ અને કાયાનાં સારાં સુકૃતમાંથી ઊભું થયેલું, તો હવે એના ઉદયમાં પણ એ જ કરવું.

છોકરો જન્મતાં જે જાહોજલાલી કરી, હવે એનો ઉદય થતાં એ જાહોજલાલી કરવાને બદલે ઊંધા વર્તાવ કરાય ? એમ પુણ્ય ઊભું થતાં જે સારા ભાવ કર્યા, હવે એ પુણ્યના ઉદય વખતે નરસા ભાવ, નરસા કૃત્ય કરાય ?

ત્યારે શું એમ માનો છો કે અહીં જેટલું પુણ્ય ભોગવો છો એ બધું પૂર્વે નીચ પાપિષ્ઠ ભાવોથી ઉપાર્જેલું ? એવું જો હોત ને, તો તો આ દુનિયામાં એવા પાપિષ્ઠ ભાવ કરનારું તો મોટા ભાગનું જગત છે. તે પુણ્ય ઉપાર્જવાથી ભયંકર દુઃખમાં ન સબડત ! નરસા ભાવમાં રમવું-રાચવું છે, તેથી પુણ્ય ઊભું થતું નથી; અને **પુણ્ય નહિ એટલે સુખ મોંઘું ને દુઃખ સસ્તું. 'સારા ભાવ અને સારી કરણી હોય તો જ પુણ્ય આત્મઘરમાં આવે,'** એ ખૂબ ગોખી રાખવાની જરૂર છે; અને એ પુણ્ય હવે ઉદય પામે ત્યારે ભાવ સારા જ રાખવા ઘટે, વાણી અને કરણી પણ સારી જ રાખવી જોઈએ. ભાવ સારા રાખીએ એમાં કાંઈ પુણ્ય ભાગી જતું નથી, ઊલટું નવું પુણ્ય ઊભું થાય છે. પછી ભાવ શા માટે સુંદર ન રાખવા ?

**વિનુના ઘરે ભાઈ-ભાભી :-**

'અમીચંદ જિનમતિને કહે છે,' હું એકલો જાઉં એના કરતાં તમે પણ સાથે ચાલો, તારાને આશ્વાસન આપવાનું કામ તમારું છે.'

જિનમતિ કહે છે 'તમારી વાત સાચી છે. ચાલો હું પણ આવું છું.' એમ કહીને એ ઊઠી. સાથે લઈ જવા એણે સારાં કપડાં દાગીના પણ લીધા. બસ, બંને ઊપડ્યા, પહોંચ્યા વિનયચંદના ઘરે.

**આશ્ચર્ય સાથે ખેદ :-**

વિનયચંદ મોટાભાઈ અને ભાભીને ઘરે આવેલા જોઈ સ્તબ્ધ થઈ ગયો ! એને બિલકુલ આશા નહોતી કે આ જિંદગીમાં ભાઈ એના સામું ય જુએ કેમ કે



પોતે શું કર્યું છે એ બરાબર ખ્યાલમાં છે. વળી ભાઈ અત્યારે બહુ સુખી છે, દુખિયો હોય તો તો હજી ય કદાચ 'આવ ભાઈ ! હરખા, આપણે બે સરખા,' એમ કરે. પરંતુ આ તો રાજાનું સન્માન પામેલ છે ! રોજ રાજાની પાલખીમાં રાજા એને મહેલમાં બોલાવે છે ! દુકાન-વેપાર એના ધમધોકાર ચાલુ થઈ ગયા છે ! એ સ્થિતિમાં અધમતા દાખવનાર ભાઈના સામું શાનું જુએ ? એના બદલે હેં ! ઊઠીને અધમ ભાઈના ઘરે આવે છે ? વિનયચંદને આ અજબ લાગે છે, ઝટ ઊભો થઈ હાથ જોડી આવકારે છે, 'ભાઈ પધારો' પગમાં પડીને ભાઈ-ભાભીને નમસ્કાર કરે છે. એ કરે છે એટલે તારા પણ પગે પડે છે. પછી વિનયચંદ બંનેને અંદર લાવી ગાદી પર બેસાડે છે. પોતે સામે બેસે છે.

અમીચંદ પૂછે છે 'કેમ શી પરિસ્થિતિ છે ?'

વિનયચંદમાં બોલવાની હામ નથી. માથું નીચું ઢાળી દે છે.

અમીચંદ કહે છે, 'વિનુ ! મૂંઝાઈશ ના, તું એ જ મારો લાડિલો ભાઈ છે. બધું સારું થઈ જશે હવે તારું દુઃખ ગયું સમજ...કહે શી સ્થિતિ છે ? એટલે ખબર પડે અને કરવાજોગું બધું થઈ જાય.'

**કટુ ભૂતકાળ નજર સામે :-**

વિનયચંદ આશ્વાસનના આ શબ્દ સાંભળી પાણી પાણી થઈ જાય છે. એની નજર સામે એક બાજુ પોતાની થયેલી ભયંકર બરબાદી તથા માથે ચઢેલું દેવું એવા છે, અને બીજી બાજુ ભાઈ પાસેથી પહેલાં જુઆરામાં ચલાવેલી લૂંટ, પછી કરેલી ઘોર નિંદા, તોડેલો સર્વથા સંબંધ, પુત્રના જન્મોત્સવ વખતે આંગણે આવેલા ભાઈને જમાડ્યો સરખો તો નહિ, પણ ઉપરથી ભૈયા પાસે મરાવેલ ધક્કો, ભાઈની દુકાન વેચાઈ ગઈ છતાં પોતે સામું જોયેલું નહિ તે, કેદમાં પુરાયા તો ય છોડાવવા કશું કરવાને બદલે ચોરીના મૂકેલ આક્ષેપ,...આ બધું નજર સામે તરી આવે છે.

હવે અહીં એ જ ભાઈ તરફથી આ લાડિલા ભાઈ તરીકે સંબોધન અને જબરદસ્ત આશ્વાસન મળે છે, એ જોઈ ભાઈની અને પોતાની વચ્ચે સંત અને શેતાનનું અંતર દેખાય છે !

ઊભો થઈને ભાઈના પગમાં પડે છે અને ચોધાર આંસુએ રડી ઊઠે છે, પણ કાંઈ બોલતો નથી.

**બોલવાને સંકોચ :-**

જિનમતિ તારાને એક બાજુ લઈ જઈ પૂછે છે 'કહે શી પરિસ્થિતિ છે ? જરાય સંકોચ ન રાખીશ. અમે તારા જ છીએ. અને તમે અમારા જ છો. હવે તમને અમારા ભેગા રાખવા બોલાવવા જ આવ્યાં છીએ.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

તારાનું કઠોર હૃદય અત્યારે તદ્દન પીગળી ગયું છે. એ ય ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે, કહે છે 'શું કહું, હું દુષ્ટ ચંડાલણી છું, બધાં તોફાનનું મૂળ હું છું. હું શું કહું ?' જિનમતિના પગમાં માથું ઢાળી દઈ પગ પકડીને રોઈ રહી છે.

જિનમતિ અમીચંદને કહે છે, 'હવે એમ કરો, હમણાં જાણવાનું રહેવા દો. બિચારાં બંને દુઃખી થઈ રહ્યાં છે. અત્યારે ચાલો બંનેને આપણા ઘેર લઈ ચાલો. હૈયું ફોરું થયે સૌ જણાશે, ને સારું થઈ રહેશે.'

**કપડાં બદલાવી ઘેર લઈ ચાલે છે. :-**

અમીચંદ વિનયચંદને કહે છે, 'ભાઈ ઊઠ, ચાલ આ કપડાં બદલી લે. ચાલો આપણા ઘરે.' જિનમતિને કહે છે, તારાને પણ કપડાં બદલાવી લો.'

જિનમતિએ પોટકું છોડી નવાં ઝગમગતાં કપડાં અને દાગીના કાઢ્યાં. બંનેને કહે છે, 'બદલી લો. કપડાં બદલી લો.'

પેલા બે સંકોચાય છે, પણ આ બહુ હેતુથી કહે છે 'હવે બીજો વિચાર કાંઈ જ કરશો જ નહિ. ઘરે ચાલવાનું છે. નહિતર આ અમે એમ જ બેઠા છીએ.'

વિનયચંદ અને તારા પોતાની દુર્દશા જાણે છે, ખાવું શું એની મોટી ચિંતા છે, રાચરચીલું વેચી વેચીને આજ સુધી નભાવ્યું છે, ઘર ગીરવે મૂક્યું છે, એની ય મુદત પાકતાં ઘર જવાનું છે. એટલે બંને જણા સમજીને કપડાં બદલી લે છે અને ભાઈની સાથે એમના ઘરે જાય છે.

**ભક્તિનો ઠાઠ : દાન :-**

અમીચંદ એમને ઘરે લાવ્યા પછી સ્નાનાદિ કરાવી ગૃહમંદિરમાં પોતાની સાથે સારી રીતે જિનભક્તિ કરાવે છે. એમ ઉત્તમ કોટિનાં ચંદન, બરાસ, કેશર, પુષ્પ, સુવર્ણ પત્રાદિ, ઉદાર ફળ-નૈવેદ્યાદિ, તથા નિષ્ણાત વાજિંત્રકાર, સંગીતકાર અને વિવિધ વાજિંત્રોનો ઠાઠ, તથા રોજ કરતાં આજે વિશેષ ભક્તિરંગમાં અમીચંદની તન્મયતા, આ બધાની વિનયચંદ અને તારાના મન પર અત્યંત ભારે અસર પડી જાય છે. મનને થાય છે કે 'વાહ ! કેવું સરસ જીવન ! આપણે તો આવું કશું ન સાધ્યું; જીવન બરબાદ કર્યું !'

પૂજા ભક્તિ કર્યા પછી સુપાત્રદાન અને તે પછી રોજના ક્રમ મુજબ આમંત્રિત સાધર્મિકોને કરાવવાની ભોજન વિધિ થઈ. એમાં આજે વિનયચંદ અને તારાને બરાબર ઘરના જ માણસ તરીકે ગણીને એમની પાસે ઉદાર સાધર્મિક ભક્તિ કરાવે છે. પછી અમીચંદ અને જિનમતિ એ બંનેને સાથે લઈ જમવા બેસે છે. નાના ભાઈ-ભોજાઈને મનથી તો ભારે સંકોચ છે, પરંતુ મોટાભાઈ અને એની પત્નીનો વ્યવહાર એટલો બધો વાત્સલ્યમય અને આત્મીયતા ભર્યો છે, કે પેલાઓને સચોટ



લાગી જાય છે કે અહીં પોતાની ભૂતકાળની દુર્જનતાનું કશું જ સ્મરણ નથી. એમનો સંકોચ ન રહે એ માટે ભાઈ-ભાભી એમને અતિ આગ્રહ કરી કરીને પ્રેમ પૂર્વક સારી રીતે જમાડે છે. એથી બંનેને થાય છે 'અહો ! ક્યાં આ દૈવી જીવો ! અને ક્યાં અમે અધમ !'

**રાજાનું તેડું :-**

જમ્યા બાદ થોડી વિશ્રાંતિ લીધી. એટલામાં રોજના ક્રમ મુજબ રાજાની પાલખી અમીચંદને તેડવા આવી. એટલે આજે એ જિનમતિ વિનયચંદ તથા તારાને કહે છે કે તમારે પણ બધાએ આજે આપણી ગાડીમાં બેસી રાજા સાહેબને મળવા આવવાનું છે. પછી એ પ્રમાણે વસ્ત્ર-અલંકારની સજાવટ કરી રાજમહેલ તરફ ઊપડે છે.

અમીચંદ પાલખીમાં છે. પાછળ ખુલ્લી ગાડીમાં વિનયચંદ તારા અને જિનમતિ છે. વિનયચંદ જોઈ રહ્યો છે કે રસ્તા પરથી રાજાના માણસોના પરિવાર સાથે પાલખીમાં અમીચંદ લઈ જવાઈ રહ્યો છે ત્યારે રસ્તે મળતા સિપાઈ વગેરે અમીચંદને ઝૂકી ઝૂકીને પ્રણામ કરી રહ્યા છે ! વચમાં વચમાં અમીચંદના દાનથી પ્રભાવિત થયેલા માણસો 'અમીચંદ શેઠની જય' એમ પોકાર પણ કરે છે ! વિનયચંદ તો સ્તબ્ધ જ થઈ જાય છે કે આ મારા મોટાભાઈનું સન્માન !

એમ કરતાં રાજમહેલે પહોંચી ગયા. રાજાએ હરખભેર આવકાર આપ્યો. અમીચંદ અને એની સાથેનાઓ રાજાને પ્રણામ કરી નીચે બેસવા જાય છે ત્યાં રાજા ઊઠી અમીચંદનો હાથ પકડી પોતાની પાસે કોચ પર બેસાડે છે, કુશળ પૂછે છે.

અમીચંદ કહે છે 'પરમોપકારી દેવ-ગુરુ અને આપ સરખા ન્યાયી પરોપકારી મહારાજા મળ્યા પછી કુશળનું શું પૂછવું ? બાકી આપ પ્રજાના રક્ષણહાર અને પ્રજાના ધર્મના સંરક્ષક હોઈ આપને અખંડ કુશળ રહો.' પછી અમીચંદ નાનાભાઈની ઓળખ કરાવે છે, ને કહે છે કે 'ખાસ આજે આપનાં દર્શનનો લાભ મળે એ માટે આ બધાને લાવ્યો છું.'

**રાજાને પગે પડે છે :-**

પછી અમીચંદ ઈશારો કરે છે એટલે વિનયચંદ ઊઠી રાજાના પગે પડી આશીર્વાદ માગે છે. રાજા પણ પ્રેમપૂર્વક એનો હાથ પકડી બેસાડે છે અને કહે છે, 'ખૂબ સારી ઉન્નતિ પામો'

**રાજા રાજ્ય સોંપવા ધખે છે :-**

રાજા અમીચંદને કહે છે 'કેમ હવે ક્યાં સુધી વાયદા કરવા છે ?'

અમીચંદ કહે છે 'મહારાજ ! મારું ગજું છે ?'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

'અરે ! પાછા વળી શેઠ ! એ જ વાત લાવીને મૂકો છો ? તમે તો ખરા છો ! તમારું ગજું તો પરખાઈને નક્કી થઈ ગયું છે. માટે હવે જલદી આ રાજ્યભાર સંભાળી લો તો અમારાથી છુટાય.'

અમીચંદ કહે છે, 'એટલી ઉતાવળ શી છે ? હજી તો આપે કેટલાક વરસ સંભાળવું જરૂરી છે.'

'વરસો ?' રાજા બોલી ઊઠે છે, આ તમને કેદમાં નાખવાના પ્રસંગ પછી તમારી જોયેલી ઘણી ઊંચી લાયકાત, અને હાર જડી ગયા પછી અમને સમજાયેલી અમારી ભૂલ, તે પર ખૂલી ગયેલી અમારી દૃષ્ટિ, હવે એકે ય દિવસ સંસારમાં ચેન પડવા દેતી નથી. એટલે હવે તો રાજ્ય તમે સંભાળી લો તો અમારી પણ દયા થાય, અને આ અસાર સંસારમાંથી છૂટી એકમાત્ર સારભૂત સંયમ આરાધી જઈએ, જીવનનો શો ભરોસો છે ? અને કદાચ લાંબું જીવીએ તો પણ પાપ ક્યાં ઓછાં કાપવાનાં છે ?'

**વિનયચંદના હૃદયને ધક્કો :-**

વિનયચંદ આ સાંભળીને હકીકત પામી જાય છે. અને મોટાભાઈની એટલી બધી ઊંચી યોગ્યતા કે રાજા જેવો ઓવારી જઈ રાજ્ય આપી દેવા મથે છે એ જોઈ ભારે ચકિત થઈ જાય છે. એને એમ થાય છે કે 'અહો ! ભાઈનાં આ સન્માન ? મારી શ્રીમંતાઈમાં પણ ક્યાં કૂપમંડુક દશા ? અને ક્યાં ભાઈને આ રાજવી માન ! અને રાજા બનાવવાનો આગ્રહ ? અરે ! આવા ઊંચા દૈવી ભાઈને મેં ઓળખ્યા નહિ ? રાજાએ એક હાર ચોરાયાના ભ્રમમાં જો એમને માત્ર છ મહિના જેલમાં નાખ્યા બદલ ભારે પશ્ચાત્તાપ કરે છે, તો એ કરતાં તો મેં તો ભાઈની કેટલી ય ખુવારી કરી નાખી છે ! તો હું કેટકેટલો અધમ ? વળી રાજા એટલી ભૂલના દંડમાં રાજ્ય સોંપી દેવા માગે છે ત્યારે હું ? કશું જ કરતો નથી ! અહાહાહા ! હું કેવો પાપિષ્ઠ...' વિચારતાં એનું હૈયું ભરાઈ આવ્યું, ઊઠીને 'મહારાજ !' કહેતોક રાજાને પ્રણામ કરી કહે છે 'ધન્ય તમને !' અને પછી,

**વિનયચંદનું કલ્પાંત :-**

અમીચંદના પગમાં પડી રોતી સુરતે કહે છે 'મોટાભાઈ ! આ હું શું જોઈ રહ્યો છું ? મેં તમને ઓળખ્યા નહિ, ને તમને ભારે રંજાડ્યા ! હું તમારો ભયંકર અપરાધી છું. આટલા ઉત્તમ સત્પુરુષને રંજાડ્યા વિડંબ્યાથી મારું શું થશે ? હું કઈ નરકમાં જઈશ ? કેવા લોકોત્તર ભાઈ ! અને મેં આ નીચતા કરી ? આ દુષ્ટતા કરી !...'



**તારાનું કલ્પાંત :-**

આ જોઈ તારા હવે શે ઝાલી રહે ? ઊઠી અમીચંદના પગમાં પડી કહે છે 'અરે ! બધા કલેશનું મૂળ તો હું છું. મારા ચઢાવ્યા ભરમાવ્યાથી જ એ ભાઈ-ભાભીને ભૂલ્યા ! હું દુષ્ટા છુ, પાપિણી છું, ભંગણી ડાકણ કરતાં નીચ છું,' બોલતાં એ ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે.

અમીચંદ બંનેને શાંત કરવા કહે છે, 'અરે ! આ શું બોલો છે ? તમે અમારું શું બગાડ્યું છે ? કાંઈ જ બગાડ્યું નથી, તમે તો ઉત્તમ જીવો છો. આવાં ઘેલાં ન કરો. અમારા દિલને ઠરવા માટે તમે તો સારું સ્થાન છો. માતાને અમે આપેલા વચનનું પાલન તમારા આધારે જ થાય છે, અને તેથી અમને બહુ આનંદ રહે છે.'

**ગુનાનું પ્રકાશન :-**

વિનયચંદ કહે છે, 'ભાઈ ! તમે તો દેવતાઈ પુરુષ છો, એટલે અમારી અનાડિતા ઢાંકો છો. એમ જુઆરું કરતાં મિલકતમાં ચલાવેલી લૂંટ, તમારી કરેલી ઘોર નિંદા, તમારો તોડી નાખેલો વેપાર, અને કરેલી તમારી ગરીબ નિર્ધન સ્થિતિ, એ હાલતમાં ય આંગણે આવેલા તમારો કરેલો તિરસ્કાર, ભૈયા પાસે મરાવેલો ધક્કો, અને તમે કેદમાં જવા પર તમારા પર મૂકેલ ચોરીનો આક્ષેપ,... આ બધી અમારી રાક્ષસી લીલા ક્યાં ઓછી છે ? તમે તો નાનપણથી માતા-પિતાની જેમ વર્ત્યા, મને પેટના દીકરા જેવો ઉછેર્યો, પરંતુ મેં અભાગિયાએ તમને છેહ દીધો, વિડંબવામાં બાકી ન રાખી ! આટલું છતાં અમે ભિખારી બન્યા તો તમે ઘરે આવીને હાથ ઝાલ્યો, જાણે કશું બન્યું નથી ! એમ પાછા અમને તમારા ઘરે લાવી તમે એ જ પ્રેમ, એ જ વાત્સલ્ય વહાવ્યાં, મોટાભાઈ...! તમારી ઉદારતા સજ્જનતાની હદ નથી ! આવા તમે પાલક મળવા છતાં મેં ધિટ્ઠાએ આ શું શું કરી નાખ્યું !!' એમ બોલતો વિનયચંદ બે હાથે પોતાનું કપાળ કૂટે છે. એની સાથે તારા વળી પોતાનું માથું ને છાતી કૂટે છે.

**રાજા પર અધિક પ્રભાવ :-**

રાજા તો આભો જ બની જાય છે, એને વિનયચંદના પશ્ચાત્તાપના બોલ પરથી બનેલી વિગત ખ્યાલમાં આવી જાય છે. અમીચંદની પોતે નિહાળેલી સજ્જનતા કરતાં કેઈ ગુણી મહાત્માગીરી સાંભળવા મળે છે ! એથી હૈયું એના પર ખૂબ જ ઓવારી જાય છે. એના મનને એમ થાય છે કે 'આ હું શું જોઈ રહ્યો છું ! હું કેવો ધન્ય કે આવા ઈશ્વરના અવતાર સમો આ દેવાંશી પુરુષનો યોગ પામ્યો ! દુષ્ટ ભાઈને પણ આ જો પ્રેમથી નવરાવે તો એ રાજા બન્યા પછી પ્રજાને કેવી સુંદર



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સંભાળે ! તો કેમ હું હવે વિલંબ કરી રહ્યો છું ? બસ, હવે જલદી આને રાજ્ય ભળાવી મારી જાગેલી પવિત્ર ચારિત્રની ભાવનાને સફળ કરું !'

**અમીચંદ શાંતિ આપે છે :-**

અહીં અમીચંદ વિનયચંદના અને જિનમતિ તારાના હાથ પકડી લે છે, 'ભાગ્યવાન ! આવું ન કરો; અમને દુઃખ થાય છે. તમે અમારું કાંઈ જ બગાડ્યું નથી. આ જગતમાં જે કાંઈ બને છે તે જીવોના પોતપોતાના કર્મના હિસાબે. અમારાં કર્મ જ એવાં હોય ત્યાં તમે ય શું કરી શકો ? ગમે તેમ પાછું બધું સારું થયું ને ? તો હવે ધીરજ રાખો, શાંતિ રાખો.'

**કદર અને કાસળ :-**

વિનયચંદ કહે છે 'ભાઈ મારા !... ધીરજ ? અમારી નફટાઈ પર હવે આંખ ખૂલ્યા પછી શાંતિ રહે ? આજ મહારાજ જેવા તમારી જે કદર કરે છે, એ પરથી દેખાય છે કે તમારી મહા સજ્જનતા કેટલે બધે ઊંચે પહોંચી ગઈ છે ! મહારાજા પર તો તમારો કોઈ ઉપકાર નહિ હોય છતાં એઓશ્રી આખું રાજ્ય આપી દેવાની કદર કરે છે, ત્યારે હું પાપાત્મા તમારા અગણિત ઉપકાર ઝીલ્યા પછી કદરને બદલે તમારું કાસળ કાઢનારો નીકળ્યો ! ધિક્કાર હૈયા !' બોલતાં એની આંખમાંથી દડ દડ પાણી વહી ચાલે છે.

**જીગરના બે કાર્ય છે, એક કદર, બીજું કાસળ. અમીભરી દૃષ્ટિવાળો કદર કરવા તત્પર; ઝેરી દૃષ્ટિવાળો કાસળ !**

ત્યાં તારા રડતી રડતી કહે છે 'ના, ના બધું કારસ્તાન મારું છે. હું ભયંકર સજાને લાયક છું.'

**રાણી શું કહે છે ? :-**

આ બધું અંદર બેઠેલી રાણી સાંભળે છે, એનાથી રહેવાતું નથી, એટલે એ બહાર આવી તારાને કહે છે, 'બેન ! તેં તો શું કર્યું હશે ? કિન્તુ મેં તો શેઠને હાથીના પગ નીચે છુંદાવી નાખવા હઠાગ્રહ કર્યો હતો. શા સારુ ? એક તુચ્છ હીરાના હાર ખાતર ! પણ અમીચંદ શેઠની સજ્જનતા નિહાળી, મહાનતા જોઈ, હવે તો આખા સંસાર પર ફિટકાર વરસે છે. હવે તો એ પાપનું પ્રાયશ્ચિત્ત ચારિત્રથી કરવાની છું. તને પણ સાચો ખેદ હોય તો તું ય કોઈ તપસ્યા સેવાભક્તિ કરજે. હવે આ રોવા કૂટવાનું રહેવા દે.'





**રુદન નહિ, સંવર એ કર્તવ્ય :-**

અમીચંદ પણ કહે છે, 'વિનુ ! હવે શાંત થઈ જા. તને તારી ભૂલ લાગતી હોય તો પણ હવે આ રુદન કરવાના બદલે પાપના સચોટ પ્રતિકાર તરીકે ભગવાન જિનેશ્વરદેવના ફરમાવેલા સક્રિય સંવર માર્ગે વળી જા; અને આ થયેલી ભૂલનું જ નિમિત્ત પામી ભગીરથ પુરુષાર્થને જગાવી દે એ જ કર્તવ્ય છે.'

**આસક્તિની આત્મનબળાઈ એ મૂળ કારણ :-**

'હે મહાનુભાવ ! પહેલું તો એ જો કે મૂળ આપણી કઈ નિર્બળતામાંથી આ બનવા પામ્યું ? જોઈશ તો તને દેખાશે કે'

**જડ લક્ષ્મી અને જડ વિષયોના સુખોની આસક્તિ, આસક્ત દશા એ જ મોટી આત્મ નિર્બલતા છે કે જેના લીધે આંતર શત્રુઓ માથે ચઢી બેસી જીવની પાસે કાળાં કર્મ કરાવે છે.**

આ નિર્બળતા ઓછી ન થાય ત્યાં સુધી જીવ આંતર શત્રુઓથી શેં બચે ? ભૂલોથી કેમ દૂર રહી શકે ?

હે ભાગ્યવાન ! દિલ સ્વસ્થ કરીને તું વિચાર તો એ કર કે,

જડ લક્ષ્મી અને જડ વિષયોની એવી તે શી મોટી કિંમત છે કે જીવ એની પાછળ ઘેલો થાય ?

શાંત બેઠેલો દારૂડિયો દારૂ મળતાં જેમ પાગલ થાય છે, એમ શાંત સ્વસ્થ જીવને લક્ષ્મી મળતાં પાગલતા આવે છે, જીવ આત્માને ભૂલી જડના વિચારમાં ચઢે છે, ગુણોને હેઠા મૂકી દોષોને દિલમાં ઘાલે છે, કેઈ કલેશ-રગડા-ધાધલ-દોડધામ કરે છે ! આ છે લક્ષ્મી !

ત્યારે ઇન્દ્રિયના વિષયો એટલે જાણે દારૂની પ્યાલીઓ ! દારૂડિયાને દારૂની પ્યાલી ચઢાવતાં સરવાળે કાયા અને કંચનની ખુવારી સિવાય કાંઈ હાથમાં નહિ આવવાનું ! (૧) પીધેલી પ્યાલીઓ ગઈ, 'નવી નવી લાવો,' એ જ એક ઝંખના ! એની આગળ બીજી ઝંખના ફીકી ! વળી (૨) દારૂ પીને પાગલતાના ચાળા, અને એના તુચ્છ આનંદમાં બીજું બધું તુચ્છ દેખાવાનું ! (૩) પાછું એની લત વધતાં સારું ઘણું ગુમાવવાનું અને નિર્બળતા વધે !

**વિષયોની પાછળ પાગલતા અને પાયમાલી :-**

"હે બન્ધુ ! બસ વિષયોમાં આ જ દશા છે. વિષયો ભોગવી ભોગવીને સરવાળે હાથમાં કાંઈ નહિ આવવાનું ! પુણ્ય-ધન અને આત્માની પાયમાલી છે !



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

આજ સુધી ભોગવેલા વિષયો ગયા, જાણે એને ભોગવ્યા જ નથી એવી નવી ભૂખ, નવી ઝંખના કે 'બસ લાવો વિષયો !' હવે જો પુણ્ય પહોંચે છે અને વિષયો મળ્યે જાય છે, તો આત્મા એમાં એટલો બધો ગળિયો બને છે, આધીન અને શિથિલ થાય છે, કે અંતકાળે સર્વ વિયોગે ઉદ્વેગ અને શોકનો પાર નહિ ! ત્યારે વિષયલંપટતાના યોગે પાગલ થઈ એની પ્રાપ્તિ અને ભોગવટાનો આનંદ એટલો બધો માને છે કે એની આગળ બીજા આનંદ એને તુચ્છ લાગે છે ! દેવ-ગુરુની ભક્તિના આનંદ, કર્તવ્યપાલનનો આનંદ, ગુણપ્રાપ્તિનો આનંદ-એ બધું મામૂલી લાગવાનું આ પાગલતા છે."

**કિંમતી પુરુષાર્થકાળ નષ્ટ ! :-**

'હે બુદ્ધિમાન ! એટલું ખાસ જો કે આ વિષયોની ઘેલછા પાછળ ઉત્તમ પુરુષાર્થકાળ નષ્ટ થઈ રહ્યો છે ! આ ઉચ્ચ માનવજીવનનો સમય એ તો સુંદર કોટિના સંયમ, તપસ્યા, દાન, ત્યાગ, સેવાભક્તિ વગેરે સાધવાનો ભવ્ય પુરુષાર્થકાળ છે ! એની પળ પળ કિંમતી છે ! એ પુરુષાર્થ અજમાવ્યા વિના વીતી ગયેલી પળો પાછી ફરતી નથી. જેટલી પળો વિષયના રંગમાં કાઢી એટલો કિંમતી પુરુષાર્થકાળ બરબાદ કર્યો ! આંખ સામે કોઈ રૂપરંગી ચીજ આવી ને જોયા કરી, મનને એમાં લુબ્ધ બનાવી એવા વિચારમાં ચઢ્યા, તો સરવાળે શું મળ્યું ? કાંઈ નહિ, ને એટલો સાધનાનો પુરુષાર્થકાળ ગુમાવ્યો ! ત્યાં જો લક્ષ રાખી વિષયની આસક્તિના વિચારને બદલે વૈરાગ્યના વિચાર કર્યા હોત, વિષયોની ક્ષણભંગુરતા મારક મોહકતા, વગેરે જોયું વિચાર્યું હોત તો એ સત્પુરુષાર્થ થાત, કાળ લેખે લાગત. મન નવરું નથી બેસતું. વિચાર તો કરે જ છે, માત્ર આપણે વિચારની દિશા ફેરવવાની જરૂર છે. વિચાર એવા રૂપના કરવાના કે જે અનંતજ્ઞાની તીર્થંકર ભગવાને સદ્‌વિચાર તરીકે ફરમાવ્યા હોય. એ શોધવાનું અઘરૂં નથી;'

'હે વીરા ! આપણને જો ધર્મની શ્રદ્ધા છે તો સમજાય એવું છે કે ભગવાન કેવા વિચારને સદ્‌વિચાર કહે છે. હિસાબ સીધો છે, જીવનમાંથી ત્યજવા જેવી બાબતો, આત્માને અહિતકારી વસ્તુ, એની લંપટતાના વિચારો એ બિલકુલ આદરવા જેવા નહિ. એ વિચારો પણ અસત્પુરુષાર્થ છે. કિંમતી માનવકાળને અને આત્માને બરબાદ કરનારા છે. એથી ઊલટું ભગવાને આદરણીય કહેલી બાબતોના આકર્ષણના વિચાર ઉમદા છે, સત્‌પુરુષાર્થ છે.'

'ભઈલા ! એ તો જો કે ક્રોધ-અભિમાન-કપટને તો જ્ઞાનીઓએ ત્યાજ્ય કહ્યા જ છે; અરે ! ક્રોધીલા વિચાર અભિમાનના ઘરના વિચાર કે માયા-કપટના વિચાર પણ ખરાબ તત્ત્વ છે, ત્યારે ક્ષમા, નમ્રતા, સરળતા આદરણીય કહી છે;



તો ક્ષમાભર્યા વિચાર, નમ્રતા-સરળતાના ઘરના વિચાર એ ઉમદા વિચાર છે. લોભ-સ્વાર્થ-તૃષ્ણા-મમતા-રાગ એ ખરાબ, તો એનાથી ખરડાયેલ વિચાર પણ ખરાબ. ત્યાગ, દાન, પરોપકાર વૈરાગ્ય વગેરે સારા, તો એના વિચાર પણ ઉત્તમ કહેવાય.'

"ટૂંકમાં વિનુ ! જીવનની ક્ષણે ક્ષણને ઉત્તમ માનસિક-કાયિક-વાચિક પુરુષાર્થમાં જ વટાવવા જેવી છે, એવા પુરુષાર્થભરી જ પસાર કરવા યોગ્ય છે. કદાચ આજ સુધી એ ન આવડ્યું તો એકલા રોતાં બેઠે કાંઈ નહિ વળે, એ તો રોતાં બેસવાને બદલે જાગ્યા ત્યારથી સવાર; સત્પુરુષાર્થ આજથી જ શરૂ કરી દેવો જોઈએ. તો જ એ પૂર્વની ભૂલનો સાચો પશ્ચાત્તાપ કહેવાય, ભૂલનું ખરેખરું પ્રાયશ્ચિત્ત થાય. માટે સાવધાન થા, રોવાનું રહેવા દે, પરાક્રમ કર. હજી માનવકાળ તારા હાથમાં છે."

**વાણીની ગજબ અસર :-**

અમીચંદની અમીભરી દૃષ્ટિમાંથી એવી દિવ્ય વાણી વરસી કે વિનયચંદ અને તારા સ્વસ્થ થઈ ગયાં, ઉત્સાહિત બન્યાં, અને રાજા-રાણી પણ ચમત્કાર પામી ગયાં ! 'કેવો ભવ્ય ઉપદેશ ! અમીચંદની બુદ્ધિ કેટલી બધી વ્યવસ્થિત ! કેવી સુંદર સંસ્કારિત ! આવા પુરુષને જીવનમાં આપદા જેવી વસ્તુ જ શાની લાગે ?'

**રાજા ઉતાવળ કરે છે :-**

રાજા અને રાણી આમેય વૈરાગી હતાં, એમાં અમીચંદના તત્ત્વભર્યા બોલ સાંભળ્યા, અને અમીચંદની મહાન યોગ્યતા જાણવા મળી એટલે હવે તો એને રાજ્ય ભળાવી દઈ સંયમપંથે લાગી જવાની ઉત્કંઠા ખૂબ જ વધી ગઈ.

રાજા અમીચંદને કહે છે 'હવે જુઓ શેઠ ! હું જોશીને બોલાવું છે અને તમારા રાજ્યાભિષેકનું મુહૂર્ત કઢાવું છું માટે હવે જરા ય આનાકાની કરતા નહિ.'

અમીચંદ કહે છે, 'મહારાજ ! જરા ખમો, અમારા આ વિનયચંદને જરા સ્વસ્થ થવા દો.'

રાજા વિનયચંદને પૂછે છે, 'કેમ ભાઈ ! હજીય તારે અશાંતિ છે ? આ ભાઈની હિતશિક્ષા મનને અડી નહિ ?'

**વિનયચંદનો કર્તવ્યનિર્ધાર :-**

વિનયચંદ કહે છે 'મહારાજ ! આ હિતશિક્ષા હૈયે અડવાનું શું પૂછો છો ? એણે તો મારું હૃદય વીંધી નાખ્યું છે. મારા મોટાભાઈ આટલી બધી ઊંચી વિચાર સરણી ધરાવે છે એની તો મને હવે ખબર પડતી જાય છે. ખરેખર ! મારા જેવો અભાગિયો કોણ હશે કે આવા દેવાંશી ભાઈનો દ્રોહ કરે ? ખેર ! અત્યાર સુધી હું બહુ ભૂલ્યો, પણ હવે ભાઈએ જે આ સત્પુરુષાર્થ કરવાની મહાન ચાવી બતાવી



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

દીધી છે એનો જોરદાર ઉપયોગ કરીને અંતરના ખજાના ખોલી નાખીશ. હવે તો રાંડીરાંડના રોતડપણાથી મારે સર્યું.'

એટલું કહીને પાછો ભાઈના ચરણે માથું મૂકી કહે છે 'ભાઈ ! તમારા સ્થાને જો બીજો કોઈ તેવો ભાઈ મળ્યો હોત તો મારું શું થાત ? મારાં અહોભાગ્ય કે તમે આવા ધર્મના અવતાર જેવા મહાન પુરુષભાઈ તરીકે મળી ગયા છો ! બસ, હવે મને કરવા યોગ્ય સત્પુરુષાર્થનાં કર્તવ્યો બતાવ્યા કરજો. હું તે આદરવા તૈયાર છું.'

રાજા અમીચંદને કહે છે, 'લ્યો શેઠ ! હવે જલદી હા પાડો, જોષીને બોલાવું.'

અમીચંદ કહે છે, 'આજે મને વિચાર કરવા સમય આપો. કાલે જવાબ દઈશ.'

**રાજા થવું કે નહિ ? :-**

રાજાએ તે સ્વીકારી લીધું. અમીચંદ અને કુટુંબ ઘરે આવ્યું. બીજાં કાર્ય પતાવી અમીચંદ જિનમતિને પૂછે છે, 'બોલો, હવે મહારાજને શો ઉત્તર આપવો છે ? જીવનમાં ઘણું સહ્યું છે. હવે તમારે મહારાણી બનવાનો અવસર સામે આવી ઊભો છે. કહો વધાવી લઈએ ?'

**જિનમતિની તત્ત્વબુદ્ધિ :-**

જિનમતિ કહે છે, 'આ તમે મારી પરીક્ષા કરવા પૂછો છો ?'

'પરીક્ષા શાની ? આ તો હવે સગવડભર્યા સ્થાને બેસી મહાન સુકૃતો કરવાનો અવસર મળે છે એ હું કહું છું.'

જિનમતિ કહે છે, 'કાંઈ ઘેલા થયા ? સુકૃતો તો પછી, પણ આ મોટા સ્થાનના પાલન પાછળ આરંભ-સમારંભ અને પરિગ્રહનાં પાપ તથા રાગ-દ્વેષના ભાર કેટલા બધા ! એ તો કહો. રાજ્યશ્રી નરકશ્રી અમસ્તુ કહેવાય છે ? રાજ્યલીલા જોતજોતામાં ઊડી જવાની અને અહીંથી ઊઠીને ચાલતા થવાનું, ત્યારે જીવની સાથે એ પાપો અને રાગદ્વેષનો ભાર માથે લદાયેલો લાગવાનો ! એની પાછળ ભવની પરંપરા કેટલી વધે ! સુકૃતોના લોભ કરતાં પાપનો ભય પહેલો જરૂરી છે. માટે મારી ઈચ્છા પૂછો તો મને એવા સત્તા-સંપત્તિના કોઈ કોડ નથી. ઊલટું મને તો એ મહારાજા-રાણીના દૃષ્ટાન્તથી આ સંસાર પર હવે કોઈ ભાવ થતો નથી. તેથી એમની સાથે મારે પણ ચારિત્રમાર્ગ લેવો છે.

**બંનેને ચારિત્રની ભાવના :-**

અમીચંદ કહે છે, 'ધન્ય દૃષ્ટિ ! ધન્ય હૃદય ! બહુ સરસ વાત તમે કરી ! મારો પણ એ જ વિચાર છે. રાજ્ય ભોગવવાના મને ય કોઈ કોડ નથી



એટલે હવે આપણે સંસાર છોડવાની તૈયારી કરીએ.'

વિનયચંદને બોલાવીને કહે છે, 'જો ભાઈ ! હવે અમારો વિચાર સંસાર ત્યજી ચારિત્ર લેવાનો નક્કી કર્યો છે. માટે આ બધું તું હવે સંભાળી લે.'

એ કહે છે, 'અરે મોટાભાઈ ! આ શું કહો છો ? હજી તો આપે મને શિક્ષણ આપવાનું છે. વળી આ મહારાજા રાજ્ય સોંપવા માગે છે, તો તે પણ આપને સંભાળવાનું છે, અને આપ રાજા થશો તો પ્રજાનું કેટલું બધું કલ્યાણ અને ધર્મની પ્રભાવના કરશો !'

**રાજ્યસંપત્તિના દોષ :-**

અમીચંદ કહે છે, 'વિનુ ! એ બધી તારી સ્થૂલ ગણત્રી છે. આપણા આયુષ્યનો ભરોસો નથી, આરોગ્ય અને મનની સ્વસ્થતાનો ય ત્યારે શો વિશ્વાસ કે એ આવા ને આવા ટકી જ રહેશે ? વળી રાજ્યસત્તામાં મહાઆરંભ-પરિગ્રહ અને રાગદ્વેષાદિ કષાયોનાં પાપ કેટલાં ભારે ! ત્યારે લોકોને ધર્મ પમાડી જ દઈશું એમ શી રીતે નક્કી કહેવાય ?'

**ચારિત્રના લાભ :-**

ત્યારે ચારિત્ર જીવનમાં એ જંગી પાપોથી બચાય છે, અનંતા જીવોને અભયદાન કરવાનો લાભ મળે છે, અને યોગ્ય જીવોને ધર્મ પામવાનું સચોટ નિમિત્ત બનાય છે. આ અપાર સંસારમાં ભટકાવનારા રાગદ્વેષ અને અહંત્વને ઉખેડવાની પ્રક્રિયા સાધુજીવનમાં જે થઈ શકે, એ બીજે ક્યાં થાય ? રાજ્યાધિપતિ બન્યા એટલે અહંત્વને તો માથે બેસાડવાનું થાય.

**અહંત્વ એ ભયંકર પાપ ! :-**

''ત્યારે જો વિનુ ! અહીં જરા ઠીક સ્થિતિમાંય નોકરચાકર, નાનડિયા કુટુંબી, ગરીબ, સામાન્ય, વગેરે પર આપણને કેટલું અહંત્વ અભિમાન રહે છે ? બીજાના પર ઉપકારે ય કરતા હોઈએ, પણ ત્યાં જો સામાના કોઈ એવા બોલથી કે વર્તાવથી આપણું અહંત્વ ટકરાતું દેખાય તો ઝટ આપણા મનને લાગી આવે છે. એ વખતે પછી ઉપકારના સુકૃતનો મહાન લાભ પણ ગણત્રીમાં નથી રહેતો, અને અહંત્વને ટકાવવા માટે કદાચ ઉપકાર કરવાનું પણ જતું કરીએ છીએ, અથવા કરેલા ઉપકારને બળતરાથી ધોઈ નાખીએ છીએ !''

**માબાપે** છોકરા પર ઉપકાર નથી કર્યા હોતા ? પરંતુ પછી છોકરો મોટો થઈ મા-બાપને ન ગણે, તો એ ઝટ માબાપને લાગી આવે છે કે 'આ અમારી સાથે આવો વર્તાવ ?' એ શું છે ? અહંત્વનો ઝગઝગારો, પછી મનને થાય છે કે 'હાય ! આ ક્યાં આની પાછળ આપણે તૂટી મર્યા ?' એ શું છે ? કરેલા ઉપકાર



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સુકૃતનો પશ્ચાત્તાપ.

**એને કોણ સમજાવે કે 'અરે મહાનુભાવ ! એટલું તો વિચાર કે જો તેં નિઃસ્વાર્થ ભાવે ઉપકાર કર્યો હતો, તો તે તો પુણ્યના ચોપડે સીલ જમા થઈ ગયો છે. હવે છોકરો ભલે નાલાયક નીવડે, તો ય તે તારું પુણ્ય નહિ બગાડી શકે. તો તું હાથે કરીને નાદાન થઈ શા માટે ઉપકારનો પશ્ચાત્તાપ કરી તારા જ હાથે તારા પુણ્યને બાળી નાખે ?'**

આ એના ધ્યાનમાં નથી આવતું. કદાચ કોઈ ધ્યાન ખેંચે તોય તે સમજવા તૈયાર નથી. શું કારણ ? એ જ, કે અહંત્વ નડે છે.

ત્યારે ચાલુ ઉપકારને પણ અહંત્વ ભારે ધક્કો લગાડે છે. દા.ત. સેવાનું કોઈ કામ કરવા ગયા, ત્યાં કોઈએ જરાક કડવો બોલ કાઢ્યો, અગર આપણી કદર ન કરતાં બીજાની પ્રશંસા કરી, તો ઝટ મન રિસાય છે, મનને થાય છે 'આપણે એવા સેવા કરવા ક્યાં નવરા છીએ ? છાશમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય એવો ધંધો કરવાનું શું કામ છે ? ચાલો ઘરે, કાંઈ સેવા કરવી નથી, આ લોકો તો ટિચાવાને લાયક છે.'

'વિચારજે વિનુ ! એક અહંત્વ ક્યાંના ક્યાં સુધી પહોંચાડે છે ? સેવા તો મૂકી તો મૂકી, પણ ઉપરથી સામો ટિચાય, દુઃખી થાય એમાં સંતોષ માન્યો ! કેટલી અધમ દશા !'

'આ પાપ અહંત્વનું છે. અહંત્વ તો પાર વિનાનાં અપકૃત્ય કરાવે છે; પાર વિનાની ક્રૂરતા અને માયા આચરાવે છે.'

**ઘણાં પાપોનાં મૂળમાં અહંત્વ :-**

ચોકસાઈથી જોઈએ તો દેખાય કે અહંત્વ-હું પદના હિસાબે જ કેટલાંય પાપ થાય છે.

(૧) લક્ષ્મી વધારે કમાવવા અને વેપાર ચાલુ રાખવા અહંત્વ પ્રેરણા આપે છે. એ શીખવે છે 'વેપાર બંધ કરી મુફલિસની જેમ બેસી રહ્યે તારી કિંમત શી ?'

(૨) એમ પૈસાનો લોભ લાગે છે એની પાછળ એ ખ્યાલ છે કે 'પૈસા સારા હશે તો હું લોકમાં શ્રીમંત તરીકે પંકાઈશ. બીજા પર મારો પ્રભાવ પડશે...વગેરે. આ બધો અહંત્વનો ચાળો છે.'

(૩) બાકી કપડાંનો, દાગીનાનો, ગાડીનો, ઈત્યાદિ ઠઠારો હું પદને પોષવા માટે થાય છે.

(૪) તેમ જીવ હું પદનો માર્યો શેઠ તરીકે, વડીલ તરીકે, પ્રમુખ-મંત્રી-



આગેવાન તરીકે, રોફ બજાવે છે, ધમધમાટ કરે છે.

(૫) એમ અહંત્વના લીધે જ ચારની વચમાં ગમે તેવી વાતો અને ડંફાસ હાંકે છે.

(૬) આગળ વધીને જોઈએ તો દેખાશે કે એક અહંકારના લીધે નાના મોટા કજિયા કરે છે, ઝગડામાં જરૂર પડ્યે હજારો રૂપિયાનું પાણી કરે છે.

(૭) કેઈ અપલક્ષણ, અપકૃત્ય, અપશબ્દ અને ભૂંડા વિચારો અહંત્વ પર ઊભા થાય છે.

શું બાળક કે શું બુઢ્ઢો, શું બુદ્ધિમાન કે શું બુદ્ધો, શું ગરીબ કે શું તવંગર,- બધા કંઈ ને કંઈ અહંત્વથી રિબાય છે. એમાં જરા માલ-મોભો વધ્યા કે અહંત્વ વધે છે.

'હવે વિચાર વિનુ ! કે રાજા થઈએ તો કેટલા મોટા અહંત્વને જગા કરી આપવાની ? સુકૃત તો થાય ત્યારે થાય, પણ આ અહંત્વનું ઘોર પાપ, એમ ભરચક રાગ અને દ્વેષ, તથા મોટા આરંભ-પરિગ્રહ-વિષયો,-આ બધું ચોવીસેય કલાક સાથે ! એમાં આત્માનું કેટલું બગડે ? ત્યારે શાસ્ત્ર એમ નથી કહેતું કે જાતનું બગાડીને સુકૃત પરોપકાર કરવા નીકળે.' **સ્વનો અપકાર કરીને પરનો ઉપકાર કરવાનું જિનશાસનમાં નહિ.**

'માટે વિનુ ! રાજ્યના લોભ ખોટા છે હવે આ બધું તને ભળાવ્યું, એમ તો ચારિત્ર માર્ગે જ બાકીનું જીવન પૂરું કરશું.'

**વિનયચંદનો સવાલ :-**

વિનયચંદના મન પર આની ભારે અસર પડી ગઈ. ભાઈની તત્ત્વવાણીએ એને ઊભો કરી દીધો ! એ કહે છે,-

'મોટાભાઈ ! આ તો તમે ગજબ વાતો કરી ! તમે કહેલા અહંત્વના ચાળા તો મેં જીવનમાં ઘણા આચર્યા છે ! તમારાથી જુદો થયો, અને પછી પણ તમારી સામે ઘોર પાપ સેવ્યાં, એ બધું હવે મને સમજાય છે કે અહંત્વના લીધે જ કર્યું. આવાં પાપો કરનાર અને વરસો સુધી એક સરખું અહંત્વ સેવનાર મારું શું થશે ? આનાથી તો કેટલાય જન્મોનાં જન્મો મારે આ અપાર ભવસાગરમાં રુલવાનું ? તમે તો આજ સુધી એક સરખી રીતે પવિત્ર ઉમદા જીવન જીવ્યા છો, છતાં પાપથી ડરીને સંસાર છોડવાની વાત કરો છો, ત્યારે મારે સંસાર રાખીને પાછું કેટલાંય પાપોનો ઢેર વધારવાનો ?'

અમીચંદ કહે છે, 'શા સારુ પાપો કરવાં ? પવિત્ર જીવન જીવજે.'



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

**વિનયચંદની ચારિત્ર ભાવના :-**

'અરે મોટાભાઈ ! એ ગજું શું અમારું છે કે પાપનાં નિમિત્તો રાખીને બેસવું અને પાપ ન કરવાં ? થોડા શા નિમિત્તમાં ય અહંત્વવશ પાપાચરણમાં બાકી રાખી નથી, તો હવે તો આ મોટો લક્ષ્મીનો ઢેર અને બીજી સગવડો, એમાં ક્યાં જઈને પટકાવાનું ? હવે તો બચવાનો એક જ રસ્તો દેખાય છે, અને તે તમે અહંત્વની ભયાનક રાક્ષસી લીલા બતાવ્યા પછી તો સ્પષ્ટ ભાસે છે કે એ હું પદ અને બીજાં પાપોને પોષનારાં નિમિત્તોથી જ દૂર થવું; તો જ પાપથી બચાય. મને તો હવે સંસાર માત્ર પાપનું જ નિમિત્ત દેખાય છે, એટલે હવે તો મારે સંસાર છોડ્યે જ છૂટકો.'

અમીચંદ કહે છે, 'વિનુ ! આ તું શું બોલે છે ! તારે હજી ત્યાગનો અને સહન કરવાનો એટલો બધો અભ્યાસ ક્યાં છે ? ચારિત્ર-જીવનમાં તો તું જાણે છે ને કે કેટલો ત્યાગ કરવાનો અને કેટલું બધું સહન કરવાનું ?'

'ભાઈ ! જાણું છું; પણ એની મને ગભરામણ નથી. ઊલટું એ કરવાની મને હવે હોંશ જાગી છે.'

'શું કહે છે ? હોંશ ?'

**ચારિત્રની હોંશ કેમ ? :-**

'હા, કારણ છે,-તમે જે આરંભ-સમારંભ, પરિગ્રહ, વિષયો અને અહંત્વના ઘોર અનર્થ બતાવ્યા, એ પરથી મને તો હવે એ લાગે છે કે એ પાપોનો જે મેં હિસાબ નથી રાખ્યો, તેની સજા રૂપે મારે હવે ભગીરથ ત્યાગ અને સહન કરવાનું કરવું જ જોઈએ. મારું જે મન પાપિષ્ઠ બન્યું હતું એને હવે ભીષ્મ ત્યાગ અને સહિષ્ણુતાથી પાંસરું કરીશ.'

'પણ વિનુ ! એ વિચાર કરજે કે ત્યાગ માર્ગ લેવાનું હજી ય સહેલું છે, પણ પછી એને અજવાળવાનું ભારે કઠિન છે. કેમ કે મન ચંચળ છે !'

'વાત તમારી સાચી છે. પરંતુ અહીં તો હું એ વસ્તુ પહેલેથી સમજીને જ નિર્ધાર કરું છું ને ? આજ સુધી સેવેલાં અધમાધમ દુષ્કૃત્યો અને દુષ્ટ ભાવનાઓથી આત્મા પર ચઢી ગયેલા પાપોના ઢેરને હેઠા ઉતારવા ભારે સહન કરવું એ જ રસ્તો છે. કર્મનું સહવું પડે એ કરતાં ચારિત્રનું સહન કરવું સારું. ચારિત્ર લીધા પછી સતત નજર સામે એ પાપભર્યા આત્માની દુર્દશા રહ્યા કરે ત્યાં પાછું પડવાનું થાય ? ભારે રોગવાળાને ચિકિત્સા શરૂ કર્યા પછી ગમે તેટલી કડકમાં કડક દવાઓ ને ઉપચારો આપે, પણ જો રોગ શમતો આવે છે તો કોઈ ગભરામણ કે પાછી પાની નથી થતી. એમ મને પણ સંયમ જીવનની કઠિનાઈઓમાં કાંઈ પાછી પાની



થવાની નથી. કેમ કે ભાવ આરોગ્ય ત્યાં તો પ્રત્યક્ષ અનુભવવા મળશે.'

**અને હવે જ્યાં અહંત્વને જ મારવું છે,** ત્યાં પછી કોઈપણ પ્રતિકૂળતા ડગાવી શકશે નહિ. કેમ કે તમે જે આજે અહંત્વનું વિકરાળ સ્વરૂપ સમજાવ્યું છે એથી તો મને હવે ચોક્કસ દેખાય છે કે જીવ પ્રતિકૂળતાથી ભાગે છે એમાં પણ અહંત્વ કામ કરી રહ્યું હોય છે. 'મારાથી આવું સહન ન થાય; આપણે તો આવી આવી સગવડ જોઈએ' એ કોણ મનાવે છે ? અહંત્વ જ. જીવને જો એ સમજાઈ જાય કે 'અલ્યા ! તું કોણ આ બોલનારો ? નરક-નિગોદમાં તારું શું મૂલ્ય હતું ? ત્યાં કઈ સગવડો હતી ? અસંખ્ય-અનંત કાળ એ ભોગવનારા તારે ગુમાનનો અધિકાર જ શો છે ?'

**પુણ્યાઈ પહોંચે છે માટે અહંત્વ :-**

બસ, મારી નજર સામે હવે આ બધું તરવરે છે. એ અધમ અહંત્વને તોડવા ભારેમાં ભારે સહન કરવા સિવાય બીજો ઉપાય નથી. અને, ભાઈ ! બધી સગવડ વગેરેની ગણત્રીઓ પણ મૃત્યુ નથી આવ્યું અને પુણ્યાઈ પહોંચે છે માટે જ સૂઝે છે ને ? ત્યારે શું પુણ્યાઈનો એ અર્થ છે કે એની લીલાને લીધે જ અહંત્વ અને સગવડનાં પાપો સેવવાં ?

પુણ્યાઈ ખૂટ્યે અહંત્વ ક્યાં ટકવાનું હતું ? અને માલમસાલાની સગવડ વિના પાપ શાના પર થવાનાં ? પણ એમ કર્મ વાંકાં થાય અને અહંત્વ અને સગવડ મુકાવે એના કરતા જાતે સમજી બૂજીને એ કાં ન મૂકવાં ?

પુણ્યના ઉદયમાં પાપ અને અહંત્વ પોષવા એ તો મને હવે સરાસર મૂર્ખાઈ લાગે છે.

ડહાપણ એ દેખાય છે કે પુણ્યના ઉદય વખતે પુણ્યાઈ વધારવી, પાપ છોડવા.

માટે મારી તમે કશીએ ફિકર કરતા નહિ, હું સંસાર-ત્યાગમાં તમારી સાથે છું. તમારો તો જન્મથી મારા પર ભારે ઉપકાર છે, પણ હમણાંના ઉપકારે તો હદ કરી છે ! ભાઈ મારા ! તમારો બદલો હું ક્યાં વાળી શકીશ ?'

એમ કહેતાં વિનયચંદ્ર ગળગળો થઈ ગયો, ભાઈના પગમાં પડી આંખમાંથી દડદડ આંસુ પાડી રહ્યો છે !

**એની પત્ની તારા પણ** પાસે બેઠેલી આ બધું સાંભળી રહી છે. એને દેખાય છે કે પોતે તો વધુ પાપી છે, એટલે એને વધારે અસર થઈ જાય છે, તેથી એની આંખમાંથી ય પાણી પડી જાય છે, રોતી રોતી કહે છે. 'ભાઈજી ! મારું શું થશે ? ઘોર પાપિષ્ઠ તો હું છું. માટે મારો તો ખાસ ઉદ્ધાર કરો. હું પણ આપની



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સાથે જ ચારિત્ર લઈશ.'

જિનમતિ આમે ય કોમળ દિલની તો હતી જ, એમાં આ બંનેના રડવા પર પોતે ય ગળગળી થઈ ! એની આંખમાંય આંસુ ભરાઈ આવ્યાં. રોતી રોતી કહે છે,

'અહો ! કેવો આ ધન્ય દિવસ ! ક્યાં પૂર્વની કર્મ વિટંબણા ! અને ક્યાં આ દેવગુરુકૃપાની જાહોજલાલી ! વાહ મારે તો સાસુજીને આપેલું વચન ખરેખર પળાયું !'

અમીચંદ શાંતિ આપે છે, કહે છે, 'ચાલો હવે રડવાનું કામ નથી. તમારો સમજપૂર્વક નિર્ધાર જ છે તો બધા ચારિત્રની તૈયારી કરીએ.'

આ બધો પ્રતાપ અમીચંદની સેંકડો અમીભરી દૃષ્ટિનો છે. એણે ભાઈ-ભોજાઈનાં ઝેર ઓકાવી નાખ્યાં ! એટલું જ નહિ, પણ રાજા-રાણીની પણ દૃષ્ટિ ઉચ્ચ અમીભરી કરી દીધી ! બીજે દિવસે અમીચંદે રાજા પાસે જઈ આ બધી હકીકત વિસ્તારથી કહી. રાજા પણ સ્વયં ચારિત્રનો અભિલાષી બનેલો અમીચંદને ચારિત્રથી અટકાવવાનું પાપ શા માટે કરે ? એણે વાત વધાવી લીધી. રાજ્યગાદી પર યોગ્યને બેસાડી દીધો. નગરમાં આઠ દિવસ જિનેન્દ્ર મહોત્સવ ઊજવ્યો. અમીચંદે પણ મિલકતમાંથી કેટલો ય પરમાર્થ અને પ્રભુભક્તિ કરી બાકી વિનયચંદના પુત્રને સોંપી. એ ચારે અને રાજા રાણી તથા બીજા કેટલાકોએ ચારિત્રમાર્ગ સ્વીકાર્યો. અને આત્મકલ્યાણના ભવ્ય પુરુષાર્થ આદરી દીધા.

કથા સમાપ્ત થાય છે એના વિવિધ પ્રસંગો ઘણું ઘણું શીખવી જાય છે. અનેક પ્રકારની અમીભરી દૃષ્ટિ કેળવવામાં આવે તો એ પોતાને તો ન્યાલ કરી જ દે છે પણ બીજાઓનો ય ઉદ્ધાર કરે છે. માનવજીવનની આ કિંમતી કમાઈ કરીને ભગવાન જિનેશ્વરદેવના શાસનની ઉત્તમ આરાધના કરી જાઓ, એ જ એક મંગળકામના. જિનવચનથી વિરુદ્ધ કાંઈ કહેવાયું હોય તો મિચ્છામિ દુક્કડં.





# આંતરદર્શન

એક વખતનો પ્રસંગ છે. શેઠ પરદેશ વેપાર અર્થે ગયેલા છે. અહીં નગરમાં એક સંગીતકાર આવેલો છે. એવું એ દિલચશ્પી ગાય છે કે સાંભળનારને એકતાન કરી દે છે. **કવિ તો માત્ર કાવ્યમાં શૃંગાર, વીર, અદ્ભુત, ને શાંત વગેરે રસો ભરી દે છે; પણ આ તો જીવને સીધો એનો સ્વાદ ચખાડે છે; એનું સંવેદન કરાવી નચાવે છે.** નગરના લોકો એના ગીત આગળ ઊલટી પડે છે. જીવને જન્મ્યા પછી શું જોઈએ છે ? બહિર્દર્શન કે આંતરદર્શન ? ત્યારે પૂછોને કે,

**પ્ર.-** પણ ભાઈ સાહેબ ! બહાર સારું જોવાનું મળે પછી મન ન થાય ?

ઉ.- ના, ન થાય. અંદરમાં જોવાનું ઓછું હોય તો થાય; પણ અંદરમાં ઓછું ક્યાં છે ? જેવું બહાર મોટું જગત છે, એવું અંદર પણ વિશાળ જગત છે. આત્માનો અનંતો ભૂતકાળ, એમાં એની કેઈ કેઈ જાતની દુર્દશા, છતાં કેવી કેવી અવળ ચંડાઈ, કેઈ કેઈ વિચિત્ર ભવો, આ બધું જોવા વિચારવાનું છે. તેમ પરમાત્માની કેઈ કેઈ વિશેષતાઓ, એમનું સ્વરૂપ, એમના અનંતગુણ, એમનું ભવ્ય જીવન, એમની અલૌકિક શક્તિઓ, એમના લોકોત્તર ઉપકારો - વગેરે અંદરમાં જોવું હોય તો ઘણું ઘણું છે. પણ લોકને આ જોવાનું ક્યાંથી આવડે ? ક્યાંથી સુલભ હોય ? તેથી લોકને બહારનું કંઈ મળતાં કૂદે જ ને ?

સંગીત સાંભળવા ગવૈયાની આગળ લોકો ટોળે વળવા માંડ્યા. એમાં એક દિવસ આ શેઠાણીની દાસીઓ પણ બહાર ગયેલી તે સાંભળવા ઊભી; રસ પડ્યો એટલે ક્યાંય સુધી ઊભી રહી. ગાયન પૂરું થતાં મોડેથી ઘર ભેગી થઈ. અહીં તો શેઠાણી ધુઆપૂઆ થઈ ગયેલી. તે જેવી દાસી આવી કે એની જડતી લઈ નાખે છે.

"ક્યાં ગઈ હતી અત્યાર સુધી ? ભાન નથી ? ભટકતીઓ ? આમ નોકરા થતા હશે ? શું સમજો છો તમારા મનને ?' શેઠાણીએ ખૂબ તતડાવી.

એટલે દાસીઓ કહે છે : "પણ સાંભળો તો ખરા, બાઈ સાહેબ ! અમેય કંઈ સમજતા નથી ? એમજ વાર થઈ હશે."



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

"નોકર માણસને આટલાં ટાયલાં શાનાં ? ખબરદાર હવે જો બહાર ગઈ તો. બોલ શું કહેવું છે ?"

દાસી કહે છે, "આજે તો એક અદ્દ્ભુત ગવૈયો જોયો નગરમાં ! શું એનું ગાયન !! એ એમ ને એમ બતાવી શકાય એમ નથી. ટૂંકમાં જ સમજી જાઓ કે એ અપૂર્વ ચીજ."

દુનિયાની વસ્તુની પ્રશંસા કરી બીજાને પારો ચઢાવવો એટલે ? દાસીએ એવાં વર્ણન કર્યાં કે "બાઈ સાહેબ શું વાત કરું ? નગરનાં ટોળેટોળાં ઉમટે છે. કેવું સરસ એનું ગંધર્વ ગીત ! શું એના ગળાનો રણકો નીકળે છે !" દાસી જ્યાં રણકો બોલે કે પેલીને સામો રણકો દેખાય છે. માણસ ક્યાં ભૂલે તેનો નિયમ છે ? આમ તો શેઠાણી પવિત્ર છે. પતિ બહારગામ છે, છતાં પોતે ઘેર બેઠી પતિનું આંતરદર્શન કરી આનંદ માને છે. પતિના વિરહમાં એને ગણિકાની જેમ બીજાઓના રૂપરંગ જોવાનું, તેવા તેવા વેશ ચેનચાળા કરવાનું, જ્યાં ત્યાં ભટકવાનું કે ટાયલાં કરવાનું એને આવડતું નથી. છતાં બહિર્દર્શન ભૂંડાં છે. બાહ્ય ઈન્દ્રિયના કોઈ ને કોઈ વિષય કે એના વર્ણન જીવને આકર્ષી ક્યાં નો ક્યાંય ઊંચકી પછાડે છે ! જો જો, એક સામાન્ય દૂષણથી માંડી વધારે પડતા ઉધમાત એકવાર માણસમાં પેસે કે આજના કાળમાં દુરાચારી બનવું સાવ સહેલું. કોઈ ટોકનાર નથી. આજના કૉલેજીયન યુવક યુવતીમાં કેટલું ય આગળ વધી ગયેલું સંભળાય છે ને ? તેના મૂળમાં શું હશે ? મિત્રાચારી ! "એ તો સામાન્ય ફરવા ગયાં હતાં, એમાં કંઈ ખોટું કામ નથી." પછી કહોને કે "એ તો સ્હેજ સ્નેહ બંધાયો; સહેજ દિલ મલ્યાં." સહેજ એકાંતમાં બેઠા...બધું સહેજ ! ક્યાં સુધી ? ઠેઠ પહોંચે ત્યાં સુધી ! વાહ યુગ !

**હિંસા અને અપવિત્રતા :-**

**આજે જેમ કોઈના મનને ય સહેજ પણ દુભાવવાનો દોષ હિંસા તરીકે ગણી, એને ટાળવા માટે ભાર મૂકાય છે, એમ આશ્ચર્ય છે કે વિજાતીય (એટલે કે સ્ત્રી માટે પુરુષ અને પુરુષ માટે સ્ત્રી) ના તરફ સહેજ પણ વૈષયિક ચાળાને અનાચાર કેમ નથી ગણવામાં આવતો ? માત્ર એટલું જ થાય કે આ સુંદર રૂપ ધરાવે છે, એમ કરી એનાં મુખદર્શન, કે એકાંતમાં મિલન-વાતચીતને** પણ **દોષ ગણીને ટાળવા માટે કેમ કહેવામાં આવતું નથી ?** શું હિંસાની જેમ મનની અપવિત્રતા પાપ નથી ? ત્યાજ્ય નથી ? એવા વાસનાના ઘરના સ્નેહમાં શું શું અનિષ્ટ



પરિણામ નથી આવ્યા ? સમજી રાખો કે મોંઢેથી મૃદુ મુલાયમ પ્રિય વચનો કરતાં પણ મનની પવિત્રતા વધારે જરૂરી છે. વિશ્વની પ્રજાઓમાં ભારતીય પ્રજા પવિત્રતાના ધોરણો, અને રિવાજોથી ઊંચી છે. પવિત્રતા સાચવવા ખૂબ કડક થવાની જરૂર છે.

દાસીના વર્ણન પર શેઠાણીને વિચાર આવ્યો કે 'મારાથી એવા ગાયન કેમ સંભળાય ? તે વળી બહાર જઈને ? ગાયન કોણ જાણે કેવાંય બિભત્સ કે શૃંગારી હોય તો ? એમાં તો મારી ખાનદાની લાજે, સુશીલતા ઘવાય ! ત્યારે સારું સાંભળવા કાંઈ એવા રખડતા માણસને શું ઘરમાં બોલાવાય ? કાંઈ નહિ. આ બધું જ અઘટતું છે.' દાસીને એ કહી દે છે, "આપણે કાંઈ સાંભળવું નથી." કુલવટ અને સુશીલતાના ખ્યાલે એકવાર તો બહિર્દર્શનને ફાલવા-ફૂલવા ન દીધું.

**પ્ર.-** ત્યારે એમ બધું જતું કરીએ તો જોયા વિના રહી જ જવાય ને ?

**ઉ.-** એમ માનશો તો તો પછી જગતમાં ઘણું ઘણું અપરંપાર પડ્યું છે, જે જોયા વિના તમે રહી ગયા અને રહી જવાના છો. એટલે હવે શું કરવું છે ? પોક મૂકવી છે ? તો જોવા માટે બહાર નીકળી પડવું છે ? અરે ! સમજો કે કેટલુંક સામે આવી ઊભું હશે, છતાં સુશીલતાની રૂએ જોઈ ન શકાય ! જોવા-જાણવા જેવું કેટલુંય સજ્જનતાની રૂએ પૂછી નહિ શકાય ! આમ સજ્જનતાની દૃષ્ટિએ કે અશક્યતાના હિસાબે પણ જો ઘણું ઘણું જોવાનું રહી જાય છે, તો શું એનો શોક કરો છો ? ના, બસ તેવી રીતે મનને સમજાવી દેવાનું કે આમેય દુનિયામાં ઘણુંય જોયા જાણ્યા વિનાનું જાય છે, તો વધારામાં આ સામે આવેલુંય જતું કરવાનું. કેટલીય વાર આપત્તિ-સંકડામણો, નવું જોવા-જાણવામાં માથું માર્યાથી, વહોરવી પડે છે. **તો ભલેને બહુ જોવા-જાણવા જેવું છે, પણ અયોગ્ય છે, અગર જીવન જીવવામાં બિનજરૂરી છે, માટે સામે આવી ઊભું છતાં એ જતું કરવાનું.** એમ માનવાનું કે એ સંયોગ સામે આવ્યા જ નહોતા. **આપણી પાસે આ સંયોગ જ નહોતા, - એમ માની લેવું એ એક મોટું આત્મરક્ષણ કરવાનું સાધન છે. એથી પછી એ બહિર્દર્શનમાંથી આત્મા બચી જશે.**

અહીં પહેલે તબક્કે તો શેઠાણીએ મન દબાવ્યું. પણ પેલી દાસી હલકા લોહીની, તે જંપે એમ નહોતી ત્યારે આવા હલકા માણસના સંસર્ગ જો મળ્યા તો ભોગ લાગ્યા સમજો.

દાસી કહે છે, "બાઈ સાહેબ ! આ સાધારણ સંગીત સમજતા નહિ. આ તો સ્વર્ગપુરીનું સંગીત, સ્વર્ગપુરીનું ! બીજું ઘણું જતું કરો પણ આ જતું કરવા જેવું



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

નથી પછી ચારે કોરથી લોકોની પ્રશંસા સાંભળીને પસ્તાવો થશે કે સહેજ જોવામાંથી ય આપણે રહી ગયા. આપના પર મારો કોઈ અધિકાર નથી. આ તો મને લાગે છે તે હું કહું છું."

શેઠાણી આ સાંભળી પીગળી. હવે એને થયું કે ત્યારે આપણે પણ જરાક અનુભવ તો કરવો કે સંગીત એનું કેવુંક છે. અને જરા સાંભળવામાં શું બગડે છે ? આપણું મન ઠેકાણે જોઈએ. એમ તો આપણે ચાહીને કેઈક જોવા-સાંભળવા ન ગયા હોઈએ, છતાં ય આપણા જોવા-સાંભળવામાં આવી જાય એવું બને છે ને ?... શું છે આ ? શેતાન પેઠો. અયોગ્ય કાર્યને, અણછાજતી પ્રવૃત્તિને જરાક પ્રમાણમાં પણ વાંધા વિનાની માનો, એટલે સમજી લ્યો કે બાર વાગ્યા. એમાં વાંધો નહિ એવું શેતાની વૃત્તિ મનાવે છે. દિવ્ય વૃત્તિ તો એમજ મનાવે કે **'ખરાબ તે ખરાબ. એની ગંધ પણ નહિ લેવાની. અનુચિત કાર્યનો પડછાયો પણ ન જોઈએ.'** હૃદયમાં આ દિવ્ય વૃત્તિ અને 'હશે જરાકમાં વાંધો નહિ' એવી અને એથી ય મોટી શેતાની વૃત્તિના કેટલીય વાર ઝગડા ચાલે છે. જીવ જે પક્ષમાં હોય તેનો વિજય થાય છે. શેઠાણી હવે શેતાની વૃત્તિના પડખે ચઢી.

દાસીને કહે છે, "જો એમ હોય તો એવું સ્થળ અને સમય નક્કી કર કે જ્યાં આપણે છૂપી રીતે જઈ સાંભળી લઈએ."

બસ દાસીને હવે શી વાર ? ઉપડી એ તો. ગોઠવી લાવી, પણ જરા મોડું જવું જેથી બહુ લોકની નજરે ન ચઢાય એમ નક્કી કર્યું.

શેઠાણી હવે રૂપનાં બહિર્દર્શનમાં પડી ગઈ છે. તે રાત્રે નીકળી. દાસીઓ સાથે છે. ગામ બહાર પહોંચી. ત્યાં દાસીઓ તપાસ કરે છે, તો પોગ્રામ પતી ગયો હતો, અને ગવૈયો મંદિરના ઓટલે સૂઈ ગયો હતો. દાસીઓ શેઠાણીને કહે છે, "કહો તો જગાડીએ." અહીં શેઠાણી 'હા' નથી પાડતી. કેમ વારૂ ? સંગીત નથી સાંભળવું ? સાંભળવું છે. પરંતુ બહિર્દર્શનના નાટક વિચિત્ર છે. જેને આંતરદર્શનનો આધાર નથી, એનું દિલ બહિર્દર્શનમાં ક્યાં ને ક્યાંક ભટકે છે. કેમકે જગતમાં ચીજ વસ્તુનો પાર નથી ! પાછી એકેકી ચીજમાં ગડમથલ કરવા માટે બાબતો ય ઘણી ! એમાં વળી મનને તરંગો અપરંપાર ! તેમ લાગણીઓના પલટા ઘણા ! તૃષ્ણા અને અસ્થિરતાનું તો પૂછવું જ શું ? શેઠાણીને એવું કંઈક બહિર્દર્શન જાગ્યું કે હવે સંગીતકારને સાંભળવો નથી. શાથી એ જુઓ.

દાસીને કહે છે, "ના, ના, જગાડવાનું કંઈ કામ નથી. જોઈ લીધો. જેના



રૂપ રંગનાં ઠેકાણાં નથી, દાંત તો બહાર આવેલા છે. એ શું ગાતો હશે !" મિશ્ર કર્મના ઉદય કેવાં કામ કરે છે ! મિશ્ર કર્મ એટલે પુણ્ય કર્મ અને પાપ કર્મ ભેગાં. તે વિચિત્ર રીતે. જેમકે આ ગવૈયાને સુસ્વર એવો છે કે બધાને ટપી જાય; અને બીજી બાજુ નાક ચીબડું છે ! પેટ મોટું છે ને છાતી નાની છે ! માથું ત્રિકોણ છે ને કદે ઠીંગણો છે ! શેઠાણી જોઈને વિચાર કરે છે, "આનામાં તે વળી શું બળ્યું હશે ?" દાસી ભલેને વખાણ કરે. કંઈ કામ નથી એનું. ચાલો પાછા-" એમ કરી પાછી વળવા તૈયાર થાય છે. શું એ બચી ગઈ ? આટલાં કાળ પુરતી. આગળ બચે એમ નથી, કેમકે એક અડપલું કરીને ગઈ. પોતાના રૂપનું ગુમાન ! એટલે આ કુરૂપ ગવૈયા પર થૂંકીને ગઈ. એ તો ગઈ; પણ ગવૈયાની આજુબાજુના માણસો જાગતા હતા. એટલે શેઠાણીના ગયા પછી આ ગવૈયો તરત જાગ્યો કે પેલા લોકોએ કહ્યું, "શું ઉંઘ્યા કરે છે ? આજે નગરનો નામી શેઠ કહેવાય છે તેની પત્ની આવેલી; તે તારા પર 'કેવો કુબડો !' એમ કરી થૂંકીને ગઈ."

**ગર્વ ચીજ ભૂંડી છે.** ઝટ કોઈ અનુચિત બોલ બોલાવી દે છે, કે અનુચિત વર્તાવ આચરાવી દે છે. પાછી વળી સામા માટે બીજી ત્રીજી કલ્પનાઓ એવી ઊભી કરે છે કે એમાં સાચી વસ્તુનો અપલાપ કરવાનું બને છે; સામાના છતા ગુણને આવરવાનું થાય છે. આ બાઈને પોતાના રૂપનું ઘમંડ તે ગવૈયાના કદરૂપાપણા ઉપર તિરસ્કાર છૂટ્યો. તે એટલે સુધી કે એના ઉપર થૂંકી, અને બોલી કે શું આ કુબડો સારું ગાય છે ? રહેવા દે એનું સંગીત એની પાસે. લે કહે છે 'ગામમાં એક ગધેડો આવ્યો છે તે બહુ સારું ગાય છે !' એના જેવી આ વાત થઈ.

ઘમંડમાં કેવું ભૂલી એ ? એને ક્યાં ખબર છે કે ગધેડા બધા જ સંગીત વિનાના હોય છે. માણસમાં એમ નથી. સારું ગાનાર પડ્યા છે. તેમાં કાંઈ એવો નિયમ નથી કે જેને રૂપ સારું એનું જ ગીત સારું. રૂપ ન હોય અને કંઠ સરસ હોય. કંઠ ન હોય અને રૂપ સુંદર હોય એવું ય બને છે. બીજી વાત, એ ભૂલી કે તિરસ્કાર ક્યાં કરું છું. આ પણ ધ્યાનમાં રાખો કે હલકાં પાત્રને છંછેડવામાં મઝા નહિ.

ગવૈયો મનમાં વિચારે છે, 'એમ ? પૈસાનો ગર્વ ? હુંય એને બતાવું. બાર વગાડી દઉં એના. સવાર ન પડવા દઉં. હું ય કળાબાજ છું.' કળાના આવા ખેલ બનાવવા ઈચ્છે તે કલાબાજ કહેવાય કે તાલંબાજ ? બહિર્દર્શનનાં નાટક કેવાં ભયંકર છે ? બાહ્યનાં દર્શન થયાં ભૂંડા ! આ માણસને શેઠાણીના ગુમાનનાં દર્શન



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

થતાં અંદરથી શેતાન જાગ્યો.

**કુબડાની કૂડી રમત ને શેઠાણીનો અંત :-**

ગવૈયાએ બરાબર શેઠ-શેઠાણીની બાતમી મેળવી દીધી. શેઠ કોણ છે ? વગેરે જાણી લીધું. એના પર એણે એક આખ્યાન જોડ્યું. ગળું પાસે જ છે ! શેઠની શેરી આગળ જ મોરચો નાખ્યો. વિણા અને સારંગીના તાર મેળવીને ચાલુ કર્યું :

"તમે તો શેઠ મહા સોભાગી; એ એ એ...

તમારું નામ જ સોભાગી

હે તમારી બુદ્ધિ સોભાગી, તમે તો૦

અહો ! તમે તો ઉપડ્યા દેશ-દેશાવર, એ એ એ...

ત્યાં તમારા માલનાં નાણાં થયાં બમણાં, ને ત્રણ ગુણાં,

ને હે... છેક દસ ગુણાં થઈ ગયા, તમે તો શેઠ મહાસોભાગી

હવે જે ચાંદીના નાણાંથી કોથળી ભરતા, તે રત્નોથી ભરો છો...

તે સમાચાર મેં તમારા ઘેર ન પહોંચાડ્યા... તમે તો શેઠ મહાસોભાગી..."

સંગીતનો મહિમા એવો છે કે જેવું સંગીતમાં બોલાય તેવા સામાના તાર ઝણઝણાવે ! અહીં શેઠાણી સુતી નહિ હોય ત્યાં સંગીત શરૂ થતાં જ સાવધાન થઈ ગઈ. વિચારે છે, 'આવું પણ જગતમાં ગળું હોય છે ? પાછી વાત બધી મારા સ્વાર્થની કરે છે !' પાછું પેલાએ આગળ ચલાવ્યું :

"હે... રાજાએ ત્યાં તમને મહેલ આપ્યો...

રોજ રાજમહેલથી તેડવા શિબિકા આવે છે... એ એ એ... વેપાર વધ્યો, નાણાં વધ્યાં, હવે ગૃહરાણીની ચિંતા થઈ..."

બહિર્દર્શનની આંધીમાં ચઢેલી શેઠાણી અધીરી બની ગઈ. એટલે મનમાં ને મનમાં કહે છે : 'હવે આગળ શું થયું તે કહેને.' ત્યાં તો પેલો ગાય છે :

"એ... પછી

બંધ કર્યો વેપાર, વળીયા પાછા ઘરને દ્વાર; હે, બંધ કર્યો... દ્વાર

શેઠને વાજતે ગાજતે સૈન્યનો પરિવાર મૂકવા આવ્યો...

ને શેઠ તમે ગામ બહાર આવી લાગ્યા. લોક રડે આંસુ ચોધાર...

હે... અમુક નગર સુધી આવી લાગ્યા...

ત્રણ ગામનું છેટું છે હવે... એ શેઠ તમે મહાસોભાગી...

હવે તો ફક્ત ત્રણ માઈલનું જ છેટું રહ્યું છે...



અહીંના રાજાને પણ ખબર પડી ગઈ...

તેણે પણ શેઠ તમારા સન્માન કેવાં કર્યાં..."

એમ કરતાં કરતાં શેઠને જાણે હુબહુ નગરમાં ઠેઠ શેરી સુધી લઈ આવ્યો; ને રાજા ને પ્રજા શેઠનાં વધામણાં કરવા ઊલટી પડ્યાનું દશ્ય ખડું કર્યું. આ સાંભળતી પેલી શેઠાણી પાંચમા મજલાની અગાસીમાં ઊભી છે. સાંભળવા સાથે જાણે સાક્ષાત્ એમ જોતી હોય એવો અનુભવ કરે છે; મળવા આગળ ધસે છે ! અહાહા, એકેક ઈન્દ્રિયના દર્શન એવાં છે કે આત્માનું સત્યાનાશ કાઢી નાખે ! જગતમાં અનુભવ છે કે એક ઈન્દ્રિયનું દર્શન પણ ગુપ્ત રીતે બીજી ચાર ઈન્દ્રિયોના દર્શન જાગ્રત કરી નાખે છે. એટલે, કોઈનું રૂપ જુએ ને ઝણઝણાટી થાય, કે બીજી ઈન્દ્રિયો તૈયાર થાય. પાંચેનો ગુપ્ત સંકેત છે કે એક કમાઈ લાવે કે પાંચેય તૂટી પડે. જેમ ગીધડાઓને નજરમાં એકાદું મડદું આવવું જોઈએ ! એમ ઈન્દ્રિયો સામે એકાદ પણ ચીજ આવી કે "કેવું એનું રૂપ ! કેવા મનોહર શબ્દો ! એનો ગુલાબી સ્પર્શ કેવો હશે !" ચાલ્યું કામ ! પાંચ ઈન્દ્રિયનાં પાંચેય દર્શન જુદાં ! પણ એમાંનું એક પણ દર્શન શું કામ કરે ? શ્રોતેન્દ્રિયના દર્શનમાં શેઠાણી ચાલી અગાસીમાં...!

પેલો હજી ગાય છે.

"એ...શેઠ આ તમે હવે ઘરની સામે આવી લાગ્યા...ને શેઠાણી તમારા વધામણાં કર્યા વિના કેમ રહે ? એ એ એ... આ આવે છે..."

અહીં અગાસી ખુલ્લી છે. શેઠાણી ભાન વિસરી કેમ જાણે શેઠ સામે આવી રહ્યાં છે; તે સામી ચાલી ક્યાં જઈને પડે ? તે આગળ જતાં પડી નીચે ! ભડાક ભડાકો થયો. ચારે કોર શેરીવાળા જાગી ગયા. એટલે પેલો ગાયન કરનાર પલાયન ! બહિર્દર્શન આ પંચાતી સર્જે છે. એ માટે આંતરદર્શન કરવાની જરૂર છે.

**આંતરદર્શનમાં શું જોવાનું ?**

આંતરદર્શન શું આપે છે ? જોરદાર દિલાસા. મહાન સંકટમાં ભારે આશ્વાસન. ઊંધી અવનતિની રીતરસમને પલટી સીધા પ્રગતિના પંથ આપે છે ! આંતરદર્શન જગત પ્રત્યે અપકાર ને દ્વેષના બદલે ઉપકાર ને વાત્સલ્યનાં ભેટણાં ધરે છે ! અનાદિની ઊંધી રીતરસમ ને ઊંધા હિસાબ-કિતાબની ઊંધાઈમાંથી છોડાવી સીધા હિસાબને કિતાબ બતાવે છે. એટલે આત્મા પછી કલાકે કલાકે, ને મિનિટે મિનિટે પ્રગતિના પંથે આગેકૂચ કરી રહ્યો હોય છે. બહિર્દર્શન અને આંતરદર્શનના પંથ ન્યારા છે. પદ્ધતિઓ જુદી છે. "અંદર જુઓ !" શું જોવાનું છે અંદરમાં ? અંદર



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

ઘણું છે ! પરમાત્માનો વાસ છે ! ચોવિસે તીર્થંકરનાં ચરિત્ર છે ! પરમાત્માનું અનુપમ શાસન છે ! શાસનમાં કહેલી ક્રમબદ્ધ ને વ્યવસ્થિત આચારોની કથાઓ છે ! સર્વજ્ઞ ભગવાને ભાખેલાં તત્ત્વોનાં ઉદ્યાન છે ! શાસ્ત્રે દર્શાવેલી એકથી ચૌદ ગુણઠાણા સુધીના આત્મવિકાસની સ્થિતિ છે ! આચારમાં માર્ગાનુસારીતાથી માંડી સર્વ વિરતિની વાતો છે ! અંદર જોવું હોય તો આચાર, તત્ત્વ અને ઉત્ક્રાન્તિની સામાન્ય નહિ પણ અદ્‌ભુત વાતો છે ! શું છે અંદરમાં ? અંદરમાં આજ આચાર, તત્ત્વો અને વિકાસના પંથે ચાલી જાત અને જગતને ઉદ્ધરનાર મહાપુરુષોનાં ચરિત્રો છે. એનાથી ઊલટી રીતે ચાલી અઢાર પાપસ્થાનકના ખેલ કરી આપણા જ આત્માએ કેવી અધોગતિ કરી તેના ઇતિહાસ આલેખાયેલા પડ્યા છે. અનંતકાળની કર્મની, કુસંસ્કારની, દુષ્ટ સંજ્ઞાઓની, જડ ને ચેતનના અશુભ નિમિત્તોની જે ફસામણીના યોગે મહાન દુર્દશા આત્મા ભોગવે છે, તે મહાફસામણીની વાતો અંદર પડી છે. ચારે ગતિનાં વિચિત્ર વર્ણન છે ! ચૌદ રાજલોકનું અજબ ગજબનું સ્વરૂપ છે ! શું છે અંદરમાં ? અનેક પ્રકારના સારા-નરસા કુટુંબો, સામગ્રીઓ, એની ઘટનાઓને આલંબનના પરિણામ છે ! કોઈને સતી સ્ત્રી મલી હોય તો જીવન કેવાં બને ? અને બેવફા ભટકતી પત્ની મળી હોય તો જીવન કેવાં બને ? સુમિત્રને કુમિત્રના સંબંધથી કેવાં જીવન બને, આ બધું અંદર આલેખાયેલું જોઈ શકાય છે ! પરમાત્માની અનંતગુણમય સ્થિતિ અને આપણા આત્માની અનંતદોષમય ખદબદતી સ્થિતિ ! દોષના માર્ગે ભારે અશાંતિ, ને દુર્દશા. ગુણના માર્ગે સાચી ગુણ ને શાંતિની પ્રાપ્તિ ! આ બધાંના દર્શન અંદર જોઈ શકાય !

**માનવ જીવનમાં જ ભવોના ગુણાકાર કે ભાગાકાર થાય :-**

હવે આપણે બહારની દુર્દશામાં ફસાઈ જવાથી કેટલી અણછાજતી પ્રવૃત્તિઓ કરીએ છીએ તેનો ખ્યાલ આંતરદર્શનથી થઈ શકે કે નહિ તે વિચારવાનું છે. દા.ત. પહેલા નંબરમાં માણસને બહારનું દુઃખ બહુ પીડે તે ગમતી વાત નથી. ટાઢ કે તરસ ! રોગ કે શોક ! કોઈના અપમાન કે તિરસ્કાર ! આમાંનું કશું ગમતું નથી. એવી જ રીતે જગતનાં અનેક પ્રકારનાં સંકટો, બજારની ઊંધાચત્તિ, કુટુંબ દ્વેષી થાય, પાડોશી વિરોધી બને - આવી બધી પ્રતિકૂળતા ઊભી થાય તે પણ ગમતી વાત નથી. તે વખતે આ વાત કરતાં આવડે તો દુઃખ હળવું થઈ જાય. ભૂખ લાગી કે વિચાર, “ઊભો રહે, તને જે ભૂખનું દુઃખ છે, તેનાથી વધીને જગતમાં બીજા કોઈને દુઃખ છે ? હા છે, તેવા તો કેઈ બિચારા ભિખારીઓ, કેઈ



તિર્યંચો, કેઈ સૂક્ષ્મ જંતુઓ છે જેને ભૂખનું દુઃખ મારા કરતાં અપરંપાર છે.' જીવ માંકણ થયો. ઘરમાંથી બધા પરગામ ગયા કે શું દશા માંકણની થાય ? કારમી ભૂખની પીડામાં સુકાઈ સુકાઈને મરી જાય. અંદર જોઈએ કે 'અરે ! **જગત અનંતાનંત જીવો ભૂખનાં કારમાં દુઃખ સહન કરે છે. તેમાંનું મને શું દુઃખ છે ? કલાક વાર છે જમવાની તો પછી પણ મળવાનું તો છે જ. તપ છે, તો કાલે મલવાનું જ છે ! નરકના કારમા ત્રાસની વચ્ચે ય ખાવા ક્યાં મળે છે ? અસંખ્ય કાળના ભૂખના દુઃખનો પાર નથી.** અથવા બીજાનું જોવા **જાય એના કરતાં મેં જાતે એવો દુઃખદ ભૂતકાળ ક્યાં નથી ભોગવ્યો ? કર્મની પરાધીનતાએ તારા જીવને પૂર્વે અનંતવાર સહન કરવું પડ્યું છે ! ને વર્તમાનમાંય સહન કરી રહ્યો છે !** અને તું જે પરમાત્માને માને છે તેમને તો જો, પરમાત્મા ઊભા છે કાઉસગ્ગમાં; ને અવળચંડા મુસાફરો આવીને ભગવાનના પગમાં અગ્નિ સળગાવી ખીર રાંધવા હાંલ્લી મૂકે છે. શું એને હટાવવાનું બળ નથી ભગવાન પાસે ? ગોવાળીયો વાંસના ખીલા કાનમાં ધબ ધબ ઠોકે છે ત્યાં કારમી વેદનાનો અનુભવ નહિ થતો હોય ? તો જો મારા પ્યારા પરમાત્મા આ ત્રાસ વેઠતા હતા તો મારે સુંવાળા થવાનું ? મને એવો કયો ત્રાસ છે ? મચ્છર કરડ્યો તે ? ગરમી કે ઠંડી પડી તે ? **સાડા બાર વર્ષ નાથ પલાંઠી વાળીને બેઠા નથી, તો આપણે સાડા બાર કલાક ઊભા ન રહી શકીએ ?** પ્રભુ એકલું ઊભા જ રહ્યા નથી પણ ઘોર પરીસહ અને તપથી કાયાને એવી તપાવી છે કે કર્મ તપી ઉઠ્યાં ! ને રવાના થયાં, ને પ્રભુને કેવળજ્ઞાન લાધ્યું.'

**“સાડા બાર વરસ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો; ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા હો; જોર બજાયા, જોર બજાયા, ડંકા જોર૦”**

પરમાત્મા સાડાબાર વર્ષ પૃથ્વી પર ખડે પગે રહ્યાં ! તો મને સામાન્ય કાઉસ્સગ્ગમાં કષ્ટ લાગે છે ? જરા દુર્ગતિના દુઃખોનાં દર્શન કર. પરમાત્માએ સ્વેચ્છાએ આપણા કરતાં લાખો ગુણા દુઃખો સહન કર્યા તેનું દર્શન કર !

વળી અંદરમાં દેખાય છે કે “મુનિસુવ્રત પ્રભુના વારામાં ખંધકના શિષ્યોને પાલક પાપી જીવતા પીસી રહ્યો છે. જુવાન સાધુઓ છે ! તલ પીસે તેમ પીસી રહ્યો છે.” આ દર્શન કરીએ કે પછી આંગળી ભલેને કદાચ કમાડની ભીસમાં આવી ગઈ ! રાડ પાડીએ ? આટલી આંગળી કચરાય તેમાં રાડ પડે તો આખું શરીર કચરાય ત્યાં ? શું આંતરદર્શનમાં કરવાનું ? એજ કે દુઃખ આવ્યું ત્યાં પાપકર્મ ખપાવવાનો સમય છે તે વખતે બે પાપડાકૂને બહાર કાઢતાં નવા બાર



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

પાપડાકૂને અંદર ઘાલતો નહિ ! જો એના પર કષાય અને દુર્ધ્યાન કર્યું તો સમજી રાખ કે જે ભોગવવામાં ખપી રહ્યું છે તેના કરતાં બારગણું બંધાઈ રહ્યું છે. ભવોના ગુણાકાર માનવ જીવનમાંથી થાય છે. ગોશાળાની રમત કેટલી ? સો વર્ષોનું આયુષ્ય નહિ, પ્રભુના ચારિત્ર લીધા પછી પુંઠે લાગ્યો; ને કેવળજ્ઞાન પહેલાં તો નાસી ગયો. એમાં જે એણે પ્રભુની તેજોલેશ્યા વગેરેથી જે વિટંબણા કરી તેનું પરિણામ ? એક ભવમાંથી ભવના ગુણાકાર કેવા થયા ? આ બધું અંદર જોવાનું છે ! જે **આ દુઃખ આવ્યું તે પૂર્વે આશ્રવ ખેલ્યા હશે માટે આવ્યું. હવે એ દુઃખ દુર્ધ્યાનના મસાલા સાથે જો ભોગવાય તો કર્મ સીલપેક થઈ જાય. શું મસાલો ? હાય ને વોય ! દુષ્ટ બુદ્ધિ ! અનેક જાતના પાપારંભના મનોરથો.** દા.ત. વેપારની આંધી આવી છે, કેમ હવે દાવપેચ ખેલું ! દુઃખ ભોગવે ખરો પણ બરાબર પાપની મુડી તાજી કરે કે ભવાંતરમાં એ ખજાનો ચાલ્યા કરે. **કર્મના વિપુલ સિદ્ધાંતો બતાવે છે કે તારાં કરેલાં તારે ભોગવવાનાં છે !** પાછું એમાં ઘસાય છે શરીર, આત્માનું શું ઘસાય છે ? માટે કોઈ મેલા ઘેલા વિચાર કરવાની જરૂર નથી. જ્યાં ચામડાં ઉખડી જવાનો સમય આવ્યો, કે વજ્રમુખી કીડીઓ આરપાર શરીરને કોચીને પેઠી-નીકળી, છતાં એક સંકલ્પ નથી કર્યો ! ચંડકોશિયો એ સ્થિતિમાં મહાસમતામાં મસ્ત બન્યો ! ત્યારે હું ?...

**આંતરદર્શનમાં આશ્વાસન :-**

(૧) આંતરદર્શનમાં મહાન આશ્વાસન મળે છે કર્મના સિદ્ધાંતનું. "અહીં જો દુર્ધ્યાન કરીશ તો આગળ પણ કર્મ મને પીલ્યા વિના નહિ જ રહે." આ દર્શન આવડે તો બહારના દુઃખમાં કેટલો દિલાસો મલે. અંદર દેખાય કે સીધો હિસાબ છે. શરાફને ત્યાં જમે મૂકી આવો તો પછી વ્યાજ સાથે પાછા મળે છે. પણ શરાફને ત્યાંથી લઈ આવી મોજ પાછળ ખર્ચી નાખો તો પછી વ્યાજ ભરી ભરીને ઠુંસીયું નીકળે; ને મૂળ દેવું પાછું ઊભું હોય. આ આંતરદર્શન કરતાં આવડે તો તે કેવળ પોતાને માટે જ નહિ પણ જગતને દિલાસા અને આશ્વાસનનાં ભેટણાં કરી શકે.

(૨) બીજો કિમિયો આશ્વાસન લેવા માટે એ છે કે **જે વખતે દુઃખ આવ્યું તે વખતે પોતાનું સ્વરૂપ વિચારવું.** સ્નેહી સંબંધી બોલતા નથી, ચાલતા નથી. તે વખતે આંતરદર્શનમાં પોતાનું સ્વરૂપ જોવાનું, કે મારા સ્વરૂપમાં ખાવાની, પહેરવાની, સ્નેહીના મીઠા બોલ લેવાની સ્થિતિ ખરી ? કોઈ સિદ્ધ ભગવાનને ગાળ દે એમનાથી



રીસ કરે તો એમને કાંઈ ઓછપ ખરી ? જો નહિ, તો મૂળમાં તારું સ્વરૂપ પણ સિદ્ધનું છે. તું શું કામ ઓછપ માને ? સિદ્ધના સ્વરૂપમાં કપડું પહેરવાનું નથી કે નાગાપણું નથી ! કાયા હોય તો નાગાપણું હોય. પણ અરૂપીપણામાં શું છે ? માન નથી કે અપમાન નથી. શા ફૂલના હાર ? કે ખાસડાના માર ? આ તોફાની દ્વન્દ્વોમાંનું કંઈ નથી. ઈષ્ટના આનંદ, ને અનિષ્ટના ઉદ્વેગ નથી. તો ભલા, દુઃખ આવ્યું તેને આત્માની સાથે કોઈ લેણદેણ નથી. તો શાનો ઊંચો-નીચો થાય ? દુઃખ શાથી છે ? કાયાની મહાબલા છે માટે ! આ વળગાડ છે માટે જગતના બોજા માથે લઈને ફરવું પડે છે." આ બધું આંતરદર્શનમાં દેખાય. નકામી કાયાની બલા વળગાડી, તો આ મારી મા ! આ મારો બાપ ! આ મારો છોકરો ! ને આ મારી પત્ની ને ? કાયા બદલાતા આ બધાના સ્થાને બીજા જ ને ? આત્માના સ્વરૂપમાં આમાંનું કંઈ નથી. મારે તો આખા વિશ્વનાં દર્શન કરવાનાં છે. અનંતાનંત જીવોના અનંતાનંત ભવો જોવાના છે એના બદલે નાની ગુફામાં ક્યાં અટવાણો ?' આ આંતરદર્શન કરતાં આવડે તો જ્યાં વિશ્વનાં દર્શન કરવાનાં ત્યાં માત્ર કુટુંબના દુઃખોએ તું શા માટે દુઃખી થાય ? બીજાના સુખે તારે શું ? ભાડાની કોટડીને આગ લાગી તો લાગવા દે. કોઈ સત્તા તોડવા આવી તો તોડવા દે બહારના જે ભાવો ઊભા થાય તેના પર આપણી સરમુખત્યારી નહિ, કેમકે પાપકર્મનો ઉદય હોય તો ગમે તે રીતે ઘા મારી જવાનો. પછી એની સામે શક્તિ વેડફી શું કામ લાગવાની ? કર્મના બહારના ઉદય ટાળી શકાય નહિ; પણ જે અંદરના ઉદય છે જેવા કે ઘડીકમાં ક્રોધ ને ઘડીકમાં શાંતિ ! ઘડીકમાં હર્ષ ને ઘડીકમાં શોક ! તો આમાં સોપક્રમ કર્મ પણ હોય છે. એનો અર્થ એ કે ઉદયમાં આવે તો ભાવ ભજવે, પણ જો પહેલેથી સારી ભાવના ભાવતા રહીએ તો એ વિપાક ન દેખાડે. અથવા એના ઉદયની અસરને આપણે ધારીએ તો તોડી પણ શકીએ. દા.ત. કોઈ માણસે રમુજ કરવા સ્ત્રીનાં વસ્ત્ર પહેર્યાં. એ જોઈને હસવું આવી ગયું. આ બહિર્દર્શન થયું. પણ એમાંથી આંતરદર્શન કરીએ કે "આમાં શું હસવાનું છે ? આ તો ઠીક છે કે ફક્ત કપડાં જ ફર્યા છે, પણ તેં તો પૂર્વભવે કપડાં તો લીધાં જ, પણ સાથે સ્વભાવ ને શરીર પણ તેનું જ લીધું હતું ! એક વખતના નરવીરને સ્ત્રીવેદ બાંધે તો પછીના ભવે ખોળિયું સ્ત્રીનું ! જીવનભરનાં કાર્ય સ્ત્રીનાં ! ગર્ભ પણ ધારણ કરવો પડે !" તો પછી પેલાએ માત્ર સ્ત્રીનો વેશ પહેર્યો એમાં તને હસવું આવે છે ? આવાં આંતરદર્શન કરીએ તો કર્મ કપાતાં જાય, દુઃખમાં ને



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

સંકટમાં આશ્વાસન મળે, ઊંધી રીતરસમમાંથી સીધા પ્રગતિના પંથે જવાય. આ ઊંધી રીસરસમ એવી પ્રસરી ગઈ છે કે એની સામે ભારે તકેદારી રાખવી જોઈએ. ભયભીત થવાની જરૂર નહિ; તેમ ખોટી આશાઓમાં તણાવાનું નહિ. **અધિકાર વિના હક ને દાવા કરવા તે ઊંધી રીતરસમ છે. બહુ તૃષ્ણા એટલે હરાયા ઢોરની જેમ રખડવાનું.** આ આંતરદર્શન તો બતાવે છે કે તારું પુણ્ય કેટલું કે તું જગત પર દાવા કરવા નીકળી પડ્યો છે ? જગતની સારી સારી વાતો અને રૂડા રૂડા પ્રસંગો પર હક ને દાવો કોણ ધરાવી શકે ? જેની પાસે પુષ્ટ પુણ્ય હોય અને જોરદાર ધર્મની ઓથ હોય તે કરી શકે. વળી શ્રાવકને તો માત્ર સાંધ્યા વિનાના વસ્ત્ર ને ઘી ચોપડેલી રોટલીનો જ ખપ; તો તારે આ શી બધી ધાંધલ ? **માટે તું ખોટા હક, દાવા કરવા રહેવા દે. તારી આશાઓ વ્યર્થ છે; ને એની પાછળ અકાર્યો કરવાની કુટેવમાં પડ્યો છે તે ખતરનાક છે. તને ભારે પડી જશે !** જૂઠ ને ડફાણ ! ચોરી ને અનીતિ ! જે આવે તેને માયાના સાણસામાં પકડવા ! આ બધી જીવનની ઊંધી રમતો છે. આમાં બીજાના હૃદયની લાહ્યો લેવી પડે છે. જગત કેવા શ્રાપ વર્સાવે છે ? "હરામીએ પાઘડી લીધી ને ઓરડી ન આપી. પાંચ હજાર પાછળ તારા પાંચ લાખનું સત્યાનાશ જજો !" આટલો મોટો શ્રાપ ! કેમ ? અનીતિ પાછળ જીવનના અકાર્યો પછી તે મામુલી હોય કે મોટી પણ તે જીવને કેવો બનાવી દે ? અંદર દેખતાં દેખાય છે કે **વાઘ ને શિયાળિયાના ભવમાં પણ આ ખેલ મેં ખેલ્યા હતા.** તો હવે આ જૈનના ખોળિયામાં આ ? આંતરદર્શન દેખાડે છે કે જીભના એક વખતના જૂઠથી પણ વસુરાજાએ મહા કટુ ફળ ભોગવવાં પડ્યાં !

**વિદાય :-**

જેટલા બહારના પ્રસંગો ઊભા થાય છે, તેટલા અંદર એટલે કે વિશાલ વિશ્વમાં અને ઊંડા ભૂતકાળમાં બનતા પ્રસંગોમાં ઉતરીએ, એમાં રહેલી ગંભીરતા, જિનોક્ત તત્ત્વ સ્પર્શ અને આત્માના શુદ્ધ સ્વરૂપ સાથેના મેળ-કુમેળ-ઇત્યાદિનાં દર્શન કરીએ એને આંતરદર્શન કહેવાય. જીવનની પ્રતિક્ષણ આવાં આંતરદર્શનની જાગ્રતિમાં જાય, એમાંથી પ્રેરણા અને સાવધાની વધતાં, શ્રી અરિહંત પરમાત્માએ સ્વયં સાધેલા અને જગતને ઉપદેશેલા ઉચ્ચ કક્ષાના મોક્ષમાર્ગમાં નિજના આત્માને ઓતપ્રોત કરી દઈએ એ શુભેચ્છા.



# પરમતેજના લિસોટા

**– પૂ.આ. શ્રી વિજયજગચંદ્રસૂરિ મ.**

સ્વનામધન્ય સ્વ. ગુરુદેવ પરમારાધ્યપાદ સુવિશાલગચ્છાધિપતિ સુવિશુદ્ધસંયમનિષ્ઠ સિદ્ધાંતમહોદધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજીવન ચરણોપાસક પરમકૃપાપાત્ર ગચ્છાધિપતિ સુપ્રસિદ્ધ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ કે જે પૂજ્યશ્રી પ્રવચનકળા, લેખનકળા, ચિત્રકળા, સંગીતકળા, અધ્યાપન કળા આદિ આત્મવિકાસ સાધક બહુમુખી કળાના સ્વામી હતા. તેમજ આગમશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો, તર્કશાસ્ત્રો, યોગશાસ્ત્રો, આદિના ગહન મર્મને પામવા સાથે તલ્લીન બની નિત્ય કર્મ આવશ્યક પ્રતિક્રમણાદિને વરસો સુધી આરાધનારા એક વિરલ વિભૂતિ હતા. તેઓ પૂજ્યશ્રી ગત વર્ષે જ કોઈ દિવ્ય ભૂમિને અલંકૃત કરવા આપણી વચ્ચેથી ચાલી ગયા છે. આ સ્થિતિમાં હવે સાક્ષાત્ સંપર્ક અશકય છતાં તેઓ પૂજ્યશ્રીએ પરમ કરુણાવૃત્તિથી નિર્માણ કરેલી અનેક સાહિત્ય રચનાઓમાંથી બે કૃતિઓમાં એમના પોતાના યોગ સાધનાના સુરમ્ય નિત્ય આવશ્યક પ્રતિક્રમણાદિના આસ્વાદ-અનુભવને આપણે વિશેષરૂપે પામી શકીએ તેમ છીએ...

જેમાંની એક કૃતિ 'પરમતેજ' ના નામે પ્રસિદ્ધ છે. જયારે બીજી કૃતિ 'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ' ના નામે પ્રસિદ્ધ છે.

'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ' પરમતે જ જેટલું વિસ્તૃત વિવેચનાત્મક ન હોવા છતાં બાળ જીવોનેય ભાવ આવશ્યકમાં જોડવા સબળ ભોમિયાની ગરજ સારે તેવું અજોડ પ્રકાશન છે... જેમાં દર્શાવેલ આવશ્યક સૂત્રોની ગાથા-ગાથાના કયાંય તો પદ-પદના ભાવોને યથાર્થરૂપે મૂર્તિમંત્ર કરતો ચિત્રસમૂહ હોવા છતાં અભ્યાસીને સ્પષ્ટ અર્થબોધ કરાવવા સાથે અપૂર્વ રસાનુભવ અને આનંદની ઊર્મિઓમાં ઝીલતા કરે છે. એ રીતે આત્માને સુંદર પ્રેરણા સાથે પૂર્વે ન પામ્યા હોય તેવું કાંઈક પામ્યાનો સંતોષ કરાવે તેવું આ પ્રકાશન છે.



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

જયારે પરમતેજ તો (પરમ=શ્રેષ્ઠ, તેજ=પ્રકાશ=જ્ઞાન) શ્રેષ્ઠ જ્ઞાનપુંજ છે એટલે કે લલિતવિસ્તરા મહાશાસ્ત્રના રહસ્યભુત સૂક્ષ્માર્થબોધ માટે તેજ પાથરતું સોહમણા જૈનશાસનનું ગુજરાતી ભાષાનું સોહામણું પ્રકાશન છે.

જે પરમતેજમાં નવતત્ત્વમાં શ્રેષ્ઠ તત્ત્વ આત્મતત્ત્વ; એમાંય શ્રેષ્ઠ તત્ત્વ પરમાત્મ તત્ત્વ - જિનેશ્વર - તીર્થંકર ભગવાન અને એમના શ્રેષ્ઠ શાસનમાં વણાયેલ તત્ત્વોનું મર્મોદ્ઘાટન કરવામાં આવેલ છે. જેમાં સ્વ - પરદર્શન પ્રસિદ્ધ યોગગ્રંથો અને યોગાનુભવના રહસ્યોની સમાલોચના સાથે જૈન યોગમાર્ગની યુક્તિયુક્તતા અને પરિશુદ્ધિ દર્શાવવા પૂર્વક એની ધરાવતા એવાં (नमुत्थुणं... अरिहंतचेइयाणं... अन्नत्थ... लोगस्स... पुक्खरवर... सिद्धाणं... बुद्धाणं... जय वीयराय... )આદિ મૂળ આવશ્યક સૂત્રો ઉપર વિસ્તૃત સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

આસ્તિક અર્થાત્ આત્મા - પુણ્ય - પાપ - પરલોક આદિ તત્ત્વોનો સ્વીકાર કરતાં જે આર્ય ધર્મો છે એમાં પણ યોગમાર્ગની માન્યતા અને એની સ્વરૂપ વ્યવસ્થાના નિરૂપણો મળે છે. છતાં એ અપૂર્ણજ્ઞાન અને એકાંતવાદના આલંબને સર્જાયેલા હોઈ એ શાસ્ત્રોની તે માન્યતાઓ અને વ્યવસ્થા એકાંત હોઈ મોક્ષાર્થી માટે કેટલી બધી અપર્યાપ્ત છે - એ પણ પરમતેજમાં તે તે શાસ્ત્રધારોથી અને પોતાના અભ્યાસથી તેમજ બુદ્ધિપ્રતિભાથી પૂજયશ્રીએ વિવેચ્યાં છે, જે જોતાં બુદ્ધિમાન આત્મા અહોભાવતી તરબોળ બની જાય છે.

નાનાશા લેખમાં વિશેષ તો શું લખી શકાય છે ? છતાં ગહન એવા દર્શન ગ્રંથો અને યોગ ગ્રંથોના રહસ્યાર્થો અને પ્રચલિત પારિભાષિક શબ્દોના મર્મને પામવા પણ 'પરમતેજ' નામના ધ્રુવસૂર્યના પ્રકાશનું આલંબન લેવું જ રહ્યું.

એ સિવાય તો કયારેક વિદ્વાન આચાર્ય-મુનિવર્યોના પ્રવચનના પદાર્થોને સમજવામાં ય ઉણપ અને ભ્રમણા બની રહેવા સંભવ છે.

'સાધના કર્યા વગર કર્મ ન તૂટે' એની સામે 'કર્મ તૂટયા વગર સાધના ન પમાય' આવા પરસ્પર વિરોધી પાસાંવાળા જણાંતા વચનોનું શ્રવણ-વાંચન થતાં બુદ્ધિમાન આત્માર્થીને કયારેક મૂંઝવણ થાય છે.

પરમતેજ (ભાગ-૨ પૃષ્ઠ-૧૦૮ ઉપર)નું વાંચન કરવાથી એ મૂંઝવણ દૂર થાય છે. આત્મસંતોષ અનુભવાય છે. એમ બીજા બીજા પણ વિરોધી પાસાવાળા વચનોથી થતી મૂંઝવણ સામે આ ગ્રંથના વાંચન - ચિંતન - મનનથી સમાધાન



મળી રહેતા એક જાતની બુદ્ધિ પ્રતિભા ખીલી ઊઠે છે. છેવટે વિરોધી બુદ્ધિ ન રહેતા મધ્યસ્થ ભાવની જિજ્ઞાસા બુદ્ધિ બની રહે છે. આ પણ એક બહુ મોટો બાહ્ય પ્રભાવ 'પરમતેજ' નાં વાંચન પરિશીલનનો છે. કેમ કે મધ્યસ્થભાવ હોતે છતે આગળ ઉપર સદ્ગુરુયોગે કે સત્ચિંતનયોગે તત્ત્વબુદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. નહિ કે આગ્રહ યોગે...

શાસ્ત્રાર્થ ગહન હોય એમાં કોઈ નવાઈ નથી... સમુદ્રના કિનારા કે ઉપરના તળના સ્પર્શમાત્રથી સમુદ્રના રહસ્યનો તાગ ન પમાય. તેમ શાસ્ત્રના રહસ્યને પામવા અભ્યાસ જરૂરી છે તે માટે આવા સરળ ગુજરાતી ભાષામાં વિવેચાયેલા શાસ્ત્ર રહસ્ય સ્પર્શી 'પરમતેજ' જેવા ગ્રંથ ને વાંચતા - વિચારતા રહીએ.

ગમે એટલે શું ? નય એટલે શું ? એમ ઈચ્છાયોગ - શાસ્ત્રયોગ - સામર્થ્ય યોગ એટલે શું ? એવી જ રીતે અધ્યાત્મ ભાવના - ધ્યાન વિગેરે પાંચ યોગ બાબત હેતુ - સ્વરૂપ અને અનુબંધ એ ત્રણ, બહિરાત્મા - અંતરાત્મા - પરમાત્મા એ ત્રણ, ઉપયોગે ધર્મ - ક્રિયાએ ક્રમ - પરિણામે બંધ એ ત્રણ, પ્રમાણ - નય - સપ્તભંગી એ ત્રણ, દ્રવ્ય - ગુણ - પર્યાય એ ત્રણ, યોગાવંચક - ક્રિયાવંચક - ફલાવંચક એ ત્રણ, માર્ગાભિમુખતા - માર્ગાનુસારિતા - માર્ગપતિતતા એ ત્રણ એમ અનેક ત્રિકોની સરળ ગુજરાતીમાં સમજ, એજ રીતે વિધિ નિષેધ શું ? બન્ને મોર્થમાર્ગ કેમ ? એમ ઉત્સર્ગ - અપવાદ બન્ને, વિધિ - વિધિ પક્ષપાત બન્ને, એમ જ્ઞાનનય ક્રિયાનય શું ? નિશ્ચયનય - વ્યવહાર નય શું ? દ્રવ્ય નય - પર્યાય નય શું ? ચરમાવર્ત - અચરમાવર્ત શું ? સ્વભાવ - વિભાવ શું ? ભવબાળકાળ - ધર્મયૌવનકાળ શું ? એકાંતવાદ અને અનેકાંતવાદ શું ? આવા તો પંચકારણ સમવાય, ભાવ, અનુષ્ઠાનના ૬ લક્ષણો, ધર્મ બુદ્ધિની ૮ ગુણવત્તા, ધર્મક્રિયાના ૮ દોષો, યોગની ૮ દ્રષ્ટિ, ૯ પદ અને ૯ તત્ત્વનું સ્વરૂપ, મહાવ્રતો, અણુવ્રતો, નમસ્કાર, ચૈત્યવંદન આદિ અનુષ્ઠાનોની તારકતા શું ? તેનાં કક્ષા ભેદે અને અધિકાર ભેદે કનિષ્ઠકક્ષાના અનુષ્ઠાનની ય ઉપાદેયતા, અપુનર્બંધકાદિ - માર્ગાનુસારી આદિ અવસ્થામાં અસભાન અવસ્થા અર્થાત્ અનુપયોગ અવસ્થામાં ય આત્મામાં ગુણસંચય - મોક્ષમાર્ગ તરફ પ્રગતિ, તે માટે શાસ્ત્રે સુપ્તમંડિતનૃપ પ્રબોધ એવા ટૂંકા શબ્દોમાં દર્શાવેલ ઉદાહરણોની વિશદ સ્પષ્ટતા અને નય વિશેષ દ્વારા ઘટનાઓ આદિ આવા આવા તો અગણિત પદાર્થોના બોધ આત્માર્થી જીવને હોવો જરૂરી છે. એટલું જ



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4

નહિ ઈષ્ટ પણ હોય છે.

પરમતેજમાં પ્રકાશિત થયેલા વિવિધ વિષયો અને પ્રત્યુત્તરિત બનેલા અનેકાનેક પ્રશ્નોમાં કેટલાક તરફ દ્રષ્ટિપાત કરશું તો પણ પરમતેજની ગરવી ગરિમાનો રૂડો પરિચય થશે.

● ધર્મ કરવા છતાં આંગળી દળે ને કૂતરું ચાટે આમ કેમ ? પરભવે બોધિ માંગવાનો હક્ક કયારે ? ધર્મમાં આગળ વધતાં મોહ કેમ ચડી બેસે છે ? ધર્મ સહજ બનાવનારી સ્વ-સંવેદનરૂપ શ્રદ્ધા કેવી રીતે આવે ? વિગેરે પ્રશ્નોના તર્કસભર સચોટ સમાધાન સાધકને ઘણી પ્રેરણા પૂરી પાડે છે.

● 'બોહિલાભવત્તિયાએ' પદના વિવેચનમાં બોધિનો અર્થ સમજાવતા અનેક વાતો સ્પષ્ટ કરી છે. વંદનાની ઉપર વિશેષ કઈ બોધિની જરૂર ? એ માટે કાયોત્સર્ગની શી જરૂર ? બોધિથી મોક્ષફળ મળે તો આવવાનું જ, પછી મોક્ષ - આશંસા જુદી શા માટે, ? પ્રાપ્તની રક્ષાર્થે પણ પ્રાર્થના જુદી શા માટે ? ક્ષાયિક સમકિતી બોહિલાભવત્તિયાએ કેમ બોલે ?

● 'ગુરુજણપૂઆ' ના વિવેચનમાં માતાપિતા વિનય માટે ૧૧ બાબતો બતાવી. સેવામાં ચાર મુદ્દા કહ્યાં, ભક્તિમાં ૬ કર્તવ્ય ચિંધ્યા આ હોય તો જ સદ્ગુરૂસેવા આવે, ઉપકારી મા - બાપને ઠોકર મારે એ ગુરુને શું આરાધે ?

● જૈન દર્શનની એક મહાન વિશેષતા થયેલી છે. સાંખ્ય દર્શનને અભિજાત જ્ઞાનમાં આકાર શું ? એ સમજાવી આકાર એ વિષયમયતા કે પ્રતિબિંબ નહિ પણ આત્માનો એક ગ્રહણ પરિણામ છે. પણ વિષયાકારનું સંક્રમણ અશક્ય છે. દર્પણમાં છાયાનું સંક્રમણ છે. બૌદ્ધનો નિરાકાર ચિત્સંતતિવાદ અસત્ છે, બૌદ્ધ આકારવાદીને કેવા આક્ષેપ કરે છે અને જૈન કેવા સચોટ રદિયા આપે છે વગેરે પદાર્થો પર ભરચક દેદીપ્યમાન પ્રકાશ પથરાયો છે.

● સવ્વન્નૂણં પદમાં સર્વજ્ઞ ન માનનાર સાંખ્યમતની પ્રક્રિયા બતાવી છે એનું ખંડન સરસ યુક્તિઓથી કરવામાં આવ્યું છે. જેમ કે

(૧) ભ્રમ બુદ્ધિને છે તેથી આત્માને શું ? (૨) મોક્ષનો પુરુષાર્થ કોણ કરે છે ? (૩) સાધના અસંગત ઠરે છે (૪) સંસાર - વ્યવસ્થા અસંગત ઠરે.

આવા અનેક પદાર્થોનું દર્શન કરાવી જૈન દર્શનની વિશેષતા પ્રદર્શિત કરી છે.



યોગશાસ્ત્ર - યોગદ્રષ્ટિસમુચ્ચય - યોગબિન્દુ - યોગશતક - યોગવિંશિકા - વિંશતિવિંશિકા - પંચસૂત્ર - ષોડશક - ધર્મબિન્દુ આદિ યોગ ગ્રંથો... કર્મગ્રંથ - બંધશતક - પંચસંગ્રહ - કર્મપ્રકૃતિ આદિ કર્મ સાહિત્ય... પ્રવચનસારોદ્ધાર લોકપ્રકાશ - ક્ષેત્રસમાસ - બૃહત સંગ્રહણી આદિ પ્રકરણ ગ્રંથો... ષડ્દર્શનસમુચ્ચય - ન્યાયાવતાર - રત્નાકરાવતારિકા - સ્યાદ્વાદરત્નાકર - યતિજિતકલ્પ - બૃહતકલ્પ - વ્યવહારસૂત્ર - નિશીથ સૂત્ર આદિ છેદગ્રંથો... એ જ રીતે ઓઘનિર્યુક્તિ - પિંડનિર્યુક્તિ આદિ આચાર ગ્રંથો તેમ જ સાંખ્યકારિકા - વેદાંત પરિભાષા - ન્યાય બિંદુ - ન્યાય કુસુમાંજલિ - વ્યુત્પત્તિવાદ... ન્યાયદર્શન આદિ દર્શનાન્તરીય ગ્રંથોના અધ્યયન - ચિન્તન - પરિભાવન - અધ્યાપન આદિથી પરિપકવ મેધોન્મેષના સફળ પરિણામરૂપે પૂજયશ્રીએ પ્રગટ કરેલ 'પરમતેજ' ગ્રંથ પરમોપાસ્ય દેવ-ગુરુ-શ્રુત-સંઘ આદિના જિજ્ઞાસુઓને ગુર્જર ભાષામાં તાત્ત્વિક પરિચય આપવા સાથે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો રૂપ મોક્ષમાર્ગ - સાધનાના મહત્વના અંગોના સમીક્ષા પૂર્વકનો શુદ્ધ બોધ કરાવવામાં અત્યંત ઉપયોગી થશે એમાં કોઈ શંકા નથી.

પરમાત્મભક્તિ હૃદયંગત થાય, પરમાત્મસ્મૃતિ - પરમાત્મદર્શન - પૂજન વંદન કરતાં રોજને રોજ વિશિષ્ટ - વિશિષ્ટતર ભાવોન્મેષ સાથે રોમાંચ - હર્ષાશ્રુ અનુભવાય, પરમાત્માની ઉપાસનામાં ઉત્તરોત્તર વિકાસ થાય એવી ભાવના ભગદ્વકતને હોય છે... છતાં એમ બનતું નથી. આવા અવસરેય પરમતેજના લેખક પૂજયશ્રીનું માર્ગદર્શન ભક્તને હૃદયસ્પર્શી બની જશે - એવી પૂર્ણ આશા છે.

સંક્ષેપમાં કહેવાનું કે - પહેલે તબક્કે એક વાર ૧૦૦૦ પેજી લખાણ ધરાવતા બે વોલ્યુમમાં સમાવિષ્ટ આ મહાગ્રંથની વિષયાનુક્રમણિકા અને ટુંકીશી પણ સારગર્ભિત પ્રસ્તાવનાનું એકચિત્તે અવલોકન કરવામાં તો 'આવતી કાલે' એટલોય છે અને તમારો એવો અભિપ્રાય મારા માટે ન્યાયભર્યો બની રહેશે ! અસ્તુ.

— **"ભુવનભાનુનાં અજવાળા"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖



E:\Guru Jaysundar\Divya Darshan(Part-26)\Final Proof\divya darshan(Part-26)(16-4-2011).pmd/prf.4